

# મોહનલાલ પટેલની સંકલિત લઘુકથાઓ

મોહનલાલ પટેલ

# મોહનલાલ પટેલની
# સંકલિત લઘુકથાઓ

**મોહનલાલ પટેલ**

**શ્રી મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ**

ગાંધીનગર અમદાવાદ

૨૦૨૧

MOHANLAL PATELNI SANKALIT LAGHUKATHAO
by Mohanlal Patel
Published by Mohanlal Patel Amrutparva Samiti
C/o. Manibhai Prajapati
A/4, Kadi Sarva Vishwavidayalaya Staff Quarters
L.D.R.P. Engineering College Campus, Sector-15
Gandhinagar-382016. M. 9601273836

© મોહનલાલ પટેલ

પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી ૨૦૨૨

પૃષ્ઠ : ૧૨+૪૭૬

**સ્વ. મોહનલાલ બા. પટેલ (૧૯૨૭-૨૦૨૦)ની**
**સ્મૃતિમાં સાદર-સસ્નેહ ભેટ**

પ્રકાશક :
**મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ**
C/o. મણિભાઈ પ્રજાપતિ
A/4 કડી સર્વ વિશ્વવિદ્યાલય સ્ટાફ ક્વાર્ટર્સ,
એલ.ડી.આર.પી. એન્જિનિઅરિંગ કૉલેજ કેમ્પસ, સેક્ટર-૧૫
ગાંધીનગર-૩૮૨૦૧૬ મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## પ્રસ્તાવના

# ત્રીજો શતક અને આગળ...

'પ્રત્યાલંબન'. 'ઝાકળમાં સૂરજ ઊગે', '૯૯ લઘુકથાઓ', 'વિકલ્પ' વગેરે ગ્રંથસ્થ થયેલા બારમેઘની ઓકાતથી જીવનના સર્વક્ષેત્રોના અનુભવની સૂક્ષ્મમાં સૂક્ષ્મ લાગણીઓ, જેનું નામ પણ આપી શકાય તેમ નથી, લઘુકથાના રૂપમાં આકૃત કરીને અઢળક પ્રશંસા પામ્યા પછી અનિવાર્ય જણાતાં આ પ્રસ્તાવના લખવાની ચેષ્ટા આદરવી પડી છે. જે કદાચ લઘુકથાના ચાહકો અને ભાવકો માટે અણગમા રૂપ થઈ પડે.

આરંભે મારી નવલકથા સાથે પ્રથમ પ્રીતની વાત... સાહિત્યના ક્ષેત્રમાં મારો મૂળભૂત લગાવ નવલકથા સાથે...

રવાણી પ્રકાશન ગ્રૂપમાં રવાણી સાથે હું દેશી તેમજ વિદેશી નવલકથાઓની ખૂબ ચર્ચા કરતો. એ વખતે રવાણીનું બુકસેલર તરીકે કામ કરતા ભાઈ અમારી વાતો ધ્યાનથી સાંભળતા. આ ભાઈને બુક સેલર તરીકે અનેક સંસ્થાઓ સાથે શૈક્ષણિક તથા લાઇબ્રેરીની સંસ્થાઓ સાથે સંબંધ ખરો, એટલે કોઈક પળે એને પણ એકાદ નવલકથા પ્રકાશિત કરવાની ઇચ્છા થઈ આવી હશે. જેની એકપણ નવલકથા પ્રગટ ન થઈ હોય એવો કોઈ લેખક સામે આવીને મળે ખરો ? આવા ખ્યાલથી એણે એક દિવસ મને એક નવલકથા લખી આપવા સૂચવ્યું. આ દરખાસ્ત મને ગમી ગઈ અને મેં એની માગણી સ્વીકારી લીધી. અને મેં એને 'તંતુ બંધ' શીર્ષક સાથેની ઝટપટ એક નવલકથા લખીને આપી. **'તંતુ બંધ'** શીર્ષક સાંભળીને એનું મોં બગડી ગયું. એણે કહ્યું આ શીર્ષક તો ન ચાલે. એણે **'હેતનાં પારખાં'** નામ સૂચવ્યું. થોડા અણગમા સાથે મેં સ્વીકાર્યું.

મારી સ્થિતિ જંગલમાં કળા કરીને નાચતા મોર જેવી થઈ. જંગલમાં આ રીતે કળા કરીને નૃત્ય કરતા મોરને કોણ જુએ ? મારી આ નવલકથા પ્રકાશકના પર્યાપ્ત આર્થિક ભંડોળના અભાવે મુદ્રણાલયમાંથી મુક્ત ન થઈ શકી. એટલે પ્રકાશકે ધીરે-ધીરે છૂટક-છૂટક નાણાં આપીને કેટલીક પ્રતો લેવા માંડી. એ તો પ્રતો જાણીતા અવલોકનકારો અને વિવેચકોને પહોંચાડવા માંડી. અવલોકનકારો અને વિવેચકોનો અદ્ભુત પ્રતિભાવ સાંપડ્યો. જેના વિશે મારી આત્મકથા 'ટાઇમ કૅપ્સ્યૂલ'માં વિગતે મેં લખ્યું છે. અનંતરાય રાવળે તો લખ્યું હતું : અઢી કલાકમાં નવલકથા વાંચી પણ

ગયો. ભીલી બોલીનો સારો એવો પ્રયોગ થયો છે. એક નવા પ્રકારની પ્રણયકથા તમે આપી છે. એવો ઘણાબધા લેખકોનો અભિપ્રાય છે. આવા સારા અભિપ્રાયો સાંપડ્યા એની પાછળ દરેક પ્રકારના જીવનને નિહાળવાની દૃષ્ટિ રહેલી છે. અમારું સંયુક્ત કુટુંબ, ઘરમાં ૧૭ માણસોનો કાફલો, વેપાર-ધંધા-રોજગાર બધું સહિયારું, એ વર્ષોમાં જંગલની દાંતા રેન્જનાં અઢાર ઉત્પાદનોનો ઠેકો અમે રાખેલો. જંગલમાં જંગલવાસીઓ છૂટાછવાયાં ઝૂંપડાના ગામમાં વસે. એ બધાં જંગલની આ પેદાશો એકઠી કરીને અમે નીમેલા એજન્ટોને એ વેચે. મારા મોટાભાઈને બદલે હું પોતે આ એજન્ટો પાસેથી હિસાબ લેવા ઊંટ પર બેસીને જતો. આના કારણે જંગલવાસીઓની જીવન પદ્ધતિ વિશે મને ઘણી જાણકારી મળી અને એ જાણકારીના કારણે મારી **'હેતનાં પારખાં'** નવલકથામાં સાચું જીવન પ્રગટ પામ્યું છે. આમ આ વિશે ઘણુંબધું કહી શકાય, પણ લઘુકથામાં મારી લોકપ્રિયતા મારા નવલકથાકાર તરીકેના પ્રભાવને ઢાંકી દેવાની એક દહેશત ઊભી થઈ અને એ દહેશત દ્વારા નવલકથાકાર તરીકે નવલકથાકારને અન્યાય ન થાય એ માટે આ પ્રસ્તાવનાનું લખાણ કરવું પડ્યું છે. પણ ભાવકોને ન ગમે એવી આશીર્વાદરૂપ એક એવી ઘટના અસ્તિત્વમાં આવી છે. હું ઝામરની તીવ્ર માંદગીનો ભોગ બન્યો છું, એટલે હવે કશું લખવા માટે મારા માટે શક્ય રહ્યું નથી. કોઈ પણ સાહિત્યસ્વરૂપની વિકાસપ્રક્રિયા એ એનો પ્રથમ ધર્મ. લઘુકથામાં આ પ્રક્રિયા અસાધારણ રૂપે જોવા મળે છે. અત્યંત સૂક્ષ્માં સૂક્ષ્મ લાગણીનો આ પ્રક્રિયામાં વ્યાપ અને વિસ્તાર ભૌમિતિક વેગે વધતાં રહ્યાં છે. માત્ર એક જ લાગણીની સાથે અન્ય કેટલીક લાગણીઓનું મિશ્રણ આ સ્વરૂપને સંવેદન તરફ લઈ જાય છે અને લઘુકથા સંવેદનનું રૂપ બની રહે છે, એટલે આ સ્વરૂપ સંવેદનકથા નામ ધારણ કરી શકે. લઘુકથા લેખકો, એના ચાહકો, વિવેચકો તરફથી મળેલી અસાધારણ પ્રતિષ્ઠા માટે ગૌરવ અનુભવું છું અને આ માટે લઘુકથાના ચાહકોનો આભાર માનવાની તક લઉં છું. તેમજ આ ચાહકો તરફથી જે મને પ્રાપ્તિ થઈ તેના બદલારૂપે હું પ્રસન્નતા સહ આ પુસ્તક લઘુકથાના ચાહકોને પ્રસાદી સ્વરૂપે ભેટમાં પ્રેમથી અર્પું છું. પુસ્તકના પ્રકાસનમાં શ્રી મણિભાઈ પ્રજાપતિનો ઘણો મોટો ફાળો છે. એમનો પણ અત્રે આભાર માનવાની તક આ પ્રકાશન સમયે લઉં છું.

**મોહનલાલ પટેલ**

# અનુક્રમ


૧. અકસ્માત ........................... ૧
૨. અકસ્માત ........................... ૨
૩. અચાનક ........................... ૪
૪. અજવાળું ........................... ૫
૫. અજવાળું જ અજવાળું ....... ૬
૬. અજાણી જગ્યા ................... ૮
૭. અજાણ્યો ........................... ૯
૮. અનુસંધાન ........................ ૧૦
૯. અબોલ પ્રશ્ન ..................... ૧૧
૧૦. અભિનય ........................ ૧૨
૧૧. અભિસાર ........................ ૧૪
૧૨. અવળી ગંગા ................... ૧૫
૧૩. અંચળા નીચે ................... ૧૭
૧૪. આ માણસાં !! ................. ૧૯
૧૫. આકૃતિઓ ........................ ૨૦
૧૬. આખરે વીજળી ત્રાટકી .... ૨૧
૧૭. આડકતરું ........................ ૨૩
૧૮. આતિથ્ય ........................ ૨૪
૧૯. આબરૂ ........................... ૨૬
૨૦. આવરણ ........................ ૨૭
૨૧. આવું તો ચાલ્યા કરે... .... ૨૯
૨૨. આશ્વાસન ........................ ૩૧
૨૩. આસક્તિ પર્વ ................... ૩૨
૨૪. આંસુ બોલે ત્યારે... ......... ૩૪
૨૫. ઑનર બોર્ડ ..................... ૩૫
૨૬. ઉકેલ ............................. ૩૬
૨૭. ઉઠાઉગીરની એક રાત .... ૩૮
૨૮. ઉતાવળ ........................ ૪૦
૨૯. ઉદાહરણ ........................ ૪૨
૩૦. ઉપાય ........................... ૪૩
૩૧. ઊખડ્યાં ઝાડ ................. ૪૪
૩૨. ઊંહકારો ........................ ૪૫
૩૩. એ કૃષ્ણ હતો... ............. ૪૬
૩૪. એક અપુત્ર માણસનો પ્રબંધ ........................... ૪૮
૩૫. એક આથમતી સાંજ ....... ૫૦
૩૬. એક આદર્શ કજોડું ......... ૫૧
૩૭. એક કામણગારો બોલ .... ૫૩
૩૮. એક ગતકડું .................... ૫૪
૩૯. એક ગલીમાંની વાત ....... ૫૫
૪૦. એક જ નાવના મુસાફર .. ૫૭
૪૧. એક તારાંકિત સવાલ ...... ૫૮
૪૨. એક પાગલ ઉમેદવાર ..... ૫૯
૪૩. એક ભિખારીની કેફિયત ૬૧
૪૪. એક મીઠો ટહુકો ........... ૬૩
૪૫. એક રઢિયાળી રાતનો રંગ ૬૪
૪૬. એક વૃદ્ધ એથ્લીટની પછાડ ........................... ૬૫
૪૭. એક સ્ત્રીની વાત ........... ૬૬
૪૮. એક સ્થળ જ્યાં... ........... ૬૮
૪૯. એકાન્તે વસંત ................ ૬૯
૫૦. અવૉર્ડ ........................... ૭૦

૫૧. ઓઝલ ઘર ..................... ૭૧
૫૨. ઓટો - દિલ - બહાર .... ૭૩
૫૩. ઓરતો ............................ ૭૪
૫૪. ઓહ, ભયંકર ! .............. ૭૫
૫૫. ઓળખ ............................ ૭૭
૫૬. ઓળખાણ ....................... ૭૮
૫૭. કનકપાત્ર ........................ ૭૯
૫૮. કન્યા ............................... ૮૧
૫૯. કમલકોશેટો ..................... ૮૨
૬૦. કર્ણ .................................. ૮૩
૬૧. કાગડા-કોયલની
જુગલબંધી ....................... ૮૫
૬૨. કાગળ ............................ ૮૬
૬૩. કાંચળી ............................ ૮૮
૬૪. કુરંગી .............................. ૯૦
૬૫. કૂતરું ............................... ૯૧
૬૬. કેન્સર .............................. ૯૨
૬૭. કોઈનું ઘર ભાંગીને... ...... ૯૪
૬૮. કોટ ................................. ૯૫
૬૯. કોમી હુલ્લડો .................. ૯૭
૭૦. કોયડો ............................. ૯૮
૭૧. ક્રૌંચવધ ........................ ૧૦૦
૭૨. ક્લોઝ-અપમાં
એક દૃશ્ય ..................... ૧૦૧
૭૩. ખરીદી .......................... ૧૦૨
૭૪. ખંડિત દ્વંદ્વ .................... ૧૦૪
૭૫. ખાઈ ........................... ૧૦૬
૭૬. ખાસ જગ્યાઓ ............ ૧૦૭
૭૭. ખાસડું ......................... ૧૦૮
૭૮. ખોજ ............................ ૧૦૯
૭૯. ગતિ ............................. ૧૧૧
૮૦. ગતિભંગ ....................... ૧૧૨
૮૧. ગમન ........................... ૧૧૩
૮૨. ગરમ... ગરમ...
કડક કડક .................... ૧૧૫
૮૩. ગરીબી-રેખાની શોધ ... ૧૧૬
૮૪. ગંધ .............................. ૧૧૮
૮૫. ગીધડાં .......................... ૧૧૯
૮૬. ગિફ્ટ ........................... ૧૨૧
૮૭. ગુલાબ .......................... ૧૨૨
૮૮. ગેરસમજ ...................... ૧૨૩
૮૯. ઘા ............................... ૧૨૫
૯૦. ઘા ............................... ૧૨૬
૯૧. ઘોડો ............................ ૧૨૮
૯૨. ચક્ર .............................. ૧૨૯
૯૩. ચમત્કાર ...................... ૧૩૧
૯૪. ચહેરા .......................... ૧૩૨
૯૫. ચંપા ............................ ૧૩૪
૯૬. ચાવીઓ ....................... ૧૩૫
૯૭. ચીકીનો ડબો .............. ૧૩૬
૯૮. ચિંતા ........................... ૧૩૮
૯૯. ચુકાદો ......................... ૧૩૯
૧૦૦. ચુનીદાદાની આદત ....... ૧૪૧
૧૦૧. ચેલેન્જ ......................... ૧૪૨
૧૦૨. ચૉકલેટ ........................ ૧૪૩
૧૦૩. છનો પેટીમાસ્ટર ........... ૧૪૫
૧૦૪. છપ્પર ફાડકે...! ........... ૧૪૬
૧૦૫. છેડતી .......................... ૧૪૯
૧૦૬. જક .............................. ૧૫૦
૧૦૭. જનોઈવઢ ઘા ............... ૧૫૧

૧૦૮. જયાફત ........................ ૧૫૩
૧૦૯. જવાબ ........................ ૧૫૪
૧૧૦. જસુમતીનો સંદર્ભ
શા માટે ? .................... ૧૫૫
૧૧૧. જંજાળ ........................ ૧૫૭
૧૧૨. જાકારો ........................ ૧૫૮
૧૧૩. જુગલ ........................ ૧૬૦
૧૧૪. જે જિંદગીભર ન
કહી શક્યાં એ ! ........ ૧૬૧
૧૧૫. જે વાત માએ
કહી હતી .................... ૧૬૩
૧૧૬. જેથી કરીને... ............... ૧૬૪
૧૧૭. જેની જેવી તરસ .......... ૧૬૬
૧૧૮. ઝળઝળિયાં .................. ૧૬૭
૧૧૯. ઝાંઝવાંનાં જળ ............ ૧૬૯
૧૨૦. ટહુકો ........................ ૧૭૧
૧૨૧. ટાઇમ કૅપ્સ્યૂલ ............. ૧૭૨
૧૨૨. ટિકિટ વગરનો કાર્યક્રમ .. ૧૭૩
૧૨૩. ટ્રક-ડ્રાઇવર .................... ૧૭૪
૧૨૪. ‘ઠેર, મૈં આતા હૂં’ ...... ૧૭૬
૧૨૫. ઠેસ ........................ ૧૭૭
૧૨૬. ડબલ્સ ........................ ૧૭૮
૧૨૭. ઢાંકણ ........................ ૧૮૦
૧૨૮. તમે આવ્યા...? ............. ૧૮૧
૧૨૯. તરસ ........................ ૧૮૩
૧૩૦. તલાશ ........................ ૧૮૪
૧૩૧. તાજી હવા .................. ૧૮૬
૧૩૨. તેજાબની લકીરો .......... ૧૮૭
૧૩૩. તૃપ્તિના ઓડકાર .......... ૧૮૯
૧૩૪. ત્યારે.... ........................ ૧૯૦
૧૩૫. થાક ........................ ૧૯૨
૧૩૬. દટાયેલી વાત ............... ૧૯૩
૧૩૭. દરિયો શારતી નજર .... ૧૯૪
૧૩૮. દારૂ અને દેવતા ......... ૧૯૬
૧૩૯. દાહ ........................ ૧૯૭
૧૪૦. દાળમાં કાળું ................ ૧૯૯
૧૪૧. દિગ્ભ્રાન્ત ...................... ૨૦૦
૧૪૨. દીવાનો ........................ ૨૦૧
૧૪૩. દીકરો ........................ ૨૦૩
૧૪૪. દીવાલ ........................ ૨૦૪
૧૪૫. દીવાલ પાછળના સંવાદ ૨૦૫
૧૪૬. દીવાલની શોભા ........... ૨૦૭
૧૪૭. દુર્ગતિ ........................ ૨૦૮
૧૪૮. દેશદ્રોહી ........................ ૨૧૦
૧૪૯. દોરડા પરનો નટ ......... ૨૧૧
૧૫૦. દ્વિરૂપ ........................ ૨૧૩
૧૫૧. ધક્કો ........................ ૨૧૪
૧૫૨. ધડાકો ........................ ૨૧૬
૧૫૩. ધૃતરાષ્ટ્ર ........................ ૨૧૮
૧૫૪. ધ્વજદિન ........................ ૨૧૯
૧૫૫. ધ્વંસ ........................ ૨૨૧
૧૫૬. નરકયાત્રા .................... ૨૨૨
૧૫૭. નશો ........................ ૨૨૪
૧૫૮. નળરાજા ...................... ૨૨૫
૧૫૯. નાથુભાઈ બંકો ............. ૨૨૭
૧૬૦. નામની વાત ................ ૨૨૮
૧૬૧. નિગ્રહ ........................ ૨૩૦
૧૬૨. નિર્વેદ ........................ ૨૩૧
૧૬૩. નિલયે જે કર્યું એ... ..... ૨૩૩
૧૬૪. નિશાન ........................ ૨૩૫

૧૬૫. નિશાની ........................ ૨૩૬
૧૬૬. નિસબત ........................ ૨૩૮
૧૬૭. પકડાઈ જવું એટલે ? ... ૨૩૯
૧૬૮. પડઘાતો પ્રશ્ન ............... ૨૪૧
૧૬૯. પતંગિયું ........................ ૨૪૨
૧૭૦. પથ્થર શો ચહેરો ......... ૨૪૪
૧૭૧. પરખ ............................ ૨૪૫
૧૭૨. પર્યટન, પાર્ટી
અને એવું બધું... ......... ૨૪૬
૧૭૩. પાયલાગણ .................... ૨૪૭
૧૭૪. પાર્વતીના પગલે પગલે .. ૨૪૮
૧૭૫. પાસિંગ શો .................. ૨૫૦
૧૭૬. પાળ ............................ ૨૫૧
૧૭૭. પાંચ ફેરા ..................... ૨૫૩
૧૭૮. પિયરનો માણસ ........... ૨૫૫
૧૭૯. પીછેહઠ ....................... ૨૫૬
૧૮૦. પીછો ............................ ૨૫૮
૧૮૧. પૂર્ણવિરામ ..................... ૨૫૯
૧૮૨. પ્રતિઘોષ ...................... ૨૬૦
૧૮૩. પ્રત્યાલંબન ................... ૨૬૨
૧૮૪. પ્રથમ પુણ્યતિથિ .......... ૨૬૩
૧૮૫. પ્રશ્ન ............................ ૨૬૫
૧૮૬. પ્રાણપ્રતિષ્ઠા ................. ૨૬૬
૧૮૭. ફરાતાળ ....................... ૨૬૭
૧૮૮. ફલશ્રુતિ ....................... ૨૬૮
૧૮૯. ફળદાયી પ્રકોપ ............ ૨૭૦
૧૯૦. ફળશ્રુતિ ....................... ૨૭૧
૧૯૧. ફેંસલો .......................... ૨૭૩
૧૯૨. બદબૂ ........................... ૨૭૪
૧૯૩. બાજ-નજર ................... ૨૭૬
૧૯૪. બાળમજૂર ..................... ૨૭૭
૧૯૫. બિઝનેસ સિક્રેટ ............ ૨૭૮
૧૯૬. બીક .............................. ૨૮૦
૧૯૭. બીજા એક લક્ષ્મણની
વાત .............................. ૨૮૧
૧૯૮. બુદ્ધાવતાર ..................... ૨૮૨
૧૯૯. બે પાણીદાર મોતીની
વાત .............................. ૨૮૩
૨૦૦. બોરસલ્લી ..................... ૨૮૫
૨૦૧. બોલતી ગૂંચ ............... ૨૮૬
૨૦૨. ભગવાનની છબી ......... ૨૮૮
૨૦૩. ભટકતો જીવ ................ ૨૮૯
૨૦૪. ભરતમુનિ ..................... ૨૯૧
૨૦૫. ભરોસો ......................... ૨૯૨
૨૦૬. ભૂલ ............................. ૨૯૪
૨૦૭. ભેટ .............................. ૨૯૫
૨૦૮. ભોંઠપ .......................... ૨૯૬
૨૦૯. મડાગાંઠ ....................... ૨૯૮
૨૧૦. મધુ .............................. ૨૯૯
૨૧૧. મનનાં રખોપાં .............. ૩૦૦
૨૧૨. ટાટ ............................... ૩૦૨
૨૧૩. મમ્મી ........................... ૩૦૩
૨૧૪. મરણ ........................... ૩૦૫
૨૧૫. મહુડો .......................... ૩૦૬
૨૧૬. મહોરાં ......................... ૩૦૭
૨૧૭. મા...! ........................... ૩૦૯
૨૧૮. માણસજાત...! ............... ૩૧૦
૨૧૯. માણેક ગુજરી ગઈ ! .... ૩૧૧
૨૨૦. માતંગી-મલય-માધવી .... ૩૧૨
૨૨૧. માતૃહૃદય ...................... ૩૧૪

૨૨૨. માધ્યમ ........................ ૩૧૫
૨૨૩. માનો ચહેરો ................ ૩૧૬
૨૨૪. માયા ............................ ૩૧૮
૨૨૫. મારિયાની આંખ .......... ૩૧૯
૨૨૬. માળા ............................ ૩૨૧
૨૨૭. મીઠાં ફળ - માઠાં ફળ ૩૨૨
૨૨૮. મુરબ્બી ........................ ૩૨૪
૨૨૯. મુષક માર્જારયો ............ ૩૨૫
૨૩૦. મોક્ષ ............................ ૩૨૭
૨૩૧. મૌન ............................ ૩૨૮
૨૩૨. યાદી બહારનો માણસ ... ૩૩૦
૨૩૩. યુદ્ધ ............................ ૩૩૧
૨૩૪. યુદ્ધજ્વર ........................ ૩૩૨
૨૩૫. યુદ્ધનો પહેલો કોઠો ...... ૩૩૪
૨૩૬. યુદ્ધવિરામ .................... ૩૩૫
૨૩૭. યુનિફોર્મ ........................ ૩૩૭
૨૩૮. રક્તરેખા ........................ ૩૩૮
૨૩૯. રખડુ ............................ ૩૩૯
૨૪૦. રણખજૂરી .................... ૩૪૧
૨૪૧. રંગના ફુવારા ................ ૩૪૩
૨૪૨. રાડ ............................ ૩૪૪
૨૪૩. રાતવાસો ...................... ૩૪૫
૨૪૪. રિહર્સલ ........................ ૩૪૭
૨૪૫. રુગ્ણાલયના દરવાજે ..... ૩૪૮
૨૪૬. રુચાની કેફિયત ............ ૩૫૦
૨૪૭. રૂખસદ ........................ ૩૫૧
૨૪૮. રૂપાના વાળ ................ ૩૫૩
૨૪૯. લગાવ .......................... ૩૫૪
૨૫૦. લિફ્ટનાં બે તીર .......... ૩૫૬
૨૫૧. લુપ્ત કાવ્યની કથા ....... ૩૫૭
૨૫૨. લૂલી ............................ ૩૫૮
૨૫૩. લોકોનું તો એવું ! ......... ૩૫૯
૨૫૪. વચન એટલે વચન ...... ૩૬૧
૨૫૫. વટ .............................. ૩૬૩
૨૫૬. વતન .......................... ૩૬૪
૨૫૭. વર્ષગાંઠ ........................ ૩૬૫
૨૫૮. વહેલી પરોઢનું સપનું .. ૩૬૬
૨૫૯. મંથન .......................... ૩૬૮
૨૬૦. વળગણ ...................... ૩૬૯
૨૬૧. વળતર .......................... ૩૭૧
૨૬૨. વળામણાં ...................... ૩૭૨
૨૬૩. વન્ધ્ય ઝરણું ................ ૩૭૪
૨૬૪. વસંત અને ટહુકો ........ ૩૭૬
૨૬૫. વિકલ્પ .......................... ૩૭૭
૨૬૬. વિસ્ફોટ ........................ ૩૭૮
૨૬૭. વેણ .............................. ૩૮૦
૨૬૮. શરત ............................ ૩૮૨
૨૬૯. શરાબી મન .................. ૩૮૪
૨૭૦. શર્ટ .............................. ૩૮૫
૨૭૧. શિલ્પાને એ ન સૂઝ્યું .. ૩૮૭
૨૭૨. શિવાંગી ........................ ૩૮૮
૨૭૩. શૂન્યાવકાશ .................. ૩૮૯
૨૭૪. શેફાલી .......................... ૩૯૧
૨૭૫. શેષ મુસાફર ................ ૩૯૨
૨૭૬. સમજણ ........................ ૩૯૪
૨૭૭. સમરથરાયનું કલેક્શન .. ૩૯૫
૨૭૮. સવાલ .......................... ૩૯૭
૨૭૯. સંકેત ............................ ૩૯૮
૨૮૦. સંક્રાન્તિ .......................... ૪૦૦
૨૮૧. સંપેતરું .......................... ૪૦૧

૨૮૨. સંસ્કાર ........................... ૪૦૨
૨૮૩. સાગરિકા ........................ ૪૦૪
૨૮૪. સાદી વાત ..................... ૪૦૫
૨૮૫. સારા સમાચાર ............. ૪૦૬
૨૮૬. સિદ્ધાર્થ ........................... ૪૦૮
૨૮૭. સુખરામ બિલ્ડિંગ ......... ૪૦૯
૨૮૮. સુખિયા લોકો ................ ૪૧૧
૨૮૯. સૂનકાર .......................... ૪૧૩
૨૯૦. સેન્ડલ ............................ ૪૧૪
૨૯૧. સેવન ડાઉન ................. ૪૧૬
૨૯૨. સો નૂર કપડાં .............. ૪૧૮
૨૯૩. સોડ .............................. ૪૧૯
૨૯૪. સ્ત્રીઓ ........................... ૪૨૧
૨૯૫. સ્નેહગાંઠ ........................ ૪૨૨
૨૯૬. સ્પર્શ .............................. ૪૨૩
૨૯૭. સ્મૃતિ ............................. ૪૨૪
૨૯૮. સ્વાગતમ્-ફાગતમ્
ન ચાલે ........................ ૪૨૬
૨૯૯. સ્વાદ .............................. ૪૨૭
૩૦૦. હરિશ્ચંદ્ર .......................... ૪૨૯
૩૦૧. હવે ક્યારે...? ................. ૪૩૦
૩૦૨. હળોતરા ......................... ૪૩૧
૩૦૩. હિસાબ .......................... ૪૩૩
૩૦૪. હું જ કહી દઉં...! ........ ૪૩૪

પરિશિષ્ટ-૧ : ચાવીરૂપ શબ્દસૂચિ
*ડૉ. ઊર્જિતા પટેલ – મણિભાઈ પ્રજાપતિ* ............................... ૪૩૬

પરિશિષ્ટ-૨ : ગુજરાતી લઘુકથા : વાઙ્મયસૂચિ
*સંપા. ડૉ. ઊર્જિતા પટેલ, મણિભાઈ પ્રજાપતિ* ....................... ૪૪૮

પરિશિષ્ટ-૩ : સાહિત્ય-સર્જન ........................................................... ૪૬૭

પરિશિષ્ટ-૪ : કેટલાક અભિપ્રાયો ..................................................... ૪૬૦

# મોહનલાલ પટેલની સંકલિત લઘુકથાઓ

❑

મોહનલાલ પટેલ

# ૧. અકસ્માત

માર્ગ ઉપર ટ્રાફિક જામ થઈ ગયો. વાહનોની ગાંઠમાં આવી ગયેલી એક રિક્ષામાં એક શ્વેતકેશી બુઝુર્ગ અને એમનો પૌત્ર બેઠા હતા. બુઝુર્ગ એક ઘટના વિશે પૌત્રને વાત કહેવા ઇચ્છતા હતા. પણ એ ઘટનાનું સ્મરણ અત્યંત અપ્રિય અને ખેદજનક હતું એટલે બુઝુર્ગ પૌત્રને એ કહેવા વિશે થોડા અવઢવમાં હતા. પણ થોડી મિનિટો પછી અવઢવમાંથી બહાર નીકળીને એમણે કહ્યું : ''મુન્ના, અહીં બરાબર સામેની બાજુએ તારા પપ્પાને અકસ્માત થયો હતો.''

મુન્નાએ આંખો સહેજ પહોળી કરીને સ્થળનો અંદાજ કાઢવા પ્રયાસ કર્યો. રિક્ષાના ચાલકે પણ દાદાની વાત સાંભળી. એના કાન ક્ષણભર ટટ્ટાર થયા, પણ એણે સ્થળ તરફ નજર ન કરી.

દાદાએ આગળ કહેવાં માંડ્યું : ''એ વાતને એક વરસ વીતી ગયું. તારા પપ્પાની કશી ચૂક નહોતી છતાં રિક્ષાવાળાએ એમની સાઇકલ સાથે રિક્ષા ભટકાડી દીધી. આજકાલ સાઇકલ ઉપર નીકળવું એય એક જોખમ છે. તારા પપ્પાની આખી કારકિર્દી ખલાસ થઈ ગઈ !''

પૌત્ર બોલ્યો : ''કારકિર્દી એટલે શું, દાદા ?''

દાદાને 'કારકિર્દી' શબ્દની સરળ સમજૂતી આપવાનું ન ફાવ્યું એટલે એમણે કહ્યું : ''તારા પપ્પા સેલ્સમૅન હતા. આખો દિવસ સાઇકલ ઉપર કંપનીઓ અને દુકાનોમાં જઈને માલ વેચતા. હવે એમનાથી એમાંનું કશું થઈ શકતું નથી. બે બગલમાં ઘોડી રાખીને ફરવાનું એટલે હવે એ શી રીતે થઈ શકે ?''

''પપ્પાએ રિક્ષાવાળાને જેલમાં ન પુરાવ્યો ?''

''ના.''

''રિક્ષાવાળો પલાયન થઈ ગયો હશે ?''

''ના.''

''પપ્પાએ રિક્ષાવાળાનો નંબર નહોતો લીધો ?''

''લીધો હતો...એનો નંબર ૮૩૪ હતો.''

''તો પછી રિક્ષાવાળા ઉપર ફરિયાદ કરવી જોઈતી હતી.''

''પણ તારા પપ્પાએ ન કરી.''

''કેમ ?''

''તારા પપ્પા રિક્ષાવાળાનો દોષ જોતા નહોતા, એ કહેતા : આવા ટ્રાફિકમાં અકસ્માત ન થાય એ જ સદ્નસીબ. એમણે ફરિયાદ ન કરી. પણ એમનું જીવન બરબાદ થઈ ગયું !''

ટ્રાફિકની ગાંઠ ઊકલી ગઈ. વાહનોમાં ગતિનો સંચાર થયો. હૉર્ન કર્કશ અવાજ કરવા લાગ્યા.

દાદા અને પૌત્રને ઊતરવાનું સ્થળ આવ્યું. ઊતરીને દાદાએ પાકીટ કાઢવા માટે બંડીના ખિસ્સામાં હાથ નાખવા માંડ્યો.

પણ ત્યાં સુધીમાં તો રિક્ષાવાળાએ રિક્ષા હાંકી મૂકી.

અને દાદા મોટેથી કંઈ બોલવા જાય એ પહેલાં તો પૌત્રે ઉત્તેજિત થઈને રિક્ષાની નંબર પ્લેટ તરફ આંગળી કરીને કહ્યું : ''દાદા, આ તો એ જ નબંર, ૮૩૪ !''

※

## ૨. અકસ્માત

રંજુની આબરૂ તોફાની બારકસ તરીકે તો હતી જ.

એમાં એક એપ્રિલની ૨૦મી તારીખે ઉમેરો થયો. રંજુએ બંગલાની કમ્પાઉન્ડ વૉલ ઉપર ચઢીને ગરમાળાના ઝાડની એક ડાળને પકડમાં લીધી. જરાક સમતુલા ગુમાવતાં એ તૂટેલી ડાળી સાથે જ કમ્પાઉન્ડના પથ્થરના જડતર પર પછડાયો. એ પછડાટ વખતે માથું કમ્પાઉન્ડ વૉલ સાથે અથડાયું. માથું અથડાયાનો અવાજ બંગલામાં આરામ કરવા સૂતેલી મમ્મીએ સાંભળ્યો. સફાળી ઊઠીને એ બહાર દોડી ગઈ. મનીષે એને જોઈ એટલે એ પણ એની પાછળ ગયો.

થોડી ક્ષણોમાં તો રંજુને ફરતું આખું ઘર ભેગું થઈ ગયું – મેઘા, વિરલ, વિશાલ...દાદા પણ આવી પહોંચ્યાં.

રંજુની આબરૂ ખરાબ હતી એટલે એને કંઈ પૂછ્યા સિવાય સૌ એના ઉપર તૂટી જ પડ્યાં :

'ખરા બપોરે શું કરતો હતો, અહીં ?'

'આવા કપરા તાપમાં બંગલાની બહાર નીકળ્યો જ કેમ ?'

‘શું ખાવા ઝાડ પર ચડ્યો હતો ?’

‘પડ્યો એ વખતે ટાંટિયો ભાગ્યો હોત તો શું થાત ?’

‘પણ માથું તો ફૂટ્યું જ છે, દવાખાને મોકલવો પડશે.’

‘હેડ ઇન્જરી થઈ હોય તો મુસીબતમાં મુકાઈ જઈએ. ચેકઅપ કરાવવું જ પડશે.’

અત્યાર સુધી બધાં સામે ટગર ટગર જોઈને, માથે ધોવાતાં માછલાંને ધીરજથી સહી રહેલો રંજુ દવાખાનાનું નામ સાંભળતાં ઢીલો થઈ ગયો. એનો સ્વસ્થ દેખાતો ચહેરો એકદમ રડમસ બની ગયો.

‘ચાલ હવે ઘરમાં.’ ગુસ્સે થઈને વિરલ બોલ્યો. વિરલ રંજુનો વ્હાલસોયો ‘વિરલ અંકલ’ હતો.

કશોક તોડ કાઢતા હોય એમ દાદા બોલ્યા : ‘ચાલો હવે બધાં અંદર, અહીં તડકામાં ઊભાં ઊભાં વળી માંદાં પડી જશો.’ આટલું કહી એમણે નીચે પડેલી ગરમાળાની ડાળી ઊંચકીને કમ્પાઉન્ડ બહાર ફેંકી દીધી.

ડાળી ઉપર એકે પાંદડું નહોતું...એની ઝીણી ઝીણી શાખાઓ અને એકેએક સળી પીળાં ફૂલોથી ઊભરાયેલી હતી. દાદાએ ડાળી ફેંકી એ વખતે રંજુ કશીક વેદનાથી એ જોઈ રહ્યો હતો.

રંજુ હજુ ખસતો નથી એમ જાણી એના પપ્પા વિશાલે એને બંગલાની દિશામાં એક હડસેલો માર્યો.

દાદાએ રંજુ તરફ સહાનુભૂતિ દર્શાવતાં કહ્યું : ‘દવાખાના-બવાખાનાની બધી વાત ખોટી, રંજુ બેટા. તને કંઈ થયું નથી. હવે તારી રૂમમાં જઈને સૂઈ જા. સાંજ સુધી બહાર નીકળવાનું નથી.’

બધાં પોતપોતાની રૂમમાં પહોંચી ગયાં.

રંજુએ એની રૂમમાં પ્રવેશ કર્યો. બેડ પર પડેલી સામગ્રી ઉપર થોડી વાર એની કુમળી નજર ખોડાઈ રહી. ત્રાંસું કાપેલું શંકુ આકારનું કાર્ડબોર્ડ, પારદર્શક જીલેટીન પેપર, ગુંદરની શીશી, કલર સ્ટીકો, સ્કેચ પેનો, અંગ્રેજીમાં મોટા અક્ષરે લખેલો ડ્રૉઇંગ પેપર...

એણે પેલો ડ્રૉઇંગ પેપર હાથમાં લીધો. સવારથી વિવિધ રંગોમાં ઠીકઠીક મહેનત કરીને તૈયાર કરેલા કાગળ ઉપર પોતે લખેલા અક્ષર અત્યારે પોતે જ વાંચી રહ્યો :

HAPPY BIRTHDAY TO DADA – RANJU

કાગળ એણે ઓશીકા નીચે દબાવ્યો.

પછી એણે કાર્ડબોર્ડ હાથમાં લીધું અને જીલેટીન પેપર. આ બેનો ઉપયોગ કરીને એ ગરમાળાનાં ફૂલોવાળું એક મજાનું બૂકે બનાવવાનો હતો. એપ્રિલની શરૂઆતથી

જ ગરમાળાનાં પાંદડાં ખરવા લાગ્યાં હતાં. અને એ વૃક્ષ ઉપર ફૂલ ફૂટવાની એ પ્રતીક્ષા કરી રહ્યો હતો. આજ ૨૦મી એપ્રિલે તો આખું વૃક્ષ પીળાં ફૂલના ઉભારથી લદાઈ ગયું હતું. એક ડાળી ખૂબ નીચે આવી ગઈ હતી. એણે કમ્પાઉન્ડ વૉલ ઉપર ચડીને એ પકડી – અને એક કાંડ રચાઈ ગયો.

બારી આગળ આવીને એ ગરમાળાને નીરખી રહ્યો. નર્યું ફૂલોનું ઝાડ. દાદા કહેતા હતા – આ ઝાડનું નામ તો સોનેરું નર્યો સોનાનો વરસાદ ! દાદાને એ ફૂલો બહુ ગમે છે. એટલે તો...

આટલું વિચારતાં તો એ બાળકની મોટી મોટી આંખો આંસુથી ઊભરાઈ રહી.

⁕

## ૩. અચાનક

ગુમ થયેલા એકના એક પુત્રને ખોળી કાઢવા નંદલાલે આકાશ-પાતાળ એક કર્યાં છતાં કશી ભાળ મળી નહીં. લગભગ એક દાયકા સુધી પુત્રના આકસ્મિક આગમનની કામના ઉપર જ એમણે દિવસો ગણ્યા. પછી તો, એ કામના પણ ઓસરતી ચાલી. નંદલાલનું જીવન એક બંધિયાર પાણીનો ધરો બનીને રહ્યું. હતાશાની શેવાળથી છવાયેલું નિસ્પંદ અને નિરસ..

નંદલાલ નોકરીમાંથી નિવૃત્ત થયા એ પછી તો સમય અજગર જેવી મંથર ગતિવાળો અને ગૂંગળાવનારો બની રહ્યો. એટલે નંદલાલ સમય પસાર કરવા માટે કશીક તરકીબો શોધતા રહ્યા.

એક દિવસ એમણે અભરાઈએ ચઢાવી દીધેલું એક પોટલું ઉતાર્યું. કદાચ એ પોટલામાં બંધાઈ ગયેલી જીવનની કોઈ ઘટના ઓમાં થોડા સમય માટે ડૂબી જવાનો એમનો હેતુ હશે. એ પોટલામાં દાક્તરી રિપોટર્સ, ઇન્કમટેક્સનાં રિટર્ન અને ચલણ વગેરેની ફાઇલો ઉપરાંત હિસાબ-કિતાબની નોટબુકો, સામાજિક અવસરો વખતે કરેલી નોંધોની ડાયરીઓ વગેરે હતું.

પોટલું ખોલીને એક ફાઇલ હાથમાં લેતાં જ એના બાંધામાંથી એક સોનેરી પેન સરકીને ફર્શ ઉપર પડી. પોતે નોકરી ઉપર ચઢ્યા એની ખુશાલીમાં એ ખરીદવા માટે માએ એમને પૈસા આપ્યા હતા. એ ખોવાઈ ત્યારે એમનું ચિત્ત ઘણું ક્ષુબ્ધ થઈ ગયું હતું. અને એને શોધવા એમણે આખું ઘર માથે લીધું હતું. ઘરનો ખૂણે-ખૂણો દસ-

દસ વાર એ ફંફોસી ચૂક્યા હતા. એ પેન સાથે માની સ્મૃતિ સંકળાયેલી હતી એટલે કેટલાય દિવસો સુધી એ ખિન્ન રહ્યા હતા.

...અને આજ આમ અચાનક જ, અણધારી રીતે, અણધારી જગ્યાએથી એ પેન મળી આવી. નંદલાલ એના તરફ તાકી રહ્યા.

અને પછી એકાએક વર્ષોથી ઝંખવાઈ ગયેલો એમનો ચહેરો ઝગી ઊઠ્યો! મનમાં પડઘા ઊઠી રહ્યા હતા. આમ કદાચ અણધાર્યો અચાનક...

⁂

# ૪. અજવાળું

બાજુના બંગલાને લોકો 'ભૂતિયો બંગલો' તરીકે ઓળખે છે. પણ હું તો આ એક જ નહીં, મારી આસપાસના બધા બંગલાઓને ભૂતિયા ગણું છું. શહેરના આ 'પૉશ' વિસ્તારમાં કેટલાક ઘનાઢ્ય લોકોએ આ સોસાયટીમાં બંગલા બંધાવી રાખ્યા છે, જેમાં એમનો વસવાટ નથી. બંધ બંગલાઓના આ વિસ્તારમાં દિવસે તો ઠીક, સાંજે ઢળ્યા પછી અંધારું બિલ્લી પગે આવવા માંડે ત્યારે આ બંધ બંગલાઓનું ઝુંડ મારા ચેતાતંત્ર ઉપર પકડ જમાવવા લાગે છે અને એક વાયવ્ય ભયનો ધુમાડો મારા આવાસના ખંડેખંડમાં ભરાવા લાગે છે. મને ભૂતનો ડર નથી. હુમલો કરી બેસે એવા ચોરની પણ મને બીક નથી. પણ રાત્રે મૂંગા મૂંગા ઊભેલા આ બંગલા પ્રેતવૃન્દની જેમ મારા ચિત્ત ઉપર સવાર થઈને ભયનો એક માહોલ રચીને મને ગૂંગળાવે છે. માણસ તમારી સામે ઊભો હોય, એના હાથપગ પાષાણ પ્રતિમાની જેમ અસ્પંદ હોય, આંખ ખુલ્લી પણ અપલક હોય ત્યારે એ ભયપ્રેરક બન્યા વગર કેમ રહે ?

...પણ એક દિવસ રાત પડતાં આ ભૂતિયા બંગલાઓમાં એકની બંધ બારીઓ પાછળ મેં અજવાળું જોયું, એ કંઈ પ્રકાશનો પુંજ નહોતો. એ તો બંગલાની દીવાલોમાં પ્રકાશનાં ચતુષ્કોણીય બિંબો જ જાણે !

ચમત્કાર સર્જાયો હોય એમ મારા કોઠે અગણિત દીવાઓનું અજવાળું પ્રગટ્યું. મારા કોઠે જ શું કામ ? મારા આવાસનો ખંડેખંડ ઉજાસથી અજવાળાઈ ગયો ! વર્ષો પછી કોઈ સ્નેહીને મળતો હોઉં એવા આનંદની લહરીઓ મારા હૈયામાં તરંગિત થવા લાગી.

બારી પાછળના અજવાળામાં કોણ હરતું-ફરતું હતું એની મને જાણ નહોતી.

હરતો-ફરતો કોઈ પડછાયો પણ દેખાતો નહોતો તોપણ મારા ઉમંગમાં કશી ઓટનાં ચિહ્ન જણાતાં નહોતાં.

પેલી અકબર-બીરબલની વાતમાં આખી રાત કડકડતી ઠંડીમાં ભર્યા સરોવરની મધ્યમાં પાણીમાં ઊભા રહેલા માણસને દૂરના દીવાના પ્રકાશથી ગરમી મળી હોય કે ન મળી હોય; અને બીરબલે ચૂલા ઉપર એક વાંસ જેટલી ઊંચાઈએ મૂકેલી તપેલીમાં ખીચડી તૈયાર થઈ હોય કે ન થઈ હોય, પણ પેલી બારીઓ પાછળનું અજવાળું તો મને હૂંફ આપી રહ્યું અને મન ઉપરનાં અકળામણ, બેચેની, કશીક અજાણી ભીતી - સઘળું બાષ્પીભૂત થઈ ગયું.

પછીના દિવસે, પછીના દિવસે શું કામ ? રોજ સાંજ પછી હું મારી બારીમાં ઊભો ઊભો પેલી પ્રકાશિત બારીઓ તરફ મીટ માંડીને ઊભો રહેવા લાગ્યો. તૃપ્તિ ન થતી હોય એવી કોઈ તરસથી હું પેલા અજવાળા તરફ ખેંચાતો રહ્યો.

મેં આજ સુધી કોઈ યુવતીને પ્રેમ કર્યો નથી, પણ હવે મને સમજાવા લાગ્યું કે પ્રેમ શું છે અને એની તડપન કેવી ચીજ છે ! બારી આગળ ઊભા ઊભા આંખ ઊંઘથી ઘેરાવા લાગે અને પોપચાંનો ભાર અસહ્ય થઈ પડે ત્યાં સુધી બારીના ચોકઠામાં હું મઢાયેલો રહેવા લાગ્યો...હું પેલા અજવાળને પ્રેમ કરતો રહ્યો.

...અને એક દિવસ એ બંગલાની બારીઓના કાચમાં પ્રકાશનાં આંજણ ન દેખાયાં..

બીજો દિવસ, ત્રીજો દિવસ...અને પછી, એક પછી એક દિવસ અને હવે તો આ આદત પડી ગઈ છે. સાંજ પડે છે અને બારી આગળ જઈને ઊભો રહું છું.

અજવાળાને ઝંખું છું, પણ સામે અંધકારનો દરિયો હિલોળાય છે !

❊

# ૫. અજવાળું જ અજવાળું

દેરાણી અને જેઠાણી બંને જાણે બહેનપણીઓ. બંનેની ઉંમરમાં ઝાઝો ફેર નહોતો. હજુ એ બંને ગધાપચીશીના સમયગાળામાંથી પસાર થઈ રહી હતી. બંને હસમુખી અને કશું ગંભીરપણે ન લેનારી. એક વાતે બંને ભિન્ન – દેરાણી સરળ અને જેઠાણી જરા ખંધી.

વાતવાતમાં બંને ખડખડાટ હસી પડે અને ઘર ગજવે. પડોશમાં એક માજીએ તો એમને વછેરાની ઉપમા આપી દીધેલી.

એક દિવસ નવરાશની પળોમાં એ બે જણ હળવી વાતોના તડાકે ચઢી હતી. બેની વચ્ચે એક ડિશમાં તાજાં જાંબુ હતાં. એ બંને એમાંથી એક-એક મુખમાં મૂકીને જાંબુના મીઠા ગર્ભ અને રસનો સ્વાદ માણી રહી હતી.

વાતવાતમાં દેરાણીએ ઊંઘનું પ્રકરણ ઉકેલ્યું. એણે જેઠાણીને કહ્યું : 'તમારા દિયર તો ભાઈ, ભારે ઊંઘણશી.' આટલું બોલતાં બોલતાં તો એની ટેવ પ્રમાણે એ હસવા જ લાગી. 'અલી, આમાં હસવાનું શું ?'

'હસવું ન આવે ? આવી તે ઊંઘ હોય ? બાજુમાં નગારાં વાગતાં હોય તોપણ એમનાં નસકોરાં બોલતાં હોય.'

'તું ગમે તે કહે, કેતનભાઈની બાબતમાં તારી વાત ખોટી.'

'મારી વાત ખોટી ?'

'હા, કેતનભાઈને હું બરાબર જાણું ને. એ કંઈ તું કહે એવા ઊંઘણશી નથી.'

'એમની ઊંઘનો અનુભવ તમને કે મને ? કામથી પરવારીને રાત્રે હું અમારા બેડરૂમમાં જાઉં ત્યારે એ ઊંઘતા જ હોય. ખભો પકડીને હલાવું તોય ન જાગે.'

'તારામાં એમને રસ નહિ હોય...' દેરાણીને ખોટું ન લાગે એવી ઢબથી મશ્કરી કરતી હોય એમ જેઠાણી બોલી.

'આ ઉંમરમાં મારામાં રસ ન હોય એવું કેમ બને ?'

'જવા દે એ બધું. સો વાતની એક વાત. મારી જાણ પ્રમાણે તો કેતનભાઈ કાગાનિંદરવાળા આદમી છે. એ ઊંઘતા હોય અને...'

એકાએક ગળામાં કશુંક ભરાઈ ગયું હોય એમ જેઠાણી જાણે છત્તરવત્તર થઈ ગઈ અને એનું વાક્ય અધૂરું રહી ગયું.

'શું થયું, શું થયું ?' દેરાણી બોલી ઊઠી.

'કંઈ નહીં, કંઈ નહીં. એ તો જાંબુનો ઠળિયો ગળામાં અટક્યો હતો પણ હવે તો પેટમાં ઊતરી ગયો છે. ચિંતા જેવું કશું નથી.'

હા, ઠળિયા સાથે, ખાસ બહેનપણીને જ કહી શકાય એવા, જીભ ઉપર આવી ગયેલા શબ્દો પણ પેટમાં ઊતરી ગયા. જો ઉચ્ચારાયા હોત તો તે આ હતા. 'હું એમની પહેલી ઊંઘ વખતે એમની રૂમમાં જઈને દીવાલ પરની સ્વિચ પાડું કે એના સાધારણ અવાજથી પણ એમની આંખ ઊઘડી જાય અને બસ, અજવાળું જ અજવાળું...'

⁂

# ૬. અજાણી જગ્યા

શાન્તુભાઈ શેઠના બેડરૂમના ઇન્ટિરિયર ડેકોરેશનનું કામ શરૂ થયું એટલે કૉન્ટ્રારક્ટરે શાન્તુભાઈને કહ્યું : 'શેઠસાહેબ, એકાદ અઠવાડિયા માટે આપે બીજા કોઈ બેડરૂમમાં આરામ કરવો પડશે.'

'આરામ તો રાત્રે કરવાનો છે ને ? એમાં તમને કે મને શી હરકત આવવાની છે ?'

'આર્કિટેકટનું કહેવું છે કે એમના માણસો રાત્રે પણ કામ કરશે. ઉપલા માળનો એક બેડરૂમ ખાલી જ છે. આપ એનો ઉપયોગ કરો તો ?'

'ભલે.' કહી શાન્તુભાઈ મનમાં બોલ્યા : 'આપણા ફક્કડરામને શું ? કહો તો બાલ્કીનીમાં જઈને પણ સૂઈ જઈએ.'

વાત સાચી હતી. પત્નીના ગુજરી ગયા પછી શાન્તુભાઈ છેલ્લાં પાંચ વર્ષથી 'ફક્કડરામ' જ હતા.

નોકરને બોલાવીને શાન્તુભાઈએ કહ્યું : 'મુરારી, ઉપરના બંધ બેડરૂમનું બધું બરાબર છે કે કેમ તે જરા જોઈ લેજે.'

મુરારીએ જવાબ આપ્યો : 'જી, બધું બરાબર છે. બીજા બેડરૂમોની સાથે એની પણ રોજેરોજ સાફસૂફી થાય છે. એરકંડિશનર, ગીઝર, બાથરૂમ-ટૉઇલેટ બધું કંપ્લેટ છે.' રાત્રે સૂવાના સમયે શાન્તુભાઈ સૂચિત બેડરૂમ તરફ ગયા. રૂમમાં દાખલ થતાં જ આશ્ચર્ય પામતા હોય એમ થોડી ક્ષણો સુધી બેડરૂમમાં નજર ફેરવતા રહ્યા પછી સ્વગત બોલ્યા : 'ઓ હો...હો...આ બેડરૂમમાં પગ દીધે મને કેટલાં વરસ થયાં ?'

શાન્તુભાઈને કંઈ યાદ આવતું નહોતું. સામસામી દીવાલો ઉપર લગાવેલાં બે મોટા કદનાં પેઇન્ટિંગ્ઝને એ નીરખી રહ્યા. 'વાહ ! કોઈ સારા આર્ટિસ્ટનાં ચિત્રો લગાવેલાં છે ને કાંઈ !' એમણે ઉદ્‌ગાર કાઢ્યો. ખંડનું બધું રાચરચીલું, વોર્ડરોબ, ટીવી વગેરે બધું જોઈને એ રાજી થયા.

અને ઊંઘના હેતુથી પલંગમાં સૂતા.

બીજે દિવસે શાન્તુભાઈએ કૉન્ટ્રાક્ટરને બોલાવીને પૂછ્યું : 'મારા બેડરૂમનું કામ કેટલા દિવસ ચાલવાનું છે ?'

'જે કામ કરવા ધાર્યું છે એ કરવામાં અઠવાડિયું તો જશે જ ને' કૉન્ટ્રાક્ટરે જવાબ આપ્યો.

'એક અઠવાડિયું ?' કશીક અધીરાઈ હેઠળ શાન્તુભાઈ બોલ્યા.'

સાત દિવસ તો થશે જ ને, સાહેબ.' બેફિકરાઈભર્યું હસીને કૉન્ટ્રાક્ટરે ઉમેર્યું. 'બેડરૂમમાં ચારથી પાંચ લાખ રૂપિયા નાખવાના છે એટલે સમય તો જશે જ ને.'

'તમે તો ભાઈ, આફત ઊભી કરી.'

'શી મુશ્કેલી છે, શેઠજી ?'

'ગઈ કાલે ઉપરના બેડરૂમમાં એક પળ માટે આંખ ન મળી. ઊંઘ જ ન આવી !'

'આ બેડરૂમ કરતાં તો એ વધારે શોભયમાન અને આરામદાયક છે.'

'એ તો હું પણ કહું છું.'

'તો પછી ઊંઘ કેમ ન આવી ?'

'સ્થળફેર થયો ને, ભાઈ !'

*

## ૭. અજાણ્યો

કાઉન્ટર ઉપર બેઠેલા બૅન્ક કર્મચારીએ મોટા અવાજે એને કહ્યું : ''ઓળખાણ આપે એવા કોઈ ને લઈ આવો; પછી પૈસા મળશે.''

એણે આસપાસ નજર ફેરવી. બૅન્કની બધી દીવાલો સુધી પહોંચીને એ નજર પાછી ફરી. વળી એ પેલા કર્મચારી તરફ પહોળી આંખે જોઈ રહ્યો.

એની બાજુમાં ઊભેલા એક ભાઈએ રસ્તો બતાવ્યો : ''આ બૅન્કમાં જેનું ખાતું હોય એવા કોઈને પકડી લાવો.''

આ કહેનાર ભાઈ સામે પણ એ વિસ્ફારિત આંખે જોઈ રહ્યો.

લોનમાં મંજૂર થયેલા રૂપિયા લેવા આવેલા આ ગ્રામીણ આદમી ઉપર બૅન્કનો કર્મચારી ગુસ્સે થયો અને બોલ્યો : ''કાકા, તમે જાઓ અને અમને કામ કરવા દો.''

એને લાગ્યું કે હવે ત્યાંથી ખસવું જોઈએ. ખસીને પણ શું ? પોતે કદાચ સીધો પોતાની વસ્તીમાં જશે. ત્યાં જઈને પણ એક પછી એક બધાનાં મોં સામે તાકી રહેશે. વરસાદમાં નરમ થઈ જાય અને પવનમાં જેનાં છાપરાંને પાંખ ફૂટે એવાં કાચાં ખોરડાંની વસ્તીનો એ આદમી હતો. એમાંથી કોઈએ બૅન્કનાં પગથિયાં જોયાં નહોતાં !

ખસવાનો વિચાર એના ચિત્તમાં ચાલી જ રહ્યો હતો ત્યાં કાઉન્ટર આગળની લાઇનમાંથી અવાજ ઊઠવા લાગ્યા : ''આઘા ખસો, વખત ખરાબ ન કરો...''

કોઈ દુર્ભેદ્ય કોઠામાં ભરાઈ પડ્યો હોય એવો અનુભવ એને થવા લાગ્યો. હવે બહાર નીકળ્યા સિવાય છૂટકો નહોતો.

એ ત્યાંથી ખસ્યો, અને બૅન્કનાં પગથિયાં ઊતરવા લાગ્યો. છેલ્લે પગથિયે ઊભા રહીને એણે નજરને છૂટી મૂકી. રસ્તો માનવીઓથી ભરચક હતો. કેટકેટલાં માનવીઓ ભાગંભાગ કરી રહ્યાં હતાં !

ક્યાંય સુધી એ ત્યાં જ ઊભો રહ્યો. રસ્તા ઉપર ભાગી રહેલાં માનવીઓમાંથી કોઈ એને ઓળખતું નહોતું એની એને ખબર હતી. પણ જગતનાં કેટલાં માણસો પોતાને ઓળખતાં નથી એ જ જાણવા હવે તો એ મથી રહ્યો હતો.

*

# ૮. અનુસંધાન

પુસ્તક વાંચતાં વાચતાં વારંવાર વિચારોમાં ખોવાઈ જવાની સ્રગ્ધરાની ટેવ તરફ સારંગને ઘણો અણગમો હતો. ઘણી વાર એ પોતાનો આ અણગમો એક અથવા બીજા સ્વરૂપે પ્રગટ કરતો. એમાંથી ક્યારેક તો આ પતિ–પત્ની ચડભડી પણ ઊઠતાં.

પણ આજ તો સારંગ પોતે જ એ સ્થિતિમાં મુકાયો હતો. પલંગમાં સૂતાં સૂતાં એ 'અંકલ ટોમ્સ કેબિન' નવલકથા વાંચતો હતો. પુસ્તકમાંની એક ઘટના વાંચીને એ અત્યંત ક્ષુબ્ધ બની ગયો. એણે ખુલ્લું પુસ્તક છાતી ઉપર ઊંધું મૂક્યું, અને આંખનાં પોપચાં બંધ કરીને કશાક વિચારોમાં ખોવાઈ ગયો. પુસ્તકમાં એણે વાંચેલી ઘટના આ હતી : સેન્ટ કલેર અને મેકીની ઈવા નામની છ વર્ષની એકની એક પુત્રીનું અવસાન થયું હતું. આ ઘટનામાં ઈવાની માતાના મનમાં એવું વસી ગયું હતું કે ઈવાના મૃત્યુની પોતાના પતિ ઉપર કશી જ અસર નથી. એ કઠોર હૈયાના માણસે ઝટઝટ ધંધો સંભાળી લીધો છે, બજારમાં ફરે છે. મળનાર વ્યક્તિ સામે સ્મિત વેરે છે, કાફેમાં જાય છે, લોકો સાથે રાજકારણની ચર્ચાઓ કરે છે...ઈવાને તો એ સાવ ભૂલી જ ગયો છે...

આ ઘટના વાંચ્યા પછી સારંગનું ક્ષુબ્ધ ચિત્ત એને એના ભૂતકાળ તરફ ઘસડી ગયું. ત્રણ દાયકા પહેલાંની એક ઘટના એની નજર સમક્ષ તરવરી રહી. પિતા ઘરના આંગણામાં એક કિશોરની સહાયથી ખાટલા માટેનું સૂતર વણતા હતા અને મા ઘરમાં રહ્યે રહ્યે પિતા ઉપર રોષ ઠાલવી રહી હતી : 'જુવાન દીકરાને પાછો થયે હજુ બાર દહાડા પણ થયા નથી અને તમે આ શું લઈ બેઠા છો ? તમારું કાળજું તે શાનું ઘડ્યું છે ? તમને દીકરો મૂવાની કશી લાગણી ન થતી હોય તો દીસતું રહ્યું, પણ દુનિયામાં લોકો શું કહેશે એનો જરાક તો વિચાર કરો....'

માની આંખમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં હતાં. માની વાત પિતાએ સાંભળી

કે નહિ એ તો કોણ જાણે, પણ એ પોતાના કામમાં ગૂંથાયેલા જ રહ્યા !

એ દિવસે કિશોર સારંગને લાગ્યું હતું કે પિતા ખરેખર કઠોર હૈયાના માણસ છે. એમનું દિલ પથ્થર જેવું સખત છે...આ જ પુસ્તકની પેલી ઘટના વાંચ્યા પછી એકાએક એ ગ્રંથિના તંતુ છિન્ન થઈ ગયા. મેરી જેને પથ્થર દિલ માણસ ગણતી હતી એ સેન્ટ ક્લેર તો અત્યંત મુલાયમ હૈયાનો માણસ હતો ! ઈવા ઉપર તો એનું અપાર વાત્સલ્ય હતું – એ કથાનાં આગલાં પ્રકરણો ઉપરથી એને બરાબર સમજાઈ ગયું હતું. પુત્રીના અવસાન પછી સેન્ટ ક્લેર બજારમાં ફરતો હતો, ધંધો કરતો હતો, લોકો સામે સ્મિત વેરતો હતો, પણ એ બધાની પાછળ ક્લેરની જે મનોવૃત્તિ હતી એ આજે ત્રણ દાયકા પછી પિતાના હૈયામાં ડોકાતી દેખાઈ. કદાચ પોતાના પિતા પણ સેન્ટ ક્લેરની જેમ જ હૈયા પર પથ્થર મૂકીને કશાકમાં ખોવાઈ જવા મથી રહ્યા હતા...! કેટલાં બધાં વર્ષોથી પોતે પિતાને અન્યાય કરી રહ્યો હતો !

એનાં બંધ પોપચાંમાંથી એક-બે આંસુ ખર્યાં.

અને થોડી વાર પછી તો એની આંખ મળી ગઈ.

જ્યારે સ્રગ્ધરા સારંગના ખંડમાં આવી, ત્યારે પતિની છાતી ઉપર પુસ્તક મુકાયેલું જોઈને પતિના જ કોઈ શબ્દોમાં વળતો ઘા કરવાની એને ઇચ્છા થઈ આવી. પણ વધારે નજીક જતાં એણે એના ગાલ ઉપર સુકાયેલાં આંસુ જોયાં. પળભર એ પતિની છાતી ઉપર ઝળૂંબી રહી અને પછી હળવેથી પુસ્તક ઉપાડી લઈને ટેબલ પર મૂક્યું.

❊

## ૯. અબોલ પ્રશ્ન

બસ ખીચોખીચ ભરાયેલી હતી. હું ૧૭ નંબરની સીટ ઉપર બેઠો હતો. ડ્રાઇવર પાછળની સીટ પર એક પ્રૌઢ વયની સ્ત્રી બેઠેલી હતી. એટલે એ સન્મુખ હતી એમ કહી શકાય. એ સ્ત્રીનો ચહેરો જોયા પછી મારા મનમાં એક પ્રશ્ન પ્રગટ્યો હતો – હાઈસ્કૂલમાં સાથે ભણતી હતી એ નિર્મળા તો નહિ ? પિત્તવર્ણો ચહેરો અને વિના કારણ ચકળવકળ થતી આંખો !

વર્ગમાં શિક્ષક ન હોય ત્યારે, બાજુની છોકરીઓ સાથે વાત કરતાં અકારણ મોટેથી હસી પડતી. ખૂબ સંવેદનશીલ. એક વખત અંગ્રેજીના પિરિયડમાં 'શાઈન' શબ્દનો ઉચ્ચાર એણે 'સાઈન' કર્યો. શિક્ષક શુદ્ધ ઉચ્ચારના ભારે આગ્રહી એમણે

ફરી ફરી એ શબ્દનો ઉચ્ચાર કરવાનું કહ્યું. ફરી ફરી એ જ ઉચ્ચાર...આખરે ફીટ આવી ગઈ.

અમે મૅટ્રિકમાં હતાં ત્યારે એની સગાઈ થઈ ગયેલી. ગળચટી વાત વર્ગમાં વાયુની જેમ ફેલાઈ ગયેલી. જૂના દિવસો સ્મરણમાં ઊભરાયા.

પચાસ-પંચાવન વર્ષની આ સ્ત્રી અત્યારે મને સોળ-સત્તર વર્ષની નિર્મળા જ દેખાવા લાગી.

બસનું છેલ્લું સ્ટૉપ અમારા વતનનું બસ-સ્ટેશન હતું. એ સ્ત્રી વચ્ચેના કોઈ સ્ટૉપ કે પાટિયે ઊતરી નહિ એટલે કે નિર્મળા હોવાનો એક સંકેત ઉમેરાયો.

બસમાં હજુ ભીડ તો હતી જ. મને થયું, ઊતરતી વખતે વચ્ચે વચ્ચેના પેસેજમાં એ મારી સીટની ગલી સુધી પહોંચે એટલે હું ઊતરતાં પેસેન્જરો સાથે જોડાતો હોઉં એમ એના પડખે પહોંચીને એનું નામ પૂછી લઉં. એના નજીક આવવાની રાહ જોતો હું મારી સીટ આગળ ઊભો રહ્યો. એ નજીક આવી ત્યારે ઉતારુઓના પ્રવાહ સાથે હું જોડાયો ખરો પણ હૈયું જરા વધારે વેગથી ધડકવા લાગ્યું. કોઈ મહિલાને એનું નામ પૂછવાનું કામ સહેલું નથી એ મને અનુભવે આ ક્ષણોમાં સમજાયું. 'તમે નિર્મળાબહેન તો નહિ ?' એટલું જ પૂછવાનું હતું. હું એની પાછળ રહીને એકએક ડગલું જગ્યા થતી જાય તેમ તેમ આગળ વધતો હતો. મારા મુખ અને એના કાન વચ્ચે માત્ર બે વેંત જેટલું અંતર હતું. ધીમે સાદે પૂછી લઈ શકાયું હોત. ન પૂછી શકાયું.

પ્લૅટફૉર્મ ઉપર ઊતરીને એણે ડોક ફેરવીને પાછળ, ઊંચે જોયું. હું બસનું પગથિયું ઊતરી રહ્યો હતો. એણે મારા ચહેરા તરફ નજર માંડી હતી. એની નજરમાં શું હતું એ મને કંઈ સમજાયું નહીં. 'તમે કમલેશ તો નહીં ?' એવો પ્રશ્ન તો એ નજરમાં નહીં હોય ? કદાચ, હોય પણ ખરો !

❋

## ૧૦. અભિનય

માનું હૈયું આછું આછું થરકતું હતું. કોઈ ઊંચી ધડકન નહોતી કે ઉદ્વેગકર ભાર પણ હૈયે નહોતો. કશીક ચણચણાટી હતી. એનો આઠ વર્ષનો દીકરો શહેરના ટાઉનહૉલમાં 'ગુલાબવાડી' દ્વારા આયોજિત કાર્યક્રમમાં ભાગ લઈને એક નાટકમાં રાજા બનવાનો હતો. 'ગુલાબવાડી' માનસિક રીતે પછાત બાળકો માટેની સંસ્થા હતી.

માના બીજા બે દીકરા તેજસ્વી હતા. જાણ્યે-અજાણ્યે અને વખતોવખત, જરાય ઇચ્છા ન હોવા છતાં, માથી દીકરાની પેલા બે દીકરાઓ સાથે સરખામણી થઈ જતી. અને હૈયામાંથી એક નિઃશ્વાસ નીકળી જતો. માએ આ દીકરાને માનસિક રીતે પછાત બાળકોની સંસ્થામાં ન મૂક્યો હોત, પણ હવે એના જ સહોદરો મોટા થઈને આ દીકરાને ગાંડો સમજીને એની પ્રત્યે અણઘટતો વ્યવહાર કરવા લાગ્યા ત્યારે માનું હૈયું વેદનાથી કકળી ઊઠ્યું અને 'દેખવું નહીં અને દાઝવું નહીં' એવા કૃતક આશ્વાસનનું શરણ લઈને એને 'ગુલાબવાડી'માં દાખલ કર્યો હતો.

મા દીકરાને મળવા અવારનવાર ગુલાબવાડીમાં જતી. છૂટા પડતી વખતે દીકરાની કોરી આંખ જોઈ એની આંખ ભીની થઈ જતી.

સમાજ જેને પાગલ ગણતો હોય એવાં બાળકો તે કેવું નાટક ભજવે ? મા પોતાના દીકરાની અભિનય કળા જોવા માટે નહીં, પણ દીકરો રાજી થાય એ હેતુથી કાર્યક્રમમાં હાજરી આપવા આવી હતી. પણ જ્યારે એણે દીકરાને સ્ટેજ ઉપર રાજાના વેશમાં જોયો ત્યારે તો એને દીકરાનું કોઈ અકલ્પ દર્શન થયું. મુગટધારી દીકરો રાજસિંહાસન ઉપર કેવી ગંભીર મુખમુદ્રા ધારણ કરીને બેઠો હતો ! ચહેરા પરનું ગાંભીર્ય એ જાણે શાણપણનું મૂર્ત રૂપ જ !

એક જ બાળક માટે ઝઘડતી બે સ્ત્રીઓનો પ્રવેશ થયો. રાજમંત્રીએ આ સ્ત્રીઓના ઝઘડાના કારણનું નિવેદન કર્યું. બન્ને સ્ત્રીઓ બાળકની જનેતા હોવાનો દાવો કરતી હતી. બાળક કઈ સ્ત્રીના હવાલે કરવું એ ન્યાયનો મુદ્દો હતો.

રાજાએ આ સ્ત્રીઓની જે સૌષ્ઠવથી ઊલટતપાસ લેવા માંડી એ સાંભળીને શ્રોતાઓ - પ્રેક્ષકોની તાળીઓથી આખો હૉલ ગાજી ઊઠ્યો. અને રાજાએ જે ભાવ અને અદાથી બાળકના બે ટુકડા કરીને બન્ને સ્ત્રીઓને એક-એક વહેંચી લેવાનું સૂચન કર્યું ત્યારે તો હૉલમાં 'વાહ ! વાહ !'ના ઉદ્દગાર પડઘાવા લાગ્યા.

સ્ટેજ પરની એક માએ કાકલૂદી કરીને બાળક બીજી સ્ત્રીને સોંપી દેવા વિનંતી કરી ત્યારે રાજાએ ઊભા થઈને જે ચુકાદો સંભળાવ્યો એમાં આ બાળ અભિનેતાની શક્તિનો જે ચમકારો દેખાયો એ પ્રેક્ષકોની સમજ બહારનો હતો.

અને એથી ય વિશેષ સમજ બહારનું દૃશ્ય હૉલની એક બેઠક ઉપર સર્જાયું. એક મા ચોધાર આંસુએ રડી રહી હતી. એના હૈયામાં આ વાત પડઘાતી હતી : 'સૌ એને ગાંડો કહે, પણ હુંય મારા આ દીકરાને ગાંડો ગણતી ફરું છું ?!'

⁂

# ૧૧. અભિસાર

મિત્રવૃન્દમાંથી પ્રત્યેક સ્ત્રીના કોઈ એક લક્ષણનો પરિચય આપવાનો હતો.

નવમે દિવસે સંજયનો વારો આવ્યો, એણે પોતાની વાતનો આરંભ આ રીતે કર્યો : મેં સ્ત્રીને એના એક અદ્‌ભુત લક્ષણમાં જોઈ છે. હું એ લક્ષણની વાત કરીશ.

'એ લક્ષણનો કેન્દ્રભાવ શો છે ?' કોઈ મિત્રે પ્રશ્ન કર્યો.

'અભિસાર !'

'પરસ્ત્રીગમનથી ઊલટું, એમ ને ?' કોઈએ કહ્યું.

'આ કેસમાં લગભગ એવું જ, કારણ કે નાયિકા કુંવારી નથી. પરણેલી છે.' કહી સંજયે પોતાની વાત શરૂ કરી : 'મારો એ સ્ત્રી સાથેનો પરિચય વિચિત્ર સંજોગોમાં આરંભાયો હતો. એના મામાના પત્રો વંચાવવા એ એની મા સાથે મારી રૂમમાં આવતી. એ ભણેલી નહોતી એવું નથી. પણ મામાના અક્ષર એવા ગરબડિયા કે ખાસ મહાવરા કે ફાવટ સિવાય કોઈ ઉકેલી શકે નહીં. તેથી મામાનો કાગળ આવે એટલે મા-દીકરીએ મારો આશ્રય લેવો પડતો. આ પ્રવૃત્તિના કારણે એ સ્ત્રી સાથે સંવાદની છૂટ થઈ ગયેલી. એ જબરી વાક્‌પટુ – મીઠું બોલે. વ્યંગ કરી જાણે. અને ક્યારેક તો તીરછી નજરે ઘણુંબધું કહી નાખે.'

એક દિવસ એણે ઓચિંતો ધડાકો કર્યો : 'બારણું ઉઘાડું રાખજો, રાત્રે ગમે ત્યારે હું આવીશ.'

આકાશમાં વાદળ ગોરંભાયાં હોય પણ વીજળી ક્યારે ચમકે એ કંઈ કહેવાય નહીં. આ સ્ત્રીના મનમાં વાદળ ક્યારે ગોરંભાયાં એની તો કશી જાણ થઈ નહીં, પણ એકાએક વીજળી ચમકી. ચમકી નહીં, ત્રાટકી જ. મારું સંવેદનતંત્ર જાણે ક્ષણભર ઠપ્પ થઈ ગયું.

મને અવાક થઈ ગયેલો જોઈ એ સ્ત્રીએ ફરી કહ્યું : 'શું કહ્યું, બારણું ઉઘાડું રાખજો. રાત્રે હું આવીશ.'

'ભાઈ સંજય,' એક મિત્ર બોલ્યો : 'આ 'સ્ત્રી' શબ્દ ખૂંચે છે. એને તું પાછો ખેંચ. તારા અનુભવની માંડણી રોમાંચક છે અને આ સ્ત્રી શબ્દ કોઈ પ્રૌઢવયા મહિલાને આકાર આપી રહ્યો છે.'

'ચાલો ભાઈ,' સંજય બોલ્યો : 'એ સ્ત્રીનો બાયો-ડેટા આપી દઉં. એનું નામ છે લતા. વેલ જેવી નમણી અને નાજુક. પરણેલી છે એટલે સ્ત્રી બાકી તો, માંડ પચીસ વર્ષની હશે. એને મા છે પણ માથી જુદી, પતિ સાથે રહે છે. એની સાસુ હયાત

નથી...'

સંજયે બોલ્યા કર્યું હોત. પણ એક મિત્રે તેને અટકાવતાં કહ્યું : 'રસમાં વિક્ષેપ થઈ રહ્યો છે. મૂળ વાત આગળ ચલાવ.'

સંજયે આગળ ચલાવ્યું : 'મેં એના ચહેરા ઉપર નજર માંડી. આંખોમાં તોફાન હતું. અને ચહેરા ઉપર રતાશ...'

આસપાસમાં કેવાં માણસો વસતાં હતાં ! લાલ આંખોવાળા અને મોટી મોટી મૂછોવાળા પુરુષો, લાંબી ડોક અને વાંકી નજરવાળી સ્ત્રીઓ...

મેં કહ્યું : 'આ સાહસ આંધળું છે, લતા એમાં શું જોખમ રહ્યું છે એ સમજે છે ?'

'સાહસ મારે કરવાનું છે. તમે શું કામ ગભરાઓ છો ?'

'આસપાસ કેવી વસ્તી છે એ તું નથી જાણતી ? અંધારામાં બધું જોઈ શકે એવી એમની આંખો છે. ઘરના ઓરડામાં રહીને બહારનું વાતાવરણ સૂંઘી શકે એવાં એમનાં નાક છે. અને એમના કાન ભીંત સોંસરવી વાત સાંભળી લે છે...તું રાત્રે આવે એ વખતે સ્ટ્રીટલાઇટનું અજવાળું થોડો ઢાંકપિછોડો કરવાનું હતું ?'

સંજય જરાક થોભ્યો. અને ઉત્કંઠ થયેલા બે-ત્રણ મિત્રો બોલી ઊઠ્યા : 'તેં બારણું ઉઘાડું રાખ્યું હતું ?'

'હા.'

'એ આવી હતી ?'

'હા.' કહી સંજયે પોતાની વાત સમેટી લીધી.

✻

## ૧૨. અવળી ગંગા

ગામના પ્રતિનિધિઓએ વાવાઝોડાથી તારાજ થયેલા ગામની અવદશાનું વર્ણન કર્યા પછી છોટાલાલને કહ્યું : 'ગામને બેઠું કરવાનું છે. તમારો ટેકો જોઈશે. કેટલી રકમ આપો છો ?'

'ગામની તારાજીના અંદાજના આધારે રકમ તો તમારે કહેવાની હોય ને.'

'તારાજીનો તો કંઈ પાર નથી. ગામ આપણું છે...'

'એટલે જ કહું છું કે રકમ બોલો. તમારો શબ્દ પાછો નહીં વાળું.'

'તમે જ બોલો. તમારો શબ્દ અમે માથે ચઢાવીશું.'

છોટાલાલ બોલ્યા : 'અચકાઓ છો શા માટે ? બોલો તમતમારે.'

ગામના પ્રતિનિધિઓ વિચારમાં પડી ગયા. એમને એકબીજાના મોં સામે તાકતા જોઈ છોટાલાલે કહ્યું : 'ગામની હાલત વિશે વિચાર્યા પછી કહેવું હોય તો એમ કરજો. હું બેઠો છું.'

એક પ્રતિનિધિએ કહ્યું : 'તમારી વાત સાચી છે, છોટાભાઈ. ગામની જરૂરિયાત વિચારીને પછી તમારી પાસે આવીશું.'

પ્રતિનિધિઓ ત્યાંથી ચાલ્યા. માર્ગમાં દાનની વાત ચર્ચાતી રહી. એક જણે કહ્યું : 'આપણે કામ અધૂરું મૂકીને ચાલ્યા આવ્યા તે ઠીક ન થયું.'

'બેઠા રહ્યા હોત તો શો ફેર પડવાનો હતો ? ગામની જરૂરિયાતની વાત વચ્ચે લાવીને છોટાલાલ વેગળા જ થઈ ગયા ને ?'

'વાત સાચી છે, ચોખ્ખી ના કહ્યા વગર વેગળા થઈ ગયા.'

'એમ તો શી રીતે કહેવાય ? આપણે રકમ બોલ્યા નહીં.'

'રકમ બોલ્યા હોત તો એ બીજો ફણગો શોધી કાઢત. આજ સુધી આ છોટાલાલે કોઈને દાન આપ્યું છે ખરું ?'

'એવું કંઈ જાણવામાં આવ્યું નથી.'

'બસ ત્યારે. સમજી જાઓ અને જોયા કરો.'

બીજા દિવસે ફોન દ્વારા છોટાલાલની ઉઘરાણી આવી : 'ભાઈ, પેલું કંઈ નક્કી કર્યું ?'

'ના, હજુ કંઈ નક્કી થયું નથી. આજે ગામમાં વાત નાખીશું. બધા વિચારે તે ખરું !'

પછીના દિવસે છોટાલાલનો ફરી ફોન આવ્યો : 'કાલે ગામે શું વિચાર્યું ? રકમ નક્કી થઈ હોય તો મને કહો.'

'હજુ તો કંઈ નક્કી થયું નથી.'

'ભાઈ, નક્કી કરો ને. ગામ તારાજ થઈ ગયું છે, બેઠું કરવામાં વાયદા શા ?'

ચોથે દિવસે છોટાલાલ પંચાયત ઘરમાં આવ્યા—જાણી સૌને નવાઈ લાગી. આગેવાનો અને બીજાં ઘણાં માણસો એકઠાં થઈ ગયાં. વાવાઝોડા વિશે થોડી ઔપચારિક વાતો પછી ગામ સમસ્તને સંબોધતા હોય એમ છોટાલાલે કહ્યું : 'આવી જ એક કારમી આફત ચાર દાયકા પહેલાં આપણા ગામ ઉપર આવી હતી. વરસાદ અને વાવાઝોડું બેય ભેગાં. મારા બાપુ કૂવાના કાંઠે ઊભા હતા. વાવાઝોડાએ એક જ ધક્કે – બાપુને કૂવામાં ગબડાવી દીધા અને એમનો જીવ લીધો. મા આ દુઃખ

કદી ન વીસરી શકી. હું જુવાન થયો અને કમાવા માટે મેં ગામ છોડ્યું એ માને ન ગમ્યું. મેં ઘરના ઉંબર બહાર પગ મૂક્યો એ વખતે માએ કહ્યું હતું : દીકરા, જવું હોય તો જા, પણ તારા બાપુનું મોત યાદ રાખજે. ગામ ઉપર કોઈ આફત આવે તો તું ગામમાં આવીને ઊભો રહેજે...

માનો આદેશ માથે રાખીને આજે ગામમાં આવી પહોંચ્યો છું. ભાઈઓ, આપણે ગામને બેઠું કરવાનું છે. ભગવાને ખૂબ પૈસા આપ્યા છે. આ કામ માટે પૈસાની જરૂર પડશે એ તો ભગવાન જાણતો જ હોય ને !

⁂

# ૧૩. અંચળા નીચે

'વસંતવિહાર પ્રાથમિક શાળા'ના વાર્ષિકોત્સવ નિમિત્તે યોજાયેલા સંસ્કાર કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે 'નવદ્વીપ વિદ્યાલય'ના આચાર્ય શ્રીપ્રસાદ ઉપસ્થિત હતા. આ કાર્યક્રમમાં એક શિક્ષિકાનું કાર્ય જોઈ શ્રીપ્રસાદને એમની શાળાની ત્રણેય શિક્ષિકાઓ નજર સમક્ષ આવી રહી. ઇતર પ્રવૃત્તિઓમાં એમના નામે મીંડું. ન ગાતાં આવડે, રાસ-ગરબાની વાતે ફળિયાની સામાન્ય ગૃહિણીઓ જેટલી આવડત નહીં. ઉત્સવ પ્રસંગે ફરજનો બોજ માથે પડ્યો હોય એમ ઢસરડો ખેંચતી જણાય. કશું નવું નહીં, કશું આકર્ષક નહીં...

અને આ વસંતવિહારની શિક્ષિકા ! બાજુમાં બેઠેલા આ શાળાના આચાર્ય ભાનુપ્રસાદને પૂછીને નામ જાણી લીધું – શ્રીદેવી. આ શ્રીદેવી તો જુઓ. આખો કાર્યક્રમ માથે લઈને ઘૂમતી રહી છે. એકલે હાથે કેટલું બધું સંભાળી રહી છે. સ્ટેજ પર ચાલી રહેલી ભજવણી વખતે અવાર-નવાર વીજઝબકારાની જેમ ઝબકતી રહે છે. ચાલમાં ત્વરા, પગમાં નર્તન, ચહેરા પર ગુલાબની તાજગી, સંવાદ વખતે પ્રોમ્પટિંગ, એકાંકીના આકાશભાષિતમાં એનો અવાજ મીઠો, લાંબા સમય સુધી કામમાં ગુંજતો રહે એવો. સ્ટેજ પરનું સેટિંગ એની દોરવણીથી થતું હોય એમ જણાતું હતું. કાર્યક્રમમાં શ્રીદેવી છવાયેલી જોઈ શકાતી હતી.

શ્રીપ્રસાદ મનમાં કશુંક ગોઠવી રહ્યા. એમણે ભાનુપ્રસાદને પૂછ્યું : 'આ શિક્ષિકાની શૈક્ષણિક લાયકાત શી છે ?'

'એમ. એ., એમ. એડ્. છે.'

'તમારી શાળાની એસેટ છે, એસેટ.'

'હા, એવું ખરું. એ છે ત્યાં સુધી એનો લાભ લઈએ છીએ.'

'એવું કેમ કહો છો ?'

'આવું પાત્ર ક્યાં સુધી પ્રાથમિકમાં રહે ?'

'એ બીજે જાય તો તમે એને જવા દેશો ?'

'આપણે થોડા એના પર માલિકી હક ધરાવીએ છીએ કે એને રોકી શકીએ?'

શ્રીપ્રસાદ અત્યારે જ આચાર્ય ભાનુપ્રસાદને પોતાના મનની વાત કહી દેવા માંગતા હતા. પણ આવતી કાલે નિરાંતે વાત કરવાથી ઠીક રહેશે એમ માની અત્યારે એ કંઈ બોલ્યા નહીં. પણ વસંતવિહારની શિક્ષિકાને નવદ્વીપ વિદ્યાલયના સ્ટાફ પર ગોઠવી દેવાનો એમણે નિર્ણય પાકો કરી લીધો.

બીજે દિવસે શ્રીપ્રસાદને અમદાવાદ જવાનું થયું. એમણે બપોરે ૧૨–૩૦ વાગ્યે ઊપડતી બસમાં રિઝર્વેશન કરાવી લીધું. ત્રણ નંબરની સીટ.

સમય થતાં એ બસમાં ચઢ્યા. એમણે શ્રીદેવીને બસમાં સામેની હરોળમાં બેઠેલી જોઈ. શ્રીપ્રસાદ આગળ વધ્યા. શ્રીદેવી ત્રણ નંબરની સીટ પર જ બેઠેલી હતી. શ્રીપ્રસાદે એ ચલાવી લીધું હોત પણ બસ ભરચક થઈ ગઈ હતી. અને પોતે શારીરિક તકલીફને લીધે ઊભા રહી શકે એમ નહોતા. આ શ્રીદેવી એમના માટે હજુ તો એક અજાણી જ વ્યક્તિ ને ! એમણે એને કહ્યું : 'આ સીટ પર મારું રિઝર્વેશન છે, જરા ઊભાં થશો ?'

શ્રીપ્રસાદના શબ્દો ધ્યાનમાં ન લીધા હોય એમ શ્રીદેવીએ આડું જોયું.

શ્રીપ્રસાદે ફરી કહ્યું : 'સાંભળ્યું બહેન – આ સીટ મારા માટે રિઝર્વ્ડ છે.'

શ્રીદેવીએ એની બાજુમાં બેઠેલા યુવાન તરફ જોયું. બંને મલકાયાં. શ્રીપ્રસાદ જરા ઊંચા સાદે બોલ્યા : 'મેં કહ્યું એ સંભળાય છે ?' ફરી એ જ વર્તન. શ્રીદેવી અને યુવાન એકબીજા સામે જોઈ મલકાયાં. અને રાતના વિચાર ઉપર ચોકડી મારતા હોય એમ શ્રીપ્રસાદ મનોમન બોલ્યા : 'સારું થયું, કુદરતે ચેતવ્યા. અ બ્લેસિંગ ઈન ડિઝગાઈઝ – અંચળા હેઠળ આશીર્વાદ.'

❊

# ૧૪. આ માણસાં !!

સાત માળની એક જર્જરિત ઇમારત ઝંઝાવાતમાં જમીનદોસ્ત થઈ ગઈ હતી. ઈંટ, લોખંડ, તૂટેલી છતોના મોટા-મોટા અંશ, ઘરવખરી અને માણસો...બધું ધરબાઈને કાટમાળનો એક ગંજ બની રહ્યો હતો.

મોટી-મોટી ક્રેનો, ફાયર બ્રિગેડના કર્મચારીઓ અને લશ્કરી જવાનો યુદ્ધના ધોરણે બચાવકાર્યમાં લાગી ગયા હતા.

કામ તો રાતદિવસ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું હતું. પણ ટનબંધ વજન ધરાવતાં છત અને દીવાલના અંશોને ફેરવનાર પેલી ક્રેનોને તો કોઈ દિમાગ ન હતો, એમને કોઈ અધીરાઈ કે ઉતાવળ નહોતાં. યાંત્રિક ક્રિયામાં આ વજનદાર પદાર્થોને પકડમાં લેતાં ઘણી બધી મિનિટો વહી જતી હતી. એક સ્થળેથી એમને ઊંચકીને બીજે સ્થળે મૂકવાની ક્રેનની ગતિ જોઈને, જેમનાં આપ્તજનો આ કાટમાળમાં ફસાયાં-દટાયાં હતાં એ લોકો ગુસ્સામાં દાંત કચકચાવતા હતા. પણ ક્રેનોને તો આંખ કે કાન ક્યાં હતાં ? જેમ થાય તેમ થતું હતું !

દુર્ગારામ અને એમનાં પત્ની ધારિણી ભૂખ્યાં-તરસ્યાં, ફાટી આંખે, કાટમાળનો ડુંગર ખસેડાય અને એમની દીકરી વ્યોમા બહાર નીકળે એની રાહ જોતાં હતાં. દીકરી જ કેમ ? એની સાથે એની રાત દિવસની સંગિની બિલાડી—પુસી પણ હતી ને ? વ્યોમાને તો એ બિલાડી પોતાના જીવ કરતાંય વધારે વહાલી હતી. દીકરીના આ પુસીપ્રેમના કારણે તો માતા-પિતા પણ એને વહાલ કરતાં થઈ ગયાં હતાં !

ચાર દિવસ પછી કાટમાળમાંથી જીવતાં માણસો કરતાં લાશો વધારે ખેંચાતી હતી. અને છ દિવસ પછી કોઈના જીવતા રહ્યાનો સંભવ ક્ષીણ થતાં, બચાવકાર્યનો વેગ પણ મંદ થવા માંડ્યો હતો.

પણ દુર્ગારામ અને ધારિણીનાં આશા અને ચટપટી વધારે સતેજ બનતાં જતાં હતાં. બચાવકાર્ય કરતા સેવકો સૌ સાંભળે એમ અંદરઅંદર, 'હવે કોઈના જીવિત હોવાની આશા રાખવી નકામી છે.' એવું બોલતા હતા. પણ પેલાં દુ:ખી સ્વજનોની આજીજીના જવાબરૂપે ઑડિયા-કૅસેટની કોઈ ટેપમાંથી નીકળતા સૂરની જેમ રટતા હતા, 'ધીરજ રાખો, અને નસીબ પર વિશ્વાસ કરો.'

દુર્ગારામ અને ધારિણી આશાના પાતળા તંતુ ઉપર હજુય લટકી રહીને દીકરીને ફરી પામવાની શ્રદ્ધા સેવી રહ્યાં હતાં.

પેલી ક્રેનો ગ્રાઉન્ડ ફ્લોર પરના કાટમાળને આઠમા દિવસે સ્પર્શી શકી.

કાટમાળનું આવરણ ખસી ગયું અને વ્યોમા દેખાઈ. એનો દેહ શબના રૂપમાં ધનુષ્યાકારે હતો. વિકૃત અને દુર્ગંધગ્રસ્ત એ વંકાયેલા દેહના ચાપમાં પુસી હતી. જીવતી અને અક્ષત !

પુસી માલિકોને ઓળખી ગઈ. અને એમની તરફ આંખો માંડી રહી.

પણ કોણ જાણે શાથી, વ્યોમાના મોતના કારમા આઘાત વચ્ચે પણ ઊછળીને પુસીને ઉઠાવીને છાતીસરસી ચાંપી લેવાને બદલે આ બે માનવીઓની આંખમાંથી એની તરફ ધિક્કારના તણખા ઝરી રહ્યા !

☼

# ૧૫. આકૃતિઓ

લગ્ન નહીં કરવાના નગેન્દ્રના નિર્ણયનું કારણ જાણવા શિપ્રા વારંવાર પ્રયત્ન કરતી પણ નગેન્દ્ર કશો જ ખુલાસો ન કરતો. ભાભીના પ્રશ્નનો પ્રતિકાર કરતાં દરેક વખતે એના મુખ ઉપર રક્તરંગી ભાવો છવાઈ રહેતા.

આજે તો નટખટ દિયરનો કાન આમળતાં એણે કહ્યું : 'આમ જોગી બનવાની વાતો કરવાનું કારણ કંઈ ?'

''એ મારો અફર નિર્ણય છે, ભાભી.''

''અફર નિર્ણય ? આવા નિર્ણયો કંઈક ઘેલા યુવાનોએ કર્યા હશે. એવા જ માણસો છેવટે વહુઘેલા નીવડે છે ! તમારોય એવો જ નિર્ણય, કેમ ખરું ને ?'' કહી શિપ્રા દિયર સામે જોઈ મલકાઈ રહી.

નગેન્દ્ર ભાભીના મુખને નિહાળી રહ્યો. ફરી બોલ્યો : ''પણ મારો તો નિર્ણય અફર છે, હોં.'' એની આંખમાં કોઈ અપૂર્ણ સ્મિત વિસ્તરી રહ્યું હતું. ઊછળતા પૂરની માફક ચહેરા ઉપર આછા ઘેરા રંગો ફરી વળ્યા અને નયન ગુલાબી બની રહ્યાં.

શિપ્રાએ કારણ જાણવાની હઠ કરી ત્યારે તો એ કશું જ જણાવ્યા વગર ખંડ છોડી ચાલ્યો ગયો.

ચાર વર્ષ ઉપર શિપ્રાના પતિનું અવસાન થયું ત્યારે નગેન્દ્ર બી.એ.માં હતો. હવે એ એમ. એ. થઈ ગયો એટલે શિપ્રાએ એના લગ્નની ચિંતા કરવા માંડી. એક-બે સારી છોકરીઓ જે એના ધ્યાનમાં હતી, તેમને વિશે પૂછપરછ કરીને આજે એણે નગેન્દ્ર આગળ વાત મૂકી ત્યારે તરત જ એણે એ વાતનો ઇન્કાર કરી દીધો.

આમ તો દિયર-ભોજાઈ વચ્ચે લગ્ન, સંસાર, સ્ત્રી-પુરુષના સંબંધો વગેરે વિષયો

ઉપર ઘણીઘણી વાતો થતી, મતભેદ પડતા, ટપાટપી થતી પણ કોઈ વખત નગેન્દ્ર પોતે પરણવા માગતો નથી એવું કદીય જણાવ્યું નહોતું.

નગેન્દ્રનું અત્યારનું વર્તન શિપ્રા માટે ભારે આશ્ચર્યરૂપ હતું. એના આ વર્તન પાછળનો ભેદ ઉકેલવા એ મથી રહી. આ મથામણ દરમિયાન સામે પડેલા એક પૅડ ઉપર પેનથી એ લીટા તાણતી રહી. અનેક પ્રકારની આકૃતિઓની રેખાઓ એકબીજીને કાપતી રહી. વિચારોમાંથી મુક્ત થઈને ઘડીભર એણે પૅડ સામે જોયું. એમાંથી કેટકેટલી આકૃતિઓ ઊપસી રહી હતી ! એક માનવ આકૃતિ પોતાના બાહુ લાંબા કરીને કોઈને આશ્લેષમાં લેવા ઝંખી રહી હતી. બીજી પેલા ફેલાયેલા બાહુને છેડે જ લગભગ નિમિલિત નયને ઉત્સુકતા પ્રદર્શિત કરી હતી.

એણે પોતાનું ધ્યાન ત્યાંથી ખસેડ્યું અને નગેન્દ્રનું મન વાંચવા પ્રયત્ન કરી રહી. નગેન્દ્રની આંખમાંનું હાસ્ય અપરિચિત હતું. શું હતું એ ? જવાબ તો એ આપતો જ નથી. જવાબ આપવા કરતાં ખંડ છોડી દેવાનું એણે પસંદ કર્યું.

વળી એણે પેન ઉપાડી. પેલી અસંખ્ય રેખાઓમાં બીજી થોડી ઉમેરી અને કંઈક નવી આકૃતિઓ ઉપસાવવા પ્રયત્ન કરવા લાગી. બે આકૃતિઓનો આશ્લેષ સર્જાતો હતો. શિપ્રાએ આકૃતિનું સૌંદર્ય બગાડવાના ભોગે પણ બીજી સળંગ સમાંતર રેખા દોરીને આશ્લેષને ગાઢ બનાવ્યો.

બારણા આગળ સહેજ ખખડાટ થયો. એ ચમકી. પોતે બે આકૃતિઓનો ગાઢ આશ્લેષ સાધી રહી હતી. કોઈ જોઈ જશે તો ?

પણ ત્યાં કોઈ નહોતું. ફરી એ નગેન્દ્રના વર્તનનો વિચાર કરવા લાગી.

⁂

# ૧૬. આખરે વીજળી ત્રાટકી

ઘરનું વાતાવરણ ક્ષુબ્ધ થઈ ગયું હતું. શેખર અને જેસ્મીન વચ્ચે છેલ્લા એક મહિનાથી કંકાસ ચાલ્યા કરતો હતો. કંકાસનું કારણ એમની એકની એક દીકરીનો નિર્ણય ! દીકરી બિહારના કોઈ છોકરા સાથે પ્રેમલગ્ન કરવાનો નિર્ણય કરી બેઠી હતી. એના કહેવા પ્રમાણે એનો આ નિર્ણય અફર હતો.

દીકરીના આ નિર્ણય બાબતે શેખર અને જેસ્મીન જુદો જુદો મત ધરાવતાં હતાં. જેસ્મીન નિર્ણયની તરફેણ કરતી હતી અને શેખર એનો કટ્ટર વિરોધી હતો. પરિણામે દીકરીના પ્રેમપ્રકરણ કરતાંય વધારે તો પતિ-પત્નીના વિખવાદના કારણે ઘરનું

વાતાવરણ બગડી ચૂક્યું હતું.

દિવસે દિવસે આ વિસંવાદ ઉગ્ર બનતો જતો હતો. પતિ-પત્ની વચ્ચે એક જ પ્રકારની શાબ્દિક ચડાઊતરી થયા કરતી હતી. જુદા જુદા શબ્દોમાં જુદા જુદા ભાવ સાથે, ઉગ્રતાની જુદી જુદી માત્રામાં એ ચાલ્યા કરતી હતી. આ રહ્યો છેલ્લો વિવાદ.

'તમે આભાની બાબતમાં આટલા નિષ્ઠુર અને ઓર્થોડોક્સ થવા બેઠા છો એ મને જરાય પસંદ નથી.'

'આભાની ઇચ્છા વિરુદ્ધ જવાનું તો મને પણ પસંદ નથી.'

'તો પછી આટલા બધા જક્કી કેમ બન્યા છો ? છોકરો બિહારનો છે એ કારણ ખૂંચે છે ?'

'નારે, રે ના. બિહાર ક્યાં હિન્દુસ્તાન બહારનું છે ? આપણી જ વાત કરને, તું પંજાબની અને હું ગુજરાતનો...'

'આપણે છોકરાનાં મા-બાપ કે કુટુંબ વિશે કશું જાણતાં નથી એ કારણ છે ?'

'આપણાં મા-બાપ પણ એકબીજાને ક્યાં જાણતાં હતાં ?'

'તો પછી છોકરો પસંદ નથી ?'

'પસંદગી તો આપણે ક્યાં કરવાની છે ? છતાંય એમ કહી શકાય કે છોકરો દેખાવડો છે, સ્માર્ટ છે, કરિયર બનાવવાની એને ધગશ છે...'

'ત્યારે તમને પેટમાં દુખે છે શું ?'

શેખરે આનો જવાબ ન આપ્યો એટલે જેસ્મીને આગળ કહ્યું : 'આપણે આ બે જણના પ્રેમમાં આડખીલીરૂપ છીએ એ હવે સોસાયટીમાં સૌ જાણતું થઈ ગયું છે.'

'હશે, જાણતું હશે.'

'અને સોસાયટીના લોકો શું કહે છે એ જાણો છો ?'

'ના.'

'સૌના મોઢે એક જ વાત છે : મા-બાપે પોતે પ્રેમલગ્ન કર્યાં છે અને દીકરીને એની મનાઈ કરે છે.'

'આ અર્ધસત્ય ગણાય. મા-બાપમાંથી એક જણ એની મનાઈ કરે છે.'

'આ ઇન્કારમાં તમારી કઈ મનોદશા કામ કરે છે એ જ મને તો સમજાતું નથી.'

'કાર્યની પાછળ કારણ તો હોય જ ને.'

'કયું કારણ છે એ કહેશો ?'

'એ કંઈ શોધવા જવું પડે એમ નથી, જેસ્મીન, માણસ અનુભવથી શાણો બને છે. અને શાણો માણસ અનુભવના આધારે જ પોતાનો માર્ગ નક્કી કરે છે.'

શેખર આ પૂરું બોલી રહે એ પહેલા તો જેસ્મીનની આંખ એકાએક રક્તરંગી

બની ગઈ. ગુસ્સાથી એની છાતી ઊપડવા-બેસવા લાગી. એ રાડ પાડીને ગર્જી ઊઠી : 'શું કહ્યું તમે ? ફરી એક વાર બોલો જોઉં !'

✲

## ૧૭. આડકતરું

સવારે વતનથી આવેલા ટેલિફોનને લીધે સુભાષ અને મંદાકિની આશ્ચર્યમાં પડી ગયાં. ફોન ગામના જ બે સ્નેહીઓએ કર્યા હતા. પણ ફોનનો હેતુ સમજાતો નહોતો. ખૂણામાં પડેલા પોતાના ગામથી અહીં ફોનની લાઇન મેળવવા માટે ત્રણચાર કલાકની કંટાળાજનક પ્રતીક્ષા કરવી પડે. ફક્ત ખુશીસમાચાર પૂછવા માટે જ સમય અને નાણાંની ખરાબી કરે એવો પાગલ માણસ પોતાના ગામમાં તો કોઈ નહોતો. એટલે જ તો આ પતિ-પત્ની વિચારમાં પડી ગયાં.

સુભાષ ઑફિસે જવા તૈયાર થયો એટલે મંદાકિનીએ કહ્યું : ''આજે ઑફિસે ન જાઓ તો ?''

''કેમ ?''

''કંઈ નહીં; મને એમ કે આજે ઘેર રોકાઈ જાઓ.''

સુભાષે મંદાકિનીના ચહેરા તરફ જોયું. એણે હસીને કહ્યું :

''તું નકામી મૂંઝાય છે, મંદા. કશું ચિંતા કરવા જેવું હોત તો ફોન કરનાર આડકતરી રીતે પણ કંઈક કહેત.''

''આ ફોન એ જ આડકતરી રીત. ખુશીના ખબર જાણવા માટે પારકા માણસ ફોન શા માટે કરે ? મને તો કશાક અમંગળની બીક લાગે છે.''

''ગાંડી છે !'' કહી સુભાષે મંદાકિનીને હૈયાધારણ આપી. પછી એ ઑફિસ ચાલ્યો ગયો.

સાંજે ઑફિસ સમય કરતાં કલાક વહેલો સુભાષને પાછો આવેલો જોઈ મંદાકિનીનો ચહેરો ઑર ફિક્કો થઈ ગયો.

એની ફડક દૂર કરવા સુભાષે દરવાજામાં દાખલ થતાં જ કહ્યું : ''ગમ્મત પડે એવા સમાચાર છે, મંદા.''

મદાકિની મોં વકાસીને સુભાષ તરફ જોઈ રહી. સુભાષ બોલ્યો : ''આજ તો ઑફિસમાં પેલો ગાંડિયો લલ્લુ આવ્યો હતો.''

''આપણા ગામના લલ્લુભાઈ, તમારા ફ્રેન્ડ ?''

‘‘હા.’’

‘‘કેમ આવ્યા હતા ?’’

‘‘તારો સુહાગ અખંડિત છે કે કેમ એ જોવા.’’

મંદાકિનીને અત્યારે કોઈ વિનોદ રુચે એમ નહોતો. અધીર થઈને એ બોલી : ‘‘જરા વાત તો સરખી રીતે કરો.’’

‘‘વા વાયાથી નળિયું ખસ્યા જેવી વાત થઈ છે. છાપામાં અકસ્માતમાં કોઈ સુભાષના મોતના ભળતા જ સમાચાર વાંચી કોઈને શંકા થઈ અને મોડી રાત સુધીમાં તો આપણે મરેલાં જ જાહેર થયાં !’’

મંદાકિની ફાટી આંખે સુભાષ સામે જોઈ રહી.

સુભાષ હવે ગંભીર થયો. એણે કહ્યું : ‘‘એના અનુસંધાનમાં જ સવારે બે ફોન આવ્યા અને બપોરે લલ્લુ અધ્ધર શ્વાસે ઑફિસમાં દોડી આવ્યો. મેં એને રોકાઈ જવા ઘણું કહ્યું પણ એ તો...’’

અને સુભાષ એની વાત પૂરી કરે એ પહેલાં તો મંદાકિની ધ્રુસકે ધ્રુસકે રડવા જ માંડી.

☼

## ૧૮. આતિથ્ય

‘મહેમાનને આવકારતાં તો તમે શીખ્યા જ નથી, તમારામાં સામાજિકતા નથી.’

‘તમે માણસભૂખ્યા નથી...’

પત્નીના મુખે આવા દાહક શબ્દો સાંભળી સાંભળીને જયકિસને નક્કી જ કરી લીધું હતું કે હવે કોઈ મહેમાન આવે ત્યારે એના ઉપર આતિથ્યની હેલી જ વરસાવી અને એને ઓળઘોળ કરી નાખવો.

અને એક દિવસ સુરેન્દ્ર બારણામાં દેખાયો.

‘‘ઓ હો હો...સુરેન્દ્ર, કેટલાં વર્ષે ? આવ...આવ...’’ કહી જયકિસન એને ભેટી જ પડ્યો.

જયકિસનના ઉમળકાનો જવાબ વાળતાં સુરેન્દ્રે કહ્યું : ‘નીકળ્યો છું મુંબઈ જવા. ગાડી બદલવાની છે. થયું કે, દોઢ કલાક સ્ટેશનના બાંકડે બગાસાં ખાતો બેસી રહું એના કરતાં તને મળતો જાઉં. અર્ધો કલાક બેસી શકાશે. ભાભી અને બાળકો મઝામાં છે ને ?’

‘હા, બાળકો સ્કૂલ ગયાં છે અને સરલા અંદર છે. દોડી આવી સમજો. એને તો મહેમાન ઉંબરામાં પગ મૂકે એ પહેલાં ગંધ આવી જાય છે.’

પણ બેત્રણ મિનિટ સુધી સરલા દેખાઈ નહીં એટલે જયકિસને એને સાદ કર્યો. પ્રત્યુત્તર ન મળતાં સુરેન્દ્રે કહ્યું : ‘‘ભાભીએ વાયોલેટ સાડી પહેરી છે ને?’’

‘હા.’

‘‘એ તો હમણાં જ બહાર ગયાં. મેં ધાર્યું કે કોઈ મહેમાન હશે...તેં લગ્ન વખતે મને બોલાવ્યો હોય તો ઓળખું ને ?’’

‘‘તને એણે જોયો હતો ?’’

‘‘હા, અહીં આંગણામાં જ ભેટો થયો.’’

જયકિસનને આશ્ચર્ય થયું. સરલાએ સુરેન્દ્રને જોયો છતાં રોકાઈ નહીં !

ઔપચારિક વાતોમાં દસબાર મિનિટ વહી ગઈ. ફરી જવાની વાત નીકળી એટલે જયકિસને કહ્યું : ‘‘આજે તારે રોકાઈ જવાનું છે.’’

‘‘હોય કંઈ ? રોકાઈ જાઉં તો બધા કાર્યક્રમો અપસેટ થઈ જાય, મુંબઈની ટિકિટ લીધેલી છે.’’

‘‘તે ભલેને લીધી. ઘણાં વર્ષે આવ્યો છે, એમ કંઈ જવા દેવાય ? હાથ-મોં ધોઈ લે, રિલેક્સ થા.’’

સુરેન્દ્ર બાથરૂમમાં ગયો. દસેક મિનિટ પછી એ બહાર આવ્યો અને બંને મિત્રો ફરી વાતોએ વળગ્યા. કેટલોક સમય પસાર થયો એ પછી જવા માટે સુરેન્દ્ર ઊભો થયો એટલે જયકિસન બોલ્યો : ‘‘સરલાને મળ્યા વિના ન જવાય.’’

‘‘ફરી આવીશ. અત્યારે રાહ જોવામાં ગાડી ચૂકી જવાશે.’’

‘‘એ ગાડી આજ સુધી કદી સમયસર આવી નથી. તું ગાડી ન ચૂકે એની જવાબદારી મારી. હું કૉફી બનાવી દઉં ત્યાં સુધીમાં સરલા આવી જશે.’’

કશું સાંભળવા રોકાયા વિના જયકિસન રસોડામાં જતો રહ્યો અને દસ-બાર મિનિટે કૉફી લઈને આવ્યો.

સુરેન્દ્રના ચહેરા ઉપર હવે ચોખ્ખો અણગમો અને અધીરાઈ દેખાતાં હતાં. એણે કૉફી ઉતાવળથી પી લીધી અને જયકિસન એનો કપ પૂરો કરે એ પહેલાં તો એ ઊભો થઈ ગયો. એણે પૂછ્યું : ‘‘અહીં વાહન મળી રહેશે ?’’

જયકિસનને ખાતરી થઈ ગઈ કે સુરેન્દ્ર હવે રોકાશે નહીં. એટલે એણે જવાબ આપ્યો : ‘‘શેરીના નાકે કદાચ રિક્ષા મળી જાય. પણ ચાલી નાખવું સારું. રસ્તો પંદર મિનિટનો છે.’’

હાંફળો-ફાંફળો સુરેન્દ્ર સ્ટેશન ઉપર પહોંચ્યો. પ્લૅટફૉર્મ ઉપર આવ્યા ત્યારે ગાડી

યાર્ડ બહાર નીકળી ચૂકી હતી. એ જોઈને એના મુખમાંથી પસંદગીના શબ્દો નીકળવા માંડ્યા : 'સાલો, ગધેડો...જાનવર, જંગલી, ગમાર...'

લગભગ એ જ વખતે સરલા ઘેર પાછી ફરી. એણે જયકિસનને ઘરમાં એકલો જોઈને પૂછ્યું : ''મહેમાન ગયા ?''

''હા.''

''કોણ હતું ?''

''મારો મિત્ર.''

''હું જાણતી જ હતી, તમે એને રોકવાના નથી. મહેમાન તો તમને કાળ જેવા લાગે છે.''

☼

# ૧૮. આબરૂ

કેન્ટીનમાં ચા-નાસ્તા પછી ઑફિસ તરફ જતી વખતે સ્ટાફના આ સભ્ય મિત્રો ખૂબ હળવા મૂડમાં હતા. એ વખતે ભૂપેશે મનીષાના નિતંબ પર હસતાં હસતાં હથેળીનો હળવો પ્રહાર કરી દીધો. હળવાશ એટલી બધી હતી કે પરિણામની કલ્પના કરવી મુશ્કેલ હતી. આમ છતાં, આ એવી ચેષ્ટા હતી કે સૌનું ધ્યાન એ તરફ ખેંચાયું. આવી ઘટના વખતે સામાન્ય રીતે મુખર હાસ્ય હોય પણ એવું ન થયું. સૌ ગંભીર થઈ ગયાં.

મનીષા માટે તો આ કટોકટીની પળ હતી. પ્રથમ પ્રત્યાઘાતને અનુસરતી હોય એમ એ ગુસ્સે થઈ ગઈ. રોષના કારણે એનો ચહેરો તામ્રવર્ણો થઈ ગયો. અને શોધતાં ન જડે એવા શબ્દો એના મુખમાંથી નીકળી ગયા.

રોષભરી વાગ્ધારાને અંતે બોલી : 'હું બૉસ આગળ કમ્પ્લેઈન કરીશ. જરૂર પડશે તો ડિપાર્ટમેન્ટનો સંપર્ક સાધીશ. આવી સતામણી હું કદી સહન કરનાર નથી.'

આ જાહેર સ્થળ. સ્ટાફના સભ્યો, કૅન્ટીનમાંના બીજા માણસો, વેઇટર, કૅન્ટીન-બૉય વગેરે...અહીં હાજર હતા એ સૌનું આ ઘટના તરફ ધ્યાન ખેંચાયું હતું.

ભૂપેશ બરાબર સમજ્યો. મનીષાએ એનો બેડરૂમ ભૂલીને આબરૂના રક્ષણ માટે આમ જ કરવું જોઈએ. ગુસ્સે થવું જોઈએ, એ થઈ. સૌને સંભળાવવા બૉસ આગળ કમ્પ્લેઈનની ધમકી આપવી જોઈએ, એણે આપી, ડિપાર્ટમેન્ટની વાતનું પણ એવું જ.

માફી માગીને વાત ઉપર પૂર્ણવિરામ મૂકી દઈ શકાય એવી સ્થિતિ રહી નહોતી.

એક ખાસ પ્રકારની ભોંઠપ સાથે ભૂપેશ મનીષાનો ઉગ્ર તાપ સહન કરી રહ્યો. સ્ટાફના સાથીદાર મિત્રો મૂંગા મૂંગા ચાલતા રહ્યા. બીજે દિવસે ઑફિસના પ્યુને ભૂપેશ આગળ આવીને કહ્યું : 'સાહેબ તમને બોલાવે છે.' ભૂપેશને આખી વાત સમજાઈ ગઈ. પ્યુન ગયો. ભૂપેશે ટેબલનું ડ્રોઅર ખોલીને કાગળ કાઢ્યો અને એના પર રાજીનામું લખી દીધું. એ પછી એ બૉસની ચેમ્બરમાં ગયો. બૉસ કંઈ પૂછે એ પહેલાં જ એણે પેલો કાગળ એમના હાથમાં આપી દીધો અને કહ્યું : 'આપે કશી કાર્યવાહી ન કરવી પડે એ માટે આ માર્ગ વધારે સારો છે. એમ મને લાગ્યું છે. મારા વિશે જે કમ્પ્લેઈન થઈ હશે તેના તથ્યનો હું સંપૂર્ણપણે સ્વીકાર કરું છું. અને તેથી આ રાજીનામું...'

અત્યારે ભૂપેશના ચિત્તમાં મનીષા સાથેનાં પ્રગાઢ આશ્લેષો ઊભરાઈ રહ્યા હતા પણ બૉસનું પોતાની સફાઈમાં બધું કહેવાય છે કંઈ ?

મનીષાએ પોતાની આબરૂ સચવાઈ રહે એ માટે બૉસ આગળ ફરિયાદ કરી હતી. અને ભૂપેશ પણ એની આબરૂ બરાબર જળવાઈ રહે એમાં સંમત હતો.

❊

## ૨૦. આવરણ

છાત્રાલયના કૅમ્પસમાં પગ મૂકતાં જ ધ્વનિના એક વિરાટ કોશેટાથી એ આવૃત્ત થઈ ગયો. એણે પહેલાં તો આસપાસ જોઈ લીધું. પછી વાયવ્ય ખૂણા તરફ નજર કરી. અવાજ બરાબર ત્યાંથી જ આવતો હતો. ત્રીસ વર્ષ પહેલાં આવતો હતો, બરાબર એવો જ શતધા ચિરાયેલા વાંસના અવાજ જેવો. ભારે કર્કશ—બાઝાર સે ગૂઝરા હૂં...

એણે જ્યારે એ અવાજને પ્રથમ વાર સાંભળેલો ત્યારે મધરાત હતી. મધરાતે આમ એકાએક અણઘડ અને કર્કશ સૂર સાંભળતાં એ અચંબામાં પડી ગયેલો. છાત્રાલય શહેરથી દૂર વગડામાં હતું. આસપાસનો પ્રદેશ નિર્જન હતો. અને આ સૂર ! કોઈ સંગીતકારનો રિયાઝ નહોતો. ખેતરમાં રાતવાસો કરનારાના કંઠમાંથી નીકળવા પામે એવા એ શબ્દો નહોતા : બાઝાર સે ગૂઝરા હૂં...

બે જ પંક્તિ પાછલી – 'મગર ખરીદાર નહીં હૂં' વારંવાર દોહરાતી હતી. કદાચ જુદા જુદા રાગ અને રાગિણીઓના આભાસમાં.

વહેલી સવારે ફરી એ અવાજ સંભળાયો ત્યારે એણે રૂમ પાર્ટનરને પૂછ્યું હતું; 'આ કોનો અવાજ છે ?'

'નજીકમાં પાગલખાનું છે.'

ગઈકાલે દૂરથી એણે કોઈ એસ્ટાબ્લિશમેન્ટના કંપાઉન્ડની તોતિંગ વૉલ જોઈ હતી ખરી. એ કશુંક વિચારી રહ્યો.

એક દિવસ એણે રૂમ-પાર્ટનરને કહ્યું : 'ચાલ યાર, આપણે એક વાર આ પાગલને જોઈએ.'

'તુંય પાગલ જ છે ને !'

'કેમ !'

'એને મળવું સહેલું નથી.'

વાત સાચી હતી. પેલી તોતિંગ દીવાલોમાં પ્રવેશ કરવો સહેલો નહોતો. પાગલને મળવાની યોજના ઘડાતાં પહેલાં જ તૂટી પડી.

એ પછી ઘણી વાર એ પેલો ધ્વનિ સાંભળતો રહ્યો. સવાર, બપોર, રાત, પરોઢ ગમે ત્યારે. કુતૂહલથી એ સાંભળતો હતો.

એક વાર એણે રૂમ-પાર્ટનરને કહ્યું : 'પેલા રાજકુમારની વાત તેં સાંભળી છે, દોસ્ત ?'

'રાજકુમારોની વાત સાંભળી સાંભળીને બચપણમાં હું કંટાળી ગયો હતો. તું કયા રાજકુમારની વાત કહે છે ?'

'પેલો – નદીના પાણીમાં જેણે સોનેરી વાળ તણાતો જોયો હતો...'

'હા, સાંભળી છે. વાળ જોયા પછી મૂર્ખો રઢ લઈને બેઠો પરણું તો એ સુવર્ણકુન્તલાને જ પરણું – એ જ ને ?'

'હા, એ જ.'

'સોનાના વાળવાળી એ રાજકુમારીને શોધીને જ એ જંપ્યો. પરણ્યો. જે એની બહેન હતી, પણ એ મૂર્ખને તેં અત્યારે કેમ યાદ કર્યો ?'

'હમણાં હમણાં એના માટે મને માન થયું.'

'અર્ધી ઉંમર વીત્યા પછી માનનો ઉદય થયો ?'

'હા, એ રાજકુમારનો વિચાર કરું છું ત્યારે મારી નિર્બળતાનું મને ભાન થાય છે.'

'વાહ તું તો કોઈ ગૂઢ અઘોરી જેવો નીકળ્યો. કોઈ સુવર્ણફળ સામે તીર સાધ્યું છે કે શું ?'

'તું નહીં સમજે, આપણે નિર્માલ્ય છીએ.'

'આપણે બંને ?'

'તારી તો મને ખાસ ખબર નથી. પણ હું...'

'એ બરાબર છે.'

પોતાની નિર્બળતાની વાતની છણાવટ રૂમ-પાર્ટનર આગળ કરવા જેવી લાગી નહીં. એ ચૂપ રહ્યો.

ચાર વર્ષે એનો અભ્યાસક્રમ પૂરો થયો. પરીક્ષા આપ્યા પછી એક વહેલી સવારે એ વતન તરફ જવા નીકળ્યો. એની ઘોડાગાડી નિર્જન પ્રદેશમાં થઈને સ્ટેશન તરફ આગળ વધી રહી હતી એ વખતે પણ પેલો અવાજ ધીરે ધીરે ક્ષીણ થતો એ સાંભળી રહ્યો હતો, 'મગર ખરીદાર નહીં હૂં...મગર...'

ત્રણ દાયકા પછી આજે એક છાત્ર સંમેલનના ઉત્સવ પ્રસંગે કેમ્પસમાં પગ મૂકતાં જ એ અવાજ ચિત્તની કોઈ ગુફામાં સળવળી ઊઠીને બહાર વહી આવ્યો. અને એનાથી એ પૂરેપૂરો આવૃત્ત થઈ ગયો.

આખો દિવસ ભરચક પ્રવૃત્તિઓ વચ્ચે એ ખોયો ખોયો રહ્યો. એનું મન વ્યાકુળ હતું.

સાંજે છાત્રાલયના પાછળના ભાગમાં ફરતાં ફરતાં એણે પાણીની ટાંકી આગળ બાલદી ભરવા ઊભેલા સેવકને પૂછ્યું : 'હવે પેલા પાગલનું ગીત નથી સંભળાતું ?'

'પાગલનું ગીત ?'

'હા પાગલનું. પેલું, 'બાઝાર સે ગૂઝરા હૂં....'

કશાય કુતૂહલ વગર સેવકે જવાબ આપ્યો, 'એવું તો કંઈ સાંભળ્યું નથી.' એને ફરી એક વાર પેલો રાજકુમાર યાદ આવી ગયો. હવે તો એ એની ઈર્ષા જ કરી રહ્યો.

*

## ૨૧. આવું તો ચાલ્યા કરે...

ઇન્ટરવ્યૂ વખતે હિંમત વાસંતી સાથે ગયેલો. કોમન રૂમમાં ઘણા ઉમેદવારો હતા. ત્યાં થતી હલચલ અને બોલચાલ પરથી હિંમત જાણી શક્યો કે વાસંતી કરતાં વધારે શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા કેટલાક ઉમેદવારો પણ હતા. આમ છતાં, નોકરી માટે વાસંતીની પસંદગી થઈ એથી એના ચિત્તમાં એક પ્રશ્ન ઝબકી ગયો. આ કેવી રીતે બન્યું ? આ પ્રશ્નની સાથે જ વળી, એક નવા પ્રકાશનો ઉદય થયો : છાપાંવાળા એમની સિને-પૂર્તિમાં વારંવાર સિને-નટીઓના સેક્સીપણાની તુલનાત્મક ચર્ચા કરતા હોય છે. કોઈ એવું તત્ત્વ આ નિમણૂકમાં ભાગ ભજવી તો નથી ગયું ? અને જાણે

હિંમત આજ પહેલી વાર પત્નીના દેખાવનું વિશ્લેષણ કરી રહ્યો.

હિંમત સ્વભાવે વહેમી તો હતો જ. ફળિયામાં કોણ કેટલામાં છે અને કોણ ક્યાં ફરે છે એનાં લેખાં-જોખાં સતત કર્યા કરતો હતો. અને આજે વાસંતીને અણધારી રીતે નોકરી મળી ગઈ એમાં આ લેખાં-જોખાં માટેની જાણે એક નવી બારી ઊઘડી.

સ્વાભાવિક પૃચ્છા કરતો હોય એમ હિંમત જુદા જુદા સમયે વાસંતીની ઑફિસ અને કર્મચારીગણ વિશે પૂછ્યા કરતો હતો. તમારો સ્ટાફ કેટલો ? પુરુષો કેટલા ? છોકરીઓ કેટલી છે ? બૉસ કોણ છે ? એની ઉંમર કેટલી છે ? એની પર્સનલ સેક્રેટરી તો છોકરી જ હશે ને ? એનું ટેબલ ક્યાં છે ?

વાસંતી આમ તો સાદાં વસ્ત્રો પહેરતી. પણ હવે એના વેશ-પરિધાનમાં દેખાવા લાગેલું વૈવિધ્ય હિંમતનું ધ્યાન ખેંચવા લાગ્યું. વાસંતીના અંગ અને વસ્ત્રોમાંથી પ્રસરતો મઘમઘાટ હિંમતના નાકનું ટેરવું ચઢાણ દેવા લાગ્યો.

એક દિવસ વાસંતીએ કહ્યું : 'બૉસની સેક્રેટરીએ રાજીનામું આપ્યું છે.'

'એણે રાજીનામું કેમ આપ્યું ?' હિંમતે પૂછ્યું.

'એવી કોઈ ખાસ ખબર નથી. પણ આવું તો ચાલ્યા કરવાનું.'

હિંમતે વાસંતી સામે જોયું, એના ચહેરા ઉપર કંઈક લખાયેલું એના વાંચવામાં આવ્યું.

થોડી ક્ષણોના મૌન પછી વાસંતી બોલી : 'સેક્રેટરીના રાજીનામા પછી બૉસે મને બોલાવી અને કહ્યું : 'રીટાની જગ્યાએ મેં તારી પસંદગીનો વિચાર કર્યો છે.'

હિંમત ભડક્યો. એણે કહ્યું : 'તારો બૉસ તારી સાથે 'તું'કારીને વાત કરે છે ?'

'એને તો એવી ટેવ છે. એ વાત જવા દે પણ પગારની બાબતમાં એણે મહત્ત્વની વાત કરી.'

'શી ?'

'પગાર પંદર હજાર મળશે.'

'પેલીને શું મળતું હતું ?'

'અગિયાર હજાર.'

'ચાર હજારનો વધારો ?'

'હા.'

'એવું શાથી ?'

'એનું કંઈ કારણ ન હોય, તારો શો મત છે એ કહે.'

'સાંજે કહું તો ?'

'સમજી ગઈ...પછી કહેતો નહીં કે ચાર હજાર ખોટા કર્યા.'

સાંજે હિંમત નોકરી પરથી ઘેર આવતાં એક ગિફ્ટનું બૉક્સ લેતો આવ્યો. એણે કહ્યું : 'બૉસની ઑફર સ્વીકારી લે જે. અભિનંદન...'

⁕

## ૨૨. આશ્વાસન

દેવેન્દ્રના અવસાનના સમાચાર વર્ષાએ સાંભળ્યા ત્યારે પ્રથમ તો એને હળવો આંચકો લાગી ગયો, પણ પછી ધીરે ધીરે હૈયામાં થોડી ટાઢક વળતી હોય એવો અનુભવ એને થયો; અને વહેલી તકે આ વાત બકુલાને કહેવાની એને ચટપટી થઈ.

બકુલા અને દેવેન્દ્રને અગાઉ ઘણો મનમેળ હતો. દેવેન્દ્ર સાથે લગ્ન કરવાની એની ઇચ્છા પણ તીવ્ર હતી. પણ પોતાની મનની નબળાઈને લીધે એ ન તો દેવેન્દ્રને આ વાત કરી શકી કે ન તો એણે કોઈની મારફતે પોતાનાં માબાપને આનો ઇશારો થવા દીધો; અને પોતે દેવેન્દ્રને ન મેળવી શકી એ વાતનો કાયમી વસવસો એને રહી ગયો. ઘણીયે વાર એ પોતાની સખી વર્ષા આગળ પોતાના આ ગૂઢ રંજની વાત કરતી અને દુઃખ અનુભવતી. વર્ષા એના આશ્વાસન માટે જાતજાતની વાતો કરતી, અને ખાસ કરીને તો નસીબનો વાંક કાઢી એને સાંત્વન આપવા પ્રયત્ન કરતી; પણ વ્યર્થ !

યુવાન દેવેન્દ્રના અવસાનના સમાચાર વર્ષા માટે આજે કંઈ આનંદનો વિષય તો નહોતો જ, પણ બકુલાના હૈયામાંથી કાયમી રંજનો કાંટો દૂર કરવાની આ તક સમજી એને આ સમાચાર આપવા તે અધીરી બની રહી.

બકુલાને ત્યાં એ પહોંચી ત્યારે તો એ ઘરનાં માનવીઓ વચ્ચે ઘેરાયેલી હતી : સાસુ, સસરા, નણંદ, દિયર, દેરાણી...

છતાંય કશુંક બહાનું કાઢી એ એને મેડી ઉપર લઈ ગઈ. સમાચાર આપીને તરત કહેવા લાગી; 'બોલ હવે, તું જ કહે, ભગવાન જે કરે એ સારા માટે નથી કરતો ? તારાં લગ્ન દેવેન્દ્ર સાથે થયાં હોત તો કેવો ભારે અનર્થ થઈ જાત ! વીસ વર્ષની વયે વિધવા થઈ જવાય તો જીવન કેવું કપરું બની જાય ? એટલે હું તો કહું છું કે દેવેન્દ્ર સાથે તું પરણી ન શકી એમાં પરમેશ્વરનો જ આશીર્વાદ માની નિરાંત અનુભવ.'

થોડી વાર સુધી તો બકુલા કશુંય ન બોલી. એના અંતરમાંથી એક ભારે નિઃશ્વાસ નીકળી પડ્યો.

'કેમ બોલતી નથી ? શા વિચાર કરે છે ?'

બકુલાએ જવાબ આપ્યો : '...તો કદાચ એમનું મોત નયે થયું હોત !'

'કેમ ?'

'મારા ગ્રહોનું બળ જ કદાચ એમને બચાવી લેત.'

✻

## ૨૩. આસક્તિ પર્વ

ઘરના છોકરાઓનો કૂતરાં-બિલાડાં પાળવાનો ક્રેઝ વધતો જોઈ દાદા અકળાતા હતા. ઘરમાં એક કૂતરો અને બે બિલાડીઓ તો હતી. હવે પોપટ લાવવાની વાત આવી. દાદાએ હિમાંશુને કહ્યું : 'તમે પોપટ લાવવાના છો ?'

'હા, દાદા, નૈરોબીના પોપટનું નક્કી કર્યું છે.'

'હવે એક હાથીનોય વિચાર કરી લેજો ભેગાભેગા.'

'કેમ એવું કહો છો, દાદા ? તમને શી તકલીફ થઈ ?'

'મને તો કંઈ તકલીફ થઈ નથી. હું તો તમારી તકલીફનો વિચાર કરું છું.'

'એ કઈ રીતે ?'

'ઝાઝા ગૂમડે ઝાઝી વેદના ! જેટલા જીવ વધારે ભેગા કરશો એટલી આસક્તિની જંજાળ વધવાની. ભરત મુનિની વાત તો સાંભળી છે ને ?'

'આપણે ભરત મુનિ થોડા છીએ ?'

'એમનાથી બે ડગલાં આગળ.'

'એ કઈ રીતે ?'

'મારી બૅગ લઈ આવ. પછી સમજાવું.'

હિમાંશુ બૅગ લાવ્યો એટલે દાદાએ એમાંથી એક પથરો કાઢ્યો. ઘાટઘૂટ વગરના પથ્થરના ટુકડાને બતાવતી વખતે દાદાના મુખ ઉપરના ભાવ જોઈને હિમાંશુ નવાઈ પામ્યો. એણે કહ્યું : 'આ શું છે, દાદા ?'

'ફેંકી દેવા લાયક એક પથરો.'

'પણ તમે તો એને બૅગમાં સંઘરી રાખ્યો છે !'

'આસક્તિ ! બીજું શું ?'

'એક પથરાના ટુકડા માટે આસક્તિ ?'

'હા, સાંભળ. પચાસ વર્ષ પહેલાં ઑફિસના કામે હું માંગરોળ ગયો હતો. બિલ્ડિંગના બીજા માળે એક રૂમમાં મારો મુકામ હતો. પવન બહુ. કામ કરું ત્યારે

કાગળિયાં બહુ ઊડે. નીચે જઈને આ પથરો લઈ આવ્યો. એનાથી કામ ચાલ્યું. મારી કામગીરી પૂરી થયા પછી કોણ જાણે કેમ, આ પથરો બીજાં કાગળિયાં સાથે સમેટાઈને ઘેર આવ્યો. માંગરોળમાં એણે મદદ કરી હતી. મોજમાં આવીને મેં એને ટેબલ પર મૂક્યો. છ મહિના નીકળી ગયા. પણ આવો પથરો ટેબલ પર ક્યાં સુધી રાખી મુકાય ? ફેંકી દેવો હતો. પણ કોણ જાણે, જીવ ન ચાલ્યો. રાખી મૂક્યો. પચાસ વરસથી એને સાચવી રહ્યો છું. હવે એને કોઈ લઈ જાય કે એ ખોવાઈ જાય તો મને ચેન ન પડે.'

આટલું બોલ્યા પછી એક ઊંડો શ્વાસ લઈ દાદાએ કહ્યું : 'આનું નામ માયા. અથવા આસક્તિ આ નિર્જીવ વસ્તુ આટલી આસક્તિનું કારણ બની છે, જ્યારે તમારાં કૂતરાં બિલાડાં તો હરતાં-ફરતાં જીવ છે. કો'ક દા'ડો એ ન હોય ત્યારે દુઃખનું કારણ બન્યા વિના ન રહે.'

હિમાંશુ મોટેથી હસી પડ્યો. એના હાસ્યમાં નર્યો ઉપહાસ હતો. દાદાને એ પાગલ જ સમજતો હતો.

થોડા દિવસ પછી ધત્તુએ દાદાને કહ્યું : 'દાદા, ઘરમાં બે સફેદ કબૂતર વધ્યાં છે !' ધત્તુનો હેતુ દાદાને ખીજવવાનો હતો. એની ધારણા પ્રમાણે દાદા ખિજાયા અને બોલ્યા : 'ગૂમડાં વધારતા રહો, જે દિ' એમાં પાક થશે ત્યારે ખબર પડશે!'

અને થયું પણ એવું. એક દિવસ એક ગૂમડામાં પાક થયો. હિમાંશુએ દાદા પાસે આવીને કહ્યું : 'દાદા, આ ધત્તુને સમજાવો. પરીક્ષા આપવા જવાની ના કહે છે.'

'ના કેમ કહે છે ?'

'આજ સવારે કાબરી બિલાડીએ એના એક સફેદ કબૂતરને ફેંદી નાંખ્યું. એ મરી ગયું અને ધત્તુ સવારનો રડ્યા કરે છે. પરીક્ષા આપવા જવાની ના કહે છે.'

દાદાએ કહ્યું : 'અમે એ જ કહેતા હતા ભાઈ, ઝાઝા ગૂમડે ઝાઝી વેદના. પણ કોઈ માને તો ને ! હવે ધત્તુને કહો, આવતી સાલ પરીક્ષામાં બેસે.'

✻

# ૨૪. આંસુ બોલે ત્યારે...

સવારે મટુભાઈએ લેંઘો-ઝભ્ભો ધારણ કર્યાં ત્યારે નવાઈ પામતાં હોય એમ સુમતિબહેન બોલ્યાં : 'ચુનીલાલના બેસણામાં જાઓ છો ?'

'હા.'

'તમને આ શું સૂઝ્યું ?' જરાક ઠપકા ભર્યા સ્વરે સુમતિબહેન બોલ્યાં.

'જો સુમતિ, આપણે કોઈના લગ્ન પ્રસંગે ન જઈએ તો ચાલે. કોઈના ઉત્સવમાં હાજરી ન આપીએ તોપણ ચાલે પણ કોઈના મરણ પ્રસંગે તો અવશ્ય જવું જોઈએ.'

'ચુનીલાલ આપણો કટ્ટર દુશ્મન હતો. એણે તમને પાયમાલ કરવામાં શું બાકી રાખ્યું હતું ? દુકાનનો ઝઘડો ઊભો કર્યો. કાવાદાવા કરીને દુકાનની ભાગીદારીમાંથી તમને છૂટા થવા ફરજ પાડી. લવાદોને ફોડ્યા અને દુકાન આંચકી લીધી. સોનાની લગડી જેવું આપણું ખેતર, ભાગિયાને ભંભેર્યો. પાણી-પત્રક એના નામનું કરાવી લીધું. તમને ખબરેય ન પડવા દીધી. અને ખેડે તેની જમીનના કાયદાથી ભાગિયો ગણોતિયો બનીને જમીનનો માલિક બની બેઠો. બધાં કારસ્તાન તો આ ચુનીલાલનાં જ ને ? એણે ગામમાં તમારા કેટલા બધા દુશ્મન ઊભા કર્યા ! અને તમે એના બેસણામાં જવા તૈયાર થયા છો !'

'ચુનીલાલ તો ગયો. આપણે આપણી ખાનદાની ન છોડવી જોઈએ.'

મોં બગાડીને સુમતિબહેન બોલ્યાં : 'તમને કોણ રોકી રહ્યું છે ? જાઓ.'

'એમ નહિ સુમતિ, મન જરાક મોટું કરી લ્યો એટલે દુઃખ નહીં લાગે.'

'એમ ખેંચ્યે-તાણ્યે મન મોટાં ન થાય. દુશ્મનના આંગણે જવા પગ શે ઊપડે ? દુશ્મનના દીકરાય દુશ્મન. એ કુટુંબને તો મોભે બાંધ્યા વેર જેવું છે.'

મટુભાઈ બેસણાના મંડપે પહોંચ્યા.

ચુનીલાલ માથાભારે માણસ. એના સાગરીતો અને સંબંધીઓ ઝાઝા...કીડિયારની હારની જેમ લોકોની આવનજાવન ચાલતી હતી. કોણ આવ્યું અને કોણ ગયું એ ચુનીલાલના દીકરાઓ શું જાણે ?

મટુભાઈ કંઈ દેખાડો કરવા ગયા ન હતા. ચુનીલાલની છબીને બે હાથ જોડીને ફૂલ ચઢાવવા ન પડે એટલે એ પ્રવેશના સ્થાને સૌએ ઉતારેલાં પગરખાંથી બે-ત્રણ ફૂટ અંદર તરફ બેઠા.

કશું જોવું ન પડે એ હેતુથી જ કદાચ, એ પલાંઠી વાળીને બંધ આંખે બેઠા હતા.

થોડી ક્ષણો પછી એકાએક એમના ઢીંચણ પર કોઈના હાથનું દબાણ થયું. મટુભાઈએ આંખ ઉઘાડી. ચુનીલાલનો મોટો દીકરો એમને ઊભા કરવા બળનો પ્રયોગ કરી રહ્યો.

મટુભાઈ ઊભા થયા અને ચુનીલાલનો એ દીકરો એમને ભેટીને ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યો.

અત્યારે તો ચુનીલાલનો એ દીકરો શું કહે ? પણ એનાં વહેતાં આસું ઘણું બધું કહી રહ્યાં હતાં.

☼

## ૨૫. ઑનર બોર્ડ

સ્કૂલના દરવાજામાં પ્રવેશ કર્યા પછી સ્વામી આનંદતીર્થે ડોક ફેરવી. દીવાલ ઉપર ઑનર બોર્ડ હતું. એમની નજર ધીરે ધીરે સરકીને પટેલ ભીમજીભાઈ ઘેલાભાઈના નામ ઉપર અટકી. જરા ચિત્તક્ષોભ થયો. બાપા હટાણું કરવા શહેરમાં આવતા ત્યારે હરજીને મળવા અચૂક અહીં આવતા અને આ પાટિયા ઉપર નજર નાખી લેતા.

ગામનો હરજી શાળામાં પટાવાળાની ફરજ ઉપર હતો. હરજીને મળવાનું તો એક બહાનું. મુખ્ય હેતુ તો ઑનર બોર્ડ ઉપર દીકરાનું નામ જોવાનો. કો'ક વાર તો ખેડુસાથીઓને પણ સાથે ખેંચી લાવતા અને દીકરાનું નામ વંચાવતા. ઘરમાં પણ ઘણી વાર એ પાટિયાની વાત કરતા અને સાથે સાથે મીઠા ઠપકા સાથે દીકરાને કહેતા : 'ભેમાભા, તને એ નામ જોવાનું મન નથી થતું ? પાસ થયા પછી તું એ બાજુ ફરકતોય નથી ! એક વાર તો જોઈ આવ. પીળા અક્ષરમાં તારું નામ કેવું શોભી રહ્યું છે ! વરસોવરસનાં ઘણાંય નામ છે પણ હજુ કોઈના તારા જેટલા માર્કા નથી...'

પિતાએ આવું ઘણી વાર કહ્યું પણ ભીમજી ઑનર બોર્ડ ઉપર નજર કરવા ગયો નહોતો. એ ડિસ્ટિંકશન સાથે બી.એ. થયો, પ્રથમ વર્ગમાં એમ. એ. પાસ થયો પણ ફરી સ્કૂલમાં ગયો નહોતો. પછી તો એ ભીમજી મટીને સ્વામી આનંદતીર્થ બની ગયો.

શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્વામી આનંદતીર્થ શહેરમાં પધાર્યા છે જાણી સંસ્થાના સંચાલકોએ એમને પધરામણી માટે વિનંતી કરી અને સ્વામીજી પધાર્યા. દરવાજામાં દાખલ થતાં જ એમણે ડોક ફેરવી. ઑનર બોર્ડ ઉપર સરકતી એમની નજર પટેલ

ભીમજીભાઈ ઘેલાભાઈ નામ ઉપર ઠરી. બાપા કહેતા હતા એમ પીળા અક્ષરે નામ લખાયું હતું. અક્ષર સારા ઊઘડ્યા હતા.

સ્વામીજીની નજર ઑનર બોર્ડ ઉપર સ્થિર થયેલી જોઈ હરજી બોલ્યો : 'બાપા ઘણી વાર અહીં આવતા અને બોર્ડમાં તમારું નામ જોઈ હરખાતા.'

સ્વામીજીએ સહજ ભાવે પૂછ્યું : ''હવે આવે છે ?''

''ના, હવે તો નથી આવતા. અવસ્થા થઈ ને.''

થોડી પળો સુધી સ્વામીજી સમાધિસ્થ હોય એમ ઊભા રહ્યા. પછી બાજુમાં ઊભેલા સંસ્થાના કાર્યકરોને કહ્યું : ''હવે આગળ ચાલીશું ?''

❊

## ૨૬. ઉકેલ

રણજિત એક વિશાળ ફળિયાનો રહેવાસી છે. બાળપણથી જ એમના હૈયે આ ફળિયા માટે પ્રેમની દઢ ગાંઠ બંધાયેલી છે. ફળિયા માટે પ્રેમ એટલે ? સ્ત્રી-પુરુષો અને બાળકો માટે પ્રેમ તો ખરો જ, ઘર, મકાન અને ખોરડાંય એમાં ખરાં. ફળિયાવાસીઓનું પશુધન પણ એના પ્રેમનું ભાજન. મારું ઘર, મારું કુટુંબ એવું કહેવાને બદલે એને મારું ફળિયું, મારા ફળિયાના લોકો એવું કહેવું વધારે ગમતું. કોઈ ઘરના સારામાઠા પ્રસંગે એ ત્યાં પહોંચી જતો અને કુતૂહલથી જોયા કરતો. આનંદના પ્રસંગ વખતે રોમાંચ અનુભવતો અને દુઃખના પ્રસંગે પરિવારનાં માણસોને રડતાં જોઈ એ પણ આંખ લૂછી લેતો.

પણ એક વાત એને સમજાતી નહોતી. દુર્ગાકાકી ગુજરી ગયાં એ પછી રામુકાકા દિવસો સુધી ખાટલામાં કેમ અમળાયા કરતા હતા ? એમનાં સગાં-સંબંધીઓ એમને આશ્વાસન આપ્યા જ કરતાં હતાં, પરમેશ્વરની યાદ આપી આપીને જે થયું તે સહન કરી લેવાની શિખામણ આપ્યા કરતાં. પણ રામુકાકા કોઈની વાત કાને ધરતા નહોતા. એ તો આ પડખું અને પેલું પડખું ખાટલામાં તરફડતી ઇયળની જેમ વળ ખાયા કરતા હતા. પગ લાંબા કરતા અને ટૂંકા કરતા. આમ ને આમ પંદર-વીસ દિવસ પછી એય ગુજરી ગયા. કોઈ કહેતું હતું, રામુભાઈ દુર્ગાભાભીની પાછળ ગયા ! આમ કેમ થયું હશે ? એ માંદા નહોતા. માંદા હોય તો દાક્તર આવે ને ? દાક્તર તો કોઈ દેખાતા નહોતા. એમના ખાટલા પાસેના ટેબલ પર દવાની શીશીઓ નહોતી. ટીકડીઓ, ગોળીઓ કે ટોટા (કૅપ્સૂલ્સ) પણ નહોતાં અને રામુકાકા મરી શી રીતે ગયા ?

એવું જ એણે શંભુપ્રસાદનું જોયું હતું. શંભુપ્રસાદવાળી રીત જુદી હતી. એ ખાટલામાં અમળાતા નહોતા કે ઇયળની માફક તરફડતા નહોતા. એ તો ખુરશીમાં સૂનમૂન બેસી રહેતા હતા. સવારે કોઈ એમની બાજુની ટિપૉય પર ચાનો કપ અને નાસ્તાની પ્લેટ મૂકી જતું પણ એ તો એને અડકતા પણ નહિ. ચા ઠરીને ઠીકરું થઈ જાય પણ કપ ઉઠાવે જ નહીં. બપોરના ખાણા વખતે પણ એવું જ સગાંવહાલાં અને ફળિયાવાળા ખૂબ સમજાવે, ધીરજ આપે પણ શંભુકાકા પર કશી અસર નહીં. રેવામાસીના ગુજરી ગયા પછી માંડ વીસેક દિવસે શંભુકાકા ગુજરી ગયા. એય ક્યાં માંદા હતા ? લોકો તો કહેતા હતા, શંભુકાકા અનશન કરીને રેવાકાકી પાછળ પહોંચી ગયા !

રણજિતને કંઈ સમજાતું નહોતું. પત્ની મરે એટલે એનો પતિ પણ મરી જાય એ શી રીતે બને ? કોઈ રોગ નહીં. માંદગી નહિ, હાર્ટઍટેક નહીં અને માણસ મરી જાય ? કોઈ કહેતું એ બંને જણા આઘાતથી મરી ગયા હતા. આઘાત એ કોઈ રોગ છે ? માણસ હતાશ થાય, દુઃખી થાય, પણ કંઈ મરે ?

❊

રણજિતે ૫૦નું વય વટાવ્યું. એક દિવસ એનાં પત્ની સુવર્ણાએ તાવની ફરિયાદ કરી ઘરગથ્થુ ઉપાય કર્યા. તાવ ન ઊતર્યો. ડૉક્ટરને બતાવ્યું. ડૉક્ટરે જુદા જુદા ટેસ્ટના રિપોર્ટ કરાવવાનું સૂચવ્યું. તે થયા. ડૉક્ટરે કહ્યું : 'ન્યુમોનિયા!' ત્રણ-ચાર દિવસ પછી ડૉક્ટરે નિદાન સુધાર્યું, 'ડબલ ન્યુમોનિયા !' બાળપણ વખતે રામુભાઈ અને શંભુપ્રસાદના મોતનો જે કોયડો મનમાં ડોળાતો હતો એનો ઉકેલ ડૉક્ટરના બીજી વખતના નિદાન ડબલ ન્યુમોનિયા સાંભળ્યા પછી જાણે ઊકલવા માંડ્યો હતો અને રણજિતને કશુંક ધૂંધળું ધૂંધળું દેખાવા લાગ્યું હતું, ધીરે ધીરે આકાર લેતું હોય એમ.

❊

# ૨૭. ઉઠાઉગીરની એક રાત

જસુનો ધંધો લોકોનાં ખિસ્સાં કાપવાનો અથવા હાથમાં ઝુલાવીને ફેરવી શકાય એવાં પાકીટ તફડાવવાનો !

મોટી રકમ હાથ લાગે ત્યારે એ ઇંગ્લિશ દારૂની બાટલી લઈને ઘેર આવતો. પત્ની પાસે આમિષ ભોજન રંધાવતો. પછી બન્ને જણાં બંધ બારણે જ્યાફત ઉડાવતાં.

આજે એણે પત્નીના હાથમાં પાંચ હજાર રૂપિયાની નોટોનું બંડલ મૂક્યું. પત્નીએ જસુ તરફ એક સૂચક નજર કરી, પણ આજે તો એ દારૂની બાટલી લીધા વગર જ આવ્યો હતો, અને ખાણાના સંબંધમાં પણ કશી સૂચના આપ્યા વગર પોતાના સૂવાના ઓરડામાં એ ચાલ્યો ગયો.

પત્નીએ ઓરડામાં જઈને જમવા અંગે બે વાર પૂછ્યું. એટલે એ ગુસ્સે થઈ ગયો અને 'માથું ન ખા' કહી જમવાની વાત ઉપર મીંડું જ મૂકી દીધું.

લગભગ મધરાતે પત્નીએ જસુના ઓરડામાં ડોકિયું કર્યું. જસુ ખાટલામાં પાસાં ઘસી રહ્યો હોય એવું એને લાગ્યું. એ ઓરડામાં પ્રવેશી. થોડીવાર ખાટલા પર બેસી રહી. પછી એણે જસુને પૂછ્યું : 'તમને કંઈ થાય છે ?'

'ના.'

'તો ઊંઘ કેમ નથી આવતી ?'

પત્નીએ ધાર્યું હતું કે પતિ છણકી ઊઠશે, પણ એમ ન થયું. એ ખાટલામાં બેઠો થયો.

'દીવો કરું ?' પત્નીએ પૂછ્યું.

'દીવો કરીશ તો અકળામણ વધશે.'

'શી અકળામણ છે ?'

'અકળામણ તો તને પેલું નોટોનું બંડલ આપ્યું તેની છે !'

'કંઈ સમજણ ન પડી. કહો તો ખરા, શું થયું છે ?'

'કહેવામાં તો બીજું શું ? રોજ-રોજની કથા ! કંઈ ખાસ કહેવા જેવું નથી. '

'તો પછી આવડી મોટી રકમ મળી તોય ખાધાપીધા વગર સૂઈ ગયા ?'

'મન થોડી વાર અવળું ફરી બેઠું હતું, હમણાં ઠેકાણે આવી જશે. જા, તું રાંધણું સંભાળ.'

'રાંધેલું તો તૈયાર જ છે ને, ચાલો જમવા.'

'તું જા, હું આવું છું.'

'પણ કહો તો ખરા, મન અવળું ફરી બેઠાની શી વાત છે ?'

'એમાં કંઈ સાર નથી.'

'કહો તો ખરા.'

'મન માંકડું કહેતું હતું, રૂપિયા અને કાગળિયાં એના માલિકને પાછાં પહોંચાડી દે.'

'કાગળિયાં !'

'હા, નોટોનાં બંડલ સાથે હતાં. એ કાગળિયાંએ જ મનને ભડકાવી મૂક્યું હતું ને ?'

'શાનાં કાગળિયાં હતાં ?'

'દાક્તરોએ લખી આપેલી દવાઓના કાગળ. કોણ જાણે કેટલા બધા હતા! વળી લૅબોરેટરીના રિપોર્ટ પણ ઘણા હતા, કો'ક જૂના દર્દીનો એ માલ હતો.'

'પાકીટની સાથે એય ફેંકી દીધાં ને ?'

'પાકીટ ફેંકી દીધા પછી જેવો કાગળિયાં ફાડવાનું કરતો હતો ત્યાં આંગળાને એકાએક લકવો થઈ ગયો હોય એમ અટકી જ ગયાં.'

'તો પછી એનું શું કર્યું ?'

'આ રહ્યાં બંડીના ખિસ્સામાં....જવા દે એ બધી પળોજણ, અને હવે ખાવાનું પીરસ.'

થોડી વાર પછી જમવા માટે પત્નીનો સાદ થયો એટલે ખાટલામાં બેઠાં બેઠાં જ જસુ બોલ્યો : 'તું જમી લે, સીતા.'

'અને તમે ?'

'આજ જમવામાં કંઈ રુચિ નથી.'

'તમે જ જમવાની વાત કરતા હતા ને.'

'કરતા હતા ત્યારે કરતા હતા, અત્યારે મન ના કહે છે !'

✳

## ૨૮. ઉતાવળ

મુસાફરી લાંબા અંતરની હોય ત્યારે ગાડીનાં પાણી—ઑઇલ, પેટ્રોલનો પુરવઠો ચકાસી લેવાય, કાચ બરાબર સાફ થઈ જાય એ પછી બૅગ, પૅકેટ, પાર્સલ વગેરે ડીકીમાં વ્યવસ્થિત ગોઠવાઈ જાય, ત્યાર બાદ મુસાફરીએ નીકળનાર કારમાં પ્રવેશે અને 'આવજો', 'આવતા રહેજો' વગેરે ઔપચારિક ઉક્તિઓના આદાનપ્રદાન પછી ગાડી સ્ટાર્ટ થાય. એન્જિન સ્ટાર્ટ થયા પછી પણ ક્યારેક બે-ચાર મિનિટ સહેજ નીકળી જાય અને પછી જ પૈડાં ગતિમાં આવે...

અને ગાડી ઓઝલ થાય ત્યાં સુધી સૌ હાથ હલાવ્યા કરે. મંજુદાદાએ એમની એંશી વર્ષની ઉંમરમાં આવી ઘણી વિદાયો આપી હતી. મુંબઈથી બેચાર દિવસ માટે મળવા આવેલા જમાઈ, મોટી દીકરી અને એમનાં બાળકોને મંજુદાદાએ, હવે ઉંમર થઈ, ફરી મળાયું ન મળાયું કહી કહી દસ દિવસ સુધી આગ્રહ કરીને રોકી રાખ્યાં હતાં. આજે એ સૌ મુંબઈ પરત થવાનાં હતાં.

મંજુદાદા ઝટઝટ તૈયાર થઈને દીકરી-જમાઈ અને બાળકોને વિદાય આપવા બહાર આવી ગયા. પણ એમનો એક પૌત્ર કાચ સાફ કરતો હતો. બીજો ગાડી પરની ધૂળ ખંખેરી રહ્યો હતો. દાદાનો મોટો દીકરો અને પુત્રવધૂ કંઈ વીસરી ન જવાય એની કાળજી રાખીને એક પછી એક 'દાગીના' યાદ કરીને ડેકીમાં મૂકતાં હતાં.

ગાડી હજુ તૈયાર થાય છે, સમજી મંજુદાદા ગાર્ડનની લૉનમાં આંટા મારવા લાગ્યા. કમ્પાઉન્ડમાં વૉલના છેડે પહોંચતાં ડાબી બાજુએ અંદરની તરફ દાડમનો છોડ દૃષ્ટિમાં આવ્યો. હજુ તો એને રોપ્યે એક જ વર્ષ થયું હતું, પણ એના પર ફૂલોનો ખૂબ ઉભાર નીકળ્યો હતો. ફૂલોના રંગથી દાદાજી આકર્ષાયા અને છોડ આગળ જઈને ઊભા રહ્યા. 'અહોહો...' મંજુદાદાના મુખમાંથી ઉદ્‌ગાર નીકળી ગયો. ડાળખીએ ડાળખીએ ઘૂંટેલા કેસરી અને લાલ રંગનાં મિશ્રણવાળાં અત્યંત કોમળ પાંખડીઓવાળાં આ ફૂલ જોઈને દાદાનો ચહેરો પણ ફૂલની જેમ ખીલી ઊઠ્યો, 'વાહ, કુદરત ! વાહ કુદરત !' કહેતા જાય અને વર્ડ્‌ઝવર્થની એક કાવ્યપંક્તિ યાદ કરતા જાય. 'The meanest flower...'

પહેલા વરસાદમાં બાળકો આનંદઘેલાં બનીને ખોવાઈ જાય છે, એમ અત્યારે મંજુદાદા પણ આ રંગ અને સૌંદર્યની હેલીમાં ઓળઘોળ થઈ ગયા !

છતાંય મંજુદાદા કંઈ સાવ ભાનભૂલ્યા બની ગયા નહોતા. દીકરી અને બાળકોને વિદાય આપવાની વાત તો હૈયામાં સૌથી ઉપર હતી પણ હજુ તો તૈયારીઓ ચાલે

છે. એકાએક થોડાં નીકળી જવાનાં છે ? એવા ખ્યાલથી એ છોડ આગળ જામેલા રહ્યા.

...અને જ્યારે એ દરવાજા આગળ આવ્યા ત્યારે એમણે જોયું કે ગાડી નીકળી ચૂકી હતી.

એક દીકરાએ કહ્યું : 'ક્યાં હતા તમે, બાપુ ?'

'પણ મને બોલાવવો તો હતો.'

'એ વખતે તો અમને એમ કે તમે અહીં ટોળામાં જ છો.'

'પણ તમારે જોવું જોઈતું હતું ને.'

'એવું કંઈ નહીં. સવારથી તો તમે સૌને 'આવજો' 'આવજો' કર્યા કરતા હતા, પછી શું છે ?'

મંજુદાદા કંઈ બોલ્યા નહીં. એ ફરીથી દાડમના પેલા છોડ આગળ ગયા. જે આંગળીઓથી એ છોડને મૃદુ સ્પર્શ કરીને રાજી થતા હતા એ જ આંગળીમાં, એ જ ફૂલને ભિડાવી ભિડાવીને, મસળી મસળીને ભોંય પર ફેંકી દેવા લાગ્યા, ઝનૂનપૂર્વક !

ફૂલોનો ઉચ્છેદ કરીને મંજુદાદા દરવાજા આગળ ફરી આવ્યા ત્યારે સૌ ત્યાંથી વિખરાઈ પોતપોતાની પ્રવૃત્તિમાં લાગી ગયાં હતાં.

મંજુદાદા સૂના માર્ગ તરફ જોઈ રહ્યા. એ ત્યાં ઊભા જ રહ્યા. થોડી મિનિટો પછી એમણે આશ્ચર્ય વચ્ચે જોયું કે જમાઈની ગાડી પાછી આવી રહી હતી. આંચકા સાથે ગાડી ઊભી રહી અને બારણું ખોલી નાના પિન્ટુએ બહાર કૂદકો જ માર્યો. બોલ્યો : 'તમને 'આવજો' કહ્યા વગર જ અમે નીકળી ગયાં હતાં !'

જમાઈ બોલ્યા : 'ભારે જક્કીલો ! દાદાજીને મળ્યા વગર મુંબઈ નથી જવું એવી જક પકડીને બેઠો. ત્રણ કિલોમિટર જેટલે જઈને પાછા આવ્યા !'

દાદાજીએ વહાલપૂર્વક પિન્ટુના મસ્તક પર હાથ મૂક્યો અને કહ્યું : 'સુખી થજે અને 'આવજે' બેટા !'

ગાડીએ ફરી વિદાય લીધી. અને ગાડી અદશ્ય થઈ ત્યાં સુધી દાદાજી...'એ આવજો એ આવજો' એમ બોલતા રહ્યા.

ગાડીના ગયા પછી મંજુદાદા ફરીથી પેલા છોડ આગળ આવ્યા. છૂંદાયેલાં ફૂલને વેદનાભરી આંગળીએ એકત્ર કરતાં કરતાં બોલતા હતા : 'જરાક ઉતાવળ થઈ ગઈ, હોં !'

*

# ૨૯. ઉદાહરણ

દીકરી મોટી થતી જતી હતી તેમ એના માટે સારો વર મેળવવા માટે લતાબહેનની ચિંતા વધતી જતી હતી, છોકરાની શોધ માટે એ પતિને તાકીદ કરતાં ત્યારે સુમનભાઈનો લગભગ એક જ જવાબ : 'ચિંતા કરવાની જરૂર નથી. મિત્રો અને સ્નેહીઓને ભારપૂર્વક કામ ભળાવી રાખ્યું છે. અવારનવાર ફોન પણ કરતાં રહીએ છીએ, સારું પાત્ર મળી રહેશે.'

પતિના આવા જવાબથી લતાબહેનને સંતોષ થતો નહીં. એ બળાપો કાઢીને સમસમી રહેતાં એટલું જ.

એક દિવસ પતિ-પત્ની વચ્ચે આ વાત ચાલતી હતી ત્યારે સુમનભાઈનો મિત્ર રામચંદ્ર આવી ચઢ્યો. થાકેલો જણાતો હતો. સોફા પર ગોઠવાયા પછી બોલ્યો : 'લતાભાભી, ચા પાઈ દેજો, એકદમ કડક.'

'કેમ આમ ચડ્યા ઘોડે આવ્યો છે ?' સુમનભાઈ બોલ્યા.

'ચા પીને તરત ભાગવું છે.'

'કેમ, કંઈ છે ?'

'કહીએ તો ઉપાધિનો પાર નથી.'

'શી ઉપાધિ છે ?'

'ભઈ, એક ફ્લેટ ખરીદવાની ભવાઈ છે. મંદા રોજ જીવ ખાય છે. આઠ-દસ ફ્લેટ તો એને બતાવ્યા. મેંય બે ડઝન જેટલા જોઈ નાખ્યા. મંદાનું એકે ઉપર મન બેસતું નથી. આ ફ્લેટની ખરીદી માટે એક મહિનાથી રજા લીધી છે. સવારથી સાંજ સુધી આ કામે રખડ્યા કરું છું. રવિવારનાં છાપાંમાં ઓર્ગેનાઇઝરોની જાહેરખબરો વાંચું છું. શહેરની બધી દિશાઓમાં ઊભા થયેલા કૉમ્પ્લેક્ષો તરફ દોટાદોટ કરું છું. આ છેડો અને પેલો છેડો ! થાકીને લોથ થઈ જવાય છે.'

'તું યે મૂરખ છે ને યાર. ફ્લેટ ખરીદવામાં તે આવી શી દોડાદોડી ?'

રામચંદ્ર હસ્યો. પછી બોલ્યો : 'ત્યારે સુમન, તને દુનિયાનું ભાન નથી. ફ્લેટ ખરીદવામાં કેટલી સાવધાની રાખવી પડે એ તું જાણે છે ?'

'એમાં વળી શી સાવધાની રાખવાની ?'

'કેમ નહિ ?'

'સારો વિસ્તાર, કૉમ્પ્લેક્ષના ફ્લેટોમાં કયા પ્રકારની વસતિ છે. કયા કયા ધંધાવાળા લોકો એમાં વસે છે ? એમાં અસામાજિક - આઉટ લાઇનના માણસો તો

નથી ને ? આવારા છોકરાઓનો ઉપદ્રવ નથી ને ?...આ બધું તો તપાસવું પડે એટલું જ નહીં પણ ઓર્ગેનાઇઝર અને બિલ્ડર વિશે પણ માહિતી મેળવવી પડે...'

'ઓર્ગેનાઇઝર વિશે શી માહિતી મેળવવાની ?'

'એ તો ખાસ જોવું પડે, બિલ્ડર ભ્રષ્ટાચારી છે કે નીતિવાળો ? એણે બાંધકામમાં કેવું મટીરિયલ વાપર્યું છે એ તો એની નીતિ તપાસી હોય તો જ ખબર પડે ને. આ માટે એ સિમેન્ટવાળા, લોખંડવાળા, લાકડાવાળા, હાર્ડવેરવાળા વગેરે જે વેપારીઓને ત્યાંથી માલ ખરીદતો હોય એમને મળીને કુનેહથી હકીકત જાણી લેવી પડે...વળી ફ્લેટમાં રહેનારાઓનો પણ સંપર્ક સાધવો પડે...'

'એ શા માટે ?'

'ઓર્ગેનાઇઝરે આપેલાં વચન એણે પાળ્યાં છે કે કેમ એ જાણી લેવું પડે. વીજળી, પાણી વગેરેની વ્યવસ્થા બરાબર જળવાય છે કે કેમ...'

આટલું બોલ્યા પછી રામચંદ્રે વાત આમ પૂરી કરી : 'ફ્લેટ એમ કંઈ ઘેર બેઠા ખરીદાતા નથી...ટાંટિયાની કઢી કરવી પડે છે, સમજ્યા ?'

વાત પૂરી કર્યા પછી ચા પીને તરત 'જાઉં ત્યારે' કહી રામચંદ્રે ચાલવા માંડ્યું.

લતાબહેને સુમનભાઈ તરફ જોયું. પત્નીની આંખમાં રહેલો ભાવ સુમનભાઈ માટે દર્શનીય હતો.

❋

## ૩૦. ઉપાય

એ નાનો હતો ત્યારે મા જ્યાં જાય ત્યાં સાથે જવાની રઢ લેતો. એ એમ ન કરે એ હેતુથી મા હંમેશાં કહેતી : 'હું દવાખાને જાઉં છું, બેટા. દવાખાને જઈએ એટલે દાક્તર ઇંજેક્શન જ આપી દે.' માની વાતમાં વિશ્વાસ મૂકી એ ઘેર રહી જતો. મા મોડી મોડી આવે ત્યાં સુધી અધીર થઈને રાહ જોયા કરતો.

એ યુવાવસ્થાએ પહોંચ્યો ત્યારે કંઈ કામધંધો કે નોકરી કરવાની વાત એના મનમાં ઘોળાયા કરવા લાગી. એના માટે એ પ્રયત્ન પણ કરતો રહ્યો.

એક દિવસ એ તૈયાર થઈને બહાર જવા નીકળ્યો એટલે માએ પૂછ્યું : 'ક્યાં જાય છે, સુરેશ ?'

માના પ્રશ્નથી એ જરા ચમક્યો. થોડો વિચારમાં પડી ગયો. જરા ખમચાયો. પછી એણે જવાબ આપ્યો :

'મિત્રને ત્યાં...'

અને ઝટઝટ નીકળી એ સીધો પહોંચ્યો લશ્કર માટેના ભરતી કેમ્પમાં - જિલ્લા મથકે.

❊

## ૩૧. □ખડ્યાં ઝાડ

જીવકોરમા હવે દીકરાની સાથે રહેવા અમદાવાદ જવાનાં હતાં એટલે એમને વિદાય આપવા એકઠા થઈ ગયેલા ટોળામાંથી કોઈએ પૂછ્યું : 'શહેરમાં ફાવશે ને, જીવકોરમા ?'

જીવકોરામાએ જવાબ આપી દીધો : 'શું કામ ન ફાવે ? દીકરો છે, દીકરાની વહુ છે, છોકરાં છે...' પણ એટલું બોલતાં બોલતાં તો એમની નજર ફળિયામાંનાં ખોરડાંનાં નેવાં અને મોભ ઉપર ફરવા લાગી ગઈ.

એ નજર એક વાર પેલા ટોળામાં ખૂંપી. બાળક, પ્રૌઢ અને બુઢ્ઢાં સૌ પ્રેમ નીતરતી આંખે જોઈ રહ્યાં છે. જીવકોરમા સૂકી આંખે ચહેરાઓને એક પછી એક નીરખી રહ્યાં. અરે, પોતે ઘણી વાર જેની નિંદા કરતાં હતાં એ સંતોક વહુ પણ એ ટોળામાં હતી !

જીવકોરમાની અમી વગરની એ આંખ જોઈ ટોળામાંથી કોઈ ગણગણ્યું : 'આ તો ઘેઘૂર ઝાડને ઉખાડીને બીજે રોપવા જેવી વાત થઈ છે.' 'હા એવું જ તો,' બીજું કોઈ બોલ્યું : 'આખો જન્મારો આ માટીમાં કાઢ્યો અને હવે સાવ...' જીપનું એન્જિન સ્ટાર્ટ થયું એટલે આ બોલનારે વાક્ય અર્ધું છોડી દીધું.

અને 'માને સંભાળજો', 'માની ભાળ મોકલતા રહેજો' એવા એવા પ્રેમભર્યા અવાજોને ડુબાડતો એક બોલકણી સ્ત્રીનો ઘાંટો સંભળાયો : 'જીવીમાનો દેહ પડી જાય રમણભાઈ, તો એમનાં ફૂલ પણ અમને દેખાડજો, હોં !'

દીકરો એ સ્ત્રી તરફ ભીની આંખે તાકી રહ્યો. અને એ કશો પ્રતિભાવ આપે એ પહેલાં તો જીપે હુંકાર સાથે ગતિ શરૂ કરી દીધી હતી.

❊

# ૩૨. ઊંહકારો

એક વળાંક આગળ રઘુનાથને કોઈ સાઇકલની ટક્કર વાગી અને એ ઢીંચણભેર રસ્તા પર ગબડી પડ્યા. રઘુનાથ ૭૦ વર્ષનું પાકું પાન એટલે આમ થયું. લોકો દોડી આવ્યા અને એમની સંભાળ લેવા લાગ્યા. 'કંઈ નથી થયું' 'કંઈ નથી થયું' કહી એક યુવાનના ખભાનો ટેકો લઈ કોઈ દુકાનના ઓટલે એ બેસી ગયા.

ઓટલે બેઠા તો હતા જરા કળ વળવાની રાહ જોવા, પણ ભૂતકાળના એમના એક અનુભવની સ્મૃતિમાં સાવ ખોવાઈ ગયા. મુસળધાર વરસાદમાં ફળિયું પાણીથી ઊભરાવા લાગ્યું હતું. ફળિયાનાં બીજાં છોકરાં ભેળો રઘો પણ પાણીમાં દોડાદોડ કરતો હતો. એના પગને તળિયે એક અણીદાર ખીલી પેસી ગઈ. આંખે તો તમ્મર આવી ગયાં. પણ એક ઓટલા પર બેસી જઈને એણે હિંમત એકઠી કરીને ખીલી ખેંચી કાઢી. લોહી ચૂતા ઘા ઉપર ક્યાંય સુધી આંગળી બરાબર દાબી રાખી. વરસાદ બંધ થયો અને લોહી પણ બંધ થયું. એ ઘેર ગયો. ઘેર જઈને બાપાના ગુસ્સાની બીકે એણે વાગ્યાની વાત છાની રાખી. પણ ત્રીજે દિવસે જ્યારે એ લંગડાવા લાગ્યો ત્યારે એના તરફ બાપાનું ધ્યાન ગયું : 'રઘા, કેમ લૂલો લૂલો ચાલે છે ?'

'કંઈ નથી.'

'કંઈ નથી, કેમ ? પગનું આખું પાવલું અધ્ધર રાખીને તો ચાલે છે !'

બાપાએ પગનું તળિયું જોયું અને એમનો ગુસ્સો ભભૂકી ઊઠ્યો : 'આટલું બધું વાગ્યું છે અને મોઢેથી ભસતો નથી !' ગુસ્સામાં બાપાએ રઘાને 'નઘરોળ', 'રૂંઘો', 'નર્ધન' જેવા અનેક શબ્દોથી નવાજ્યો.

પગના તળિયે થોડી ચામડી સુકાઈને લટકતી હતી એટલે ચાલતી વખતે જરાક દબાય તોપણ રઘાનો જીવ નીકળી જતો હતો. બાપાએ કાતરથી લટકતી ચામડી કાપી નાખી. પછી ખેતરમાં જવા તૈયાર થયા. બાએ કહ્યું : 'અત્યારે ખેતરમાં કેમ જવું પડે છે ?'

'જોતાં નથી, રઘાનો ઘા પાકવા માંડ્યો છે. ઉપાય તો કરવો પડશે ને ?'

'પણ વગડામાં વહેળાં નાળાં ઊભરાય છે, શી રીતે જશો ?'

'ગમે તે કરીશ...' કહી બાપા બીજું કંઈ સાંભળવા રોકાયા વગર ખેતરે જવા ઊપડી ગયા. ખેતરે જઈ કશી વનસ્પતિ લઈ આવ્યા. એને વાટીઘૂંટી લૂગદી બનાવી. એને ઘા ઉપર મૂકી પાટો બાંધી દીધો.

રઘુનાથે સ્મૃતિ ખંખેરી નાખી અને ઘર તરફ જવા માંડ્યું.

બીજા દિવસે એમને જરાક કણસી કણસીને ચાલતા જોઈ મોટા દીકરાએ પૂછ્યું : ‘કેમ લૂલા ચાલો છો, બાપુ ?’

‘કંઈ નથી.’

‘કંઈ નથી કેમ ? ચાલતાં ઊંહકારા તો કરો છો ?’

‘રસ્તે જરા પડી જવાયું હતું. બહુ ઈજા થઈ નથી.’ કહી રઘુનાથે વાત ટાળવા પ્રયત્ન કર્યો.

પણ છોકરાઓ તો તપી જ ઊઠ્યા : ‘તમને કેટલી વાર કહ્યું છે કે આમ ઊભા રસ્તે રખડ્યા ન કરો, છતાં ગણકારતા નથી !’

‘...એવા ભરચક્ક લત્તામાં શું દાટ્યું હતું તે ત્યાં પહોંચ્યા હતા ?’

‘...ટાંટિયો ભાંગ્યો હોત તો કોણ સગું થાત ?’

આમ ક્યાંય સુધી ડોસાના માથા પર માછલાં ધોવાતાં રહ્યાં.

રાત્રે રઘુનાથની વેદના વધી હતી. ઊંઘ આવતી નહોતી. અને પેલા ભૂતકાળની સ્મૃતિ ચિત્ત ઉપર ફરી ઊભરાવા લાગી : ‘નાળાં વહેળા ઊભરાતાં હતાં. બાપા ખેતરે પહોંચીને ઔષધિ લઈ આવ્યા હતા. લૂગદી કરીને પાટો બાંધ્યો હતો...અને મધરાતે કદાચ પોતે ઊંહકારો કર્યો હશે એટલે બાપાએ પોતાને ઢંઢોળીને પૂછ્યું હતું - ‘વધારે પીડા થાય છે, ભૈલા ?’

એ દિવસે તો પોતે ઊંહકારો કર્યો હતો કે કેમ એની ખબર નહોતી પણ આજે એમનાથી ઊંહકારો થઈ ગયો. અને તરત મોટા દીકરાનો બોલ સંભળાયો: ‘ટહુકા કર્યા વગર પડ્યા રહો, બાપા-બીજાની ઊંઘ બગાડો છો !’

☼

# ૩૩. એ કૃષ્ણ હતો...

‘પપ્પા, એક સુદામા તમને મળવા આવ્યા હતા.’ કહી ગ્રીષ્મા હસવા માટે જ એના પપ્પા સુનિલભાઈને સમાચાર આપતી હોય એમ સુદામા શબ્દ ઉપર ભાર મૂકીને હસી પડી. અને સાથે સાથે ઝરણાએ પણ હસવા માંડ્યું.

આ પછી સુનિલ અને એની બે પુત્રીઓ વચ્ચે જે સંવાદ થયો એમાં ક્યારેક ગ્રીષ્મા તો ક્યારેક ઝરણા બોલતી રહી.

‘કોણ હતો એ ?’ સુનિલે પૂછ્યું.

‘કવાઈટ શેબી-ગંદો, ગોબરો. બૂટ પહેરેલા રાખીને બંગલામાં ઘૂસી આવ્યો હતો.

બૂટ-ખાસડાં જેવા જોડા.'

'એણે સીધો જ સવાલ કર્યો, સુનિલભાઈ છે ?'

'પહેલાં તો અમે જવાબ જ ન આપ્યો. એના દીદાર જોતાં રહ્યાં.'

'એણે ફરી પૂછ્યું ત્યારે અમે કહી દીધું, પપ્પા ઘેર નથી.'

'એ માણસ ખોવાયેલી ચીજ શોધતો હોય એમ બંગલામાં નજર દોડાવતો રહ્યો.'

'મેં ફરીથી કહ્યું : પપ્પા ઘેર નથી.'

'ક્યાં ગયા છે ?'

'તમે ઑફિસે છો એવું જાણી-જોઈને ન કહ્યું. કહ્યું હોત તો એ માણસ ત્યાં દોડી આવત અને ઑફિસના માણસો વચ્ચે તમારી બેઇજ્જતિ થાત.'

'એણે તમારો મોબાઈલ નંબર માગ્યો !'

'કોઈ અજાણ્યા માણસને ફોન નંબર ન આપવો એવું મમ્મી ઘણીવાર કહે છે એટલે કહી દીધું, લાંબો નંબર મોઢે યાદ નથી.'

'એ ખિજાયો અને અમને 'ઉદ્ધત છોકરીઓ છો' એવું કહી એણે અમારી તરફ આંખો કાઢી.'

'મેંય ખિજાઈને એને કહ્યું, 'આમ ચાલ્યા આવો તે કેમ ચાલે ? ફોન કરીને આવવું જોઈએ.'

'પોતાના ઘેર જતી વખતે કોઈ ફોન ન કરે' એવું બોલી એ માણસ ધૂંધવાતો ઝડપથી ચાલ્યો ગયો.

'શું નામ હતું એ માણસનું ?'

'ખબર નથી.'

'પૂછવું જોઈએ ને ?'

'એ એકાએક ભાગ્યો ન હોત તો એય પૂછી લેત.'

'તમારી મમ્મી નહોતી ?'

'રસોડામાં હતી.'

એ પળે સુનિલની પત્ની નીતા અંદરના ખંડમાંથી આવી. એણે કહ્યું : 'એવા લેભાગુ માણસનાં નામ-ઠેકાણાની પંચાયતમાં પડવાનું હોય નહીં.'

'પોતાના ઘેર જતી વખતે કોઈ ફોન ન કરે. એવું કહેનાર માણસ લેભાગુ ન હોય, આ માણસ આપણા ઘરને પોતાનું ઘર માનતો લાગે છે. તેં એને નજરે જોયો હતો, નીતા ?'

'ના, હું રસોડામાં હતી ને છોકરીઓને એણે ઉદ્ધત કહી તે મેં સાંભળ્યું હતું.'

સુનિલ વિચારમાં પડી ગયો. એણે આગંતુકના દીદાર વિશે છોકરીઓને ઝીણવટથી પૂછ્યું.

સાંભળ્યા પછી હતાશાનો એક આંચકો લાગ્યો હોય એમ સુનિલ ઉદ્વેગભર્યા સૂરમાં બોલ્યો : 'ગજબ કર્યો છોકરીઓ તમે. જે આવ્યો હતો તે કોઈ સુદામા નહીં પણ કૃષ્ણ હતો ! અલગારી, શ્રીમંત, મોટો જાગીરદાર, હજાર વીઘા જમીન, કાર, ઘોડાગાડી અને છતાં ટ્રેક્ટર અને કલ્ટીવેટર ચલાવતો ખેડૂત...'

આટલું કહ્યા પછી સુનિલે છોકરીઓને કહ્યું : 'ગ્રીષ્મા, ઝરણા, તમે અત્યારે જે બંગલામાં વસો છો તે અગાઉ કંટ્રી ઈંટો અને માટીમાં ચણેલું ખોરડું હતું. પાયાથી નવેસર રૂપ ધારણ કરીને બંગલો બન્યું એમાં એ સુદામાએ આપેલી વગર વ્યાજની છ લાખ રૂપિયાની લોન ખરી...કેટલાં બધાં વરસથી એ અંતર્ધાન હતો અને આજે દેખાયો ! છોકરીઓ, તમે એને દુભવ્યો !'

✻

## ૩૪. એક અપુત્ર માણસનો પ્રબંધ

જીવણલાલ બધી રીતે સુખી હતા, પણ એક વાત એમને સંતાપી રહી હતી. પોતે નિઃસંતાન હતા, એ એમના સંતાપનું કારણ હતું. પ્રૌઢ વયમાં તો એ વિવિધ રીતે મનને સમજાવી લેતા. કોઈના ઉદંડ, રખડુ કે દુરાચારી પુત્રને નજર સમક્ષ રાખી પોતે અપુત્ર હોવામાં એક ઈશ્વરી આશીર્વાદ માની આશ્વાસન મેળવી લેતા.

પણ જેમ જેમ વય ઢળતી જતી ગઈ તેમ તેમ પેલો તર્ક શિથિલ થતો ગયો. હવે કોઈનો રખડુ છોકરો એમના માટે આશ્વાસનનું કારણ બની શકતો નહોતો. વૃદ્ધાવસ્થામાં ડગલે ને પગલે એમને કોઈની સહાયની જરૂર પડવા લાગી. જીવનજરૂરિયાતની વસ્તુઓની ખરીદી, અનેક પ્રકારના ટેક્સ કે બીલનાં ચુકવણાં, તાર, ટેલિફોન, રેલવે, કચેરીઓના ધક્કા...આ બધી ઝંઝટમાંથી એમને થોડી મુક્તિ હતી ? એમને ફળિયાના કોઈ ને કોઈ રહીશની મદદ લેવી પડતી હતી. જોકે ફળિયાના રહીશો, સહેજ પણ કચવાટ વગર અને ક્યારેક તો હોંશે હોંશે એમનું કામ કરી દેતા, છતાં જીવણલાલ હૈયામાં ઊંડે ઊંડે એક પ્રકારનું ઓશિયાળાપણું અનુભવતા.

સિત્તેર વર્ષ વટાવ્યા પછી એમનો આ ભાવ તીવ્ર થવા લાગ્યો. હવે એમને ફળિયાના લોકોની સેવામાં ઉમંગ કે હોંશને બદલે સહાનુભૂતિ કે દયાનાં દર્શન થવા લાગ્યાં. દયનીય સ્થિતિ તો એમને કદીય માન્ય નહોતી. હવે એમને લાગવા માંડ્યું

કે નિઃસંતાન હોવું એનાં કરતાં રખડતા, ભટકતા, વ્યસની કે દુરાચારી પુત્રના પિતા હોવું એ બહેતર છે.

પંચોતેરમું વર્ષ પૂરું થયું એટલે એમને લાગવા માંડ્યું કે હવે છેલ્લાં વર્ષો વહી રહ્યાં છે. મોત ઘણું દૂર નથી. દૂર હોય તોપણ કેટલું દૂર હોય ? રાત્રિઓ સૂની લાગવા માંડી. એ સૂનકારમાં એમને એક ભીતિ સતત લાગવા માંડી કે એકાએક તબિયત બગડે તો અધરાતે એમનું કોણ ? ડૉક્ટરને બોલાવવા કોણ દોડે ? કોણ દવાખાને પહોંચાડે ? એક પુત્ર હોય તો ? આ આરત સાથે એમનું હૈયું બેસી જતું.

અને એક વખત એક અધરાતે-મધરાતે તો નહીં, પણ દિવસે એમને પેઢું અને પેટના વિસ્તારમાં દુઃખાવો ઊપડ્યો. આવું ક્યારેક ક્યારેક થતું પણ એ ગણકારતા નહીં. એ દિવસે દુઃખાવો વધારે પડતો હતો, એટલે એ પોતે દવાખાને ગયા. એક્સ-રે અને સોનોગ્રાફી બંને થયાં. કિડનીમાં ગાંઠ હોવાનું નિદાન થયું.

'કેન્સરની ગાંઠ હોય ખરી ?' જીવણલાલે ડૉક્ટરને સીધો સવાલ કર્યો.

'બાયોપ્સીથી ખબર પડે,' ડૉક્ટરે જવાબ આપ્યો : 'જે હોય તે, પણ ઑપરેશનથી એ ગાંઠ વહેલી તકે કાઢી નાખવી જોઈએ.'

એકાદ મહિનો ખેંચાયો. પછી લાગ્યું કે ઑપરેશન સિવાય બીજો કોઈ માર્ગ નથી. એટલે ઑપરેશનનો નિર્ણય લેવાયો.

જીવણલાલને લાગ્યું કે નિઃસંતાન હોવું એ એક અભિશાપ છે.

જીવણલાલની ચિંતા સમજી લઈ પિતરાઈ ભાઈ અને ભત્રીજાઓએ કહ્યું : 'તમે કશી ચિંતા ન કરશો. બધી વ્યવસ્થા થઈ જશે.'

ઑપરેશન થયું. સફળ રહ્યું.

જીવણલાલ જ્યારે ભાનમાં આવ્યા ત્યારે એમને સમજાયું કે પોતે હૉસ્પિટલના એરકન્ડિશન્ડ સ્પેશિયલ રૂમમાં હતા. એમણે રૂમમાં નજર ફેરવી. સ્ટૂલ પર, ખુરશી પર, સામેના બીજા પલંગ પર, ભીંતને અઢેલીને ઊભેલા એમણે માણસોને જોયા. ભાઈ-ભત્રીજાઓ ઉપરાંત ફળિયાના ઘણા માણસો એમાં હતા.

જીવણલાલની ફરતી આંખોનો ભાવ પારખીને એક જણે કહ્યું : 'નીચે પણ ફળિયાના પચીસ-ત્રીસ માણસો ઊભા છે, દાદા.'

જીવણલાલે પોપચાં ઢાળ્યાં. રિપોર્ટ બાકી હોય એમ બીજા કોઈએ કહ્યું : 'જરૂર પડ્યે લોહી આપવાની તૈયારી સાથે આઠ-દસ છોકરાઓ બ્લડ બૅન્કમાં હતા એય આવી ગયા હશે.'

બંધ પોપચે જીવણલાલ આ સાંભળી રહ્યા હતા. એ પોપચાંમાંથી અશ્રુબિન્દુ

ખરવા લાગ્યાં હતાં.

અને આખા જીવનનો વસવસો આ બિન્દુઓ દ્વારા ધોવાઈ રહ્યો હતો.

✻

## ૩૫. એક આથમતી સાંજ

નર્સિંગ હોમની પરિચારિકાઓ સિવાય એની કોઈ ખબર લેનાર નથી એવું જાણ્યા પછી એ એના રૂમમાં પ્રવેશ્યો. સાવ વૃદ્ધ અને કૃશકાય એ પલંગ પર સૂતાં સૂતાં કોઈ મેગેઝિન વાંચી રહી હતી.

હવે તો એ પણ પ્રૌઢાવસ્થા વટાવી ચૂક્યો હતો એટલે કશા જોશ વગર રૂમમાં દાખલ થયો હતો, છતાં એનો અણસાર પામી જઈને પલંગ પરની વૃદ્ધાએ ચહેરા સામેથી મેગેઝિનને બાજુ પર નમાવ્યું અને એ વિસ્ફારિત આંખે વૃદ્ધાના ચહેરા તરફ જોઈ રહ્યો. અગાઉ જે ચહેરાની તંગ ત્વચા પર લાવણ્ય વિલસી રહ્યું હતું એના સ્થાને ઊભી-આડી નીકોની એક જાળ ! કાન તરફ ખેંચાયેલા લાંબાં અને ચમકતાં નયનને સ્થાને ખાડામાં સંકોડાઈ ગયેલી નિસ્તેજ આંખો, જે આંખ ક્યારેક પ્રેમિકા, ક્યારેક અભિસારિકા ક્યારે મહારાણી, ક્યારેક નગરવધૂ...આ બધાં પાત્રોનું સત્ત્વ માત્ર ભાવાભિનયથી પ્રભાવક બની રહેતી એ આજે નિસ્તેજ પથ્થરના ટુકડા શી...એ સિનેમાના પડદા ઉપર હોય ત્યારે દેશના શહેર-નગર અને ગામડાંના માનવીઓનો પણ ધસારો છબીઘરો તરફ થતો અને ક્યારેક ટિકિટના ધૂમ કાળાબજાર થતાં...

એણેય તો એક ફિલ્મના શો વખતે ટિકિટના સો રૂપિયા ખર્ચ્યા હતા. એની પાછળ ઘેલછા તો કેવી ! એને મળવાની લાલસામાં એણે એના બંગલે કેટકેટલા આંટા માર્યા હતા ! પણ એકેય વખતે મળવાનો ગજ વાગ્યો નહોતો.

સાવ દુર્ઘર્ષ ! એક વખત દરવાનને આઘોપાછો જોઈ એ એના ખંડ સુધી પહોંચી ગયો હતો. ખંડમાં એના સિવાય બીજું કોઈ નહોતું. એના હાથમાં બાબુરાવ પટેલનું 'ફિલ્મ ઇન્ડિયા' હતું. એને એની સાથે વાત કરવાનું કોઈ જ બહાનું નહોતું. એને તો માત્ર એનું એક સ્મિત મેળવી લેવું હતું. અને કદાચ હાથ લાંબો કરે તો...પણ એમાંનું કંઈ બન્યું નહોતું. એક અજાણ્યા માનવીને આમ છેક અંદરના ખંડ સુધી ઘૂસી આવેલો જોઈ એ ગુસ્સાથી લાહ્ય લાહ્ય થઈ ઊઠી હતી. અને એ જ વખતે ભારે ગફલતની ભોંઠપ સાથે દરવાન હાંફતો હાંફતો ધસી આવ્યો હતો. તત્કાળ તો દરવાન ઉપર ગુસ્સે થવાનું મુલત્વી રાખીને હુકમ છોડ્યો હતો : 'નિકાલો ઈસ જંગલી કો

ધક્કે મારકે...'

અને એવું જ થયું. ગફલત સરભર કરવા જાણે દરવાન જોશમાં આવી ગયો અને...

અને આજે !

કોઈ દરવાન ધસી ન આવ્યો !

સ્ત્રીની નિસ્તેજ આંખોમાં સ્મિત અને ઉમળકાનો એક ઝબકારો દેખાયો. સહેજ અંતરે થોભી જઈને એણે બે હાથ જોડીને સ્ટુલ ખેંચીને બેસવા સૂચવ્યું.

એ બેઠો.

સ્ત્રીએ એના બંને હાથ લંબાવ્યા. સંકેતને સમજી એણે એનો હાથ લાંબો કર્યો. ઝડપી લેતી હોય એમ સ્ત્રીએ એ હાથને પોતાની હથેળીઓમાં લઈને દાબ્યો. અંદરથી પ્રગટી રહેલા કોઈ બળનું જોશ એમાં ભળેલું હતું.

થોડી વાર સુધી એ મૂંગો બેસી રહ્યો. એનો હાથ સ્ત્રીની હથેળીઓમાં દબાયેલો હતો જ્યારે જવાની તૈયારી રૂપે એણે પોતાનો હાથ સહેજ ખેંચવાની ચેષ્ટા કરી ત્યારે સ્ત્રીએ એનો હાથ વધારે બળપૂર્વક દબાવ્યો. જાણે કહેવા માંગતી હોય. 'થોડી દેર તક બેઠો.'

અને એ હજુય મૂંગો મૂંગો બેસી રહ્યો.

એને કંઈ કહેવાનું ન હતું.

❊

## ૩૬. એક આદર્શ કજોડું

એક દિવસ ગોદાવરીબહેન પાડોશીને એક સ્ત્રી સાથે વાત કરતાં પોતે દીકરી માટે છોકરો કેવી રીતે પસંદ કર્યો એ વિશે કહી રહ્યાં હતાં : 'ભઈ, અમે તો ફક્ત છોકરો જ જોયો હતો. બાકી, વેવાઈના ઘરની શી સ્થિતિ હતી એ તમારાથી ક્યાં અજાણ્યું છે ? અમારા વેવાઈનું ગામ એ તમારું પિયર. તમે તો બધું જાણતાં હો ને. શું હતું વેવાઈ પાસે ? જમીન નહીં, જાગીર નહીં. કોઈ મોટો ધંધો નહીં. નોકરી એટલો આધાર. મથુરભાઈ પ્રોફેસર પણ મૂળ તો માસ્તર જ ને ? પગારમાંથી તે કેટલી બચત થાય છે ? એટલે પૈસેટકે તો સમજ્યાં મારા ભઈ, પણ છોકરો બત્રીસલક્ષણા રાજકુંવર જેવો, ભણવાગણવામાં એક નંબરનો હોશિયાર, દાક્તર, ઇજનેર કે મોટો ઑફિસર થાય એવું એનું ગજું અમારા જોવામાં આવ્યું. અને અમે છોકરો પસંદ કરી લીધો...વેવાઈ

કે એમના ઘર સામે અમે જોયું જ નથી. વેવાઈના ઘરની સ્થિતિ વિશે મેં કંઈ ખોટું કહ્યું હોય તો બોલો...'

'તમારી વાત જરાય ખોટી નથી, ગોદાવરીભાભી,' પાડોશણે ઉત્તર આપ્યો. 'મથુરભાઈનું ઘર પહેલેથી જ ઘસાયેલું. સ્થિતિ સાવ નબળી અમે જાણીએ ને.'

ગોદાવરીબહેને એમના લાક્ષણિક લહેકા સાથે વાત આગળ ચલાવી : 'અમે તો અંધારામાં ભૂસકો મારેલો. પણ ધાર્યા પ્રમાણે બધું પાધરું અને પાંશરું ઊતર્યું. આજ દીકરી મોટા બંગલામાં રહે છે અને મોંઘી ગાડીમાં ફરે છે. ઘેર નોકર-ચાકર અને રસોયો પણ છે. સાચું કહું અનસૂયાવહુ, અમે જુગાર ખેલ્યો હતો અને પાંશરો પડી ગયો.'

એક દિવસ મથુરભાઈને ત્યાં એક અતિથિ આવ્યા હતા. ધંધા અને અર્થવૈભવની વાત નીકળતાં અતિથિએ કહ્યું : 'ખોટું ન લગાડતા મથુરભાઈ, જુગલભાઈએ એમની દીકરી તમારે ત્યાં નાખી ત્યારે અમને જરાક નવાઈ લાગી હતી. ધનવૈભવમાં આળોટતા આ માણસે તમારા જેવા મધ્યમવર્ગના વેવાઈ કેમ પસંદ કર્યા એની અમને નવાઈ હતી. તમારા બંનેની સ્થિતિ વચ્ચે કેટલો બધો ફેર ?'

'પાર વગરનો ફેર,' મથુરભાઈ બોલ્યા : 'પૈસા સિવાય એમની પાસે શું હતું? કેળવણીના નામે મીંડું ! જુગલભાઈ જેવા માણસને વેવાઈ તરીકે હું કદી પસંદ ન કરું. છતાં ખરું કહું ? એમનું માગું આવ્યું અને અમે સ્વીકાર્યું એમાં અમે તો એમની દીકરી જોઈને જ એ સંબંધ જોડ્યો હતો. વેવાઈ તો ચાર ચોપડી ભણેલા. પત્ની સાવ અભણ. મૂછનો દોરો હજુ તો ફૂટ્યો નહોતો અને જુગલભાઈ રોટલો રળવા શહેરમાં પહોંચી ગયેલા. કારખાનાંઓમાં કાળી મજૂરી કરતાં કરતાં કારીગર બન્યા. ધીરે ધીરે સ્વતંત્ર ધંધાવાળા બન્યા. શ્રીમંત થતા ગયા. ધંધાના કસબ સિવાય એમને જગતની કશી જાણકારી નહીં. જગતના ઇતિહાસ, સંસ્કૃતિ, સાહિત્ય, મહામાનવો સર્વથી સાવ અજાણ. આ બધું જાણવા છતાં અમે કન્યા જોઈ. સુશીલ, સ્માર્ટ અને અભ્યાસમાં તેજસ્વી, માગું સ્વીકારી લીધું. અંધારામાં ભૂસકો માર્યો. પણ એક કન્યારત્ન લાધ્યું. જુગાર ખેલ્યાનો અફસોસ ન રહ્યો !'

છોકરા-છોકરીનો સંસાર તો સરસ અને સુમેળભર્યો ચાલે છે. પણ વેવાઈઓ જ્યારે મળે છે ત્યારે ખબરઅંતર પૂછી લે છે. થોડી હવામાનની વાત કરી લે છે. પછી વાતનો વિષય શોધતા હોય એ મૂંગા બેસી રહે છે. અંધકારમાં સામસામે બેઠા હોય એમ સ્તો ! જાણે એક આદર્શ કજોડું !

❊

# ૩૭. એક કામણગારો બોલ

આકાર લઈ રહેલા દસ માળના એક કૉમ્પ્લેક્ષમાં રૂપસી અને એનો બાર વર્ષનો દીકરો માટી ઉપાડવાનું કામ કરી રહ્યાં હતાં. રૂપસી પાવડાથી તગારામાં માટી ભરતો હતો અને પછી એને દીકરાના માથે ચઢાવતો હતો.

બિલ્ડિંગ કૉન્ટ્રાક્ટર શ્યામલાલ ચાલી રહેલું કામ નિહાળવા સાઈટ ઉપર આવ્યા. રાઉન્ડ લેતાં લેતાં એમણે રૂપસીને ઉદ્દેશીને એક અછડતો ઉદ્ગાર કાઢ્યો : 'અલ્યા, તબડકામાં ઓછું ભર; છોકરાની ડોક મરડાઈ જશે.'

ઉત્સાહમાં આવી જઈને રૂપસીએ જવાબ આપ્યો : 'એને કંઈ નો થાય, શેઠ. એ તો ટેવાઈ ગયો.'

પણ શ્યામલાલને રૂપસીના પ્રતિભાવની ક્યાં જરૂર હતી ? એમણે તો આદતવશ, એક કૉન્ટ્રાક્ટરને શોભે એવો એક બોલ કાઢ્યો હતો. એ બોલ વહેતો મૂકીને એ તો આગળ નીકળી ગયા હતા.

પણ કૉન્ટ્રાક્ટરના ઉદ્ગારથી પ્રભાવિત રૂપસી ગદ્ગદ થઈ ગયો. શેઠના ઉષ્માભર્યા બોલથી એને તો જાણે આખા દિવસનો થાક ઊતરી ગયો.

છોકરાએ પણ શ્યામલાલનું વાક્ય બરાબર સાંભળ્યું હતું અને બાપનો જવાબ પણ પોતાની કાર્યશક્તિની બિરદાવલીથી એની ડોક ટટ્ટાર થઈ હતી. આંખમાં ચમક આવી હતી. અને મધરાતે ઊંઘમાં પણ એ છોકરાની બિડાયેલી આંખના પોપચા નીચે પેલી ચમક લપાયેલી હતી.

રૂપસી ઊંઘમાંથી જાગી ગયો હતો, જાણે ઊંઘ ઊડી ગઈ હોય એમ ! ખાટલાની બાજુમાં ભોંય પર ઊભા પગે બેઠો બેઠો એ ચલમ પી રહ્યો હતો અને ચિત્તમાં ઘોળાઈ રહેલા પેલા બોલને ફરી ફરી હૈયે ચાંપી રહ્યો હતો : 'અલ્યા તબડકામાં ઓછું ભર, છોકરાની ડોક મરડાઈ જશે.' અને સાથે સાથે રૂપસી વારંવાર બોલી રહ્યો હતો : 'કેટકેટલી લાગણી હોય ત્યારે આવું વેણ નીકળે, હેં ભૈ ?'

⁂

# ૩૮. એક ગતકડું

કોઈ ધજાનું દર્શન કરાવતા હોય એમ ઝુમખલાલે બે હાથની મદદથી એમનો ઝભ્ભો પ્રસારીને બુલાખીદાસ આગળ ધર્યો અને પૂછ્યું : 'સમજાય છે કંઈ ?'

બુલાખીદાસે જવાબ આપ્યો : 'તમે પચીસ વરસના હોત તો ઝટ કહી દેત કે કોઈએ તમારી ફેંટ પકડી હશે. એ પછી ઝપાઝપી થઈ હશે. એમાં ઝભ્ભાના આવા લીરા થયા હશે. આ રહસ્યમય દર્શન છે. એના વિશે તમે જ કહો.'

ઝુમખલાલ બોલ્યા : 'ઘટના સ્થળે પરમેશ્વર આવી પહોંચ્યા. અને અત્યારે અમે તમારી સામે હેમખેમ બેઠા છીએ.'

'હજુ કંઈ ન સમજાયું. વાતનો વિસ્તાર કરો.'

અને ઝુમખલાલે પોતાની વાતનો આરંભ કર્યો. 'આજ સવારે દસ વાગ્યે અમે વેરાઈ ચકલાના માર્ગે જઈ રહ્યા હતા. સામેથી રસ્તાની ધારે ધારે એક ગાય મંદ ગતિએ આવી રહી હતી. કહો, બંધ આંખે લય સાથે ચાલી રહી હતી. અને થોડે અંતરે એક આખલો બરાબર એવી જ ગતિએ આવી રહ્યો હતો. બંધ આંખ અને એ જ ચાલ.'

જરાક થોભી ઝુમખલાલે ઉમેર્યું : 'એકાદ ફૂટનું અંતર રાખી ગાયની બાજુમાં થઈને અમે આગળ ચાલ્યા. આખલાનું તો તમે સમજો છો ને બુલાખીદાસ, ઝનૂન એની આંખમાં ભર્યું હોય. એની કરડી આંખ જોઈને ભાગી છૂટવાનું મન થાય. અત્યારે એની આંખ બંધ હતી એ અમે જોઈ શકતા હતા એટલે એની આંખમાં શું હતું એની શી ખબર પડે ? બંધ આંખ એટલે કશાક કેફમાં હશે એ વાત નક્કી. હું અને આખલો અડખે-પડખે થયા એ વખતે કોણ જાણે એ આખલાને શું સૂઝ્યું તે હવામાં ચાપ રચવા માંગતો હોય એમ એણે શિંગડાને ગતિ આપી. શિંગડાએ અમારા વક્ષઃસ્થળ અને ઝભ્ભા વચ્ચે પ્રવેશ કર્યો. શિંગડાએ પ્રવેશ પછી નિષ્ક્રમણ માટે ઉપાડો લીધો અને અમારા ઝભ્ભાની તમે જોઈ એ સ્થિતિ થઈ. આખલાનું શિંગડું છાતીને માત્ર અડકે તોપણ એકાદ-બે પાંસળાં ભરડાઈ જાય. પણ અમારી છાતી સલામત રહી અને જે થયું તે ઝભ્ભાને થયું. હવે તમે જ કહો બુલાખીદાસ, વગર ગરુડે ભગવાન આવી પહોંચ્યા કહેવાય કે નહીં ?'

બુલાખીદાસ કંઈ બોલ્યા નહીં એટલે ઝુમખલાલે જ કહ્યું : 'હું તમને જાણું ને, ભગવાનની વાતમાં તમે નહીં માનો. આને તમે ચમત્કાર પણ નહીં કહો. અકસ્માત જ કહેવાના.'

બુલાખીદાસ બોલ્યા : ‘હું તો આને ચમત્કાર કે અકસ્માત પણ ન કહું.’

‘ત્યારે શું કહેશો ?’

‘એટલું જ કહીશ કે આખલો સ્વપ્નમાં જરાક ડોલ્યો.’

‘શું ગતકડું કાઢ્યું તમે, બુલાખીભાઈ ?’

‘સાચું સમજો તો ઝુમખભાઈ આખલાએ તમારી નોંધ જ લીધી નથી. એ લીધી હોત તો તમે અત્યારે અહીં ન હોત.’

‘તો પછી તમે શું કહો છો ?’

‘આખલો ગાયની પાછળ પાછળ ગતિ કરી રહ્યો હતો. ગાયની આસક્તિમાં લીન હતો. મનમાં કોઈ ઉમંગની ક્ષણે એણે જરાક શિર ડોલાવ્યું. શિંગડું ઊંચું થયું, તમારા ઝભ્ભામાં ભરાયું. આખલાએ એ ખેંચી લીધું એ વખતે તમારા ઝભ્ભાની આ સ્થિતિ થઈ. બીજું કંઈ નહીં.’

*

## ૩૯. એક ગલીમાંની વાત

એણે શહેરની એક સાંકડી ગલીમાં પ્રવેશ કર્યો. ચાર દાયકા પછી એ આ ગલીમાં પગલાં માંડતો હતો. ૪૦ વર્ષ પૂર્વે ગલી જે હતી તે આજે હતી, કશો ફેરફાર થયો નહોતો, ફેરફારમાં તો ગલીની અધવચ્ચે આવેલું જીર્ણ રામજી મંદિર વધારે જીર્ણ બન્યું હતું.

ગલીને છેડે એક ભાડાની ઓરડીમાં એ રહેતો હતો. આસપાસમાં લારી ખેંચીને જીવનનિર્વાહ કરનારાં ત્રણ-ચાર મજૂર કુટુંબો રહેતાં હતાં.

ગલીમાં જતાં-આવતાં અને ગલીની જ એક યુવાન કન્યા સાથે પરિચય થતાં એ કન્યા એની ઓરડીએ આવતી-જતી થઈ હતી.

છોકરીની નિત્ય આવન-જાવન આસપાસનાં પડોશીઓ માટે શંકાનું કારણ બની. એ યુવાન તો હતો જ પણ હજુ એની મુગ્ધાવસ્થા દૂર થઈ નહોતી, એ ભીરુ હતો. પોતે ઓરડીમાં હોય ત્યારે ક્યારેક બહાર લોકસંવાદમાં ઉચ્ચારતાં વાક્યો એના કાને પડી જતાં અને એ સમસમી ઊઠતો. આવો માહોલ એના માટે ગૂંગળામણભર્યો બની રહેતો.

ધીમા રોગની જેમ ધીરે ધીરે આખી ગલીમાં છોકરી સાથેના એના સંબંધની વાત પ્રસરી ચૂકી. કશું પાપ નહોતું, છતાં વધતી જતી મનની અશાંતિના ભાર નીચે

એ ચંપાતો રહ્યો. ઓરડીમાંથી બહાર નીકળીને ગલીમાંથી એ પસાર થતો ત્યારે એને લાગતું કે લોકોની નજર એને શારી રહી છે.

અશાંતિનો ભાર અસહ્ય થઈ પડ્યો ત્યારે એક દિવસ એણે ગલીનો નિવાસ ત્યજી દીધો.

આજે અહીં આવવા નીકળ્યો ત્યારે એની ગણતરી હતી માનવીઓની ઘણી ફેરબદલી થઈ ગઈ હશે. નિંદા કરનારી છોકરીઓ સાસરે જઈને ઠરીઠામ થઈ હશે. ઝીણી નજરે જોનારાં પ્રૌઢ સ્ત્રી-પુરુષોમાંના મોટા ભાગનાં મરી પરવાર્યાં હશે...

ભીતિ કે ભયનું કોઈ કારણ નહોતું. કોઈની નજર એને શારવાની નહોતી છતાં એ એક અપરાધીની જેમ ડગલાં ભરી રહ્યો હતો.

પોતે જ્યાં રહેતો હતો એ ઓરડી આગળ આવ્યો.

એક શ્વેતકેશી વૃદ્ધા ઘર આગળ એક જીર્ણ ખાટલામાં બેઠી હતી. ઘર સામે એ ઊભો રહ્યો ત્યારે વૃદ્ધા કશોક અણસાર પામવા માગતી હોય એમ હાથનું નેજવું કરીને થોડી વાર એને નીરખી રહી. પછી સ્મૃતિ મદદે આવી હોય એમ બોલી : 'કુમારભાઈ તો નહીં ?'

'હા, હું કુમારભાઈ.'

'કેટલે વર્ષે દેખાયા ?'

'હા, ચાર દાયકા વીતી ગયા...'

'એ જ ખોટું થયું !'

'કેમ એમ કહો છો, માજી ?'

'જ્યારે આવવું જોઈતું હતું ત્યારે ન આવ્યા.'

સલામત ક્ષણો પારખી એણે વૃદ્ધાને પૂછ્યું : 'પદ્માની વાત કહો છો ?'

'હા, પદ્માની જ વાત.'

'ક્યાં છે, એ ?'

'જાણવાની જરૂર હતી ત્યારે ન જાણ્યું, હવે જાણીને શું કરશો ?' કહી કશું ન કહેવા મક્કમ હોય એમ વૃદ્ધા ત્યાંથી ઊઠીને ચાલવા લાગી. કદાચ ગલીમાંના પોતાના ઘર તરફ.

※

# ૪૦. એક જ નાવના મુસાફર

જૈમિન ઑફિસેથી ઘેર આવ્યો ત્યારે શૈલા ઉદાસ ચહેરે હીંચકા પર બેઠી હતી. એના હાથમાં એક ખુલ્લી નોટબુક હતી.

શૈલાને આમ સૂનમૂન બેઠેલી જોઈ જૈમિન બોલ્યો : 'શૈલા, કેમ આમ બેઠી છે ? કંઈ તકલીફ છે ?'

શૈલાએ હાથમાંથી નોટબુક જૈમિનની તરફ ધરી અને કહ્યું : 'વાંચો, તમારા દીકરાએ શું લખ્યું છે તે.'

'શું લખ્યું છે ?'

શૈલા બોલી : 'પૂજા આગળ રામની છબી સામે મીટ માંડીને રોજ મારી પડખે બેસી રહેતા અમનને હું તો બાળભગત માન્યા કરતી હતી. હવે સહેજ મોટો થયો એટલે કેવો બદલાઈ ગયો છે ! સાવ નાસ્તિક. રામજીને હવે કેવા ભાવથી જુએ છે ! વાંચો એટલે ખબર પડશે.'

જૈમિને એ નોટબુક હાથમાં લીધી. પાન ખુલ્લું જ હતું. એના પર આ લખાણ હતું : 'રામરાજ્ય વખતની ન્યાયપદ્ધતિ કરતાં અત્યારના હડહડતા કળિયુગની આપણી ન્યાયપદ્ધતિ ઘણી સારી છે. આપણે નવ્વાણું ગુનેગારો ભલે છૂટી જાય પણ એક નિર્દોષ ખોટી રીતે અન્યાયનો ભોગ બનીને માર્યો ન જાય એ નીતિ સ્વીકારી છે પણ રામરાજ્યમાં રાજા રામે રાજધર્મના નામે ન્યાયનું ગળું ટૂંપીને સીતાને ઘોર અન્યાય કર્યો છે. સીતા નિષ્કલંક અને તેથી સંપૂર્ણપણે નિર્દોષ હોવાની પૂરી ખાતરી હોવા છતાં રાજાએ એક ગર્ભવતી સ્ત્રીને હિંસક પશુઓવાળા જંગલમાં નિઃસહાય છોડી દેવાની શિક્ષા કરી છે. માત્ર શંકાથી ભ્રમિત થયેલી પ્રજાને સાચી વાત સમજાવવાનો રામનો રાજધર્મ નહોતો ? રામે પ્રજાને કહી દેવું જોઈતું હતું કે હું ન્યાય આપવા બેઠો છું સાચને વળગીને ખરો ન્યાય આપીશ. સીતાએ અગ્નિ પરીક્ષા આપી છે. એમાં એ નિષ્કલંક સિદ્ધ થઈ છે તેથી નિર્દોષ છે.'

પણ અહીં રાજા રામ ન્યાયને કારણે મૂકીને પોતાના અણઘટતા નિર્ણયના સમર્થનમાં રાજધર્મની સુફિયાણી વાત કરે છે, જે રાજને છાજતું નથી. પ્રજા ઇચ્છે તેમ નાચવું એ રાજધર્મ ? રાજાએ તો જરૂર પડ્યે કઠોર બનીને ભ્રમિત પ્રજાની સાન ઠેકાણે લાવવી જોઈએ.'

અમને અંતમાં એક વિચિત્ર વાત લખી હતી. એણે લખ્યું હતું : 'મારે રામાયણની કથાને આગળ વધારવાની હોય તો હું આમ લખું - એક દિવસ જાસૂસે રામ આગળ

આવીને કહ્યું : 'મહારાજ, પ્રજામાં એક એવી વાયકા પ્રસરી રહી છે કે દુઃખના ઘેનમાં ચકચૂર અને હતાશ રાજા પ્રજાનું શું કલ્યાણ કરે ? એવા રાજાએ રાજગાદી છોડીને જંગલમાં ચાલ્યા જવું જોઈએ.'

આ જાણ્યા પછી રાજધર્મધારી રામે મુગટ ઉતાર્યો, શરીર પરથી આભૂષણ વેગળાં કર્યાં. કીમતી વસ્ત્રો ત્યજીને વલ્કલ ધારણ કર્યાં અને પગપાળા જંગલ તરફ પ્રયાણ કર્યું...'

અમનનું લખાણ વાંચ્યા પછી થોડી ક્ષણો સુધી જૈમિન વિચાર કરતો રહ્યો પછી બોલ્યો : 'શૈલા, આ વાંચીને હું પ્રસન્ન થયો છું.'

'આવું ગાંડું-ઘેલું લખાણ વાંચીને તમે પ્રસન્ન થયા છો.'

'હા, શૈલા. હું અમનને એના લખાણ માટે અભિનંદન આપીશ. અને પુરસ્કાર પણ.'

હતાશ શૈલા બોલી : 'બાપ-દીકરો એક જ નાવના સવાર છો. સાવ નાસ્તિક!'

*

# ૪૧. એક તારાંકિત સવાલ

વિશ્વામિત્રીનો પટ ઊભરાય ત્યારે એ નદી કોઈનીય ન રહે. ઉપરવાસમાં જ્યારે વધારે વરસાદ હોય ત્યારે ભયસૂચક સાયરન વાગતી થાય અને પ્રતાપગંજ તેમજ સયાજીગંજના રહીશોના જીવ તાળવે ચોંટી જાય.

એ વર્ષે મધ્ય ગુજરાતમાં બારે મેઘ ખાંગા થઈને વરસવા માંડ્યા હતા. રાત અને દિવસ, દિવસ અને રાત. ક્યાંય અટકસ્થાન નહીં.

પૂરે મંડાણ આરંભ્યાં અને ધીરે ધીરે નદી પરના શહેરના સઘળા પુલ ઉપર થઈને પાણી વહેવા લાગ્યાં. ઝૂલતો પુલ, કાળા ઘોડા નજીકનો પુલ, કીર્તિમંદિરનો પુલ...અમદાવાદમાં સાબરમતીનાં ગાંડાતૂર જળને જોવા માનવમેદની પુલો પર કીડિયારાની જેમ ઊભરાય છે એવી અહીં કોઈ શક્યતા નહોતી. ઘરમાં પુરાઈ રહેલાં કે માળ ઉપર ફસાઈ રહેલાં માનવીઓએ તો વિશ્વામિત્રીના પ્રલયતાંડવના ઘુઘવાટ સાંભળીને ભયથી ધ્રૂજવા સિવાય બીજો કોઈ આરો નહોતો.

પણ પ્રભાકરના પુત્ર સંકેતનું કુતૂહલ તેજીલા કોઈ તોખાર જેવું ચંચળ હતું. નદીનું તાંડવ જોવા એ અધીરો થયો હતો. પ્રભાકરે એની આંગળી પકડીને કારેલી બાગનો માર્ગ લીધો. કમાટીબાગના ભૂતડી ઝાંપા તરફના દરવાજાની લગભગ અડોઅડ

કારેલી બાગમાં થઈને એક મોટા નાળાંનું વહેણ હતું. નદીનાં ઉછાળા મારતાં પૂરનાં પાણી એક ફાંટા રૂપે આ નાળામાં થઈને વહેતાં હતાં. એમનો હુંકાર વિશ્વામિત્રીના તાંડવ જેવો જ.

હતપ્રત શો સંકેત ધસમસતાં વહી રહેલાં આ જળને પહોળી આંખે જોઈ રહ્યો. પછી એકાએક આનંદમાં આવી ગયો હોય એમ તાળીઓ પાડતાં બોલી ઊઠ્યો, 'જુઓ પપ્પા, આખો ને આખો ખાટલો કપાયેલા પતંગની જેમ ઝોલાં ખાતો ખાતો જઈ રહ્યો છે !' પછી બીજું દૃશ્ય જોઈને એ બોલ્યો : 'ને પેલાં બે ઊંધાં માટલાં ! માથોડું પાણીમાં બે ડોસા તરતા જતા હોય તેવા...અને પપ્પા, આ શું જાય છે ?'

'કોઈનું ઘાસ છાએલું છાપરું તરાપાની જેમ વહી ચાલ્યું છે.'

'અને પાછળ ને પાછળ વાંસડા.'

'વળીઓ પણ ખરી, કોઈનું આખું ઘર વછેરાઈ ગયું છે.'

આ પછી દેવદારનાં કન્ટેઈનરોમાંથી બનાવેલી પેટીઓ, ઘોડિયાના છૂટા પડેલા પાયા, લાકડાની ચાલણગાડી, આવું આવું ઘણું હિલોળે ચઢીને પસાર થતું આ પિતા-પુત્રે જોયું.

ગમે તે કારણે, હવે સંકેતની તાળીઓ અને આનંદના ઉછાળા ધીરે ધીરે શમવા લાગ્યા હતા. આ નાનકડા કિશોરના ચહેરા ઉપર એક પ્રકારનું પ્રૌઢત્વ લીંપાયું હતું.

થોડી વાર પછી સંકેતે પ્રશ્ન કર્યો : 'હેં પપ્પા, આ બધું તણાતું જાય છે એમાં પલંગ, સોફા, ડાઇનિંગ ટેબલ કે ખુરશીઓ જેવું કેમ કંઈ તણાતું જતું નથી ?'

પ્રભાકરના ચિત્તમાં એક વિચાર ઊઠ્યો : 'દીકરા સંકેત, તેં તો લોકસભા કે વિધાનસભામાં પૂછવા જેવો સવાલ પૂછી નાખ્યો !'

*

## ૪૨. એક પાગલ ઉમેદવાર

રાજેશ પંદર વર્ષનો હતો ત્યારે એની બહેન એને અમેરિકા લઈ ગઈ હતી. હવે એ પચીસ વર્ષનો હતો : છ ફૂટ ઊંચો, તંદુરસ્ત અને દેખાવડો.

લગ્ન માટે એ ભારત આવ્યો હતો.

મમ્મીએ કહ્યું : 'તારા માટે પંદર-વીસ છોકરીઓ જોઈ રાખી છે, રાજુ ગમે તે પસંદ કરી લે.'

'તમે કોઈ પસંદ કરી છે ?'

'પસંદ તો તારે જ કરવાની હોય ને ?'

'તમે પસંદ કરી હોય એ જ છોકરીને હું પરણવાનો છું.'

'આવી જુનવાણી વાત ક્યારથી કરતો થયો, રાજુ ?'

'જુનવાણી કહો કે આધુનિક, મારો આ નિર્ણય છે.'

'આમાં ક્યાંક ભેરવાઈ પડીશ.'

'જીવતર રોળાઈ જશે, એ જ ને ? એ માટેની પણ તૈયારી છે.'

'આવા ગાંડપણ માટેનું કોઈ કારણ ખરું ?'

કારણ આપવાને બદલે રાજેશ બોલ્યો : 'મારો નિર્ણય સમજપૂર્વકનો છે. તમે છોકરી નક્કી કરી આપશો તો પરણીશ, નહીંતર પાછો અમેરિકા ચાલ્યો જઈશ.'

રાજેશના આ પાગલપણાનું એક કારણ હતું. - અમેરિકાથી આવીને એણે ઘરમાં પગ દીધો અને હૈયામાં થયેલ એક ઘા ફરી દૂઝવા લાગ્યો હતો. એક પ્રખર ઉનાળાનો દિવસ એની નજર સમક્ષ આવી રહ્યો. એ વખતે એની ઉંમર ચૌદ વર્ષની હતી. એનાથી મોટી બહેન જ્યોતિને જોવા એક છોકરો આવવાનો હતો.

એ દિવસના પ્રસંગ માટે ઘરમાં તૈયારી ચાલતી હતી. સૌના મનમાં આકાંક્ષા અને ઉમંગ હતો, પણ સાથે સાથે ચિત્ત ઉપર કશોક ભાર પણ હતો. જોકે રાજેશના મન ઉપર કશો બોજ નહોતો. એના ચિત્તમાં ઉમંગ જ ઉમંગ હતો. આવા સમયે મોટેરાંઓના મન ઉપર શી તાણ હોય છે એ આ કિશોર શું જાણે ?

તૈયારીમાં સૌથી વધારે દોડધામ એ જ કરતો હતો. એણે બેડરૂમોના પલંગો ઉપરની ચાદરો બદલી નાખી. ડ્રૉઇંગરૂમમાં સોફા પરનાં કુશનો પર નવાં કવર ચડાવ્યાં. મહેશકાકાને ત્યાંથી કાશ્મીરી ગાલીચો લઈ આવ્યો, સુધાકરકાકાને ત્યાંથી બે ફ્લાવરવાઝ લઈ આવીને એમાં તાજાં ફૂલ નાંખ્યાં, કાકાની સૂચનાથી સાઇકલ પર બળબળતા તાપમાં થમ્સઅપની દસ બૉટલ લઈ આવ્યો. પછી કોઈએ કહ્યું : 'આવનારાઓમાં કોઈ ગોલ્ડસ્પોટના શોખીન પણ હશે.' એટલે વળી તરત પાંચ એની બૉટલો મારતી સાઇકલે લઈ આવ્યો...સાંજના મહેમાનો આવી પહોંચે એ પહેલાં એણે નહીં નહીં તો બજારના દસ-બાર ધક્કા ખાધા હશે. પરસેવાથી રેબઝેબ થઈ જતો પણ એના મન ઉપર કંટાળા કે થાકની કશી અસર નહોતી.

છોકરાના આવવાનો સમય થતો હતો એમ ઘરમાં ચહલપહલ વધતી જતી હતી. મિનિટે મિનિટે પપ્પા મમ્મીને કંઈક કહેતા હતા અને મમ્મી અંદરના ખંડમાં જઈને જ્યોતિને કશીક સૂચનાઓ આપી આવતી હતી. મોટી બહેન હજુ જ્યોતિના મેક-અપમાં રોકાયેલી હતી. અને મમ્મી અધીરાઈથી ઉતાવળ કરવા સૂચવતી હતી.

છોકરો આવ્યો. એની સાથે પાંચ-સાત સ્ત્રી-પુરુષો હતાં. ટ્રે લઈને આવતી-જતી જ્યોતિને સૌ આંખ ફાડીફાડીને જોઈ રહ્યાં હતાં. એ પછી છોકરો અને જ્યોતિ એક જુદા રૂમમાં મળ્યાં.

મુલાકાત પૂરી થઈ. છોકરો અને મહેમાનો ગયાં. અને આખા ઘરની જાણે એક આકરી પરીક્ષા પૂરી થઈ.

બીજે દિવસે રાજેશે ઘરમાં ભારેખમ શાંતિ જોઈ. સૌનાં મોં પડી ગયેલાં હતાં. એને પરીક્ષાના પરિણામની ગંધ આવી ગઈ.

એ ઉપર ગયો. એણે જ્યોતિને ઓશીકામાં મોં ઘાલીને રડતી જોઈ. એ વખતે એના હૈયામાં જે કારમો ઘા થયો હતો એ લગ્ન માટે અમેરિકાથી આવીને એણે આ ઘરમાં પગ મૂક્યો કે તરત દૂઝવા લાગ્યો હતો, કારણ કહીને મમ્મીના હૈયાનો ઘા એ તાજો કરવા માગતો નહોતો અને બીજાં પંદર—વીસ હૈયાં ઉપર ઘા કરવા ઇચ્છતો નહોતો.

❊

# ૪૩. એક ભિખારીની કૅફિયત

જમિતરામ સાહેબનો ફોન આવ્યો અને મારું હૈયું જરા થડીક ગયું. હું જે સંસ્થામાં ભણ્યો હતો એના એ પીઢ મંત્રી હતા. સામાન્ય રીતે મંત્રીઓને વિદ્યાર્થીઓનો ખાસ પરિચય ન હોય. પણ ઇનામ વિતરણ સમારંભોમાં મારે વારંવાર એમના હસ્તે ઇનામ લેવા ઊભા થવું પડતું હતું એટલે એ મને જાણતા હતા.

સંસ્થા માટે ફંડફાળાના હેતુથી એક અઠવાડિયાથી એ આ શહેરમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને મળતા હતા. મને સંદેહ હતો કે એ દાનની રકમ મેળવવા માટે મારે ત્યાં આવશે, જે હું ઇચ્છતો નહોતો. એમનો ફોન આવ્યો. એ એકાદ કલાકમાં આવી પહોંચવાના હતા. એ આવ્યા અને મેં એમને પ્રેમથી આવકાર આપ્યો.

નાસ્તા-ચાપાણી માટે એમણે એમના સ્વભાવ પ્રમાણે સ્પષ્ટ ના કહી. એમણે ના કહી એ મને ગમ્યું.

થોડી વાર ઔપચારિક વાતો પછી એ બોલ્યા : 'હું શા માટે આવ્યો છું એની કદાચ તમને જાણ થઈ હશે.'

'હા, જી. મને આપણા જૂના વિદ્યાર્થી ભાલચંદ્ર મારફત જાણવા મળ્યું છે.'

'સંસ્થા હજુ જેમની તેમ છે. સમય પ્રમાણે એનો વધારે વિકાસ કરવો પડશે.

તમે શી મદદ કરશો ?'

મેં થોડી ક્ષણો સુધી તો મૌન ધારણ કર્યું. એમના મુખ ઉપરનો પ્રશ્ન વધારે ઘૂંટાતો જોઈ મેં કહ્યું : 'સાહેબ, હું શું મદદ કરું ? ભિખારી છું.'

મારા બંગલાના પૉર્ચમાં મર્સિડીઝ ગાડી હતી. અને ગરાજમાં દીકરો-દીકરી વાપરતાં હતાં એ સેન્ટ્રો અને ઇન્ડિકા ગાડીઓ હતી. બંગલામાં રાચરચીલાનો ભારે વૈભવ હતો.

ઉદ્‌ગાર જેવા મારા શબ્દો સાંભળીને જમિયતરામ સાહેબ ઊભા થઈ જવાનું વિચારતા હોય એવું મને લાગ્યું.

બહારની ગાડીઓ અને બંગલાનો વૈભવ જોઈ મારા શબ્દો જમિયતરામ સાહેબને હૈયામાં તીરની જેમ ભોંકાયા હશે એટલે કટુતાભરી ગેરસમજ ન થાય એ હેતુથી મેં કહ્યું : 'સાહેબ, ચાલો મારી સાથે.' અનિચ્છાએ તૈયાર થતા હોય એમ એ મને અનુસર્યા.

હું એમને ભોંયરામાં લઈ ગયો. મેં બે તિજોરીઓ ખોલી અને કહ્યું : 'જુઓ સાહેબ, તિજોરીઓ ચલણી નાણાંથી ઠાંસોઠાંસ ભરેલી છે. અહીં અને બીજે લાખો રૂપિયા અકબંધ પડ્યા છે.'

આટલું કહી જરાક મૌન સેવી મેં ઉમેર્યું : 'સાહેબ, આપણી શાળાનું નવું મકાન બનતું હતું ત્યારે ખોદાતા પાયામાં બીજા છાત્રો સાથે ત્રિકમ, કોદાળી અને પાવડા સાથે ઊભા પગે હું પણ પરસેવો પાડતો હતો...'

'અને...' જરા અટકી હું બોલ્યો : 'આ બધું પરસેવા વગરનું ધન છે, સાહેબ. ભ્રષ્ટ માર્ગે એકઠું કરેલું ધન આપીને હું એને કલંકિત કરવા ઇચ્છતો નથી. મારા પરસેવાની એક પાઈ પણ મારી પાસે નથી. હું અકિંચન છું, સાહેબ તમને શું આપું ?'

અને મારા જેવા ભ્રષ્ટ માણસને પણ જમિયતરામ સાહેબે બાથમાં લઈને બરાબર ભીંસ્યો.

એમની આંખોમાં ઝળઝળિયાં ચમકતાં મેં જોયાં.

✻

# ૪૪. એક મીઠો ટહુકો

બાળપણમાં મા દેવદર્શન જાય ત્યારે એને પણ સાથે લઈ જતી. મંદિરનાં પગથિયાં ચઢે એ અગાઉ મા એને પૂછતી : 'ભગવાન આગળ બે હાથ જોડીને શું માગીશ ?'

અગાઉ મા તરફથી મળેલી બધી શિખામણ એના ચિત્તમાં તાજી થઈ જતી. એ કંઈ બોલતો નહીં પણ મા સામે નિર્દોષ નયને તાકી રહેતો. કોઈ શિક્ષક પોતાના શિષ્યને એકની એક વાતનું દૃઢીકરણ કરાવે એમ મા કહેતી : 'ભગવાન આગળ ખરા મનથી પ્રાર્થના કરજે, ભગવાન, મને સદ્‌બુદ્ધિ આપજો, ડાહ્યો બનાવજો, સારું ભણતર આપજો, સુખી કરજો...'

માની વાતમાં એને વાંધો કે વિરોધ નહોતો. પણ એને આવું અટપટું બોલવાનું ફાવતું નહોતું. એણે ભગવાન આગળ હાથ જોડ્યા પણ માની શિખામણ પ્રમાણે કદી કશું માગ્યું નહિ.

છતાં ભગવાનની કૃપાથી કે કોઈ અન્ય રીતે માની અર્ધી ઇચ્છા પાર પડી હતી. એને સારી બુદ્ધિ મળી અને ડાહ્યો થયો. પણ સારું ભણતર ન મળ્યું અને સુખી પણ ન થયો.

પોતે કિશોરાવસ્થા વટાવે એ પહેલાં તો મા અવસાન પામી. માના મૃત્યુ પછી એને મંદિરે જવાનું કદી બન્યું નહોતું. આમેય, એની મંદિર સુધીની મજલ સ્વૈચ્છિક પ્રવૃત્તિ ક્યાં હતી ?

આજ કોઈ કારણસર એને મા જે મંદિરે લઈ જતી હતી એ મંદિરના રસ્તે જવાનું થયું. મંદિર આવ્યું એટલે એને મા સાંભરી આવી. કશીક લાગણીના ઉછાળાવશ એ મંદિરનાં પગથિયાં ચઢ્યો.

હવે તો મનમાં બોલવાનું ફાવી ગયું હતું. માગવાનું પણ ફાવે.

ભણતરની વય તો વીતી ચૂકી હતી. બુદ્ધિ જે આવવાની હતી એ આવી ચૂકી હતી. સુખી થવાની માંગણી કરી શકાય. પણ હવે તો એને સુખપ્રાપ્તિ માટેય કશો ભરોસો રહ્યો નહોતો. છતાં માના આત્માની શાંતિ ખાતર પણ ભગવાન પાસે કંઈક માંગવું એવી કોઈ અંતઃસ્ફુરણ થઈ. એણે ભગવાન આગળ બે હાથ જોડીને મનોમન યાચના કરી : 'ભગવાન, એક સાદ સાંભળવા આખી જિંદગીથી ઝંખી રહ્યો છું. બપોરે જમવાના સમયે અને સાંજે વાળુ ટાણે એક મીઠો સાદ સંભળાય 'ચાલો જમવા !' એક મીઠો ટહુકો, ભગવાન, એક મીઠો ટહુકો ! બસ, આટલી માંગણી છે !'

⁂

# ૪૫. એક રઢિયાળી રાતનો રંગ

રામપ્રસાદને પડોશની અંજના જરા પણ ગમતી નહોતી.

મધ્યવયમાં પહોંચી ગઈ હતી છતાં એનો ઠસ્સો વીસ વરસની યુવતી જેવો હતો. ઘરમાં આવે એટલે સુગંધસાગર ડહોળતી આવે. જેટલી વાર એના ઘરની બહાર નીકળતી હશે એટલી વાર પરફ્યુમનો સ્પ્રે કરતી હશે.

રામપ્રસાદનાં પત્ની રમાબહેન એનાં બહેનપણી. દિવસમાં ત્રણ વાર તો અંજનાની પધરામણી રામપ્રસાદને ત્યાં થતી જ. બારણામાં એ સહેજ ઝંખાય કે રામપ્રસાદનું મોઢું ચઢી જાય અને મન બોલી ઊઠે, 'બલા આવી. હવે કલાક સિવાય ટળશે નહીં.'

રામપ્રસાદ પત્નીને ઘણી વાર કહેતા : 'આ અંજના અહીં ધક્કા ખાય છે એના કરતાં તું જ એના ઘેર જતી હોય તો ?'

'એ આવે છે તો દુનિયામાં શું ચાલી રહ્યું છે એની ખબર પડે છે. બધા પ્રકારની અપ-ટુ-ડેટ માહિતી એની પાસેથી મળી રહે છે.'

'તને માહિતી મળતી હશે, પણ મારું માથું પાકી જાય છે, એનું શું ?'

'એ આવે ત્યારે તમારે ઉપલા માળે જતા રહેવું.'

'એ તે કઈ રીતે છે ? તેં જ એને ચઢાવી મારી છે. મને તો એ આંખના પાટા જેવી લાગે છે.'

અને પછી તો, સહેલા ઉપાય તરીકે અંજના આવે ત્યારે રામપ્રસાદ ઉપલા માળે ચાલ્યા જતા.

પણ એક દિવસ રમાબહેનને એમના પતિમાં એકાએક અને અણધાર્યો ફેરફાર દેખાયો. અંજના આવી ત્યારે એ સોફા પર બેઠેલા રહ્યા અને જાણે અંજનાને આવકારતા હોય એમ એમના મુખ ઉપર મલકાટ પ્રગટ્યો.

એ દિવસે અંજનાએ શહેરમાં ખૂલવા માંડેલા મોટા મોટા મૉલ વિશે વાત કરવા માંડી અને રામપ્રસાદે અંજનાની વાતમાં રસ દાખવ્યો. મોટા મૉલ થતાં નાના દુકાનદારોની થનાર અવદશા વિશે એમણે પોતાના અભિપ્રાય ઉચ્ચાર્યા.

પછી તો, જતે દિવસે રામપ્રસાદય અંજના સાથે સિનેમા, ક્રિકેટ, રાજકારણ જેવા વિષયો ઉપર ગોષ્ઠી કરવા લાગ્યા.

પતિમાં થયેલો આ ફેરફાર રમાબહેન માટે આશ્ચર્યકારક તો હતો જ. પણ એમાં એમને કશું જોખમ દેખાતું નહોતું, ઊલટું એમને એથી આનંદ થતો હતો.

એક વાત સમજાતી નહોતી. આગલા દિવસની રાત્રે તો એ અંજનાના અવગુણ ગાતા હતા અને સવારે અંજના આવી ત્યારે તો એનું સ્વાગત કરતા હોય એમ મલકાતા હતા ! એકાએક રાતમાં જ આવું પરિવર્તન ?

એક દિવસ રમાબહેને પતિને પૂછ્યું પણ ખરું : 'આમ તો, તમે અંજનાના નામ ઉપર ઝેર વાટતા હતા અને એવું તે શું હેત ઊભરાઈ આવ્યું છે ? એક રાતમાં જ બધું બદલાઈ ગયું !'

રામપ્રસાદ પત્નીને શો જવાબ આપે ? જવાબ આપવામાં ખેલ બગડી જાય એવું હતું. પણ મલકાઈને એ મનોમન બોલ્યા : 'રાત રઢિયાળાં સપનાં લઈને આવતી ન હોત તો આમાંનું કશું ન થાય !'

☼

# ૪૬. એક વૃદ્ધ એથ્લીટની પછાડ

પુત્રવધૂ શીલાને સસરા સુમનભાઈની કેટલીક ટેવો તરફ અણગમો હતો. વૉર્ડ-રોબને બાજુએ રાખીને સુમનભાઈ એમનાં કપડાં ગમે તે આધાર ઉપર ટિંગાડી દેતા. પુસ્તક વાંચવાનું અધૂરું મૂકીને એને સોફા પર ઊંધું મૂકીને ક્યાંક આઘાપાછા થઈ જતા. ટી.વી.ના રિમોટ કંટ્રોલ માટેનું ઇન્સ્ટ્રુમેન્ટ, ચશ્માં, પેન વગેરે એમનાં મૂળ ઠેકાણાંને બદલે બીજે ક્યાંક મૂકી દેતા અને જ્યારે જરૂર પડે ત્યારે ઘાંઘા થઈને રાડારાડ કરી મૂકતા...સસરાની આવી આવી અનેક ટેવો પોતાને ન ગમતી હોવા છતાં શીલા એમની આમન્યા ખાતર સહી લઈને ચૂપ રહેતી.

પણ એક વાતે આમન્યાને કોરણે મૂકીને એ સસરાને શિખામણ, ચીમકી કે ઠપકાના રૂપમાં જે કહેવું હોય તે સંભળાવી દેતી. ઘરની ફરસ ઉપર પાણી ઢળ્યું હોય કે કચરા-પોતાં થયા પછી ભોંયતળિયા પર હજુ ભરપૂર ભીનાશ હોય કે ચોમાસામાં કોઈ રૂમમાં ચૂવો થઈને રૂમમાં પાણી છવાયું હોય ત્યારે શીલા સસરા માટે પાકી સંચારબંધી ફરમાવી દેતી. એ કહી દેતી : 'પપ્પા, તમારે ભીનામાં ફરવાનું નથી. પગ લપસે અને હાડકું ભાંગે. આ ઉંમરે હાડકાં બરડ થઈ ગયાં હોય. ભાંગતાં વાર ન લાગે. નાની ઉંમરવાળાનું હાડકું તરત સંધાઈ જાય. મોટી ઉંમરનાને તો હાડકું ભાંગે એટલે છ મહિનાનો ખાટલો...માટે પપ્પા, બધું ભીનું ભીનું હોય ત્યારે તમારે પલંગ, સોફા કે ખુરશીમાં બેસી રહેવાનું, કંઈ જોઈતું કરતું હોય તો અમને કહેવાનું અમે તરત તમારી આગળ એ હાજર કરીશું...'

શીલાનું ભાષણ પૂરું થઈ જાય એ પછી જરાક હસી લઈને સુમનભાઈ બોલતા : ‘શીલા, તને કેટલી વાર કહ્યું કે હું એક વખતનો ચેમ્પિયન એથ્લીટ. ઊંચો કૂદકો, લાંબો કૂદકો, વાંસ કૂદકો એ બધામાં મેં પારિતોષિકો મેળવેલાં છે. ઝડપી ચાલ, ધીમી ચાલ બધામાં હું નંબર વન. તું કહેતી હોય તો તમારી આ પાણીછલી ફરસબંધી ઉપર દોડી બતાવું. અને તું મને સોફા કે ખુરશી ઉપર બેસી રહેવાનું કહે છે ! સુમનરાયને તું જાણતી નથી એટલે તને આવું બધું બોલવાનું સૂઝે છે !’

શીલા ટૂંકો જવાબ વાળતી : ‘એ ખરું પપ્પા, પણ ઉંમર ઉંમરનું કામ કરે એમાં ભૂતકાળનું એથ્લીટપણું કામ ન આવે.’

ચેતવણી આપવામાં શીલાના રામ એ ના એ ! સુમનભાઈ બાથરૂમમાં પ્રવેશ કરતા હોય ત્યારે એ કહે : ‘જો જો પપ્પા સાચવજો. ઘરડા માણસોના અકસ્માત મોટા ભાગે બાથરૂમમાં જ થાય છે. બાથરૂમમાં થયેલી પછડાટ આખા ઘરને ભારે પડી જાય છે.’

‘સારું સારું, તું તારું કામ કર.’ કહી સુમનભાઈ બેફિકર થઈને બાથરૂમમાં પ્રવેશતા.

એક દિવસ આ વૃદ્ધ એથ્લીટનો પગ ફક્ત અર્ધા પ્યાલા જેટલા ઢળેલા પાણી ઉપર આવી ગયો. અને જે થવાનું હતું તે થઈને રહ્યું. સુમનભાઈને ધોળે દહાડે આકાશના તારા દેખાયા. પછડાટના અવાજથી શીલા દોડી આવી. ફ્લોર ઉપર ચત્તાપાટ થઈને કણસતા સસરા ઉપર તક તો ગુસ્સો ઠાલવવાની હતી પણ મહા મહેનતે એણે ગુસ્સાને કાબૂમાં રાખ્યો અને આ ભોળા વૃદ્ધને બેઠા કરવા એમની પીઠ પાછળ હાથ ખડાવીને જોર કર્યું.

*

## ૪૭. એક સ્ત્રીની વાત

ફળિયાવાળાઓને લાગ્યું કે પાર્વતી આજે તો જરૂર કંઈક નવાજૂની કરશે. ગળે ફાંસો ખાશે કે શરીર ઉપર કેરોસીન છાંટીને દીવાસળી ચાંપશે.

રોજનું હતું. પતિ મારઝૂડ કરતો, સાસુ ગાળો બોલતી અને નણંદ વાતે વાતે પિયરિયાંને નિમિત્ત બનાવી મહેણાં મારતી. પાર્વતીને એ બધું કોઠે પડી ગયું હતું. પણ આજે તો સસરો જેરામ લાકડી લઈને મારવા ધસી આવ્યો. પાર્વતી વાસણ ઊટકવાનું પડતું મૂકીને રસ્તા ઉપર દોડી ગઈ એટલે બચી ગઈ.

ફળિયાનાં લોકોએ આ જોયું અને માન્યું કે નક્કી, આજે પાર્વતી કંઈક નવાજૂની કરશે.

પણ કંઈ ન થયું. ન તો બળતા માનવીની ચીસો સંભળાઈ કે ન ઘરનાં માનવીઓની કંઈ દોડધામ જણાઈ.

સાંજે તો પાર્વતી ઘરનું આંગણું વાળતી હતી !

રોજ-રોજનો આટઆટલો અત્યાચાર ! અને પાર્વતી એ બધું સહી લેતી.

પણ એક દિવસ પાર્વતીના ઘરમાં કશી હલચલ નહોતી, કશી ધાંધલ-ધમાલ કે અશાંતિ નહોતી, છતાં ફળિયામાં ઘેર ઘેર દબ્યે અવાજે એક વાત ફરવા લાગીઃ 'સાંભળ્યું ? પાર્વતીએ ફાંસો ખાધો !'

આ વળી આશ્ચર્યની વાત હતી. આટઆટલી મારઝૂડ વેઠતી પાર્વતી આપઘાતનું નામ નહોતી લેતી. અને જ્યારે કંઈ નહોતું ત્યારે મેડીએ ચડીને મોતને વહાલું કરી બેઠી !

બીજે દિવસે ભગો વાળંદ ચુનીલાલના ઘર આગળથી પસાર થતો હતો, ત્યારે એને ઊભો રાખીને ચુનીલાલે કહ્યું : 'ભગા રાત, તમે આખા ગામના વાવડ લાવો છો તો આ પાર્વતીના મોતની વાત તો કરો.'

ભગો વાળંદ પહેલાં તો જરાક હસ્યો. પછી તેણે વળતો જવાબ આપ્યો : 'વાત તો કરું, પણ તમે નહીં માનો, બાપલા ! પાર્વતીએ ફાંસો ખાધો એનું કારણ—ગાય !'

'ગાય ?'

'હા.'

'એ કેવી રીતે ?'

'જેરામે ગાય વેચી અને પાર્વતીએ ફાંસો ખાધો.'

'ભગા રાત, વાત કરવામાંય તમે અવળચંડા રહ્યા ! જરા સરખી રીતે કહો.'

ભગાએ વાત માંડી : 'તમે સમજો, ચુનીભાઈ. આખા ઘરમાં આ એક ગાય જ પારવતીના જીવનો વિસામો હતી. પારવતીય જાનવર અને આ ગાય પણ જાનવર. બેય સરખાં ! મન ઊંચું થાય કે પારવતી આ ગાય પાસે દોડી જાય. ગાય અમીભરી આંખે એને જોઈ રહે. પારવતીનું અડધું દુઃખ ઓસરી જાય. પારવતી ગાયની પીઠ પર હાથ ફેરવે, ઘાસનું નીરણ કરે, ટોકરામાં ચોખ્ખું પાણી પાય...બેના જીવ મળી ગયેલા. પારવતી મૂંગી મૂંગી પોતાના દુઃખની વાત કરે. કશી વાચા વગર જ, હોં અને ગાય સાંભળે. અને ચુનીભાઈ, જેરામે ગાય વેચી. લેનારા હજુ તો ગાયને દોરીને પાદરેય નહીં પહોંચ્યા હોય ને પારવતીએ આ ભડાકો કર્યો !'

'પણ ભગા રાત, તમે આ બધું ક્યાંથી જાણી લાવ્યા ?'

'ભગો રાત કોના ઘરનાં અંદરની વાત નથી જાણતો, બાપલા ?' કહી ખડખડ હસીને એ ચાલ્યો ગયો.

✳

## ૪૮. એક સ્થળ જ્યાં...

કાટમાળના ગંજમાં ફેરવાઈ ગયેલા ગામે દિશાઓ અને નિશાન ગુમાવી દીધાં હતાં. ભૂકંપની હોનારતે દરેક ફળિયા, શેરી કે ચોકની અલગ ઓળખ મિટાવી દઈને બધું એકાકાર કરી દીધું હતું.

એક સૈકા અગાઉ વખાનાં માર્યા કેટલાંક ટોળાબંધ માણસોએ અહીં આવીને આ ગામ વસાવ્યું હતું. એક જ બીબામાં ઢાળ્યાં હોય એવાં ડેલીબંધ ઘર એમણે ઊભાં કર્યાં હતાં. એક સરખાં છાપરાં, બારી-બારણાં, મોભ, થાંભલીઓ, ઘરના ટોડલા, હડા, ભોગળ બધું જ એક સરખું ! ગામ ઊભું ત્યારેય ભુલભુલામણી શું હતું. કોઈ અતિથિ વારંવાર કોઈના બદલે કોઈના ઘરમાં પ્રવેશી જતો હતો. આજ તો ગામ આખું કાટમાળનો એક પાળો જ બની ગયું હતું !

બચી ગયેલાં લોકો પોતપોતાના ઘરને શોધી રહ્યાં હતાં. અંદાજી સ્થળ અથવા ઊભું રહેલું વૃક્ષ...આવા આવા કોઈક સહારાના આધારે જાણે કોઈ ખોયેલી ચીજ સૌ ફંફોસી રહ્યાં હતાં. સૌ પોતાનું ઘર ખોળતાં હતાં. ઘર ? હવે ઘર જ ક્યાં રહ્યું હતું ? ઘર નહીં, પણ જ્યાં પોતે જન્મ્યા, જેની છત નીચે ઊછર્યાં, આનંદ અને શોકની ભરતીમાં તણાતાં રહ્યાં એ સ્થાનની ખોજમાં એ સૌ ભમી રહ્યાં હતાં.

દેવજી પણ પોતાના એક વખતના ઘરને શોધવા માટે વલખાં મારી રહ્યો હતો. માથા ઉપર આવેલો સૂર્ય હવે એનો પ્રતાપ દેખાડવા માંડ્યો હતો. ઘરના સ્થળની ચોક્સાઈ થઈ શકતી ન હતી. એ પૂર્વજો ઉપર થોડો ખિજાયો, બીબાઢાળ ખોરડાં ઊભાં કરવા માટે સ્તો !

દેવજીએ પરસેવો લૂછ્યો. ફરીથી એક વાર એણે ધારેલા વિસ્તારના એક છેડાથી બીજા છેડા સુધી નજર કરી લેવાનું વિચાર્યું. વખતે કોઈ ઈંટ-કપચું કંઈ બોલી ઊઠે તો. પડતો હતો, આખડતો હતો, ક્યાંક ઉઝરડાતો હતો, ક્યાંક છોલાતો હતો. કોઈક વાર એ પગે તો કોઈ વાર ચોપગા બનીને ઢગલા ઓળંગતો હતો.

આખરે એક સ્થળે એ ઊભો રહી ગયો. આંખમાં ચમક આવી. મુખ ઉપર

ક્ષણિક તેજ ઝબકી ગયું. એક બારણાંની ફ્રેમ સામે એ આંખ ફાડીને જોઈ રહ્યો. એ ફ્રેમ ઉપર પેન્સિલથી લખાયેલા શબ્દો બોલી રહ્યા હતા. 'ખવરાવીને ખાઓ' રસોડાના બારણાની એ ફ્રેમ હતી. નાની દીકરીએ કંપાસ બૉક્સમાંથી પેન્સિલ કાઢીને એ શબ્દો લખ્યા હતા. એ લખ્યા પછી હોંશે હોંશે એણે પોતાનો આલેખ ઘરનાં સૌને બતાવ્યો ત્યારે ઘરમાં આનંદ આનંદ છવાઈ રહ્યો હતો. વર્ષો પહેલાંની આ વાત.

અત્યારે દેવજી એ અક્ષરો તરફ તાકી રહ્યો. પછી એકાએક એની આંખ વરસી પડી. પોતીકાં ગુમાવ્યાં ત્યારે તો એ સાવ કોરી ધાકોર રહી હતી. પણ અત્યારે એ આંસુથી ઊભરાઈ રહી. આજે એના સિવાય હવે કોઈ ખાનાર કે ખવરાવનાર રહ્યું ન હતું.

પણ એને એનું સ્થળ મળી ગયું હતું. જ્યાં પોતે મન મૂકીને રડી શકે.

❊

## ૪૯. એકાન્તે વસંત

છબીલદાસ બારણે ટકોરા માર્યા વગર જ શાન્તુભાઈના ઘરમાં દાખલ થયા. એક વફાદાર વાણોતરના નાતે એ શેઠના ઘરમાં આ રીતે પ્રવેશવા ટેવાઈ ગયા હતા. શાન્તુભાઈનું હવેલી જેવું ઘર પણ માળો વિખાઈ જતાં ઘણાં વર્ષોથી એમાં એ એકલા રહેતા હતા.

છબીલદાસે અંદરના ખંડમાં શાન્તુભાઈનો અવાજ સાંભળ્યો. કોઈને ઠપકો આપતા હોય એમ એ મોટા અવાજે બોલી રહ્યા હતા : 'ભાઈ સાહેબ, હવે તમે બુઢ્ઢા થઈ ગયા, બુઢ્ઢા ! શું સમજ્યા ? મનવાને ખીલે બાંધો, ભૈ !!...'

એ શબ્દ પછી એ હાસ્યથી ગાજી રહ્યા.

છબીલદાસ બારણા આગળ થોભી ગયા. શાન્તુ શેઠ કોને સલાહ આપી રહ્યા હતા ?

કદાચ ઘણાં વર્ષે એમનો કોઈ મિત્ર મળવા આવી ચઢ્યો હોય. છબીલદાસે ધીરેથી બારણું ખોલ્યું.

ખંડમાં બરાબર દાખલ થયા પછી એમણે જોયું કે શેઠ તો ખંડમાં એકલા જ, એક આદમ કદના આયના સામે ઊભા હતા.

માણસનાં પગલાંનો અણસાર થતાં શાન્તુભાઈએ પાછળ જોયું.

મુનીમની આમ એકાએક ઉપસ્થિતિથી સહેજ છોભીલા પડ્યા હોય એમ

શાન્તુભાઈ બે ક્ષણ તો એમની સામે તાકી રહ્યા. પછી થૂંક ગળતાં ગળતાં બોલ્યા : ''સાળાં આ ચકલાં, માર્ચ મહિનો આવ્યો નથી કે અરીસા ઉપર ચાંચો મારવાનું શરૂ કર્યું નથી !''

આમ તો શાન્તુભાઈની વાત સાચી હતી. આયના સામે બેસતાં ચકલાં ઊડાઊડ કરી રહ્યાં હતાં.

છબીલદાસે પ્રથમ તો સહેજ મર્મભર્યું હસી લીધું પછી શેઠની વાતમાં હોંકારો ભણતા હોય એમ બોલ્યા : ''સાચી વાત છે, વસંત આવે એટલે આખું જગત પાગલ!''

✳

# ૫૦. અવૉર્ડ

કાન્તુભાઈના અવસાનનો કશો શોક નહોતો. બેસણા વખતે કાન્તુભાઈનો મોટો દીકરો કીર્તિ લાગણી વ્યક્ત કરનારને કહેતો : 'ઘણાં સુખ અને સમૃદ્ધિ જોઈ-માણીને બાપુજી નેવું વર્ષે દેવ થયા, એમના મરણનો શોક ન હોય.'

કાન્તુભાઈનાં પત્ની શોભાબહેન પણ બેસવા આવેલાંઓ સાથે સ્વસ્થતા દાખવીને અગાઉની જેમ હસતાં, બોલતાં અને વાતો કરતાં હતાં.

બેસવા આવનાર બંધ થયાં અને બધું થાળે પડીને રોજનો વ્યવહાર રાબેતા મુજબનો થયો એ પછી એક દિવસ શોભાબહેને મોટા દીકરાને કહ્યું : 'કીર્તિભાઈ, તારા બાપુની ચીજવસ્તુઓનું જે કરવાનું હોય તે સમજીને કરીએ. એમનાં પુસ્તકો ફાઇલો, કાગળ-પત્તર, એમને મળેલી ભેટ-સોગાદો...આવું ઘણું બધું છે. એ ઠેકાણે કરવું પડશે ને ? તારા બાપુને કામનું હોય કે નકામું હોય બધું સંઘરી રાખવાની આદત હતી.'

આટલું બોલી જરા અટકી, એમણે આગળ ચલાવ્યું : 'એમનાં બધાં પુસ્તકો યુનિવર્સિટીમાં આપવાનાં છે એ એમણે મને કહ્યું હતું...એમની ફાઇલોનું એકએક પાનું તું જોઈ લેજે, જરૂરી હોય તેટલું રાખીને બીજું બાળી નાખીશું. એમના ઉપર આવેલા કાગળો પણ એમણે થપ્પીબંધ રાખી મૂક્યા છે. એ શું કરવાના ? બાળી મૂકીશું...'

કામ શરૂ થયું. વચેટ દીકરાએ એક માળિયું ખોલીને કહ્યું : 'આનું શું કરવાનું છે ?'

એકાએક ચમકી ઊઠ્યાં હોય એમ શોભાબહેન દીકરાએ ધરી રાખેલી વસ્તુ તરફ જોઈ રહ્યાં.

દીકરો એક નાનકડા સ્ટેન્ડ ઉપર જડેલી ચાંદીની એક ગોળ પ્લેટ શોભાબહેન સામે ધરી રહ્યો હતો. આ કાન્તુભાઈને મળેલા 'જ્ઞાન ભાસ્કર' અવૉર્ડનું પ્રતીક હતું.

શોભાબહેન આ પ્રતીક તરફ વિહ્વળ અને વિસ્ફારિત આંખે જોઈ રહ્યાં.

થોડી ક્ષણો સુધી આ સ્થિતિમાં રહ્યા પછી શોભાબહેન એકાએક બે હથેળીઓમાં મોં છુપાવીને રડી પડ્યાં.

દીકરાઓને આમાં કંઈ સમજાયું નહીં.

ક્યાંથી સમજાય ? આ અવૉર્ડના પ્રતીકના સ્થાન વિશે કાન્તુભાઈ અને શોભાબહેન વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. કાન્તુભાઈ એને ડ્રોઇંગરૂમના શોકેસમાં મૂકવા માગતા હતા જ્યારે મોટા દીકરાએ એને માળિયામાં મૂકી દીધું હતું. શોભાબહેને મોટા દીકરાના પગલાંને વાજબી ગણાવતાં કહ્યું હતું : 'એને ડ્રોઇંગરૂમના શોકેસમાં મૂકીએ તો થોડાં રમકડાં ત્યાંથી કાઢી નાખવાં પડે. રમકડાં શોકેસની શોભા છે. આપણા ઘેર આવનારાં સૌ એ જોઈને રાજી થાય છે. તમારી આ ચીજ જોઈને કોણ રાજી થવાનું હતું ? એમાં તમારા સિવાય બીજા કોને રસ હોય ?'

આ પછી થોડી ઉગ્ર જીભાજોડી થઈ અને અંતે કાન્તુભાઈ ગંભીર થઈ ગયા હતા.

આ પછી ભારત પ્રસિદ્ધ એક સાહિત્ય અવૉર્ડ કાન્તુભાઈને મળ્યાની જાહેરાત થઈ પણ કાન્તુભાઈએ એનો અસ્વીકાર કર્યો.

શોભાબહેનને એકાએક રડી પડતાં જોઈ દીકરાઓએ પૂછ્યું : 'શું થયું બા, આમ એકાએક ?'

શોભાબહેન શો જવાબ આપે ?

※

## ૫૧. ઓઝલ ઘર

નવો ફ્લૅટ બતાવવાની હોંશમાં રમેશ એની માને શહેરમાં લઈ આવ્યો.

ફ્લૅટ પાંચમા માળે હતો. માએ લિફ્ટને બદલે સીડી ઉપર ચડીને જ જવાનો આગ્રહ રાખ્યો. ઉપર ચઢતાં ચઢતાં માની નજર આ નવી ઇમારતને કુતૂહલથી નીરખી રહી હતી. એને લાગ્યું કે જેમ જેમ એ ઊંચે ચઢતાં હતાં તેમ તેમ જાણે જગતથી દૂર જતાં હોય એમ લાગતું હતું. દરેક ફ્લૅટના દરવાજા બંધ હતા. બધું શાંત અને સૂમસામ જણાતું હતું. એકાન્તની પ્રસન્નતા માના મનમાં કોળી રહી હતી. રમેશ માને

દરવાજા આગળ લઈ આવ્યો. દરવાજો ખૂણામાં હતો. અને સામે ખૂણાના વળાંક ઉપર અંદરની બાજુ બીજા ફ્લૅટનો દરવાજો હતો. માએ ફરી એક વાર આજુબાજુ નજરે ફેરવી. આ બંને ફ્લૅટ જગતથી બરાબર ઓઝલ હતા.

માને એનો ભૂતકાળ યાદ આવી ગયો. એક ખડકીમાં બે ઘર હતાં. ખડકીનું બારણું બંધ એટલે બહારની દુનિયાથી સાવ અળગાં ! બાપદાદાની એ મિલકતની વહેંચણીમાં એક એમને મળ્યું અને બીજું મોટાભાઈના ભાગમાં આવ્યું. મોટાભાઈ વેપારમાં ઠીક ઠીક કમાયા એટલે ધંધો વધારવા એ શહેરમાં જઈને વસ્યા. અને એમણે એમનું મકાન ભાડે આપ્યું. ભાડે રહેવા આવનાર માણસ અપરિણીત હતો. અને સાથે એના બે નાનાભાઈ હતા. મોટાભાઈ આ રીતે ઘર ભાડે આપે એ પોતાના પતિને ન ગમ્યું. પણ પૈસાના લોભમાં મોટાભાઈએ નાનાભાઈની વાત કાને ધરી નહીં. મોટાભાઈ ઘર ભાડે આપે એ પતિને કેમ ગમતું ન હતું એની એને ખબર હતી. એ યુવાન હતી, સુંદર હતી અને હજુ છડેછડી હતી. આવું એકાન્ત અને એકલી સ્ત્રી ! આમેય, પતિ થોડો શંકાશીલ તો હતો જ—એનાથી આ સ્થિતિ કેમ સહી જાય ?

એ દિવસથી એ વહેમાતો રહ્યો. અને દિવસે દિવસે એનો વહેમ વધતો ચાલ્યો. એક અશાંતિ પેદા થઈ અને દિવસે દિવસે જીવનમાં ઝેર ભળતું રહ્યું. નોબત એટલે સુધી આવી કે પતિએ ગામની બહાર પરામાં નવાં થતાં મકાનોમાંથી એક લીધું અને એ લોકો એમાં રહેવા ગયાં.

પતિના આ પગલાથી એને એક ભારે આઘાત લાગ્યો હતો. પતિ પોતાને ઓળખી ન શક્યો એનું એને મનઃદુખ હતું.

એનું પરિણામ એ આવ્યું કે પતિના ખ્યાલોથી ઊલટા પ્રકારના વિચારોની એક ગ્રંથિ એના મનમાં બંધાતી રહી. પતિ જે માનતો હોય એથી ઊલટું કંઈ જોવા મળે તો તરત એ રીઝી જતી. અત્યારે આ ફ્લૅટનું એકાન્ત જોઈને એનો આત્મા એકાએક મહોરી ઊઠ્યો. જગતથી સાવ ઓઝલ ! પતિએ જે છીનવી લીધું હતું એ અહીં હતું. વર્ષોથી મનમાં ઊંડે ઊંડે ઘૂંટાઈ રહેલો રોષ માર્ગ કરીને બહાર આવી રહ્યો હતો. અવિશ્વાસનો જવાબ વિશ્વાસથી આપવાનો આ અવસર હતો. પુત્રની પસંદગીથી મન ખુશ થઈ ઊઠ્યું હોય એમ પ્રસન્નતા એના ચહેરા ઉપર છવાઈ રહી. એ વ્યક્ત કરવા એના હોઠ ઊઘડતા હતા ત્યાં એકાએક અટકી ગઈ.

દરવાજા આગળ પતિ અને સાસુની વાતચીતનો અવાજ સાંભળી અલકા બહાર આવી પહોંચી હતી.

ઘાટીલી કાયા, ફાટફાટ થતું યૌવન, અંગેઅંગમાંથી નીતરતું સૌંદર્ય...

મા એને નીરખી રહી.

માને શાંત ઊભી રહેલી જોઈ રમેશે પૂછ્યું : ''ફ્લૅટ તને ગમ્યો બા ?''

માએ અભિપ્રાય આપી દીધો : ''અહીં તો એક દિવસ પણ ન રહેવાય, દીકરા! મારી ચોખ્ખી ના છે.''

※

## પર. ઓટો - દિલ - બહાર*

અમદાવાદમાં રહીને કુન્દનલાલે વતનનું ખેતર એક સોસાયટી ઓર્ગેનાઇઝરને વેચ્યું. અને વીસ લાખ રૂપિયા મળ્યા.

પૈસા ધંધામાં રોકાયા અને પૈસાનાં ઝાડ ઊગ્યાં. જે ખેતર માંડ દસ પંદર હજાર રૂપિયા રળી આપતું હતું, એની રૂપાંતરિત શક્તિ હવે એમને લાખોના હિસાબે રૂપિયા મેળવી આપતી હતી.

એક દિવસ ગામના વયોવૃદ્ધ વડીલ કોઈ કામે અમદાવાદ આવ્યા હતા, તે કુન્દનલાલને મળવા આવ્યા. ખબર-અંતર પૂછ્યા પછી ખેતરની વાત નીકળી. પેલા વડીલે કહ્યું : 'ત્યાં સોસાયટી બનશે એટલે તમારા ખેતરનો મઘમઘાટ ચાલ્યો. જશે !'

'મઘમઘાટ ?'

'હા, આ મોસમમાં રાત્રે તમારા ખેતરમાં જઈને ઊભા રહો, અને જુઓ : આખો વગડો મઘમઘી રહ્યો હશે.'

'કંઈ સમજાતું નથી, મુરબ્બી ખેતરમાં તે વળી મઘમઘાટ શાનો ?'

'કોઈ દિવસ ખેતરમાં ગયા હો તો ખબર પડે ને. બાપા રળી આપતા હતા અને તમે અમદાવાદ...તમારું ખેતર એટલે અરણીનું વન. એની આખીયે વાડ અરણીથી ખચાખચ...અરણીને ભર ચોમાસે જુવાની આવે. ધોળાં ધોળાં ફૂલ બેસે, મન મોહી લે એવાં. છૂટું ફૂલ લજામણી કન્યા જેવું. પોતાની સુગંધ હૈયામાં સમેટી લે. પણ જૂથમાં હોય ત્યારે ? કન્યાઓને ટોળામાં જોઈ છે ? મદનો પાર નહિ. અરણીનાં ફૂલનું એવું. જૂથમાં હોય ત્યારે આખા વગડાને મઘમઘતો કરી મૂકે. અમારા જમાનામાં અરણીનાં ફૂલમાંથી બનતા અત્તરની બોલબાલા હતી. અત્તરનું નામ પણ એવું : 'ઓટો દિલ - બહાર !' જેણે એનું પૂમડું કાનમાં ઘાલ્યું, એ તો કસ્તુરીમૃગ જ બની જાય.'

---

** 'ઓટો-દિલ-બહાર' - અરણીનાં ફૂલમાંથી બનતું એક અત્તર. પ્રસિદ્ધ અત્તરનું નામ.*

વડીલ ગયા, અને એમની વાતનો પ્રભાવ કુન્દનલાલના ચિત્ત ઉપર છોડતા ગયા.

થોડા દિવસ પછી કુન્દનલાલે વતનમાં જવાનું ગોઠવ્યું. વતનમાં હજુ ઘર રાખ્યું હતું.

કારમાં રાત્રે ખેતર તરફ નીકળ્યા. અજવાળી રાત હતી. કાર રસ્તા પર મૂકી ખેતરમાં પ્રવેશ્યા. વડીલની વાત સાચી હતી. આખો વગડો નહિ, આખું વિશ્વ મઘમઘી રહ્યું હતું. ચિત્ત મત્ત બની ગયું.

પણ અહીં તો ક્યાં સુધી થોભી શકાય ?

પાછા આવીને કારમાં બેઠા. ઘર તરફ જવા કાર સ્ટાર્ટ થઈ. જેમ જેમ આગળ વધતા ગયા, તેમ તેમ પેલી સુગંધ ધીરે ધીરે ઓસરતી ગઈ, અને બીજી કોઈક આછી, સાવ આછી ગંધ પ્રસરી રહી હતી. એ પૈસામાંથી પ્રગટેલી વાસ હતી - પેટ્રોલની ગંધ.

મોડી રાત્રે કુન્દનલાલ ઘરની બાલ્કનીમાં ઊભા હતા.

આજ પ્રથમ વાર એમને લાગ્યું હતું કે, ખેતર વેચીને પોતે એક ખોટનો સોદો કર્યો હતો. પૈસા મેળવીને પોતે કંઈક વધારે ગુમાવ્યું હતું.

☼

# ૫૩. ઓરતો

ગલીચ ગાળોની ઝડી, છાતી ઉપર ટેકાયેલી તલવારની અણીનું ક્ષણે ક્ષણે વધતું જતું દબાણ અને મોતની ધમકી !...આ બધું ન જીરવાતાં રાયચંદે બળદની રાશ છોડી દીધી.

માતંગ જેવા બળદની જોડી હાંકીને લૂંટારું ઉફરાંટા માર્ગે ચાલવા લાગ્યા.

હતપ્રભ અને હતાશ રાયચંદ ધોરીની ધીંગી પૂંઠને જોઈ રહ્યો. થોડી ક્ષણોમાં તે પેલા હરામખોર ઝડપથી દૂર નીકળી જવાની અધીરાઈમાં પિશાચી બળથી બળદનાં પૂંછડાં આમળવા લાગ્યા.

માથું ઉછાળીને અથવા નાક ફુલાવી, ફૂંફાડા મારીને કશો પ્રતિકાર કર્યા વગર હડી કાઢી રહેલા બળદને જોઈને રાયચંદની આંખમાં એક તણશ સળવળી રહી. દાંત પીસીને એ બોલ્યો : ‘અલ્યા, થોડું તો કૌવત દેખાડો ! ઢીંક મારીને પેલાઓને ભોંયભેગો, ન કરી શકો તો કંઈ નહિ, પણ શિંગડું તો ઉલાળો !...’

પછી જરાક કરડાકીમાં ઊભરો કાઢ્યો : ‘આમ તો કોઈ અજાણ્યો માનવી સહેજ

ઢૂંકે તો, ફૂંફાડા મારીને સાંકળ તૂટી જાય એટલું જોર કાઢતા'તા !'

પણ તરત એક બીજો વિચાર આવતાં એ ધરતી પર બેસી પડ્યો. સ્વગત બોલ્યો : '...કે પછી મેં જ તમને વળાવ્યા છે એમ સમજી, મારી મરજીના હેવાયા તમે આમ ડાહ્યા ડમરા થઈને હેંડવા માંડ્યા છો ?'

અને નજરથી હવે લગભગ ઓઝલ થવા આવેલા બળદને એ કહી રહ્યો : 'તમે તો આયખાભર એમ જ સમજવાના કે મેં માવતર થઈને તમને આ કસાઈઓને સોંપ્યા ! પણ ધોરી, હું તમને શી રીતે સમજાવું કે આ મારી મરજીની નહિ, પણ લૂંટની ફેરબદલી છે !'

*

## ૫૪. ઓહ, ભયંકર !

પ્રોફેસર મહેતાના મકાનમાં રાત્રે ઘરફોડ ચોરી થઈ. ભેટમાં મળેલી બે નવી પેનો, એક ઘડિયાળ અને બસો પચ્ચીસ રૂપિયાની રકમ ધરાવતું પાકીટ એ સિવાય કશું ગયું નહોતું. પણ એક સારા નાગરિકની ફરજ સમજી પ્રોફેસર મહેતા ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશને ગયા.

પોલીસ કચેરીમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટર હાજર હતા. એમણે પૂછ્યુ : 'ક્યાંથી આવો છો ?'

પ્રોફેસર મહેતા ભાષાશાસ્ત્રી અને પ્રકાંડ વિદ્વાન તરીકે શહેરના શિક્ષણ જગતમાં મશહૂર હતા. એમણે ઘણી કાળજી લઈને ફરિયાદ-અરજી તૈયાર કરી હતી. સબ ઇન્સ્પેક્ટરના પ્રશ્નનો જવાબ અરજીના મથાળે હતો. પ્રોફેસર મહેતાએ સબ ઇન્સ્પેક્ટર તરફ અરજી ધરી.

ઇન્સ્પેકટરે અરજી હાથમાં લેવાની તમા રાખ્યા વગર બીજો સવાલ પૂછ્યો : 'ફરિયાદ નોંધાવવા આવ્યા છો ?'

'હા.'

સબ ઇન્સ્પેક્ટરે નજીકની ખુરશીમાં બેઠેલા રાઈટરને કહ્યું : 'નથ્થુખાં, અત્યારે આમનું નિવેદન લઈ લો. સ્થળ ઉપર બપોર પછી જ જઈશું.'

નિવેદનનું નામ સાંભળી પ્રોફેસર મહેતાએ હજુ પોતાના હાથમાં રહેલી અરજી વધારે આગળ ધરીને કહ્યું : 'આમાં બધી જ વિગત છે.'

'એ ન ચાલે, નથ્થુખાં કહે એ પ્રમાણે તમે બોલતા જાઓ સાંભળ્યા પછી નથ્થુખાં

તમારું નિવેદન લખી દેશે. પછી તમે સહી કરજો.'

પ્રોફેસર મહેતા પોતાની ચેમ્બરમાં હોત તો ગુસ્સામાં એમણે ટેબલ પર મુષ્ટી પ્રહાર કર્યો હોત પણ અહીં એ ગુસ્સો ગળી ગયા અને બોલ્યા : 'ઇન્સ્પેક્ટર સાહેબ, નિવેદન મારું છે એટલે મારે જ લખવાનું હોય ને નીચે સહી મારે કરવાની છે.'

'એ તમારું કામ નહીં. તમને એ ફાવે નહીં અને લખતાં આવડે પણ નહીં, તમે જે કહેશો એ જ નથ્થુખાં લખવાના છે પછી શંકા શા માટે કરો છો ?'

'શંકા નથી કરતો, સાહેબ, માત્ર ભાષાનો વિચાર કરું છું.'

'ભાષામાં તમે નથ્થુખાંને પહોંચી શકો એમ છો ? જાણો છો નથ્થુખાં પચીસ વરસથી આ કામ કરે છે. ભાષાનો એ કીડો છે કીડો ! નથ્થુખાં લખે એમ લખવા દો.'

વાત વણસી જવાની બીકે પ્રોફેસર કંઈ બોલ્યા નહીં.

નથ્થુખાંએ લખવા માંડ્યું. લખતાં લખતાં નથ્થુખાના મુખમાંથી નીકળેલા કેટલાક શબ્દોનો પ્રોફેસર મહેતાને આજ સુધી પરિચય થયો નહોતો.

ઝાંખા પડી ગયેલા પીળા કાગળ પર, આંગળાંમાં મશીન પરોવ્યું હોય એટલી ઝડપથી નથ્થુખાંએ નિવેદન લખી નાંખ્યું. પછી એ બોલ્યા : 'સમય જશે, નિવેદન વાંચવું છે ?'

'સહી કરવાની છે એટલે વાંચવું તો પડે જ ને ?'

નથ્થુખાંએ નિવેદનનો કાગળ પ્રોફેસર મહેતાના હાથમાં ઠાંસ્યો.

નિવેદન વાંચતાં-વાંચતાં પ્રોફેસર મહેતાને તમ્મર આવતાં હોય એવો અનુભવ થયો. નિવેદન વાંચી રહ્યા પછી ધ્રૂજતા હાથે એમણે સહી કરી.

'આની કાર્બન કાંપી તમે લઈ જાવ,' નથ્થુખાંએ કાર્બન કોપી પ્રોફેસર મહેતાને આપતાં કહ્યું : 'ફાઇલમાં રાખજો. ક્યારેક જરૂર પડશે.'

'કાર્બન કોપી ફાઇલમાં ?' આ ખ્યાલથી જ પ્રોફેસર હેબતાઈ ગયા.

કચેરીનાં પગથિયાં ઊતરતાં એક વિચાર પ્રોફેસરને મૂંઝવી રહ્યો. 'ભવિષ્યમાં પ્રશંસકો સ્મૃતિગ્રંથ તૈયાર કરશે ત્યારે આ નિવેદન પુસ્તકમાં છેલ્લા ટાઇટલ પેજ પર જરૂર છાપવાના. ઓહ ! ભયંકર !'

⁕

# ૫૫. ઓળખ

તાર ઉપર સૂકવેલાં કપડાં એકઠાં કરીને ચારુબહેને પલંગ ઉપર ઢગલો કર્યો. પછી એ કપડાંને ગડીબદ્ધ કરીને જુદી જુદી થપ્પીઓમાં ગોઠવવા લાગ્યાં. કુટુંબમાં ઝાઝાં માણસો હતાં. એટલે સરખા માપનાં કપડાં પણ ઠીક ઠીક પ્રમાણમાં હતાં. પહેરનારાને જરૂર પડ્યે શોધાશોધ ન કરવી પડી એ હેતુથી રોજ કપડાંની વ્યક્તિ દીઠ અલગ ગોઠવણી થતી. આ કામ આમ તો, પુત્રવધૂઓ જ આટોપી લેતી પણ આજે એ કામ ચારુબહેન કરી રહ્યાં હતાં.

એક શર્ટની ગડી વાળ્યા પછી એને કઈ થપ્પીમાં ફાળવવું એ વિશે એમને સહેજ મૂંઝવણ થઈ. એમણે બાજુમાં છાપું વાંચી રહેલા એમના પતિ સુબન્ધુભાઈને પૂછ્યુ : 'આ શર્ટ તમારું છે ?' સુબન્ધુભાઈએ નાક ઉપરનાં ચશ્માં સહેજ નીચે ઉતાર્યાં. અને શર્ટ ઉપર નજર કરી. શર્ટ એમનું જ હતું.

પતિના જવાબમાં થોડો વિલંબ થયો એટલે ચારુબહેને ફરી પૂછ્યું : 'આ શર્ટ તમારું છે ?'

પત્નીના આ પ્રશ્નથી સુબન્ધુભાઈ વિચારમાં પડી ગયા હતા અને થોડા ઉદાસ પણ થયા હતા. તેમણે પ્રશ્નનો સીધો જવાબ આપવાનું ટાળીને કહ્યું : 'યાદ છે, ત્રીસ પાંત્રીસ વર્ષ પહેલાં આપણે આબુના પ્રવાસે ગયાં હતાં. શરદઋતુ હતી. એક દાક્તર મિત્રના ખાનગી બંગલામાં આપણે ઊતર્યાં હતાં...'

'હા, પણ તેનું અત્યારે શું છે ?'

'...આપણે સનસેટ પોઇન્ટ ઉપર જવા નીકળ્યાં એ વખતે તમે કેસરી સાડી પહેરી હતી...'

'પહેરી હશે.'

'એના ઉપર ઘેરા ગ્રીન રંગનાં વર્તુળમાં હતાં...એ વર્તુળમાં ઝીણા ઝીણા મોર હતા.'

'પણ આ બધું ભાષણ અત્યારે ક્યાંથી ઊકલ્યું છે ?'

'એ વાતને ત્રીસ વર્ષ થઈ ગયાં, નહીં ?'

'હા...'

'એ જમાનામાં બ્લાઉઝ માટે તમે કેમ્રિક પસંદ કરતાં યાદ છે, એક વખત રેખા તમારા બ્લાઉઝને ઇસ્ત્રી કરતી હતી. બ્લાઉઝ પીંક રંગનું હતું અને ગોહિલ બ્રધર્સમાં સિવડાવ્યું હતું...રેખા બ્લાઉઝ ઉપર ગરમ ઇસ્ત્રી મૂકીને જ ક્યાંક આઘીપાછી થઈ

અને બ્લાઉઝ દાઝી ગયું...એ વાતનેય ખાસ્સાં પાંત્રીસ વર્ષ થઈ ગયાં...'

'પણ આ વહીવંચો અત્યારે કેમ ઉકેલ્યો છે ? એ બધું રહેવા દઈને એ જ કહોને કે આ શર્ટ તમારું છે કે શુભેન્દુનું ? મને થપ્પીમાં મૂકવાની સૂઝ પડે.'

'અને પેલી ઇંગ્લિશ પ્રિન્ટવાળી સાડી યાદ છે, માસીએ લઈ આપી હતી તે ?'

પતિ તરફથી સરખો જવાબ ન મળતાં ચારુબહેને હાથમાંનું શર્ટ ગમે તે થપ્પીમાં મૂકી દીધું અને બબડ્યાં : 'મારે શું, ન જડે એ વખતે શોધ્યા કરજો....!' હવે સુબન્ધુભાઈ માટે કંઈ બોલવાનું ન રહેતું હોય એમ એમણે પોતાનું ડોકું છાપાં તરફ વાળી લીધું.

✻

# ૫૬. ઓળખાણ

હરિદાસ અને શ્યામજીભાઈ રતનપોળમાંથી પસાર થઈ રહ્યા હતા. ભારે ભીડ હતી. કોલાહલને પણ આસાનીથી દબાવી શકે એવા મોટા ઘાંટે હરિદાસ પોતાની વાતમાં શ્યામજીભાઈનું ધ્યાન ખેંચી રહ્યા હતા અને શ્યામભાઈ મુખ ફેરવ્યા વગર હરિદાસની વાતોમાં હોંકારો ભણ્યે જતા હતા.

એ લોકો ગોલવાડના નાકા સુધી આવ્યા. નાકામાંથી આવી રહેલો એક માણસ શ્યામજી તરફ તાકીને જોઈ રહ્યો હતો. એકાએક શ્યામજીભાઈની નજર એના પર પડી. શ્યામજીભાઈ આવી નજરોથી ટેવાયેલા હતા. એ રસ્તે જતા હોય ત્યારે ઘણા માણસો એમના તરફ તાકી રહેતા. એમના ચિત્તમાં અણગમો તો ઘણોય પ્રગટતો. પણ એવા સંજોગોમાં કોઈને શું કહી શકાય ? અણગમતી નજરો અવગણીને તે આગળ ચાલતા. અત્યારે જે માણસ પોતાના મુખ ઉપર નજર ખોડી રહ્યો હતો એની નજરમાં જુદાપણું જરૂર હતું. એટલે એ પણ થોડા કુતૂહલ અને થોડા આશ્ચર્યથી એની સામે જોઈ રહ્યા.

બંને વચ્ચે પાંચ-સાત ડગલાંનું અંતર હતું. શ્યામજીભાઈ કુતૂહલ ખંખેરીને આગળ વધે એ પહેલાં તો પેલો માણસ શ્યામજીની સન્મુખ આવીને ઊભો રહ્યો. એણે શ્યામજીભાઈનો ખભો પકડી લીધો. બરાબર મસળ્યો. ચૂડ લોખંડી હતી. શ્યામજીભાઈએ થોડી પીડા પણ અનુભવી...

શ્યામજીભાઈ કંઈ બોલે એ પહેલાં તો પેલા માણસે કહ્યું : 'આમ અજાણ્યા થઈને બારોબાર નીકળી જવું છે ?'

હવે આ માણસ શ્યામજીભાઈ માટે અજાણ્યો રહ્યો નહોતો. ખભો મસળવાની

આદતથી એ માણસ પરખાઈ ગયો હતો. ચાલીસ વર્ષ પહેલાંનો આ એ જ ઘનશ્યામ સોનપુરિયો ! શ્યામજીભાઈએ કહ્યું : 'ઘનશ્યામભાઈ !'

'ઘનશ્યામભાઈ નહીં, ઘનશ્યામ સોનપુરિયો !'

'હા, તમે કંઈ છાના રહો ? નિશાળમાં તમે તો કેટલાયનાં હાડકાં મસળી નાખેલાં ને.'

ઘનશ્યામ અને શ્યામજીનો સંવાદ ચાલી રહ્યો હતો એ વખતે હરિદાસને એક ખટકો લાગી ગયો. આ ઘનશ્યામ, વધારે નિકટનો મિત્ર તો પોતાનો, એણે શ્યામજીભાઈને ઓળખી લીધા. અને પોતાને નહીં ! એમણે કહ્યું : 'ત્યારે, મને તો ભૂલી જ ગયા એમને, ઘનશ્યામજી ?'

હરિદાસનો અવાજ સાંભળી ઘનશ્યામભાઈ પળભર તો એમની સામે તાકી જ રહ્યા. અને પછી ઉમળકાભેર બોલ્યા : 'ઓ હો...હો તમે હરિભાઈ જિગરી દોસ્ત. તમને શી રીતે ભૂલી શકાય ? જમાનો વીતી ગયો. ચહેરોમહોરો બદલાઈ ગયો. પણ અવાજથી પરખાઈ ગયા, હેં...! એવું છે ભાઈ, આપણે ગમે તેટલું ભૂલી જઈએ, પણ કોઈ ને કોઈ એક નિશાની આપણી ઓળખ આપ્યા વિના ન રહે, જુઓને, તમે તમારા અવાજથી પરખાયા અને હું ઝોડની માફક ખભો પકડવાની મારી ટેવથી ઓળખાઈ ગયો...'

'તો કહો, તમે શ્યામજીભાઈને શી રીતે ઓળખી પાડ્યા ?'

ઘનશ્યામભાઈ ક્ષણભર તો ગૂંચવાઈ ગયા હોય એવું લાગ્યું. ઘનશ્યામભાઈને ગૂંચવાતા જોઈ શ્યામજીભાઈ પોતે જ કશોક ખુલાસો કરતા હોય એમ બોલ્યા : 'કદરૂપો ચહેરો સાત ભવ સુધી યાદ રહે. ચાલીસ વર્ષનો તે શો હિસાબ ?'

આટલું કહ્યા પછી શ્યામજીભાઈ લગભગ મૂંગા જ થઈ ગયા !

❊

## ૫૭. કનકપાત્ર

નરેન્દ્ર વાત પૂરી કરે એ પહેલાં તો સુધા પોતાના સ્વભાવ પ્રમાણે ગુસ્સે થઈ ચૂકી હતી. ને જ્યારે બયાન પૂરું કરીને એ ખડખડાટ હસી પડ્યો ત્યારે તો એના ગુસ્સાનો પાર ન રહ્યો. રોષથી એ બોલી ઊઠી : 'તમને સ્વમાન જેવું કંઈ છે જ નહિ. ખરો સ્વમાની માણસ ફરીથી એવી બહેનનું નામ સુધ્ધાં ન લે. માથું ફાટી જાય એવા તાપમાં તમે એને મળવા ગયા, અને બે કલાક બેસી રહ્યા ત્યાં સુધી એણે તમારી સામે પણ ન જોયું !'

'સામે ન જોયું એટલું જ નહિ; કપરા તાપમાં એને ત્યાં જઈ ચડેલા આ મુસાફરને પાણી સુધ્ધાંનું ન પૂછ્યું !' નરેન્દ્રે હસીને વાક્ય પૂરું કર્યું.

સુધા નરેન્દ્ર તરફ તાકી રહી. પોતે પતિના ભયંકર અપમાન માટે દુઃખ અને ગુસ્સો અનુભવી રહી હતી ત્યારે એ પોતાની જ હાંસી ઉડાવી રહ્યો હતો! ક્રોધથી એ બોલી ઊઠી : 'તમને તો લાજ, શરમ કે સ્વમાન કશું જ નથી.'

'આવું આકરું વિધાન કરવાની જરૂર નથી.' નરેન્દ્ર હજી હસતો જ હતો : 'તું ગુસ્સામાં છે એટલે સ્મિતાને સમજી શકતી નથી.'

'હજુય બહેનનો પક્ષ ખેંચો છો ? તમે તે માણસ છો કે...'

'...જાનવર કેમ ?' સુધાને છેલ્લો શબ્દ ગળી જતી જોઈ નરેન્દ્રે મજાકમાં કહી દીધું.

'હા. સાડી સાત વાર જાનવર. જેને સ્વમાન ન હોય એને બીજી શી ઉપમા આપી શકાય ?' તાપના આવેગમાં સુધા બોલી ગઈ.

પણ નરેન્દ્રના મુખ ઉપર તો પ્રસન્નતા જ હતી. થોડી વાર પછી એ ઑફિસે ચાલ્યો ગયો અને સુધા ખિન્ન બનીને બેસી રહી.

સાંજે નરેન્દ્ર પાછો આવ્યો ત્યારે પણ એ સ્વસ્થ થઈ શકી નહોતી. ચા પીતાં એણે નરેન્દ્રને પૂછ્યું : 'મને તો હજુય નથી સમજાતું નરેન્દ્ર કે તારું આવું અપમાન થયું હોવા છતાં તને કેમ કંઈ લાગતું નથી !'

સુધાને હજુ પણ રોષમાં જોઈ નરેન્દ્રના મુખ ઉપર સ્વાભાવિક ગાંભીર્ય પ્રસરી રહ્યું. ગંભીર અવાજે એણે શરૂ કર્યું : 'સુધા, આજે બપોરે તેં મને "જાનવર" કહ્યો. છતાં હું તારા ઉપર ગુસ્સે ન થયો. શાથી ?'

સુધા કંઈ બોલી નહિ. નરેન્દ્રે કહ્યું : 'જે કારણથી હું પતિને "જાનવર" કહેનાર પત્ની ઉપર ગુસ્સે નથી થયો એ જ કારણથી સ્મિતા ઉપર પણ ગુસ્સે નથી થયો.'

સુધાએ નરેન્દ્ર તરફ નજર ઠેરવી.

પોતાની તરફ સ્મિત વેર રહેલા પતિના કોઈ આંતરિક વ્યક્તિત્વની તત્કાળ અસર હેઠળ એ એવી તો ઘેલી બની ગઈ કે એણે બે હાથે નરેન્દ્રના ગાલ આમળ્યા અને બોલી ઊઠી : 'તને તે શું કહેવું ? તારા હૈયાના સુવર્ણપાત્રમાં સિંહણનું દૂધ છલોછલ ભર્યું છે !'

☼

# ૫૮. કન્યા

સુધીર આજે કન્યા જોવા ઊપડવાનો હતો. જ્યારે બહારગામ જવાનો હોય ત્યારે એના માટે સઘળી તૈયારીઓ સુહાસિની કરી રાખતી. ગાડીના સમયે એ ઘેર આવે અને બૅગ લઈને ચાલ્યો જાય. પોતે પસંદ કરેલાં કપડાં જ સુધીર લઈ જાય એવો એનો આગ્રહ રહેતો. અને સુધીર એને માન પણ આપતો. અગાઉ એ ચારેક વખત કન્યાઓ જોઈ આવ્યો હતો. એ દરેક વખતે સુહાસિનીએ આગ્રહપૂર્વક ખાસ કપડાં બૅગમાં મૂક્યાં હતાં.

પણ આજે બૅગ તૈયાર કરવાનો એને ઉમળકો આવતો નહોતો. ગાડી ઊપડવાનો સમય થવા આવ્યો છતાં એ કશું તૈયાર કરી શકી નહોતી. એનું મન શિથિલ થઈ ગયું હતું અને વારંવાર એ તરંગે ચડી જતી હતી. ગયે મહિને ભરૂચથી મધુકર એને જોવા આવ્યો હતો. પોતે યુવાન હતી, સુંદર હતી, ગ્રેજ્યુએટ હતી, સારું ગાઈ શકતી હતી...ઘરમાં સૌ માનતાં હતાં કે મધુકર સુહાસિનીને જોવા આવે એ તો માત્ર ઔપચારિક વ્યવહાર હતો. બાકી, એને પસંદ કરવા બાબતમાં કોઈ પ્રશ્ન હોય જ નહિ.

મધુકર આવ્યો. એણે કેટલાક હસવા જેવા સવાલ પણ પૂછ્યા. સુહાસિનીને મધુકર બહુ પસંદ પડ્યો નહિ, છતાં એણે પોતાના મનથી માન્ય કરી લીધો. જ્યારે એ નીકળ્યો અને પિતાજીએ એનો નિર્ણય જાણવા ઇચ્છા દર્શાવી ત્યારે એણે જવાબ આપ્યો : 'હું ઘેર જઈને તરત લખી જણાવીશ.' એ વખતે પિતાજીનું મોં પડી ગયું. સુહાસિનીએ પોતાના પિતાનું મોં આવી રીતે પડી જતું કદીયે જોયું નહોતું. એ વખતે જ એ તો બોલવા ઇચ્છતી હતી : 'પિતાજી, એમાં શું ? એ ના કહેવડાવશે તોય શું થઈ ગયું ? એના કરતાંય સારા છોકરાઓ દુનિયામાં પડ્યા છે. આમ તો, હું જ એને ક્યાં પસંદ કરું છું ?'

ત્રણેક દિવસ પછી મધુકરનો જવાબ આવ્યો હતો : સૌએ ધાર્યો હતો એવો જ ! ત્યારે પોતે બહાર તો કશું જણાવા ન દીધું, પણ હૈયામાં જે ઘા થયો એ કારમો હતો. આજે તેત્રીસ દિવસ થયા પણ હજુ એ નીંગળતો જ રહ્યો હતો. એક બાલિશ સ્વભાવનો કદરૂપો છોકરો પોતાના અસ્તિત્વની હાંસી ઉડાવી ગયો એ અસહ્ય હતું !

કદાચ સુધીર આજે પાંચમી વાર કોઈ કન્યાના અસ્તિત્વની હાંસી ઉડાવવા જઈ રહ્યો હતો...ચાર કન્યાઓનાં હૈયાંમાં કારમો ઘા કરવામાં તો પોતે પણ ઊલટપૂર્વક ભાગ લીધો હતો ને ! કદાચ આજે પાંચમી કન્યાના દિલભંજન માટે પોતે સજાવટ

કરી રહી હતી !

ઉત્સાહથી તરવરતા સુધીરનો અવાજ બહારથી જ સંભળાયો : ‘સુહાસ ! બૅગ તૈયાર છે કે ?’ સુહાસિનીએ કંઈ જવાબ ન આપ્યો એટલે સુધીર અંદર દાખલ થયો અને બોલી ઊઠ્યો : ‘અરે ! ગાડીનો સમય થઈ ગયો અને હજી કંઈ તૈયાર નથી ?’

અને પોતે ગુનેગાર હોય એમ સુહાસિની બૅગમાં ઝડપથી કપડાં મૂકવા લાગી...

⁂

# ૫૯. કમલકોશેટો

જ્યોર્જિયાથી ભાર્ગવ ઉપર મનોહરના પત્રો આવતા. એક કાગળમાં મનોહરે લખ્યું : ‘અમારા પડોશમાં સ્થાયી વસવાટ માટે ભારતથી એક કુટુંબ આવ્યું છે, એમાં શ્રીમતી જેસ્મિન તમને સારી રીતે ઓળખે છે.’

મનોહરના પછીના પત્રોમાં શ્રીમતી જેસ્મિન વિશે કંઈ ને કંઈ ઉલ્લેખ થતો. મોટા ભાગે પ્રશંસા.

પ્રત્યેક પત્રના ઉત્તરરૂપે ભાર્ગવ કશુંક ‘લખી નાખવા’ પ્રેરાતો પણ મનને કાબૂમાં રાખીને એવું કશું લખતો નહીં.

મનોહરે એના છેલ્લા પત્રમાં શ્રીમતી જેસ્મિનનો એક વિશેષ પરિચય આપવાના હેતુથી લખ્યું હતું : ‘ગઈકાલે ઇન્ડિયન કોમ્યુનિટી ઍબ્રોડ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં જવાનું થયું હતું. ત્યાં શ્રીમતી જેસ્મિનનું એક અદ્ભુત સ્વરૂપ જોયું. કાર્યક્રમના આરંભમાં એમના નૃત્યમાં એમનાં આંગળાંની કરામત જોવા મળી. પાણીમાં કમળનો ડોડો ધીરે ધીરે ઊઘડીને પ્રફુલ્લ કમળ બની રહે, એવી જ રીતે શ્રીમતી જેસ્મિને એમના હાથ, હથેળીઓ અને આંગળાં દ્વારા પ્રફુલ્લ કમળની રચના કરી. એ પ્રફુલ્લ કમળ ઉપર એક ભ્રમર મંડરાવા લાગ્યો ‘કઠ પૂતળીવાળાઓની જ કોઈ કરામત’ મંડરાતો ભ્રમર પેલા પ્રફુલ્લ કમળ ઉપર બેઠો અને ધીરે ધીરે કમળ બિડાયું. ભમરો હસ્તકમળના કોશમાં બિડાઈ ગયો ! તું એક વખત શ્રીમતી જેસ્મિનનાં આંગળાંની કરામત જુએ ભાર્ગવ, તો જિંદગીભર એ ન ભૂલે.’

મનોહરના આ પત્રે ભાર્ગવને પૂરેપૂરો ઉશ્કેરી મૂક્યો. આજ સુધી મન ઉપર કાબૂ રાખીને શ્રીમતી જેસ્મિનના સંબંધમાં કંઈ પણ લખવાનું એ ટાળતો હતો પણ આ પત્ર વખતે એ નિગ્રહના બંધ છૂટી ગયા અને એણે લખ્યું :

પ્રિય મનોહર,

શ્રીમતી જેસ્મિનનાં આંગળાંએ રચેલી કમળમુદ્રા જોઈને તું અપાર પ્રસન્નતા અનુભવી રહ્યો છે. એ તારા પત્ર પરથી જાણ્યું. તેં શ્રીમતી જેસ્મિનની જે કમળમુદ્રા જોઈ એ તો મેં જોઈ નથી; પણ શ્રીમતી જેસ્મિને તાલીમ માટે નૃત્યશાળાના પહેલાં પગથિયે પણ પગ મૂક્યો નહોતો ત્યારે એ આંગળાંની કળા મેં જોઈ હતી. એ વખતે જેસ્મિન શ્રીમતી નહોતી. એ વિકાસોન્મુખ કમળ હતી...હા, માધ્યમિક શાળાનો એક વર્ગ. લૉબી તરફની એ વર્ગની દીવાલ. દીવાલના બે દરવાજા વચ્ચે ભોંયતળિયેથી ચારેક ફૂટની ઊંચાઈએ ગ્રીલ વિનાની એક બારી...એક ચંચળ કિશોરી ઝડપભેર આવીને પેલી બારી નીચે દીવાલને લપાઈને બેસી ગઈ. આંગળાંની કરામત...એક પ્રફુલ્લ કમળ રચાયું અને એમાં ભમરો નહીં, પણ બારીમાંથી કાગળની એક ગોળી આવીને સમાઈ ગઈ. કાર્યક્રમમાં પેલો ભમરો બિડાઈ ગયો હતો ને, એમ આ ગોળી બિડાઈ ગઈ. બંધ કમળમાં...કાગળનો આ ભમરો બારીમાંથી આ કમળમાં કેવી રીતે આવી પડ્યો એ વિશે પૂછીશ નહીં...

તેં તો પેલા કાર્યક્રમમાં 'શ્રીમતી જેસ્મિન'ના હસ્તકમળમાં એક ભમરાને બિડાતો જોયો, મેં તો હસ્તકમળમાં આખો માણસ બિડાતો જોયો હતો !

પણ આ વાત તારા હૈયે બિડાયેલી જ રાખજે મનોહર, ગાર્ડેડ સિક્રેટની જેમ...

— તારો, ભાર્ગવ

❊

## ૯૦. કર્ણ

મહાભારતના કર્ણ તરફ એને અસાધારણ પક્ષપાત હતો. મહાભારતની વાત નીકળે એટલે કોઈ પણ મુદ્દા હેઠળ એ કર્ણને વાતમાં લાવ્યા વિના ન રહે. એક દિવસ મહાભારતનાં પાત્રોની ચર્ચા નીકળી ત્યારે એણે કહી દીધું : 'મહાભારતનું શ્રેષ્ઠ પાત્ર તો કર્ણ જ !'

'કૃષ્ણ, અર્જુન, યુધિષ્ઠિર, વિદુર આ બધાં પાત્રો કરતાં પણ તું કર્ણને આગળ મૂકે છે ?'

જવાબ તૈયાર હોય એમ એ બોલ્યો : 'હા, મારી દૃષ્ટિએ એની તુલનામાં બરોબરી કરી શકે એવું કોઈ પાત્ર નથી. કૃષ્ણ પણ નહીં !'

'ધનુર્ધર તરીકે કર્ણ શ્રેષ્ઠ હતો માટે ?'

'એવું તો નહીં. ધનુષ્યકળામાં એ અર્જુનનો બરોબરિયો હશે, પણ એના કરતાં

ચઢિયાતો હતો એવું પ્રમાણ તો નથી.'

'એ દાનેશ્વરી ગણાતો હતો માટે ?'

'એની દાનપ્રિયતાની વાતો બહુ થઈ છે અને એકાદ પ્રસંગ સિવાય એનાં ઝાઝાં ઉદાહરણ હું જાણતો નથી...'

'તો પછી એ નિષ્ઠાવાન મિત્ર તરીકેની એની ઇમેજ તને પ્રભાવિત કરી ગઈ હશે !'

'એ મૈત્રીને હું નિર્ભેળ મૈત્રી ગણતો નથી. એ નરી કંડિશનલ મૈત્રી હતી.'

'એટલે ?'

'ઉપકારના નિમિત્ત હેઠળ એ પ્રગટી હતી અને ઋણ ચૂકવવા માટે એ ટકી રહી હતી.'

'તો પછી તારા ઉપર કર્ણના આટલા ગાઢ પ્રભાવનું કારણ શું ?'

આનો એ કદી પ્રતિકર ઉત્તર આપી શક્યો નહોતો. કોઈ પણ પાત્ર માટે અંગત રુચિના કારણે એક પ્રકારનું ખેંચાણ હોઈ શકે. પણ અહીં તો ખેંચાણ કરતાં ઘેલછા જ વધારે દેખાતી હતી. બીજાં પાત્રોને ઝંખવીને એકને વધારે તેજોમય દેખાડવાનો પ્રયત્ન કરવો એ ઘેલછા નહીં તો બીજું શું ? અને એટલા માટે જ અમને એની ઘેલછા માટે પારાવાર વિસ્મય હતું. કેટલાક મિત્રો તો એ ઘેલછા પાછળ એના ચિત્તની રુગ્ણતા જ જોતા.

આ કારણથી એ અમારા સંશોધનનો એક વિષય જ બની રહ્યો હતો. સંશોધન માટે લાઇન ઑફ ઍટેક મળવી જોઈએ ને ? એક કન્યાની પસંદગીની વાત નીકળી. કોઈએ કહ્યું : 'છોકરીએ એને પહેલે ધડાકે નાપસંદ કર્યો એટલું જ નહીં પણ મુલાકાત વખતે એનું હડહડતું અપમાન કરીને જાકારો જ દઈ દીધો!'

'કોણ હતી એ છોકરી ?' ભારે ઉત્સુકતાથી એણે પૂછ્યું.

'એનું નામ સ્ત્રગ્ધરા છે.'

'પૂર્ણેન્દુરાજની છોકરી તો નહીં ?' એણે કુતૂહલ દાખવીને પૂછ્યું.

'હા, એ જ.'

'નાલાયક છોકરી ! નિર્લજ્જ, અભિમાની ઘમંડી...'

'તું ઓળખે છે એને ?'

'સામે મળે તો એની ડોક જ મરડી નાખું !'

'કેમ, આટલું બધું ?'

'એના પર તો એવો ભડભડી રહ્યો છું કે...'

અત્યારે એની કર્ણપ્રીતિની એક કડી તો અમને મળી ગઈ. અને અમારા સંશોધનનો માર્ગ ખુલ્લો થયો. અમે એક પરિકલ્પના (hypothesis) તો નક્કી કરી લીધી કે એ સમીર નહીં, પણ કર્ણ છે.

⁂

## ૬૧. કાગડા-કોયલની જુગલબંધી

મારા એક મિત્ર ભારે વાચનરસિયા છે. મેકોલેને એના બાળપણમાં એક ટેવ હતી. ત્રણ વરસની ઉંમરે એ વાંચતાં શીખી ગયેલો. જે કંઈ નજરે ચઢે એ વાંચી લે. મારા આ મિત્રને આ ટેવ મોટી ઉંમરે વળગેલી. વાંચતાં વાંચતાં જે કંઈ ગમી જાય એને કાતર કે બ્લેડથી કાપલીનું રૂપ આપે અને એને ફાઇલ કરે. એમની આ ટેવ વિશે મને ખબર ખરી. પણ એમનું થયેલું કામ નજરે જોયેલું નહીં. એક દિવસ એમણે મને એમની ફાઇલ બતાવી છાપાં, ચોપાનિયાં, માસિક, પાક્ષિક, જાહેરાત માટેનાં પેમ્ફ્લેટ વગેરેમાંથી એમને જે જે ગમ્યું તે આમાં ભરાવેલું હતું.

મિત્રના કાર્યની કદર અને પ્રશંસા થઈ એવું એમને લાગે એ હેતુથી મેં આશ્ચર્યોદ્ગાર સાથે કહ્યું : 'ઓ હોહો ! વાસુભાઈ, તમે તો આ જ્ઞાનનો ભંડાર જ રચ્યો છે, હો...'

ઉત્સાહમાં આવીને એ બોલ્યા : 'આવી એક નહિ, ત્રણ ફાઇલો છે.' આટલું કહી ત્વરિત ગતિએ એમણે કબાટમાંથી બીજી બે ફાઈલ કાઢીને મારી પાસે ધરી દીધી.

થોડીવાર પછી મિત્રના વધારે પડતા શ્રમ ઉપર તરસ ખાતો હોઉં એમ હું બોલ્યો : 'તમે કાગડા-કોયલની જુગલબંધી વિશે નથી જાણતા ?'

'કાગડા-કોયલની જુગલબંધી ?'

'જુગલબંધી તો ન કહેવાય. પણ એકનું કામ બીજો કરી આપે એ એક રીતે જુગલબંધી જ કહેવાય ને.'

'કાગડા અને કોયલમાં એવું તે શું અરસપરસ....'

'સાવ અરસપરસ તો નહીં. ભલે એક તરફી પણ સંબંધ તો ખરો ને.'

'એ કંઈ સમજાયું નહીં.'

'કોયલ પોતાનાં ઈંડાં કાગડાના માળામાં મૂકી આવે અને કાગડો-કાગડી એમને સેવીને બચ્ચાંને જન્મ કરાવી આપે. કોયલને માથે ઝંઝટ ઓછી.'

'પણ કાપલીની ફાઇલ અને કાગડા-કોયલની જુગલબંધીને શો સંબંધ ?'

'છાપાં, સામયિકો, ચોપાનિયાં એ બધું વાંચતી વખતે કંઈ ને કંઈ સંઘરવાનું મન થઈ જાય પણ એ બધું સંઘર્યે કર્યા પાર આવે ? આ માટે તો કાગડા-કોયલની જુગલબંધીનો માર્ગ જ ઉત્તમ, વાંચતાં કંઈ ગમે તો થોભી જઈને હાથમાં ફોન પકડવો અને કોઈ મિત્રને કહેવું, ફલાણું છાપું (અથવા માસિક કે ચોપાનિયું જે હોય તે) તમારે ત્યાં આવે છે ? જો એ હા કહે તો તરત કહી દેવું, 'મિત્ર, એક કામ કરજોને પ્લીઝ.' મિત્ર પૂછે શું કરવાનું છે ? એટલે જે પાના ઉપરની વિગત ગમી હોય તેનો નિર્દેશ કરીને કહી દેવું, એ જરા કાપલીરૂપે કાપી લઈને તમારી કોઈ મહત્ત્વની ફાઇલમાં ભરાવી દેજો ને. મારી ખાતર આટલું કરશો ને ? જરૂર પડ્યે હું તમારી પાસેથી એને મેળવી લઈશ. આજકાલ ભાષણનો જમાનો છે. ભાષણમાં આવી વિગતો બહુ ઉપયોગી નીવડે છે. એટલે પ્લીઝ, મારું આટલું કામ કરજો. ક્યારેક ક્યારેક હું તમને આની યાદ આપતો રહીશ.'

મારા મિત્રની આ પ્રપંચકળા વિશે વાસુભાઈને કહ્યા પછી મેં મારા થર્કુ ઉમેર્યું : 'સાચું શાણપણ આ રીતમાં છે, ભાઈ, જિંદગીમાં બધો ઢસરડો આપણે ખેંચ્યા કરીએ તે કેમ ચાલે ?'

❊

## ૬૨. કાગળ

''આ કાગળ પોસ્ટ કરવાનું કેમ કરીશું ?'' ઈરાનના રણની ધાર ઉપર પૉઇન્ટ નંબર ૧૬ના એક તંબુમાં લૅમ્પના ઝાંખા અજવાળામાં રાકેશ એના સાથીદાર મારુતિને કહી રહ્યો હતો. બંને મિત્રો ઇજનેરી અભ્યાસની હેસિયતથી અહીં કમાવા આવ્યા હતા.

''હવે તો ત્રણ દિવસ પછી પૉઇન્ટ નંબર ૨૦ ઉપર જઈએ ત્યારે બને.''

''નહીં...નહીં...કોઈ પણ સંજોગોમાં આ કાગળ સવારે મેલમાં ઊપડવો જ જોઈએ.''

''કંઈ ગાંડો થયો છે ? પૉઇન્ટ નંબર ૧૯ ઉપર જવું પડે. વચ્ચે કેવું કપરું રણ પડ્યું છે !''

''એ બધું ખરું ! પણ તું જાણે છેને મારુતિ, માને દર અઠવાડિયે કાગળ લખવાનો નિયમ હું વ્રતની જેમ પાળું છું.''

''એ એક ખોટો સેન્ટિમેન્ટ છે.''

''તું જે માને તે. પણ માનો જીવ ઊંચો રહે એવું કલ્પી પણ શકતો નથી.''

‘‘આવો ખોટો નિયમ ? દર અઠવાડિયે તે કાગળ હોય ! નવું લખવાનુંય શું : ખુશીમજામાં છું એ જ કે બીજું કંઈ ? વળી, જેની પાછળ પ્રતીક્ષા ન હોય એ કાગળ તે કાગળ કહેવાય ? હું તો એને પસ્તી જ કહું.’’

‘‘તારું ભાષણ પૂરું થયું ?’’ રાકેશ હસીને બોલ્યો : ‘‘અગત્યના સિગ્નલ્સ આવવાના છે એટલે તને તકલીફ આપું છું, નહીંતર હું જ પહોંચ્યો હોત. મધરાતે તો તું પાછો આવી જઈશે. લે ચલ, ઊભો થા.’’

મારુતિ ઊભો થયો. જીપમાં ડીઝલની ટાંકી ભરપૂર કરાવી લીધી. ટૉર્ચ, કાગળો વગેરે જરૂરી વસ્તુઓ લઈ લીધી.

મારુતિ ઊપડ્યો અને પાંચ મિનિટમાં તો રાકેશ ઘસઘસાટ ઊંઘવા લાગ્યો. સવારે જ્યારે એ જાગ્યો ત્યારે આઠ વાગ્યા હતા. મારુતિની પથારી ખાલી હતી. મારુતિ હજુ નથી આવ્યો ? રાકેશના મનમાં ચિંતાની એક લાગણી ફૂટી નીકળી.

એ તંબુ બહાર આવ્યો. સૂર્યે પોતાની પ્રખરતાનો પરચો દેખાડવો શરૂ કરી દીધો હતો. એ અંદર ગયો. પલંગ ઉપર બેઠો. ઊભો થયો. ફરી બહાર આવ્યો. મારુતિની જીપનો કોઈ અણસાર હજુ નહોતો.

બરાબર સાડા દસ વાગે મારુતિની જીપ આવી પહોંચી. રાકેશ અંદરથી બહાર ધસી આવ્યો, ‘આઘો ખસ’ કહી મારુતિ એને ઘસાઈને તંબુમાં ઘૂસ્યો, પાણીનો જગ ઉઠાવી મોંએ માંડી દીધો. જગ ખાલી કર્યા પછી એ બોલ્યો : ‘‘થાય છે, તારી સાથે જિંદગીભરના સંબંધ કાપી નાખું.’’

‘‘પણ થયું શું ?’’

‘‘આખી રાત રણમાં ભમતો રહ્યો. દિશા ખોઈ બેઠો. ગોથાં ખાતો રહ્યો. ફરી ત્યાં ને ત્યાં...આખી રાત રણમાં ચકરાયા જ કર્યો. ઠીક હતું તે ડીઝલ પૂરતું હતું. નહીંતર...’’

રંજ અને વિનોદની મિશ્ર લાગણીથી રાકેશ હસી પડ્યો. પછી બોલ્યો :

‘‘ચાલો, આ પણ એક અનુભવ થયો.’’

‘જહન્નમનો અનુભવ તે અનુભવ છે ? એક તો માર્ગ જડે નહીં અને કાગળની ચિંતા.’

‘‘છેવટે કાગળ પોસ્ટ તો કર્યો ને ?’’

‘‘એમ કહેને કે નસીબ સીધું હતું એટલે મેલ બેગ્ઝ સીલ થવાની તૈયારી હતી અને હું પહોંચી ગયો.’’

‘‘વાહ, સરસ સરસ.’’

''સરસ સરસ શું ? અહીં લાંબા થઈ ગયા એ તો કહેતો નથી. લાવ પાણી હજુ તો બકેટ ભરીને પીવું પડશે.''

બંને મિત્રોના સ્મરણમાં બરાબર જડાઈ ગયો એ દિવસ.

એકાદ વરસ પછી રાકેશ કંપનીની રજા લઈ થોડા દિવસ માટે દેશમાં આવ્યો હતો. એક સાંજે એક કબાટ ફેંદતાં પોતે મા ઉપર લખેલા કાગળની થપ્પી એના હાથમાં આવી. રાકેશ કુતૂહલથી એ જોવા લાગ્યો. એક કાગળ જોઈને એને નવાઈ લાગી. મા પાસે જ હતી. તેણે માને પૂછ્યું : ''આ કાગળ તો તેં તોડ્યો જ નથી, બા !''

દીકરાના હાથમાંનો કાગળ જોઈને મા કશુંક વિચારી રહી પછી એણે કહ્યું : ''હા, એક દિવસ હું કથામાં જતી હતી અને બારણામાં ટપાલીએ આપ્યો. આવીને વાંચીશ એમ વિચારી એને કબાટમાં મૂક્યો. પછી તો વીસરી જ ગઈ. મૂક્યો તે મૂક્યો. સાવ ભૂલી જ ગઈ !''

રાકેશે પોસ્ટનો સિક્કો તપાસ્યો. આ એ જ કાગળ હતો જેણે મારુતિને રણમાં 'જહન્મ'નો અનુભવ કરાવ્યો હતો !

⁕

# ૬૩. કાંચળી

'જનકભાઈ, તમે કૉલેજમાં ભણો છો, ખરું ?'

કુંવરના મુખમાંથી મીઠાશભર્યા સ્વરે નીકળેલું પોતાનું નામ જનકને બહુ ગમ્યું.

પચીસ વર્ષની વિધવા કુંવર જનકના પિતાના કારખાનામાં કામ કરતી હતી. જનક વૅકેશનમાં વતનમાં આવતો અને સમય પસાર કરવા આ 'હિન્દુસ્તાન સત ઈસબગોલ ફૅક્ટરી'માં આવતો. ઑફિસમાં બેસતો, છાપાં વાંચતો, ક્યારેક અભ્યાસનાં પુસ્તકોનાં પાનાં ફેરવતો. આ બધું તો ઠીક, પણ એનો રસ તો જ્યાં ફૅક્ટરીની ઘંટીઓ ચાલતી હતી ત્યાં જઈને ઊભા રહેવામાં હતો. કોઈ સ્થળે ઊભા રહેવાનો રસ તે હોતો હશે ? જનકનો ખરો રસ તો કામ નિહાળવાના બહાના હેઠળ ઘંટીઓ ફેરવતી સ્ત્રીઓને નીરખવામાં હતો. બધી સ્ત્રીઓને નીરખવામાં એને રસ હતો એમ તો શી રીતે કહી શકાય ? એનો ખરેખરો રસ તો એક જ સ્ત્રીને નીરખવામાં હતો. અને એક જ સ્ત્રી તે આ કુંવર.

કારખાનાની વીસેય સ્ત્રીઓ જનકની આંખ પારખી ગઈ હતી. પણ આ તો શેઠનો દીકરો. એની ફરિયાદ કોના આગળ કરવી ?

કુંવરે જનકની નજર સાથે પોતાની નજર ક્યારેય મેળવી નહોતી. સંવાદ કરવાની તો વાત જ ક્યાં રહી ?

પણ આજે પહેલી વાર એણે જનકને પૂછ્યું : 'તમે કૉલેજમાં ભણો છો ખરું?'

સાતે કોઠે દીવા થઈ ગયા હોય એમ જનકનું ચિત્ત ઝળાંઝળાં થઈ ગયું. એણે પ્રત્યુત્તર આપ્યો : 'હા, અમદાવાદની કૉલેજમાં.'

જનક કૉલેજમાં ભણે છે, ક્યાંની કૉલેજમાં ભણે છે કે શું ભણે છે એવું જાણવાની કુંવરને શી જરૂર હોય ? પણ વાતનો આરંભ કરવા કંઈક તો આધાર જોઈએ ને ? એણે આ પ્રશ્નનો આધાર લીધો. જનકના ઉત્તર પછી કુંવર બોલી : 'કાલે હું તમારા માટે એક વસ્તુ લેતી આવીશ.'

આટલું કહ્યા પછી કુંવર એક મત્સ્યની ચંચળતાથી ત્યાંથી સરકી ગઈ.

જનકને રાતભર કુંવરના જ વિચારો આવ્યા. એ શું આપવા માગતી હશે ? એના હાથે તૈયાર થયેલી ભરત-ગૂંથણની કોઈ કલાત્મક ભેટ ? પ્રેમનું પ્રતીક ? પણ એના ચહેરા ઉપર તો કોઈ એવા ભાવ નહોતા...એણે સમાધાન મેળવ્યું - આ ઉંમરે કુંવરના મુખ ઉપર મુગ્ધાની લજ્જા તો ક્યાંથી હોય ?'

બીજે દિવસે કુંવરે કશા ખચકાટ વગર અને કશી ભીતિ વિના પ્લાસ્ટિકનું એક અપારદર્શક કવર જનકને આપ્યું.

'શું છે એમાં ?' જનકે પૂછ્યું.

'કાંચળી' કુંવરે જવાબ આપ્યો અને ગઈકાલની ચંચળતાથી ત્યાંથી ખસી ગઈ.

જનક કંઈ સમજ્યો નહીં. એણે કાંચળી શબ્દ કવિતાઓમાં વાંચ્યો હતો. એને ભારે રોમાંચ થયો.

'ખરી છે આ અબડંગ છોકરી !' બબડી એણે કવરમાં જોયું. અંદરની ચીજ નજરે પડતાં જ એ ચોંકી ઊઠ્યો.

અંદર સાપની કાંચળી હતી.

બચપણમાં એણે સાંભળ્યું હતું કે થોરની વાડના કાંટા ઉપર શરીરને ભરાવીને સાપ પોતાની કાંચળી ઉતારે છે. અને કાંચળી ઉતારવાની એ ક્રિયા અત્યંત કષ્ટદાયક હોય છે.

# ૬૪. કુરંગી

સેમિનારની સેશન પૂરી થતાં કુરંગી ભારે ઉત્સાહ હેઠળ એક હરણીની ચંચળતાથી પ્રોફેસર મહેતા પાસે દોડી ગઈ. છ વર્ષ પહેલાં એ પ્રોફેસર મહેતાની વિદ્યાર્થિની હતી. પ્રોફેસરની પ્રિય વિદ્યાર્થિની.

એને એક મુગ્ધાની સાલસતાથી દોડી આવતી જોઈ પ્રોફેસર હરખાયા. એ નજીક આવી એટલે એને ધ્યાનથી જોતા હોય એમ એ એના દેહ ઉપર નજર માંડી રહ્યા.

અભ્યાસના કોઈ મુદ્દાની ચર્ચા માટે પોતે ઘણી વાર પ્રોફેસર મહેતાની ચેમ્બરમાં બેસતી. પણ પ્રોફેસર મહેતાએ પોતાના તરફ આવી રીતે કદી નજર માંડી નહોતી. અને ક્યારેક એ નજર મંડાતી તો એમાંથી નર્યું વાત્સલ્ય ઝરતું. નર્યો દેવપુરુષ !

અત્યારે શું બોલવું, શું કહેવું, ત્યાંથી ખસી જવું કે કેમ, આવા આવા કેટલાક પ્રશ્નાર્થક વિચારો કુરંગીના મનમાં ઉદ્ભવતા હતા ત્યારે પ્રોફેસર મહેતાએ કહ્યું : ‘કુરંગી, શા ડોળ બનાવી રાખ્યા છે તેં ?’

કુરંગીને કંઈ સમજાયું નહીં, પણ પ્રોફેસરની વાણીની ભીનાશ પરથી એટલું તો એ પામી શકી કે એ શબ્દોમાં હજુ ય વાત્સલ્ય ડોકાતું હતું. એટલે એણે હળવાશથી ઉત્તર આપ્યો : ‘કેમ સર, અગાઉ જેવી સાફસુથરી અને સુઘડ હતી એવી આજેય છું. તમારા તરફ દોડી આવી એમાં તમે મારી ચંચળતા ન જોઈ ?’

‘ગાંડી છે છોકરી તું. એમ તો, એ વખતે તું જે વસ્ત્રોમાં સજ્જ થઈને આવતી એના કરતાં વધારે ભપકાવાળાં વસ્ત્રો તેં અત્યારે પહેર્યાં છે. તારા કાનમાં અત્યારે હીરાનાં લટકણિયાં ચમકે છે. એવાં તો એ વર્ષોમાં તેં કદી પહેર્યાં નહોતાં, અને અત્યારે તારાં વસ્ત્રોમાંથી પરફ્યુમનો જે પ્રવાહ વહી રહ્યો છે એવો એ દિવસોમાં કદી વહ્યો નહોતો...’

‘તો પછી સર, મારા ડોળ વિશે ટિપ્પણ કરવા જેવું તમને શું કારણ મળ્યું ?’

‘મારા પ્રશ્ન સાથે જ તને એ આપમેળે જ સમજાઈ જવું જોઈતું હતું. તને ન સમજાયું એ આશ્ચર્યની વાત છે. જો ને, તું કેવી દુર્બળ થઈ ગઈ છે ! ગાલ બેસી ગયા છે. ચમકારા મારતી તારી આંખોનું નૂર દેખાતું નથી. અને એ આંખોની નીચે કૂંડાળાં દેખાવા લાગ્યાં છે....તેં તારી જાતને અરીસામાં જોઈ કે નહીં ? છ વર્ષ પહેલાંની કુરંગી ક્યાં છે ?’

કોઈકે પાછળથી પ્રોફેસર મહેતાનું બાવડું પકડીને કહ્યું : ‘ચાલો, લંચ માટે નથી આવવું ?’

'હા, હા ચાલો.' કહી પ્રોફેસર મહેતા કુરંગી ઉદ્દેશીને બોલ્યા : 'ચાલ કુરંગી, તું પણ અમારી સાથે.'

'ના, હું પાર્ટીસિપન્ટસની સાથે જમીશ. તમે જાઓ.'

કુરંગી લંચ લેવા તો ન ગઈ, પછીની સેશનમાં હાજરી આપવાનું પણ એણે માંડી વાળ્યું.

સીધી ઘેર પહોંચીને બેડરૂમના આદમકદના અરીસા આગળ જઈને ઊભી રહી અને પોતાની જાતને નીરખી રહી. પછી બબડી : 'નકામો માણસ ! સાવ નકામો !!'

❊

# ૬૫. કૂતરું

એ કાળિયું કૂતરું ગમે ત્યારે સોસાયટીના કોઈ પણ બંગલાના કમ્પાઉન્ડમાં પેસી જતું અને વિવિધ પ્રકારે ઉપદ્રવ્યરૂપ બનતું.

સુરેશભાઈના બંગલામાં આ કૂતરાના પ્રત્યેક પ્રવેશ વખતે સુરેશભાઈ પોતે લાકડી સાથે ધસી આવતા. કૂતરું ચપળ હતું. સુરેશભાઈ પહોંચે એ પહેલાં એ ભાગી છૂટતું. એટલે ઘણી વાર ન છૂટકે સુરેશભાઈ લાકડીને શસ્ત્રની જેમ છુટ્ટી સણસણાવતા. ઘાયલ કૂતરું બાઉ બાઉ કરતું ભાગતું.

કૂતરું આમ, સુરેશભાઈની લાકડીના અનેક પ્રહાર ઝીલી ચૂક્યું હતું છતાં એ પોતાની આદત ચૂક્યું નહોતું અને બંગલાના કમ્પાઉન્ડમાં વારંવાર ઘૂસી જતું હતું.

હમણાં હમણાં આ કૂતરામાં એક લક્ષણ ઉમેરાયું હતું. બહારનાં માણસોને કરડતું થઈ ગયું હતું. એક સવારે સુરેશભાઈના બંગલાની પાછળની બાજુએ એક મિસ્ત્રી ફર્નિચરનું કામ કરી રહ્યા હતા. સુરતથી આવેલા સુરેશભાઈના એક મિત્રની બેબી કુતૂહલવશ મિસ્ત્રીના કામને નિહાળી રહી હતી. એ વખતે ચૂપકીથી કૂતરાએ આવીને બેબીના પગે બચકું ભર્યું.

તત્કાલ સારવાર કરાવવી પડી અને એમાં સુરેશભાઈ દોઢ હજાર રૂપિયાના ખાડામાં ઊતરી ગયા. આના કારણે સુરેશભાઈનું કૂતરા પ્રત્યેનું ઝનૂન અનેકગણું વધી ગયું.

❊

એક દિવસ કૂતરું બોગન વેલની બાજુમાં એણે કરેલા ખાડામાં આગળના પગ

પર માથું મૂકીને બંધ આંખે આરામની મુદ્રામાં હતું.

એને જોઈને સુરેશભાઈ લાકડી લઈને ધસી આવ્યા. દર વખતની જેમ આ વખતે લાકડી દેખીને કૂતરું ભાગ્યું નહીં. એણે આંખ ઊંચી કરી પણ ઊભું ન થયું. સુરેશભાઈએ ગુસ્સામાં લાકડીને પથ્થરના જડતર ઉપર ખખડાવી, પછી ઉગામી. પણ કૂતરા ઉપર એની કશી અસર ન જણાઈ. લાકડી ફરી ખખડી એટલે કૂતરાએ ઊભા થવા પ્રયાસ કર્યો પણ ઊભું થતાં થતાં ખાડામાં ફસડાઈ પડ્યું. સુરેશભાઈએ હવે કૂતરાના પડખામાં લાકડીના ગોદા માર્યા. આ વખતે કૂતરું ખાડામાંથી નીકળીને ચાલવા તો લાગ્યું, પણ એના પગ અડવડિયાં લેતા હતા. પાંચ-સાત ફૂટ આગળ વધ્યા પછી એ ગબડી પડ્યું.

સુરેશભાઈ જોતા રહ્યા. એમને થયું માંદું લાગે છે. નિમાણી નજરે એ એમને જોઈ રહ્યું હતું. એમણે એમના નાના દીકરાને કહ્યું : ‘તારી મમ્મીને કહે કૂતરા માટે રોટલા લાવે.’

રોટલી આવી. ન ખાવું હોય તોપણ સામાન્ય રીતે કૂતરું ખોરાકને સૂંઘે અને પછી મોઢું ફેરવી લે. અત્યારે આ કૂતરાએ રોટલીને સૂંઘી પણ નહીં.

સુરેશભાઈ ડ્રૉઇંગરૂમમાં ગયા. ફોન પર એક સ્નેહી સાથે પૂછપરછ કરીને કૂતરાના એક ખાસ ડૉક્ટરનો સંપર્ક સાધ્યો અને કહ્યું : ‘એક શ્વાન માંદો પડી ગયો છે, તમે આવો.’

સુરેશભાઈએ ડૉક્ટરને પોતાનું પૂરું સરનામું આપીને તાકીદે આવવા વિનંતી કરી.

❊

# ૬૬. કૅન્સર

ઉંમર એની દુશ્મન હતી. એક રોગ જ સમજો. કૅન્સર... રોગિષ્ઠ માનવી પોતાના રોગને છુપાવે એમ એ હંમેશાં પોતાની ઉંમરને છુપાવતી. જોકે, કોઈને એની ઉંમર પૂછવાની જરૂર ન રહેતી. ઊલટું, ઉંમર પૂછવાની ઇચ્છા ધરાવનાર જ કહી દેતું : પચીસ...સત્તાવીશ, કોઈ વીસ પણ કહી દેતું. એને એ ગમતું હતું...ત્યારે તો એ પાંત્રીસની હતી.

ઉંમર વધતી ગઈ. પણ હજુ દોઢ-બે દાયકા પાછળ રહેવા એ બધું કરી છૂટતી.

વસ્ત્રપસંદગી, વસ્ત્રપરિધાન, મેક-અપ વગેરે ભારે કાળજીપૂર્વક કરતી. પચાસે પહોંચ્યા પછી તો એક વાર એણે પ્લાસ્ટિક સર્જરીનું સ્વપ્ન પણ સેવ્યું હતું !

આજ સુધી ઉંમર છુપાવવા એ મરણિયા પ્રયાસ કરતી રહી હતી. ગયે અઠવાડિયે જ સ્ટાફના એક સાથીદારે એને કહ્યું હતું : 'દામિનીબહેન ! તમે આવતે અઠવાડિયે નિવૃત્ત થાઓ છો એ તો કોઈ કલ્પી પણ ન શકે, હોં ! નર્યાં જુવાન લાગો છો !'

એની નિવૃત્તિ નિમિત્તે કૉલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓમાં એક વાત ઉમંગભેર વહેતી થઈ - 'દામિનીબહેન નિવૃત્ત થાય છે, આપણે એમનો અભિવાદન-સમારંભ ગોઠવવો જોઈએ...'

આ વિચાર સૌને ગમ્યો એટલું જ નહિ, એમાં ઉમેરણ પણ થતાં રહ્યાં, 'શહેરમાં પણ દામિનીબહેન માટે ઘણી ચાહના છે. આપણે એમના બહુમાન માટે જાહેર સમારંભનું આયોજન કરીએ...'

'હા, એમના ઘણા વિદ્યાર્થીઓ સમાજમાં સારી વગ ધરાવતા થયા છે. એમને પણ આ ગમશે.'

'સમારંભ દબદબા ભર્યો થવો જોઈએ.'

'ટાઉનહૉલમાં રાખીએ.'

'પ્રચાર બરાબર કરીશું.'

સમારંભ ગોઠવાયો.

આયોજકોની ધારણ કરતાં પણ વધારે શ્રોતાઓ ઉપસ્થિત થયા. હૉલમાં વચ્ચેના માર્ગમાં પણ વધારાની ખુરશીઓ ગોઠવવી પડી. કેટલાક તો દીવાલને લગતા પંક્તિરૂપે ઊભા રહ્યા હતા.

દામિનીબહેન પ્રત્યે ભરપૂર લાગણી દર્શાવતાં પ્રવચનો થયાં. એમાં એક વાત ધ્રુવપંક્તિની જેમ ઘૂંટાતી રહી. દામિનીબહેનને બાસઠ થયાં.

હારના ઢગલા થયા. સ્ટીલની ફ્રેમમાં મઢેલું માનપત્ર, મેમેન્ટો...સમારંભ લાંબો ચાલ્યો...

દામિનીબહેન એમના ફ્લેટ પર પહોંચ્યાં. અસાધ્ય રોગનું નિદાન થયા પછી દરદી હતાશ થઈ જાય એવાં એ હતાશ હતાં. એમણે માનપત્રને ટેબલ પર બેદરકારીથી પછડતું નાખ્યું અને મેમેન્ટોની સામી દીવાલે ઘા જ કર્યો.

આખરે, હજારો માનવીઓ વચ્ચે કેન્સરની જાહેરાત થઈ ચૂકી હતી !

❊

# ૬૭. કોઈનું ઘર ભાંગીને...

શાન્તુભાઈ જે ફળિયામાં જન્મ્યા હતા એ ફળિયા સાથે એમનો ભારે લગાવ. અરે, લગાવ શું કામ ? ફળિયા સાથે એમનું અતૂટ પ્રેમબંધન. ફળિયાના સાથીદારો ફળિયું છોડીને નગરથી દૂર-સુદૂર જઈને સોસાયટીઓમાં વસ્યા. પણ શાન્તુભાઈએ સોસાયટીમાં જઈ વસવાનો મોહ રાખ્યા સિવાય પોતાના મકાનની જગ્યાએ જ, પાયાથી નવું મકાન બાંધવાનો નિર્ણય લીધો. ધંધામાં એ સારું કમાયા હતા એટલે એમણે એક જાણીતા આર્કિટેક્ટ પાસે મકાનનો પ્લાન તૈયાર કરાવ્યો. બાપદાદા વખતનું જૂનું મકાન હવેલીનો ખ્યાલ આપે એવું મોટું હતું. એટલે નવું મકાન ખૂબ મોકળાશવાળું અને આકર્ષક બની શક્યું.

વાસ્તુપૂજનનો ભવ્ય સમારંભ થયો. ભોજન માટે અમદાવાદથી એક જાણીતી કેટરિંગ સર્વિસ કંપનીને કોન્ટ્રેક્ટ અપાયો. આમંત્રિતોની વિવિધ રુચિને લક્ષમાં રાખીને મેનુ નક્કી થયું.

ભવ્ય વાસ્તુપૂજન અને ભવ્ય ભોજન સમારંભ લોકો વાહ વાહ પોકારતા રહ્યા.

સાચી પ્રશસ્તિના શબ્દો સાથે સૌ વિખરાયા.

અવસરનો થાક તો હતો છતાં રાત્રે થોડી હળવાશ સાથે શાન્તુભાઈ અને એમનાં પત્ની દિવસ દરમિયાનની ઘટનાઓની સમીક્ષા કરતાં બેઠાં હતાં એ વખતે અવસરની સફળતાની વાત કરતાં કરતાં શાન્તુભાઈ બોલ્યા : 'પણ મંદાકિની, મનમાં એક ખટકો રહી ગયો.'

'ખટકો રહી ગયો ?'

'હા.'

'ક્યાંય કશી ખામી નહોતી છતાં તમને શો ખટકો રહી ગયો ?'

'વાત તુચ્છ છે. કોઈને કહીએ તોપણ આપણને ગાંડા ધારી લે.'

'તમે ગાંડા નથી એ હું જાણું છું એટલે મને તમારા ખટકા વિશે કહેવામાં હરકત નથી.'

'જવા દો, એ મારી અંગત લાગણીની વાત છે. એમાં બીજાએ કશું જાણવા જેવું નથી.'

'ન કહી શકાય એવી લાગણી છે ?'

'હા...'

'કોઈ પણ લાગણીનાં આપણે તો ભાગીદાર, લાગણીને છુપાવો નહીં.'

'હું કંઈ કહું એના કરતાં તમે કશુંક જુઓ.' આમ કહી શાન્તુભાઈ પત્નીને

નવા મકાનના એક ભાગમાં લઈ ગયા. ત્યાં એમણે કહ્યું : 'જૂના ઘરમાં અહીં એક નાનો રૂમ હતો.'

'ખબર છે.'

'હું એ રૂમમાં ભણતો, વાંચતો અને સૂવાનું પણ ત્યાં જ.' આટલું કહી શાન્તુભાઈએ ઉમેર્યું : 'છત તરફ જુઓ અહીં આર.સી.સી.નું એક બીમ છે. જૂના ઘરમાં એ જગ્યાએ એક સાગનો દોરિયો (ઘડ્યા વગરનો બીમ તરીકે વપરાતો સાગનો ગોળવો) હતો. સાંજ પડ્યે એક ચકલું આ દોરિયા પર, બહારથી આવીને બેસી જતું. સવારે પ્હો ફાટતાં એ ઊડી જતું. શિયાળો, ઉનાળો કે ચોમાસું – આ એનો નિત્યક્રમ. એના આ ક્રમમાં એક પણ દિવસ પડ્યો હોય એવું જોવામાં આવ્યું નથી. જૂના ઘરને ડિસમેન્ટલ કરવા માટે પહેલો હથોડો ઝીંકાયો એના આગલા દિવસ સુધી એ ચકલું દોરિયા પર આવીને બેઠું હતું.'

આજે કોણ જાણે કેમ, એવી લાગણી થયા કરે છે કે કોઈનું ઘર ભાંગીને મેં મારું ઘર બનાવ્યું છે !

⁕

## ૬૮. કોટ

પાનકોર નાકામાંથી નીકળ્યા પછી હું સામેની ફૂટપાથ પર પહોંચ્યો ત્યારે મેં એને દવાની એક દુકાનમાંથી નીકળીને મારી તરફ આવતો જોયો. નજીક આવીને એ મારી સન્મુખ ઊભો રહ્યો, એણે પોતે પહેરેલા કોટ તરફ આંગળી કરી કહ્યું : 'કોટ લેશો ?'

હું આ માણસ સામે જોતો જ રહ્યો. એ યુવાન હતો. એનું મુખ વેદનાગ્રસ્ત હોય એવું જણાયું.

એ ફરી બોલ્યો : 'એ નવો છે. હજુ એકે વખત લોન્ડ્રીમાં આપ્યો નથી. જરા મેલો થયો છે એટલું જ.'

કોટ ગરમ કાપડનો હતો. નેવી બ્લૂ રાતની પાર્ટીમાં શોભે એવો.

બે-ત્રણ વર્ષથી ગરમ કોટ માટે હું વિચાર્યા કરતો હતો. પણ ટૂંકા પગારમાં હજુ એ શક્ય બન્યું નહોતું. સામે ઊભેલો માણસ મારી ઊંચાઈનો અને કદમાં લગભગ મારા જેટલો હતો.

કોઈનો ઊતરેલો કોટ ! છી...છી...પણ મનની ઉત્કંઠા બલિષ્ઠ હતી. હું કંઈ બોલું

એ પહેલાં એણે કહ્યું : 'ગઈકાલે એક-બે જણને સાતસો રૂપિયામાં લઈ લેવા વિનંતી કરી હતી પણ એમણે ન લીધો. પાંચસોમાં આપું, લેશો ?'

મન ખરેખર લલચાયું. મેં કહ્યું : 'ચાલો મારી રૂમ પર, ત્યાં વિચારીશું. રૂમ અહીં નજીક રમકડાં માર્કેટમાં છે.'

રૂમ પર જઈ મેં કોટ પહેરી જોયો. અરીસામાં જોયું. કોટમાં હું બરાબર શોભતો હતો.

પેલો ભાઈ એકીટશે મારી સામે જોઈ રહ્યો હતો.

મેં કહ્યું : 'કોટ રાખી લઉં છું.'

એ રાજી થયો હોય એવું જણાયું.

મેં કહ્યું : 'ગઈકાલે તમે આ કોટ સાતસોમાં વેચવા માગતા હતા ને ?'

'હા.'

'હું તમને સાતસો આપીશ.'

'એ તમારી ઉદારતા છે, પણ મેં પાંચસો કહ્યા છે, પાંચસો લઈશ.'

આગ્રહ કરીને મેં એને સાતસો રૂપિયા આપ્યા.

એના ગયા પછી મેં કોટનાં ખિસ્સાં ફંફોસ્યાં. એમાંથી ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શનનો કાગળ અને કેમિસ્ટનું બિલ નીકળ્યાં. કેમિસ્ટની દુકાનનું નામ જોતાં મને સમજાઈ ગયું કે આ માણસ જે દુકાનમાંથી નીકળ્યો હતો તે દુકાનનું જ આ બિલ હતું.

લગભગ એકાદ કલાક પછી હું કેમિસ્ટની દુકાને ગયો. પેલું બિલ દુકાનદાર સામે ધરતાં મેં કહ્યું : 'આ તમારું બિલ છે ?'

'હા.'

'પૈસા બાકી છે ?'

'ના. એ ભાઈ હમણાં જ બધું ચૂકતે કરી ગયા.'

પેલા માણસ સાથે મારી કોઈ નિસબત હોવાની ધારણા કરીને કેમિસ્ટે કહ્યું: 'એ ભાઈ બે વરસથી અમારે ત્યાંથી દવાઓ લઈ જાય છે. પૈસા બાકી રાખે છે અને સગવડ થયે પૈસા ચૂકવી દે છે. આજ પહેલી વાર એવું બન્યું કે એણે પાછળનાં બાકી નાણાં સાથે એક સામટાં ચૂકવી દીધાં. કાયમ દુઃખી દેખાતો માણસ આજે હળવો અને ખુશખુશાલ દેખાતો હતો. એની વાત પરથી લાગ્યું કે અહીંથી એ સીધો કાંકરિયા તરફ જવાનો હોય.'

'કાંકરિયા તરફ ?'

'હા, હમણાં હમણાં કાંકરિયા તળાવની રોનક જ બદલાઈ ગઈ છે ને. આજ એનું મન હળવું હતું એટલે ત્યાં લટાર મારવા જ ગયો હશે...'

કેમિસ્ટની વાત ત્યાં જ પડતી મૂકીને મેં એક ખાલી જતી રિક્ષાને થોભાવી દીધી. ઝટ ઝટ હું એમાં બેસી ગયો અને રિક્ષાવાળાને કહ્યું : 'ભાઈ, તારાથી લઈ શકાય એટલી પૂર ઝડપે કાંકરિયા તરફ લઈ લે.'

⁂

# ૬૯. કોમી હુલ્લડો

શેરમહમદની નજર છાપાને ઢૂંઢી રહી હતી. ભવાનગઢનો આ રસિયો જીવ મારી દુકાનમાં છાપું આવે કે તરત જ તરાપ મારતો. એકબીજાના હાથમાંથી વર્તમાનપત્ર ઝૂંટવી લઈને વાંચીએ એવા મિત્રો અમે હતા. પણ આજે તો એ છાપું માગવાની હિંમત નહોતો કરતો. આદિવાસીઓના આ નાનકડા ગામમાં બીજું છાપું પણ આવતું નહોતું.

આજનું સમાચારપત્ર તો...(ભગવાન મહેર કરે...) એના આવ્યા પહેલાં મેં છુપાવી દીધું હતું. આવીને એ બાંકડે બેઠો. આડીઅવળી વાત કરતો હતો, પણ એની તેજીલી આંખો છાપું ખોળી રહી હતી.

હુંય છાપું વાંચવા તો તલપાપડ હતો. પેપર વાંચવાની અધીરાઈથી મારું અંતર વલોવાઈ રહ્યું હતું. પણ શેરમહમદ ઊઠીને જાય તો ને ? એની હાજરીથી હું ભારે બેચેની અનુભવી રહ્યો હતો.

થોડી વાર એકલો પડશે તો ચાલ્યો જશે એમ માની કામના બહાને હું અંદર ગયો ને ખૂણામાં પડેલા ગુંદરના ઢગલામાંના થોડા ગાંગડા આમતેમ ફેરવવાનો મેં પ્રયત્ન કર્યો...પણ મારી અધીરાઈ વધતી જતી હતી. બંધ બારીના કાણામાંથી મેં શેરમહમદ તરફ જોયું. કબાટ પાછળથી છાપું કાઢી લઈને એ આખું પેપર ઘટક ઘટક પીવા મંડી ગયો હતો.

બહાર નીકળવાની આગાહી રૂપે મેં થોડો ખખડાટ કર્યો એટલે એણે છાપું મૂળ સ્થળે મૂકી દીધું અને સ્વસ્થ થઈ જવાનો દેખાવ કર્યો.

બે મિનિટ માટે પણ એ અંદર જાય તો વચલાં પાનાંનાં હેડિંગ જોઈ લેવાય એ ખયાલથી મેં એને કહ્યું : 'જોને શેરમહમદ અંદર પડેલો માલ ફર્સ્ટ ગ્રેડમાં ચાલે એવો છે કે કેમ ?'

પણ બેચાર મથાળાં ઉપર નજર ફેરવું એ પહેલાં તો એ કમબખ્તનો અવાજ છેક બારણા પાસે આવ્યો : 'બધો થર્ડ ગ્રેડનો માલ છે. ફોરેઈન નહિ જાય.' મેં ઇસ્કોતરા નીચે છાપું સરકાવી દીધું.

ફરીથી એ બાંકડા ઉપર બેઠો. પૂરી તક મળ્યા વિના હવે આ અહીંથી ઊઠવાનો નથી એવી ગણતરીએ એને, 'તું બેસજે; હું હમણાં આવું છું.' કહી બહાર વાડ પાછળ જઈ હું વીસેક મિનિટ બેસી રહ્યો.

એ વીસ મિનિટ મેં ભારે પરિતાપમાં પસાર કરી. વર્તમાનપત્રના સમાચારો નજરે પડતાં મારું હૈયું બેસી ગયું હતું. શેરમહમદનો જીવ પણ ઊંચો થઈ ગયો હતો એ હું સમજી શક્યો હતો.

હું દુકાનમાં આવ્યો એટલે શેરમહમદ ઝડપથી ચાલ્યો ગયો.

મેં છાપું ઉઘાડ્યું.

વર્ષો જૂનાં કારમાં બંધન તૂટ્યા પછી મુક્તિનો ઉલ્લાસ માણવા ટાણે પ્રજાની બે કમનસીબ કોમો લોહીની નદીઓમાં તણાવા લાગી હતી. આખું છાપું કોમી હુલ્લડોના સમાચારથી ખરડાયેલું હતું !

*

## ૭૦. કોયડો

માંદગીને લીધે બાર મહિનાથી પથારીવશ જનકભાઈએ ઝડપથી આવી રહેલા અંતને બરાબર જોઈ લીધો. મહિનાઓ નહિ, પણ હવે દિવસો શેષ હતા એ એમને બરાબર સમજાઈ ગયું હતું. ડૉક્ટરે પણ પંદર દિવસનો અંદાજ આપી દીધો હતો.

એક ઘડીએ જ્યારે એમનો જ્યેષ્ઠ પુત્ર સુબન્ધુ એકલો ખંડમાં દેખાયો ત્યારે એમણે ઇશારાથી એને પોતાના પલંગ ઉપર બેસવા સૂચવ્યું.

કશાક ક્ષોભ સાથે સુબન્ધુ પલંગ ઉપર બેઠો.

'હજુ નજીક આવ, સુબન્ધુ.'

જનકભાઈએ મંદ સ્વરે કહ્યું.

'કંઈ કહેવું છે, બાપુ ?'

'હા.'

'કહો, સાંભળું છું.'

'તારો બીજો કાન પણ ન સાંભળી જાય એવી એક વાત મારે તને કહેવી છે.'

'એવું તે શું કહેવાનું છે, બાપુ ?'

'મને ૩૦ વર્ષથી જે વાતે નિરાંતે ઊંઘવા દીધો નથી એ વાત હૈયામાંથી ખાલી

કરીને ઉપર જવું છે.'

સુબન્ધુની આંખ પહોળી થઈ. એ પિતા સામે તાકી રહ્યો.

જનકભાઈ બોલ્યા : 'ત્રીસ વર્ષથી પશ્ચાત્તાપના અગ્નિથી દાઝી રહ્યો છું...'

જનકભાઈ જરા અટક્યા. સુબન્ધુ મૂંગો રહ્યો.

'સાંભળ', જનકભાઈ જરા અટક્યા. પછી બોલ્યા : 'શંભુનું નામ તો તેં સાંભળ્યું છે – શંભુપ્રસાદ.'

'હા.'

'એ શંભુની હત્યા થઈ હતી.'

'જાણું છું.'

જનકભાઈએ આગળ ચલાવ્યું : 'શંભુ રાજકારણમાં મારો હરીફ. લોકપ્રિય બહુ. સતેજ બુદ્ધિ. સંબંધો ઝાઝા. એની લોકપ્રિયતા દિવસે દિવસે વધતી જતી. તું જાણે છે ને કે રાજકારણમાં સર્વોચ્ચ એક જ હોય. એ સ્થાન ઉપર મારા સિવાય બીજો કોઈ હોય એ મારા માટે અસહ્ય હતું. દિવસે દિવસે સ્થાન મારાથી દૂર ખસતું જતું હોય એ હું જોઈ રહ્યો હતો.'

જનકભાઈ થોભ્યા. શ્વાસ લેવા થોડી મથામણ કરી. થોડી વાર અવાક રહીને પછી બોલવાનું શરૂ કર્યું : 'શંભુની હત્યા થઈ. એ કોણે કરી, એનો સૂત્રધાર કોણ હતો એ એક કોયડો જ રહ્યો...આજ મારે તારી આગળ એ કોયડાનું રહસ્ય ખોલવું છે.' સુબન્ધુ નિષ્ભાવ રહ્યો.

જનકભાઈ બોલ્યા : 'કેટલાક દેખાવોથી મેં પ્રજામાં એવો ભ્રમ ઊભો કર્યો કે શંભુની હત્યાથી સૌથી વધારે દુ:ખી હું છું. પ્રજાએ મારા ઉપર વિશ્વાસ મૂક્યો અને શંભુની હત્યા એક કોયડારૂપ જ રહી.'

જનકભાઈએ એક દયામણી નજર પુત્ર તરફ કરી.

સુબન્ધુની જીભ પર શબ્દો આવી ગયા હતા : 'બાપુ, શંભુપ્રસાદની હત્યા કોણે કરાવી એ તો એ વખતે નાનું બાળક પણ જાણતું થઈ ગયું હતું. એક માત્ર હું જ ભ્રમમાં હતો. બાપુ, મારા ભ્રમનો પડદો હટાવીને આજે તમે મારી ઊંઘ ઉડાડી દીધી છે, પણ !'

પણ જીભ ઉપર આવેલા શબ્દો સુબન્ધુએ ઉચ્ચાર્યા નહિ. એ ફક્ત સમસમી રહ્યો.

❊

# ૭૧. ક્રૌંચવધ

મોરારભાઈ અને ચંદ્રભાગાબહેન એમના પૂર્વજીવનમાં એક સામટાં આટલાં નિકટ કદી બેઠાં ન હતાં. સાઠ વર્ષની ઉંમર સુધી તો સંસારની જંજાળ અને જવાબદારીમાંથી એમને કદી નિરાંતનો શ્વાસ લેવાનો અવકાશ મળ્યો ન હતો. હવે નથી કોઈ જંજાળ કે નથી કોઈ જવાબદારી. અવકાશ જ અવકાશ છે. સાંજ પડ્યે ઘરના ઓટલા ઉપર એ બંને જણ બેસે છે. ઝાઝી વાત કરતાં નથી. પણ એકબીજાનું પડખું સેવતાં હોય એમ મૌન ધારણ કરીને બેસી રહે છે. પેલી સારસબેલડીની જેમ !

પૂર્વજીવનમાં મોરારભાઈએ પત્ની સુંદર છે કે કુરૂપ એ જોવા કોઈ દિવસ ધ્યાન આપ્યું ન હતું. સંયુક્ત કુટુંબના જમેલામાં એનો અવકાશ જ ક્યાં હતો ? આજે એ માટે મોરારભાઈને પૂરો અવકાશ છે. પત્નીના માથા પર વાળ સાવ આછા થઈ ગયા છે. આંખે ઝાંખ છે. કાને બહેરાશ લપાઈને બેઠી છે. અંગેઅંગ જકડાયેલું રહે છે. છતાં મોરારભાઈને આજે પત્ની સુંદર અને મધુર લાગે છે. પત્નીનો સહવાસ એમને વણછીપી તરસ જેવો બની રહ્યો છે. એટલે તો પત્ની નજર આગળથી સહેજ ઓઝલ થાય ત્યારે એ વ્યાકુળ બની જાય છે.

આકાશમાંથી તિમિર ઊતરીને પૃથ્વી ઉપર છવાઈ જાય ત્યાં સુધી આ દંપતી ઓટલા પર બેસી રહે છે. પછી, 'હું જરાક દીવા-બત્તી કરી લઉં' કહી ચંદ્રભાગાબહેન ઊઠીને ઘરમાં ભગવાન આગળ જાય છે. અને મોરારભાઈ ઝીણી ઘંટડીનો રણકતો અવાજ આતુરતાપૂર્વક સાંભળી રહે છે. દીવા-આરતી પછી ચંદ્રભાગાબહેન પાછાં ઓટલા પર આવી એમના આસન પર ગોઠવાઈ જાય છે તે છેક વાળુ માટે સાદ પડે ત્યાં સુધી. એક દિવસ સાંજે મોરારભાઈએ એમના બે દીકરાને ઘરમાં કોઈ સમસ્યા ઉપર વાદવિવાદ કરતા સાંભળ્યા. ક્યારેક એ બંનેના અવાજમાં ઉગ્રતા આવી જતી. એમના વિવાદમાં વચેટ દીકરા મયૂરનું નામ પણ સંભળાયા કરતું હતું.

થોડી વારે ચડભડાડ શમ્યો અને મૌન છવાયું.

કેટલીક પળો પછી બંને ભાઈઓ ઓટલે આવ્યા. બેચાર ક્ષણ સાવ મૂંગા રહ્યા. પછી મોટાએ કહ્યું : 'બાપુ, સાંભળી લો, અમે છેવટના નિર્ણય ઉપર આવ્યા છીએ. આવતી કાલથી તમારે મારે ત્યાં અને બાએ સુધીરને ઘેર રહેવાનું છે. મયૂરની આર્થિક સ્થિતિ સારી નથી. એટલે અમે એને ખુશીથી છૂટો રાખ્યો છે.'

આટલું સંભાળવી બંને ભાઈ ઘરમાં ચાલ્યા ગયા. 'શું કહ્યું : મોટાએ ?' ડોકું જરાક આગળ નમાવી ચંદ્રભાગાબહેને પૂછ્યું.

મોરારભાઈએ ભળતો જવાબ આપ્યો : 'ન્યાયાધીશ કોર્ટમાં ચુકાદો સંભળાવે એ પછી ચુકાદા વિશે ગુનેગારનો અભિપ્રાય માગ્યાનું ક્યાંય સાંભળ્યું છે ?'

'કંઈ સમજાય એવું તો બોલો.' ચંદ્રભાગાબહેન બોલ્યાં.

'હું જ સમજ્યો નથી, તમને શું સમજાવું ?' મોરારભાઈનો જવાબ હતો.

✳

## ૭૨. □લોઝ-અપમાં એક દૃશ્ય

બપોરે જમ્યા પછી થોડા સમય માટે હુંદરાજનું સારુંય કુટુંબ ટી.વી. આગળ ગોઠવાઈ જાય છે. દાદા-દાદીથી માંડીને પૌત્ર-પૌત્ર્યાદિ મળીને ૧૫ જણનો કાફલો!

સિરિયલો જોતાં જોતાં જાહેરાતોનો બ્રેક આવે ત્યારે કોઈ દીકરો કે દીકરી ચૅનલ બદલીને થોડી ક્ષણો માટે કંઈક જુદું જ માણી લે છે. એક વખત આ રીતે ચૅનલ બદલતાં આકસ્મિક રીતે 'ઇતિહાસ' ચૅનલનું એક દૃશ્ય નજરે પડી ગયું. એકાએક ડઘાઈ ગયા હોય એમ દાદાએ 'હા...હા...' શબ્દોના પડકારા સાથે ચૅનલ બદલી રહેલા પૌત્રને અટકાવતાં કહ્યું : 'રહેવા દે દીકરા, જે આવ્યું છે તેને ચાલવા દે.'

'આમાં તે શું જોવાનું, દાદા ?'

'જોવાનું તો કંઈ નહીં, પણ એને ચાલવા દે.'

'દાદાય કમાલ છે ને...' એક સગીર વયની પૌત્રીએ દાદાની રુચિ તરફ અણગમો વ્યક્ત કર્યો.

જે ચાલતું હતું એ દૃશ્ય જોઈને પત્ની કશો ઉદ્‌ગાર કાઢી ન બેસે એ માટે હુંદરાજે હાથનો પંજો પત્ની સામે ધરીને એને ચૂપ રહેવાનો ઇશારો કર્યો. દાદી પણ ચાલી રહેલું દૃશ્ય જોઈને હાલકડોલક તો થઈ ગયાં હતાં. પણ પતિનો ઇશારો પામી જઈને ચૂપ રહ્યાં.

ઇતિહાસ કરવટ બદલીને કશુંક નવું નિર્માણ કરી રહ્યો હતો એનું આ એક બિહામણું દૃશ્ય હતું. ભારતના ભાગલા વખતની એક ક્રૂર વિભિષિકા.

ઘવાયેલાં, મનથી ભાંગી પડેલાં હતાશ અને ઘરબારને જેમનાં તેમ ત્યજી દઈને જીવ બચાવવા ભાગી છૂટેલાં માનવીઓની વણઝાર વહી રહી હતી.

દૃશ્ય જરાક ક્લોઝ-અપમાં આવી ગયું. હુંદરાજ અને સુચેતા નવી નજરે ઓળખી લઈ શકાય એટલાં નજીક આવી ગયાં. દૃશ્ય ગમે એટલું નજીક હોય યુવાન હુંદરાજ ક્યાં ઓળખાય એવો હતો ? માથે મોટા ફાળિયાં જેવું કશુંક વીંટ્યું હતું. ખભા ઉપર

એક બાળક બેસાડ્યું હતું. કપડાં લઘરવઘર અને મેલાં હતાં. સુચેતાની પણ એવી જ સ્થિતિ હતી. એણે પીઠ પર રાખેલા કાપડના ઝોળામાં એક બાળકને ઊંઘાડ્યું હતું...

કેવો જોગાનુજોગ ! ૧૯૪૭ની વણઝાર નજર સમક્ષ. પોતે અને સુચેતા બાળકો સાથે ક્લોઝ-અપમાં નજર સમક્ષ...સાક્ષીભાવે જોતાં રહ્યાં પળ બે પળ અને દૃશ્ય અદૃશ્ય થઈ ગયું !

રાત્રે સૂવાના સમયે સુચેતાએ પતિને કહ્યું : 'ટી.વી.માં પેલી દુનિયાની વણઝારમાં આપણે અને મોટા બે દીકરા...તમે છોકરાંને કેમ ઓળખાવ્યાં નહીં ? આપણી એ વખતની હાલત ટી.વી. પર સામે ચાલીને આવી હતી. દીકરા-દીકરીઓ અને વહુઓને એ બતાવીને ઘણું બધું કહેવાને બદલે ચૂપ રહ્યા અને મને પણ ચૂપ રહેવાનો ઇશારો કર્યો. તમે કેમ આમ કર્યું ?'

હુંદરાજે એક ઊંડો શ્વાસ લીધો અને પત્નીના પ્રશ્નનો કશો જવાબ ન આપ્યો.

※

## ૭૩. ખરીદી

પ્રવાસીઓની બસની છાજલીઓ ધીરે ધીરે ખરીદીની ચીજોથી ભરચક થતી હતી. મોટાં શહેરો, યાત્રાધામો, હોલી ડે હોમ્સ વગેરે જેમ જેમ માર્ગમાં આવતાં જતાં તેમ તેમ પ્રવાસીઓ અવનવી ચીજો લઈ આવતાં હતાં અને બૅગ, થેલી, બગલથેલા વગેરે ભારે કુશળતાથી જગ્યા ફાળવી એ બધું ઠાંસતાં હતાં.

પ્રવાસીઓમાં આમ તો ઘણાંખરાં એકબીજાનાં અજાણ્યાં હતાં પણ થોડા દિવસના સહવાસ પછી સૌનાં મન ઠીક ઠીક મળી ગયાં હતાં. વારંવાર ઊતરવા-ચઢવાનું થતું એટલે જગ્યાઓની અદલા-બદલી પણ ઠીક ઠીક થતી હતી. એય સૌને ફાવી ગયું હતું.

આટલા બધા દિવસો દરમિયાન પૃથ્વીશે કંઈ જ ખરીદ્યું નહોતું. બગલથેલા સાથે એ ઊતરતો અને ખાલી થેલો લઈને જ પાછો બસમાં ચઢતો.

એક સ્થળની મુલાકાત પછી બસ ભરાવા લાગી. માયાની બાજુની બેઠક ખાલી હતી. પૃથ્વીશને એણે કહ્યું : ''આવો પૃથ્વીશભાઈ, જગ્યા ખાલી છે.''

પૃથ્વીશને ખાલી બગલથેલો છાજલીમાં ગોઠવતો જોઈ માયાએ પૂછ્યું : ''તમે કશું ખરીદતા નથી, પૃથ્વીશભાઈ ?''

''ના.''

‘‘પછી ઘેર જશો ત્યારે મિસિસનાં રુસણાં નહીં થાય ?’’

પૃથ્વીશે કશો જવાબ ન આપ્યો. એ માત્ર હસ્યો. જરાક ફિક્કું. એણે માયાની બાજુમાં બેઠક લીધી.

‘‘તમારે કશુંક તો લેવું જોઈએ, પૃથ્વીશભાઈ.’’

‘‘હું પણ એમ માનું છું.’’

‘‘તો પછી કેમ કશું ખરીદતા નથી ?’’

પૃથ્વીશે જવાબ ન આપ્યો.

‘‘ટેસ્ટનો સવાલ હોય તો હું તમને મદદ કરીશ;’’ માયાએ કહ્યું : ‘‘હું જે પસંદ કરીશ એ તમારાં મિસિસને જરૂર ગમશે.’’

‘‘મને એ શ્રદ્ધા છે. યુ આર કોનોશ્યોર ઑફ સો મેની થિંગ્ઝ.’’

‘‘તો પછી ?’’

પૃથ્વીશે કશું ન કહ્યું.

બસ સોમનાથ પહોંચી. મહાદેવનાં દર્શન કરીને સૌએ મંદિરને ચારે તરફથી ખૂબ નીરખ્યું, અને સમુદ્રદર્શન પછી સૌ ધીરે ધીરે સરકીને દરવાજા બહાર નાસ્તા-પાણી અને ખરીદીમાં પડી ગયાં. પૃથ્વીશ હજુ દરિયાને નીરખતો ઊભો હતો. પાણીની અફાટ ફેનિલ કિનાર એકધારી ધસી આવતી હતી અને કિનારા સુધી પહોંચ્યા પહેલાં જ ભીની રેતીના પટમાં વિસર્જિત થઈ જતી હતી. નીલાં નીલાં ઊમડતાં જળનું આમ વારંવાર અપસૃપ્ત થઈ જતું જોમ એ ક્યાંય સુધી નીરખી રહ્યો.

આખરે કોઈ સમાધિમાંથી જાગ્યો હોય એમ એણે આસપાસ જોયું. સહપ્રવાસીઓમાંથી ત્યાં કોઈ નહોતું.

એ દરવાજા બહાર આવ્યો. એ લગભગ એકલો જ હતો.

માયા જાણે એને શોધતી જ હોય એમ એનો અવાજ આવ્યો : ‘પૃથ્વીશભાઈ, આમ એકલા એકલા ક્યાં ફરો છો ?’

‘‘ચાલો.’’

‘‘ક્યાં ?’’

‘‘કંઈક ખરીદવા ધારું છું.’’

માયા એની સાથે સાથે ચાલવા લાગી.

રમકડાં, કટલરી, અકીકના હાર વગેરે લારીઓમાં ઠાંસી ઠાંસીને ભર્યાં હોય એવી દુકાનો આગળ એ લોકો આવ્યાં.

એક દુકાન આગળ પહોંચીને પૃથ્વીશે એક કાષ્ટની માળા તરફ આંગળી કરી. દુકાનદારને પૂછ્યું : ‘‘આનું શું છે ?’’

‘‘દોઢ રૂપિયો. અસલ તુલસીની માળા છે,’’ દુકાનદારે ઠાવકાઈથી કહ્યું : ‘‘એના કરતાં આ બે રૂપિયાવાળી વધારે સારી છે. લઈ જાઓ, સાહેબ.’’

માયા આશ્ચર્ય પામી. એ બોલી ઊઠી : ‘‘માળા લેશો ?’’

‘‘હા.’’

‘‘કોના માટે ?’’

‘‘મિસિસ માટે ?’’

‘‘મશ્કરી કરો મા.’’

‘‘સાચ્ચે જ. મિસિસ માટે, માયાબહેન.’’

પૃથ્વીશના મુખ ઉપર કશી બનાવટ નહોતી. કોઈ સ્મિત નહોતું. ઊલટું મુખ ઉપર કોઈ ભાવ ઘૂંટાતો જતો હતો. ઘેરો ઘેરો અને ગાઢ.

એના મુખ ઉપરના એકેએક કોષમાંથી વિષાદ નીતરી રહ્યો હતો. માયા એ જોઈ શકી. અને એટલે તો નવો કોઈ પ્રશ્ન કરવાની એની હિંમત નહોતી.

❊

# ૭૪. ખંડિત દ્વંદ્વ

એ ધર્મશાળા આગળ આવીને ઊભો રહ્યો. ઘણાં વર્ષ વીતી ગયાં, ધર્મશાળા એ જ રૂપે હતી. એ જ રેતિયો પથ્થર. બારણાં પરના એ જ ગોળ માથાવાળા ખીલ- સૂર્યનો તાપ ખાઈ ખાઈને ઝંખવાયેલો બારણાં પરનો લાલ અને લીલો રંગ.

પણ કુદરતે અહીં એના વાઘા સાવ બદલી નાખ્યા હતા. અગાઉ ધર્મશાળાની પાછળ એક નાનુંસરખું તળાવડું હતું. આશ્ચર્ય થાય એટલા પ્રમાણમાં એમાં કમળ ખીલતાં હતાં ! પોયણાં નહીં, કમળ, લાલ કમળ ! આજે અહીં કમળ તો શું, તળાવડામાં પાણીનો છાંટોય નહોતો. એક ખાડો જ મોજુદગીમાં રહ્યો હતો.

ધર્મશાળાથી થોડે અંતરે જમીનમાંથી ગરમ પાણી ફૂટતું હતું. હવે એ પાણી ફૂટતું બંધ થઈ ગયું છે. ત્યાં જે ખાડા હતા તે આજે સપાટ જમીનના રૂપમાં ફેરવાઈ ગયા છે.

અહીં કુદરત મરી ચૂકી છે, અને માણસે બાંધેલું મકાન જેમનું તેમ ઊભું છે, કેવો વિપર્યાસ !

ચિત્તમાં ઊભરાતા વિચારોને એણે ખાળ્યા. ધણીધોરી કે તાળાં વગરની એ ધર્મશાળાનું દ્વાર એણે ખોલ્યું. ધર્મશાળાના નામે કોઈ મોટી ઇમારતનો ખ્યાલ કરવાની

જરૂર નથી. ધર્મશાળા એટલે નીચે એક મોટો ખંડ અને ઉપર એક નીચા ઘાટની મેડી. મકાન પથ્થરબંધ ખરું.

અંદરની હવા એ વખતે હતી એવી આજેય હતી. ફક્ત અંદર જમા થયેલી છોપટનું એક જુદું દર્શન હતું. એ વખતે અહીં લોકો ઊભરાતા હશે, એટલે ધર્મશાળા સાફસુથરી રહેતી હશે. હવે પેલા ગરમ પાણીનાં નવાણ લુપ્ત થયાં છે, એટલે લોકને ધર્મશાળામાં ઊતરવાનું શું પ્રયોજન ?

પણ એ અહીં ઊતરવા ક્યાં આવ્યો હતો ? એને તો બસ આ મકાનમાં એક ડોકિયું જ કરવું હતું. એક જ લાલસા હતી.

એ વખતે કૉલેજના પ્રવાસમાં એ આવ્યો હતો. કેટલાક છોકરા અને થોડી છોકરીઓ. કામિની પણ હતી. પ્રેમપત્રમાં એ પોતાનું નામ ઝબક લખતી.

ધર્મશાળામાં બપોરના મુકામ પછી સૌ નીચે આવી ગયાં હતાં. એ સામાન સમેટવામાં ઊપલા માળે એકલો રહી ગયો હતો. સૌ નીચે રાહ જોતાં હતાં. વિલંબ થયો એટલે કામિની ઉપર આવી પહોંચી. તૈયાર થયા પછી છેલ્લું કામ આટોપતો હોય એમ એક કોલસો ઉઠાવીને એ ભીંત ઉપર અગાઉનાં ઘણાં નામ સાથે પોતાનું નામ ઉમેરી રહ્યો હતો. નામનો છેલ્લો વળાંક એ પૂરો કરી રહ્યો કે કામિની એના હાથમાંથી કોલસો ઝૂંટવી લઈને પલક નામ સાથે એક ચુસ્ત સમાસ સધાય એ રીતે જરા પણ જગ્યા છોડ્યા વગર લખી દીધું ઝબક ! પછી આંખનો ઉલાળો કરીને બોલી : ‘આને દ્વંદ્વ સમાસ કહેવાય, સમજ્યો ? ચાલ નીચે બધાં તારી રાહ જુએ છે...’

અત્યારે એ પથ્થરની દીવાલ તરફ જોઈ રહ્યો. બીજા નામની ભીડ ઘણી વધી ગઈ હતી. પણ પેલું યુગ્મનામ હજુ ત્યાં હતું જ.

એણે એક ઊંડો શ્વાસ લીધો. ખિસ્સામાંથી રૂમાલ કાઢ્યો. ‘ઝબક’ અક્ષરો ઉપર એ દાબ્યો, પછી ઘસ્યો. દીવાલ ઉપર એટલા ભાગમાં એક શ્યામ વાદળની ઘટા સર્જાઈ ગઈ. નામ પૂરેપૂરું ભૂંસાયું નહિ, રેતિયા પથ્થરના કણ કણ વચ્ચે જે રંગ જામ્યો હતો તે ખીણમાં હોય એમ ત્યાં જ રહ્યો.

એણે એક ઊંડો શ્વાસ લીધો અને પછી જર્જરિત સીડી ઉપર સમતુલા જાળવીને નીચે ઊતર્યો, બહાર નીકળ્યો. અને પાછું જોયા સિવાય મંદ પગલે ચાલવા લાગ્યો.

✳

# ૭૫. ખાઈ

ઈશાએ ધારિણીને એક કાગળ આપતાં કહ્યું : ‘પ્રદોષ ટાઇમ્સ’ના ખબરપત્રીનો કાગળ છે, સિંહનાદ ઠાકોરનો !’

‘પ્રદોષ ટાઇમ્સ’ ઘણું જાણીતું અખબાર હતું. અને સિંહનાદ ઠાકોરની પણ એટલી જ નામના.

ઈશાને કહ્યું : ‘સિંહનાદ ઠાકોર બાપુજી વિશે જાણકારી મેળવવા આપણો ઇન્ટરવ્યૂ લેવા માગે છે. ‘પ્રદોષ ટાઇમ્સ’ની ચારિત્રપૂર્તિ માટે એ બાપુજી વિશે લખવાના છે.’

ધારિણીએ પત્ર વાંચ્યો.

પતિપત્ની કશીક મૂંઝવણમાં પડી ગયાં હોય એમ થોડી વાર મૂંગાં રહ્યાં, પછી ધારિણી બોલી : ‘બાપુ વિશે એમને જે જાણવું છે એમાંનું આપણે કંઈ જાણતાં નથી !’

‘હા, ઠાકોરના મોટા ભાગના પ્રશ્નોના ઉત્તરથી આપણે અજાણ છીએ.’

‘બાપુની ડાયરીમાંથી કંઈક મળી રહે.’

‘એ તો એમણે એમના એક મિત્રને સોંપી દીધી છે. એ મિત્ર બાપુજીનું ચરિત્ર લખવાના છે.’

‘એમના લેખોની ફાઇલમાંથી કંઈ મળે ?’

‘આપણે નવા મકાનમાં શિફ્ટ થયાં, ત્યારે તેં જ એ કાઢી નાખી હતી એ ભૂલી ગઈ ? અને આપણે એમનાં બધાં જ પુસ્તકો સાર્વજનિક પુસ્તકાલયમાં આપ્યાં હતાં !’

‘અને સાથે રહેવા છતાં આપણે એમનાથી અળગાં જ રહ્યાં.’

‘આપણાં અને એમના રસનાં ક્ષેત્રો જ સાવ જુદાં.’

‘એ તો ખરું, પણ એમણે જ્યારે જ્યારે કંઈક કહેવા ઇચ્છા કરી, ત્યારે ત્યારે આપણે વિવેક ખાતર પણ એમની વાત તરફ લક્ષ ન આપ્યું...કદાચ એને લીધે જ છેલ્લાં વર્ષોમાં તો એ મૂગા જ થઈ ગયા !’

પતિપત્ની થોડી વાર વિચારમાં ખોવાયેલાં રહ્યાં. પછી ધારિણી બોલી : ‘આપણે બાપુના મિત્રોને મળીએ. એમની પાસેથી બાપુના અંગત જીવન વિશે કંઈક જાણવાનું મળે.’

‘એ જરા હાસ્યાસ્પદ લાગશે. વળી, એમના અંતરંગ મિત્રો પણ હવે બહુ નથી રહ્યા !’

‘તો પછી શું કરવાનું ?’

‘આ વાતને જ ટાળીએ.’

'પણ એ માટે કોઈ નક્કર બહાનું જોઈએ.'

'શોધી કાઢીશું. ઑફિસ સમય દરમિયાન હું કોઈ યોજના વિચારી લઈશ. તને કંઈ સૂઝે તોપણ કહેજે. આ મુલાકાત ન યોજાય એવું તો કંઈક કરવું પડશે.'

'હા, એ સિવાય બીજો કોઈ છૂટકો નથી.'

*

## ૭૬. ખાસ જગ્યાઓ

અનિકેતે એક એવી જગ્યાએ પહોંચીને એનું બાઇક ખડું કરી દીધું જેને વર્ષા વિસ્મયથી જોતી રહી. પછી બોલી : 'તું કેવી જગ્યાએ લઈ આવ્યો છે ?'

'કેમ, જગ્યા પસંદ ન પડી ?'

'જેની સાથે આપણી કશી જ નિસબત ન હોય એવી જગ્યા છે. સાવ નિર્જન ટેકરો !'

નિસબત શબ્દ ઉપર અનિકેત જરા મલકાયો. પછી વર્ષાને એક ઊંચી જગ્યા પરની શિલા પાસે લઈ આવ્યો. રૂમાલ ઝાપટીને શિલા પરની ધૂળ સાફ કરીને બોલ્યો : 'બેસ.'

થોડી વાર સુધી એ લોકો વાતો કરતાં રહ્યાં. વચ્ચે વચ્ચે અનિકેત અકળ મૌનમાં સરી પડતો હતો.

વર્ષા અકળાતી હતી. અકળામણ વધી પડતાં એણે કહ્યું : 'ચાલ, હવે જઈશું ?'

ત્રણેક વાર વર્ષા આ બોલી એ પછી અનિકેત જવા માટે ઊભો થયો.

બીજા મહિને એક દિવસ વર્ષાએ કહ્યું : 'ચાલ અનિકેત, હું તને એક જગ્યાએ લઈ જાઉં જે મારી માનીતી છે.'

કશી પૂછપરછ વગર અનિકેત તૈયાર થયો.

વર્ષાનું સ્કૂટર એક પબ્લિક પાર્ક આગળ આવીને થોભ્યું. નાકા આગળ એને પાર્ક કરીને એ અનિકેતને પાર્કના દક્ષિણ છેડે એક છેવાડાના બાંકડા પાસે લઈ આવી અને કહ્યું : 'આના પર બેસીએ.'

'અહીં ? આ જર્જરિત બાંકડા પર ?'

'જર્જરિત હશે, પણ બુલંદ છે ?'

'પણ એ તો કહે, વર્ષા' અનિકેત બોલ્યો : 'તું અહીં સુધી કેમ લઈ આવી ? બગીચો ખરો, પણ જગ્યા બંધિયાર છે.'

'યુ આર રાઇટ, અનિકેત, પાર્કના આ છેડા સુધી ભાગ્યે જ કોઈ આવતું હશે.'

'એ ખરું, પણ તું મને અહીં કેમ લઈ આવી ?'

'ગયે મહિને તું મને એક નિર્જન ટેકરે લઈ ગયો હતો. આજે મને થયું, હું આ જગ્યા તને કેમ ન બતાવું ? એ પ્રેરણાથી જ તને અહીં લઈ આવી છું.'

પછી સહેજ તિરછી નજર કરીને વર્ષાએ ઉમેર્યું :

'સરભર થયું સમજી લઈએ. કેમ ખરું ને ?'

વર્ષા હસી પડી. પણ અનિકેતનો ચહેરો મ્લાન થઈ ગયો.

⁂

# ૭૭. ખાસડું

અફવાના વેગથી શહેરમાં વાત પ્રસરી ગઈ – પ્રોફેસર જનાર્દને ટી.વી. સ્ક્રીન ઉપર ખાસડું માર્યું !

વાત કૌતૂકભરી હતી. પ્રોફેસર જેવો માણસ આમ એક પાગલની જેમ ટી.વી. ઉપર ખાસડું મારે એ કેવું ?!

કારણ પૂછનાર મિત્રોને જનાર્દનનો એક જ ઉત્તર હતો – 'ટી.વી.ને નહીં, મેં સરકારને ખાસડું માર્યું છે !'

હવે લોકો જનાર્દનને ટીકી ટીકીને જોતા થઈ ગયા હતા. જાણે એમના વર્તનને સમજવા માગતા હોય !

જનાર્દનને લાગ્યું કે ખુલાસો કરવો જરૂરી છે અન્યથા, લોકો પોતાને પાગલ તરીકે સ્થાપી દેશે. એટલે એમણે એક સાંજે ત્રણ મિત્રોને બોલાવીને વાત સમજાવવા માંડી : ''અમે પાંચ સંપાદકો માધ્યમિક ધોરણ માટે પાઠ્યપુસ્તકનું સંપાદન કરીએ છીએ. કિશોરકિશોરીઓ માટેનું પુસ્તક એટલે ઘણી કાળજી રાખવી પડે. એમના કુમળા માનસ ઉપર કોઈ વિકૃત છાપ ન પડે એ માટે અમારે કેટલાંક ધોરણો જાળવવાનાં હોય છે. જેમ કે, વર્ગભેદને પ્રેરનારી, કોમી લાગણીઓ ઉશ્કેરનારી, ધાર્મિક લાગણી દૂભવનારી, શૃંગાર કે હિંસાના અતિરેકના ચિત્રણવાળી કૃતિઓ પુસ્તકમાં આવી ન જાય એ જોવું પડે.''

''આઠમા ધોરણના પુસ્તકમાં ગરબી પસંદ કરવાનો પ્રશ્ન આવ્યો. આમાં દયારામની કૃતિ સિવાય બીજું શું વિચારવાનું હોય ? ગરબીઓનાં નામ એક પછી એક સચવાયાં. લગભગ દરેક સારી ગરબીમાં શૃંગાર આડે આવતો હતો. દેહનાં

આકર્ષણ, અંગના મરોડ, છેડછાડ પ્રેમની ઉત્કટતા, તીવ્ર વિરહ...ક્યાંક કશું ને કશું પેલાં ધોરણો સાથે ટકરાતું હતું. સાંજ સુધી દયારામની એકે ગરબી અમે પસંદ કરી ન શક્યા. અને કશા નિર્ણય વગર અમે વિખરાયા.''

મેં ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે રાતના સવા આઠ વાગ્યા હતા. ડ્રોઇંગરૂમમાં ટી.વી. આગળ એક વૃન્દ જામ્યું હતું. એ વૃન્દમાં બધા વયજૂથના જીવ બેઠેલા હતા. એમાં નીતા, અનિતા, રાકેશ અને પડોશના બેચાર કિશોરકિશોરીઓ પણ બેઠેલાં હતાં. આ બધાં આઠમા-નવમા ધોરણમાં મ્અભ્યાસ કરતાં હતાં.

'ચિત્રહાર'માં એક ગીત ચાલતું હતું.

નાયક અને નાયિકા એકબીજાની પાછળ ભાગંભાગ કરી રહ્યાં હતાં, જાનવરની જેમ એકબીજાને વળગતાં હતાં, એકબીજાને બચકાં ભરવા માગતાં હોય એમ એકબીજાના ગાલ અને ગળા ઉપર મોં ઘસતાં હતાં...

આખું વૃન્દ મોં વકાસીને આ દૃશ્ય રસપૂર્વક જોઈ રહ્યું હતું.

...અને અમે એ વૃન્દમાંનાં કિશોરકિશોરીઓ માટે ભક્ત કવિ દયારામની ગરબી પસંદ કરી શકતા નહોતા !...

મારામાં કશુંક ભભૂકી ઊઠ્યું. પગમાંથી મેં બૂટ કાઢ્યો અને ટી.વી. સ્ક્રીન ઉપર ઝીંકી દીધો. આટલું કહી પ્રોફેસર જનાર્દન જરા શ્વાસ લેવા થોભ્યા. પછી એ બોલ્યા : ''કૃપા કરીને મારી આ વાત તમે લોકોને સમજાવજો.''

પેલા ત્રણેય મિત્રો એકીસાથે હસી પડ્યા. પછી એક જણે કહ્યું : ''આ વાત અહીં જ દાબી દેજો, પ્રોફેસર. જો તમે 'ચિત્રહાર' વિશે કંઈ ઊલટુંસૂલટું બોલશોને, તો લોકો, તમે જેવી રીતે ટી.વી.ના સ્ક્રીન ઉપર ખાસડું માર્યું એવી રીતે...''

⁕

## ૭૮. ખોજ

પૂર્વાની નજર આકસ્મિક રીતે છાપામાં અનોખી રીતે પ્રગટ થયેલી એક જાહેરખબર તરફ ગઈ. લખાણની ચારેબાજુ એકાદ સેન્ટિમીટર જેટલી જગ્યા છોડેલી હતી તેથી વાંચનારનું ધ્યાન બરોબર ખેંચાય. જાહેર ખબરનું શીર્ષક હતું. 'મા કુન્તીને વિનંતી.'

કુન્તી શબ્દથી જ જાણે પૂર્વના અંગેઅંગમાં ઝણઝણાટી વ્યાપી ગઈ. હોઠ સુધી લીધેલો ચાનો કપ ડાઇનિંગ ટેબલ ઉપર પાછો મૂકીને એ જાહેર ખબરનું લખાણ વાંચવા

લાગી : 'મા, વીસ-વીસ વરસ સુધી તમારી ખોજમાં રહ્યો. રેતીમાંથી તેલ મેળવવા જેવો પ્રયત્ન આટલાં વરસ પાણી વલોવ્યા કર્યું. પણ છેવટે થોડીક ભાળ મળી. ગામની ઉત્તર ભાગોળના એક ઉકરડા ઉપર તમે મને જગતનાં પ્રથમ દર્શન કરાવ્યાં...'

તમારી મજબૂરી હશે. તમારા આ પગલા માટે હું તમને દોષ દેવા રાજી નથી. ઊલટું, તમે મારા જન્મ પહેલાં મારો ઘાત કર્યો નથી એને હું ઉપકાર સમજું છું. એટલે મારા મનમાં કશો રોષ નથી.

આ જગતમાં ઉકરડે ત્યજાયેલા મારા જેવા ઘણા હશે. જે હેતુથી આ જાહેરખબર આપી છે એ હેતુ સિદ્ધ થાય માટે સ્થળ ઉપરની એક નિશાની આપું જેથી તમે જેને ત્યજ્યો એ જ હું એમ તમે જાણી શકો. ઉકરડાની બાજુમાં રસ્તા પર વડનું એક મોટું ઝાડ હતું.

અત્યારે તમે એક પરિવારથી ઘેરાયેલાં હો એમ બને. હું ત્રીસ વરસનો છું. તમે પચાસ વરસનાં હોઈ શકો.

હું જેમ તમને મળવા તલસી રહ્યો છું. એવી કદાચ તમારા મનની સ્થિતિ પણ હોઈ શકે. હું તમારું ઠામઠેકાણું જાણતો નથી. તમે મારા ઠેકાણે ન આવી શકો ? અલબત્ત, આ ઉંમરે મારા સ્થાને એકલાં આવવામાં તમારી સાથે અનેક અડચણો આવીને ઊભી રહે. કોઈ નવા પ્રકારની મજબૂરી તમને ઘર બહાર પગ મૂકતાં અટકાવે.

આ જાહેરખબર દ્વારા મેં મારું નામ અને ઇજ્જત હોડમાં મૂક્યાં છે. પોતે ઉકરડે ત્યજાયેલું બાળક છે એવું જાહેર કર્યા પછી માણસ કેવા વંટોળિયામાં ઊંચકાય અને પછડાય એ સમજવા માટે કલ્પનાને ઉત્તેજવી પડે એમ નથી. હવે તો ધ્યેય સિદ્ધ થાય ત્યાં સુધી જાહેરખબરનો સિલસિલો ચાલુ રાખવો રહ્યો.

તમે આવી શકશો ? ગમે તે દિવસે, ગમે ત્યારે આવો. તમારી મજબૂરી સમજું છું. એક વખત તમને જોયા પછી હૈયું ઠરે, ન ઠરે; આંખ ઠારી લઈશ. હું વ્યંકટેશ ટાવરના સત્તરમા માળે રહું છું. વ્યંકટેશ ટાવર આ શહેરનું જાણીતું બિલ્ડિંગ છે.

ભગવાનને કાગળ લખીએ અને એને કદીયે ન પહોંચે એવું બને. એ જાહેરખબર ભગવાનને લખેલા કાગળ જેવી સાબિત પણ થાય.

હરકત નહીં, સફળ ન થવાય ત્યાં સુધી આ પુરુષાર્થ ચાલુ રહેશે.

✻

# ૭૯. ગતિ

યુનિવર્સિટી વિસ્તાર તરફ રિક્ષા વળી એટલે એના ચાલકે એની ગતિ ધીમી કરી દીધી. યુનિવર્સિટી કૅમ્પસનાં ભવનો એક પછી એક પસાર થવા લાગ્યાં. અને ભાષા-ભવનનો ખૂણો દેખાયો ત્યારે તો રિક્ષાચાલકે રિક્ષાની ગતિ કોઈ વરઘોડામાં મંથર ગતિએ જઈ રહેલા વાહનની ગતિ જેટલી મંદ કરી દીધી.

રિક્ષાની આ જ ગતિ રહેવાની હોય તો મારા ગન્તવ્ય સ્થાને હું સમયસર પહોંચી શકીશ નહીં એવી ભીતિ મને લાગી. મેં રિક્ષાવાળાને કહ્યું : 'ભાઈ, રિક્ષામાં કંઈ ખામી થઈ છે કે શું ?'

રિક્ષાવાળાની નજર રોડની બાજુએ આવેલાં ભવનો તરફ જ હતી. છેલ્લે આવેલા ભાષા ભવન તરફ નજર જડેલી રાખીને એણે જવાબ આપ્યો : 'ના રે ના, રિક્ષામાં કંઈ ખામી થઈ નથી.'

'તો પછી એની ગતિ આટલી બધી ધીમી કેમ થઈ ગઈ ?'

'મેં જાણી જોઈને રિક્ષાને ધીમી કરી દીધી છે.'

રિક્ષાવાળાનો આ જવાબ આશ્ચર્યજનક અને ઉદ્ધત હતો.

મેં પૂછ્યું : 'એમ કરવાનું કારણ ?'

જવાબ આપવા જેવો નહીં લાગ્યો હોય અથવા મારો પ્રશ્ન એને નિરર્થક લાગ્યો હશે એટલે એણે જવાબ ન આપ્યો.

મને ઉતાવળ સાથે નિસબત હતી એટલે મેં કહ્યું : 'મારે સમયસર પહોંચવું છે અને આ ગતિ હશે તો નહીં પહોંચાય.'

'બસ, હવે દસ-પંદર સેકન્ડનો સવાલ છે, સાહેબ. મારું સ્વર્ગ પૂરું થાય છે.'

'સ્વર્ગ ?'

'હા.'

આ માણસ મને પાગલ જણાયો. રિક્ષા અહીં જ થોભાવીને ઊતરી જવાનું મન થયું. પણ હું એને કંઈ સૂચવું એ પહેલાં એણે રિક્ષાને અસલ ગતિમાં લાવી દીધી. એ બોલ્યો : 'આપણે હમણાં જે વિસ્તારની બાજુમાંથી પસાર થયા. એ વિસ્તાર મારું સ્વર્ગ છે. બે વર્ષ હું એમાં ફર્યો છું, વિહર્યો છું, મિત્રો સાથે ગોષ્ઠિ કરી છે, હસીમજાક અને આનંદ કર્યાં છે.'

'સમજાયું નહીં, ભાઈ...'

'હું રિક્ષા ચલાવું છું ને, નહીં સમજાય.'

'તમારો આ બોલ વળી વધારે ગૂઢ અને ન સમજાય એવો છે.'

'સાહેબ, એમ.એ.નાં બે વર્ષ હું ભાષા ભવનમાં ભણ્યો હતો. મને એ ભૂમિ માટે પ્રેમ છે. અહીંથી નીકળું એટલે કૅમ્પસમાં ઘૂસી જવાનું મન થાય છે. ધંધો લઈને બેઠા, એમ કંઈ ઘૂસી જવાય છે ? ભૂમિ ઉપર નજર માંડીને મનને ધરવી લઉં છું.'

રિક્ષાચાલકની વાત સાંભળી મને આનંદ થયો. હું પણ એ જ ભવનનો વિદ્યાર્થી. બંધુત્વની લાગણી હેઠળ મેં રિક્ષાચાલકને કહ્યું : 'હું પણ એ ભવનનો વિદ્યાર્થી.'

'ઘણો સમય થયો. ઉમાશંકરભાઈ, પ્રબોધભાઈ પંડિત વગેરે અમારા અધ્યાપકો.'

'હું તો એ પછી ઘણો મોડો. અમારા અધ્યાપકો પણ સારા હતા.'

હું રિક્ષામાંથી ઊતર્યો એ પછી ખિસ્સા તરફ વળી રહેલા મારા હાથને એણે આગળ વધવા ન દીધો. જકડી રાખ્યો. મારું ન ચાલ્યું.

છેવટે મેં મારું વિઝિટિંગ કાર્ડ એને આપ્યું અને કહ્યું : 'આ કાર્ડ સમજાય છે, કંઈ ?'

જવાબમાં એણે મારા બન્ને હાથ પકડી લીધા. અને ક્યાંય સુધી એમને હથેળીની પકડમાં દાબી રાખ્યા !

⁕

## ૮૦. ગતિભંગ

રાજપુર સ્ટેશને ગાડી પકડવા ડુંગર અને એની વહુ ઊભા માર્ગે ઝડપભેર જઈ રહ્યાં હતાં. પત્નીનો પાછળ પાછળ આવવાનો અણસાર મોળો પડી જતાં ડુંગરે પાછળ જોયું. પત્ની રસ્તા ઉપર નજર ફેરવતી ધીમી પડી રહી હતી. 'શું ખોળે છે ?'

'કાંઈ નહિ' પત્નીએ જવાબ આપ્યો ને ઝડપથી પગ ઉપાડવા પ્રયત્ન કર્યો. થોડાં ડગલાં ચાલ્યા પછી વળી એનો વેગ મંદ પડી ગયો.

'આમ ગાંડાની માફક અડવાડિયાં શું ખાય છે ?' ડુંગર ગુસ્સે થયો : 'દિવસ આથમવા આવ્યો; આમ કર્યા કરીશ તો રસ્તામાં જ અંધારું થઈ જશે, કાં તો !'

પત્ની થોડાં ડગલાં આગળ ચાલી ખરી; પણ પછી તો એ બેસી પડી.

પાછો ફરીને ડુંગર પાસે આવ્યો : 'તેં આજ ધાર્યું છે શું ? ગાડી ચૂકી જઈશું તો નહિ ઘરનાં કે નહિ ઘાટનાં એવી દશા થશે. રાત કાઢીશું ક્યાં ?' પત્ની કશું જ બોલી નહિ. ભાવાર્દ્ર બનીને એ તો નજરની પીંછીને ધૂળ ઉપર પસવારી રહી હતી. 'જોયું ?' એ બોલી.

'શું ? મને તો કંઈ દેખાતું નથી !'

પત્ની આંગળીનો છેડો છેક જમીન પાસે લઈ ગઈ. એક ઘાટીલી પગલીની છાપ એ બતાવી રહી હતી : 'આપણી બબલીની જ પગલી જાણે ! હું તો ક્યારનીય આ પગલીઓ જોયા જ કરતી આવું છું...બરોબર એ જ પગલું...આંગળાંની બોર જેવી જ છાપ...'

'ગાંડી, એવાં પગલાં તો ઘણાંય હોય. લે ચાલ, મોડું થશે.' બાળકનાં પગલાંની છાપ જોઈ, મૃત સંતાનની હાલી ઊઠેલી સ્મૃતિથી ડગી ગયેલી પત્ની પ્રત્યે સહાનુભૂતિનો બોલ પતિએ કાઢ્યો.

પત્ની બેસી જ રહી. એ બોલી : 'ખેતરે જતાં અને આવતાં આગળ આગળ દોડી જતી બબલીની પગલીઓ મારે હૈયે જડાઈ ગઈ છે. આ એ જ પગલી...' પગલીના બીબામાં પત્નીની નજર ઢળી હતી.

ડુંગર એક વાર પત્નીના મુખ સામે જોઈ રહ્યો. અને પછી પોતાની નજર ગગનના કોઈ માર્ગ તરફ વાળી લીધી. બંને જણ સ્થિર થઈ ગયાં.

લાકડીના ટેકે ગગન તરફ મોં કરીને ઊભા રહી ગયેલા પતિને જોઈને પત્ની સાવધ બની ગઈ. એણે કહ્યું : 'લ્યોં હેંડો, હવે પગ ઉપાડો ઝટ...ગાડી ચૂકી જઈશું.'

અને બંને જણે વળી બમણા વેગથી ચાલવા માંડ્યું.

☼

## ૮૧. ગમન

કુમારભાઈને ત્યાં લગ્નપ્રસંગ.

પાંચ પવૈયાઓનું એક ટોળું મોટા અવાજે તાબોટા પાડતું નાણાંની માગણી માટે મંડાણું હતું. આ અણગમતાં માનવીઓ બંગલા આગળથી દૂર થાય એ હેતુથી કુમારભાઈના ભત્રીજા અને પિતરાઈ ભાઈઓ બસો રૂપિયા લઈને વિદાય થવા માટે આ ટોળાને કહી રહ્યા હતા પણ પવૈયાઓને એટલી રકમથી સંતોષ નહોતો એટલે મોટેથી તાબોટા પાડી પાડીને ઓછામાં ઓછા પાંચસો રૂપિયાની માગણી એ લોકો કરી રહ્યા હતા. કહેતા હતા, 'બંગલાને છાજે એવી રકમ લીધા વગર અમે અહીંથી ખસવાનાં નથી.'

ગુસ્સે થઈને કુમારભાઈના એક યુવાન ભત્રીજાએ સંભળાવી દીધું : 'આટલાય વધારે છે. લેવા હોય તો લો; નહીંતર ચાલતા થાઓ. તમારી સાથે માથાકૂટ કરવાનો

અમારી પાસે સમય નથી.'

અને પછી તો તાબોટાનો જાણે વરસાદ વરસવા લાગ્યો.

કુમારભાઈ અને બહારગામથી આવેલા એમના મિત્ર રજનીકાન્ત અંદરના ખંડમાં બેઠેલા હતા. પવૈયાઓની હાજરીનો એમને અણસાર તો આવી ગયો હતો પણ હોબાળો વધી પડ્યો એટલે કુમારભાઈએ રજનીકાન્તને કહ્યું : 'આ હીજડાઓ ઝટ ખસશે નહીં, તમે જાઓ અને એમને રાજી કરીને રવાના કરી દો...'

રજનીકાન્ત ત્યાં પહોંચ્યા.

રજનીકાન્તને જોતાં જ એક પવૈયાએ એના સાથીદારોને ઝટ ખસી જવાની સૂચના કરી અને પોતાની બાજુમાં ઊભેલા પવૈયાનું બાવડું પકડીને, એને ખેંચીને ચાલવા જ માંડ્યું.

આમ તો, પવૈયાઓ એવી હઠે ચઢ્યા હતા કે એમણે ધારેલી રકમ લીધા સિવાય ખસે એમ નહોતા, પણ રજનીકાન્તના પ્રવેશે ચમત્કાર સર્જ્યો હોય એમ એ બધા ચૂપચાપ ત્યાંથી ખસી ગયા.

પવૈયાનું ટોળું જરા દૂર જઈને થંભી ગયું. એ કશીક મસલત કરતું હોય એમ રજનીકાન્તને લાગ્યું. રજનીકાન્તને થયું, આ લોકો ફરી આવ્યા વિના નહીં રહે. બહેતર, મનગમતી રકમ આપીને એમને ટાળવા જોઈએ. આવું વિચારીને એમણે પેલા ટોળા તરફ પગલાં ભરવા માંડ્યાં પણ એ ટોળા સુધી પહોંચે એ પહેલાં ટોળામાંનો એક જણ એમની તરફ આવતો જણાયો. એ થોભી ગયા.

પાસે આવીને પેલા વ્યંડળે રજનીકાન્તને પૂછ્યું : 'ઓળખાણ પડી ?'

રજનીકાન્તને ગૂંચવણમાં જોઈ પેલાએ ફરી પૂછ્યું : 'કહો રજનીભાઈ, ઓળખો છો મને ?'

સહસા ચિત્તમાં પ્રકાશ થયો. રજનીકાન્તે આ માણસના અવાજને પારખી લીધો. એ બોલ્યો : 'ગમન તો નહીં ?'

ઘણાં વર્ષે પોતાનું મૂળ નામ બોલાયું સાંભળી વ્યંડળ રાજી થયો. એણે કહ્યું : 'હા, હું ગમન. હવે ચંપા બનીને ભટકું છું. તમને જોઈને ખૂબ હરખ ચઢ્યો છે. જાણે ભેટી પડું.'

'ગમન, નિશાળમાં તું પહેલા નંબરનો વિદ્યાર્થી અને...'

'એ બધું સંભારશો નહીં, રજનીભાઈ. હું ભાંગી પડીશ.' કહી ગમને ઉમેર્યું : 'કહો રજનીભાઈ, આપણા ગામનું કેમ છે ? બાળબચ્ચાં સૌ સારાં છે ને ?'

'ગામ સુખી થઈ ગયું છે, બાળબચ્ચાં ય મઝામાં છે' ઘટતો જવાબ આપી

રજનીકાન્તે પાંચસોની નોટ ગમન તરફ ધરતાં કહ્યું : ‘આ લે, ગમન.’

‘અરે હોય કાંઈ ?’ કહી ગમને રજનીકાન્તનો હાથ પાછો વાળ્યો અને એ ત્યાંથી ભાગ્યો. કદાચ પોતાનાં આંસુ છુપાવવા સ્તો.

※

## ૮૨. ગરમ... ગરમ... કડક કડક

‘શિવશક્તિ લૉજ’ના પ્રાંગણમાં એક શિક્ષકની નેતાગીરી નીચે ત્રીસેક પ્રવાસી કિશોરોનું ટોળું આવી પહોંચ્યું. મકનાએ ટોળાના છોકરાઓને બરાબર જોયા અને હૈયાના કોઈ અગોચર ખૂણામાંથી એક ઉમળકો આવ્યો. અને એના મનનો મોરલો ગહેકી ઊઠ્યો.

લૉજના માલિક સાથે ભોજનના ચાર્જ બાબત કેટલીક બાંધછોડ પછી ભાણાદીઠ ભાવ નક્કી થયા અને પરસાળમાં પંગત બેસી ગઈ.

મકનાનું કામ તો, બહાર રસ્તા ઉપર ઊભા રહીને ગ્રાહક ખેંચી લાવવાનું. પણ જ્યારે પંગત લાંબી હોય ત્યારે એને પીરસવાના કામમાં જોતરવામાં આવતો. આજે એના હાથમાં પૂરીનો થાળ આવ્યો.

મકનો આજ શતપાંખડીએ પ્રફુલ્લ હતો. શિવશક્તિનો રિવાજ તો હતો - ગ્રાહક ગળું તાણીતાણીને થાકે ત્યારે પૂરી કે રોટલીવાળો દેખાય. પણ આજે તો મકનો ગરરમ ગરરમ...કડડક કડડક...બોલતો જાય અને થાળ ખાલી કરતો જાય. વારંવાર થાળ ભરી લાવે, ફૂદડીની જેમ ફરતો રહે અને પૂરી પીરસ્યા કરે.

નિશાળિયા મકના પર ફિદા થઈ ગયા. ગરમ ગરમ પૂરી ખાવાની મજા પડી ગઈ. કોઈએ ત્રીસ ખાધી, કોઈને પાંત્રીસ...ખેપ કરીને થાક્યા હતા ને ! હરિએ તો રેકૉર્ડ તોડ્યો. અડતાળીસ ! આ રેકૉર્ડ તોડવામાં તો ખુદ મકનાનું જ પ્રોત્સાહન હતું - હરિભાઈ, ગરમ ગરમ છે ત્રણ પૂરી લઈ લો. બીજી બે લો, વાંધો નહીં આવે...આ ખાસ તમારા માટે જ, ફક્ત બે...તાળીઓ પાડતા છોકરાઓની જીભે હરિનું નામ વારંવાર આવતું હતું એટલે મકનો હરીને ‘હરિભાઈ’ નામથી સંબોધન કરતો થઈ ગયો હતો.

બપોરે વિશ્રામ કરીને આ પ્રવાસીઓ કુંભારિયાંના માર્ગે નીકળ્યા. બે ત્રણ, બે ત્રણની હારમાં એ બધા એકબીજાની પાછળ પાછળ ચાલતા હતા. રસ્તાની બાજુ ઉપર એક ઝાડ નીચે એક પથ્થર ઉપર એક કિશોર બેઠો હતો.

એક પ્રવાસી કિશોરની નજર આ છોકરા પર પડી. એણે ધ્યાનથી જોયા પછી બીજાને કહ્યું : 'આ તો પેલો લૉજવાળો છોકરો !'

'હા, એ જ છે.'

છોકરાએ નજર ઊંચી ન કરી.

'તું પેલી લૉજમાં કામ કરે એ જ છે ને ?'

છોકરાએ ઊંચું જોયા વગર જ કહ્યું : 'હા' પછી લાગલું જ પૂછી નાખ્યું: 'તમે બધા સાબરકાંઠાના છો ને ?'

'ના, અમે મહેસાણા જિલ્લાના છીએ.'

મકનો નિરાશ તો હતો જ. પણ આ સાંભળી એકાએક એનું મોઢું પડી ગયું.

પેલા છોકરાઓએ ફરી પૂછ્યું : 'પણ તું અહીં કેમ બેઠો છે ?'

'કાઢી મૂક્યો.'

'કોણે ?'

છોકરાએ કંઈ જવાબ ન આપ્યો.

'શા માટે કાઢી મૂક્યો ?'

'ખબર નૈ : કહે, બપોર પછી આવીશ નૈ.'

છોકરાઓને મકના સાથે વાતે વળગ્યા જોઈ શિસ્તના આગ્રહી શિક્ષકે હાકલ કરી : 'અલ્યા, ત્યાં કેમ ઊભા છો ? ચાલતા માંડો.'

મકનો પથ્થર ઉપર બેસી રહ્યો. એની નજર ડામરની કાળી સડક પર જડાયેલી જ રહી.

❋

# ૮૩. ગરીબી-રેખાની શોધ

છેલ્લાં ત્રણ વરસથી પ્રોફેસર દિગંતને ગરીબી-રેખા નીચે જીવતાં કુટુંબનો કોયડો મૂંઝવી રહ્યો હતો. એ આ વિષય ઉપર મહાનિબંધ લખીને યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની ઉપાધિ મેળવવા ઇચ્છતા હતા, સંદર્ભ સાહિત્યરૂપે એમણે પુસ્તકો, અહેવાલો, લેખો, લોકસભામાં પુછાયેલા પ્રશ્નો અને તેના મંત્રી તરફથી મળેલા ઉત્તરો વગેરેનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો હતો. એમાંથી દેશમાં વ્યાપ્ત ગરીબીનું એક અસરકારક અને અકળાવનારું ચિત્ર ઊપસતું હતું ખરું, પણ ગરીબીની રેખા નીચે જીવતાં કુટુંબોની રહેણી-કરણીનું પ્રત્યક્ષ દર્શન કર્યા વિના એ ચિત્ર માત્ર કલ્પનાગત

વિવરણ જેવું આભાસી લાગતું હતું. એટલે ગરીબી-રેખાની નીચે જીવતાં કુટુંબોની જીવનરીતિનો પ્રત્યક્ષ અનુભવ મેળવવા હવે એમણે દૂરનાં અંતરિયાળ ગામડાં, શહેરોનો, ઉદ્યોગોનો વિસ્તાર, ઝૂંપડપટ્ટી વગેરેમાં રખડપટ્ટી આદરી દીધી હતી.

પણ આ પ્રત્યક્ષ અનુભવમાં તો એને પોતાના લખાણથી સાવ ભિન્ન અને વિરોધાભાસી દર્શન થતું હતું. નાનાં નાનાં અને અંતરિયાળ ગામડાંમાં પણ રેડિયો, ટીવી જેવી મનોરંજન અને લક્ઝરીની લગભગ બધા પ્રકારની ચીજો નજરે પડતી હતી. ઘેર ઘેર એ ટેલિફોન, સ્કૂટર, બાઇક જોતો હતો. ઝૂંપડપટ્ટીઓમાં વળી આ બધાં સાધનો ઉપરાંત અહીંની સ્ત્રીઓ બ્યુટીપાર્લરમાં હમણાં જ જઈને આવી હોય એમ ભારે મેક-અપ સાથે હરતીફરતી હતી.

હવે તો પ્રોફેસર રઘવાયા બનીને ગરીબી-રેખાની શોધમાં ફરવા લાગ્યા સવાર-બપોર-સાંજ...

વૈશાખની એક બપોરે એ શહેરના ૨૦૦ ફૂટ પહોળા માર્ગની બાજુમાં, જ્યાં ફૂટપાથ હોઈ શકે, ત્યાં ચાલી રહ્યા હતા. ગરીબી-રેખાની ઉપર જીવનારાઓ માટે તૈયાર કરવામાં આવેલા આ ૨૦૦ ફૂટ પહોળા આસ્ફાલ્ટના રસ્તા વચ્ચે ડીવાઇડર ઉપર થોડા થોડા અંતરે આંખને ઠારે એવાં વૃક્ષો ઉછેરેલાં હતાં. દિગંત ચાલી રહ્યા હતા એ પટમાં તો ક્યાંક ક્યાંક માટીમાં દટાયેલા પણ તેમની અણીદાર ટોચ બહાર હોય એવા ગ્રેનાઈટ પથ્થરના ટુકડા ચાલવામાં હરકતરૂપ હતા.

દિગંત જ્યાં ચાલી રહ્યા હતા એ રસ્તે પગે ચાલનારાઓનાં પગરખાંની વિવિધ પ્રકારની છાપ અંકિત થયેલી હતી. ભૂમિ પરની આ વિવિધ છાપ જોવામાં દિગંતને રસ પડ્યો. જુદી જુદી કંપનીઓનાં વિવિધ સિન્થેટિક સોલ ધૂળ અને રેતીમાં એમણે પાડેલી જુદી જુદી ભાત કેટલીક સ્પષ્ટ, કેટલી અસ્પષ્ટ.

આટલાં બધાં પગરખાંની છાપ વચ્ચે દિગંતની નજર એકાએક ઉઘાડા પગલાંની બે જોડ પર પડી. નાજુક પગલાં, સ્પષ્ટ અને સુરેખ. સુરેખ અને અખંડિત હતાં. એટલે તાજાં હશે. દિગંતે નજર ઉઠાવીને રસ્તા પર લાંબે સુધી પહોંચાડી જઈ રહેલાં એક સ્ત્રી અને બાળક દેખાયાં. મા અને દીકરી હશે કદાચ.

દિગંતને થયું, આ કોઈ ભ્રમ તો નથી ? વૈશાખના આવા ધોમધખતા બપોરે કોઈ ઉઘાડા પગે ? અશક્ય. આંખ ઝીણી કરી. તાણી જોઈ, હા, સ્ત્રી અને બાળકી જઈ રહ્યાં હતાં.

એ મા-દીકરીનાં પગલાંથી ગરીબી રેખા બરાબર અંકાઈ હતી !

※

# ૮૪. ગંધ

સમીક્ષાબહેને એમના વર્ગનાં બાળકો પર એક નવતર પ્રયોગ કર્યો. કયા બાળકને કયા પદાર્થની ગંધ સૌથી વધારે ગમે છે એ જાણવા માટે એમણે બાળકોને એવી સમજ આપી કે દરેકે પોતાને ગમતી એવી સુગંધની જાહેરાત કરવાની છે જેના કરતાં બીજી કોઈ સુગંધ એમને વધારે પ્રિય ન હોય. સુગંધ ગમે તે પદાર્થની હોઈ શકે.

બાળકોની કલ્પનાને બરાબર ઠેસ પહોંચી. અસવારના પગની એડીનો ઘા થતાં અશ્વ ધરતી પર જાણે ઊડતો ભાગે એમ, બાળકો પાસેથી ગંધનું રુચિવૈવિધ્ય પ્રગટવા લાગ્યું, ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, મધુમાલતી...કોઈકે ડમરો પણ કહ્યો અને કોઈ કે કેવડાને પણ પોતાની શ્રેષ્ઠ રુચિરૂપ ગણાવ્યો.

ઝાડપાન વગેરે પણ આવ્યો. સુખડ, મીઠો લીમડો...કોઈકને નીલગિરિનાં પાન ગમતાં હોવાનું કહેવાયું.

ફળમાં જામફળ, સંતરાં અને કેરી પણ જાહેર થયાં.

વિવિધ પ્રકારનાં પરફ્યુમ અને સેન્ટનાં નામ પણ આવ્યાં.

કેશવ ઉત્સાહમાં આવીને બોલ્યો : 'મેથીના ગોટા !' અને એકાએક વિસ્ફોટ થયો. હાસ્યથી આખો વર્ગ ગાજી ઊઠ્યો !

હાસ્યના એક પ્રચંડ પડઘાના મારથી જ જાણે, કેશવ ડઘાઈ જ ગયો. એને કશું સમજાયું નહીં. પોતે ખોટું બોલ્યો હતો ? પોતાને જે અત્યંત પ્રિય થઈને હૈયે વસ્યું હતું એની જ તો વાત પોતે કરી હતી !

કાશીભાભુ પહેલી વાર તાંસળામાં ઢાંકીને મેથીના ગોટા આપી ગયાં હતાં ત્યારથી જ એને મેથીના ગોટાનો સ્વાદ દાઢે ચડી ગયો હતો. અને પછી તો એ વારંવાર મેથીના ગોટા ખાવા મા પાસે જક કરતો. બદલામાં મા તો તેલનો જ હિસાબ આપતી. 'ઘરમાં તેલના ડબા થોડા ભરી મૂક્યા છે તે તને રોજ રોજ મેથીના ગોટા ખવરાવું ?'

છતાં વરસમાં બે-ત્રણ વાર અને તેય ધરાઈને માર ખાધા પછી મેથીના ગોટા ખાવા મળતા.

ઇચ્છા થાય ત્યારે ગોટા ખાવા તો મળતા ન હતા, પણ એની સુગંધ માણવા મળતી. નિશાળે જતાં રસ્તે ફરસાણની દુકાનો આવતી ત્યારે એ ગોટાનો મઘમઘાટ માણી લેતો.

મેથીના ગોટાની સોડમ આગળ કેશવને મન કોઈ ગુલાબ કે મોગરાની કશી વિસાત ન હતી.

શાળા છૂટ્યા પછી પણ ડઘાઈ ગયેલા કેશવની કળ વળી ન હતી. એ કળ

ન વળી એનું કારણ તો અંતઃકરણના ઊંડાણમાં એને સમજાઈ ગયું હતું. અને એટલે ઘેર આવ્યા પછી પણ એ સુસ્ત રહ્યો.

બીજે દિવસે એણે સ્કૂલે ન જવાની હઠ પકડી ત્યારે માએ એને વારંવાર ધમકાવ્યા છતાં એ નિશાળે જવા તૈયાર ન થયો. આખરે માએ એને ધીબવા જ માંડ્યો.

એ માર ખાતો રહ્યો પણ...

※

## ૮૫. ગીધડાં

પ્રેમાભાઈ અને એમનાં પત્ની વત્સલાબહેન કોઈ સંબંધીને મળીને સાંજના સમયે પાછાં ફરી રહ્યાં હતાં. સોસાયટીઓ વચ્ચે થઈને જતો માર્ગ છેવાડો હતો એટલે કોઈ વાહન જતું દેખાતું નહોતું. રિક્ષા મળી નહીં એટલે ચાલવું પડ્યું તેથી ઠીક ઠીક શ્રમિત થયાં હતાં.

એક ખુલ્લા પ્લોટ વચ્ચે થઈને નીકળતાં પ્રેમાભાઈની નજર એક મરેલા એક જાનવર પર પડી. જરાક થોભી ગયા. એ જાનવરના શબને ત્રણ ગીધ ચૂંથી રહ્યાં હતાં.

વત્સલાબહેને કહ્યું : 'કેમ ઊભા રહી ગયા ? પગ ઉપાડો ઝટ. દુર્ગંધથી નાક ફાટી જાય છે.'

પ્રેમાભાઈએ પગ ઉપાડ્યો. પત્નીને જવાબ આપવાનો તો નહોતો. પણ મનમાંથી તો એક વિચાર પ્રગટી ચૂક્યો હતો : 'આ તો મારી પોતાની જ વાત! ખુલ્લા પ્લોટમાં મારું જ નાટક ભજવાઈ રહ્યું છે !'

પ્રેમાભાઈએ ફરી એક વાર પેલા જાનવર તરફ નજર કરી લીધી. શરીરની કોઈ બખોલમાંથી ગીધડાં માંસ ખેંચી રહ્યાં હતાં.

ઘેર પહોંચ્યા પછી વત્સલાબહેન બેસી પડ્યાં. બોલ્યાં :

'થાકીને લોથ થઈ ગયાં.'

'હા, થાક અને ભૂખ, બેય બરાબરનાં લાગ્યાં છે.' પ્રેમાભાઈએ કહ્યું. 'એ બધુંય ખરું, પણ અત્યારે હું કાંઈ રાંધવાની નથી. શક્તિ જ રહી નથી ને !'

'હરકત નહીં. સવારનું કંઈ હશે એનાથી ચલાવી લઈશું.'

'આજ તો કશું વધ્યું નથી.'

'તો પછી લાંઘણ ખેંચી નાખીશું, બીજું શું થાય ?'

પતિ-પત્નીનો આ સંવાદ ચાલતો હતો ત્યાં સામેના મકાનમાંથી સાદ સંભળાયો : 'પ્રેમાભાઈ, અમેરિકાથી તમારો ફોન છે.'

પ્રેમાભાઈના બે દીકરા અને એક દીકરી અમેરિકા રહેતાં હતાં. દરેક જણ અઠવાડિયે એક વાર ફોન કરતું. એટલે કુલ મળીને અમેરિકાથી પ્રેમાભાઈ ઉપર અઠવાડિયામાં ત્રણ ફોન આવતા હતા.

પતિના પગમાં ઉત્સાહનો અભાવ જોઈ વત્સલાબહેન બોલ્યાં : 'જાઓ ઝટ, રમાનો ફોન હશે.'

'કદાચ પિનાકિનનો પણ હોય, ભૂપતનો તો પરમ દિવસે હતો.'

'સારું, જેનો હોય તે ખરો. ઝટ જાવ. ખબર લેતા આવો.'

અર્ધું કંટાળાથી અને અર્ધું વિનોદમાં, પ્રેમાભાઈ બોલ્યા : 'કહેતાં હો તો, પિનાકિન ફોનમાં જે બોલવાનો છે એ બધું અત્યારે બોલી જાઉં ! અમને તમારી બહુ ચિંતા થાય છે. આ ઉંમરે કશી તકલીફ લેવી નહીં. કામકાજ માટે માણસ રાખી લેવો. કશી કરકસર ન કરતા. જરૂર પડે તો પૈસા મંગાવી લેજો...'

પ્રેમાભાઈ ગયા અને બે મિનિટમાં પાછા આવી ગયા.

'કોનો હતો ?'

'પિનાકિનનો.'

'શું કહ્યું, એણે ?'

'એને આપણી ચિંતા થાય છે. કશી તકલીફ લેવાની ના કહે છે. માણસ રાખી લેવાનો આગ્રહ કરે છે. અને જરૂર પડે તો પૈસા મંગાવી લેવાનું કહે છે...'

'ખુશીમઝામાં તો છે ને...'

'હા, હા...સૌ ખુશખુશાલ છે.'

પતિ-પત્ની થોડીવાર મૂંગાં રહ્યાં.

પછી પ્રેમાભાઈ બોલ્યા : 'મને એક વિચાર આવ્યો, વત્સલા.'

'શો ?'

'આપણે દીકરા અને દીકરીના ફોન એક વાર ટેપ કરાવી લઈએ. પછી એમને કહીશું કે હવે રોજ રોજ ફોન કરવાની જરૂર નથી. અમે રોજ રોજ ગોરજ ટાણે તમારા ટેપ કરેલા ફોન સાંભળી લઈશું....'

આટલું કહી પ્રેમાભાઈ ચૂપ થઈ ગયા.

અને એમની નજર આગળ પેલા જાનવરનું શબ અને એને ચૂંથતાં ત્રણ ગીધ આવી રહ્યાં !!

❊

# ૮૬. ગિફ્ટ

લગ્ન પહેલાં અમે એકબીજાની ઉંમર જણાવી દીધી હતી. પાંત્રીસ વર્ષનો ઈશાન મને પહેલી નજરે ગમી ગયેલો. તરવરિયા તોખાર જેવો આ યુવાન પકડમાં આવશે ખરો ? આવ્યો. ઊડતી વાતોમાં એના વિશે ઠીકઠીક જાણવા મળ્યું હતું. પણ હું એવી ઊડતી વાતોથી પ્રભાવિત થાઉં એવી નથી. માણસને પરખવાની મારી સૂઝ પર મને શ્રદ્ધા હતી. મારી પરખમાં મને કશી ભૂલ જણાઈ નથી.

લગ્ન પછીના બીજા વર્ષે એક દિવસ ઈશાને કહ્યું : 'આવતી કાલે તારો બર્થ-ડે છે. એ નિમિત્તે શહેરમાં જઈને તારા માટે એક સરસ સાડી ખરીદીશું ? બર્થ-ડે ગિફ્ટ.'

'સાડી ?' મેં કહ્યું : 'એની કશી જરૂર નથી આજકાલ ખાસ પ્રસંગ સિવાય સાડી કોણ પહેરે છે ?'

'કોઈ ભલે ન પહેરતું હોય, તારી વાત જુદી છે. સાડીમાં તું કેટલી શોભી ઊઠે છે એ તું જાણતી નથી.'

ઈશાન મારા વસ્ત્રપરિધાન બાબતમાં આવી કૉમેન્ટ કેમ કરી એ મને સમજાયું નહીં. મેં કહ્યું : 'હું જીન્સ અને ટી શર્ટ કે કમીઝ-શલવારમાં સારી નથી લાગતી ?'

'લાગે છે. પણ તારા માટે સાડીની વાત જ જુદી છે.'

ઈશાન એનો ટેસ્ટ મારા ઉપર થોપવા માગતો હતો ? કે એના મનમાં બીજું કંઈ હતું ? મને એની વાત ન ગમી. છતાં એનું મન રાખવા મેં કહ્યું : 'તારી ઇચ્છા હોય તો સાડી ખરીદવામાં મને વાંધો નથી.'

'સાડી સરિતા'નાં પગથિયાં ચઢીને સ્ટોરમાં પ્રવેશતાં સામી દીવાલે જડેલાં આદમ કદના આયનામાં મેં મારું પ્રતિબિંબ જોયું. 'જીન્સ અને ટી શર્ટમાં હું ઓછી સોહામણી લાગું છું ?' મારા મનમાં પ્રશ્ન ઉદ્‌ભવ્યો, જે ગઈકાલથી ચિત્તમાં સતત ઘુમરાયા કરતો હતો. અહીંથી જ પગથિયાં ઊતરી જવાનું મન થયું, પણ ઈશાનનો પ્રેમ આડે આવ્યો.

અમારી આગળ ઢગલાબંધ ફેંકાતી સિફોન, જ્યોર્જ, બનારસી, કાંજીવરમ...અનેક પ્રકારની સાડીઓનો ઢગલો થતો રહ્યો. એમાંથી ઈશાને આછા ઓરેન્જની બોર્ડરવાળી આછા પેરટ ગ્રીન રંગની સાડી પસંદ કરીને મને પૂછ્યું : 'આ કેમ છે ?'

'પેક કરાવી લે.' મેં કહ્યું.

મારો મુખભાવ કળી જઈને ઈશાને કહ્યું : 'તું જોજે તો ખરી, આ સાડીમાં તું કેવી સોહી ઊઠે છે તે.'

રાત્રે મહેમાનોના આવવાના સમયે સાડી પહેરીને તૈયાર થયા પછી, એ સાડીમાં

હું કેવી લાગું છું એ જોવા મારા બેડરૂમના અરીસા આગળ જઈને હું ઊભી રહી.

અણુના ન્યુક્લીઅસને ફરતા વેગીલા ઇલેક્ટ્રોનની જેમ મને મારા દેહ ઉપર વર્ષોની ઘટમાળા તેજ ગતિએ ઘૂમતી દેખાઈ.

મારી આ ૩૮મી વર્ષગાંઠ હતી.

❊

## ૮૭. ગુલાબ

ઘર પાછળ બગીચામાં ગુલાબના છોડ ઉપર રોજ ત્રણ-ચાર ગુલાબ ખીલતાં. એમને ચૂંટી લઈને ટીમસી સ્કૂલમાં લઈ જતી અને હોંશભેર મૅડમ (શિક્ષિકા)ના હાથમાં મૂકતી. પ્રેમથી ફૂલ લઈ આવતી બાલિકાને રાજી રાખવા મૅડમ એ ફૂલને માથામાં નાખતાં. ટીમસી રાજી રાજી થઈ જતી.

ટીમસીના પપ્પા ઘણી વાર ઘરનાં ગુલાબ કોટના બટનહોલમાં નાખવાનો મનસૂબો કરતા, પણ કશાક ક્ષોભવશ એમ કરતા નહીં. એક દિવસ બટનહોલમાં ગુલાબ નાખવાનો નિર્ણય કરી એ ગુલાબના છોડ આગળ ગયા, પણ છોડ ઉપર કોઈ ખીલેલું ગુલાબ નહોતું.

સવારે તો એમણે પવનમાં હિલોળા લેતાં બે ગુલાબ જોયાં હતાં. ઘરમાં આવી એમણે કહ્યું : 'ગુલાબ કોણે તોડ્યાં ? 'મેં તોડ્યાં.' એમ ઉત્સાહપૂર્વક કહેતી ટીમસી દોડી તો આવી, પણ પપ્પાનો ચહેરો જોઈ ઠરી જ ગઈ.

પપ્પા ગુસ્સામાં હતા. એમણે ઊંચા સાદે કહ્યું : 'ફૂલ તેં તોડ્યાં ?'

ટીમસી કંઈ બોલવાની હિંમત ન કરી શકી.

પપ્પાએ ઘાંટો તાણ્યો : 'શા માટે તોડ્યાં ?'

ટીમસીના વર્ગમાં ભણતી સોના અત્યારે અહીં હતી. એણે નિર્દોષભાવે કહ્યું: 'ટીમસી અમારાં મૅડમ માટે રોજરોજ ગુલાબ લાવે છે.'

આ સાંભળી પપ્પાનો ગુસ્સો વધ્યો. એમણે કહ્યું : 'મૅડમને ગુલાબનો શોખ હોય તો વાવે પોતાને ત્યાં. નોકરી મહેતીની કરવી અને ગુલાબના અભરખા...! ગુલાબ મને આપી દે.'

ટીમસી ફ્રીજમાં મૂકેલાં ગુલાબ લઈ આવી અને પપ્પાના હાથમાં મૂક્યાં.

મમ્મી રસોડામાં હતી. એ ધૂંવાંપૂંવાં થતી આવી પહોંચી. બોલી : 'તમેય કેવા છો ? બાળકની લાગણીનો તો ખ્યાલ કરો જરા...'

અને પપ્પાના હાથમાંથી એણે ગુલાબ ખૂંચવી લીધાં.

સ્કૂલે જતી વખતે ટીમસી ગુલાબ લીધા વિના જ ચાલવા લાગી ત્યારે મમ્મીએ એ એના હાથમાં મૂકતાં કહ્યું : 'આજે લઈ જા, કાલે ન લઈ જવાં હોય તો ન લઈ જઈશ.'

ટીમસીએ ફૂલ તો લીધાં, પણ એનું મોં કરમાઈ ગયું.

ટીમસીએ મૅડમના હાથમાં ફૂલ મૂક્યાં એ વખતે એનું કરમાઈ ગયેલું મોં જોઈ એ બોલ્યાં : 'ટીમસી, કેમ આમ સાવ લેવાઈ ગઈ છે ?'

ટીમસી કશું બોલી નહીં, પણ સવારની ઘટનાની સાક્ષી સોનાએ બધી વાત કહી દીધી. મૅડમના ચહેરા ઉપર એકદમ ફેરફાર થયો. મોં લાલચોળ થઈ ગયું અને હોઠ પીસીને એમણે પેલાં ગુલાબ બારી બહાર ફેંકી દીધાં !!

ટીમસી સડક થઈ ગઈ. ક્ષણમાં તો એની આંખમાંથી આંસુ ખરવા લાગ્યાં.

એને સમજાતું નહોતું કે સવારે પપ્પા અને અત્યારે મૅડમ કેમ ગુસ્સે થયાં ?

✻

## ૮૮. ગેરસમજ

રામચંદે એના ત્રણ ભાઈઓને રાત્રે પોતાને ત્યાં ભેગા મળવા માટેનું કહેણ મોકલ્યું. 'નથી કોઈ તકરાર કે નથી કોઈ કૌટુંબિક સમસ્યા અને રામચંદ ભાઈઓને ભેગા કેમ કરે છે ?' આ પ્રશ્ન ભાઈઓના આશ્ચર્યનું કારણ બન્યો.

રાત્રે ભાઈઓ રામચંદને ત્યાં મળ્યા.

રામચંદનું આ ઘર ભાઈઓમાં એ સૌથી નાનો હતો એટલે, અથવા માતા-પિતા એની સાથે રહેતાં હતાં એટલે એને મળ્યું હતું એવું નહોતું, પણ વહેંચણી વખતે ચિઠ્ઠીઓ નાખવામાં એના ભાગે આવ્યું હતું. ચઢાવાની રકમ પણ એણે કશા કચવાટ વગર ચૂકવી દીધી હતી.

રામચંદ નોકરિયાત હતો. પગાર ટૂંકો હતો પણ મા-બાપની સેવામાં પૈસાના કારણે જ કશી કમી ન રહે એની એ બરાબર કાળજી રાખતો હતો. મા-બાપના કારણે ક્યાંય કશી કરકસર નહીં. રામચંદની આ નીતિ હતી. માતા-પિતાની તબિયત જરા સરખી કથળે તોપણ એ ઊંચો-નીચો થઈ જતો અને એનો તરત ઉપચાર કરાવતો.

હમણાં બે દિવસથી પિતાને ઉધરસ થઈ હતી. એક દિવસ તો હળધર અને દૂધનો ઉપાય કર્યો. પણ રામચંદને લાગ્યું કે આ ઉપાય કામ નહીં લાગે એટલે એણે

બજારમાંથી ઉધરસની દવા લાવવાનું વિચાર્યું.

બજારમાં જવા નીકળેલા મોટાભાઈને જોઈને એણે એમને કહ્યું : 'બાપુને ઉધરસ વધારે છે. કેમિસ્ટને ત્યાંથી એમના માટે ગ્લાયકોડીન ટર્પ વસાકા અથવા કોરેક્સ લેતા આવજો.'

મોટાભાઈ એ દવા લઈ આવ્યા. અને રામચંદને એ આપતી વખતે કહ્યું : 'દસ રૂપિયા થયા.'

ક્યારેક વાણીના શબ્દો એમના ઉચ્ચારણ વખતે જ પોતાનો અર્થ જાહેર કરી દેતા હોય છે. રામચંદ મોટાભાઈની વાણીનો અર્થ સમજ્યો અને એણે મોટાભાઈને દસ રૂપિયા આપી દીધા.

આ ઘટનાના અનુસંધાનમાં રામચંદે આજે ભાઈઓને ભેગા થવાનું કહેણ મોકલ્યું હતું.

રાત્રે ભાઈઓ ભેગા થયા. કારણની પૃચ્છા થતાં રામચંદે કહ્યું : 'પહેલા ચા-પાણી. પછી જે-તે વાત.'

ચા-પાણી થઈ ગયા પછી રામચંદે કહ્યું : 'બહુ મોટી ચર્ચાનો વિષય નથી. ફક્ત બે મિનિટના કામ માટે ભાઈઓ ભેગા કર્યા છે.'

'બે મિનિટનું કામ ?'

'કદાચ એથીય ઓછો સમય, તમારે મને અઢી અઢી રૂપિયા આપવાના છે.'

કશું ન સમજતાં ત્રણ ભાઈઓ એકબીજા તરફ જોવા લાગ્યા.

'રહો, હું ચોખવટ કરું,' કહી રામચંદે શરૂ કર્યું : 'બાપુને બે દિવસથી ઉધરસ છે. એની દવા મોટાભાઈ મારફતે મેં મંગાવી હતી. દવાના દસ રૂપિયા થયા જે મેં મોટાભાઈને આપી દીધા છે.'

રામચંદ જરાક થોભ્યો પછી બોલ્યો : 'હું મૂરખ આજ સુધી બા-બાપુ આપણા ચારેયના છે એ તો વીસરી જ ગયો હતો. આ દસ રૂપિયાએ સાચી સમજ આપી. આ સમજ માટે હું મોટાભાઈનો ઉપકાર માનું છું. બસ આટલા કામ માટે આપણે અત્યારે મળ્યા છીએ. આગળ-પાછળનું કંઈ વિચારવાનું નથી. માત્ર આટલી સમજ પૂરતી છે કે બા-બાપુ આપણા ચારેયનાં છે !'

※

# ૮૯. ઘા

યોગીન્દ્ર એની નવી કારમાં ગોઠવાયો ત્યારે કોઈને ગોળીએ દેવા જઈ રહ્યો હોય એવો ઉત્તેજિત હતો. હતું પણ એવું જ. વતનમાં બાર વર્ષ ઉપર સોમચંદે કરેલા ઘાનો બદલો વાળવો હતો. ગામના એક કામ માટે ફંડ ઊભું કરવા નીકળનાર આગેવાનોની સાથે એણે જોડાવાની તૈયારી બતાવી ત્યારે સોમચંદે એને કહ્યું હતું : ‘‘એ તમારા જેવાનું કામ નહીં, ભાઈ, જેની પાસે બે પૈસા હોય એનું કંઈક વજન પડે...અને કંઈક શોભીએ પણ ખરા...’’

એ વખતે એને માથાવઢ ઘા લાગ્યો હતો.

એ પછી અમદાવાદ આવી બાર વર્ષ દરમિયાન એણે ‘બે પૈસા’ એકઠા કરી લીધા અને આજે સોમચંદને એનું ખાસ દર્શન કરાવવા જઈ રહ્યો હતો. પોતાની ધનસંપત્તિ વિશે ઘણી વાતો કરી સોમચંદને આંજી નાખવા હતા.

ગામમાં પહોંચી એણે સોમચંદના ઘર આગળ જ ગાડી થોભાવી. ઘરમાં દાખલ થતાં ટહુકો કર્યો : ‘‘સોમચંદકાકા છે કે ?’’

‘‘હા, ઉપર છે.’’ કોઈ કે જવાબ આપ્યો.

એ સીધો ઉપર ગયો. પાછલા ઓરડામાં સોમચંદનો ખાટલો હતો. ચાદર મેલી હતી. ઓશીકાનાં ગલેફ તેલના ધબ્બાવાળાં હતાં.

‘‘તબિયત સારી નથી. સોમચંદકાકા ?’’

‘‘કોણ ભાઈ ?’’ કહી સોમચંદ અર્ધા બેઠા થયા. એમણે બાજુની ત્રિપોઈ પરથી ચશ્માં લેવા હાથ લંબાવ્યો. ચશ્માં નાક ઉપર ચડાવ્યાં. પછી ફરી પૂછ્યું: ‘‘કોણ ભાઈ ?’’

‘‘ભૂલી ગયા, કાકા ?’’

‘‘ભાઈ, હવે ઉંમર થઈ. આંખે ઝાંખ છે. વળી બારણામાંથી અજવાળું આવે એટલે આવનારનું મોં સૂઝતું નથી !’’

‘‘પણ અવાજ તો ઓળખાયને ?’’

‘‘હવે કાને બહેરાશ પણ આવી છે.’’

‘‘હું યોગીન્દ્ર.’’

‘‘યોગીન્દ્ર ? આવ, બેસ. મઝામાં તો ખરો ને ?’’

‘‘હા.’’

સોમચંદ નીચેથી કોઈને બોલાવવા માટે બાજુની ભીંતમાં રાખેલું બેલનું બટન દબાવ્યું. અને બંધ આંખે ઓશીકા ઉપર ઢળેલા રહ્યા.

બેત્રણ મિનિટ જેટલો સમય પસાર થઈ ગયો છતાં કોઈ આવ્યું નહીં એટલે ડોસાએ ફરી બટન દાબ્યું...અર્ધી મિનિટ પછી ફરી એમ કર્યું.

વચેટ દીકરો આવ્યો. ''કેમ વારે વારે બેલ વગાડો છો ? હમણાં તો હું તમારી ખબર લઈ ગયો હતો.'' દીકરાના અવાજમાં નરી તોછડાઈ હતી. ''યોગીન્દ્ર આવ્યો છે. એના માટે પાણી-બાણી કંઈ...''

''અમને ખબર નહીં પડતી હોય ? ચા-નાસ્તાની બધી વ્યવસ્થા થઈ ગઈ છે...ખોટો ધક્કો ખવડાવ્યો...'' અને પછી યોગીન્દ્રને ઉદ્દેશીને કહ્યું : ''આવો ને, મોટાભાઈ તમારી રાહ જુએ છે...''

''સોમચંદકાકાને મળવું હતું એટલે સીધો ઉપર ચાલ્યો આવ્યો.''

''હવે એમને મળવા જેવું રહ્યું નથી. હવે એ નથી બરાબર જોઈ શકતા કે નથી પાધરું સાંભળી શકતા...'' આટલું બોલ્યા પછી કંઈ યાદ આવતું હોય એમ સોમચંદ તરફ ફરીને જરા મોટા અવાજે એણે કહ્યું : ''તમે સવારે સંસ્થામાં ફાળો આપવાની વાત કરતા હતા ને ?''

''હા, તે શું થયું ?'' સોમચંદે આતુરતાથી પૂછ્યું.

''મોટાભાઈ કહે છે - એવો ફાળોબાળો કંઈ આપવો નથી.''

યોગીન્દ્ર ઊભો થયો. ખાટલામાં પડેલા સોમચંદના જર્જરિત દેહને થોડી વાર નીરખી રહ્યો. પછી એક છાની નિરાશા લઈને બહાર નીકળ્યો.

✳

## ૯૦. ઘા

રામુ હાથ આડો ધરે એ પહેલાં માધુની વહુએ એની થાળીમાં ગોળના બે-ત્રણ ટુકડા મૂકી દીધી.

જાણે એકાએક કોઈ આક્રમણથી મૂંઝાઈ ગયો હોય એમ રામુ બોલ્યો : 'સુમીભાભી, આ ગોળ પાછો લઈ લો.'

ભારે નવાઈ સાથે માધુએ કહ્યું : 'રામુ, ગોળ તો તારું પકવાન. તેં એને પાછો લઈ લેવાનું કહ્યું ? થાળીમાં ગોળનું દડબું જુએ તો જ ધાનનો કોળિયો ભરે અને આજ તું ભાણામાંથી ગોળને ઉપાડી લેવાની વાત કરે છે !?'

માધુની વાત સાચી હતી. એક વખતનો રામુ જાણે ગોળનો વ્યસની, પણ માધુ માટે તો એ વાત ભૂતકાળની હતી.

રામુ અને માધુ લંગોટિયા બાળદોસ્ત, પણ માધુના પિતા કુટુંબ સાથે જીરાની ખેતી માટે રાજસ્થાન ગયા ત્યારે આ બાળદોસ્તોની જોડી તૂટી.

જીરાની ખેતીમાં માધુના પિતા પગભર થયા અને કાયમ માટે પાલીસોજત વિસ્તારના કિશનગંજ ગામમાં રહી પડ્યા.

વરસો વીત્યાં અને એક દિવસ માધુએ બાળપણનો મિત્ર સાંભરી આવતાં રામુને એકાદ અઠવાડિયા માટે અતિથિ તરીકે પોતાને ત્યાં આગ્રહપૂર્વક તેડાવ્યો.

આજે આતિથ્યનું પ્રથમ ભોજન હતું અને ગોળ અંગે આ ઘટના બની.

ગોળ અંગેનું રામુનું વર્તન માધુને સમજાયું નહીં. એણે વ્યંગમાં કહ્યું : 'ખૂબ ખાતો હતો એટલે ગોળ અબખે પડ્યો છે કે શું ?'

'અબખે તો કંઈ પડ્યો નથી.'

'ત્યારે શું થયું છે. ગોળ ખાવાનું કેમ છોડી દીધું ?'

'બસ, એમ જ.'

'શહેરમાં રહેવા લાગ્યો ને ? શહેરના લોક ભાણામાં ગોળ લે કંઈ ? એ તો ગામડિયાઓનો ખોરાક...'

'એવું કંઈ નથી, માધુ...'

'તો પછી શું છે એ કહે ને. ખાસ બનાવટનો ગોળ છે. એક વખત ખાઈ જો. રામપુરમાં ઘૂમતો થઈ જઈશ.'

માધુ આગ્રહ કરતો રહ્યો પણ રામુ ગોળને ન અડક્યો.

એ લોકો જમીને ઊભા થયા અને રામુની થાળીમાં ગોળ જેમનો તેમ રહ્યો.

માધુ દુઃખી થયો. એણે રામુના આ બનાવનું કારણ જાણવા રામુને વારંવાર પૂછ્યું. પણ રામુ પાસેથી કશો સંતોષકારક જવાબ ન મળ્યો.

રામુએ ભલે ન કહ્યું, પણ વાત આમ હતી :

એક દિવસ ભાણામાં ઓછો ગોળ જોઈ બાળ રામુએ વધારે ગોળ લેવા માટે જક કરી.

માએ કહ્યું : 'કો'ક દા'ડો ઓછાથી ચલાવી લેતાં શીખ.'

માનવું હોય તો ને ? રામુએ પગથી થાળીને ઠેલી મૂકી. અને સાથે જ માએ રામુના ગાલ ઉપર સોળ ઊઠે એવા બે તમાચા ચોડી દીધા. રામુ માટે આ કંઈ નવું નહોતું. એ મોટા ઘાંટે રડવા લાગ્યો.

નવું તો એ હતું, જ્યારે રામુના પિતાએ ગોળના ડબામાંથી લગભગ એક કિલો ગોળનું દડબું ઉઠાવી લાવીને એની થાળીમાં મૂક્યું. એ પછી એમણે કરડી આંખ કરીને

રામુને કહ્યું : 'આ બધો ગોળ ખાઈ જા. નહીં ખાય તો સામે ખૂણામાં જો. સોટી છે. એ સોટી અને તારો બરડો, સમજ્યો ?'

રામુ ડઘાઈ ગયો. રડતો બંધ થઈ ગયો.

અને ત્યાર પછી ગોળની કાંકરી સુધ્ધાંને એ અડકયો નથી.

⁂

## ૯૧. ઘોડો

પડાળીમાં બેઠાં બેઠાં દાંતે છીંકણી ઘસતાં મેનાંમાને જોઈને જીવો સુથાર થોભી ગયો. નજીક જઈને એણે કહ્યું : 'મેનાંમા, તમારા પાડોશી લાકડાનો ઘોડો બનાવરાવે છે. તમારે બનાવવો છે ? કહો તો ભેગાભેગો તમારોય ઘડી દઈએ.'

'ના રે ભૈ,' મેનાંમાએ ઝટ દઈને જવાબ દીધો : 'અમારે કંઈ ઘોડોબોડો ઘડાવવો નથી. ઘોડાની અમારે શી જરૂર ?'

'જરૂર કેમ નહીં, મેનાંમા ?' જીવો બોલ્યો : 'હવે પહેલાનાં જેવાં ખોરડાં કયાં રહ્યાં છે ? પહેલાનાં ખોરડાં તો હાથ ઊંચો કરીએ કે ડાગળે અડી રહે. તમારા મથુર જેવાને તો ઘરમાંય વાંકા વાંકા ફરવું પડે...હવે તો મેડીબંધ ઘર થયાં. ગોખલાં-ગોખલી અને જાળિયાં જતાં રહ્યાં. એની જગ્યાએ કબાટ અને માળિયાં આવી ગયાં. માળિયાંમાં વસ્તુ મૂકવી-લેવી હોય ત્યારે ઘોડાની જરૂર પડે. ભેંત્યે ફોટાફોટી ટાંગવાં હોય ત્યારેય ઘોડાની જરૂર પડે...અને હવે સમો બદલાયો છે. મેનાંમા, દિવાળીએ-દિવાળીએ ઘર ધોળવું પડે. કારીગર કળી-ચૂનાની ડોલમાં કૂચડો મૂકતાં ઘોડાની માગણી કરે. હવે નિસરણી આપો તે ન ચાલે...'

જીવા સુથારનું સંભાષણ પૂરું થયું એટલે મેનાંમા બોલ્યાં : 'કહેવાનું હતું એ કહી રહ્યો, જીવા ? હજી કંઈ બાકી હોય તો બોલ. તારે એક ઘરાક ઊભું કરવું છે એ હું જાણું ને. પણ તું ઘર ભૂલ્યો, જીવા...આપણે ઘોડાબોડાની કંઈ જરૂર નથી. જા, મગનભાઈનો ઘોડો ઘડવા માંડ.'

જીવો એમ કંઈ પાછો પડે એવો ન હતો. હસતાં હસતાં એ બોલ્યો : 'મથુરની સગાઈ કરવા કો'ક આવશે એ પહેલું પૂછશે, ઘરમાં ઘોડો છે ? હોય તો હા; અને ન હોય તો ના.'

વિનોદમાં તો મેનાંમાય કંઈ જાય એવાં ન હતાં. છીંકણીવાળું દાતણ હેઠું મેલીને બોલ્યાં : 'સગાઈવાળાને કહીશું, અમારે ઘેર તાડ છે, પછી ઘોડાની શી જરૂર ?'

'એ શું, મેનાંમા ?'

'નોં સમજ્યો ? અમારો મથુર તાડનો તીજો ભાગ નંઈ ? બાજો મૂકીને ઉપર ઊભો ઊભો હાથ લાંબો કરે કે માળિયું ! પછી ઘોડાની શી જરૂર, ભઈ ?'

જીવો ફરી હસ્યો. હસતાં હસતાં મીઠી વાણીમાં વહાલથી બોલતો હોય એમ બોલ્યો : 'મથુરની વહુ આવવા તો દ્યો ડોશી, પછી તમે જીવાને કેવાં યાદ કરો છો એ જોજો પાછાં. એ વખતે આ જીવાભાઈ ઊંચું જોતા ચાલ્યા જશે...' આમ કહી જીવો હજુય હસતાં હસતાં ચાલવા લાગ્યો.

ચારેક વર્ષ પછી એક દિવસ મેનાંમાના ઘર આગળથી નીકળ્યો ત્યારે મેનાંમાએ એને સાદ કર્યો : 'ભઈ જીવા !'

જીવો થોભી ગયો.

મેનાંમાએ કહ્યું : 'અમનેય એક ઘોડો ઘડી આલજો, ભઈ.'

પરિસ્થિતિ જુદી હોત તો જીવાએ વિનોદ કર્યો હોત : 'કેમ મેનાંમા, તમારે ઘેર તો તાડ છે ને ?!'

પણ હવે જીવો શો વિનોદ કરે ? મેનાંમાનું એ તાડ તો બે વર્ષ પહેલાં હિપેટાઈટીસ-બીના ઝંઝાવાતમાં ઊખડી પડ્યું હતું.

જીવો ગંભીર સાદે પૂરા વિવેકથી બોલ્યો : 'ફકર્ય કરશો નંઈ, મેનાંમા. સાગનો અસલ ઘોડો ઘડી આલીશ.'

❊

## ૯૨. ચક્ર

બન્ને પુત્રો અને પત્ની સાથેના રોજબરોજના કંકાસના કારણે એ એકલો પોતાના જૂના ઘરમાં રહેતો હતો. ખાવાનું જાતે પકાવી લેતો. અને ઘરકામ પણ પોતે જ આટોપી લેતો. આખરે આ સ્થિતિથી કંટાળ્યો અને સંસાર છોડીને બાવો થઈ જવાના નિર્ણય ઉપર આવી ગયો.

એ ઘર બહાર નીકળ્યો. એને એમ થયું કે આ ભૂમિને છેલ્લા રામરામ કરવા છે તો પત્નીને એક વાર મળી લેવું. આખરે લગ્નજીવનના ચાર દાયકા એની સાથે ગાળ્યા હતા !

મોટા દીકરાના ઘરમાં એણે પ્રવેશ કર્યો.

પત્ની કશુંક સાંધી રહી હતી. બાજુમાં ચાનો એક ખાલી કપ પડ્યો હતો. એનું

નાકું તૂટી ગયેલું હતું. એના ઉપર એક તરડ પડેલી હતી જે મેલ ભરાવાના કારણે એક કાળી રેખાના રૂપમાં દેખાતી હતી. કપ ઉપર પાર વગરની માખીઓ બણબણતી હતી.

એના ગૃહપ્રવેશનો અણસાર પત્નીને આવી ગયો હતો. પણ એણે આંખ ઊંચી ન કરી અને કામ ચાલુ રાખ્યું. પત્નીના આ વલણની એના માટે નવાઈ નહોતી. એ તો પત્ની જે દિવસે મોટા દીકરા સાથે રહેવા ચાલી ગઈ એ દિવસે એના હૈયે પોતાના માટે થોડીઘણી લાગણી હોવાનો ભ્રમ દૂર થઈ ગયો હતો.

એ ખાટલી પર બેઠો અને પત્નીનાં કામ કરતાં આંગળાં પર નજર માંડી રહ્યો. સોયમાં પરોવાયેલો દોરો પૂરો થયો એટલે એ સોયના નાકામાં બીજો દોરો પરોવવાનો પ્રયત્ન કરવા લાગી. પત્નીની દૃષ્ટિ નબળી હતી. અગાઉ પોતે જ એને સોયમાં દોરો પરોવી આપતો. અત્યારે એની જીભ ઉપર શબ્દો આવી ગયા : 'લાવ, પરોવી દઉં.' પણ એ બોલ્યો નહીં.

હવે એની નજર પત્નીના શરીર ઉપર ફરવા લાગી.

ચહેરા ઉપર કરચલીનાં જાળાં ચોખ્ખાં દેખાતાં હતાં. સ્નાયુઓ શિથિલ થયેલા જણાતા હતા. હાથનાં આંગળાં અક્કડ થઈ ગયાં હોય એવું જણાતું હતું.

એણે પત્નીને પૂછ્યું : 'ઘરમાં કોઈ નથી ?'

આંખ ઉઠાવ્યા વગર જ પત્નીએ જવાબ આપ્યો : 'ના.'

એણે બીજો પ્રશ્ન કર્યો : 'મોટાને ત્યાં ફાવે છે ને ?'

'શું કામ ન ફાવે ?'

આ શબ્દોના ઉચ્ચારણ ધ્વનિમાંથી એ ઘણું પામી ગયો. એનું મુખ તંગ થયું. એક અજંપાભરી નજરે એ પત્ની તરફ જોઈ રહ્યો પછી પૂછ્યું : 'દીકરો સારી રીતે સેવાચાકરી કરે છે ને ?'

કપડામાંથી સોય ખેંચતાં દોરો તૂટી ગયો. તૂટેલા દોરાને છેડે ફરી ગાંઠ વાળવામાં એ પરોવાઈ ગઈ. એણે પતિના પ્રશ્નનો કશો જવાબ ન આપ્યો.

પત્નીના નિરુત્તર રહેવાના વલણમાંથી જે કંઈ બાકી હતું તે એને સમજાઈ ગયું.

ગુસ્સાથી એ તમતમી ઊઠ્યો. અને બોલ્યો : 'આ હું જરાય સાંખી નહીં લઉં.'

એ ખાટલી પરથી ઊભો થયો. મોટા દીકરા ઉપર ગુસ્સાથી એ ધૂંધવાયો હતો. તત્કાલ એક વિચાર એના ચિત્તમાં પ્રવેશ્યો : 'એને આમ દુઃખી મૂકીને હું બાવો થઈ જાઉં એ કેવું ? ના, ના જીવ, એવું નથી કરવું.'

અને એ ફરીથી પેલા જૂના ઘર તરફ ચાલ્યો. એકલો, એકલવાયો...

✲

# ૯૩. ચમત્કાર

જ્યોતીન્દ્રભાઈની ઉંમર વધતી જતી હતી અને સ્મૃતિ ઘસાતી જતી હતી. સપાટ સિક્કો કશા કામનો નહીં એવું એમને એમની સ્મૃતિ વિશે સમજાવા લાગ્યું હતું. એટલે તો એ આ સ્મૃતિનો ખેડો કરીને એને ચંચળ રાખવા મથામણ કરી રહ્યા હતા. કોઈ ચીજ ન જડે ત્યારે પ્રથમ તો મન એને ખોવાયેલી ચીજ તરીકે સ્વીકારતું નથી. એ ચીજ મનનો એવો કબજો લઈ બેસે છે કે એના વિચારો સિવાય કંઈ સૂઝતું નથી. એની શોધ ચાલ્યા જ કરે.

અત્યારે જ્યોતીન્દ્રભાઈનું મન એ સ્થિતિમાં હતું. બેતાળીસની 'હિન્દ છોડો' ચળવળ ચિત્ત ઉપર એકાએક ચઢી આવી હતી. સ્કૂલ, સરઘસો, સૂત્રોચ્ચારો, પોલીસ આવ્યાની અફવા, નાસભાગ...આ બધી સ્થૂળ ઘટનાઓ યાદ રાખવામાં કશી મથામણ નહીં. એનાથી વધારે સ્થૂળ ઘટના મુંબઈથી આવીને સ્કૂલમાં દાખલ થયેલી એક છોકરી યાદ રહી જાય એવો ચહેરો-મોહરો, ઊંચાઈ, પહોળાઈ, તેજથી ઝગારા મારતી આંખો. એક-બે છોકરીઓને સાથમાં રાખીને, હાથમાં જુદા જુદા રંગની કાચની બંગડીઓ સાથે છોકરાઓને વર્ગમાં જતા રોકવા, સ્કૂલના દરવાજે પિકેટિંગ કરતી ઊભી રહેતી હતી. આ બધું વગર આયાસે ચિત્ત ઉપર અંકાઈ ગયું હતું. અટક પણ નવીનોખી હતી એટલે સ્થૂળ ઘટનાની જેમ મન ઉપર મુદ્રિત થઈ ગઈ હતી. શગુનવાલા એની અટક. શગુન કોઈ ગામનું નામ હશે ? ભારતીય પરંપરામાં બેસે એવું આ નામ નથી. તેથી જ તો તે યાદ રહી ગયું. પણ છોકરીનું ખરેખરુ નામ સ્મૃતિપટ પરથી જાણે ભૂંસાઈ જ ગયું હતું.

એ નામ કેમ યાદ ન આવે ? કોઈ કહેતું હતું - વૃદ્ધોની સ્મૃતિમાંથી નામ જ લુપ્ત થઈ જાય છે. એ નામ કેમ ન જડે ? જ્યોતીન્દ્રભાઈ ચિત્તને મસળવા લાગ્યા, ઠમઠોરવા લાગ્યા, નીચોવવા પ્રયત્ન કરી જોયો. કશું હાથમાં આવતું નહોતું.

હવે તો આ નામ જ્યોતીન્દ્રભાઈ માટે એક પડકારરૂપ સમસ્યા બની ગયું. અડધો દિવસ એ શગુનવાલાનું નામ શોધવા ગડમથલ કરતા રહ્યા. સંઘર્ષ જ કહો. પત્તો લાગતો નહોતો. કદાચ સહાધ્યાયી ચોકસી જાણતો હશે. ડાયરીમાંથી નંબર શોધી કાઢ્યો. રિંગ વાગી. બંધ થવાની તૈયારી સુધી એ વાગતી રહી. આખરે કોઈએ રિસીવર ઉપાડ્યું. જવાબ મળ્યો : 'પ્રબોધભાઈને દેવ થયે પાંચ વર્ષ થઈ ગયા !' બીજા બે નંબરો ડાયલ કરતાં તે રોંગ નીકળ્યા.

હવે જ્યોતીન્દ્રભાઈને શગુનવાલાનું નામ શોધવાનું ઝનૂન ચઢ્યું.

'જ્યોતીન્દ્રભાઈ, તમારે તે શગુનવાલાને શો સંબંધ ? મેલોને માથાકૂટ.' અંદરથી અવાજ આવ્યો અને તરત એનો બુલંદ પ્રતિકાર થયો : 'નામ જડવું જ જોઈએ.'

નામ એમ ક્યાંથી જડે ? છ દાયકા પાછળ સંતાયેલું નામ કોઈ ચમત્કાર સિવાય ક્યાંથી જડે ?

ત્રીજે દિવસે ચમત્કાર થયો. સવારે એક છાપામાં જ્યોતીન્દ્રભાઈની નજર બેસણાની એક જાહેરાત પર પડી. શગુનવાલા અટકની આગળ નામ હતું સરસ્વતી...

વાહ ! વાહ ! મન પોકારી ઊઠ્યું. 'સરસ્વતી' નામ જૂનું યાદ રહી જાય એવું, છતાં કેમ કર્યું યાદ ન આવ્યું, હેં !

બેસણાની જાહેરાત જોયા પછી જ્યોતીન્દ્રભાઈનું મન શતપાંખડીએ ખીલી ઊઠ્યું હતું.

❊

## ૯૪. ચહેરા

૨૭મી લોક-અદાલત રવિવારનો દિવસ. એક શિક્ષણ સંસ્થાનું કૅમ્પસ !

રોજ આ કૅમ્પસ કુમળાં બાળકોની ઊછળકૂદ અને આનંદની કિલકારીઓથી સતત મુખર બની રહે છે. બાળકોના ફૂલ સમા ચહેરા જ ચહેરા ! પણ આજે આ સ્થળે કોઈ જુદી દુનિયાનું સર્જન થયું હતું. અહીં કોઈ ચિત્રકારને સબ્જેક્ટ માટે જોઈએ એટલા પ્રકારના ચહેરા મળી રહે એમ હતા. તણાયેલા, ખેંચાયેલા, રુક્ષ, રોષભર્યા, ગંભીર, વેદનાગ્રસ્ત રડતા...

એક ઝાડની છાયામાં સુકન્યાનો ચહેરો હતો. બધા ચહેરાઓથી ભિન્ન મધુર કે પ્રસન્ન તો નહીં પણ સાવ અનોખો. સદાય વિસ્ફારિત રહેતી હોય એવી આંખો - વિસ્મય પામનારની હોય છે એવી. મંદ બુદ્ધિવાળાની પણ એવી જ આંખો હોય છે ને ! જુએ બધું, પણ કશું સમજવા ન માગતી હોય એવી આંખો. સુકન્યાની આંખો આમાંથી કયા પ્રકારની હતી એ સમજાય એવું ન હતું. ક્યારેક મોટી પહોળી આંખો સુંદર ગણાતી હોય છે. સુકન્યાની આંખો એવી જરૂર હતી, પણ એ આંખો અત્યારે ભાવશૂન્ય હતી, એટલે સુંદરતાએ એમાંથી વિદાય લીધી હતી. આંખમાં કોઈ પણ ભાવ હોય તો તે સુંદર લાગે. સુકન્યાની આંખમાં કોઈ ભાવ ન હતો, એટલે એમાં કશી ચમક ન હતી. પથ્થર શી જણાતી હતી. એટલે જ તો એનો ચહેરો કાગળ જેવો કોરો લાગતો હતો.

સુકન્યાના ચહેરાની આસપાસ જે ચહેરા હતા. એ બધા ખુન્નભર્યા અને બિહામણા હતા. સુકન્યાના કાકા; ભાઈ વગેરેના ચહેરા આજની લોક-અદાલતમાં એ બધા સુકન્યાના પતિ પાસે જિવાઈની સરખી રકમ કબુલાવવા માગતા હતા.

છેલ્લાં કેટલાંય વર્ષોથી એ માણસ સુકન્યાની જીવાઈની રકમ મોકલવામાં દગડાઈ કરતો હતો. એક તો અઢીસો જેવી સાવ નજીવી રકમ અને મોકલવામાં ભારે અનિયમિતતા. છેલ્લા સાત મહિનાથી તો એણે એક પૈસો પણ મોકલ્યો ન હતો. આજની અદાલતમાં જિવાઈ માટે રૂપિયા એક હજાર એની પાસે કબુલાવીને જ આ લોકો જંપવાના હતા. એ માણસ ગઈ લોક-અદાલતમાં હાજર રહેવાનું કબૂલીને હાજર રહ્યો ન હતો. એટલે આ લોકો ગુસ્સે હતા.

લોક-અદાલતનું કામ શરૂ થઈ ગયું હતું. હજુ સુકન્યાનો પતિ દેખાયો ન હતો. પળો વીતતી હતી એમ સુકન્યાના કાકા, ભાઈ વગેરેના ચહેરાઓમાં ગોઠવાયેલા દાંત એકબીજા ઉપર ભીંસાતા જતા હતા.

'આ વખતે ન આવે તો એનું માથું જ ભાંગી નાખવું પડશે' ભાઈઓમાંથી કોઈ બોલ્યું.

આ બોલનારાના ચહેરા ઉપર સુકન્યાની આંખો મંડાઈ. એમાં કોઈ ભાવની એક લકીર ખેંચાઈ અને તરત અદૃશ્ય થઈ ગઈ. ચહેરો ફરી કાગળ જેવો !

આખરે સુકન્યાનો પતિ દૂરના એક ખૂણામાંથી પ્રવેશતો જણાયો. સુકન્યાની આસપાસના ચહેરાઓ ઉપર હિંસ્ત્ર ખુન્નસ લીંપાયું.

પણ સુકન્યાનો ચહેરો ? એની આંખ ?

કોઈ નર્તતો ભાવ અંકુરિત થઈ રહ્યો હતો.

પતિ છેક નજીક આવી પહોંચ્યો.

અને બરોબર વીસ વર્ષ પહેલાં લગ્નની પ્રથમ રાત્રિએ આ માણસ જ્યારે શયનખંડમાં પ્રવેશ્યો ત્યારે સુકન્યાની આંખમાં જે ભરતી ચઢી હતી એ આજે લોક-અદાલતમાં પ્રાંગણમાં ચઢી રહી...

અને ચહેરો જાણે સહસ્રદલ કમળ જેવો પ્રફુલ્લ !!

⁂

# ૯૫. ચંપા

ચંપા અને મહેશની ઉંમરમાં ત્રણ વર્ષનો તફાવત. પણ જોડિયાં જન્મ્યાં હોય એવું એમનું એકત્વ. નિશાળમાં રોકાય એટલો સમય માફ બાકી આખો દિવસ ધીંગામસ્તી અને ઉધમાતમાં વ્યસ્ત. એકબીજાને ખીજવે, એકબીજાને પકડવા પીછો કરે. ઠોંસા, ધબ્બા, ઢીંક તો જાણે છેડે બાંધ્યા હોય એમ અજમાવે. પણ ચંપાને ખીજની પરાકાષ્ઠાએ પહોંચાડવા માટે મહેશ ક્યાંકથી સાંભળેલી અને પછી મોઢે કરેલી આ પંક્તિઓ સંભળાવતો :

> ***'ચંપા તુજ મેં તીન ગુન,***
> ***રંગ રૂપ ઔર બાસ,***
> ***એક અવગુન ઐસો ભયો,***
> ***ભ્રમર ન આવે પાસ.'***

મહેશે આ પંક્તિઓના અર્થ બાબતમાં ઝાઝો વિચાર કર્યો નહોતો, પણ ચંપાને ખીજવવા માટે આ પંક્તિઓમાં એનું નામ જોડાયેલું હતું એટલું બસ હતું.

આ પંક્તિઓનું છેલ્લું ચરણ હોઠ ઉપર હોય અને મહેશ નાસવા માંડે. ભયથી ભાગતા મહેશની ગતિ જોઈને ચંપાને શૂર ચઢે અને એ બમણા જોશથી મહેશની પાછળ પડે. એક વખત તો ભાગતાં મહેશના પગમાં આંટી આવી. એ જમીન પર પછડાયો, અને આંગણામાં પડેલો એક પથરો એના કપાળમાં વાગ્યો. કપાળમાં થયેલો ઘા રૂઝાયા પછી કાયમી નિશાની મૂકતો ગયો.

કૈશોર્યનાં જોશ અને અલ્લડપણાં જીવનભર થોડાં ટકી રહે છે ? વધતી જતી વય સાથે ચંપા અને મહેશ ગંભીર થતાં ગયાં.

મહેશ પરણ્યો અને કરિયાણાની દુકાને બેઠો.

ચંપાએ પી.ટી.સી. કર્યું અને ગામડાની એક શાળામાં એ શિક્ષિકા થઈ. ગામમાં ભાડાનું એક નાનું ઘર રાખીને એમાં રહેવા લાગી.

મહેશ એક વખત ચંપાને મળવા ગયો. રજાનો દિવસ હતો એટલે ચંપા ઘરમાં જ હતી.

ચંપા ચા બનાવીને લાવી ત્યાં સુધી ઘરમાં શાંતિ રહી. ફક્ત બારણાંના એક કમાડની ઉપલી સપાટી ઉપર રહીને એક ખિસકોલી વારંવાર કાનના પડદા વીંધતી હોય એવો અવાજ કરતી હતી.

મહેશને ચાનો કપ ધર્યો પછી ચંપા મહેશની સામે એક ખુરશી પર બેઠી.

કોઈ મિશન ઉપર આવ્યો હોય એમ મહેશ બોલ્યો : 'આમ ક્યાં સુધી દિવસો ગુજાર્યા કરીશ, ચંપા ?'

મહેશના કથનનો હેતુ ચંપા સમજતી જ હતી છતાં એણે પૂછ્યું : 'આમ એટલે ?'

'આમ એકલવાયું જીવન ક્યાં સુધી વિતાવીશ ? તારું આ સૂનું જીવન અમને નથી ગમતું.'

'ગમતું તો મનેય નથી. હું એકલવાયું જીવન ગાળું છું એમાં મારો દોષ થોડો છે ? હું તો મહેલની મહારાણી બનવા ઘણીયે ઇચ્છતી હોઉં તેથી શું ?'

આમ કહી ચંપાએ એક ઊંડો નિઃશ્વાસ મૂક્યો.

વાતાવરણ એકાએક ભારેખમ થઈ ગયું.

ચંપા મહેશના મુખ તરફ જોઈ રહી. એની નજર કપાળ ઉપરના પેલા ઘા ઉપર બરાબર મંડાઈ રહી હતી. એ ઘામાં કશુંક પડઘાતું હોય એવો ચંપાને ભાસ થતો હતો : ચંપા તુજ મેં તીન ગુન...

✻

# ૯૬. ચાવીઓ

ગાડીના ઉતારુઓ ધીરે ધીરે અંગત વાતો ઉપર ઊતરી રહ્યા હતા. જનકભાઈએ પોતાની વાત માંડી : ''મેં તો હવે માથે કશી જવાબદારી રાખી નથી. બધું દીકરાને સોંપી દીધું છે. હિસાબ, કિતાબ, તિજોરીની ચાવીઓ બધું જ એના હસ્તક...કોઈને દાનપુણ્યમાં મારે બે પૈસા આપવા હોય તોપણ એની પાસે જ માગવા પડે...પણ દીકરો ભાઈ, દેવ જેવો હોં, શું સમજ્યા ? બે પૈસા માગીએ તો ચાર ધરી દે !...''

અને પછી શ્રોતાઓનો રસ પારખી, પિતૃરાગવશ એમણે દીકરાના ગુણ ગાવા માંડ્યા.

જનકભાઈ આ બધું કહી રહ્યા હતા ત્યારે એમની સામે બેઠેલો એક અજાણ્યો આદમી ક્યારેક હોઠના ખૂણા ઉપર હસી લેતો હતો, ક્યારેક ગંભીર બની જતો હતો અને ક્યારેક અન્યમનસ્ક થઈ પોતાનામાં ખોવાઈ જતો હતો. એનાં કપડાં મેલાં હતાં. દાઢી વધી હતી. વાળ કંઈક વધારે પડતા વધી ગયા હતા. જોકે આ બધાં પાછળ એના ચહેરા ઉપર ખાનદાનીનું તેજ ઝબક્યા કરતું હતું.

જનકભાઈને ઊતરવાનું સ્ટેશન આવ્યું એટલે ઊતરી ગયા.

એમના ગયા પછી જ્યાં જનકભાઈ બેઠા હતા એની બાજુમાં બેઠેલા એક ભાઈએ

પેલા આદમીને કહ્યું : ‘‘મારે તમને ત્રણ સવાલ પૂછવા છે, પૂછું ?’’

‘‘ખુશીથી પૂછો.’’ પેલા ભાઈએ જવાબ આપ્યો.

‘‘પહેલો સવાલ તો એ કે પેલા કાકા જ્યારે એમના દીકરાની વાત કરતા હતા ત્યારે તમે મૂછમાં હસ્યા કરતા હતા. કેમ એમ ?’’

‘‘આનો જવાબ પછી આપીશ, બીજો સવાલ પૂછો.’’

‘‘કાકા બોલતા હતા ત્યારે કોઈ કોઈ વાર તમે થોડા ચમકી જતા હતા અને પછી જાત સંભાળી લેતા હો એમ ગંભીર થઈ જતા હતા.’’

‘‘આનો જવાબ પણ પછી આપીશ, ત્રીજો પૂછો.’’

‘‘કો’ક કો’ક પળે તમે નિઃશ્વાસ મૂકતા હતા અને ઉદાસ થઈ જતા હતા...’’

પેલા આદમીએ કહ્યું : ‘‘તમારા ત્રણેય પ્રશ્નનો એક જ જવાબ આપું તો ?’’

‘‘તોપણ કશી હરકત નથી.’’

‘‘તો સાંભળો,’’ પેલા માણસે ખોંખારો ખાઈ ને કહ્યું : ‘‘મેં પણ મારા દેવ જેવા દીકરાને ગાડી અને તિજોરીની ચાવીઓ આપી દીધી હતી...’’

એણે પેલા ‘દેવ જેવા’ શબ્દો ઉપર થોડો ભાર મૂક્યો.

એકાએક ગાડી ઊભી રહી.

ચમકતો હોય એમ, ‘ઓ હો, સ્ટેશન આવી ગયું !’ કહી એ માણસ ગાડીમાંથી સફાળો ઊતરી ગયો.

❊

## ૯૭. ચીકીનો ડબો

સ્ટીલનો એક આકર્ષક ડબો સાધુભાઈ તરફ ધરતાં સુધાબહેને કહ્યું : ‘ધનુભાઈના સુભાષને તમે રૂબરૂ જઈને આ આપજો. એ ખૂબ રાજી થશે અને આપણા ભલુને એ બહાને યાદ કરશે.’

‘ડબામાં શું છે ?’

‘સિંગદાણાની ચીકી છે. ભલુને અને સાથે સાથે સુભાષને પણ, ચીકી બહુ ભાવતી. બેઉં જણ મોજથી એ ખાતાં સાથે ભણે, સાથે રમે, તોફાન-મસ્તી કરે...જ્યારે જુઓ ત્યારે સુભાષ આપણા ઘેર જ...ભલુ તો ગયો પણ એને ઠેકાણે સુભાષ મારા મનમાં વસી રહ્યો છે. ભલે એ અમેરિકા જઈને મોટો આદમી થઈ ગયો હોય પણ હજુ આપણા માટે તો એ છોકરો જ છે. ભલુ અને એ...’

આટલું બોલતાં બોલતાં સુધાબહેન ઉદાસ થઈ ગયાં અને જાણે કામે વળગવા માગતાં હોય એમ સાધુભાઈ સામેથી ખસી ગયાં.

અહીં અભ્યાસ પછી સુભાષ વધારે અભ્યાસ માટે અમેરિકા ગયો. ત્યાં ભારતની પણ અમેરિકન નાગરિક અન્ય જ્ઞાતિની છોકરીને પરણીને અમેરિકામાં સ્થાયી થયો.

સાધુભાઈ કંપનીના કામ અર્થે અમેરિકા જવાના હતા એટલે એમનાં પત્ની સુધાબહેને ભલુ અને સુભાષ એ બે મિત્રોની પસંદગીની ચીજ તૈયાર કરીને એક ડબ્બામાં એમણે પતિને સોંપી.

અમેરિકામાં મુકામ દરમિયાન બીજે અઠવાડિયે સાધુભાઈએ સુભાષના હાઉસના સરનામે ફોન કર્યો.

સામેથી રણકતો કંઠ જવાબ મળ્યો : 'સુભાષ અત્યારે ઊંઘી ગયો છે.'

સાધુભાઈએ ઘડિયાળ સામે જોયું. હજુ નવ વાગ્યા હતા. સુભાષ મોડા સુધી જાગનારો માણસ નવ વાગ્યે કેમ ઊંઘે ?

સાધુભાઈએ કહ્યું : 'એ જાગે ત્યારે, સાધુકાકાનો ફોન હતો એમ એને જણાવશો ?' એક-બે ક્ષણ પૂરતા અટકીને સાધુભાઈએ ઉમેર્યું : 'મારો ફોન નંબર નોંધી લેશો ?' કહી સાધુભાઈએ લખવાની તૈયારી પૂરતો અવકાશ આપીને પોતાના નંબરના આંકડા એક પછી એક બોલવા માંડ્યા. પોતે બોલી રહ્યા ત્યારે તો પેલી સ્ત્રીએ ફોનનું બટન દબાવી દીધું હતું.

સાધુભાઈએ સવારે આઠ વાગે સુભાષનો ફોન ફરી જોડ્યો. આ વખતે પણ પેલી સ્ત્રીએ જ રિસીવર ઉપાડ્યું. જવાબ આપી દીધો : 'ભાઈ, તમને ખબર હોવી જોઈએ કે અહીં અમેરિકામાં સૌ આઠ વાગ્યે ડ્યુટી પર પહોંચી જાય છે.'

'એમનો અંગત મોબાઈલ નંબર અથવા ઑફિસનો નંબર આપશો ?'

'ડ્યુટી પરના માણસને આ રીતે ડિસ્ટર્બ કરીએ એ ઠીક ન ગણાય. સાંજે ફોન કરજો.'

સાંજે સાધુભાઈએ ફોન કર્યો. એ જ સ્થિતિ. સાધુભાઈ કહ્યું : 'સાધુકાકાનો ફોન હતો એવું તમે સુભાષને કહ્યું હતું ?'

'હા, કહ્યું હતું.'

'મારો નંબર એને આપ્યો હતો ?'

આ પ્રશ્નનો જવાબ ન મળતાં સાધુભાઈએ પૂછ્યું : 'સુભાષ અત્યારે ઘેર છે ?'

'હા, છે. પણ હી ઈઝ બીઝી.'

સાધુભાઈએ રિસીવર મૂકી દીધુ. સાધુભાઈ વતનમાં પાછા આવ્યા.

પત્ની કંઈ પૂછે એ પહેલા એમણે બૅગમાંથી પેલો ડબો કાઢીને એના તરફ ધર્યો.

સુધાબહેન પળવાર તો અવાક થઈ ગયાં.

સાધુભાઈ બોલ્યા : 'હું સુભાષને એની પસંદગીની ચીજ આપું એ કદાચ ઈશ્વરને નહીં ગમ્યું હોય.' સાધુભાઈ બીજું શું બોલે ?

❋

# ૯૮. ચિંતા

નિકિતાને કંઈક કહેવાનો વિચાર મનમાં ઊગ્યો એ વખતે આચાર્ય વિજયભાઈ મનોમન બોલ્યા હતા : 'નિકિતા બનીઠનીને આવા ઠસ્સામાં ન આવે એવું ચોખ્ખે ચોખ્ખું કહી દેવું પડશે' પણ કહી દેવાની પળ આવે ત્યારે કોણ જાણે કેમ, જીભ હાલતી જ નહોતી. એક-બે વખત નિકિતા ઑફિસમાં આવી હતી. એ વખતે એ નિકિતાના પહેરવેશ, મેક-અપ, આભૂષણ વગેરે તરફ નજર માંડીને જોઈ રહ્યા હતા અને એનાં વસ્ત્રોમાંથી પ્રસરતા પરફ્યુમના મઘમઘાટને ઊંડા શ્વાસે ફેફસાંમાં લીધો હતો, પણ આ બધા વિશે વિજયભાઈએ નિકિતાને કશું કહ્યું નહોતું. કહી શક્યા નહોતા. એક યુવાન સ્ત્રીને એના આવા ઠાઠ વિશે કંઈ કહેવું એ સહેલી વાત નથી. પણ નિકિતા ઑફિસમાંથી વિદાય થાય એ વખતે આવી-આવી રટણા શરૂ થઈ જતી : 'આ છોકરી આવો ઠઠારો શા માટે કરતી હશે ?'

'સાડીને બદલે ડ્રેસ પહેરીને આવે તો શું ખોટું ? ઘણી શિક્ષિકાઓ ડ્રેસમાં જ આવે છે ને ?'

'સાડી જ પહેરવી હોય તો આવી મોંઘી અને શરીરે ચુસ્તપણે લપેટાઈ જાય એવી શા માટે ?'

'નિશાળ એ તો કોઈ પાર્ટી કે પિકનિકનું સ્થળ થોડું છે તે આવા મેક-અપ અને પરફ્યુમનો ઠઠારો કરવો પડે ?'

આ પ્રકારના વિચાર કરતાં કરતાં વિજયભાઈ પોતાના અતીતમાં સરી પડ્યા. પોતે પાંચમા ધોરણના વિદ્યાર્થી. આઠ વર્ષની કાચી ઉંમર. ચંદ્રાબહેન વર્ગશિક્ષિકા. શરીરનો સપ્રમાણ ઘાટ, ઊજળો વાન. એમાં રૂપ બરાબર ભળેલું. ડોકમાં સોનાની સેર અને એનું લટકતું માણેક જડેલું પેન્ડન્ટ. કાનમાં કુંડળનો ભાસ કરાવે એવી મોટી રિંગો...જોનારની આંખ મંડાયેલી રહે એવો ચહેરાનો મેક-અપ અને વસ્ત્રોમાંથી પ્રસરતો

પરફ્યુમનો મઘમઘાટ.

ચંદ્રાબહેનના રોજ બેત્રણ પિરિયડ તો ખરા જ. બીજાનું તો કોણ જાણે, પણ પોતે તો ચંદ્રાબહેનના પિરિયડની આતુરતાપૂર્વક રાહ જોતા. કમનીય દેહ, મીઠો કંઠ...જોયા જ કરીએ, સાંભળ્યા જ કરીએ...

નિશાળ છૂટ્યે ઘેર જઈએ એટલે સુહાસ ફોઈ લાડમાં અવશ્ય પૂછે : 'શું ભણી લાવ્યા વિનુભાઈ ?'

સાચો જવાબ આપવાનો હોય તો કહેવું જ પડે : 'ચંદ્રાબહેન !...ફક્ત ચંદ્રાબહેન., બીજું કશું જ નહીં.'

પોતાની શાળાનાં બાળકો નિકિતાને જ ભણે અને બીજું કંઈ ન ભણે એ વાતે વિજયભાઈ ચિંતાતુર હતા.

☀

# ૯૯. ચુકાદો

એક ખંડિયેર હવેલીમાંથી કેટલીક હસ્તપ્રતો મળી આવી. એમાંથી એકમાં આપણી એક બહુ ચવાઈ ગયેલી જૂની વાર્તા 'વરુ અને ઘેટાનું બચ્ચું' જોવામાં આવી. વાર્તાનો પૂર્વાર્ધ તો પૂર્વવત્ હતો. પણ ઉત્તરાર્ધ સાવ બદલાયેલો હતો જે અહીં આપ્યો છે.

...પછી ગભરાઈ ગયેલા ઘેટાના બચ્ચાએ દૂરથી એક માણસને આવતો જોયો. ઘેટાની જાતને માણસ સાથે ઘણો ઘરોબો. એટલે માણસને જોતાં જ ઘેટાનું બચ્ચું રાજી રાજી થઈ ગયું. ઉત્સાહમાં આવી જઈને એણે પેલા વરુને કહ્યું : 'વરુભાઈ, મારી એક વિનંતી માનશો ?'

'શી વિનંતી છે ?'

'સામેથી એક માણસ આવે છે. એને આપણે ન્યાય કરવાનું સોંપીએ.'

'માણસ ?...ભલે, પણ એ ખોટી રીતે તને બચાવવા પ્રયત્ન કરશે તો હું એને પણ ફાડી ખાઈશ.'

ઘેટાના બચ્ચાએ વિનમ્ર વાણીમાં કહ્યું : 'માણસજાત બહુ બુદ્ધિશાળી છે, એ આગળ-પાછળનો ઘણો વિચાર કરી જાણે છે.'

માણસ નજીક આવ્યો એટલે ઘેટાના બચ્ચાને એને કહ્યું : 'માણસભાઈ, તમે અમારો ન્યાય કરશો ?'

'શો ન્યાય કરવાનો છે ?'

'સાંભળો, આ વરુભાઈ અને મારા વચ્ચે કોઈ વેર નથી.'

'તો પછી ન્યાય કરવાની વાત ક્યાં આવી ?'

'એ કહે છે કે હું તને ફાડી ખાઈશ.'

'સાથી એમ કહે છે ?'

'એમનું કહેવું એવું છે કે મારી માએ એમને છ મહિના પહેલાં ગાળ દીધી હતી. કદાચ માએ ગાળ દીધી હોય તોપણ એના વાંકે મને ફાડી ખાવાની વાત વાજબી છે ?'

માણસ બે પળ વિચાર કરવા થોભ્યો. પછી એ હસી પડ્યો.

'કેમ હસો છો માણસભાઈ ?' ઘેટાના બચ્ચાએ પૂછ્યું.

'તમારો આ મામલો તો સીધો સટ છે. ન્યાય માટે કશો વિચાર કરવો પડે એમ નથી.'

'એ કઈ રીતે ?'

'ભાઈ લવારા, તારી માએ છ મહિના અગાઉ આ વરુભાઈને ગાળ દીધી એ તો ભારે દ્રોહ કર્યો કહેવાય. તું તો માણસની વચ્ચે ઊછર્યું છે. અમારી રીતરસમની તને ખબર નથી ? અમારા બાપ-દાદાઓએ સો-બસો વર્ષ પહેલાં કોઈને દીધેલી ગાળ કે કરેલા દોષ અમે ખુશીથી માથે લઈએ છીએ અને એના પ્રાયશ્ચિત્ત માટે કડક કાયદા પણ ઘડીએ છીએ. તારાવાળી ગાળ તો તાજી જ કહેવાય. એટલે તારી માએ દીધેલી ગાળની શિક્ષા તારે ભોગવવી જ જોઈએ...અને એક વાત એ પણ જાણી લે કે ગાળ માટે તું એકલું જ નહિ, ઘેટાંનો આખો સમાજ જવાબદાર ગણાય.'

ઘેટાનું બચ્ચું બીજી કોઈ દલીલ કરવા મોં ઉઘાડે એ પહેલાં માણસે કહી દીધું : 'માટે ભાઈ વરુ, તું ખુશીથી ઘેટાના બચ્ચા ઉપર તરાપ માર અને એને ફાડી ખા.'

✻

# ૧૦૦. ચુનીદાદાની આદત

ચુનીદાદા રસોડામાં જમવા બેસે ત્યારે સામે મૂકેલાં રસોઈના વાસણમાંથી એ પોતાની રુચિ અને જરૂર પ્રમાણેની વાનગીઓ થાળીમાં મૂકતા. જમનારનો હિસાબ લેતાં હોય એમ રસોડા બહાર બેઠેલાં પત્ની અથવા કોઈ પુત્રવધૂને કોણ જમ્યું અને કોણ બાકી એની વિગત મેળવતા.

ચુનીદાદાની આ ટેવ ઘરનાં કોઈને પણ પસંદ નહોતી. એમનાં પત્ની ઘણી વાર એમને કહી દેતાં : 'જે જમ્યાં છે એમણે જમી લીધું અને બાકી હશે તે હવે જમશે. તમતમારે શાંતિથી જમો ને.'

'એમ નહીં, પ્રવીણની બા, આપણે જમવા બેસીએ ત્યારે હંમેશાં પાછળનાનો વિચાર કરવો જોઈએ.'

'એ વિચાર રાંધનારી કરશે. તમે શું કામ કરો છો ? ખૂટશે તો નવું બનાવશે. પાછળનાનો વિચાર કરીને તમારે ભૂખ્યા રહેવાની જરૂર નથી.'

પત્નીનો કરડો અવાજ પારખીને ચુનીદાદા ચૂપ થઈ જતા.

ચુનીદાદાની આ રીતથી મોટા દીકરાની વહુ બહુ ધૂંધવાતી, પણ મલાજો આડે આવતાં એ કશું બોલી શકતી નહોતી. પણ એક દિવસ તો એણે ચુનીદાદાને મોઢામોઢ કહી દીધું : 'બાપુ, રસોડામાં પેસનારીને બધી ખબર પડે, સૌના જમ્યા ન જમ્યાનો હિસાબ લેવાની શી જરૂર ?'

દાદાએ જવાબ આપ્યો : 'જરૂર તો કંઈ નહીં, પણ પાછળનાનો ખ્યાલ રાખવાની આદત પડી ગઈ ને...'

'એ ખરું, પણ બહારનું કોઈ આવું સાંભળે તો કેવું લાગે ?'

'ઘણાં વરસો પહેલાં પડી ગયેલી આ ટેવ હવે કેમ છૂટે, વહુ ?'

આટલું કહેતાં ચુનીદાદાની નજર સમક્ષ અતીત તાદશ થયો. બહોળું કુટુંબ. સાત નાનાં ભાઈબહેન, ચુનીલાલ સૌથી મોટા, ચૌદ વરસના, માતા-પિતા ખેતરોમાં મજૂરીએ જતાં. કાળી મજૂરી અને વળતર ઓછું. ક્યારેક તો બે વખત ખાવાના સાંસા પડતા. ક્યારેક રોટલા ભાગી, વહેંચીને ખાવાનું થતું. આવું થાય ત્યારે ભાઈ-ભાંડરુમાં ફડશ રોટલા માટે ખેંચાખેંચી થતી અને સાથે સાથે રડારોળ પણ...

પુત્રવધૂની ટકોર પછી આ સ્મૃતિ ચુનીદાદા માટે દુઃખદ બની રહી.

ચુનીદાદા અગાઉની સ્થિતિ એ ક્યારેય ભૂલ્યા નહોતા. એમની સ્મૃતિમાં કુટુંબવત્સલ પિતા હંમેશાં પ્રેરણામૂર્તિ તરીકે નજર સમક્ષ રહેતા. એ પિતા જ્યારે જમવા

બેસતા ત્યારે કોણે ખાધું અને કોણ બાકી રહ્યું એની પૃચ્છા અવશ્ય કરતા.

એક દિવસ ચુનીલાલની માએ ચુનીલાલના પિતાની આ ટેવનો નિર્દેશ કરીને કહેલું. 'તારા બાપુની આ ટેવ તારા સ્વભાવમાં ઉતારીશ તો સુખી થઈ જઈશ...'

ચુનીદાદા બન્યા પછી આજે પણ ચુનીલાલ...

❊

# ૧૦૧. ચૅલેન્જ

પ્રતાપની નાણાં પાછળની આંધળી ઘેલછા જ્યારે વધી પડી ત્યારે એક દિવસ મોટાભાઈ મંગળદાસે એને ચેતવણીરૂપે જેટલું કહેવાય એટલું કહ્યું. અને છેવટે સંભળાવ્યું : ''ભાઈ પ્રતાપ, આમ તો તું એક દિવસ ગાંડો થઈ જઈશ.''

પ્રતાપ મોટાભાઈની વાત ચૂપચાપ સાંભળતો હતો, પણ જ્યારે ગાંડપણ સુધીની વાત આવી ત્યારે એનો પિત્તો ઊછળ્યો અને એણે સંયમ ગુમાવી મોટાભાઈને સંભળાવી દીધું : ''હું ગાંડો થઈ જાઉં એ દિવસે તમે મારી સંભાળ લેવા ન આવતા !''

''અમે નહીં તો એ વેઠ કરવા બીજું કોણ આવવાનું છે !''

''શેતાન ભલે આવે; પણ તમે ના આવતા.''

''એ વખતે બતાવીશું કોણ આવે છે તે !'' કહી મોટાભાઈ રીસથી રોષે ભરાયા હોય એમ ચાલ્યા ગયા. એ દિવસથી એમણે પ્રતાપને સલાહ આપવાનું બંધ કર્યું અને એને ઘેર જવાનું પણ ટાળતા રહ્યા.

ત્રણેક વર્ષ પછી એક વહેલી સવારે પ્રતાપના છ વર્ષના દીકરાએ મંગળદાસને વહેલી સવારે જગાડ્યા અને કહ્યું : ''મમ્મી તમને બોલાવે છે.''

આટલી વહેલી સવારે પ્રતાપને ત્યાંથી તેડું આવ્યું તેથી મંગળદાસના મનમાં ફાળ પડી. એ પ્રતાપને ઘેર દોડી ગયા.

શેર સર્ટિફિકેટસના એક પથારા ઉપર પ્રતાપ બેઠો હતો. એની આંખ રોજ કરતાં આજ વધારે પહોળી દેખાતી હતી અને થોડી પિંગળ.

મંગળદાસને જોઈને એ બેહૂદું હસ્યો અને કહ્યું : ''આવો, ભગુભાઈ !''

ભગુભાઈ ! મંગળદાસ ડઘાઈ ગયા. એમના મુખમાંથી એક ઠંડો નિઃશ્વાસ નીકળી પડ્યો.

પ્રતાપની પત્નીએ આંસુ સારતાં કહ્યું : ''આખી રાત આમ ને આમ બેઠા રહ્યા છે. અને બોલવાનું કશું ભાન રહ્યું નથી.''

મંગળદાસે પ્રતાપની આંખમાં નજર પરોવી એટલે બોલ્યો : ''આ લોકો ક્યારના મોટાભાઈને બોલાવવાની જીદ પકડીને બેઠાં છે. એ તો સારું થયું કે તમે આવી ગયા ભગુભાઈ, નહીંતર આ લોકો મંગળદાસને બોલાવ્યા વગર ન રહેત...શેતાન ભલે આવે પણ મંગળદાસ તો નહીં જ. કૂકડી વગર વહાણું નહીં વાય એવું એ સમજી બેઠા છે. હું કંઈ પાગલ થઈ નથી ગયો. પાગલ થઈશ એ દા'ડે મને બતાવી દેવાના છે કે મારે એમના વગર ચાલવાનું નથી. એ મને શું બતાવી દેવાના હતા ? શેતાનને આવવા દઈશ પણ એમનો સહારો નહીં લઉં. પણ તમે આવી ગયાને ભગુભાઈ, એટલે મારે તો શેતાનની પણ જરૂર ન રહી. હું કંઈ પાગલ નથી થઈ ગયો. પણ આ બધાની જીદ છે તો એક વાર લઈ જાઓ દાક્તર પાસે...કહેતા હતા, વખત આવ્યે બતાવીશું ! વખત આવ્યે તમે શું બતાવવાના હતા ? ભગુભાઈ જેવા ભગુભાઈ અમારી સાથે છે...''

મંગળદાસ ભાંગી પડ્યા. ફાટી ગયેલા સાદે બોલ્યા : ''હવે કોને, બતાવવાનું, ભઈલા ! મારો પ્રતાપ જ ક્યાં રહ્યો ?''

☼

# ૧૦૨. ચૉકલેટ

દાદા વતન જવા માટે તૈયાર થયા ત્યારે ચાર વર્ષની રિન્કુએ એમની તરફ ચૉકલેટ ધરતાં કહ્યું : 'દાદા, ચૉકલેટ.'

દાદાએ જ ગઈકાલે રિન્કુને આ કેડબરી ઈકલેર્સ આપી હતી જે એણે અત્યાર સુધી આસક્તિપૂર્વક સાચવી રાખેલી.

દાદાએ કહ્યું : 'એ તારા માટે જ છે, બેટા.'

'ના, તમે લઈ જાઓ. બસમાં બારી આગળ બેસીને ખાજો. બહારનું જોતાં જોતાં ખાવાની મજા પડશે.'

રિન્કુ દાદાને એવા ભાવપૂર્વક એ ચૉકલેટ ધરી રહી હતી કે દાદાથી એનો ઇન્કાર ન થઈ શક્યો.

દાદા બસમાં બેઠા. રિન્કુએ કહ્યું હતું તેમ, અરવલ્લીના ડુંગરા નજરે પડવા માંડે એ પછી એમને નિહાળતાં નિહાળતાં પેલી ચૉકલેટ ખાવાનું વિચાર્યું.

બસમાં આગળની હરોળમાં એક આધેડ વયનું દંપતી બેઠું હતું. એની સાથે ત્રણ-ચાર વર્ષની એની બાળકી હતી. બાળકી ચબરાક અને રમતિયાળ હતી. એની કાલીકાલી બોલીમાં એ માબાપને જાતજાતના પ્રશ્નો પૂછતી હતી. માબાપ એના

મજાકભર્યા અને રમતિયાળ જવાબ આપીને એને રાજી રાખતાં હતાં.

છેક પાલનપુર સુધી આ બાળકી ઉત્સાહ અને આનંદમાં ઊછળતી-કૂદતી રહી પણ પછી એને કોઈ વાતમાં વાંકું પડ્યું અને એ હઠે ભરાઈ. રડવા લાગી. માબાપે એને છાની રાખવા ઉપાયો કરવા માંડ્યા. પણ આ તો બાળકોની હઠ. એણે રડવાનું ચાલું જ રાખ્યું.

કોઈ ઉપાય કારગત ન નીવડતાં બાપે બાળકીને ધમકાવવાનું શરૂ કર્યું. એનું પરિણામ વિપરીત આવ્યું. હવે બાળકીએ મોટા ઘાંટે રડવા માંડ્યું.

બાળકીને રડતી જોઈ દાદાએ પેલી ચૉકલેટ ખિસ્સામાંથી બહાર કાઢી અને બાળકીના પિતાને ઉદ્દેશીને કહ્યું : 'ભાઈ, આ ચૉકલેટ બેબીને આપો. એ રાજી થશે અને એનું મન શાંત થશે.'

દાદાના શબ્દોની જાણે પેલા ભાઈ ઉપર કશી અસર ન થઈ. જાણે કંઈ સાંભળ્યું જ નથી એમ એણે ડોક ન ફેરવી. દાદાએ ફરી કહ્યું : 'આ ચૉકલેટ બેબીને આપો, ભાઈ.'

કોઈ પ્રતિભાવ નહીં. પેલા માણસે ન તો ડોક ફેરવી કે ન કશો જવાબ આપ્યો.

દાદાને આશ્ચર્ય થયું. આ માણસના મનમાં શું હતું ? એમણે ત્રીજી વાર ઊંચા અને રોષભર્યા સાદે કહેવાનું વિચાર્યું, પણ એમણે એમ ન કર્યું.

રડી રહેલી બાળકીનું ધ્યાન ચૉકલેટ તરફ ખેંચાયું હતું. રડતાં રડતાં પણ એ લોલુપ નજરે ચૉકલેટ તરફ તાકી રહી હતી.

અરવલ્લીના ડુંગરા દેખાવા લાગ્યા હતા. પણ દાદા બારી બહાર નજર રાખીને પેલી ચૉકલેટ મુખમાં મૂકી ન શક્યા. એમનું સંવેદનતંત્ર ઝંકૃત થઈ ઊઠ્યું હતું.

એમને ચૉકલેટ બારી બહાર ફેંકી દેવાનું મન થયું. પણ રિન્કુનો ચહેરો નજર સમક્ષ તાદશ થતાં એ એમ ન કરી શક્યા. ચૉકલેટનું શું કરવું એ હવે એમના માટે ભારે મૂંઝવણભર્યો પ્રશ્ન બની રહ્યો.

❊

# ૧૦૩. છનો પેટીમાસ્ટર

નાટકના દશ્યમાં ગીત તો ચાલુ જ હતું અને છનાએ એકાએક હાર્મોનિયમ પરથી હાથ ઉઠાવી લીધો. અને ત્યાર પછી એણે પેટીવાજાને કદી હાથ લગાડ્યો નથી.

છના જેવો એક નંબરનો પેટીમાસ્તર આમ નાટકના ચાલુ ખેલ વખતે હાર્મોનિયમ વગાડવાનું ત્યજી દે એ કોઈ નાનીસૂની વાત નહોતી. છનો આમ તો સારો નટ હતો, પણ એણે પેટીની સાધના કરીને છના પેટી માસ્તર તરીકે ઘણી નામના મેળવી હતી.

છનાએ હાર્મોનિયમ વગાડવાનું બંધ કર્યું, એ પછી લગભગ એક દાયકા સુધી નાટકના રસિયાઓ અને નાનીમોટી નાટકકંપનીઓમાં એના આ પગલા વિશે જાતજાતની ચર્ચાઓ થતી રહી. જેટલાં મુખ એટલી વાત. અને એટલા જ તરંગ અને તુક્કા ! પ્રેક્ષકોમાંથી કેટલાક એમ કહેતા સાંભળવા મળ્યા હતા કે પેટી વગાડતાં વગાડતાં છનાની નજર વીંગમાં પડી. એણે કશું જોયું અને એણે હાર્મોનિયમ વગાડવાનું સદતર કેમ બંધ કરી દીધું એનું રહસ્ય તો કોઈના હાથમાં આવ્યું જ નહીં !

છનાએ નાટકની દુનિયામાંથી ક્ષેત્રસંન્યાસ લીધો અને એણે નાની સરખી એક દુકાન માંડી. થોડા મહિનાઓ સુધી તો દુકાન પર ગ્રાહકો કરતાં છનાના હિતેચ્છુઓ વધારે જોવા મળતા. સૌની વાતનો એક સૂર : ‘પેટીમાસ્તર તરીકે તમારું આટલું મોટું નામ છનાભાઈ, અને તમને એ મૂકી દેવાનું કેમ સૂઝ્યું ?’

‘તમારા હિસાબે તો નાટકકંપનીની નામની હતી, તે શું બન્યું કે તમે આમ એકાએક પેટીવાજાને રામરામ કરી દીધા ?’

પ્રશ્નો પુછાતા હતા પણ છનાનું તે તરફ લક્ષ જ ન હોય એમ એ જરાક હસી લેતો અને પછી પ્રાશ્નિકને બીજી વાતે વાળી લેતો.

સનસનાટીભર્યા પ્રશ્નોય સમય જતાં ઠંડા પડીને વિસરાઈ જતા હોય છે. છનાની બાબતમાં પણ એમ જ બન્યું. છનાનો મામલો પણ ઠંડો પડીને વિસરાવા લાગ્યો.

દુનિયા ભલે છનાના મામલાને વીસરી ગઈ હોય પણ છનાના હૈયામાં તો એ વાત તાજી ને તાજી જ હતી, એટલું જ નહીં, પણ હવે તો હૈયામાં ભંડારાયેલી એ વાત બહાર નીકળવા ઉછાળા મારી રહી હતી. કોઈ સહેજ જિજ્ઞાસા દર્શાવે તો પોતે બધી વાત માંડીને કહેવા આતુર હતો પણ હવે તો ગોળ, ખાંડ કે ચાના ભાવ સિવાય છનાને કોઈ બીજું કંઈ પૂછતું નહોતું !

એક દિવસ ગામમાં કોઈ મહેમાન આવ્યા. જૂની રંગભૂમિના એ ભારે ચાહક. છનો આ ગામનો એટલે તો એમણે યજમાનના ઘરમાં છના વિશે, એના હાર્મોનિયમ

વિશે એની નામના વિશે, એની ખુમારી વિશે...ઘણી બધી રોમાંચક વાતો કરી. ઘરનો એક છ વર્ષનો બાળક આ બધું રસપૂર્વક સાંભળતો હતો.

સાંજે છનાભાઈ (છનો હવે તો વૃદ્ધ થયો હતો ને !) દુકાનેથી ઘેર આવ્યા ત્યારે પેલો બાળક તેમની પાસે પહોંચી ગયો. અને એણે પ્રશ્નાવલિ શરૂ કરી : 'છનાદાદા, તમે નાટકકંપનીમાં હતા ?'

'હા, બેટા.'

'પેટી વગાડતા હતા ?'

'હા, ભાઈ, હું હાર્મોનિયમ વગાડતો હતો.'

'તમે નાટકકંપનીમાં હતા અને પેટી વગાડતા હતા એની તો કોઈનેય ખબર નથી.'

'ન હોય. ઘણાં વર્ષો વીતી ગયાં ને, બધું વિસરાઈ ગયું.'

'પણ તમે પેટી વગાડવાનું કેમ છોડી દીધું ?'

જે વાત છનાભાઈના હૈયામાંથી બહાર નીકળવા ઉછાળા મારતી હતી એણે બાળકના આ પ્રશ્ન પછી તો ભારે તોફાન મચાવ્યું. ઘણી મૂંઝવણમાં હોય એમ છનાભાઈ થોડી વાર તો આ જિજ્ઞાસુ બાળક તરફ જોઈ રહ્યા. પછી એમણે લાચારીભર્યું સ્મિત કરીને કહ્યું : 'તું જુવાન થઈશ ને બેટા, ત્યારે તને માંડીને બધી વાત કરીશ. અત્યારે તો ઘેર જા.'

બાળક થોડો નિરાશ થઈને ચાલ્યો ગયો અને છનાભાઈ સામેના દર્પણમાં પોતાના ધોળા વાળ નીરખી રહ્યા.

☼

## ૧૦૪. છપ્પર ફાડકે...!

ઘણાં વર્ષે છોટુએ જગુને જોયો અને આશ્ચર્યથી એની આંખ પહોળી થઈ ગઈ. બોલી ઊઠ્યો : 'અલ્યા જગુ, તું ?'

'જગુ નહીં, જગજીવનદાસ ?'

'પણ તું આ વાઘામાં ?'

'વાઘા નથી, ખાદીનો પોશાક છે.'

'તારી ભાષામાં 'પોશાક' ને 'જગજીવનદાસ'...અને એ બધું શું ? આટલો બધો બદલાઈ ગયો ?'

'માણસ બદલાતો જ નથી. હુંય એનો એ જ છું. જગુ ખિસ્સાકાતરુ હજુ એનો એ જ છે, માત્ર સ્થિતિ બદલાઈ છે. મોટા પાયા પર ઘેર બેઠાં બેઠાં ખિસ્સાં કાતરું છું.'

'એ શી રીતે ?'

'તું નહીં સમજે, કહ્યું છે ને, ખુદા દેતા હૈ તો છપ્પર ફાડકે દેતા હૈ.'

'તારું છાપરું ફાટ્યું અને શી રીતે ફાટ્યું એ તો જરાક કહે.'

'ચાલ, પેલી હોટલમાં બેસીને નિરાંતે વાત કરીએ.'

એ લોકો હોટલમાં ગયા. બપોરનો સમય હતો એટલે ભીડ ઓછી હતી. એક ખૂણાનું ટેબલ પસંદ કરી એ લોકો બેઠા અને એમની રુચિ પ્રમાણે ફાફડા અને જલેબીનો નાસ્તો મંગાવ્યો.

જગુએ પોતાની વાત કહેવા માંડી : ..તું મુંબઈ ભાગી ગયો અને હું એકલો પડી ગયો. તારા વગર ખિસ્સા કાપવાની મજા આવતી નહોતી. છતાં મનેકમને એ કામ કર્યે જતો હતો. એક દિવસ હું રસ્તા ઉપર ઊભો હતો. અને આઝાદીના ચળવળિયાઓનું એક સરઘસ ત્યાંથી નીકળ્યું. સરઘસનાં માણસો ગળું ફાડીફાડીને, 'ભારત છોડો,' 'અંગ્રેજો ચાલ્યા જાઓ,' 'કરેંગે યા મરેંગે,' જેવાં સૂત્રો બોલતા હતા. મને મજા પડી ગઈ. સરઘસવાળા ખાલી ખિસ્સે જ હોય એવું થોડું છે ? મને થયું ચાલો લાગ પડશે એટલે હાથની કરામત અજમાવીશું અને મજા પણ લૂંટીશું. અને ભાઈ, હુંય જોડાઈ ગયો સરઘસમાં...

થોડા આગળ ગયા ત્યાં એક અફવા ઊડતી ઊડતી આવી. મિલિટરી આવી છે, અને નાસભાગ શરૂ થઈ. આમાં તો આપણે ફાવતું જડ્યું. રમતાં રમતાં એક ખિસ્સું કાપી લીધું. બીજું કાપવાના લોભમાં હું ભાગ્યો નહીં.

મિલિટરીના સોલ્જર નહીં, પણ પોલીસ આવી પહોંચી અને લાઠીમાર શરૂ થઈ ગયો. કેટલાક નાઠા, કેટલાક ઘવાયા અને કેટલાક પકડાયા પણ ખરા. અને એમાં હું પણ ઝડપાઈ ગયો.

કહેવા પૂરતો કેસ ચાલ્યો અને બાર મહિનાની સજા પડી.

ઓરડીમાં મોકલતાં પહેલાં જેલવાળાઓએ કપડાં ઉતરાવ્યાં, પાસે હતી એ બધી વસ્તુઓ ટેબલ પર મુકાવી. અને નોંધ કરવા માંડી. મને ફફડાટ હતો પેલા મારી લીધેલા પાકીટનો. તફડાવ્યા પછી પૈસા કાઢી લઈને પાકીટ ફેંકી દેવાનો મોકો જ મળ્યો નહોતો. એમાંના પૈસા ગણતી વખતે પાકીટના માલિકનું નામઠામ કે બીજું કંઈ નીકળશે તો વળી નવી પંચાત ઊભી થશે, એવી બીક હતી, પણ સારા નસીબે પાકીટમાં પૈસા સિવાય કશું જ નહોતું. પૂરા બાવન રૂપિયા હતા તે નોંધાઈ ગયા.

બરાબર બાર મહિને છૂટ્યો. પેલાં કપડાં અને પૈસા બધું અકબંધ પાછું મળી ગયું !

મેં મારું કામ તો ચાલુ રાખ્યું. પણ તારો સથવારો નહોતો એટલે ધંધામાં કંઈ મજા ન આવી...પછી તો જેલમાં લખાવ્યું હતું એ જ કરવા માંડ્યું. છૂટક મજૂરી.

'એ બધું ખરું, પણ એમાં છપ્પર ફાડ્યાની વાત ક્યાં આવી ?'

છોટુએ વચ્ચે પૂછ્યું.

'એય કહું છું.' કહી જગુએ આગળ ચલાવ્યું : 'આઝાદી આવી. થોડાં વર્ષ વીત્યાં, અને ચળવળમાં ભાગ લીધો હોય એમને પેન્શન મળવા માંડ્યું. આપણને તો શી ખબર હોય ? પણ ગંજમાં હું જેને ત્યાં કોથળા ઉપાડતો હતો એ વેપારીને મળવા એનો સંબંધી આવ્યો. એને પેલું પેન્શન મળતું હતું. વેપારી અને માણસ વચ્ચે થતી વાત મેં બરાબર સાંભળી. જેલમાં ગયાનું સર્ટિફિકેટ જોઈએ. ફોર્મ ભરવું પડે. ઓલ્યા-પેલાની મદદથી આપણા રામે એ કર્યું અને પેન્શન મેળવતા થઈ ગયા. પેન્શન સરકારી તિજોરીમાંથી મળે. તિજોરીમાં કોના પૈસા ? લોકોના સ્તો ! લાખો લોકોનાં ખિસ્સાં કાતર્યા બરાબર જ ને !'

'પણ એ કંઈ છપ્પર ફાટ્યા બરાબર ન કહેવાય. એ તે કેટલી રકમ ?'

'અરે, એની સાથે બીજું ઘણુંય ઘસડાતું આવે છે. ખટપટમાં આપણે પહેલેથી હોશિયાર તો હતા જ. સ્વાતંત્ર્ય સૈનિકની હેસિયતથી લોકોનાં કામ કરી આપવા માંડ્યાં. અને એમાંય એમનાં ખિસ્સાં ખાલી કરી લઉં છું. પરમ દિવસે જ એક ભાઈને ખોટો દાખલો આપ્યો : આ ભાઈએ આઝાદીની લડતમાં ભાગ લીધેલો અને જેલમાં અમારી સાથે હતા. દાખલો આપીને દસ હજાર ખંખેરી લીધા ! એ ખિસ્સું કાપ્યા બરાબર જ ગણાય...લે, ચા, પી, લે. ઠંડી થઈ જાય છે...'

✻

# ૧૦૫. છેડતી

રોજ નોકરી ઉપરથી પાછા ફરતી વખતે બસમાંથી ઊતરીને એક ફળ વેચનારી પાસેથી મોસમનાં ફળ ખરીદતો. લગભગ રોજનો ક્રમ. હમણાં સંતરાંની મોસમ હતી એટલે એ સંતરાં ખરીદતો ફળવાળી ક્ષ માટે સંતરાં વીણીને જુદાં રાખી મૂકતી. કશો વાણીવ્યવહાર કર્યા સિવાય સંતરાં લઈને એ ચાલતો થયો.

એક દિવસ ક્ષ બસમાંથી ઊતર્યો ત્યારે એણે નજીકના સ્થળથી માણસોનું ટોળું વિખરાતું જોયું. કુતૂહલવશ એણે ફળ વેચનારીને પૂછ્યું : ‘‘અહીં કંઈ ધમાલ હતી ?’’

ફળ વેચનારીએ ક્ષ સામે જોયું. જવાબ સાંભળવાની અપેક્ષાએ ક્ષ એના તરફ જોઈ રહ્યો. આટલા ધ્યાનથી આજ એ પહેલી વાર જ ફળવાળીને જોતો હતો. એ યુવાન હતી. સુંદર પણ હતી.

ફળવાળીએ જવાબ આપ્યો : ‘‘લોકોએ ભેગા થઈને એક જણને ટીપી નાખ્યો!’’

‘‘શાથી ?’’

‘‘કો’ક છોકરીની મશ્કરી કરી હતી. અધમૂઓ કરીને લોકોએ જ હૉસ્પિટલ ભેગો કર્યો.’’

ક્ષ ઘટના ઉપર વિચાર કરતો ઊભો રહ્યો.

ક્ષને વિચારમાં પડી ગયેલો જોઈ ફળવાળીએ સહેજ લહેકા સાથે કહ્યું : ‘‘તમે જ કહો, મશ્કરી કરનારના એ જ હાલ થાય કે બીજું કંઈ ?’’ અને પછી ઉમેર્યું : ‘‘આજ તો તમારાં સંતરાં જુદાં કાઢવાનાં રહી જ ગયાં; તમે જ વીણી લો.’’

એણે સંતરાં વીણવા હાથ લંબાવ્યો નહીં એટલે ફળવાળીએ મીઠું હસીને કહ્યું : ‘‘ખરા છો, તમે તો ! છૂટ આપીએ તોય હાથ લાંબો કરતા નથી !’’

પછી તો ફળવાળીએ જ સંતરાં વીણ્યાં. અને ક્ષને આપતી વખતે સહેજ ત્રાંસી નજરે એની તરફ જોયું અને એકદમ મલકાઈ પડી.

ક્ષએ સંતરાં લઈ લીધાં. રોડ છોડીને એ થોડી ખુલ્લી જગ્યામાં આવ્યો ત્યારે એકાએક એના ચિત્તમાં કશોક ઝબકાર થયો. એ ઊભો રહી ગયો. પછી ખડખડાટ હસી પડ્યો. ઝાઝાં માણસોની વચ્ચે જ હસી શકાય એ રીતે !

પછી સ્વગત બોલતો હોય એમ બબડ્યો : ‘‘છેડતીના મામલામાં પેલો બિચારો ટિપાઈ ગયો ! અને...’’

❊

# ૧૦૬. જક

રતુભાઈના બંગલાનું વાસ્તુપૂજન વૈભવી ઠાઠથી સંપન્ન થયું. મોંઘા ભાવની કેટરિંગ સર્વિસને કૉન્ટ્રાક્ટ આપીને એમણે પોતાની સંપત્તિનું પ્રદર્શન કર્યું.

બંગલામાં કાયમી સુખશાંતિનો વાસ થશે એવી શ્રદ્ધાથી એમણે નિરાંતનો દમ ખેંચ્યો.

વાસ્તુપૂજન વખતે ભોજન તો કેટરિંગ સર્વિસવાળાના ચૂલાઓ ઉપર તૈયાર થયું હતું. રતુભાઈએ પોતાના ચૂલે આંધણ મૂકવાનું મુહૂર્ત અલગ કઢાવ્યું હતું. જે બીજે દિવસે સવારે આઠ વાગ્યાનું મળ્યું હતું.

રતુભાઈનો પોતાનો રસોયો હતો. પણ આજની ખાસ મુહૂર્તની રસોઈ તૈયાર કરવાનું કામ એમણે ઘરની ત્રણ પુત્રવધૂઓને સોંપ્યું હતું. એમણે પુત્રવધૂઓને કહ્યું હતું : 'પંજાબી, ચીની, મેક્સિકન વાનગીઓના રાંધણામાં તમે સિદ્ધ છો પણ આપણી દેશી વાનગી કંસારમાં કશી કસર રહેવી ન જોઈએ. આજના આનંદનો બધો આધાર એના પર છે.'

રતુભાઈની બીજી સૂચના હતી : 'આજે ડાઇનિંગ ટેબલ ઉપર નહીં પણ લિવિંગરૂમમાં આસનિયાં ઉપર બેસીને સૌએ એકસાથે જમવાનું છે. પીરસનાર ફક્ત ત્રણેય ગૃહલક્ષ્મીઓ !'

આટલું બોલી એ બંગલો ગાજી ઊઠે એટલા મોટા અવાજે હસ્યા.

સૌ આસન પર બેસી ગયા. રતુભાઈને પૌત્ર કીર્તન પ્રત્યે ખાસ પક્ષપાત. એટલે એને એમણે પોતાની બાજુમાં બેસાડ્યો.

પિરસણમાં સૌ પહેલાં કંસાર. નાની વહુએ જેવો કીર્તનની ડિશમાં કંસાર પીરસવા હાથ લંબાવ્યો કે તરત કીર્તને પોતાના બંને હાથ આડા ધરી દીધા.

'કેમ કીર્તન, ભગવાનને ધરાવેલા પ્રસાદની ના પાડે છે ? આ ભગવાનને ધરાવેલો પ્રસાદ છે.'

'પણ મને એ નથી ભાવતો, દાદા...'

'તું મોંમાં મૂકી તો જો. જગતની બધી મીઠાઈઓ એની પાછળ.'

'તે ભલે. પણ મને ન ભાવે.'

રતુભાઈએ પુત્રવધૂને સૂચવ્યું : 'તમતમારે એની ડિશમાં થોડો કંસાર મૂકો. એ ખાશે. મુરતનો મહિમા એ નહીં સમજે ?'

કીર્તન મક્કમ અવાજે બોલ્યો : 'હું નહીં ખાઉં.'

‘પ્રસાદ છે, દીકરા, ચણીબોર જેટલો પણ ખા.’

‘ના, એક સહેજ પણ નહીં.’

પ્રસાદનું, ભગવાનનું અને પોતાનું પણ, અપમાન થયું હોય, અરે તેના કરતાંય આ શુભ અને આનંદની પળને આ છોકરો દૂષિત કરી રહ્યો હોય એવું રતુભાઈને લાગ્યું. એ ગુસ્સે થઈ ગયા. એમણે ઊંચા સૂરે કહ્યું : ‘નહીં માને ?’

‘ના.’

અને રતુભાઈ પોતાના ઉપરનો કાબૂ ગુમાવી બેઠા. એમણે કીર્તનના ગાલ ઉપર કસીને એક તમાચો ખેંચી કાઢ્યો. સૌ સડક થઈ ગયાં.

મોટો દીકરો રમેશ એના આસન પરથી ઊઠીને દોડી આવ્યો. થોડી ક્ષણો સુધી એના ચહેરા ઉપરના રંગ બદલાતા રહ્યા. પછી એ બોલ્યો : ‘એ તો છોકરું છે, પપ્પા. પણ તમે તો એનાથીય ગયા.’

‘તારો દીકરો છે એટલે તને મરચું ઊઠ્યું, એમ ને ?’

વાત વધારે બગડી જાત પણ સોનલ રમેશનો હાથ પકડીને એને ખેંચી ગઈ.

અને એકાએક વાતાવરણનો રંગ બદલાઈ ગયો – પ્રસાદનો થાળ જાણે કોઈએ ઉલાળી મૂક્યો હતો.

*

## ૧૦૭. જનોઈવઢ ઘા

એક બેકાબૂ તોફાની ટોળાએ રાજકારણી અ ની કાર ઉપર હુમલો કર્યો. ઘણા સમયથી એ વિસ્તારના લોકો અ ઉપર વિવિધ કારણોસર ખુન્નસે ભરાયેલા હતા. આજ તક મળતાં આ ઘટના થઈ.

હુમલામાં અ નો અંગરક્ષક માર્યો ગયો અને બીજા ત્રણ વત્તેઓછે અંશે ઘવાયા, પણ બચી ગયા.

એકાદ અઠવાડિયા પછી અ પૂરો સ્વસ્થ થયો એટલે એ પેલા અંગરક્ષકની પત્નીને આશ્વાસન આપવા ગયો.

પહેલાં તો અ પોતે બચી ગયો અને વફાદાર અંગરક્ષક માર્યો ગયો. એનો ઘણો અફસોસ વ્યક્ત કર્યો.

અંગરક્ષકની પત્ની અ ના મુખભાવને બરાબર નિહાળી રહી હતી. રાજકારણીએ આશ્વાસનના મીઠામીઠા બોલ કાઢ્યા. અંગરક્ષકની પત્નીને એણે આર્થિક સહાયનું મોટું

વચન આપ્યું, તેમ જ જરૂર પડે બધા પ્રકારની સહાય કરવાની તૈયારી બતાવી. એમાં એનાં સંતાનો મોટાં થાય એટલે એમને સારી રીતે નોકરીધંધે વળગાડવાની ખાતરી પણ આપી.

અંગરક્ષકની પત્ની બધું શાંતિચિત્તે સાંભળી રહી હતી. હવે તો એ પતિના મૃત્યુના આઘાતથી કંઈક અંશે બહાર આવી હતી. એટલે સામાન્ય રીતે આશ્વાસન બોલ સાંભળતી વખતે માણસ રડી પડે છે, એમ એ રડી ન પડી. એણે હામ એકઠી કરીને કહેવા માંડ્યું : 'એ બધું તો ખરું, પણ મને સમજાતું નથી સાહેબ, કે ઝઘડો તમારા અને ટોળા વચ્ચે હતો. સિદ્ધાંતોની મારામારી તમારા અને ટોળાં વચ્ચે હતી. મારો પતિ તો રોટલો રળવા માત્ર નોકરી કરતો હતો. એને તો એનાં બાળબચ્ચાં જિવાડવાં હતાં. એ પેલા ટોળાનો દુશ્મન નહોતો કે તમારો મિત્ર નહોતો. ટોળાને કંઈ ન થયું, તમને પણ કંઈ ન થયું અને વગર કારણે મારો પતિ વધેરાઈ ગયો ! આમ કેમ થયું કહો, એટલે મારે બધું આવી ગયું. મારે પૈસા નથી જોઈતા, છોકરાંને ભણાવવાં નથી અને નોકરી-ધંધે પણ વળગાડવાં નથી...હું તો એમને લઈને બાર દિવસ થાય એટલે મારે ગામ ચાલી જવાની છું. ત્યાં દાંત કકરાવતાં ટોળાં નથી અને વધેરાઈ જવાનો ભો પણ નથી.'

અંગરક્ષકની પત્ની જરા થોભી. એણે એક ઊંડો શ્વાસ લીધો અને બોલી : 'મારે બીજું કંઈ જોઈતું નથી, સાહેબ. મને એટલો જવાબ આપો મારો ધણી વગર વાંકે વધેરાઈ કેમ ગયો ?'

अ પાસે તત્ક્ષણ તો એ પ્રશ્નનો કોઈ જવાબ નહોતો. પણ એને લાગ્યું કે એ સવાલ હૈયામાં તેજાબથી કોતરાઈ ગયો.

એ ઊભા થયો. અને કંઈ પણ બોલ્યા વિના એણે ચાલવા માંડ્યું. ટોળામાંથી તો એ બચ્યો હતો, પણ આ સ્ત્રીએ કરેલો ઘા જનોઈવઢ હતો.

❊

# ૧૦૮. જયાફત

એણે સામટી સાત રાતપાળી કરી. સાત રોજ અને સાત રાતપાળીની કાળી મજૂરીનો થાક શરીરમાં ભરાયો હતો. શરીર કળતું હતું અને હાથપગ તૂટતા હતા. પણ અત્યારે એ બધા રોજ અને રાતપાળીની મજૂરીના મહેનતાણાનાં નાણાં એક સામટાં હાથમાં આવતાં એનું મન પ્રસન્ન થઈ ઊઠ્યું. શરીરના થાક સાથે મનને શી નિસબત ?

એણે વિચાર્યું : 'આજ તો છોકરાંને રાજી કરીએ, બચારાં કયા દા'ડે સારું સારું ખાવાનું ભાળે ?'

એ મીઠાઈવાળાની દુકાને પહોંચ્યો. મનોમન નક્કી જ કરી લીધું હતું. છોકરાંને જલેબી બહુ ભાવે છે. ગયે વરસે એમના નથ્થુમામા હોળી ઉપર જલેબી લેતા આવ્યા હતા. ઘરમાં જયાફત મંડાઈ ગઈ હતી.

જલેબી લીધા પછી એ શાકભાજીની દુકાને જઈને ઊભો રહ્યો. ભાત ભાતનાં શાક હતાં. કેટલાંકના તો એ નામ પણ જાણતો નહોતો. આંગળી ચીંધીને એણે ત્રણસો ગ્રામ પરવર જોખાવ્યાં. પછી લીલાં મરચાં, આદુ, કોથમીર, લીંબુ વગેરે ખપ પૂરતાં લીધાં.

ઘેર જઈને પત્નીને એ બધું સોંપ્યા પછી આરામ ઝંખતા શરીરને રાહત આપવા એણે ખાટલામાં પડતું જ નાંખ્યું. ખાટલામાં પડ્યા પછી ઊંઘે જોર માંડ્યું. પોપચાં મણ મણનાં થઈને ઢળું ઢળું થઈ રહ્યાં હતાં. પણ જમ્યા વગર એને ઊંઘવું નહોતું. એક ઊંડો દમ ખેંચીને એણે હવા ફેફસાંમાં ભરી અરે, આ હવા શરીરને આટલો બધો કરાર આપતી હશે એની તો એને ખબર જ નહોતી. એણે હવાને ફરી ફરી ફેફસાંમાં ભરીને શરીરને હળવું કરવા માંડ્યું. અત્યારે આરામ જેવું એનું બીજું કોઈ સુખ નહોતું.

પણ ઘરમાં પરિસ્થિતિએ એક વિચિત્ર વળાંક લીધો હતો. રાતના ખાણા માટે ઘરમાં જલેબી આવી છે એ જાણ્યા પછી બાળકોમાં એક આનંદભરી ઉત્તેજના પ્રવેશી ચૂકી હતી. આ ઉત્તેજનાવશ અત્યારે એ ધમાચકડી અને ધીંગામસ્તીમાં મચી પડ્યાં હતાં. ઘોંટાઘાટ અને ભારે ગોકીરો થવા લાગ્યો હતો. બાળકોની ધમાલ ઓછી કરવા માટે બાળકોની મા પણ ઘાટા તાણી રહી હતી.

ખાટલામાંથી ઊભા થઈને ડફણાના પ્રહારથી એ સૌને ચૂપ કરી દેવા માંગતો હતો. પણ શરીર એના મનને વશ નહોતું.

એવામાં કોઈ વસ્તુની ખેંચાખેંચમાં બે બાળક ઝઘડી પડ્યાં. ખિજાયેલી માએ એ બંનેને ઢીબી જ નાખ્યાં. એક બાળકે મોટેથી ભેંકડો તાણ્યો.

ઊભા થવાની એ કલ્પના કરે એ પહેલાં રાડો પાડતી પત્ની એની પાસે દોડી આવી અને કહ્યું : 'આ છોકરાંના પાપે હું લોહીલુહાણ થઈ ગઈ. આમનાથી તો હવે ધરાઈ ગઈ છું.'

પત્ની શરીરનો જે ભાગ બતાવવા માગતી હતી એ ડોક મરડીને એણે જોવા ઇચ્છા કરી. આંખોની કીકીઓને આંખોના ખૂણા તરફ ધકેલીને એ જોવા એણે પુરુષાર્થ કર્યો. તોફાની બાળકને કાબૂમાં લેવા જતાં પત્નીના પગનો અંગૂઠો ઘવાયો હતો. એણે પત્નીના ઘવાયેલા અંગૂઠા પરથી નજર ખસેડી લીધી. ઘા કંઈ મોટો નહોતો.

અને પત્નીના મુખે પોતાના માટે ફાળવવામાં આવેલી એક ગાળ બંધ પોપચે સાંભળી લીધી.

⁂

## ૧૦૯. જવાબ

હું પાંચ વર્ષનો થયો ત્યાં સુધી હું મા વગરનો છું એવી મને સમજણ ન હતી. લોકોના ઉદ્‌ગારો અને એમના મારા પ્રત્યેના વ્યવહારથી હું બીજાં બાળકો કરતાં જુદો હોઉં એવો અહેસાસ મને થયા કરતો હતો. પણ માના અભાવનો પહેલો ચમકારો તો મારાં સમોવડિયાં બાળકોમાંથી એક ટપુના પ્રશ્નથી મને થયેલો. ટપુએ એક દિવસ મને પૂછ્યું હતું : 'જીતુ, તને મા યાદ આવે ?'

આ ટપુ સમજણો થયો એ પછી એણે એની મા ગુમાવેલી. એના કુમળા ચિત્તમાં માનાં સ્મરણો તાજાં હશે, કદાચ માની યાદથી ઝૂરતો પણ હોય. એટલે જ એને આવો પ્રશ્ન પૂછવાનું સૂઝ્યું હશે. હું પણ મા વગરનો હતો એ એની જાણમાં આવી ગયેલું. આ કારણથી જ કદાચ, એ મારી વધારે નજીક આવીને ગાઢો ભાઈબંધ બની ગયેલો. એની નવી મા અથવા ઘરમાંથી અન્ય કોઈ ચૉકલેટ, બદામ, સીંગ, કાજુ, દ્રાક્ષ જેવી ખિસ્સામાં રાખી શકાય એવી વસ્તુ આપે ત્યારે એમાંથી થોડી એ મારા માટે રાખી મૂકતો અને તક મળ્યે મને અચૂક આપતો.

એક દિવસ એણે મને પેલો પ્રશ્ન પૂછી નાખ્યો : 'જીતુ, તને મા યાદ આવે ?'

એણે આ પ્રશ્ન પૂછ્યો એ ક્ષણનો એનો ચહેરો આટલાં વર્ષે પણ મને બરાબર યાદ છે. એ વખતે તો મને એ ચહેરામાં કંઈ નવું લાગ્યું ન હતું. પણ આજે ૪૦ વરસે એ ચહેરામાં હું કોઈ ઊંડી વેદના રચાયેલી જોઈ શકું છું.

એ દિવસે એના ઘરમાં કંઈ બન્યું હોય, નવી માએ કંઈ કહ્યું હોય અથવા તો

બીજા કોઈ કારણસર માની સ્મૃતિથી એ હાલી ઊઠ્યો હશે. એટલે જ એણે પૂછી નાખ્યું : 'જીતુ, તને મા યાદ આવે છે ?'

મારી મા ગુજરી ગઈ ત્યારે હું માંડ ચારપાંચ મહિનાનો હોઈશ. માનું કોઈ સ્મરણ તો શું, માનો ઝાંખો ચહેરોય મને યાદ ન હતો. માના પ્રેમથી હું સાવ કોરો રહી ગયો હતો. એટલે અભાવનો કોઈ ડંખ મારા હૈયામાં ન હતો. અને ટપુના હૈયાને સમજું એવી ઉંમર પણ ક્યાં હતી ?

મેં ટપુને ઝટ કહી દીધું : 'મને તો માની યાદ કદીય આવતી નથી.'

મારો આ જવાબ સાંભળતાં જ કોણ જાણે શું થયું, ટપુની આંખમાંથી બબ્બે આંસુ ખરી પડ્યાં. ટપુને શું થયું એ મને એ વખતે સમજાયું નહિ.

એ વખતે નહિ, પણ મને આજે સમજાય છે કે મારા એ જવાબથી જ ટપુની આંખમાંથી આંસુ ખર્યાં હતાં.

અને આજે મારામાં જે સમજ છે એવી એ વખતે હોત તો મેં એને કહ્યું હોતઃ 'હા યાર, મનેય મારી મા બહુ યાદ આવે છે !'

❋

## ૧૧૦. જસુમતીનો સંદર્ભ શા માટે ?

ગાર્ડે વ્હીસલના અવાજ સાથે લીલી ધજા ફરકાવી અને ટ્રેનની ગતિનો આરંભ થયો. આધેડ વયના ચુનીલાલ અને એમનાં પત્ની રેખાબાએ એમની નજરો પ્લૅટફૉર્મ પરથી વાળી લઈને એકબીજા ઉપર ઠરાવી.

'આજે બહુ ઉકળાટ છે, નહીં ?' ચુનીલાલ બોલ્યા.

'હા, પણ ગાડી વેગમાં આવશે એટલે ઠંડક લાગશે.'

'હજુ તો એવું કંઈ દેખાતું નથી.'

'ગાડીને યાર્ડ બહાર તો નીકળવા દો.'

ચુનીલાલ બોલ્યા નહીં. કશુંક વિચારતા રહ્યા. થોડી વાર પછી બોલ્યા : 'આવા જ એક ઉકળાટ ભર્યા દિવસની વાત યાદ આવી ગઈ. ટ્રેન સાથે જોડાયેલી છે ને, એટલે.'

'એવી તે શી વાત છે ?'

સાંભળવા માટે રેખાબાએ ચુનીલાલ તરફ મોં ફેરવ્યું. ચુનીલાલ બોલ્યાઃ 'બાલકૃષ્ણની પત્ની જસુમતીને જાણો છો ને ?'

‘હા, બાલુભાઈની વહુને તો સૌ જાણે.’

‘અત્યારે એ જસુમતી યાદ આવી ગઈ.’

‘બાબુભાઈની વહુ તમને યાદ આવી ગઈ ?’

‘હા...’

રેખાબા ચુનીલાલ સામે વિસ્મયથી જોઈ રહ્યાં.

‘અચંબો પામશો નહીં, રેખા.’

‘તમે વાતનો ફોડ પાડો, તો અચંબાનું કારણ ન રહે.’

‘એક વખત જસુમતીએ એના ટ્રેનના અનુભવની વાત મને માંડીને કરી હતી.’ આમ કહી ચુનીલાલે કહેવા માંડ્યું. ‘એક વખત ભારે બફારાવાળી મોસમમાં બાલુભાઈ અને જસુમતી ટ્રેનમાં વતન તરફ જવા નીકળ્યાં હતાં. ભારે ઉકળાટ, હવા ગરમ, શ્વાસ લેતાં ગભરામણ થાય એવી. બાલુભાઈની તબિયત એકાદ વરસથી નરમગરમ રહ્યા કરતી હતી. આવું તો રોજનું થયું એવું વિચારી બાલુભાઈ, તબિયત નરમ હતી તોપણ નીકળ્યા હતા. ટ્રેનમાં ગોઠવાયા પછી બાલુભાઈએ જસુમતીને કહ્યું : ‘ભૂલ કરી હોં જસુ. આજ ઘર બહાર નીકળવા જેવું નહોતું.’

‘કેમ, ગભરામણ થાય છે ?’

‘હા, જરાક.’

‘બારી આગળ બેસો. પવનથી રાહત થશે.’

‘ગભરામણ અંદરની છે, પવનથી શી રાહત થવાની હતી ?’

આટલું બોલતાં તો બાલુભાઈની છાતીમાં દુઃખાવો ઊપડ્યો.

ટ્રેન પૂરા વેગમાં દોડી રહી હતી. સાંકળ ખેંચીને ઊભી રાખવામાં આવે તોપણ ખેતરો વચ્ચે ઊભા રહેવા જેવું થાય.

ઉતારુઓની સહાનુભૂતિ હતી પણ ઉપાય નહોતો. એમણે આખું પાટિયું ખાલી કરી આપ્યું અને બાલુભાઈને સુવાડ્યા.

પાનસરનું સ્ટેશન આવે એ પહેલાં બાલુભાઈએ દેહ છોડી દીધો.

જસુમતીએ મનને બરાબર કાબૂમાં રાખી હિંમત એકઠી કરીને ઝોળીમાંથી બાલુભાઈનું ધોતિયું કાઢીને એમને ઓઢાડ્યું.

ઊંઝા સ્ટેશન આવ્યું ત્યાં સુધી જસુમતીએ બાલુભાઈને બરાબર સાચવ્યા. જાણે માંદગીમાં સૂતા હોય એમ.

સ્ટેશને બેચાર સેવાભાવી માણસોની મદદથી જસુમતીએ બાલુભાઈનો મૃતદેહ ટ્રેનમાંથી ઊતરાવીને ઘેર પહોંચાડ્યો.

આટલું બોલી ચુનીલાલ અટક્યા એમણે ખિસ્સામાંથી સોરબિટ્રેટની એક ગોળી કાઢીને જીભ નીચે દબાવી.

'શું લીધું ?' ઉત્કંઠ બનીને રેખાબાએ પૂછ્યું.

'કંઈ નહીં, એ તો જરાક ઠંડક થાય એટલા સારું.' કહી મોં ઉપર જામવા માંડેલી કેટલીક ભાવરેખાઓ ચુનીલાલે બળપૂર્વક વિખેરી નાખવા પ્રયાસ કર્યો.

✻

# ૧૧૧. જંજાળ

ખેમચંદ શેઠને ધંધાનું રીંછ એવી રીતે વળગ્યું હતું કે કેમે કર્યું એ છૂટે એમ નહોતું. જંગલની એક બીટની કેટલીક પેદાશોનો ઠેકો એમણે રાખેલો. દીકરા જંગલ વેઠવા તૈયાર નહોતા એટલે ખેમચંદ શેઠને જ એકલે હાથે ધંધો સંભાળવો પડતો હતો.

શેઠે ખરેખરો વન પ્રવેશ કર્યો ત્યારે સંસાર અસાર હોવાની ઝાંખી થઈ. ચિત્તમાં ભગવદ્ ભક્તિનું થોડું અજવાળું થયું પણ ભક્તિ કરવાનો સમય ક્યાં હતો ?

ભગવાનને યાદ કરવાનો એક માર્ગ એમણે શોધ્યો. આ હેતુ માટે એમણે એક ખાસ માણસ રોક્યો. ઑફિસ બહાર એક સ્ટૂલ ઉપર એ બેસે અને દર અડધા કલાકે ઑફિસમાં ડોકિયું કરીને રણછોડરાયનાં દર્શનની યાદ અપાવતો હોય એમ બોલે : 'શેઠ, રણછોડરાયજીનાં દર્શને ડાકોર નથી જવું ?'

જવાબરૂપે લાચારીભર્યા સ્વરે શેઠ કહેતા : 'જવું તો છે ભાઈ, પણ...' કોઈ ઉદ્વેગના ભાર નીચે શેઠની જીભ એટલે અટકી જતી.

આવો સિલસિલો ઘણા સમય સુધી ચાલ્યો કર્યો.

બીજ તરફ, નવી તરેહનાં ઉત્પાદનો અને નવી તરેહના ઉદ્યોગોનું જોર વધતું ચાલ્યું અને ખેમચંદ શેઠના ધંધાનાં વળતાં પાણી થવા લાગ્યાં. શેઠે મુનીમને રજા આપી. અને ઑફિસ બહાર બેસતા માણસને બોલાવીને કહ્યું : 'ભાઈ રૂપા, તેં ભગવાનની યાદ અપાવ્યા કરીને મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. હવે આપણી લેણદેણ પૂરી થઈ. જીવ તો ચાલતો નથી, પણ તને છૂટો કર્યા સિવાય બીજો કોઈ આરો નથી...'

શેઠની વાત શિરોમાન્ય ગણતો હોય એમ રૂપાએ બે હાથ જોડીને શેઠને નમન કર્યું અને ગયો.

બીજે દિવસે સવારે શેઠ ઑફિસે આવ્યા. ત્યારે બે એજન્ટો એમની રાહ જોઈને બેઠા હતા. એમની સાથે ધંધાની અને લેવડદેવડની વાત કરીને એમને રવાના કર્યા તે વખતે દીવાલની ઘડિયાળમાં નવ ટકોરા થયા. શેઠે ઘડિયાળ સામે જોયું. મનોમન બોલ્યા : 'ભાઈ રૂપા, તેં ડાકોર જવાનું સંભાર્યું નહિ, હોં !'

અને એ કામે વળગ્યા.

સાડા નવનો ટકોરો થયો એટલે રોજમેળમાં કશીક નોંધ કરતાં કરતાં શેઠ બોલ્યા : 'જવું તો છે ભાઈ, પણ...'

ઘડિયાળમાં દસના ટકોરા થતાં શેઠની જીભ હાલી : 'જવું તો છે ભાઈ, પણ'

પણ સાડ દસના ટકોરે શેઠના શબ્દો હવામાં પ્રવાસે નીકળ્યા : 'જવું તો છે ભાઈ, પણ આ જંજાળ...'

અગિયાર, સાડા અગિયાર, બાર...

ટકોરા થતા રહ્યા અને શેઠની જીભ હાલતી રહી : 'જવું તો છે ભાઈ, પણ...'

✻

# ૧૧૨. જાકારો

'સાંભળ્યું ? આ ડોબું તો બીજી વાર પાછું આવ્યું' કુંવરે ઘર પાછળના વાડામાંથી પતિને સંભળાવ્યું.

એક કદાવર ભેંસ વાડાના ઝાંપા આગળ ઊભી હતી. ઝાંપો બંધ હતો.

ગણપતે એને છ હજાર રૂપિયામાં મોતીરામને વેચી હતી. પણ આ ઘરનું હેવાયું ડોબું બીજી વાર ભાગી આવ્યું હતું.

ગુસ્સામાં કુંવર બોલી રહી હતી : 'વાડામાં પેસવા દઉં તો ને ? તું યાદ રાખ, હાલ ને હાલ તને મોતીરામને ઘેર તગડું છું.' અને ગણપત વાડામાં આવ્યો એટલે એને કહ્યું : 'એક વાર તો આડું લઈને ફરી જ વળો. અહીં આવવાની ખો ભૂલી જાય !'

'એમ કંઈ આડું લઈને ફરી વળાય છે ?'

'તો તો અહીંથી જઈ રહ્યું !'

'તું એની આંખ સામે તો જો. કેવું દયામણું થઈને જોઈ રહ્યું છે ? એને તો આ જ એનું ઘર. જન્મ્યું ત્યારનું અહીં છે. આ વાડો અને આ લીમડો...'

શું કહેવું એ કુંવરને સમજાયું નહીં. એય થોડી વાર તો ડોબા સામે જોઈ રહી. પછી એકાએક ઝાંપો ખોલી નાખ્યો.

હડી કાઢીને ભેંસ પોતાના ખીલે જઈને ઊભી રહી.

ગણપતે એની પીઠ ઉપર હાથ મૂક્યો. પછી બોલ્યો : 'બિચારું ભૂખ્યું-તરસ્યું લાગે છે.'

પછી તો બેય જણે થઈને એને ઘાસ-પાણી નીર્યાં.

મોતીરામ ભેંસને ફરીથી દોરી જવા આવ્યો ત્યારે કુંવર અને ગણપતે એકબીજાની સામે જોયું. ગણપત ઓરડામાંથી પૈસા લઈ આવ્યો અને મોતીરામને કહ્યું : 'આ તમારા પૈસા ગણી લો, ભૈસાબ.'

મોતીરામ પૈસા લેતો નહોતો એટલે કુંવરે કહ્યું : 'જે થયું એ થયું, મોતીભાઈ ભલા થઈને રૂપિયા લૈ લ્યો. ડોબું ઘેર આવ્યું ને અમનેય ટાઢક થઈ.'

થોડી રકઝક પછી મોતીરામે પૈસા લીધા.

એના ગયા પછી ઘરમાં એક સન્નાટો છવાઈ ગયો.

કુંવર ભેંસની પીઠ ઉપર હાથ પસવારવા લાગી. થોડી વાર એ આમ કરતી રહી. પછી પાલવથી આંસુ લૂછવા લાગી એ ગણપતે જોયું. એણે વિચાર્યું : 'ડોબા માટે આટલું બધું ન હોય. નક્કી એના મનમાં બીજું કશુંક ઘોળાઈ રહ્યું છે. દીકરી માટે તો નહીં હોય ?' એ કુંવર પાસે આવ્યો અને કહ્યું : 'ગાંડી, વીતી વાત યાદ ન કરીએ. આપણાં કરમ જ ફૂટેલાં હોય ત્યાં...' અને કુંવર મોટેથી રડી પડી. રડતાં રડતાં બોલી : 'એક ઢોરને આબોકાર આપીએ છીએ એવો આપણે દીકરીને ન આપી શક્યાં. વખાની મારી એ તૈણ વાર ઘેર આવી, પણ આપણે જ ઊઠીને એને ધમકાવી ધમકાવીને પાછી કાઢી...'

ગણપતે કુંવરની પીઠ ઉપર હાથ મૂક્યો. એનીય આંખો છલકાવા લાગી હતી.

કુંવર બોલતી હતી : 'મૂઈએ કૂવો-હવાડો કર્યો હોત તોય મૂવું જાણે, આ તો ગોઝારાં સાસરિયાઓએ ભેગા મળીને કૂટી બાળી...એના આત્માને શું નહીં થયું હોય ?'

'ગોઝારાં તો આપણે કુંવર. 'સાસરું એ જ ઘર' કહી કહીને ઘેર આવેલી દીકરીને આંગણે ન ધરવા દીધી !'

પછી તો ચૂપ થઈ જઈને બંને જણે ક્યાંય સુધી ભેંસને પસવાર્યા કર્યું.

❊

# ૧૧૩. જુગલ

એક પુરાણા વૃક્ષમાં ડાળાંમાંથી ચળાઈને આવતા ચંદ્રના અજવાળામાં બેઠેલા મિત્રો પોતપોતાની ખાસ આદતની વાત કરી રહ્યા હતા.

છોટુની વાત પૂરી થઈ એટલે જુગલે શરૂ કર્યું : 'આપણું તો ભાઈ, ઝગડતા માણસોને વેરાવવાનું કામ. સામસામે ગાળાગાળી કરતા હોય ત્યારે હાથ જોડીને વારવા પ્રયત્ન કરું. બથ્થંબથ્થી કરતા હોય ત્યારે બાવડાંના જોરથી એમને છૂટા પાડું...'

મિત્રો એકસામટા હસી પડ્યા. આમેય જુગલની મથરાવટી મેલી તો હતી જ. એની વાતનું અર્ધોઅરધ તથ્ય ગાળી નાખવાની તૈયારી સાથે જ સૌ એને સાંભળતા.

પણ જુગલ બોલવાના મૂડમાં હોય ત્યારે કોઈના પ્રતિભાવ તરફ જોવાની એની ટેવ નહીં. એને જે કહેવું હોય તે કહી છૂટતો. અત્યારે મિત્રોના હાસ્યથી ડગ્યા વગર એણે બોલવાનું ચાલુ રાખ્યું.

'પણ ભાઈ, આપણા પરાક્રમની ખરી કસોટી તો કોઈનો બોરકૂટો થયો હોય ત્યારે થતી...ખાંડાના ખેલ એની આગળ કશી વિસાતમાં નઈ ! જેના ઉપર લાઠીઓ કે લોખંડની પાઇપોના ઘા થતા હોય એના ઉપર ઢાલ બનીને હું સૂઈ જાઉં...'

'અને તું સિનેમાના હીરોની જેમ હેમખેમ, ખરું ને ?' શામળ આમ બોલ્યો એટલે જુગલ એના ઉપર ગુસ્સે થયો : 'રોજની આપણી ઊઠકબેઠક તોય તને શું ભળાતું નથી, શામળિયા ? આ કપાળ ઉપરનો ઘા રેવલાને બચાવ્યો તે વખતે થયેલા પાઇપના ખૂણાનો ઘા છે. કોણી પછવાડે નીકળેલો હાડકાંનો ઢૂબો મફા હાડવૈદ્યના ઊંટવૈદાનું પરિણામ. સાવ અજાણ્યા એક જણને બચાવવા જતાં હાથ ભાંગેલો અને...'

'બરાબર, બરાબર, વાત આગળ ચલાવ જુગલ. યોદ્ધાનું શૂરાતન તો એના શરીર ઉપરનાં ઘાનાં નિશાનથી જાણી શકાય.'

'પણ એક વસવસો મનમાં રહી ગયો છે.'

'શો ?'

'એક મરદને હું બચાવવા ભાગ્યશાળી ન થયો !'

'એ કઈ રીતે ?'

'હમણાં શામળાએ એની વાતમાં ન કહ્યું, ડૂબતાને બચાવવા જતાં ઘણી વાર એ એવો બાથે પડે કે બેય જણ ડૂબે ! એવું આમાંય બને છે. કાચબો જેમ સંકોડાઈ જાય એમ માર ખાનારો આખો ને આખો આપણી નીચે લપાઈ જવા મથે છે. જાણે આપણે જ કાચબાની પીઠ !'

જરા થોભી જુગલે આગળ ચલાવ્યું : ‘પણ એક મરદ એવો મળ્યો કે લાઠીઓ અને લોખંડની પાઇપના ભારે મારા વચ્ચે એણે મને પાડો ભેટું મારીને આદમીને ફેંકી દે એમ એના શરીર ઉપરથી ઉલાળી મૂક્યો. ઊભો થઈને જોઉં તો પેલાની ખોપરીનાં ફાફરિયાં નીકળી ગયાં હતાં. એણે મને ઉલાળી ન મૂક્યો હોત તો આ કહેવા માટે આજ હું તમારી વચમાં ન હોત...ખરો મરદ એ દિવસે મેં જોયો. હું એને બચાવી ન શક્યો !’

જુગલની વાતમાંથી કેટલું ગાળી નાખવું એનો મિત્રો વિચાર કરે એ પહેલાં એક સંભળાય એવો નિઃશ્વાસ મૂકીને જુગલ ઊભો થઈને ચાલવા માંડ્યો હતો.

✲

## ૧૧૪. જે જિંદગીભર ન કહી શ□યાં એ !

એક સાંકડી શેરીના નાકે એ ઊભી હતી. હાથમાં પ્લાસ્ટિકની બાસ્કેટ હતી એટલે કદાચ દૂધની વાન કે શાકની લારીની રાહ જોતી હશે. ગમે તે. એણે મને જોયો. જરા શરમાઈ ગઈ. હાથમાં બાસ્કેટ અને શેરીનું નાકું...યુવાનીમાં તાજી પ્રવેશેલી કોઈ પણ કન્યા આ સ્થિતિમાં શરમાઈ જાય. હું નજીક પહોંચ્યો એટલે લજ્જા ઉપર થોડો કાબૂ મેળવીને એ બોલી : ‘હું અહીં રહું છું.’

ઘેર લઈ જવાનું આમંત્રણ એ ન આપી શકી એનો ક્ષોભ એના મુખ ઉપર જણાતો હતો. એ પણ સ્વાભાવિક હતું. કુંવારી છોકરી કોઈ યુવકને ઘેર લઈ આવે ત્યારે મા-બાપ તો ઠીક, પણ ફળિયાવાસીઓ હજાર આંખોવાળા બની જાય છે.

એને ક્ષોભમુક્ત કરવા હું મારા માર્ગે આગળ ચાલ્યો.

એ જ્યારે ફ્લેટમાં રહેતી હતી ત્યારે અમે કોરિડોરમાં, લિફ્ટમાં કે કોમન પ્લોટમાં મળતાં ત્યારે એકબીજી ઉપર નજર માંડતાં અને મીઠા સ્મિતની આપેલ કરી લેતાં. અમારા મનની વાતનો વિનિમય કરવાનો અમને અવકાશ મળ્યો ન હતો. ખરું પૂછો તો આમ કહેવું એ ખોટું છે. મળનારાં તો ગમે તે માર્ગ શોધી લે છે. કદાચ અમે પ્રણયભીરુ હતાં એમ કહેવું વધારે ઉચિત ગણાશે.

કેટલાંક વર્ષ પછી ગાંધી ફળિયા આગળ થઈને નીકળવાનું થયું. ફળિયાના નાકા ઉપર એક લારીમાંથી એ શાકભાજી ખરીદી રહી હતી. એની બાજુમાં ઊભેલું બાળક એની સાડી ખેંચી ખેંચીને લારીમાંથી કશુંક લેવા હઠ કરી રહ્યું હતું. એણે મને જોયો. મને જોયાનો એના ચહેરા ઉપર કશો હરખ ન હતો, એ હું જોઈ શક્યો. છતાં નિર્લેપ

કૅન્વાસ પર બ્રશ મારતી હોય એમ એણે ચહેરા ઉપર સ્મિતનો કૂચડો ફેરવ્યો. પછી બોલી : 'હું અહીં રહું છું.'

મારી નજર પેલા બાળક ઉપર મંડાઈ એટલે એણે કહ્યું : 'બાબો છે, સુનંદ.'

'સરસ. સ્માર્ટ છે.'

'પણ કજિયા બહુ કરે છે.'

'એને જે જોઈએ એ લઈ આપો ને.'

'સીતાફળ માગે છે. માંદા પડી જવાય.'

હું ચાલવા લાગ્યો. 'આવો, ઘેર' એવું એ કહી ન શકી. એક પરણિતા કોઈ અજાણ્યા માનવીને ઘેર લઈ જવાની હિંમત ન કરી શકે એમ જ કદાચ.

ઘણાં વર્ષો પછી દીકરીઓ તરફથી થતી સતત ઉપેક્ષાથી કંટાળીને એક વૃદ્ધાશ્રમમાં પ્રવેશ મેળવવા હું પહોંચ્યો.

એ દરવાજામાં ઊભી હતી. વસ્ત્રો ઉપરથી અનુમાન થઈ શક્યું કે હવે એ વિધવા હતી.

વૃદ્ધ હોવા છતાં મને જોઈને એક મુગ્ધાના મુખ ઉપર ફરી વળે એવી રતાશ એના ચહેરા ઉપર પ્રસરી ગઈ.

'હું અહીં રહું છું' એમ એ જરૂર બોલી હોત. પણ આ વખતે મેં જ કહ્યું: 'તમે અહીં રહો છો ?'

એણે ફક્ત ડોકું ધુણાવીને હા કહી.

મેં કારણ ન પૂછ્યું. બોલ્યો : 'હું પણ અહીં રહેવા માટે આવ્યો છું.' વિચારમાં ડૂબ્યા પછી બહાર આવતી હોય એમ બોલી : 'આપણે એક ઓરડીમાં સાથે ન રહી શકીએ ?'

'આ સંચાલકો,' ભવાં ખેંચીને મેં કહ્યું : 'આપણને સાથે રહેવા દે ?'

મારા પ્રશ્નમાં જ કડવો જવાબ સમાયેલો હતો.

એ બોલી : 'આપણે એમને કહીએ...'

'શું કહીએ ?'

ફરી એક મુગ્ધાની જેમ એ લજવાઈ ગઈ.

❋

# ૧૧૫. જે વાત માએ કહી હતી

લાગણી ચેપ છે, એનું ભરપૂર નિદર્શન સંજ્ઞાના લગ્ન પછી એની વિદાયવેળાએ થયું. લાડકોડમાં ઊછરેલી સંજ્ઞા સાસરે જઈ રહી હતી. સાસરું એના માટે કંઈ 'સાયર સાચલ સાસરું' નહોતું. અને એમાં 'ભૂંડાં જળચર' પણ નહોતાં. લગ્ન અગાઉ સંજ્ઞા વારંવાર સાસરાની મુલાકાત લઈ આવી હતી. આમ છતાં આજે વિદાય વખતે એની મમ્મીની આંખ ઊભરાઈ આવી. એ જોઈ એની નાનીબહેન રડી પડી. આ બંનેને રડતાં જોઈ માસીની દીકરી પ્રવીણા આંખો લૂછવા લાગી.

અને જ્યારે સંજ્ઞાને ફૂલોની ચાદરથી શણગારેલી કાર સુધી દોરી લાવવામાં આવી, ત્યારે તો કારની આસપાસ વીંટાયેલી સંજ્ઞાની બહેનપણીઓ અને વિદાય આપવા આવેલી સ્ત્રીઓની આંખો પણ છલકાવા લાગી. અને કોઈએ પેલું ગીત ઉપાડ્યું. 'દાદા અમે તો ઉડણ ચરકલડી...' ત્યારે તો જાણે આંસુ ખાળી રાખ્યાં હતાં એમના અશ્રુબંધ પણ છૂટી ગયા ! બાજુમાં સહેજ અંતર રાખીને ઊભેલા પુરુષોમાંથી કોઈ કોઈ આંગળીથી આંખ સાફ કરી લેવા લાગ્યા.

સંજ્ઞાનો ભાઈ વિદ્યુત સંજ્ઞાને વિદાય આપવા કાર પાસે આવ્યો. ત્યારે તો એની લાગણીની ભરતી મહત્તમ બની રહી હતી. એ ભરતીના ઉછાળા હેઠળ એનું અંગેઅંગ છત્તરવત્તર થઈ જતું હોય એમ એ નંખાઈ જતો હતો. સંજ્ઞાને એણે ગળે વળગાડી ત્યારે તો એ નાના બાળકની જેમ રડી ઊઠ્યો.

આખરે જાન વિદાય થઈ અને સૌ વિખરાયાં.

કન્યાના વિદાયના સારાયે પ્રસંગ દરમિયાન સંજ્ઞાના પિતા શાન્તુભાઈ ભારે સંયમ જાળવીને વેવાઈ તેમ જ જાનૈયાઓ આગળ હસતે મુખે વિદાયસમયની વિવેકવાણી ઉચ્ચારી રહ્યા હતા, પણ એમની નજર વિદ્યુત ઉપર સતત મંડાયેલી રહેતી હતી.

રાત્રે સૌને સૂવાનો સમય થયો, ત્યારે શાન્તુભાઈએ વિદ્યુતને એમના ખંડમાં બોલાવ્યો. વિદ્યુતનો ચહેરો હજુય ઊતરેલો હતો. શાન્તુભાઈએ એને ખુરશી પર બેસવાનો ઇશારો કરતાં કહ્યું : 'બેસ વિદ્યુત, મારે તને એક વાત કહેવાની છે.'

વિદ્યુત ખુરશીમાં બેઠો એટલે શાન્તુભાઈએ કહેવા માંડ્યું : 'હું દસેક વર્ષનો હોઈશ ત્યારે મારી મોટીબહેન ગુજરી ગઈ. એના અવસાન વખતે રાતના લગભગ નવ વાગ્યા હતા. બહેનની સ્મશાનયાત્રા સવાર પડ્યા પછી જ નીકળવાની હતી. મા હૈયાફાટ રડતી હતી. માનું રુદન જોઈ મારું હૈયું હાથ ન રહ્યું. હું પણ પોકે પોકે રડવા

લાગ્યો...રાત્રિના બાર વાગતાં તો ઘરમાં સૌ જંપી ગયાં પણ હું રડતો રહ્યો. છાનામાના મેં આખી રાત રડ્યા કર્યું.

'સવારે બહેનની નનામી નીકળી એ વખતે પણ હું ખૂબ રડ્યો. નનામીના ગયા પછી ઘરમાં રોકકળ જરા ઓછી થઈ ત્યારે માએ મારા ચહેરા સામે જોયું. રડી રડીને મારી આંખો સૂજી ગઈ હતી. આ જોઈને માએ મીઠા ગુસ્સા સાથે મને ઠપકો આપ્યો : 'આ શા દેદાર કર્યા છે, તેં ? આંખો તો લાલ હિંગોળક કરી મૂકી છે ! બહેન તો ગુજરી ગઈ, પણ એની પાછળ આમ જીવ કાઢી નંખાય ? જીવ કાઠો કર. હજી તો તું બચ્ચું છે. મોટો થઈશ ત્યારે આના કરતાંય કપરા ઘા જીરવવા પડશે. આદમીની આંખમાં આંસુ શોભે નહીં. તું આદમી છે, એટલી વાત મનમાં રાખ, સમજ્યો ?'

આટલું કહી શાન્તુભાઈ થોડા ગંભીર થઈ ગયા. પછી એમણે વિદ્યુતને કહ્યું: 'આજ સંજ્ઞાની વિદાય વખતનું તારું વર્તન મને ગમ્યું નથી. મારી બહેન તો...પણ એ વાત જવા દે. તું પચીસ વર્ષનો યુવાન છે. મા કહેતી હતી, એમ તું આદમી છે એટલી વાત મનમાં રાખ, સમજ્યો ? જા, બધો ભાર ઉતારીને ઊંઘી જા.'

❊

## ૧૧૬. જેથી કરીને...

જુગલ શેઠ અને ગિરધારીભાઈ અંતરંગ મિત્રો. જુગલ શેઠ મુંબઈ નિવાસી અને ગિરધારીભાઈ અમદાવાદી.

બન્ને ત્રણ ત્રણ કાપડ મિલોના માલિક. ગિરધારીભાઈએ તો એમના કાપડના ધંધાની નિસબતને બરાબર પકડી રાખી હતી. પણ જુગલ શેઠનો કારોબાર મિલના ધંધા કરતાં શેરસટ્ટાની દુનિયામાં વધારે. એમની ખરીદ-વેચાણની અસાધારણ શક્તિ ક્યારેક શેર બજારમાં ભારે ઊથલપાથલ મચાવી મૂકતી. એમની આ તાકાતને લીધે બજારમાં એ 'કિંગ', 'મેગ્નેટ', 'બીગ ગન' જેવા શબ્દોથી પરખાતા થઈ ગયા હતા.

જુગલ શેઠ અમદાવાદ આવે ત્યારે ગિરધારીભાઈના ઘર અને પરિવારમાં એવા તો ખૂંપી જાય કે બહારની દુનિયાને સાવ વીસરી જાય. ખાણી પીણી, ટોળટપ્પાં, હળવો વિનોદ, હાસ્યના ફુવારા...આવું આવું રાતભર ચાલે. અને વહેલી સવારે જુગલ શેઠ મુંબઈ જવા રવાના થાય.

એક વખત જુગલ શેઠને ગિરધારીભાઈના ઘર આંગણે એક વિચિત્ર અનુભવ થયો. જુગલ શેઠની ગાડીનો હુંકાર સાંભળીને ગિરધારીભાઈ બંગલાના દરવાજામાં

આવી પહોંચ્યા. અને પૉર્ચમાં આવી પહોંચેલી ગાડીમાંથી જુગલ શેઠ નીચે ઊતરે એ પહેલાં એ બોલ્યા : 'થોભો જુગલભાઈ, ગાડીમાંથી ઊતરવાની જરૂર નથી.'

આશ્ચર્ય તો થયું, પણ જુગલ શેઠ એમના સ્વભાવ પ્રમાણે બોલ્યા : 'કેમ, તમારા બંગલામાં ધરતીકંપ થયો છે ?'

'ધરતીકંપનું તો ઠીક છે, પણ આપણે અહીંથી સીધા માણેક ચોક જઈએ.'

'પાણી-બાણી પીવા દેશો કે અહીંથી સીધા માણેક ચોક તગડવા માગો છો?'

'જે કંઈ પીવું હશે તે, ઠંડું કે ગરમ, માણેક ચોકના શેઠિયાઓની ઑફિસો કે પેઢીઓમાં પીશું.'

'પણ કંઈ કહેશો કે એમ જ...'

ગિરધારીભાઈ જુગલ શેઠના બોલ તરફ લક્ષ આપ્યા સિવાય ડ્રાઇવરને જ કહી દીધું : 'ભાઈ શકુર, તું ગાડી માણેક ચોકમાં લઈ લે ને.'

આમ જુગલ શેઠને બંગલાના પગથિયે પગ મૂકવા દીધા સિવાય જ ગિરધારીભાઈએ જુગલ શેઠની જ ગાડીને માણેક ચોક લેવડાવી દીધી. પહેલાં આંકડા સિવાય બધાં મીંડાવાળા નંબરવાળી જુગલ શેઠની ગાડીને માણેક ચોકના શેઠિયા, દલાલો, ગુમાસ્તા કે નોકરો સૌ ઓળખતા થઈ ગયા હતા.

આ ઘટના બની ત્યારે કાર પાર્કિંગનો પ્રશ્ન માથાનો દુઃખાવારૂપ નહોતો.

ગાડી ગઈ એ પછી ગિરધારીભાઈની દીકરીએ એની મમ્મીને કહ્યું : 'મોમ, પપ્પાએ આમ કેમ કર્યું ?'

મમ્મીએ જવાબ આપ્યો : 'બીજું શું ? શેર-સટ્ટાના ભડકા !...અહીંના બજારમાં એક એવી હવા ફેલાઈ ગઈ છે કે જુગલ શેઠ શેરની ઊથલપાથલમાં પાયમાલ થઈ ગયા છે અને...' વાક્ય પૂરું કરતાં પહેલાં મમ્મીએ જીભ દાંત નીચે દબાવી દીધી.

'સમજી, સમજી, પપ્પા જુગલકાકાને અહીંના શેઠિયાઓની નજરે પાડવા લઈ ગયા છે, જેથી કરીને...' દીકરીએ પણ વાક્ય પૂરું કરતાં પહેલાં જીભ વાળી લીધી.

⁕

# ૧૧૭. જેની જેવી તરસ

પ્રેમલનો શ્રીમંત મિત્ર ઈશાન, પોતાનો નવો બંગલો દેખાડવા પ્રેમલને એ બંગલે લઈ ગયો. બંગલાના વિવિધ ખંડોમાં મિત્રને ફેરવતાં ફેરવતાં પ્રત્યેક ખંડની દીવાલ પર જડેલી જગતના પ્રસિદ્ધ કલાકારોની કૃતિઓનો પરિચય કરાવતો રહ્યો. આ પિકાસોનું 'ન્યુડ ગ્રીન લીવ્ઝ એન્ડ બસ્ટ' જેના ૪૯૦ કરોડ રૂપિયા જેટલી કિંમત ઊપજી હતી. બીજા એક ખંડમાં ઈશાને પિકાસોનું જ એક ચિત્ર 'બોય વીથ અ પાઇપ'ની વાત કરતાં કહ્યું, 'આના પણ ૪૭૮ કરોડ જેટલા ડૉલર મળ્યા હતા.' બીજા એક ખંડમાં વાન ગોઘના 'સનફ્લાવર્સ' ચિત્રનો પરિચય આપતાં કહ્યું, 'જીવ્યો ત્યાં સુધી આ માણસ આર્થિક રીતે કંગાલ હતો. બળબળતા સૂર્યના તાપમાં એણે ઘણાં ચિત્રો કર્યાં. મર્યા પછી આ 'સનફ્લાવર્સ' ઉપર નાણાંનો વરસાદ જ વરસ્યો. ૩૬૨ કરોડ ડૉલરમાં એ ચિત્ર વેચાયું. એ ખંડમાં માઈકલ એન્જેલોના 'લાસ્ટ સપર' ચિત્રનું વિવરણ કરતાં એણે બારાબાસની આખી કથા કરી દીધી.

બંગલાના લગભગ બધા ખંડોમાં ફરતાં ફરતાં ભીંતો પરનાં ચિત્રો વિશે ઈશાને જે કહ્યું તે પ્રેમલ સાંભળતો રહ્યો ખરો, પણ એની આંખ આ વિશાળ બંગલાના કોઈ ને કોઈ ખંડની એકાદી દીવાલ પર કશુંક શોધતી હતી. અંતે એ કશું ન પામ્યો હોય એમ અસંતુષ્ટ રહ્યો.

બપોર પછી ઈશાનની વિદાય લેતાં પ્રેમલે કહ્યું : 'આપણે આ શહેરમાં તો વારંવાર મળીએ છીએ. તું હજુ સુધી મારે ત્યાં ગામડે આવ્યો નથી. એક વખત મારું ઘર તો તું જો.'

'તારું ઘર તો જોવું જ છે પણ એથીય વિશેષ, ગામડાને નજીકથી નિહાળવું છે. તું કહે એ દિવસે આવી પહોંચીશ.'

નક્કી કર્યા પ્રમાણે એક દિવસ ઈશાન પ્રેમલના ઘેર પહોંચી ગયો.

બંને બેઠક રૂમમાં લાકડાની એક મોટી પાટ ઉપર નાખેલ એક દળદાર ગાદી પર ગોઠવાયા. આવી ગાદી પર બેસવા ઈશાન ટેવાયેલો નહોતો એટલે જરાક ઊંચોનીચો થયા કરતો હતો. પાટની સામેની દીવાલે છતથી એકાદ ફૂટ નીચે કાચમાં મઢેલી કેટલીક છબીઓ (ફોટોગ્રાફ્સ) ભીંત ઉપર જડેલી એક લાકડાની પટ્ટી પર હારબંધ ગોઠવાયેલી હતી.

આ છબીઓને જોઈને જરાક ખંધું મલકાઈને ઈશાન બોલ્યો, 'જસ્ટ એક્ઝીબીટસ' (પ્રદર્શનની ચીજો)

પ્રેમલને આ શબ્દો આકરા લાગ્યા. 'પરહેપ્સ યોર એન્સેસ્ટર્સ (તારા આ પૂર્વજો હશે.)'

'સર્ટનલી (અવશ્ય) હીરોઝ ઑફ અવર ફેમિલી ટ્રી (અમારા કુટુંબવૃક્ષના વીર પુરુષો)'

'પણ તને નથી લાગતું પ્રેમલ, આપણા પૂર્વજોની પુરાણી ટેક્નિકથી લીધેલી અને ઝાંખી થઈને હવે ગંદી દેખાતી છબીઓને ભીંત પર ટાંગીને આપણે દીવાલની શોભાને અવગણીએ છીએ.'

'ભીંતની શોભા બાબતમાં તો જેની જેવી તરસ.' કહી પ્રેમલે ઉમેર્યું : 'કોઈના મને દીવાલ ન્યુડ (નગ્ન દેહનું આલેખન)થી શોભે તો કોઈના મતે દીવાલ ધારદાર નજર અને ભરાવદાર થોભિયાવાળી ધીંગી મૂંછોવાળી તસવીરથી શોભે. મારી તરસ તો પૂર્વજોનાં દર્શનની પણ એ સૌભાગ્ય નહોતું. સામેની છબીઓ નિહાળીને આંખ ઠારું છું. હૈયામાં આનંદની એક ભરતી ચઢે છે.'

⁂

## ૧૧૮. ઝળઝળિયાં

જીતુભાઈ પ્લૅટફૉર્મમાં દાખલ થયા એ વખતે ગાડી ગતિમાં આવી ગઈ હતી. દોડીને ગાડી પકડવાનું એમને ફાવે તેવું નહોતું. વળી હાથમાં બૅગ હતી એટલે દોડવાનું મુશ્કેલ હતું. પણ ગાડી ચૂકીને ઘેર પાછા જવાની જરા પણ ઇચ્છા નહોતી. ઘર ક્યાં રહ્યું હતું ? મન ઊપડી ગયું હતું. એટલે શક્ય એટલી તાકાત એકઠી કરીને એ દોડ્યા અને પ્લૅટફૉર્મ બહાર નીકળી રહેલી ગાડીના છેલ્લા ડબ્બાના બારણાનો સળિયો પકડી લીધો. ડબ્બાના દરવાજામાં ઊભા ઊભા ગાર્ડ રંજુલાલ હજુય લીલી ઝંડી હલાવી રહ્યા હતા. ગાડી આ સ્ટેશનથી જ ઊપડી હતી. રંજુલાલ આ ગામના જ હતા, એટલે એ જીતુભાઈને ઓળખતા હતા. એમણે જીતુભાઈની બૅગ લઈ લીધી અને એમને ડબ્બામાં દાખલ થવામાં મદદ કરી. જીતુભાઈ એક મોટી કાળી પતરાની પેટી ઉપર બેઠા. પેટી પર ધોળા અક્ષરે અંગ્રેજીમાં લખ્યું હતું : 'ગાર્ડ રંજુલાલ એસ. મહેતા.'

જીતુભાઈ અત્યારે પોતાનામાં ખોવાયેલા હતા એટલે વાત કરવાના મૂડમાં નહોતા અને રંજુલાલ તો પહેલેથી જ ઓછાબોલા હતા એટલે બન્ને મૌન ધારણ કરી રહ્યા.

ગાડીએ વેગ પકડ્યો હતો. જીતુભાઈના મનમાં ગાડીની ગતિ કરતાંય વધારે તેજ રફતારથી વિચારો ચાલી રહ્યા હતા : 'ઘણું ગૂંચવાતું હતું, મનમાં રાગ, દ્વેષ, નિર્વેદ

જેવી ઘણી ઘણી લાગણીઓ એક સાથે ઘૂમરીઓ લેતી હતી. ઘણાં ઘણાં પાત્રો ભાઈ, ભાભી, ભત્રીજી, ભત્રીજાની પત્નીઓ ચિત્તમાં ચકરાવા લેતાં હતાં. સંસાર છોડીને સાધુ થઈ જવાનું મન થાય એવું દબાણ હૈયાના કોઈક ખૂણામાંથી થતું હતું. કેવું સ્વાર્થી જગત ! પોતે મોટા ભાઈને બધી રીતે મદદરૂપ થયા હતા. જમીનની ઉપજમાંથી કદી ભાગ માંગ્યો નહોતો. ભાઈના ત્રણેય દીકરાઓને પોતાની સાથે રાખીને ભણાવ્યા હતા. પોતાની ઓળખાણનો ઉપયોગ કરીને મોટાને નોકરીએ લગાડી દીધો હતો...અને ભાઈએ તો સહિયારી જવાબદારી પણ કશા વળતર વગર ક્યાં ઉપાડી હતી ? વળતરની માંગણીની પરાકાષ્ઠા જીતુભાઈએ આજે જોઈ હતી. મોટાભાઈ કહેતા હતા : 'બા-બાપુને અત્યાર સુધી અમે રાખ્યાં. હવે બા એકલાં છે. તમે એમને સાથે લઈ જાઓ. એમને ન લઈ જવાં હોય તો પાંચ વીઘા જે સહિયારી જમીન છે. તે અમારા નામે કરી આપો.'

જીતુભાઈને આ વાતનું માઠું લાગી ગયું હતું. માને પોતાની સાથે રાખવામાં આવી સોદાબાજીની વાતે એમના કાળજે ઘા કર્યો હતો.

અને ગઈ કાલે પોતે અમદાવાદથી ઘેર આવવા નીકળ્યા, ત્યારે પત્નીએ ઉશ્કેરાટમાં આવીને કહ્યું હતું : જોજો ભોળવાઈ જતા. ભાઈ, ભોજાઈ અને છોકરા બધા એક માળાના મણકા છે. જમીન લખી આપવાની વાતમાં સંમત ન થતા. મોટાભાઈ બાને એમની સાથે રાખે એમાં એ કાંઈ નવાઈ નથી કરતા. અત્યાર સુધી બાને અને બાપુજીનો બધો ખર્ચો આપણે અહીં બેઠે પૂર્યો છે અને બાને તમારી સાથે મોકલવા જ માંગે તો ચોખ્ખી ના કહી દેજો. જો તમે એમને લાવશો તો હું જ વળતી ગાડીએ પાછાં મૂકી આવીશ. બા માટે આપણને લાગણી તો બધીય છે. પણ ભાઈ-ભોજાઈ આપણા ડોળામાં આંગળાં ઘાલીને આંખ ફોડવા માગે તે કેમ ચાલે ? આમાં લાગણી નહીં, ન્યાયનો સવાલ છે...'

અને થયું પણ એવું જ, જીતુભાઈએ જમીન લખી આપવાની ના કહી એટલે ભાઈએ માને સાથે લઈ જવા માટેની જીદ પકડી. પત્નીના કંકાસની બીકે અત્યારે તો પ્રશ્નને વણઉકેલ્યો મૂકીને જીતુભાઈ ભાગી છૂટ્યા હતા. જતાં જતાં બાને મળવાની હિંમત પણ ચાલી નહોતી.

જીતુભાઈની વિચારધારા એકાએક તૂટી, રંજુલાએ ગાર્ડની ટોપી માથે મૂકી, પગમાંથી બૂટ કાઢી નાંખ્યા અને દરવાજામાં બહિર્મુખ થઈને ઊભા રહ્યા. ગાડી થોડી આગળ વધી એટલે એ ભક્તિભાવવાળી મુખમુદ્રા ધારણ કરીને બે હાથ જોડી ઊભા રહ્યા. બહાર તો સ્મશાનભૂમિ હતી ! સ્મશાનભૂમિ પસાર થઈ ગઈ એટલે રંજુલાલે બૂટ પહેરી લીધા. માથા પરથી ટોપી ઉતારીને બ્રેકના પૈડા પર મૂકી અને જીતુભાઈની

સામે ગોઠવાયા. રંજુલાલ જીતુભાઈનું કુતૂહલ સમજી શકતા હતા. એટલે એ કંઈ પૂછે એ પહેલાં એમણે જ કહ્યું. 'આ સ્મશાનમાં મારી બાનો અગ્નિસંસ્કાર કર્યો હતો. ગાડી લઈને જતાં-આવતાં માને વંદન કરીને ધન્ય થાઉં છું. રેલવે સત્તાવાળાઓને વિનંતી કરીને આ લાઈન પકડી રાખી છે. એ ભલે સ્મશાન રહ્યું, મારે મન એ જ સ્વર્ગ. દિવસમાં બે વાર મન સ્ફટિક જેવું ચોખ્ખું થઈ જાય છે.' અને કોણ જાણે કેમ રંજુલાલની વાતો સાંભળીને જીતુભાઈની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં !

❊

# ૧૧૯. ઝાંઝવાંનાં જળ

લંગોટિયા ભાઈબંધ રઘુભાઈની નજર જીવણભાઈની છાતી પર સ્થિર થઈ ગઈ હતી.

જીવણભાઈ જીવનના બાકી રહેલા શ્વાસ ખેંચી રહ્યા હતા. ઊંડાણમાં ખેંચાયેલો લાંબો શ્વાસ ઉચ્છ્‌વાસ રૂપે અવકાશમાં ભળી જતો હતો.

પણ સવારે તો સારું જણાતું એટલે ઘણા દિવસથી જીવણભાઈની સારવારમાં રોકાઈ રહેલી દીકરીને રઘુભાઈએ કહ્યું હતું : 'ગંગા, તું જા. તારા ઘરની ખબર કાઢી આવ. કાલ પરમ દિવસે પાછી આવજે. અહીંનું અમે સંભાળી લઈશું.'

ગંગાને એના ઘેર મોકલી ત્યારે કળી શકાયું નહોતું કે જીવણભાઈની સારી સ્થિતિ એ તો બુઝાવાની તૈયારી કરતા દીવાનું અજવાળું હતું !

બપોર પછી જીવણભાઈની ઉપર કહી તેવી સ્થિતિ હતી. એક પળે મહાપરાણે ઊંચકતા હોય એમ જીવણભાઈએ દયામણી નજરે ઊંચકીને રઘુભાઈ ઉપર સ્થિર કરી એ નજરની ભાષા રઘુભાઈને સમજાઈ ગઈ. છેલ્લાં પંદર વરસથી રોજ સાંજે જીવણભાઈ હૈયાની જે વરાળ રઘુભાઈ આગળ કાઢતા હતા એ વરાળ આજે વાદળું બનીને આંખના પડળ ઉપર છવાયું હતું. એ વાદળની પાછળ ઉછાંછળાં સ્વભાવનો દીકરો ગણશે. જીવણભાઈના એક સાધારણ ઠપકાથી રિસાઈને ઘર છોડીને ચાલ્યો ગયો હતો. એની કરુણ દાસ્તાન હતી.

આ માંદગી શરૂ થતાં જીવણભાઈને એનું રૂપ સમજાઈ ગયું હતું. દીકરાને એક વખત જોઈ લેવા એમની વ્યાકુળતા ચરમ સીમાએ પહોંચી હતી. બચતની બધી મૂડીનો કબજો રઘુભાઈને સોંપતા હોય એમ એમણે કહેલું : 'રઘુભાઈ, પૈસા વાપરી નાખો, પણ ગણેશની ભાળ મેળવી આપો. એને જોયા વગર મારા જીવનની સદ્‌ગતિ નહીં

થાય...'

રઘુભાઈએ શક્ય એટલા બધા પ્રયત્નો કર્યા પણ ગણેશનો કશો પત્તો લાગ્યો નહીં. જીવણભાઈના આશ્વાસન ખાતર, રઘુભાઈએ હજુય પ્રયત્નો તો ચાલુ રાખ્યા જ હતા.

છેલ્લા દિવસોનો જીવણભાઈનો રઘવાટ જોઈ રઘુભાઈ ખરેખર ચિંતામાં પડી ગયા હતા. એક પળે વિચારમગ્ન રઘુભાઈને એકાએક પોતાના ઘરની ઘટના યાદ આવી ગઈ. અને એમાં એમને જીવણભાઈની સમસ્યાનો ઉકેલ જણાયો. ઘરની ભેંસ વિયાઈ એ પછી થોડા દિવસ બાદ પાડું મરી ગયું. આરંભમાં પાડું ધાવે એ પછી જ ભેંસ દોહવા દે. પાડું મરી ગયા પછી એ ક્રમ બંધ થયો અને ભેંસે દૂધ આપવાનું બંધ કર્યું. કશીક માનસિક ગડમથલને અંતે બાને એક યુક્તિ સૂઝી. એમણે એ રઘુભાઈના પિતાને કહી. પિતાએ એક જુવારના પૂળા ઉપર છત્રીનું કાળું કાપડ બરાબર વીંટાળીને પાડા જેવો દેખાવ પેદા કર્યો. ભેંસની નજર પડે એમ એ કૃત્રિમ પાડાને આંચળ આગળ ધર્યા પછી બાએ ભેંસને દોહવાની ચેષ્ટા કરી અને ભેંસે મન મૂકીને દૂધનાં ઝરણાં વહાવ્યાં !

રઘુભાઈની સામે પાડોશી માધુભાઈ ઊભા હતા. રઘુભાઈએ એમને થોડું વાણીમાં અને થોડું સાનમાં સમજાવતાં કહ્યું. 'તમારા દીકરાને બારણામાં પ્રવેશ કરાવો...'

માધુભાઈનો દીકરો આવ્યો. અને રઘુભાઈએ જીવણભાઈના કાન પાસે મોં લઈ જઈને મોટેથી કહ્યું 'જીવણભાઈ, ગણેશ આવ્યો ! ગણેશ આવી ગયો !!'

માધુભાઈના દીકરાએ જીવણભાઈનો હાથ ઉમળકાથી દાબ્યો. અને મોટેથી કહ્યું : 'બાપા, હું ગણેશ.' અને જીવણભાઈનાં ઘસાઈને ક્ષીણ થઈ ચૂકેલા જ્ઞાનતંતુઓએ એક હાશ અનુભવી અને...

✻

# ૧૨૦. ટહુકો

'તમે જરા બહાર જશો ? મારે કપડાં બદલવાં છે.' છેલ્લા અઠવાડિયાથી માંદગીને બિછાને રહેતી પત્નીએ જગુભાઈને સંકેત કર્યો. જગુભાઈએ સાંભળ્યું અને તત્ક્ષણ શૂન્યમનસ્ક થઈ ગયા હોય એમ એ સામેની ભીંતમાં મૂકેલી જાળી સોંસરવા આકાશ તરફ જોઈ રહ્યા. પત્ની ફરીથી બોલી : 'કાં અંદરના ઓરડામાં જાઓ કે પછી બહાર આંગણામાં ઓટલી ઉપર બેસો. ટૌકો કરું એટલે આવજો.'

કશો પ્રતિભાવ આપ્યા વગર જગુભાઈ ઊભા થયા. અને બહાર જઈને ઓટલી ઉપર બેસવાનું પસંદ કર્યું. ઉનાળાનો બપોર હતો. આકાશમાંથી આગ વરસતી હતી. ફળિયું ખાલીખમ અને સૂનું હતું. એટલે જગુભાઈ મન સાથે વાતો કરવા લાગ્યા 'લાજમલાજાની ઉંમર હતી ત્યારે તો આવી આ, સાવ વસ્ત્ર વગરની થઈને મારી સામે ઊભી રહેતી હતી અને આજ હવે પાકટ ઉંમરે કહે છે, 'બહાર જઈને બેસો, કપડાં બદલવાં છે !' જગુભાઈએ એક ઊંડો શ્વાસ લીધો અને મનોમન બોલ્યા : 'સમયની બલિહારી છે. ભડકા જેવા રંગ પણ વખત જતાં કેવા ઝાંખા થઈ જાય છે !'

જગુભાઈ આવું-તેવું વિચારતા હતા ત્યાં ફળિયાના ખૂણામાંથી તલકશી નીકળ્યો. પ્રખર તડકાના કારણે જ કદાચ, એણે છત્રી ઓઢી હતી. જગુભાઈ આગળથી એ પસાર થયો એટલે એ બોલ્યા : 'તલકશી, નવી નકકોર છત્રી લઈને નીકળ્યો છે ને કાંઈ !'

'હા, નવી છે ને એટલે થયું, જરા શોખ કરી લઉં.'

'હા, ભઈ હા, નવી છે એટલે શોખ કરી લ્યો. વખત જશે એટલે છત્રીનો રંગ ફિક્કો થઈ જશે અને એમાંથી મન ઊતરી જશે...'

'અરે હોય જગુકાકા, ફાટે ત્યાં સુધી એનો ભપકો એવો ને એવો રહેવાનો. એનું કાપડ તો જુઓ !'

'કાપડ ? એંહ, ગમે તેવું ટેરેલીન કે ટાફેટા હોય તોય શું થઈ ગયું ? ચાર મોસમ પછી જોજે ને, રસોડાનું મસોતું થઈને રહેવાનું છે !'

તકલશી ગયો અને વળી જગુભાઈ અંતર્મુખ થયા : નવી નવી પરણીને આવી ત્યારે તો મને ઉશ્કેરવા (ઉત્તેજિત) કરવા જાતજાતનાં નખરાં કરતી હતી અને આજ 'બહાર જઈને બેસો, કપડાં બદલવાં છે !' જરા ચાળા સાથે જગુભાઈએ પત્નીના શબ્દો ઉચ્ચાર્યા.

અંતમુર્ખ થયેલા જગુભાઈ વધુ કંઈ વિચારે એ પહેલાં અંદરથી અવાજ આવ્યો :

'હવે આવો, અંદર.'

અને જગુભાઈએ જવાબ વાળ્યો : 'અહીં ઓટલી ઉપર જ ઠીક છું...'

❊

## ૧૨૧. ટાઇમ કૅપ્સ્યૂલ

પ્રેમ ! કેટકેટલાં રૂપ એનાં ! નટખટ, ઊછળતો, છટકતો, ગાતો, ગણગણતો, વર્ષતો, ભીંજવતો, ઘૂઘવતો, ગર્જતો, ધૂવાધાટ બનીને પછડાતો, નીલરંગી સરોવરના તરંગ શો ચંચળ, સમુદ્ર શો સ્થિર, ગંભીર...અને ક્યારેક ગેરમાર્ગે પણ દોરી જાય...

ઉત્પલા અને શિશિર નવાં નવાં પરણેલાં બન્ને તંદુરસ્ત અને મસ્તમિજાજી. એમનો પ્રેમ સ્ફટિક શો નિર્મળ, પણ એ પ્રેમે એક તબક્કે નટખટ નાયકનું રૂપ ધારણ કર્યું.

એક દિવસ આ પતિ-પત્ની કોઈ મુદ્દા ઉપર વિવાદમાં ઊતર્યાં. અને લડી પડ્યાં. પેલી બાળ કવિતામાં સૂરજ-ચાંદો લડી પડે એમ.

એ લડાઈમાં કશું ગુમાવવાનું  નહીં. કશુંક મળે. સૂરજ ચાંદોની લડાઈમાં બાળકને કોડી જડી હતી એમ. આ દંપતીના ઝઘડામાં ફળ ઝળૂંબી રહ્યું હતું - એક ગાઢ આશ્લેષ ! પણ એક શરત. શિશિરે ઉત્પલાની માફી માગવી પડે.

'ચાલો, માફી માગી.'

'એમ નહીં, લેખિત માફી જોઈએ.'

'લાવો કાગળ અને કલમ.'

'ફર્ગેટ મી નોટ'ની મુદ્રા સાથેનો સુગંધિત કાગળ અને પાર્કર પેન રજૂ થયાં.

નટખટ પ્રેમે શિશિરને ઉશ્કેર્યો. એક શરાબી મિજાજના રંગમાં શિશિરે માફી-પત્ર લખી દીધો.

પછી ખંડ ભરીને ખડખડાટ હાસ્ય. ગરજતું અને રણકતું હાસ્યયુગ્મ.

બીજે દિવસે ઉત્પલાએ કાગળને પોતાની અંગત અને કીમતી ચીજો સાથે એક બૅગમાં ભંડારી દીધો. કોઈ કોઈ વાર એ જોઈ-વાંચીને આનંદ મેળવી લેવાય એ હેતુથી. હતો ઝંઝાવાત, પણ ઝાડ ઊખડ્યાં નહીં અને મકાન ધરાશાયી થયાં નહીં. સમુદ્ર સ્થિર અને નિસ્પંદ સ્મૃતિ આનંદ આપ્યા કરતી.

વર્ષો વીત્યાં.

જોડું પરિવારમાં ફેરવાયું અને દુનિયામાં થતું આવ્યું છે એમ પાકટ વયે એક

દિવસ ઉત્પલા અવસાન પામી.

અવસાન પછી અનુકાર્યરૂપે બે યુવાન દીકરીઓએ ઉત્પલાની ચીજોનો ઘટતો નિકાલ કરવા માંડ્યો.

છેલ્લે એક બૅગ ઉઘાડી, એમાંથી એક પર્સ તપાસતાં એમાંથી એક પત્ર નીકળ્યો. વાંચ્યો અને બન્ને બહેનોએ આશ્ચર્યમૂઢ બનીને એકબીજા સામે જોયા કર્યું. કશું સમજાતું નહોતું.

ક્યાંથી સમજાય ? પેલા ઐન્દ્રજાલિક પ્રેમે 'ટાઇમ કૅપ્સ્યૂલ' બનીને એક નવો જ રંગ દાખવ્યો હતો !

*

## ૧૨૨. ટિકિટ વગરનો કાર્યક્રમ

એક સાહિત્યિક કાર્યક્રમના આયોજકો શ્રોતાઓની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા. કાર્યક્રમનો સમય છ વાગ્યાનો હતો. પાંચ અને પચાસ મિનિટ થઈ ચૂકી હતી. પાંચ-પચીસ માણસો હૉલ બહાર ઊભા હતા. આયોજકોએ કાર્યક્રમનો પ્રચાર તો ગણો કર્યો હતો. વ્યક્તિગત ટેલિફોન પણ ઘણા કર્યા હતા, છતાં શ્રોતાઓનો ભારે દુષ્કાળ વર્તાતો હતો. હવે તો એક શ્રોતા પણ એમના માટે મોટી રાહતરૂપ બનતો હતો.

દવાખાનું ખોલીને બેઠેલો નવો નવો દાક્તર દર્દીની સંખ્યા ગણતો રહે એમ આયોજકો શ્રોતાઓને ગણતા રહેતા હતા. હવે હૉલમાં પ્રવેશનાર એકેએક જણ એમને મન વી.આઈ.પી. હતો.

એવામાં રઘુરામનો પ્રવેશ થયો.

આયોજકોમાંથી બે જણ રઘુરામને ઓળખતા હતા. એ બે અને બીજા બે, એમ ચાર જણ એકસાથે રઘુરામને આવકારવા ધસી આવ્યા. એક જણે તો રઘુરામનો હાથ પકડી લઈને કહ્યું : 'તમે આવ્યા તે સારું થયું, રઘુરામભાઈ.'

'પુત્રવધૂનો આગ્રહ હોય છે એટલે નીકળું છું.' રઘુરામે વિવેક કર્યો.

'પુત્રવધૂને પણ લઈ આવવાં હતાં ને ?'

રઘુરામ મૂછમાં હસ્યા. આયોજકોની ગેરસમજ ઉપર સ્તો !

પુત્રવધૂએ તો રોજની જેમ આજે પણ એમને મંદિર તરફ જવાનું સૂચન કર્યું હતું : 'બાપુ, મંદિરનો સમય થયો. હવે દર્શન માટે કમાડ ઊઘડ્યાં હશે.' રઘુરામ કદી મંદિર જતા નહીં, છતાં પુત્રવધૂ રોજરોજ એમને મંદિરના સમયની યાદ દેવડાવતી.

રઘુરામ મંદિરની વાત સ્વીકારી લેતા અને બહાર નીકળ્યા પછી કોઈ ભીડ વગરનું આશ્રયસ્થાન શોધી કાઢતા આજે આ રસ્તે નીકળ્યા હતા અને હૉલનાં દ્વાર ખુલ્લાં જોઈ એમણે પ્રવેશ કર્યો હતો.

રઘુરામે બેઠક લીધી. હૉલ વાતાનુકૂલિત હતો. રઘુરામના મન અને શરીરને ઘણો કરાર થયો. રોજરોજ આવું સ્થાન મળી જાય તો સારું એવો એક વિચાર એમના મનમાં ડોકાયો. આયોજકો આઘાપાછા થયા હતા. એમાંના પેલા એક પરિચિત સાથે નજર મળી એટલે એમણે એમને ઇશારો કરીને પાસે બોલાવ્યા. રઘુરામ અધીરા થયા છે એવી સમજ હેઠળ એ ભાઈએ કહ્યું : 'હવે દસેક મિનિટ રાહ જોઈએ. પછી શરૂ કરાવી દઈશું.'

'કાર્યક્રમ ભલે મોડો શરૂ થાય. આપણને હરકત નથી, બેઠા છીએ.' આટલું કહી રઘુરામે પેલા ભાઈને પૂછ્યું : 'આવતી કાલે આવો કોઈ કાર્યક્રમ હોય તો કહેજો.'

'અમારો તો હવે કોઈ કાર્યક્રમ નથી.'

'તમારો ભલે ન હોય, બીજા કોઈનો હોય તોપણ શું ?' આપણે તો કાર્યક્રમથી નિસબત છે.'

'આવતીકાલે આ જ હૉલમાં એક કાર્યક્રમ છે, વ્યાપારી મંડળનો, આ જ સમયે.'

'એમાં ટિકિટ તો નથી ને ?'

'ના, પણ એમાં તમને મજા નહીં આવે.'

'મજાબજાનું તો ઠીક છે; ટિકિટ નથી એટલે આપણે આવીશું. આપણે તો સમય પસાર કરવાથી કામ છે.'

અને વિસ્મયમૂઢ થઈ ગયો હોય એમ આયોજક રઘુરામ સામે તાકી રહ્યો.

❊

## ૧૨૩. ટ્રક-ડ્રાઇવર

એક પુરાણી સાહિત્ય સંસ્થા તરફથી નવલકથાકાર કનકરાયને એમની અત્યંત લોકપ્રિય નીવડેલી નવલકથા 'ટ્રક-ડ્રાઇવર'ને કેન્દ્રમાં રાખીને સન્માનનો સમારંભ યોજાયો હતો. કનકરાય લોકપ્રિય નવલકથાકાર હતા. એમણે મધ્યમ અને નીચલા વર્ગનાં પાત્રો પસંદ કરીને ઘણી નવલકથાઓ રચી હતી. એ નવલકથાઓમાં આલેખાયેલાં મજૂર, કારીગર, ખેડૂત, રિક્ષાવાળા વગેરે પાત્રો લોકોમાં અત્યંત પ્રિય બની ચૂક્યાં હતાં, પણ એમની છેલ્લી નવલકથા 'ટ્રક-ડ્રાઇવર'નો સુખરામ તો વાચકોનાં

હૈયાં અને ચિત્તનો કબજો જમાવી બેઠો હતો. અંગ્રેજી નવલકથા 'બ્લેક બ્યુટી'એ જેમ માનવીને ઘોડાની સારીયે જાત તરફ અનુકંપાથી જોતો કર્યો હતો અથવા 'અંકલ ટૉમ્સ કૅબિન' નવલકથાએ ગુલામો પ્રત્યે માનવીની અપાર સહાનુભૂતિ પ્રગટાવી હતી, એમ કનકરાયની આ નવલકથાએ સુખરામ પાત્ર દ્વારા ટ્રક-ડ્રાઇવરો માટે ભારે મમતા જગાવી હતી.

આજના સમારંભમાં કેટલાક ટ્રક-ડ્રાઇવરો પણ ઉપસ્થિત હતા. સમારંભનો હૉલ ભરચક થઈ ગયો હતો. કેટલાક શ્રોતાઓ તો ભોંયતળિયે પણ બેસી ગયા હતા, અને ઘણાબધા દીવાલો તરફના માર્ગમાં ઊભા રહી ગયા હતા.

સમારંભમાં કનકરાય પ્રત્યેની લોકચાહનાનો જુવાળ સ્પષ્ટ વરતાતો હતો. વક્તાઓના પ્રવચનમાં પણ એ જ સૂર પડઘાતો હતો. અને ટ્રક-ડ્રાઇવર સુખરામ તો અહીંના વાયુમંડળમાં બરાબર છવાયેલો રહ્યો.

વળી કનકરાયે જ્યારે 'ટ્રક-ડ્રાઇવર' કથા વિશેની કેટલીક વાતો કરી ત્યારે તો શ્રોતાઓની આંખો ભીની પણ થઈ.

સમારંભ પૂરો થતાં સૌ વિખરાયા.

સાહિત્યસંસ્થાની પુરાણી રસમ પ્રમાણે કનકરાયને ઘેર પહોંચાડવાની કોઈ જોગવાઈ નહોતી. એ વ્યવસ્થા એમણે સ્વયં કરી લેવાની હતી.

હૉલનાં પગથિયાં ઊતર્યા ત્યાં સુધી તો કનકરાય એમના ચાહકોથી વીંટળાયેલા હતા, પણ હૉલ બહાર નીકળ્યા પછી તો સૌ પોતપોતાની દિશામાં વિખરાયા.

અને કનકરાય એકલા ચાલ્યા. માર્ગ ભરચક ટ્રાફિકવાળો હતો. કનકરાય ચાલી રહ્યા હતા. કદાચ કશાક વિચારોમાં ખોવાયેલા હતા, પણ કંઈ ગાફેલ તો નહોતા જ.

રોડ ઓળંગતાં પહેલાં એમણે જમણી તરફ જોયું. કાર, રિક્ષા, ટ્રક વગેરે વાહનો આવતાં હતાં, પણ અંતર સલામત હતું. અર્ધે આવ્યા પછી એમણે ટ્રાફિકના નિયમોને અનુલક્ષીને ડાબી તરફ પોતાનું ધ્યાન દોર્યું. અને આવતાં વાહનોનું અંતર સમજી લઈને આગળ વધવા માંડ્યું...

પણ ત્યાં તો એક રાક્ષસી કદનો કોઈ ખટારો એક કારને ઓવરટેક કરીને કનકરાયની લગોલગ ધસી આવ્યો. ટ્રક-ડ્રાઇવરે એકદમ બ્રેક મારી દીધી. કાનનો પડદો ચીરી નાખે એવો એક કર્કશ અવાજ થયો અને ગુસ્સાથી રાતાચોળ થઈ ગયેલા ડ્રાઇવરના મોંમાંથી કનકરાય માટે એક ગંદી ગાળ નીકળી. કનકરાય ટ્રક-ડ્રાઇવર તરફ ફાટી આંખે જોઈ રહ્યા એટલે વળી ઓર ગુસ્સે થઈને ડ્રાઇવર તાડૂક્યો : 'સાલા ડુક્કર, મરવાનો થયો છે ?'

કંઈ બોલ્યા વગર કનકરાય ફૂટપાથની કિનાર સુધી પહોંચી ગયા અને હજુય બબડી રહેલો ટ્રક-ડ્રાઇવર આગળ વધ્યો.

☼

## ૧૨૪. `ઠેર, મૈં આતા હૂં'

મારે જમનાદાસની ગાડીમાં અમદાવાદથી વડોદરા જવાનું હતું. વડોદરાનું કામ પત્યા પછી એ ગાડી મને વતનમાં મૂકી જવાની હતી. મને લાવવા લઈ જવાનું કામ જમનાદાસે એમના ડ્રાઇવર વિક્રમસિંહને સોંપ્યું હતું.

જમનાદાસની પાર્ક કરેલી ગાડી કાઢતી વખતે બાજુની એક ગાડીના પડખા સાથે જરા ભટકાઈ એટલે એ ગાડીના ડ્રાઇવરે આદતવશ વિક્રમસિંહને એલફેલ શબ્દો સાથે કહ્યું : 'અંધા હૈ ક્યા ?'

આ સાંભળી વિક્રમસિંહ ગુસ્સે તો થયો પણ મારા જેવા અતિથિનો બોજ એના માથે હતો એટલે એ ઝઘડામાં કૂદી ન પડતાં માત્ર સમસમી રહ્યો અને બોલ્યો : 'ઠેર, મેં આતા હૂં'

સતત તાણ હેઠળ કામ કરતા આ ક્ષેત્રના માણસોના ઝગડાનું સ્વરૂપ કદી હળવું હોતું નથી. એ પછી આ બે ડ્રાઇવરોના વ્યવહારની કલ્પનાએ મારા ચિત્તનો કબજો લીધો.

હું મુસાફરીમાં હોઉં ત્યારે વાહન બહારના પ્રદેશને નીરખીને રાચવા સિવાય બીજી કોઈ પ્રવૃત્તિ કરતો નથી. ટ્રેનમાં હોઉં ત્યારે રેલના પાટાની સમાંતર જતા ટેલિફોનના થાંભલા વચ્ચેના તાર ઉપર બેઠેલાં પંખીઓ, અવળી દિશામાં ભાગતાં વૃક્ષો, દૂરનાં ચકરાવાલેતાં ખેતરોને જોયા કરું છું. બસ કે કારમાં હોઉં ત્યારે રોડની બાજુનાં વૃક્ષો, એમનાં ફૂલનો ઉભાર, ઔદ્યોગિક વસાહતોનાં પાટિયાં...જે નજરે ચઢે તેને રસપૂર્વક જોયા કરું છું.

કંટાળા ભરેલા યાંત્રિક વ્યવસાયમાં ડૂબેલો હોવાના કારણે કુદરતને માણવાનો લહાવો મુસાફરી સિવાય ક્યાંય મળતો નથી. પણ આજે મુસાફરીનો આરંભ જ ક્લેશમાં થયો.

માર્ગમાં વૃક્ષો પર ફૂલના ઉભારને સ્થાને મને 'ઠેર, મૈં આતા હૂં' શબ્દો જ રોપાયેલા નજરે પડવા લાગ્યા...ચાર લેનવાળા માર્ગોની વચ્ચે રોપાયેલી બોગનવેલની ઝાડીના મથાળે લાલ ભડક રંગમાં મને પેલા શબ્દો જ વાંચવા લાગ્યા. અરે, માર્ગમાં

આવતી હોટલોનાં પાટિયાંમાં પણ મને એ હોટલોના નામને સ્થાને 'ઠેર, મૈં આતા હું' જ વંચાવા લાગ્યું.

બહાર તો ઠીક, ચિત્તમાં પણ એ શબ્દો પડઘાતા રહ્યા. આવતીકાલનાં વરવાં દૃશ્યો નજર આગળ નાચવા લાગ્યાં. છરા, ખંજર...લોહીમાં લથબથ શરીર...સાંજે મારું કામ આટોપાયું. જમવાના સમયે વિક્રમે જમવાની અનિચ્છા દર્શાવી.

અમે મારા વતન પહોંચ્યા ત્યારે રાત્રિના બાર વાગ્યા હતા. મેં કહ્યું : 'મધરાત થઈ છે. થાક્યા હશો. રસ્તો લાંબો છે. અહીં સૂઈ જાઓ, સવારે ચા-નાસ્તો લઈને નીકળી જજો.'

રાત્રિ રોકાણ માટે એ તૈયાર ન થયો. એના ચહેરા પર કશીક અધીરાઈ હતી. જવા માટે જ્યારે એણે ગાડી સ્ટાર્ટ કરી ત્યારે મેં વિક્રમસિંહને કહ્યું : 'ભાઈ, કાલે કંઈ ઝઘડો-બઘડો ન કરી બેસતા.'

'ઝઘડો ?' આશ્ચર્ય પામતો હોય એમ એ બોલ્યો : 'કંઈ સમજાયું નહિ, સાહેબ તમે શાના ઝઘડાની વાત કરો છો ?'

અને એના નર્યા કુતૂહલ ઝરતા આ શબ્દો સાંભળીને હવે મૌન ધારણ કરવાનું મને ઠીક લાગ્યું.

☼

## ૧૨૫. ઠેસ

પુત્રવધૂ બજારમાંથી કાપડ ખરીદી લાવી અને સાસુને ઉમળકાભેર બતાવી રહી હતી. થોડી વાર સુધી કાપડના જુદા જુદા પીસ બતાવ્યા પછી વહુએ જોયું કે સાસુના ચહેરા પર પ્રસન્નતાની કોઈ મહોર અંકિત થતી નથી. એટલે એણે કહ્યું : 'આમાંથી કોઈ પીસ ન ગમ્યો, મમ્મી ?'

સાસુએ જાત સંભાળી લીધી. અને કહ્યું : 'કેમ ન ગમે ? બધું કાપડ સરસ છે.'

વહુને સાસુના શબ્દોમાં રણકાર જણાયો નહિ એટલે એણે બધા પીસ સંકેલી લીધા અને એમને કબાટમાં મૂકતાં મનોમન બોલી : 'કોણ જાણે શું છે તે કાપડની વાતમાં જ એમનું મોઢું ચડી જાય છે !'

દીકરો ઘણું કમાતો હતો. ગરીબીના કપરા દિવસો કમુબહેન માટે હવે ભૂતકાળ બની ગયા હતા. ઘરમાં સુખસગવડનાં સાધનોની ઘણી ખરીદી થતી હતી. એ જોઈને

કમુબહેન રાજી થતાં, પણ વહુ જ્યારે મોંઘું કાપડ લઈ આવતી ત્યારે એમનું મોઢું પડી જતું. એવે સમયે એમને એક વખત દીકરીની આંખમાં ડળકી ગયેલાં આંસુ યાદ આવી જતાં. દીકરીએ ઉનાળાના વૅકેશનમાં રાત-દિવસ કપાસનાં કાલાં ફોલીને મજૂરીની સારી રકમ એકઠી કરી હતી. જૂનમાં કૉલેજ ઊઘડે એ પહેલાં એ આ રકમનું કાપડ ખરીદી લાવી અને હોંશે માને બતાવવા લાગી.

કાપડ ગમવા ન ગમવાની વાત બાજુએ રહી. માએ કહ્યું : 'કાલાંની રકમ તો તારી ફી અને ચોપડીઓ માટે હતી અને તું આ શું લઈ આવી ? આવું મોંઘું કાપડ આપણને પોસાય ? તને ભણાવવાની છે, મોટીને પરણાવવાની છે, ઘરના ખર્ચા કાઢવાના છે, આપણને આવો વૈભવ ન પોસાય, બેટા !'

માની વાત સાચી હતી. એની મજૂરીની કમાણી પર ઘર નભતું હતું. એ દીકરી સમજતી હતી. એટલે તો એનો ઉત્સાહ એકાએક પાણીના તરંગની જેમ વિસર્જિત થઈ ગયો અને એની આંખમાં આંસુ તગી રહ્યાં.

વહુ જ્યારે મોંઘું કાપડ ખરીદી લાવતી, ત્યારે કમુબહેન રાજી તો થતાં પણ એમની સ્મૃતિમાં દીકરીવાળો પ્રસંગ તાજો થઈ આવતો અને એમનું મન બોલી ઊઠતું : 'દીકરી બિચારી પહેલી વાર કૉલેજમાં પહેરવા સારું કાપડ લઈ આવી, અને મુઈ હું એ ન જીરવી શકી !'

હૈયાની આ એક ઠેસ કમુબહેનના ચહેરા ઉપર રાજીપો લાવવા ન દેતી. વહુ આ ક્યાંથી જાણે ?

※

## ૧૨૬. ડબલ્સ

પહેલાં તો એણે હૉલમાં જ્યાં વરવધૂના લગ્નનો વિધિ ચાલતો હતો એ ડાયાઇસ તરફ નજર વાળી. એક વિરાટ પારણું જાણે. ફરતે સાગની રંગેલી ચોરસ પટ્ટીઓ. ઉપર છત. અને છતને વળગેલી ડિઝાઇન. એ ડિઝાઇનમાં આરાવાળાં ચક્રોની લાઇન હતી. પહેલાં એણે એ ચક્રો ગણ્યાં. પછી એમાંથી કેટલાં તૂટેલાં હતાં એ ગણ્યાં. એ પછી એ ખંડિત ચક્રોમાં કયા ચક્રના કેટલા આરા તૂટેલા હતા એની મોજણી કરવા માંડી. કંટાળ્યો. એણે નજરને પ્રવેશદ્વાર તરફ વાળી. વિવિધ રંગનાં કીમતી વસ્ત્રોના ઠસ્સા સાથે દ્વારમાંથી કેટલીક સ્ત્રીઓ અને યુવતીઓ આવનજાવન કરતી હતી. યુવકો અને પ્રૌઢો પણ જુદી જુદી અદા અને છટા સાથે આંટાફેરા કરતા હતા. એક યુવકના

ચહેરાએ એનું ધ્યાન ખેંચ્યું. બરાબર સુરેશ જેવો એ લાગતો હતો. ઉપલા હોઠ ઉપરથી કાટખૂણે નીચેલા જડબા તરફ વાળી લીધેલી મૂછની કાળી પટ્ટી, લમણેથી આખા ગાલને ઓળંગી જતાં થોભિયાં. ચહેરોમહોરો બરાબર સુરેશ જેવો જ. એના પછી થોડે અંતરે એક યુવતી દાખલ થઈ. હા, એ બરાબર ઉર્વશી જેવી જ લાગતી હતી. આંખ, નાસિકા, ગરદન અને ચાલ—બધું જ ઉર્વશીનું જાણે !

એને આ પ્રવૃત્તિમાં રસ પડ્યો. એક ભારે આશ્ચર્ય વચ્ચે એ અનુભવી રહ્યો કે એની નજર જે જે વ્યક્તિ ઉપર પડતી હતી એ બધીય એક યા બીજી રીતે પોતાની કોઈ ને કોઈ પરિચિત વ્યક્તિ સાથે મળતી આવતી હતી. રોમાંચક અનુભવ હતો. કોઈ વ્યક્તિને જોયા પછી એ પોતાની સ્મૃતિને બરાબર ફંફોસી લેતો અને એમાંથી સમરૂપતાવાળી કોઈ ને કોઈ વ્યક્તિ જડી આવતી હતી.

પાંજરામાં બેઠેલાં વરવધૂ તરફ એ ભાગ્યે જ દષ્ટિપાત કરતો. એની નજર તો હવે પ્રવેશદ્વારથી પાછી વળીને હૉલમાં ચહેરે ચહેરે ફરવા લાગી. એક વખત એની નજર ફરી પાછી પ્રવેશદ્વાર તરફ વળી. એક પ્રૌઢ છતાં જાજરમાન સ્ત્રીના ચહેરા ઉપર એની નજર સ્થિર થઈ. એ એના આખા દેહને જોઈ રહ્યો. ભૂમિથી એની નજર કેટલી ઊંચાઈએ રહેતી. એ પણ એણે જોયું - આ સ્ત્રી તો બરાબર સંધ્યા જેવી જ લાગે છે. સંધ્યા જ જોઈ લો જાણે. એ જ અદા...

સ્મૃતિને વધારે ડહોળતાં એનું મન ખિન્ન થઈ ગયું. ચહેરાની એકરૂપતા તપાસવાની એણે આદરેલી પ્રવૃત્તિ આમ કોઈ ઉદ્વેગને પ્રેરશે એવી એને ખબર નહોતી. નહીંતર ઝંઝટમાં એ ન પડત. એકાએક એ ખુરશીમાંથી ઊભો થઈ ગયો. પેલી સ્ત્રી હજુ ઊભી ઊભી કોઈ ખાલી સ્થાન માટે નજર ફેરવી રહી હતી.

એણે ઝડપથી દરવાજા તરફ કદમ ભરવા માંડ્યાં. એક વખત ફરીથી પાછળ નજર કરી લીધી. હજુય પેલી સ્ત્રી ખાલી જગ્યા શોધી રહી હતી.

દરવાજામાંથી બહાર નીકળતાં એ બબડ્યો : ‘‘સાલાં, માણસો પણ કેવાં એકબીજાને આબાદ મળતાં આવે છે !’’ અને કશુંક ખંખેરી નાખતો હોય એમ એણે પોતાની ચાલ ઝડપી કરી.

હજુય પેલી સ્ત્રી હૉલમાં નજર ફેરવી રહી હતી. એને જગ્યા શોધવાની મૂંઝવણમાં જોઈ કોઈ બીજી સ્ત્રીએ જરા ઊંચા સાદે કહ્યું : ‘‘આવોને, સંધ્યાબહેન, આ બાજુ એક ખુરશી ખાલી છે.’’

પણ એ અવાજ કંઈ પ્રવેશદ્વાર સુધી પહોંચે એવો નહોતો.

❊

## ૧૨૭. ઢાંકણ

જમિયત એના શ્વશુરને ત્યાં ન છૂટકે જતો. જવું પડ્યું હોય તોપણ કોઈ ને કોઈ બહાનું કાઢીને સસરાના ઘરમાં ભોજન કે ચા-નાસ્તો લેવાનું ટાળતો. હોશિયાર હતો, સિફ્તપૂર્વક એ ટાળી શકતો.

સસરા નંદુભાઈ કદાચ જમાઈની આ ચાલ સમજી ગયા હતા, પણ પોતે જમાઈની વાત બરાબર સમજ્યા હોય એમ હસી લઈને કશો આગ્રહ ન કરતા. પોતે કોઈ વાતે નારાજ છે એવું ન લાગે એટલે જમિયત ક્યારેક બરાબર ઑફિસે જવાના સમયનો જ મેળ લઈને, બહાર સ્કૂટર ઊભું કરી દઈને ઊભો ઊભો ઘરનાં માણસોને મળી લઈને ભાગતો. ક્યારેક ઑફિસેથી વળતાં આવો ખેલ ભજવી લેતો.

એક દિવસ જમિયતનો મિત્ર સોમચંદ્ર એને મળવા આવ્યો. એણે જમિયતને કહ્યું : 'જ્ઞાતિસભાએ એક કામ માથે માર્યું છે, યાર.'

'એવું તે શું કામ સોંપ્યું છે, જેથી આવું બોલે છે ?'

'જ્ઞાતિનો ઇતિહાસ લખવાનું મને સોંપ્યું છે. આ કામ માટે તારા સસરાની મદદ લેવી પડશે. જ્ઞાતિના એ નેતા અને આબરૂદાર માણસ છે એટલે એમનો સાક્ષાત્કાર કરવો પડશે. બોલ, ક્યારે જઈશું ?'

થોડોક વિચાર કર્યા પછી જમિયત બોલ્યો : 'મંગળવારે જઈએ.'

'એ દિવસે તો આપણા બન્નેની નોકરી ચાલું. રજા લેવી પડે.'

'તે લેજે. એક દિવસ આરામ મળશે.'

મંગળવારે બંને મિત્રો નંદુભાઈને ત્યાં પહોંચ્યા.

નંદુભાઈએ એમને મીઠા સ્મિત સાથે આવકાર્યા. પછી સહેજ મર્મભર્યું હસીને એમણે જમિયતને કહ્યું : 'તમે ઠીક મંગળવાર સાધ્યો, જમાઈરાજ. તમારા ઉપવાસનો દિવસ !'

સોમચંદ્રે ખુશામતના હેતુથી નંદુભાઈનાં ખૂબ વખાણ કર્યાં. જવાબમાં નંદુભાઈ બોલ્યા : 'અરે ભાઈ, આવું કંઈ નથી.' પછી જમિયત તરફ ફરીને મર્મભર્યું સ્મિત કરતાં કહ્યું : 'ખરું ને, જમાઈરાજ ?'

પછી કામની વાત શરૂ થઈ. થોડી વારે ચા-નાસ્તાની દરખાસ્ત. નંદુભાઈ બોલ્યા : 'જમાઈરાજને તો પાકો મંગળવાર ! આ પાકા ઉપવાસમાં ચા તો પિવાયને ?'

જમિયત ઠાવકાઈથી બોલ્યો : 'જરાક ટી-ટાઇમ થવા દો. સોમચંદ્રને નાસ્તો પણ વહેલો પડશે.'

'જમાઈરાજનું કામ ગણતરીવાળું,' નંદુભાઈ બોલ્યા : 'એમનું માન રાખો. એ કહે ત્યારે ચા-નાસ્તાનું ગોઠવો.' જમિયતે સૂચવ્યું એ પછી ચા—નાસ્તો આવ્યો. જમિયતે ફક્ત ચા લીધી.

સોમચંદ્રનું કામ પૂરું થયું હતું એટલે તે લોકો જવા માટે ઊભા થયા. બહાર નીકળ્યા પછી થોડેક દૂર જઈને જમિયતે સ્કૂટર થોભાવી દીધું. એ એક મકાનના ખૂણા પર જઈને એણે ગળામાં આંગળાં નાખવા માંડ્યાં.

જમિયત શું કરી રહ્યો છે એ સોમચંદ્રને સમજાયું નહિ.

જમિયતે ઓકવા માંડ્યું, ઓકી નાખ્યું. પેટ કે જઠરમાંથી કશુંક ખાલી થઈ ગયું જાણી એણે એક 'હાશકારો' ઉચ્ચાર્યો અને સ્કૂટરને કીક મારી.

સોમચંદ્રે સવાલ તો કર્યો, પણ જમિયતે આટલું જ કહ્યું : 'સેન્સેશન બીજું કશું નહીં.'

જમિયત કશુંક ઢાંકવા માગતો હતો. સસરા એમના બેડરૂમના એક કબાટમાં કેટલું બધું ઢાંકી રાખતા હતા !

✳

## ૧૨૮. તમે આવ્યા...?

એમનો પહેલો સંવાદ તો કોઈ મિત્રના સહારે ઇલેકટ્રોનિક મીડિયમ દ્વારા થયો. આ પ્રથમ સંવાદ દ્વારા એ બંને એકબીજા તરફ આકર્ષાયાં. બંને નીચલા મધ્યમવર્ગનાં એમના માટે ઇન્ટરનેટ કે સાયબર કાફે સુગમ નહોતાં. ટેલિફોન ઉપર લાંબા લાંબા સંવાદ એમને આર્થિક રીતે પોસાય એમ નહોતા. એમણે પત્રનો ધોરીમાર્ગ પસંદ કર્યો. ક્યારેક કવરમાં તો ક્યારેક પોસ્ટકાર્ડમાં.

હૈયામાં ઊંડે ઊંડે કશુંક પાંગરતું હશે. પણ એમ કઈ અધીરાઈથી એ કહી નંખાતું હશે ? પત્રોમાં સંવાદ ચાલ્યા કરતો હતો અને કશુંક ગૂંથાતું જતું હતું.

સંવાદ માટેની સામગ્રી એમની પાસે અણખૂટ હતી. અતુલ હતો ખગોળશાસ્ત્રનો અભ્યાસી અને લીના હતી જીવશાસ્ત્રની વિદ્યાર્થિની.

અતુલ એના પત્રોમાં 'બીગ બેન્ગ'થી માંડીને 'બ્લૅક હોલ' સુધીની વિસ્મયભરી વાતો લખતો. અને લીના પતંગિયાથી માંડીને સાપ વિશે લખતી.

આ પત્રમાળાનો એક વિશેષ એ હતો કે અણઘટતી ચેષ્ટા સમજીને બંનેમાંથી કોઈએ એકબીજાના ફોટોગ્રાફની માંગણી કરી નહોતી. આના વિકલ્પે એમણે

એકબીજાના ચિત્તમાં એક માનસ છબી આલેખવા માંડી હતી. ક્યારેક ક્યારેક નવા મળેલા પત્રના આધારે એ છબીમાં નવી રેખાઓ ઉમેરાતી. અથવા ભૂંસાતી. ક્યારેક તો આખું ચિત્ર બદલાઈ જતું અને નવી જ છબીનું નિર્માણ થતું.

લીનાના એક પત્રમાં એની અટકનો અણધાર્યો ઉલ્લેખ અતુલે જોયો. લીના કોઈ રજપૂતકન્યા હતી. અતુલના ચિત્તમાં એક નવી જ છબી આકારાઈ ગઈ. રાજપૂતકન્યા એટલે રાજકન્યા. અતુલનું મન કલ્પનાની પાંખે ઊડવા લાગ્યું...

રાજકુમારી ! ઊંચી, સોહામણી, ગૌર-ગુલાબી ચમકતી ત્વચાવાળી અને ચમકતાં નયનવાળી કન્યા !

પછીનાં પત્રોમાં એક રાજકન્યાનો ચહેરો જ ઊપસવા લાગ્યો. રણકતો ધ્વનિ ઊઠવા લાગ્યો. રૂપાની ઘંટડીઓ રણક્યા કરતી હોય એવો સ્વર...

કેટલા બધા સમય સુધી આ દર્શન અને શ્રવણ ચાલ્યા કર્યાં બગીચાનાં ફૂલ અને વૃક્ષની ડાળીઓમાંથી વહેતાં વિહંગ સૂર !...

એક દિવસ લીનાનો પત્ર આવ્યો : 'નોકરીની ફરજના ભાગરૂપે તમારા શહેરમાં આવવાની છું.'

પછી તો, લીના અને અતુલ વચ્ચે ટેલિફોન પર આ સંવાદ થયો.

'જરૂર આવો, હું તમને સ્ટેશને લેવા આવીશ.'

'એમ કરવાની જરૂર નથી, હું જ તમારું ઘર શોધી લઈશ.'

'મારું ઘર ઝટ જડે એવું નથી. હું સ્ટેશન પર આવીશ જ.'

'પણ તમે મને શી રીતે ઓળખશો ?'

'એ તે કંઈ મોટી વાત છે ?' પ્લૅટફૉર્મ ઉપર બધાં યાત્રિકોથી જુદી પડતી એક જાજરમાન યુવતી અતુલની કલ્પનામાં ઊભરી રહી.

'અઘરી વાત નથી. હું એક ક્ષણમાં ઓળખાઈ જાઉં એવી છું. માછણની ટોપલીમાં સમાઈ જાઉં એટલા કદની, શ્યામવર્ણી, બહાર તરતી મોટી આંખો...'

નિશ્ચિત દિવસે ટ્રેનના સમયે અતુલ પ્લૅટફૉર્મ ઉપર પહોંચ્યો. કોચમાંથી ઊતરતી લીના તરફ એ હરખભેર ધસી ગયો.

આશ્ચર્યથી મૂઢ થઈ ગઈ હોય એમ લીના અતુલ સામે જોઈ રહી. પછી બોલી : 'તમે આવ્યા ?'

હવે આશ્ચર્ય પામવાનો અતુલનો વારો હતો.

'કેમ આવું કહો છો ?'

'હું સમજતી હતી, તમે નહીં આવો. નહીં જ આવો !'

અને પ્રત્યુત્તર માટે અતુલ શબ્દો શોધી રહ્યો. શબ્દો જીભ ઉપર હતા છતાં!

*

## ૧૨૯. તરસ

રોજની આદત પ્રમાણે કશી જ ઉત્સુકતા સિવાય સુકેતુએ છાપામાં છેલ્લા પાનાની જાહેરખબરો ઉપર નજર ફેરવવા માંડી. કદાચ કોઈ જાણીતું નામ 'બેસણા'ની ખબરમાં પ્રગટ થયું હોય ! ક્યારેક તો આડી-ઊભી ચાવીઓમાં રસ દાખવતા કિશોરની જેમ એ આ ખબરોમાં સ્ત્રી-પુરુષોની સંખ્યા, જાતિ, જ્ઞાતિ, ધર્મ, સ્થળ, કાળ આવું આવું ચાના ઘૂંટ ભરતાં ભરતાં નિર્લેપ ભાવે તપાસતો. જાણે એક રમત જ...

પણ આજે નજર એક ખબર પર અટકી ગઈ. અટકેલી જ રહી...

ચાનો કપ હોઠથી એક વેંતના અંતરે રહી ગયો.

એણે મારુતિને સાદ પાડ્યો. મારુતિ એના ઘરનો સઘળો વહીવટ સંભાળનાર વફાદાર સેવક હતો. હોમ સેક્રેટરી જ સમજો. મારુતિ આવ્યો. 'પાર્ટીનો કાર્યક્રમ રદ કરો.' સુકેતુએ કહ્યું.

મારુતિ બોલ્યો : 'બધી તૈયારીઓ થઈ ગઈ છે. હોટલ બુક થઈ ગઈ છે. આમંત્રણ કાર્ડ પણ સૌને મળી ગયાં હશે. પાર્ટી રદ કરવાથી આર્થિક નુકસાન પણ થશે.'

'એ બધું સાચું પણ હવે પાર્ટી નહીં થાય. આમંત્રિતોને ફોનથી ખબર આપી દો.' જવા માટે મારુતિએ ચાર ડગલાં ભર્યાં અને પાછો આવ્યો. પૂછ્યું : 'પાર્ટી રદ કરવા પાછળનું શું કારણ આપીશું ?'

સુકેતુ જરાક ગૂંચવાયો.

મારુતિના પ્રશ્નનો જવાબ જલદી જડે એવો નહોતો. વાત નાની હતી પણ એની છાયા બૃહદ હતી. સંબંધ કે પરિચય કશાં નહોતાં, પણ હૈયે અમાસની ભરતી ચઢી રહી હતી. હા, એ જીવતી હતી ત્યારે એના દર્શનથી અનેક વાર પૂનમની ભરતી ચઢી હતી.

સાંકડી શેરી. સામસામે ઘર. એનું ઘર ઉનાળામાં એકાદ મહિના જેટલા સમય માટે ઊઘડતું. એનું કુટુંબ ભર ઉનાળે સિમલામાં રહેવા આવ્યું હોય એવા ઠાઠથી રહેતું.

ન્યાત જુદી હતી. જાત જુદી હતી. ધર્મ જુદો હતો. કશી લેવાદેવા નહોતી, છતાં આસક્તિ પાર વગરની હતી. એના દેહની આછી સરખી ઝાંખી માટે પણ એ કેટલો બધો તલસતો હતો ! ચહેરાને 'ચાંદના ટુકડા'ની ઉપમા એણે ફિલ્મોમાં ખૂબ સાંભળી

હતી, પણ આના તો આખા દેહ માટેનું ઉપમાન એ શોધતો હતો, શોધતો રહ્યો હતો. આજ એના મૃત્યુની ખબર વાંચી. ત્યાં સુધી એને કોઈ ઉપમાન જડ્યું નહોતું. બારીમાંથી ડોકાતા, બારીની આડશમાં, અગાશીમાં, ઊંડે ઘરની ફર્શ ઉપર, ઘરના પગથિયે ચઢતાં-ઊતરતાં, ઘરની બહાર જતાં કે બહારથી આવતા રસ્તા પર એને એનો દેહ જુદા જુદા રૂપે નજરે પડી જતો. ક્યારેક સન્મુખ, ક્યારેક પીઠભર, ક્યારેક પાર્શ્વદર્શન રૂપે...એક તીવ્ર તરસથી એ એના દેહને નીરખતો રહ્યો હતો.

એની સાથે કોઈ પણ પ્રકારે સંવાદ થયો નહોતો. પરિચય કે સંબંધનો કોઈ અવકાશ નહોતો એની એને બરાબર જાણ હતી એટલે પ્રેમમાં પડવાનું સ્વપ્નું પણ એણે કદી સેવ્યું નહોતું. છતાં એ કશુંક પામ્યાની તૃપ્તિના ઓડકાર ખાતો રહેતો હતો. હૈયામાં કંઈક એવું ઘૂમરાતું હતું જે લય બનીને લોહીમાં વહેતું હતું.

એ શું પામ્યો હતો એની એને ખબર નહોતી.

છતાં ભારે ઉમંગથી યોજેલી પાર્ટી એણે છાપામાંની ખબર જોઈને રદ કરી.

❊

## ૧૩૦. તલાશ

'ઓપન યોર બૅગ, પ્લીઝ' કસ્ટમ ઑફિસરે કહ્યું અને મારા સ્મૃતિપટ પર એક ઘટના ઊપસી આવી. એ વખતે મેં પણ એક છાત્રની રૂમમાં જઈને કહ્યું હતુંઃ 'તારી બૅગ ખોલ...'

છાત્રાલયમાં ઉપરાઉપરી ચોરીઓ થતી હતી. પેનો, પુસ્તકો, પૈસા, નાનીમોટી વસ્તુઓ...ચોરીનો ઉપદ્રવ દિવસે દિવસે વધતો જતો હતો. એક દિવસે એક છાત્રનું કીમતી ઘડિયાળ ચોરાયું. એણે મને ફરિયાદ કરી અને એક છોકરા પર શંકા દર્શાવી. એ શંકાના આધારે હું એની રૂમમાં પહોંચ્યો. અને મેં રેકટરની હેસિયતથી બૅગની તલાશી લેવા હુકમ કર્યો.

પ્રથમ તો છોકરો ડઘાઈ જ ગયો, પણ મારી સૂચનાનો અમલ કર્યા વગર છૂટકો નહોતો, એણે એની બૅગ ઉઘાડી અને બૅગમાંથી એક પછી એક વસ્તુઓ, કપડાં વગેરે બહાર કાઢવા માંડ્યું.

અત્યારે હું પણ એ જ કરી રહ્યો હતો. પુસ્તકો, કપડાં, નાનીમોટી ચીજવસ્તુઓ એક પછી એક બૅગમાંથી કાઢીને બહાર મૂકતો હતો અને કસ્ટમ અધિકારી કોઈ ચોરીની તલાશ લઈ રહ્યો હોય એમ ઝીણી નજરે એ બધું જોઈ રહ્યો હતો. પૅકેટ

અને પાર્સલ પણ ખોલતો હતો.

હું પણ પેલા છાત્ર પાસે એવું જ કરાવતો હતો ને ! રંગની પેટી, રબર-પેન્સિલનું બૉક્સ, કંપાસપેટી બધું જ ખોલાવ્યું હતું. કપડાં પણ ખંખેરીને ફર્શ પર મુકાવતો હતો. એક કપડામાંથી એક કવર સરી પડ્યું હતું. તેને પણ ઝડપ મારીને મેં ઊંચકી લીધું હતું. કાગળ સંતાડેલો હતો એટલે એમાં કંઈક રહસ્ય હોવું જોઈએ એમ ધારીને સ્તો ! જોકે એ કાગળમાં એવું કંઈ નહોતું. કાગળ એના પિતાનો હતો. પિતાએ એક વાક્યની નીચે લીટી દોરીલી હતી એટલે એ મારા વાંચવામાં આવ્યું. એ વાક્ય હતું : 'ગુરુજનોને આપણા માટે કશી ફરિયાદ ન રહે એવું વર્તન રાખવું અને સૌની સાથે હળીમળીને રહેવું.'

કસ્ટમ ઑફિસરના એક પ્રશ્ને મને સ્મૃતિભંગ કર્યો : 'કસ્ટમપાત્ર ચીજોમાં તમે આની નોંધ કરી છે ?' બૅગમાં દેખાયેલા એક કૅમેરા તરફ એની આંગળી ચીંધાયેલી હતી.

'ના.'

'તમારે આની ડ્યુટી ભરવી પડશે. આનું બિલ લાવો.'

'પણ આ તો અમેરિકામાં રહેતા મારા મિત્રે મને ભેટ આપેલો છે. અમેરિકાના મારા પ્રવાસ દરમિયાન એક અંગત ચીજ તરીકે મેં એનો ઉપયોગ કર્યો છે !'

'હરકત નહીં, એની કિંમતની નોંધ અમારી પાસેથી મળી રહેશે.'

'પણ...' હું કશીક દલીલ કરું એ પહેલાં કસ્ટમ ઑફિસર બોલ્યો : 'તમારા જેવા શિક્ષિત દેખાતા માણસો આમ કસ્ટમની ચોરી કરવા પ્રયત્ન કરે પછી...' એણે વાક્ય અધૂરું છોડી દીધું.

હું ધૂંધવાઈ ઊઠ્યો. મારી પાસે કોઈ જવાબ નહોતો. મેં આજુબાજુ જોયું. કસ્ટમ ખાતાના ચારપાંચ માણસો મારી તરફ ઉપહાસની નજરે જોઈ રહ્યા હતા.

પેલા છાત્રની પણ એવી સ્થિતિ હતી ને ! આખી રૂમ બીજા છાત્રોથી ભરાઈ ગઈ હતી. અને એમની નજર હેઠળ એની જડતી લેવાઈ રહી હતી. એ ધૂંધવાયો હતો કે કેમ એની ખબર નહોતી. એની બૅગના તળિયે પાથરેલો છેલ્લો કાગળ એણે બહાર મૂક્યો ત્યાં સુધી એણે ઊંચું જોયું નહોતું. એની આંખમાંથી આંસુ ટપકતાં હતાં. એ હું જોઈ શક્યો હતો.

અને એ આંસુનો અર્થ આજ આટલે વર્ષે સહારા ઍરપોર્ટ પર મને સમજાઈ રહ્યો હતો.

✻

# ૧૩૧. તાજી હવા

તાજી હવાના શોખીન ઝુમખલાલ છેલ્લા સમયથી રાત્રે સૂતાં અગાઉ પલંગની બારી બરાબર બંધ કરી દેતા. બંધ કર્યા પછી બારીની બંને સ્ટૉપરો બરાબર ચુસ્ત થઈ છે કે નહીં એ ચકાસી લેતા. તાળું વાસ્યા પછી એકબે વાર કોઈ એને ખેંચી જુએ એવી મનોવૃત્તિથી સ્તો !

સામેના મેદાનમાંથી આવતા પવનને ફેફસાંમાં ભરપૂર ભરી લેવાના આદિ બની ગયેલા પતિની જૂન-જુલાઈના ભારે બફારાના દિવસોમાં પણ બારી બંધ રાખવાની ચોકસાઈ જોઈ એમની પત્નીને ભારે આશ્ચર્ય થતું. એક દિવસે એણે પૂછ્યું પણ ખરું : 'આવા કપરા બફારાના દિવસોમાં પણ બારી કેમ બંધ રાખો છો ?'

ઝુમખલાલે, 'બફા સો નફા' કહી જરા હસી નાખ્યું, પણ કશા કારણને માર્ગ ન આપ્યો.

એક શિયાળાની કડકડતી ઠંડીની સવારે ઊંઘમાંથી જાગ્યા પછી ઝુમખલાલ પથારીમાં બેસીને ઈશ્વર સ્મરણ કરી રહ્યા હતા, ત્યારે પત્ની હાથમાં છાપું લઈને એમની પાસે આવી અને છાપામાં છપાયેલી એક લાશના ફોટા તરફ એમનું ધ્યાન દોરીને બોલી : 'જુઓ તો, આ પેલો જ માણસ લાગે છે !'

ઝુમખલાલ હજુ તો બાજુના ટેબલ પરથી ચશ્માં લઈને નાકની દાંડી પર ઠરાવે ત્યાં સુધીમાં પત્નીએ કહી જ દીધું : 'હા, એ જ છે, મનસુખ !'

ઝુમખલાલે છાપા પર નજર માંડી. પછી વિગત વાંચી. કોઈ માણસે આપઘાત કર્યો હતો. આપઘાત કરનારના પહેરવેશના વર્ણન સિવાય બીજી કોઈ માહિતી નહોતી. લાશના વાલીવારસોએ પોલીસનો સંપર્ક સાધવા જણાવવામાં આવ્યું હતું.

ઝુમખલાલે લાશને બરાબર ઓળખી લીધી. પછી એમણે એક ઊંડો શ્વાસ લીધો. અને બોલ્યો : 'હા, લાશ મનસુખની જ છે.'

'હતોય મૂવો અડબમ જેવો !'

'હા, જડ પણ એવો. એણે કરસન પટાવાળાનું ગળું પકડ્યું એ વખતે બે કારકુનો વચ્ચે ન પડ્યા હોત તો કરસનના રામ રમી જ ગયા હોત !'

'એ વાંકે જ તમે એને નોકરીમાંથી કાઢી મૂક્યો હતો. ખરું કે ?'

'હા, એ કારણે જ એને છૂટો કર્યો હતો.'

'બેકાર થઈ શહેરમાં રખડ્યા કરતો હતો.'

'એવા માણસને નોકરીમાં રાખે પણ કોણ ?'

અને દિવસ દરમિયાન એક અથવા બીજા નિમિત્તે મનસુખની વાત નીકળતી રહી.

અને રાત્રે ઝુમખલાલ સૂવા માટે પલંગમાં લાંબા થયા, ત્યારે એમણે બે હાથનું જોર દાખવીને ધડાધડ અવાજ સાથે બારી ખોલી નાખી.

પત્નીનું ધ્યાન ખેંચાયું. એણે કહ્યું : 'બારી કેમ ખોલી નાખી ?'

'જરા તાજી હવા ખાઈએ.'

'તાજી હવા ? આ તે તાજી હવા છે કે છરીની ધાર જેવો કડકડતી ઠંડીનો પવન ? ભલા થઈને બારી બંધ કરી દો, માંદા પડી જશો.'

'છરીની ધારથી તું શું કામ બીએ છે, હું નથી બીતો ને !'

❊

# ૧૩૨. તેજાબની લકીરો

કૉલેજના વાર્ષિકોત્સવ માટે નાટકની પસંદગી થઈ. એ પછી જ્યારે એમાં અભિનય આપનારનાં નામ જાહેર થયાં ત્યારે સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. પોતાના પારાવાર સૌંદર્યમાં અભિમત્ત રહેનારી આ છોકરી નાટકનું આ પાત્ર ભજવી શકશે ? પોતાની કારમાંથી ઊતર્યા પછી જમીન પર ચાર વેંત ઊંચી ચાલનારી આ છોકરી હતાશાથી ભાગી પડેલી વૃદ્ધાનું પાત્ર ભજવશે ? આયોજકો ભીંત ભૂલ્યા છે. નાટક નક્કી નિષ્ફળ જવાનું...

આવા આવા અભિપ્રાયો વહેતા થયા હતા. પણ જ્યારે નાટકની પ્રેક્ટિસ શરૂ થઈ ત્યારે સૌની ધારણા આમૂલ ખોટી પડી. પ્રેક્ટિસ અને રિહર્સલનો આરંભ થયો એ દિવસથી જ ઈશાના અભિનયનો વિજય ડંકો વાગવા લાગ્યો.

કૉલેજના સેન્ટ્રલ હૉલમાં નાટકનું રિહર્સલ થતું હતું. એક સાધારણ ઠપકાથી રિસાઈને ઘર છોડીને નાસી ગયેલા પુત્રના પુનરાગમનની રાહ જોવામાં નાયિકાનાં વર્ષો વીતી ગયાં હતાં. રોજ આંગણામાં કે બારીએ ઊભા રહીને વાટ જોતી આ વૃદ્ધાની આંખ હવે થાકી હતી. નજર ઝાંખી થઈ ગઈ હતી. શરીર કંતાઈને કૃશ થઈ ગયું હતું. માથા ઉપરનો એકેએક વાળ ધોળો થઈ ગયો હતો...

રોજ રોજ નાટકની પ્રેક્ટિસ જોનારની સંખ્યા વધતી જતી હતી. કલ્પી ન શકાય એવું વ્યક્તિત્વ પરિવર્તન દાખવી શકનાર ઈશાના અભિનય ઉપર જોનાર સૌ વારી જતાં હતાં. એની આંગિક મુદ્રાઓ કે વાચિક ઉક્તિઓમાં પ્રગટતા એના સત્ત્વને જોઈને

સૌના મુખમાંથી 'વાહ !' શબ્દનો એક તદ્દન સ્વાભાવિક ઉદ્‌ગાર નીકળી જતો હતો. નક્કી, આ છોકરીએ પિતૃપક્ષે કે માતૃપક્ષે કોઈ દાદીમાને આ હાલતમાં નિહાળ્યાં હશે. એ સિવાય આવો અભિનય સંભવે જ નહિ.

રિહર્સલ પૂરું થતું એટલે ઈશા એના મૂળ ઠસ્સા સાથે પોતાની કાર હંકારીને ચાલી જતી...ઉત્સવનો દિવસ આવ્યો.

પાત્રોના મેક-અપ માટે એ કળામાં પંકાયેલા મિ. ખાન નામના એક ભાઈને વડોદરાથી ખાસ બોલાવવામાં આવ્યા હતા. એક શિલ્પી ટાંકણાથી એની મૂર્તિને સજીવ બનાવી મૂકે એવી જ કુશળતાથી મિ. ખાન અડધું નાટક તો મેક-અપ દ્વારા પાત્રના મુખ ઉપર જ આલેખી દેતા.

ઈશા મુખ્ય પાત્ર હતી. એના મેક-અપ માટે ઘણી મહેનત લેવાની હતી. કડક કૉફીના ઉપરાઉપરી બે કપ પીને ખાને પોતાનું કામ શરૂ કર્યું. બેઝ લગાવ્યા પછી ચહેરા પર જેમ જેમ શ્યામ શેડ્‌ઝ અને રેખાઓ અંકાતાં ગયાં તેમ તેમ ઈશાના મન ઉપર તેજાબની લકીરો ખેંચાતી હોય એમ અંદરથી ચીસ ઊઠવા લાગી. અને છેલ્લે જ્યારે ઈશાના કાળા ભમ્મર વાળ શ્વેત બન્યા ત્યારે તો એ ઊભી જ થઈ ગઈ. એના મુખમાંથી ગુસ્સાભર્યો એક સહજ ઉદ્‌ગાર નીકળી પડ્યો : 'નથી ભજવવું મારે આ નાટક !'

મિ. ખાન ઈશાના આ શબ્દો સાંભળી રહ્યા. એ ઉદ્‌ગારમાં તો એમને પોતાની કળાનો વિજય દેખાયો. એ સ્મિત વેરી રહ્યા.

નાટક ભજવાયું તો ખરું, પણ સાવ નિષ્ફળ ગયું. લગભગ બે હજાર પ્રેક્ષકોનો એક જ અભિપ્રાય હતો : 'નાટક સારું હતું પણ નબળા અભિનયને કારણે નિષ્ફળ ગયું.' અભિનય માટે નાયિકાની પસંદગી સાવ ખોટી હતી. લાગણીના ભરપૂર ભરતી-ઓટવાળા નાટકમાં આવો ભારેખમ અને ચીડિયો ચહેરો તે કેમ ચાલે ? આખું નાટક બગાડી નાખ્યું !

❊

# ૧૩૩. તૃપ્તિના ઓડકાર

હાવડા સ્ટેશને ચુનીલાલ 'કાલકા'માંથી ઊતર્યા અને એક સફેદ યુનિફૉર્મમાં સજ્જ માણસે એમની સામે આવીને વિનયપૂર્વક પૃચ્છા કરી : 'આપ ચુનીલાલભાઈ ?'

'હા.'

'હું આપને લેવા આવ્યો છું.'

ચુનીલાલને સમજતાં વાર ન લાગી. મધુકરે પોતાને લેવા ડ્રાઇવરને સ્ટેશન પર મોકલ્યો હતો. એમણે કહ્યું : 'મધુકર...'

ચુનીલાલનું વાક્ય પૂરું થાય એ પહેલાં ચબરાક ડ્રાઇવરે ઉત્તર આપી દીધો : 'સાહેબને અગત્યના કામે બહાર જવાનું થયું છે. આપણે બંગલે પહોંચીશું ત્યાં સુધીમાં તો એ આવી ગયા હશે.'

શોફર-ડ્રીવન કારથી માલિકનો વૈભવ છતો થાય છે. પ્લૅટફૉર્મ છોડીને બહાર આવ્યા પછી મર્સિડીઝ ગાડીમાં બેસતાં એમાં ઉમેરો થતો જણાયો.

બંગલાના કમ્પાઉન્ડમાં પ્રવેશતાં નયનરમ્ય બાગનાં દર્શન થયાં. બે માળી કામ કરી રહ્યા હતા.

ચુનીલાલ બંગલે પહોંચ્યા ત્યારે મધુકરે બહાર આવી, પ્રેમથી ભેટીને ચુનીલાલને ઉષ્માભર્યો આવકાર આપ્યો.

ડ્રોઇંગરૂમમાં સોફા ઉપર બેસતાં જ આકસ્મિકપણે ચુનીલાલની નજર છત તરફ ગઈ અને એક મોટા ઝુમ્મરમાં એ ઝલાઈ ગઈ. મુખમાંથી એક ઉદ્ગાર નીકળી ગયો : 'વાહ !'

'ગયે અઠવાડિયે જ ત્યાં લગાવડાવ્યું.'

'સુંદર છે.'

'સુંદરતા હવે વેચાતી લેવી પડે છે.'

'શી કિંમત આપી ?'

'બે લાખ.'

'હોય નહીં !'

'એક ચાર લાખનું ખૂબ ગમ્યું હતું, પણ એ ન લીધું.'

ચુનીલાલની નજર હવે બંગલામાં ફરતી રહી અને કલાત્મક ગોઠવણીમાં મુકાયેલી ડેકોરેશનની દરેક ચીજની કિંમતનો અંદાજ લગાવતી રહી.

ભોજન વખતે ડાઇનિંગ ટેબલ પર મૂકેલી વાનગીઓ જોઈને તો ચુનીલાલ હસતાં હસતાં બોલ્યા : 'અન્નકૂટ જ ભર્યો છે ! ભાતભાતની મીઠાઈઓ, કેટકેટલાં શાક, રાયતાં,

ફરસાણ, અથાણાં, ચટણી...'

'અન્નકૂટ કેમ ન ભરાય ? કેટલે વર્ષે કૃષ્ણ સુદામાની ઝૂંપડીએ આવ્યા છે !...યાદ છે, આપણે જ્યુબિલી બાગમાં જઈને લાકડશીની જ્યાફ્ત માણતા !'

'હા, જ્યાફ્ત જ. ઘી વગરની મીઠાઈ !'

અને જમતી વખતે મધુકરે ચુનીલાલને ખૂબ આગ્રહ કરી કરીને જમાડવા માંડ્યું...'આટલો ટુકડો...વધારે નથી...બસ આટલી વાર...'

અને...

છેલ્લે બે કટોરા છાશ અને બાજરીના રોટલાની બે ફડશ સાથે એક તાસક આવી.

આ જોઈ ચુનીલાલની આંખ પહોળી થઈ ગઈ. 'આ શું ?'

'જીવનનો શ્રેષ્ઠ સ્વાદ' મધુકરે પ્રતિભાવ આપ્યો. અને કહ્યું : 'મારી આ સઘળી સાહ્યબીમાં પાયાનો આધાર આ ! બાજરીનો રોટલો ક્યારેક કોરો, ક્યારેક સૂકો, ક્યારેક મીઠા સાથે અને નસીબ યારી આપે એ દિવસે છાશ સાથે...' ભાવવિભોર બનીને મધુકરે ઉમેર્યું : 'એને કેમ વીસરું ? ઓડકાર તો હું અને મારાં પત્ની આ અન્નનો જ લઈએ છીએ...'

※

## ૧૩૪. ત્યારે....

આનંદના હાથમાં પહેલો પગાર આવ્યો - રૂપિયા પાંચ હજાર ! પચાસ પચાસની નવી નોટોના બંડલને આંગળાંનાં ટેરવાંનો સ્પર્શ થતાં જ સારુંયે શરીર રોમાંચિત થઈ ઊઠ્યું. એક સામટી આટલી રકમ કદી હાથમાં આવી નહોતી. માની મજૂરીની કમાણીમાંથી ઘરનો નિભાવ થતો અને કૉલેજની ફી તો મામાએ આપેલા ચેક દ્વારા જ ભરાઈ જતી...

રૂપિયાની થોકડી કોટના અંદરના ખિસ્સાના તળિયે અડકે એ રીતે એણે સેરવી દીધી અને ઘેર જવા માટે કંપનીની બસમાં ગોઠવાયો.

ડ્રાઇવર હજુ આવ્યો નહોતો. આનંદ વિચાર કરતો હતો. માના હાથમાં રકમ મૂકતી વખતે એવો ઉદ્દ્ગાર કાઢવો કે જે સાંભળીને મા ઝૂમી ઊઠે. ઉદ્દ્ગાર શોધતાં એક સ્મરણમાળા જ ચિત્તમાં ઊપસી આવી. ઉનાળામાં રોજ બરફના ગોળાની એક લારી ફળિયાના નાકે ઊભી રહેતી. ઝગારા મારતા સફેદ ગોળા પર રંગબેરંગી છાંટણાં

જોઈને આનંદનું મન લોભાતું. પચાસ પૈસે ગોળો મળતો. પચાસ પૈસા લેવા એ મા પાસે દોડી જતો.

પચાસ પૈસાની માંગણી પાછળનો હેતુ મા જાણતી હતી, છતાં પૂછતી : 'શું કરવા છે, પચાસ પૈસા ?'

'ગોળો ખાવો છે.'

મા કહેતી : 'આવા ગોળા ખાઈએ તો માંદા પડી જવાય.'

આનંદ પૈસા માટે જક કરતો એટલે મા વિકલ્પની વાત કરતી : ઘરમાં ગોળ, ધાણી, ચણા, ખજૂર ઘણુંય છે. એમાંથી જે ખાવું હોય તે ખા, પણ પૈસાની વાત ન કર.

પણ આનંદની માગણી તો યમરાજા આગળ નચિકેતાની માંગણીની જેમ એક અને અફર હતી : પચાસ પૈસા !

આનંદની જકથી મા ગુસ્સે થઈ જતી. ક્યારેક ધોલધપાટ પણ કરી બેસતી. આખરે આનંદ રડીને શાંત થઈ જતો.

અત્યારે માના હાથમાં પગાર મૂકતી વખતે આ વાત યાદ કરવાનું આનંદને જચ્યું.

ઘેર પહોંચીને એણે માને કહ્યું : 'બા, હાથ લાંબો કર, જોઉં.'

'કંઈ લાવ્યો છે ?'

'પહેલાં તું હાથ તો લંબાવ !'

માએ હાથ લાંબો કર્યો અને એના હાથમાં રૂપિયાની થોકડી મૂકતાં આનંદ બોલ્યો : 'તું તો મને બરફના ગોળા માટે પચાસ પૈસા આપતી નહોતી, પણ લે હું તને પાંચ હજાર રૂપિયા આપું છું !'

આનંદનો ઉદ્‌ગાર સાંભળીને મા પળભર તો સ્તબ્ધ થઈ ગઈ. આનંદ સામે તાકી રહી અને એકાએક એની આંખ છલકાઈ ગઈ.

એકાએક માની આંખમાં આંસુ જોઈને આનંદ છોભીલો પડી ગયો. એણે કહ્યું : 'બા, ઓછું આવ્યું ?'

'ના, ના. એવું કંઈ નથી.'

'પણ તારી આંખમાં આંસુ છે.'

'આ તો કંઈ નથી, આંસુ તો ત્યારે ખૂણે બેસીને સારતી જ્યારે તને પચાસ પૈસા આપવાની મારી શક્તિ નહોતી.'

*

# ૧૩૫. થાક

રેલવેના એક કંપાર્ટમેન્ટની બાજુમાંથી પસાર થઈ રહેલા જમિયતરામને ઉદ્દેશીને કોઈ સ્ત્રીએ સાદ કર્યો : 'સાહેબ !'

જમિયતરામ પ્લૅટફૉમ ઉપર થોભી ગયા. એમણે પેલી સ્ત્રી તરફ જોયું. એને તો ન ઓળખી પણ એની સામે બેઠેલા પુરુષને એમણે ઓળખી લીધો. એ ક્ષિતિજ હતો. સ્કૂલની એક છોકરી ઉપર લખેલા કાગળ માટે એમણે એને સ્કૂલમાંથી બરતરફ કર્યો હતો. અત્યારે એ કોઈ પુસ્તકનાં પાનાં ફેરવી રહ્યો હતો.

'મને ન ઓળખી, સાહેબ ?' પેલી સ્ત્રીએ ફરી કહ્યું.

જરાક ઝંખવાયા હોય એમ જમિયતરામ બોલ્યા : 'ઘણાં વર્ષો વીતી ગયાં ને ! અને વળી ઉંમર પણ થઈ...'

'હું, મધુરી !'

જમિયતરામના ચહેરા ઉપર એકાએક ફેરફાર થયો, બોલ્યા : 'કેટલી બધી બદલાઈ ગઈ છે, મધુરી !'

'હા સાહેબ, તે દિવસે હતી તે હવે રહી નથી.' કહી એક ક્ષોભને ગોપવી એણે સામે બેઠેલા પુરુષને કહ્યું : 'ક્ષિતિજ ! ભટસાહેબ...'

ક્ષિતિજે પુસ્તકનાં પાનાં ફેરવવાનું રહેવા દીધું અને જાણે હરખાઈ ઊઠ્યો હોય એમ બોલી ઊઠ્યો : 'ઓ હો ! ભટસાહેબ...! તબિયત કેમ છે, આપની ?'

જમિયતરામે કુશળતાનો વળતો જવાબ સ્મિતથી આપ્યો અને ગાડી ચાલવા લાગી.

જમિયતરામ ત્યાં જ ઊભા રહ્યા. હરિણી જેવી ચંચળ મધુરી એક દિવસ એક કવર લઈને એમની ઑફિસમાં ધસી આવી હતી. એ કવર એમના હાથમાં મૂક્તાં જ એ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી હતી. કવરમાંથી કાગળ કાઢીને જમિયતરામને જોયો. ગલીચ ભાષામાં એ લખાયો હતો. આવો કાગળ લખનારને કોઈ પણ હિસાબે શોધી કાઢીને નશ્યત કરવાની હૈયાધારણા એમણે જ્યારે આપી ત્યારે જ મધુરી શાંત થઈ હતી.

એ દિવસોમાં જમિયતરામની તબિયત સારી નહોતી. વળી આ ઘટનાએ એમના મનને ભારે ઉદ્વેગ પહોંચાડ્યો હતો છતાં ગુનેગારને પકડવાનું કાર્ય એમણે પૂરી તરવરાટથી આરંભ્યું. લેખનની નોટબુકોના ઢગલાને એમણે મોટા મોટા લેન્સ નીચેથી પસાર કરવા માંડ્યા. રાતો માથે લીધી. ઘણી મહેનત પછી એમણે ગુનેગારને શોધી

કાઢ્યો. એને બરતરફ કર્યા પછી એમનું મન હળવું ફૂલ બની ગયું હતું.

અને આજ આટલાં વર્ષે પેલા ઉદ્વેગભર્યા ઉજાગરાઓનો થાક કોણ જાણે ક્યાંથી ઘસડાઈ આવીને જમિયતરામની ગર્દન ઉપર અત્યારે ચડી બેઠો !

⁂

## ૧૩૬. દટાયેલી વાત

કાળઝાળ થઈ રહેલાં ચંપાબહેનના ગુસ્સાનો પાર ન હતો. એમની ખબર કાઢવા દોડી આવેલા મનસુખ ઉપર જ ગુસ્સો ઠલવતાં હોય એવા રોષભર્યા અવાજે એ કહી રહ્યાં હતાં : 'આજે ને આજે તું વકીલને બોલાવી લાવ. જે ફી લેવી હોય તે લે, પણ મારે વીલ કરી નાખવું છે. છોટિયાને મારી બધી મિલકતમાંથી સાવ બાકાત કરી નાખવો છે. હવે હું એને એક અધેલો (જૂનાં નાણાં પ્રમાણે અર્ધો પૈસો) પણ આપવા માગતી નથી.'

મનસુખે કહ્યું : 'ચંપાકાકી, ટાઢાં પડો, ટાઢાં. આ ગુસ્સો કે વીલ કરવાનો વખત નથી. જોતાં નથી, ચારેબાજુ મોતનો માતમ ફરી વળ્યો છે તે ? ગામનાં અડધોઅડધ માનવીઓનો ખૂરદો બોલી ગયો છે. કેટલાંય તો હજુ કાટમાળ નીચે કણસી રહ્યાં છે. આવામાં તમને વીલ કરવાનું સૂઝે છે ? એક નાની વાત ઉપર આમ શું અકળાઈ ઊઠ્યાં છો, ચંપાકાકી ?'

'આ નાની વાત છે, મનસુખ ? ચારેકોર ખોરડાં ધડાધડ પડીને ભોંયભેગાં થતાં હતાં. આ ઘર પણ ચારે દીવાલે ઝૂલવા માંડ્યું એ વખતે મને મોતના મોઢામાં મેલીને છોટિયો એકલો જીવ લઈને નાઠો. એને એની આ માની પડી જ નો'તી ત્યારે ને ! એ શું દટાઈ જતો'તો ? હું જમ જેવી બેઠી નોં રઈ ?' જરા થોભ્યા પછી ચંપાબહેન એકની એક વાત ફરી દોહરાવી : 'તું તારે વકીલને બોલાવી લાવ ને.'

મનસુખે નરમ અવાજે કહ્યું : 'બધું ભૂલી જાવ કાકી, છોરું કછોરું થાય, માવતરથી કમાવતર થવાય છે, કાંઈ ?'

'હવે હું એ છોટિયાની માવતર રહી જ નથી. અને એ મારો દીકરો રહ્યો નથી. સો વાતની એક વાત, મેં તને જે કહ્યું એ કર. ના કરવું હોય તો ચોખ્ખી ના કહી દે.'

'તમે કહેશો એમ જ કરીશું, પણ થોડા દા'ડા ખમી ખાવ, આજે એ કરીશું તો વરવું લાગશે.'

'વાયદા એ વાયદા. પળ વીત્યા પછી કશું ન થાય.'

'બધુંય થશે. મારું વચન છે, બસ પછી કાંઈ ?'

ચંપાબહેન થોડી વાર શાંત રહ્યાં એટલે મનસુખ બોલ્યો : 'તમારી ખબર કાઢવા જ આવ્યો હતો, કાકી હવે જાઉં ?'

'સારું જા, વાયદા પ્રમાણે આવજે પાછો.'

મનસુખ બહાર નીકળ્યો. અત્યાર સુધી મનસુખ અને ચંપાબહેન વચ્ચેનો સંવાદ સાંભળી રહેલો મનસુખનો સાથીદાર બોલ્યો : 'તેં ચંપાકાકી આગળ સાચી વાતનો ફોડ કેમ ન પાડ્યો મનસુખ ?'

'સાચી વાતનો ફોડ શું પાડું, લાધા ? ચંપાકાકી અત્યારે દીકરા ઉપર કાળઝાળ છે અને સાચી વાત જાણે તો એમનું ફટકી ગયા વગર રહે ?'

'છોટુય ચંપા કાકીની માફક ઘરમાં જ રહ્યો હોત ને, તો ચંપાકાકીની માફક બચી જાત, હોં !'

'હા...સ્તો...પણ કરમની કઠણાઈ ભાઈ. માથે મોત ભમી રહ્યું હશે એટલે જ આમ ભાગ્યો...'

'ઘરમાંથી તો જીવ લઈને નાઠો પણ ખોડાભાઈના ઘરની ધસી પડતી દીવાલની પછીતમાં ધરબાઈ ગયો !'

'બિચારાં ચંપાકાકી !' મનસુખ અને લાધો બંનેના મુખમાંથી એક સરખો ઉદ્ગાર સરી પડ્યો.

અને જીભ ઝલાઈ ગઈ હોય એમ મનસુખ અને લાધો મૂંગા થઈને રાહત છાવણી તરફ આગળ વધતા રહ્યા.

❊

## ૧૩૭. દરિયો શારતી નજર

દરિયાકાંઠે ખડકો ઉપર જ એક ધીંગી દીવાલ ચણેલી હતી. એ દીવાલ પર થોડે થોડે અંતરે પથ્થરની બેઠકો હતી. સહેલાણીઓ ઘણું ખરું સાંજના સમયે એ બેઠકો પર બેસતા અને સામે સમુદ્રલીલા નિહાળીને આનંદ અનુભવતા.

એક અપરિણીત સ્ત્રી રોજ સાંજે એક નિશ્ચિત બેઠક પર બેસતી. સમુદ્રની પડખે નગર કહી શકાય એવું ગામ. ગામમાં સૌ એકબીજાને ઓળખે. ગામલોક આ સ્ત્રીને જાણતું હતું. એ શાથી અપરિણીત રહી ગઈ એની પણ એમને ખબર હતી. અને

રોજ સાંજે પેલી નિશ્ચિત બેઠક ઉપર જ એ કેમ બેસતી હતી એ પણ સૌ જાણતું હતું એટલે તો સૌ એ બેઠક એને માટે જ ખાલી રાખતાં હતાં.

કપરો ઉનાળો હોય કે ઘનઘોર ચોમાસું કે પછી હાડ થીજવી નાખે એવા શિયાળાના કપરા દિવસો હોય, એ સ્ત્રી અચૂક દરિયાકાંઠે આવતી.

દરિયાની સપાટી પર ચાલ્યાં આવતાં મોજાં ધીરે ધીરે વેગ પકડીને કાંઠાના પથ્થરો ઉપર ઘુઘવાટ સાથે પછાડ ખાતાં. વેરાઈ જતાં. વીફરેલો દરિયો રૂપાના કણ કણ થઈને વેરાઈ જતો.

આ સ્ત્રીનું ધ્યાન તો કાંઠાથી થોડેક દૂર એક સ્થળ ઉપર કેન્દ્રિત રહેતું. એનું ચાલ્યું હોત તો એક સ્થિર નૌકામાં એ સ્થળ ઉપર જ રહીને નજરથી દરિયાનાં પાણી શારીને તળિયે પડેલી ઝગારા મારતી હીરાની વીંટીને જોયા કરત.

પોતે વીસ વર્ષની યૌવના હતી ત્યારથી એ વીંટી ત્યાં જઈને પડી છે. માએ કેટલા પ્રચંડ જોશથી એ વીંટી ફેંકી હતી ! સ્ત્રીનો ક્રોધ કેવો શક્તિશાળી હોઈ શકે છે એનો અનુભવ એને એ દિવસે થયો હતો.

એ દિવસે મા અને પોતે એ બેઠક પર બેઠાં હતાં. માનું ધ્યાન એ દિવસની સવારે જ આંગળી ઉપર ચઢેલી હીરાની વીંટી ઉપર ગયું અને એનો ચહેરો રતુમડો થઈ ગયો હતો. મા બધું સમજી ગઈ હોય તો જ ચહેરા ઉપર આવો ફેરફાર થાય ને ? છતાં એણે પૂછ્યું : ‘આ વીંટી ક્યાંથી આવી ?’

એ વખતે આ યુવાન છોકરી ભય અને લાજથી એવી તો સંકોડાઈ ગઈ કે એણે કશો જવાબ ન આપ્યો. માએ ઉઝરડો પડે એટલા ઝનૂનથી આંગળી ઉપરથી વીંટી ખેંચી કાઢી. અને કોઈ હિસ્ટીરિક ફીટના આવેગ હેઠળ એ વીંટીને દરિયાના પાણીમાં ફેંકી દીધી.

ત્યાર પછી વીંટી કે વીંટીના આપનાર વિશે આ મા-દીકરી વચ્ચે કશો સંવાદ ન થયો. દીકરી માની કડક આજ્ઞાઓનાં બંધનમાં સ્વેચ્છાએ જકડાયેલી રહી.

માના મૃત્યુ પછી મધ્ય વયે પહોંચેલી આ અપરિણીત સ્ત્રી સમુદ્રકાંઠાની આ બેઠક ઉપર રોજ નિયમિતપણે ઉપસ્થિત રહે છે. એના હૈયે એક જ આશ્વાસન છે : ‘પોતે આ જગત પરથી વિદાય લેશે પણ પેલી વીંટી ચલાયમાન થયા વગર યુગો સુધી ત્યાં ઝગારા મારતી રહેશે. એને કોઈ અડકી શકશે નહીં, ફેંકવાની તો વાત જ કેવી ?’

⁂

# ૧૩૮. દારૂ અને દેવતા

રાત્રે દસ વાગ્યે મધુકરના મોબાઈલ ફોનમાંથી સંગીતની સુરાવલિઓ રેલાવા લાગી. આમ તો, મધુકર પર મોબાઈલ ફોન-કોલ ખૂબ જ ઓછા આવતા. અત્યારે આ અણધારી રિંગ થતાં એ ઉત્કંઠ થયો અને એણે ક્ષણના પણ વિલંબ વગર ફોન કાને માંડી દીધો.

'આવતી કાલે બપોર પછી હું તારે ત્યાં આવું છું.'

મધુકરે કોયલના ટહુકા જેવો કંઠ પારખી તો લીધો, છતાં પૂછ્યું : 'કોણ?'

'અજાણ્યા થવાનો દંભ રહેવા દે. ફરી સાંભળ કાલે હું તારે ત્યાં આવું છું.'

'આયોજકોએ મિટિંગનો સમય સાડા-પાંચનો રાખ્યો છે. ચર્ચાનો વિષય 'શાળા-કૉલેજમાં સેક્સ એજ્યુકેશન' રાખ્યો છે. ઘણી ચર્ચાઓ થવાનો સંભવ છે. મોડું થશે એટલે રાત તારે ત્યાં રોકાવું પડશે. જમવાની વ્યવસ્થા મિટિંગના સ્થળે છે એટલે એ બાબતે તારે ચિંતા કરવાની જરૂર નથી.'

'જમવાની ચિંતાનું તો ઠીક છે.'

'કેમ અટકી ગયો ?'

'રાતે રોકાવું પડે એમ છે ?'

'આમ અજાણ્યા માણસ જેવું કેમ બોલે છે ? કંઈ તકલીફ છે ?'

'તકલીફ તો નથી, પણ કાલે ઘરમાં હું એકલો છું. સુવર્ણા બાળકો સાથે એક અઠવાડિયા માટે પિયર ગઈ છે.'

'તેથી શું થયું ? તારું ઘર ઇલેસ્ટિક છે ? માણસનો વધઘટ સાથે નાનું-મોટું થાય છે ?'

મધુકર હસ્યો પછી બોલ્યો : 'ભઈ, જબરી છે તું. તારી વિનોદવૃત્તિ દહાડે દહાડે ધારદાર બનતી જાય છે. માણસો ઘટતાં ઘર વધારે મોકળાશવાળું બની જાય છે.'

'જો સાંભળ,' વાત બદલતાં સુષમાએ કહ્યું : 'તારું ખોબા જેવડું શહેર. નાના શહેરની હોટલો કેવી હોય છે એ સૌ જાણે છે, સાવ નર્કાગાર, વળી નાના શહેરની હોટલમાં યુવાન સ્ત્રી એકલી મુકામ કરે એટલે ? જવાદે આ કંઈ ભાષણ કરવાની પળ નથી. પણ કહે તો ખરો, તને શી હરકત છે ?'

'હરકતનું કંઈ વર્ણન કરવાનું હોય ? સમજવાની વાત છે.'

'સમજી, સમજી, ભાઈસાહેબ દારૂ અને દેવતા (અગ્નિ) વાળી વાત કરવા માગે છે એમ ને ?'

'હા, એ સનાતન સત્ય છે.'

'તું એટલો બધો નિર્બળ મનનો છે ?'

'સબળ-નિર્બળની વાત તું મારા પર છોડી દે. તારું ચોખલિયાપણું અખંડ રહેશે એની શ્રદ્ધા રાખ.'

વાવાઝોડા આગળ માણસ ઝૂકી જાય એમ મધુકર સુષમાના વાણી-વંટોળ સામે ઝૂકી ગયો અને રાત્રિ રોકાણની વાત પાકી થઈ.

મિટિંગ પત્યા પછી રાત્રે સુષમા મધુકરને ત્યાં આવી. ઠીક ઠીક મોડું થયું હતું. મિટિંગમાં સેક્સ એજ્યુકેશન વિશે થયેલી ચર્ચાઓ વિશે વાત કરવામાં અર્ધી રાત પછી સુવાનો મેળ પડ્યો.

સવારે જાગ્યા પછી મધુકર સુષમાને 'ગુડ મોર્નિંગ' કહેવા સુષમાના ઉતારાના રૂમમાં ગયો. પલંગ ખાલી હતો. 'બાય' કહેવાનું ટાળીને સુષમા વહેલી સવારે ચાલી ગઈ હતી.

※

## ૧૩૯. દાહ

આજે બરાબર મધ્યાહ્્ન સમયે ગૌરી ઊટકેલાં વાસણ ઘોડામાં ગોઠવતી હતી ત્યારે ક્ષિતિજે કહ્યું : 'ગૌરી, આવતી કાલથી કામ ઉપર ન આવતી.' ક્ષિતિજનો આ નિર્ણય સાંભળી ગૌરી આશ્ચર્યમૂઢ બની ગઈ.

ગૌરી ક્ષિતિજનું ઘરકામ કરતી હતી. કપડાં, વાસણ, વીશીમાંથી આવતા ટિફિનના ડબ્બા, બે રૂમનાં કચરા-પોતાં કશા પ્રમાદ વગર ચોક્સાઈથી ગૌરી કશી ખામી ન રહે એ રીતે કરતી. ક્ષિતિજની જરૂરિયાત પ્રમાણે કેટલાંક વધારાનાં ટાંપાં પણ કરતી. ધોબીને કપડાં આપવાં, ટપાલ નાખી આવવી, સિગારેટ લઈ આવવી વગેરે કામ કરતી. ક્યારેક કોઈ મહેમાન માટે ચા, કૉફી કે શરબત પણ તૈયાર કરી આપતી...

સ્તબ્ધ બનીને ઊભી રહેલી ગૌરીને શાંત કરવાના હેતુથી ક્ષિતિજ બોલ્યોઃ 'તારા કામમાં કોઈ ખામી નથી પણ દુઃખ સાથે મારે આ નિર્ણય લેવો પડ્યો છે.'

'કામ છોડાવવા માટેનું કોઈ કારણ તો હશે ને ?'

'કારણ તો હોય.'

'શું છે એ ?'

'એ તને કહી શકાય એવું નથી.'

કશોક આંચકો લાગ્યો હોય એમ ગૌરી થોડી ક્ષણો સુધી વિસ્ફારિત આંખે

ક્ષિતિજ તરફ જોઈ રહી. પછી બોલી : 'મારામાં કોઈ એબ...'

તત્ક્ષણ એનું વાક્ય કાપી નાખતાં ક્ષિતિજ બોલ્યો : 'એ શું બોલી, ગૌરી ? તારા જેવી સુશીલ છોકરી ભાગ્યે જ જોવા મળે.'

'તમે ભલે એવું માનતા હો, પણ મારે આ રીતે કામ છોડવાનું થાય એટલે લોકો મારા માટે ભાતભાતની વાતો જોડવા લાગે.'

'તારા માટે કોઈ અજુગતું ન ધારે, ગૌરી. તને કોણ નથી ઓળખતું.'

'કંઈક કારણ કહો તો પૂછનારને હું જવાબ આપી શકું.'

'એ કારણ મારું પોતાનું છે, ગૌરી. તને કહી શકું એમ નથી.'

વિસ્મયાન્વિત ગૌરીના ચિત્તમાં એક તર્ક પ્રગટ્યો - 'ક્ષિતિજભાઈ પોતાની જાતને બચાવી લેવા માગતા હશે ?' પણ એ તર્કનો જવાબ એના ચિત્તે જ એને આપી દીધો.

'ક્ષિતિજભાઈની આંખમાં કદી કશો વિકાર તો જોયો નથી. દેવ જેવો માણસ. એને વળી જાત બચાવવાની જરૂર શી પડે ?...તો પછી એવું તે શું કારણ હશે ?'

થોડી વાર ગૌરી જડવત ઊભી રહી. એની આંખમાંથી બેચાર આંસુ ટપક્યાં.

ક્ષિતિજે એના હાથમાં મહેનતાણાંની રકમ મૂકી. એને મૂઠીમાં વાળીને ગૌરી ચાલી ગઈ.

ક્ષિતિજે એક ઘેરો નિઃશ્વાસ મૂક્યો. એક નિર્દોષ અને નિષ્ઠાવાન છોકરીને પોતે શિક્ષા કરી રહ્યો હતો એવી અપરાધભાવ એ અનુભવી રહ્યો.

ક્ષિતિજનું અંગત કારણ ? હા, એક કારણ હતું જે એની નસેનસમાં અગનઝાળ પ્રગટાવતું હતું. અત્યારની સ્થિતિમાં તો એ કારણ ગૌરીના નિર્દોષ શબ્દોમાં રહેલું હતું. બપોરનું કામ પતાવ્યા પછી ગૌરી ક્ષિતિજને પૂછતી : 'ક્યારે આવું ?' સાંજે ધંધામાંથી પરવારીને ઘેર આવવાનો ક્ષિતિજનો કોઈ નિશ્ચિત સમય નહોતો એટલે સાંજના કામ માટે આવવાનો સમય જાણી લેવા ગૌરી આવું પૂછતી હતી.

પણ ક્ષિતિજને ગૌરીના આ બે શબ્દો એની બેવફા પ્રેમિકાની યાદ તાજી કરાવીને એની નસેનસમાં ઝાળ લગાડતા હતા. પ્રેમચેષ્ટાઓ માણ્યા પછી છૂટા પડતી વખતે પ્રેમિકા ક્ષિતિજને અચૂક પૂછતી : 'હવે ક્યારે ?'

ક્ષિતિજની દૃષ્ટિએ સ્મૃતિ માટે 'હવે ક્યારે ?' અને 'ક્યારે આવું ?' શબ્દોમાં કશો ભેદ નહોતો. ગૌરીના શબ્દ પેલી પ્રેમિકાના શબ્દોની યાદ તાજી કરીને શરીરમાં એક અગનઝાળ પ્રગટાવતા હતા. આ દાહમાંથી છૂટવા ક્ષિતિજે પેલા નિર્ણય લેવો પડ્યો હતો. ગૌરીને એ શું કારણ આપે ?

❖

# ૧૪૦. દાળમાં કાળું

કેટલા બધા સમયથી નરેન આ શેરીમાં આંટો મારવા ઇચ્છતો હતો ! ફક્ત એક અજાણ્યા સહેલાણીની જેમ એક નાકેથી પ્રવેશીને બીજા નાકેથી એ નીકળી જવા માંગતો હતો. એક સમયે એ આ શેરીમાં વસતો હતો. એ વસતો હતો એટલું જ કેમ ? એને આ શેરીની એક સ્ત્રી સાથે સંબંધ હતો. લગ્નેતર સંબંધ. આવો સંબંધ એક સામાજિક દ્રોહ છે એવી પૂરી સભાનતાના કારણે એણે આ સંબંધને સમાજના લોકોથી ગોપિત રાખવા પૂરી કાળજી રાખી હતી. આમ છતાં આ સ્ત્રીને જુદાં જુદાં બહાનાં હેઠળ નરેન્દ્રની રૂમમાં આવતી જોઈ એક વખત શંકાએ ભરાયેલી બે જુવાન છોકરીઓને નરેન્દ્રે સંવાદ કરતી સાંભળી - 'મને તો દાળમાં કાળું લાગે છે.'

'હા, મને એવું જ લાગે છે. બહાનાં ગમે તે પણ મૂળ વાત ઢાંકી ઢંકાય છે કંઈ ?'

આટલો સંવાદ એ દિવસે એક ચિનગારી હતી. પણ આ તો જુવાન છોકરીઓ ! વાત પ્રસરવાની જ હતી. શંકાને વાસ્તવિક ઘટના રૂપે રજૂ થવામાં શી વાર લાગવાની હતી ? નરેને એક ભારે ભડકો કલ્પી લીધો. અને શેરીમાં માણસોમાં કેટલાક તો...

પણ ભડકો થાય એ પહેલાં આ ભીરુ માણસની બદલી બીજા શહેરમાં થઈ. પેલી સ્ત્રી સાથેનો સંબંધ કંઈ પ્રેમ નહોતો. જે કંઈ હતું એના પર પૂર્ણવિરામ મુકાતાં નરેશના મનમાં કંઈ ખટકો, રંજ કે ઉદાસી નહોતાં. 'જાન બચી ઔર લાખો પાયે' એ ભાવ હેઠળ એ શેરી છોડીને નોકરીના નવા સ્થળે ચાલ્યો ગયો. નહીં થડકો નહીં થરકાટ.

કેટલાંક વરસો પછી નોકરીમાં બદલીવશ એ ફરીથી આ શહેરમાં આવ્યો. આ શેરીની આરપાર નીકળવા એ ઝંખવા લાગ્યો, પણ મન પાછું પડતું હતું. કેટલીય વખત એ આ માટે તૈયાર થયો અને કેટલીય વાર એણે વિચાર પડતો મૂક્યો. એક-બે વાર તો શેરી આવે એ પહેલાં એણે રસ્તો બદલી નાખ્યો.

છેવટે એક દિવસ એ શેરીના નાકા સુધી પહોંચ્યો. શેરીમાંથી બહાર નીકળતાં માણસો તરફ એક છાની ભીતિ સાથે, છતાં બારીકાઈથી એણે જોવા માંડ્યું. કોઈ ઓળખીતું નહોતું. આશ્ચર્ય !

શેરીમાં પ્રવેશ કર્યો. એ જ શેરી હતી ? બધું બદલાઈ ગયું હતું. અગાઉનાં એક માળનાં મકાન બહુમાળી બની ગયાં હતાં. એક ખાલી પ્લૉટ હતો ત્યાં એક કૉમ્પ્લેક્સ બની ગયું હતું.

મકાનો બદલાયાં હતાં. માણસો અજાણ્યાં હતાં. પુરાણાનો કશો અણસાર નહોતો. છતાં હૈયું વેગ પકડીને ધબકી રહ્યું હતું.

એ લગભગ પેલી સ્ત્રીના ઘર સુધી પહોંચ્યો. એ સ્ત્રી એ ઘરમાં ભાડે રહેતી હતી. ભાડુઆત માણસો એકના એક ઘરમાં કેટલાં વરસ સુધી રહે ? અથવા મકાન માલિક એમને કેટલાં વરસ સુધી એમાં રહેવા દે ? એ સ્ત્રી ઘરમાં રહેતી હતી એ પણ નવું બની ગયું હતું. એણે એ તરફ નજર કરી લીધી. મકાનનું બારણું બંધ હતું.

એ પોતે જે મકાનમાં રહેતો હતો ત્યાથી પસાર થયો. હૈયું જોર જોરથી ધડકવા લાગ્યું. ક્યાંકથી આવતા અવાજના પડઘા સંભળાતા હતાં. 'દાળમાં કાળું છે.'

એણે બંને કાન પર હથેળીઓ ઢાંકી દીધી. અને પાગલની જેમ ભાગીને શેરી બહાર નીકળી ગયો.

❊

## ૧૪૧. દિગ્ભ્રાન્ત

પ્રતિજ્ઞાની વર્ષગાંઠ ! એક વિચિત્ર ધૂન ! આ ધૂન માટે લોકોનો શો અભિપ્રાય હતો એની ખબર હતી છતાં ગુણવંતરાય એ વર્ષગાંઠ ઊજવતા જ. અને ખુમારીથી કહેતા : '૧૯૪૨ના સપ્ટેમ્બરની ૩૦મી તારીખે એક સભામાં અમે પાંચ મિત્રોએ, આઝાદી ન મળે ત્યાં સુધી લગ્ન નહીં કરવાની પ્રતિજ્ઞા કરેલી. આઝાદી આવી. પણ લગ્નની વય વીતી ચૂકી હતી. એટલે લગ્નનો ચાળો ન કર્યો. પ્રતિજ્ઞાનો દિવસ જીવનમાં એક મહત્ત્વનો વળાંક બની રહ્યો એટલે એને આમ વર્ષે વર્ષે યાદ કરતો રહું છું. વીત્યાં વર્ષોની ખુમારીનો કેફ હજુય છે.'

૧૯૬૨ના ઑક્ટોબર મહિનાની એક સાંજે ગુણવતંરાય મથુરા સ્ટેશનના એક પ્લૅટફૉર્મના બાંકડા ઉપર બેઠા હતા. સામે ફૌજી જવાનોની ખાસ ટ્રેન ઊભી હતી. આ જવાનો હિમાલયના બર્ફીલાં શિખરોમાં યુદ્ધના મોરચે જનાર હતા, જ્યાંથી રોજ રોજ ખુવારીના કાળજું કંપાવે એવા આંકડા આવતા હતા.

પ્લૅટફૉર્મ ઉપરનું વાતાવરણ ભારેખમ અને ગમગીનીભર્યું હતું. જવાનોને વિદાય આપવા આવેલાં સ્વજનો જાણે મૂંગાંમંતર થઈ ગયાં હોય એવાં લાગતાં હતાં. ક્યાંય કશા ઉત્સાહનો અણસાર પણ ન હતો.

ગુણવંતરાયની ફરતી નજર પ્લૅટફૉર્મ ઉપરના એક દશ્ય ઉપર સ્થિર થઈ ગઈ.

હજુ પચીસી વટાવી ન હોય એવો એક જવાન અને એની પત્ની !

પતિના કપાળમાં કંકુનું તિલક કરેલું હતું. અને એના ઉપર અક્ષત ચોડેલા હતા. પ્રસ્થાન સમયે પત્નીએ એ તિલક કર્યું હશે...

ગુણવંતરાયના ચિત્તમાં પુરાણા દિવસો સળવળી ઊઠ્યા. યુવાનો માથા ઉપર કફન બાંધીને નીકળી પડતા. છાતી તાણીને બંદૂકના નાળચા સામે ઊભા થઈ જતા...

એમનું ધ્યાન ફરીથી પેલા જવાન અને એની પત્ની ઉપર પરોવાયું. યુદ્ધમોરચે પ્રયાણ કરતા આ જવાનના જીવનમાં વિદાયની આ પળો કરતાં વધારે રોમાંચક ઘટના કદાચ કોઈ નહીં હોય...

'મારા કેસરભીના કંથ હો,
સિધાવો જી રણવાટ !...'

એક ભવ્ય દૃશ્ય ગુણવંતરાયના ચિત્તને ભરી દેતું હતું.

આઝાદીના જંગ વખતે પોતાનાય ભાલપ્રદેશ ઉપર આવું જ તિલક થયું હોત! જો...

આજ પહેલી વાર ગુણવંતરાયને પેલી ૩૦મી સપ્ટેમ્બર નિરર્થક લાગી. દર વર્ષે ૩૦મી સપ્ટેમ્બરે પ્રગટ થઈને સ્મૃતિમાં સંઘરાઈ રહેલો પેલો કેસરિયો રંગ આજ એકાએક ફટકી ગયો.

૧૯૪૨ના સપ્ટેમ્બરની ૩૦મીએ પોતે દિગ્ભ્રાન્ત થયા હતા ? મનમાં પડઘા ઊઠતા હતા : હા, એ ભ્રાન્તિ હતી, એ ભ્રાન્તિ હતી...

❊

## ૧૪૨. દીવાનો

નામ તો એનું લાંબું હતું પણ મહેતાસાહેબ એને બક્ષઝર કહીને બોલાવતા. આ પઠાણ એક વખતનો મહેતાસાહેબનો પ્રિય વિદ્યાર્થી. એક દિવસ મહેતાસાહેબ પાસે આવીને એણે કહ્યું : 'સાહેબ, અમે એક મેળાવડો રાખ્યો છે. તમે આવશો?'

'મેળાવડો ?'

'હા.'

'શાનો છે ?'

'ગુજરાતી ભાષાનો.'

મહેતાસાહેબ હસી પડ્યા. બોલ્યા : 'મેળાવડા જાતજાતના જોયા. સંગીત, નૃત્ય,

ડાયરો, મુશાયરો...આ નિમિત્તે લોકો ભેગા થાય અને માણે. પણ ભાષાનો મેળાવડો સાંભળ્યો નથી. આ મેળાવડામાં શું કરશો ?'

'સાંભળીશું, સંભળાવીશું, તકરાર કરીશું, એક્સટેમ્પોર સંવાદ કરીશું, ગીત ગાઈશું, પ્રાદેશિક બોલીઓ બોલીશું, ગુજરાતી ભાષાને આ રીતે ઊંડળમાં લઈશું, બાથમાં ભીડીશું અને ઉછાળી ઉછાળીને બાહુમાં ઝીલીશું...પરોઢ થાય ત્યાં સુધી ગુજરાતી ભાષાની રમઝટ બોલાવીશું.'

'આવું કરવાનો હેતુ શો ?'

'હેતુ એટલો જ સાહેબ, પરમ દિવસે હું ગલ્ફ દેશો તરફ જાઉં છું. ધંધો મળ્યો છે. પાછો આવવાનો નથી. ગુજરાતી ભાષા વગર ઝૂરવાનો છું.'

મહેતાસાહેબ ભાષાના આ દીવાના તરફ પ્રેમથી જોઈ રહ્યા. એમને બક્ષઝરનો અભ્યાસકાળ યાદ આવી ગયો. એક દિવસ મહેતાસાહેબે એને પૂછ્યું હતું : 'બક્ષઝર, તને તારી ભાષા આવડે કે ?'

નવાઈ પામતો હોય એમ પહેલાં તો બક્ષઝર મહેતાસાહેબ સામે તાકી રહ્યો. પછી બોલ્યો : 'મારી ભાષા ?'

'હા, પુશ્તુ જ તો.'

'એ તો મારાં મમ્મી-પપ્પાની ભાષા. મારી ભાષા ગુજરાતી. ઘરમાંય અમારે આ વાતનો ઝઘડો ચાલ્યા કરે છે. ઘરમાં બધાં પુશ્તુ બોલે છે. હું ગુજરાતી બોલું છું તે ઘરનાં માણસોને ગમતું નથી. હું પુશ્તુમાં બોલું એ માટે ઘરનાં સૌ મારા પર દબાણ કરે છે, પણ હું ગાંઠતો નથી. હું મમ્મી-પપ્પાને કહું છું, તમે સરહદ પ્રાંતમાં જન્મ્યાં, તમે ભલે પુશ્તુ બોલો. હું ગુજરાતમાં જન્મ્યો છું. ગુજરાતીમાં બોલીશ, એ જ મારી ભાષા છે, માતૃભાષા.'

વડીલ આગળ બોલવામાં સહેજ લજ્જા અનુભવતો હોય એમ બક્ષઝર બોલ્યો : 'લાંબા ગાળા માટે છૂટા પડવાનાં હોય ત્યારે પ્રેમીઓ આખી રાત નથી જાગતાં ? એમ અમેય આખી રાત જાગી લઈશું. ભાષા કોઈ એકલ પંડ્યની નથી હોતી. માણસ એકલો ભાષા વ્યવહાર કરવાની ચેષ્ટા કરે તો ગાંડામાં ખપે, એટલે અમે મેળાવડો રાખ્યો છે. તમે આવશો ને સાહેબ ?'

'આવીશ, જરૂર આવીશ,' મહેતાસાહેબ બોલ્યા : 'અને તમારી સાથે નાચીશ પણ ખરો. ગુજરાતી તો મારીય...'

'પ્રિયતમા છે.' શબ્દો મહેતાસાહેબ ગળી ગયા.

*

# ૧૪૩. દીકરો

પ્રમોદરાયે છાપામાંથી નજર ઉઠાવી.

વિનુ આવ્યો હતો. એણે હજુ બૂટ કે કોટ કાઢ્યાં નહોતાં, બ્રીફકેસ પણ હજુ એના હાથમાં જ હતી. ઑફિસેથી સીધો જ ચાલ્યો આવ્યો હશે. આમ બને છે ત્યારે એની બ્રીફકેસમાં ચલણી નોટો ભરેલી હોય છે એ પ્રમોદરાય જાણે છે. નોટો તિજોરીમાં મૂક્યા પછી જ એ નીચે જાય છે. અત્યારે, અંદરના ખંડમાં વિનુ બ્રીફકેસમાંથી નોટોની થોકડીઓ તિજોરીમાં ગોઠવી રહ્યો છે એ પ્રમોદરાય ભીંત સોસરવું જાણે જોઈ રહ્યા.

વિનુ જેટલી ત્વરાથી આવ્યો હતો એટલી ત્વરાથી નીચે ચાલ્યો ગયો.

પ્રમોદરાયે નજર છાપા ઉપર રમતી કરી. પણ મન એ પાનાં ઉપર ગોઠવાતું નહોતું. બેત્રણ પાનાં આમતેમ ફેરવીને એમણે છાપું મૂકી દીધું, અને આરામખુરશી ઉપર માથું ઢાળી રહ્યા.

એમને બાની યાદ આવી ગઈ. પોતે તરુણ વયમાં હતા. ત્યારે બા ઘણી વાર કહેતી : તારા બાપુ ગામ થકાં કામનો બધો હિસાબ રાખે, ગામની સિલક પણ એમની પાસે. ગામના ઉઘરાણામાં કોઈની ખોટી પાવલી કે અડધો આવી ગયાં હોય તો એની જગ્યાએ પોતાના ખિસ્સામાંથી કાઢીને મૂકે...

પ્રમોદરાયે એમના પિતાને નાનપણમાં જોયેલા. અત્યારે એમની સામે એક દશ્ય આવી રહ્યું - બાપુ એક શેતરંજી ઉપર બેઠા છે. સામે લોખંડની ચારશેરી ઊંધી મૂકી છે. બાજુમાં રાણી છાપ અને પંચમ જ્યોર્જના રૂપિયાનો નાનો સરખો ઢગલો છે. બાપુ પેલી ચારશેરી ઉપર ઠણિંગ...ના સૂરિલા રણકારથી રૂપિયાના ખરાપણાને ચકાસી પચીસ-પચીસની ઊતરડ કરતા જાય છે....

બાપુના ચારિત્ર્ય ઉપર બા ગર્વ લેતી અને મગરૂરીથી એમની પ્રામાણિકતાની વાત કરતી.

થોડી વાર પછી નીચેથી વિનુનો અવાજ આવ્યો એટલે એ ધ્યાનભંગ થયા. વિનુ કહેતો હતો : ‘પપ્પા, અમે બહાર જઈએ છીએ. આવતાં કદાચ મોડું થશે, તમે જમી લેજો.’’

પ્રમોદરાયે કશો જવાબ આપ્યો નહીં. એમની નજર દીવાલ ઉપર ટાંગેલી સ્વર્ગસ્થ પત્નીની તસવીર ઉપર જડાયેલી હતી. એ મનોમન બોલી રહ્યા હતા : બાએ તો અમને બાપુની વાત કહી કહીને એમના રસ્તે દોર્યા. તું હોત તો કદાચ વિનુને મારે માર્ગે દોરી શકી હોત !

※

# ૧૪૪. દીવાલ

શહેરની ગલીએ ગલીએ સાઇકલ ઉપર ફરીને ઍસિડ વેચવામાં હવે તો એના વાળ પણ ધોળા થઈ ગયા હતા. ચાલતાં એનો એક પગ લંઘાતો હતો. એટલે કેટલાંક એને લંગડો ઍસિડવાળો પણ કહેતા. એણે ધંધો શરૂ કર્યો ત્યારે શહેરની વસ્તી પાંત્રીસ હજારની હતી. આજે એક લાખની થઈ ગઈ હતી.

શહેરની પલટાતી સિકલનો એ સાક્ષી હતો. શહેરની એકેએક દીવાલ નવું સ્વરૂપ ધારણ કરી ચૂકી હતી. પુરાણું શહેર એક રોનકદાર નગરી બની ગયું હતું. માત્ર એક જીર્ણ મકાન એનું એ રહ્યું હતું. એની પછીત એક સાંકડી ગલીમાં પડતી હતી.

ઍસિડવાળાને એ પછીતની દીવાલ સાથે એક ખાસ લગાવ હતો. જ્યારે જ્યારે એ ત્યાંથી નીકળતો ત્યારે ત્યારે અનેક લાગણીઓ એનામાં ઊભરાતી - રોમાંચ, જોશ, અતીતમાં નિમજ્જન કર્યાનો અહેસાસ, કોઈ અજાણ્યો ઉદ્‌વેગ...

આ દીવાલ જોઈને એને શું યાદ આવી જતું એ તો કોણ જાણે. પણ ત્યાં એક ઘટના બની ગઈ હતી - બેતાળીસની ચળવળ વખતે એક કિશોર એ દીવાલ ઉપર ડામરના કૂચડાથી Quit India લખી રહ્યો હતો. છેલ્લા બે અક્ષર લખવાના બાકી હતી ત્યારે એ ગલીમાં થઈને કેટલાક જુવાનો હાંફતા ભાગી રહ્યા હતા. મુખ્ય માર્ગ ઉપરથી પસાર થઈ રહેલા સરઘસ ઉપર થયેલા ગોળીબારને લીધે નાસભાગ થઈ હતી. અને સૈનિકો ભાગતા લોકોનો પીછો કરી રહ્યા હતા. બે સૈનિકો આ ગલીમાં આવી પહોંચ્યા. દીવાલ ઉપર સૂત્ર લખી રહેલો કિશોર એમની નજરે પડ્યો. એક સૈનિકે ગોળી છોડી. કિશોરના પગની ઘૂંટીમાં એ વાગી અને એ જમીન ઉપર ઢળી પડ્યો.

દીવાલ ઉપર હજુ પેલું સૂત્ર હતું. ઍસિડવાળો રોજ એને જોતો અને રોમાંચ તેમજ બીજી ઘણી લાગણીઓ અનુભવતો.

એક દિવસ આશ્ચર્ય અને આઘાત વચ્ચે એણે જોયું કેટલાક મજૂરો પેલા જીર્ણ મકાનનું છાપરું ઉતારી રહ્યા હતા. થોડી પૂછપરછ કરતાં એને જાણવા મળ્યું કે એ જીર્ણ મકાનની જગ્યાએ એક આલીશાન મકાન બની રહ્યું છે. એ ઘણું ઇચ્છતો હતો કે એ મકાન ન ઊતરે. અને પેલી દીવાલ જેમની તેમ રહે. પણ એ એના હાથની વાત ન હતી. તૂટતી દીવાલને રંજ સાથે જોયા સિવાય બીજો કોઈ ઉપાય ન હતો.

દીવાલ ઝડપથી ઊતરી રહી હતી. ત્રીજે દિવસે તો એ પેલા સૂત્ર સુધી આવી પહોંચી. ઍસિડવાળો ત્યાં થોભી ગયો હતો. ત્યાં બીજા બે માણસો પણ હતા. એક કૉન્ટ્રેક્ટર અને બીજો મકાનમાલિકનો માણસ હોય એમ લાગતું હતું. ઍસિડવાળો એ

લોકોને કંઈક કહેવા ઇચ્છતો હતો; પણ કહી ન શક્યો. પડતી, ગબડતી, ફંગોળાતી, ઈંટોને એ વેદનાભરી નજરે જોઈ રહ્યો.

અંદર ઊભેલા એક માણસે દીવાલમાં એક લાંબી સાંગ ખોસી. થોડું જોર કર્યું અને ઈંટોના ત્રણ-ચાર થર એકી સાથે ઊંચકાયા. એક મોટું ગચ્ચું ભોંય ઉપર પડ્યું. અર્ધું Quit ઊથલી પડ્યું અને બીજા બે અક્ષર ખંડિત થયા. એક નાનો ટુકડો ઊડીને ઍસિડવાળાની ઘૂંટી ઉપર અથડાયો. અને જાણે બંદૂકની ગોળી વાગી હોય એમ એણે એક આંચકો અનુભવ્યો. ઘૂંટીમાં એકાએક અસહ્ય દર્દ ઊપડી આવ્યું.

દર્દ અસહ્ય બનતું જતું હોય એમ એને લાગ્યું.

"ઘૂંટીમાં વેદના થાય છે, રહેવાતું નથી" એણે ડૉક્ટરને કહ્યું.

ડૉક્ટરે તપાસ્યું. પૂછ્યું : "અગાઉ કંઈ થયું હતું ?"

"હા, ઘૂંટીમાં ગોળી વાગી હતી. ઑપરેશન કરાવવું પડ્યું હતું."

"ત્યાં જ વેદના થાય છે ?"

"હા."

"એક્સ રે લઈએ. પછી ખબર પડશે."

એક્સ રે તપાસ્યા પછી ડૉક્ટરે કહ્યું : "ભાઈ, ઘૂંટીમાં કશી જ ખરાબી નથી. તમને ખરેખર વેદના થાય છે ?"

"અસહ્ય" કહી ઍસિડવાળો ટેબલ ઉપર દાક્તરની ફી મૂકીને ત્યાંથી ભાગ્યો.

ડૉક્ટર એને જોઈ રહ્યા. પછી બબડ્યા : "પાગલ લાગે છે."

⁂

## ૧૪૫. દીવાલ પાછળના સંવાદ

'બાપુને આ શી ટેવ પડી છે ?!'

'તું કઈ ટેવની વાત કરે છે ?'

'નોકરની સાથે બેસીને જમવાની સ્તો ! આપણી ડિગ્નિટીનું શું ? લોકો જાણે તો ? તે દિવસે પારુલબહેને નજરે જોયું - બાપુ જગુની થાળીમાં આગ્રહ કરીને રોટલી મૂકતા હતા...પારુલબહેને આપણા વિશે શું ધાર્યું હશે ?!'

કેટલાક સંવાદો દીવાલ પાછળ ઉચ્ચારાતા હોય, પણ હેતુ કોઈને સંભળાવવાનો હોય, દીપા આવા હેતુથી જ એના પતિ સાથે એક સાંજે સંવાદ કરી રહી હતી.

જગન્નાથ દીવાલ પાછળ આ સંવાદ સાંભળી રહ્યા હતા. જીવનના વિવિધ

અનુભવોથી ઘડાયેલા જગન્નાથ આવા સંવાદોથી ચલિત ન થાય. પણ દીકરાએ પુત્રવધૂની વાતનો કશો પ્રતિકાર ન કર્યો અને સાંભળ્યા કર્યું એ એમને ખટક્યું.

શાણા માણસો એકાદ સંકેતથી પણ પોતાનો માર્ગ બદલી નાખતા હોય છે. જગન્નાથે એમ કરવા વિચાર્યું.

બીજે દિવસે છ વાગ્યે એમણે રસોડામાં ડોકિયું કર્યું. રસોઈ તૈયાર હતી. એમણે સુરેશને કહ્યું : 'ચાલ સુરેશ, આપણે જમી લઈએ.'

'ના, દાદા. અત્યારે હું રમવા જાઉં છું. આવીને જમીશ.'

જગન્નાથે બીજા પૌત્રને એમની સાથે ભોજન લેવા સૂચવ્યું. તો એણે, 'મારે ટ્યૂશને જવાનો ટાઇમ થઈ ગયો છે.' કહી ભાગવા માંડ્યું. અને પૌત્રી નિમિષાએ નૃત્ય વર્ગના બહાને દાદા સાથે ભોજન લેવાનું ટાળ્યું.

હવે વારો હતો પુત્ર જયંતનો. ઑફિસેથી હમણાં જ આવીને એ બૂટ-મોજાં કાઢતો હતો. પિતાની દરખાસ્તથી ડઘાઈ ગયો હોય એમ એ એમની સામે જોઈ રહ્યો. પછી બોલ્યો : 'બાપુ, તમે જાણો તો છો કે હું કલબમાંથી આવ્યા પછી મોડેથી જમું છું.'

'બરાબર છે.' કહી જગન્નાથ ચૂપ રહ્યા.

છેવટે એમણે પુત્રવધૂને કહ્યું : 'શશી, અત્યારે તું મારી સાથે જમીશ ?'

પુત્રવધૂને જગન્નાથની વાત હાડોહડ ઉપહાસજનક લાગતાં કશો જવાબ આપ્યા સિવાય મોં ફુલાવીને એ બીજા ખંડમાં ચાલી ગઈ.

જગન્નાથના જમવાનો રોજનો સમય વીત્યા પછી જગુએ જગન્નાથને કહ્યું : 'દાદા, જમવાનો સમય થઈ ગયો છે, હોં.'

'આજે જમવું નથી.'

'કેમ, તબિયત ઠીક નથી ?'

'સારી જ છે. પણ મારે જમવું નથી. તું જમી લે.'

'તમે ન જમો તો મારેય નથી જમવું.'

'કેમ એટલું બધું ?'

'રોજ તમારી સાથે જમવાની ટેવ પડી ગઈ ને !' સહેજ હસીને જગુ બોલી ગયો.

'તુંય મારી જેમ કન્ડિશન્ડ થઈ ગયો છે કે શું ?'

'દાદા, આ કન્ડિશન શું છે ?'

'તને નહીં સમજાય.' કહી જગન્નાથે કશા છોછ વગર જગુને સમજાવવા માંડ્યું : 'મૂળ તો અમે ગામડાંના, તને ખબર છે ને ?'

'હા, રંગપુરના.'

'અહીં આવ્યો એ પહેલાં આખી જિંદગી મેં રંગપુરમાં કાઢી. સંયુક્ત કુટુંબ. અમે પાંચ ભાઈઓ...સાંજે સૌ સાથે બેસીને જમીએ. બાપુ પણ ખરા, બા ખીચડી પીરસે. દૂધના વાડકા અલગ, પણ રોટલાની છાબડી કોમન ! સાથે જમવાની આ ટેવ એવી પાકી કે એકલા જમવાનું તો ઊકલે જ નહીં. અને ઊકલે તો પણ કોળિયો ગળેથી નીચે ઊતરે જ નહીં ! આ થઈ કન્ડિશન્ડ સ્થિતિ, સમજ્યો ?'

દીવાલ પછવાડે શશી જગન્નાથની વાત સાંભળી રહી હતી. કદાચ એને સંભળાવવા જ જગન્નાથે આ સંવાદ રચ્યો હતો !

✳

## ૧૪૬. દીવાલની શોભા

મધુભાઈ કેબિનેટ કક્ષાના મંત્રી થયા એ પછી પહેલી વાર પોતે જ્યાં ભણ્યા હતા એ નગરમાં આવ્યા હતા.

મધુભાઈ આ નગરની શાળામાં ભણતા હતા એવું કોઈ ખણખોદિયાએ શોધી કાઢ્યું. પછી તો નગરવાસીઓએ આ નિસબતને ખૂબ સમજદારીથી વધાવી લીધી. એક ઉપદ્રવી રાજકારણી તરીકે મધુભાઈનું મૂલ્ય ઘણું ઊંચું હતું. ભૂગર્ભ દુનિયા સાથે પણ એમની સાંઠગાંઠ ખરી. આવો માણસ જ ખરા ટાઇમે ખપ લાગે એવી વ્યવહારુ સૂઝથી નગરના ચાર-પાંચ આગેવાનોએ મધુભાઈનું નગર તરફથી બહુમાન કરવાનું ગોઠવ્યું. ખુલ્લી જીપમાં નગરયાત્રા પછી સમારંભ સ્થાને એમનો પ્રવેશ કરાવવો એવું આયોજન કરવામાં આવ્યું. નગરના મુખ્ય માર્ગો ધજાપતાકાથી શણગારાયા અને ઠેર ઠેર સ્વાગત-બૅનરો પણ લટકાવવામાં આવ્યાં.

નગરયાત્રા શરૂ થઈ. મુખ્ય માર્ગ પૂરો થયો એટલે યાત્રા વળાંક લઈને એક સમાંતર માર્ગ ઉપર આવી. આ માર્ગ ઉપર મુંબઈ કે પરદેશમાં રહેતા ધનાઢ્ય શ્રેષ્ઠીઓનાં મહાલયો જેવાં મકાનો હતાં. એમાંનાં કેટલાંક તો બંધ રહેવા માટે જ નિર્માયાં હોય એમ બંધ રહેતાં હતાં.

જીપમાં મધુભાઈની બાજુમાં ઊભેલા નગરના આગેવાન નાગરિક સુમનભાઈએ કહ્યું : 'રત્નકણિકા બિલ્ડિંગ !'

મધુભાઈ બોલ્યા : 'એ ૧૯૩૫માં બંધાયું. ત્યારે હું હાઈસ્કૂલના પહેલા ધોરણમાં હતો. શાળામાં સાત વરસ ભણ્યો ત્યાં સુધી મેં એ મકાનને, બંધાયા પછી કદીયે ઊઘડેલું જોયું નહોતું.'

'એ પછી પણ, આજ સુધી એ ઊઘડ્યું નથી.'

યાત્રા આગળ વધી. એક વિશાળ બિલ્ડિંગની પછીત આગળ જીપ આવી એટલે સુમનભાઈ બોલ્યા : 'આ પાલેજવાળા બિલ્ડિંગ !'

શહેરનું જાણીતું બિલ્ડિંગ એટલે એના વિશે સુમનભાઈ વાત કરશે એમ ધારી ડ્રાઇવરે મંથર ગતિવાળી જીપની ગતિ વધારે મંથર કરી.

પછીતની દીવાલ વિશાળ અને ભવ્ય હતી. નિતંબે એમ્બોસ કરેલા ગ્રેનાઈટ પથ્થરો જડેલા હતા. ઉપરનો ભાગ આછા આસમાની રંગમાં હતો. આવી સુંદર દીવાલ 'મધિયો ડાકુ છે' એવા ડામરથી લખાયેલા શબ્દોના કારણે થોડી શોભા ગુમાવતી હતી.

સુમનભાઈ બોલ્યા : 'નિશાળિયાં આ રસ્તે નીકળતાં. કોણ જાણે કોઈ તોફાની બારકસે દીવાલ પર ડામરથી આવું લખીને મકાનની શોભા બગાડી નાખી છે.'

સુમનભાઈ આ લખાણ વિશે બોલ્યા એ પહેલાં તો મધુભાઈની આંખ એ લખાણ ઉપર જળોની જેમ ચોંટી ચૂકી હતી !

મધુભાઈ બોલ્યા : 'તમારું કહેવું સાચું છે, સુમનભાઈ. આવા લખાણથી દીવાલની શોભા તો બગડે પણ શહેરની ઇમેજ પણ બગડે છે...'

જીપમાં ઊભેલા બીજા એક ભાઈ બોલ્યા : 'કેટલાંય વરસોથી આ લખાણ એવું ને એવું જ છે. કોણ જાણે કયો મધિયો હશે આ, હવે તો ઘરડો થઈ ચૂક્યો હશે. મરી પણ ગયો હોય !'

※

# ૧૪૭. દુર્ગતિ

જીવતા હતા ત્યારે જગુભાઈએ જાહેર કરી રાખ્યું હતું કે મૃત્યુ પછી એમના દેહને નર્મદાના જળમાં પધરાવવો. સ્થળ પણ જણાવી રાખ્યું હતું.

આજે સાંજે છ વાગ્યે એમણે છેલ્લો શ્વાસ લીધો.

જગુભાઈના જીવતાં જે વાત વર્તમાનપત્રના સમાચાર જેવી લાગતી હતી તે એમના મૃત્યુ પછી એક મોટી સમસ્યા બનીને રહી. જગુભાઈના દીકરા કિશોરે પિતાના શબને નર્મદાના જળમાં પધરાવવાનો ધરાર ઇન્કાર કરી દીધો. પિતાની આ ઇચ્છાને એ માનવીય મૂલ્યનો હ્રાસ કરનારી, હીન અને અંધશ્રદ્ધાયુક્ત પ્રાકૃત ગણતો હતો.

પુત્રનો આ વિરોધ હજુ તો ઘરમાં જ ચડભડના રૂપમાં હતો. બહાર તો

જગુભાઈના અવસાન સાથે એમની અંતિમ ઇચ્છા વાયુવેગે ગામમાં પ્રસરી રહી હતી.

અને કાકાએ પણ, 'કિશોર તો બોલ્યા કરે, એને માન્યા સિવાય ક્યાં છૂટકો છે' સમજી જગુભાઈના દેહને વહેલી સવારે ત્રણ વાગે ચાંદોદકરનાળી તરફ લઈ જવાનો છે એવી જાહેરાત કરી દીધી હતી. અને એના આધારે ઘટતી તૈયારીઓ કરાવવા માંડી હતી.

મળ્યાં એટલાં ફૂલ અને હારથી ટ્રકને શણગારવામાં આવી હતી. ટ્રકની સાથે અન્ય સહયાત્રીઓ માટે બીજાં કેટલાંક વાહનો તૈયાર રાખવામાં આવ્યાં હતાં. કેટલાક પોતાનાં વાહનો સાથે જોડાવાના હતા. ઉદયમાન થઈ રહેલા સૂર્યના પ્રકાશથી પૂર્વાકાશ છવાઈ ગયું છતાં હજુ સુધી જગુભાઈના દેહને ટ્રક સુધી લાવી શકાયો નહોતો એની પાછળના કારણની ધીરે ધીરે સૌને જાણ થઈ અને સૌ પોતપોતાની રીતે ઊભી થયેલી પરિસ્થિતિ ઉપર ચિંતા કરવા લાગ્યા. કોઈ કોઈ શુભેચ્છક ગૂંચનો ઉકેલ આણવાના શુભ હેતુથી કિશોરને સમજાવવા એની પાસે ગયા. પણ કિશોરનો સૌને એક જ જવાબ હતો - 'પિતાજીના રોગિષ્ઠ શરીરને નિર્મળ જળમાં પધરાવીને દૂષિત કરવા હું તૈયાર નથી. જળચરો એ શરીરને નહોર અને દાંતથી રહેંસવા લાગે એ પછી પાણીની શી સ્થિતિ થાય એ કેમ વિચારતા નથી ? આ તો માનવ આરોગ્યને હાનિ પહોંચાડનારી ભયાનક પ્રવૃત્તિ છે. હું એ થવા દેનાર નથી.'

આ ગજગ્રાહમાં સૂર્યોદય થયો.

ઉપસ્થિત સમુદાયની અધીરાઈ હવે માઝા મૂકશે એવી ધારણા હેઠળ અને હવે બીજો કોઈ ઉપાય નથી એમ સમજીને કિશોરના કાકા ભારે ગુસ્સા હેઠળ ત્રાડ પાડીને બોલ્યા : 'તેં શું ધાર્યું છે ? તારા બાપુને અધોગતિએ પહોંચાડવા તું તૈયાર થયો છે, પણ યાદ રાખ, તારું ધાર્યું થવાનું નથી...તું જગુભાઈનો દીકરો છે તો હું એમનો ભાઈ છું. મારું એમની સાથેનું લોહીનું સગપણ તારાથી ઊતરતું નથી, સમજ્યો ! ચાલ ઊભો થા. અને ઊભા ન થવું હોય તો બેઠો રહે. અમે જ તારા બાપુની અંતિમ ઇચ્છા પાર પાડીશું.'

આટલું બોલી ક્રોધાવેશમાં કાકાએ ગર્જના કરી : 'જગુભાઈને માનભેર ટ્રકમાં લો.'

એ સાથે જ ઢોલીએ ઢોલ પર દાંડી પીટી.

અબીલ-ગુલાબ અને અક્ષત-બદામનો નિક્ષેપ થયો. ફૂલો અને ફૂલ પાંદડીઓ ઊછળ્યાં.

'જગુભાઈ અમર રહો'ના નારાએ ગગન ભેદવા માંડ્યું.

ટ્રકે પ્રસ્થાન આદર્યું. અને હતપ્રત બનીને કિશોર આ દુર્ગતિને વેદનાભરી નજરે નિહાળી રહ્યો.

⁕

## ૧૪૮. દેશદ્રોહી

પ્રેશર ચેમ્બર, આઈસોલેટેડ ચેમ્બર, હૉટ બૉક્સ વગેરેની આકરી તાલીમ પછી અંતરિક્ષમાં જવા માટે કુન્દન ઉપર પસંદગી ઊતરી.

લૉન્ચિંગ પેડ પરથી અવકાશયાન સી-૬ સવારે ૧૦ અને ૪૨ મિનિટે ઊપડવાનું હતું. રાત્રિના બે વાગ્યાથી મકર્યુરી કંટ્રોલ પ્રવૃત્તિથી ધમધમવા માંડ્યું. વિજ્ઞાનીઓ, ઇજનેરો, ટેક્નિશિયનો અને પ્રોજેક્ટના કર્મચારીઓ યાનની સર્વ પ્રકારની સિસ્ટમ્સની ચકાસણીમાં લાગી ગયા. કાઉન્ટ ડાઉન શરૂ થયું. બે મિનિટ બાકી રહી એટલે દરેક સિસ્ટમ્સમાંથી સિગ્નલ મળવાં લાગ્યો : પ્રેશરાઇઝેશન...બરાબર  પ્રિ. પાઈલોટ લાઇટ્સ...બરાબર બળતણની ટાંકીઓ...બરાબર કુન્દને ઇમરજન્સી કંટ્રોલ પર નજર ઠારવી. ઑક્સિજન, વેન્ટીલેશન, પ્રેશરાઇઝેશન વગેરેમાંથી કોઈ એક અથવા બધા નિષ્ફળ જાય તો એનો ઉપયોગ કરવાનો હતો.

પચાસ સેકન્ડ...ચાર...ત્રણ...બે...એક...ઈગ્નીશન ! અને આખું વાયુમંડળ ગાજી ઊઠ્યું. ધરણી પણ ધ્રૂજી ગઈ.

૩૫૦૦૦ ફૂટની ઊંચાઈ યાન માટે મહત્તમ ધ્રુજારીનો પ્રદેશ યાને એ ઊંચાઈ સફળતાપૂર્વક પાર કરી. યાન ગુરુત્વાકર્ષણમાંથી મુક્ત થયું.

કુન્દન સો માઈલની ઊંચાઈએ હતો. સાવ વજનવિહીન ! એણે પેરિસ્કોપમાં જોયું. પૃથ્વીનો ભૂરી ક્ષિતિજોમાં વીંટાયેલો બે હજાર ચોરસ માઈલનો વિસ્તાર. ભવ્ય દર્શન નર્યું અસાધારણ ! પહાડો, જંગલો, સમુદ્રનાં પાણી...પ્રશાંત મહાસાગર...ફિલિપાઇન્સ, કેરોલિન ટાપુઓ...આલાસ્કા...કેનેડા...

પ્રચંડ વેગથી ઘૂમી રહેલી પૃથ્વી...એના બધા જ ભૂમિખંડો માટે હૈયામાં આટલો પ્રેમ હશે એ તો આજે, એનાથી વિખૂટા પડવાથી જ સમજાયું.

અમેરિકા...રશિયા...એશિયા...આફ્રિકા...પોતે આ બધા ભૂમિખંડોથી વિખૂટો પડી ગયો હતો. પાણીથી ફેંકાઈને બહાર પડેલા મીનની સ્થિતિ અત્યારે એ અનુભવી રહ્યો હતો.

બાળપણમાં એને 'ચાંદામામા' માટે આસક્તિ થઈ હતી. સમજણ આવ્યા પછી

મંગળ, ગુરુ, શુક્ર ગ્રહોને એ અહોભાવથી નિહાળતો હતો. પોતાના ગ્રહને તો એણે કદી પ્રેમ કર્યો જ નહોતો ! આજ એ ગ્રહ માટે પ્રેમથી એ ઓળઘોળ થઈ રહ્યો હતો.

મકર્યુરી કંટ્રોલમાંથી એને સંદેશો મળ્યો : 'દેશ તમારી સફળ યાત્રાથી આનંદવિભોર છે. દેશ માટે તમારો સંદેશો ?'

'અર્થ, માય અર્થ, સ્વીટ હોમ ! (પૃથ્વી, મારી પૃથ્વી, મધુર ઘર) પૃથ્વી ઉપર ઈશ્વરના આશીર્વાદ ઊતરો એવી પ્રાર્થના છે.'

'પૃથ્વીની વાત છોડો દેશ માટે કંઈક કહો.'

'પૃથ્વીથી દેશની શી રીતે અલગ કરું, ભલા ?'

'આપણા દુશ્મન દેશ અમેરિકા માટે પણ તમારી એ લાગણી છે ?'

'ઉંમરની આ ક્ષણે મને ભાન થયું છે કે પૃથ્વીના કણ કણ સાથે પ્રેમના તંતુથી હું જોડાયો છું. કોઈ દેશ દુશ્મન નથી.'

પછી મકર્યુરી કંટ્રોલ સાથે કશો વ્યવહાર ન થયો. અને એના ઉતરાણ માટે સ્થળ બદલીને પ્રશાંત મહાસાગરનો કોઈ અગોચર વિસ્તાર પસંદ કરવામાં આવ્યો. મધ્યાહ્નનો સમય બદલીને મધ્યરાત્રિનો કરવામાં આવ્યો. એને આવકારવાના ભવ્ય યોજના પડતી મૂકવામાં આવી.

એના યાને પૃથ્વી ઉપર ઉતરાણ કર્યું. એને સત્કારવા ફરજ પરના કેટલાક નેવલ ઑફિસરો સિવાય કોઈ નહોતું.

❊

## ૧૪૯. દોરડા પરનો નટ

એણે જોયું કે સભાગૃહ લગભગ ભરચક છે. કોઈ ખાલી ખુરશી માટે એણે નજર ફેરવવા માંડી. છેલ્લેથી ત્રીજી હારમાં એક ખુરશી ખાલી હતી. બાજુની ખુરશીમાં એક યુવાન સ્ત્રી બેઠી હતી. ત્યાં જઈને ખાલી ખુરશીમાં બેસી જવું એ એને મન એક મોટું સાહસ હતું, કારણ કે એ સ્ત્રીભીરુ હતો. માણસ પાપભીરુ હોય, ધર્મભીરુ હોય એમ આ સ્ત્રીભીરુ હતો. સ્ત્રીના કારણે પોતાની અપકીર્તિ ન થાય, કોઈ સ્ત્રીના ચિત્ત ઉપર પોતાની ખરાબ છાપ ન અંકાય એ અંગે એ જાગ્રત હતો. સાવધ પણ ખરો.

યુવાન સ્ત્રીની બાજુની ખાલી ખુરશીમાં પોતે ગોઠવાઈ જાય એમાં કશું અજુગતું કે શિષ્ટાચાર વિરુદ્ધનું નહોતું. પણ કોઈ યુવાન છોકરી કે સ્ત્રીની બાજુમાં બેઠક લેવાથી

બીજા લોકોની માનસિક શાંતિ જોખમાય છે એવું એને પોતાની નવયુવાનીના દિવસોમાં બસમાં એક યુવાન છોકરીની બાજુમાં લીધેલી બેઠકના અનુભવે જ્ઞાન થયું હતું. ત્યારથી આ બાબતે એ ખૂબ સાવધાન રહેતો હતો. અને બીજા લોકોની માનસિક શાંતિ ખાતર એ અજાણી સ્ત્રીના સ્પર્શથી દૂર રહેતો હતો.

અત્યારે સભા ગૃહની એ ખાલી સીટ પર જઈને બેસવા અવઢવમાં હતો ત્યાં કોઈ સ્વયંસેવકે એની પાસે આવીને એ ખાલી સીટ તરફ નિર્દેશ કર્યો.

એ ત્યાં જઈને બેઠો તો ખરો, પણ એક વાતે એને બેચેન કરી મૂક્યો. વધારે સંખ્યામાં સમાસ કરવાના હેતુથી ખુરશીઓની એવી ભીડ કરેલી હતી કે બે ખુરશીઓના હાથ ટેકવવાના હાથા એકમેક સાથે ભિડાઈને એક જેવા બની ગયા હતા. હાથને આડા-ઊભા ટેકીને બન્ને વ્યક્તિઓ અનુકૂલન સાધી શકે. પણ એમાં સ્પર્શનું જોખમ તો રહેવાનું જ. એ આવું જોખમ ખેડવા તૈયાર નહોતો. અજાણતાંય સ્પર્શ થઈ જાય તો આ સ્ત્રી પોતાના માટે શું ધારી બેસે ? કાચબો જેમ અંગોને સંકોડે એમ એણે સ્ત્રી તરફનો પોતાનો હાથ પોતાની જાંઘ ઉપર ટેકવ્યો. પોતાની નજર સહેજ પણ જમીન તરફ ન જાય એની પણ એણે કાળજી રાખી. પોતાની નજર એ તરફ વળેલી હોય અને સ્ત્રી એની નોંધ લે તો ? સાચવેલું બધું વ્યર્થ જાય ને ? આ માણસ વક્તાને નહીં પણ પોતાને નીરખી રહ્યો છે એવું જ એ સ્ત્રી માની લે ને ? અને પોતાની છાપ ? એ ન બગડે એટલા માટે એણે પોતાની નજરને ડાબી તરફ કંઈક વધારે પડતી વાળેલી રાખી જાણે જમણી તરફનો પ્રદેશ ખાલી ખમ !

પ્રવચનનું તો સમજ્યા, પણ આ માણસ દોરડા પર ચાલતા નટના જેવી સમતુલા જાળવવા પુરુષાર્થ કરતો રહ્યો.

‘પ્રવચનમાં શું સાંભળી આવ્યા ?’ પત્નીના એવા સવાલના જવાબમાં પોતે શું કહેશે એ પણ એના માટે મૂંઝવણનો સવાલ હતો.

પ્રવચન પૂરું થયું અને આભારવિધિ પણ સંપન્ન થયો. વિખરાવા માટે સૌ ઊભા થવા લાગ્યા. હવે શી હરકત ? એવા એક મુક્ત ખ્યાલથી એણે જમણી તરફ જરાક નજર કરી. પણ આ શું ? બાજુની ખુરશી તો ખાલી હતી !!

✻

# ૧૫૦. દ્વિરૂપ

એ જ્યારે સભામાં મેદની સમક્ષ સ્ત્રીની સામ્પ્રત હાલત વિશે બોલતી ત્યારે એની વાક્છટાથી પ્રભાવિત શ્રોતાઓ મોંમાં આંગળાં નાખી જતા એ ગર્જતી નહોતી છતાં ક્યારેક એની વાણી વિદ્યુત જેવી દાહક બની રહેતી. એની વાણીમાં રહેલાં વ્યંજના અને કટાક્ષ ઘણી વાર તલવારના ઘા જેવાં બની રહેતાં એની વાણીમાં ધ્વનિના એવા ચઢાવ-ઉતાર આવતા જે મધુર સંગીતનો આહ્લાદ આપતા. આશ્ચર્યની વાત તો એ હતી કે સ્ત્રીઓ ઉપર મિથ્યા આધિપત્ય ભોગવતા પુરુષવર્ગ ઉપર એ તીખા અને તેજાબી ચાબખા વીંઝતી તોપણ સભામાં ઉપસ્થિત પુરુષો મંત્રમુગ્ધ થઈને એની વાણી ઉપર ડોલી રહેતા.

એનાં પ્રવચનોનો મુખ્ય વિષય તો પુરુષપ્રધાન સમાજમાં પતિ તરફથી પત્ની પ્રત્યે દાખવવામાં આવતું સ્વામિત્વ. હવે પુરુષ સમોવડી સિદ્ધ થઈ ચૂકેલી સ્ત્રીને પુરુષ પતિ પોતાની સમકક્ષ ગણવાને બદલે ભોગિની જ સમજે છે એ વાત ઉપર એ પોતાના પ્રવચનમાં ભાર મૂકતી તો હતી જ, સાથે સાથે પતિની જોહુકમીને વશ થઈને ચાલતી સ્ત્રી પણ એના ભાથામાંથી નીકળતાં બાણથી વીંધાયા વગર ન રહેતી. પતિના ગમા-અણગમા પ્રમાણે પોતાના વાણીવર્તનને અનુકૂળ બનાવતી, પતિની નાનીમોટી સગવડોની સાચવણીને જીવનનું મહત્તમ લક્ષ્ય ગણતી, પતિ નોકરી-ધંધા ઉપર જાય ત્યારે એને દરવાજા સુધી વળાવવા જતી, ધંધા પરથી એના પરત થવાના સમયે એની રાહ જોવામાં બારીએ ઊભી રહેતી, પતિ બહારગામ જવાનો હોય ત્યારે એની બધી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બૅગ તૈયાર કરતી અને એમાં કંઈ ચૂક થાય તો પતિના ગુસ્સાનો તાપ વેઠી લઈને ક્યારેક આંસુ સારી લેતી સ્ત્રીમાં એને વેવલાઈભરી ગુલામી સિવાય બીજુ કંઈ જ દેખાતું નહોતું. આવી વેવલાઈભરી ચેષ્ટાઓ આચરતી સ્ત્રી પોતાના આ વર્તનને ભલે પ્રેમની અભિવ્યક્તિમાં ખપાવવા પ્રયત્ન કરતી હોય, પણ એને મન આ નર્યો દંભ હતો. આ દંભ ઉપર તો એ પોતાના પ્રવચનમાં મીઠાના દ્રાવણમાં બોળેલી ચાબુક જ ફટકારતી. આ મનોદશામાંથી બહાર નીકળવા એ સ્ત્રીઓને હાકલ કરતી અને પતિની જોહુકમી સામે બળવો કરવા પ્રેરતી.

એક દિવસ 'ઍંગ્રી યંગમૅન' ગણાતા આકાશે એનું પ્રવચન સાંભળ્યું, એના પ્રવચનમાં ક્ષણે ક્ષણે પ્રગટ થતા વાક્વૈભવ અને વિચારોથી એ એટલો બધો પ્રભાવિત થયો કે પ્રવચનને અંતે મંચ તરફ દોડી જઈને એને અભિનંદન આપવા એ તત્પર થયો, પણ મંચ ઉપર એ સામાન્ય પ્રશંસકોથી ઘેરાયેલી હતી એટલે બીજે દિવસે એના નિવાસસ્થાને જઈને એને અભિનંદન આપવાનું એણે નક્કી કર્યું.

બીજે દિવસે સવારે લગભગ દસ વાગ્યે એ એના ઘર સુધી પહોંચ્યો. પણ એ દ્વારમાં પ્રવેશ કરવાની એને જરૂર ન જણાઈ.

જેને અભિનંદન આપવા એ અધીરો થયો હતો એ સ્ત્રીના એક હાથમાં બ્રશ અને બીજા હાથમાં પુરુષનો બૂટ હતો. સામે 'ચેરી બ્લોસમ' પોલિશની ડબ્બી હતી.

આકાશે બહારથી જ આ સ્ત્રીને કાર્યરત જોઈ અને દરવાજામાં પ્રવેશ કર્યા વગર જ પાછો વળી ગયો !

⁕

# ૧૫૧. ધક્કો

એક સમારંભમાં વિકલાંગ દીનુને ટ્રાયસિકલ આપવામાં આવી. એ વખતે સભા તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠી. કૅમેરાના ફ્લેશ ઉપરાઉપરી ઝબક્યા.

દીનુને ટ્રાયસિકલ મળ્યાનો ખૂબ આનંદ હતો, પણ વક્તાઓના ભાષણ વખતે ચિત્તના એક અગોચર ખૂણામાં કશોક સળવળાટ થયા કરતો હતો એને કંઈ ખબર ન પડી.

નવું સાધન, નવો અનુભવ એટલે ચલાવવામાં દીનુને ઠીકઠીક મુશ્કેલી પડતી હતી. મિત્રો સાઇકલને ઠેલીને મદદ કરવા લાગ્યા. આમાં એમને મજા પડતી હતી. ક્યારેક તો વધારે પડતા ઉત્સાહમાં એ લોકો જરૂર કરતાં વધારે જોર કાઢતા હતા અને સાઇકલની સમતુલા જોખમાતી હતી.

પણ થોડા દિવસમાં એકલે હાથે સાઇકલ ચલાવવાની દીનુને ફાવટ આવી ગઈ. એટલે હવે ભાઈબંધોના આડેધડ ધક્કા એને કઠવા લાગ્યા. એક દિવસ નિશાળેથી ઘેર પાછા ફરતી વખતે એક કિશોરના ધક્કાથી સાઇકલ એક તારની વાડ તરફ ધકેલાઈ ગઈ. દીનુ ગુસ્સે ભરાયો. મુખમાંથી એક હળવી ગાળ પણ નીકળી ગઈ.

ધક્કો મારનાર છોકરો પણ ઉશ્કેરાઈ ગયો. એણે કહ્યું : 'લે, ચલાવ તું તારે, લંગડા !' અને એ આઘો ખસી ગયો. સાથે સાથે બીજા છોકરાઓ પણ સાઇકલને પડતી મૂકીને ચાલવા લાગ્યા.

દીનુ થોડી વાર તો સમસમી રહ્યો. ભેરુ જતા રહ્યા એનું એને દુઃખ નહોતું, પણ પેલો 'લંગડા !' શબ્દ બંદૂકની ગોળીની જેમ છાતીમાં વાગ્યો. કેટલીક ક્ષણો સુધી સૂનમૂન રહ્યા પછી એણે એકલે હાથે સાઇકલ ચલાવવા માંડી. ઘરના આંગણામાં આવ્યા પછી સાઇકલ પરથી એ ઊતર્યો નહીં.

એને સાઇકલની સીટ પર સૂનમૂન બેસી રહેલો જોઈ મા ઘરમાંથી બહાર આવી. એણે કહ્યું : 'કેમ બેસી રહ્યો છે, બેટા ?'

દીનુ કંઈ બોલ્યો નહીં.

મા નજીક આવી. દીનુનો ઊતરેલો ચહેરો જોઈ એણે કહ્યું : 'શું થયું ?'

છતાંય દીનુએ જવાબ આપ્યો નહીં. એટલે એણે ફરી પૂછ્યું : 'કહે તો ખરો, શું થયું ?'

'બધા અડધે મૂકીને જતા રહ્યા.'

'કેમ ?'

'સાઇકલને ગમે તેમ ધક્કા મારતા હતા.'

'એટલે તું એમને કંઈ બોલ્યો ?'

'બોલું જ ને. સાઇકલ વાડ ભેગી જ થઈ જાત.'

મા દયામણે ચહેરે પુત્ર તરફ જોઈ રહી.

માની આવી આંખ દીનુ પહેલી વાર જોતો હતો. એ કશું બોલતી નહોતી, માત્ર એને જોયા કરતી હતી. છેવટે બોલી : 'બેટા, આપણે એ બધું ચલાવી લેવું પડે. આપણાથી ગુસ્સે કરાય નહીં.'

'કેમ ન કરાય ?' અકળામણ સાથે દીનુ બોલ્યો.

માની પાસે આનો જવાબ તો હતો જ, પણ એ કશું ન બોલી. એની આંખમાંથી બે આંસુ ખરી પડ્યાં. કદાચ દીનુના પ્રશ્નનો જવાબ એમાં હતો.

પેલા સમારંભમાં જ્યારે આ કિશોરને ટ્રાયસિકલ અપાઈ ત્યારે એના ચિત્તના અગોચર ખૂણે થયેલા સળવળાટનું રહસ્ય અત્યારે એને સમજાયું. અને એ ગંભીર થઈ ગયો. જીવનભર ગંભીર રહેવા માટે સ્તો !

❊

# ૧૫૨. ધડાકો

કનકભાઈએ ટેબલ ઉપરનાં વેરણછેરણ પુસ્તકો ગોઠવી લીધાં. ફ્લાવરવાઝમાં પ્લાસ્ટિકનાં ફૂલ જરા સરખાં કર્યાં. આયના આગળ ઊભા રહીને વાળમાં દાંતિયો ફેરવી લીધો અને બારી આગળ જઈને ઊભા રહ્યા.

પલ્લવી આવવાની હતી. પલ્લવી આવવાની હોય ત્યારે એ ટેબલ ઉપરનાં પુસ્તકો બરાબર ગોઠવી લેતા. પ્લાસ્ટિકનાં ફૂલ સરખાં કરી લેતા. વાળમાં દાંતિયો ફેરવી લેતા અને પછી બારી આગળ જઈને ઊભા રહેતા.

પલ્લવીને કનકભાઈ સાથે વાત કરવાનું ગમતું. એમના ટેસ્ટ ઊંચા પ્રકારના હતા. સ્વભાવે મશ્કરા પણ ખરા. વાતમાં ક્યારે હળવાશ કે ટીખળ આવી જાય એનું એમને ભાન રહેતું નહીં. એક દિવસ 'સારો છોકરો મળતો નથી' એવી પલ્લવીની મમ્મીની ફરિયાદને કેન્દ્રમાં રાખીને એમણે પલ્લવી સાથે વાત વણવા માંડી ત્યાં પલ્લવીએ જ ધડાકો કર્યો : ''કનકભાઈ, તમે જ એક સારો છોકરો શોધી આપો ને !''

કનકભાઈ પલ્લવી તરફ તાકી રહ્યા. કોઈ બહાના હેઠળ જોઈ રહેવાનું મન થાય એવી માંસલ દેહવાળી એ છોકરી હતી.

''મશ્કરી સમજો છો ?'' કનકભાઈને આમ તાકી રહેલા જોઈ પલ્લવી બોલીઃ ''હવે તો હું ઇચ્છું છું કે કોઈ સારો છોકરો મળી જાય તો પરણી જાઉં.''

''શોધી દઈશ જા. કોઈ રાજકુમાર જેવો, કોઈ ફિલ્મના હીરો જેવો, કોઈ...''

''બસ, બસ, બસ...બેમાંથી એક જેવો હશે તો ચાલશે.''

ત્યાર પછી પલ્લવી અવારનવાર કનકભાઈ પાસે આ બાબતની પ્રગતિનો અહેવાલ લેવા આવતી. અને એના આગમન પૂર્વે કનકભાઈ ટેબલ ઉપરનાં પુસ્તકો સરખાં કરી લેતા. ફ્લાવરવાઝનાં ફૂલ બરાબર ગોઠવી દેતા, વાળમાં કાંસકો ફેરવી લેતા અને બારી આગળ જઈને ઊભા રહેતા.

એક દિવસ કનકભાઈની વાતમાં પલ્લવીને ગમ્મત પડી. હળવા મૂડમાં એણે એક બીજો ધડાકો કર્યો : ''જોજો કનકભાઈ, આમ ને આમ મારી વસંત ચાલી ન જાય.''

અને કનકભાઈએ પોતાના સ્વભાવ પ્રમાણે જવાબ આપ્યો : ''બોલ, ઉતાવળ હોય તો કાલે જ લઈ આવું - બોબડો, લંગડો, કાણો...ચાલશે ?'' પછી ઠાવકા મુખે બોલ્યા : ''એક સરસ છોકરાની શોધમાં જ છું. તારા માટે કેવો છોકરો જોઈએ એની તને ખબર છે ?''

''એની મને ખબર પડતી નથી એટલે તો તમારો જીવ ખાઉ છું.'' કહી એ ખડખડ હસી પડી.

કનકભાઈ દર વખતે કોઈ ઊંચી ને ઊંચી શક્યતાઓની વાતો કરતા. અને પલ્લવી મરક મરક હસી લેતી.

આજે કનકભાઈ પલ્લવીની રાહ જોતા બારી આગળ ઊભા હતા. એમણે હમણાં જ ટેબલ ઉપરનાં પુસ્તકો ઠીક કરી લીધાં હતાં, માથામાં દાંતિયો ફેરવી લીધો હતો. વધારામાં આજે તો એમણે કફની ઉપર પરફ્યુમનો સ્પ્રે કરી લીધો હતો.

પલ્લવી આવી. એના ચહેરા ઉપર અજાણ્યો અજાણ્યો એક મલકાટ હતો. ગમી જાય એવી લજ્જાની રતાશ એના ચહેરા ઉપર ઝળૂંબી રહી હતી.

પલ્લવીને આવકારવા કનકભાઈ બે ડગલાં આગળ વધ્યા.

સોફા ઉપર બેસતાં જ પલ્લવીએ વળી એક નવો ધડાકો કર્યો : ''હવે પેલી તપાસ ન કરતા હોં, કનકભાઈ.''

''કેમ ?''

''મેં એક છોકરાને પસંદ કરી લીધો છે.''

''કોણ છે ?'' આશ્ચર્યથી મોં વકાસીને કનકભાઈએ ઝટ પ્રશ્ન કર્યો.

''પૃથ્વીશ. પુષ્પક પોળમાં રહે છે.''

''પૃથ્વીશ ?''

''હા.''

''પેલો રખડેલ ? ઊખડેલ ? આવારા છે એ ?''

''અને સિનેમાના હીરો જેવો પણ ખરો !'' કહી પલ્લવી વળી ખડખડ હસી પડી. અને આગળ બોલી : ''મેં અત્યારે એને મળવાનો ટાઇમ આપ્યો છે. મને થયું - તમને ખબર આપતી જાઉં.''

અને કનકભાઈના બોલવાની રાહ જોયા સિવાય જ પલ્લવી ઊભી થઈ અને ચાલવા માટે એણે પીઠ ફેરવી.

''પણ તારા માટે કેવો...''

કનકભાઈનું વાક્ય પૂરું થાય એ પહેલાં તો પલ્લવી પગથિયાં ઊતરી ગઈ હતી.

✳

# ૧૫૩. ધૃતરાષ્ટ્ર

રણજિત વતનમાં માતાપિતાને મળવા આવતો ત્યારે એને એનું પુરાણું મકાન ડંખતું. કદાચ ધંધામાં થયેલી સારી એવી કમાણીનું આ પરિણામ હોય. મકાનને પાયાથી નવું બનાવી લેવા એ પિતાને વારંવાર કહેતો. પણ એને સમજાતું ન હતું કે કયો સેન્ટીમેન્ટ પિતાને આમ કરતાં રોકતો હતો ! પિતા એક જ વાક્ય ઉચ્ચારતા : 'હમણાં કંઈ કરવું નથી ! ભલે જેમનું તેમ રહ્યું.'

'તો પછી માધવકાકા અને આપણી વચ્ચેની દીવાલમાંની આ બારી તો પુરાવી દઈએ' રણજિતે એક વખત પિતા આગળ પ્રસ્તાવ મૂક્યો.

રઘુભાઈ બારી તરફ જોઈ રહ્યા. કહેવાય બારી, પણ દીવાલના ચણતરમાં એક ફૂટ પહોળી અને એક ફૂટ ઊંચી છોડી દીધેલી જગ્યા જ કહો. બે પડોશી વચ્ચે વાટકી વ્યવહાર માટે દીવાલમાં રાખેલું એક ચોરસ બાકોરું !

રઘુભાઈ ચૂપ રહ્યા એટલે રણજિતે કહ્યું : 'આવાં બારાં આપણાં ખાનગીપણા ઉપર તરાપ મારે.'

રણજિતના કહેવાનો મર્મ રઘુભાઈ સમજ્યા હતા એટલે એ બોલ્યા : 'અને ઢાંકેય ખરાં !'

'ઢાં...કે ?!'

રઘુભાઈ પાસે કહેવાનું ઘણુંય હતું. પણ એ કંઈ બોલ્યા નહીં.

'એક દિવસ રોકાવાનો છું એટલે કડિયો બોલાવીને આ બારું પુરાવી દઉં.' રણજિત બોલ્યો. અને પૂછીય લીધું : 'શું કહો છો ?'

કાયમ નન્નો ભણતા હતા એટલે આ વખતે, દીકરો જેને નાનું કામ માનતો હતો એમાં એને નાખુશ કરવાની કઠોરતા રઘુભાઈ તરત દાખવી શક્યા નહીં. અને મૂંગા રહ્યા.

મૌનને સંમતિ સમજીને રણજિતે કડિયો બોલાવી લીધો. અને દિવસ આથમતાં સુધીમાં પ્લાસ્ટર સમેત કામ પૂરું કરાવી દીધું.

ધારણા કરતાં કામ વહેલું પૂરું થયું એનો રણજિતને સંતોષ થયો. એણે પિતાને કહ્યું : 'હું રાતની ગાડીમાં જઈશ. પ્લાસ્ટર ઉપર કાલે પાણી છાંટજો. માધવકાકાની બાજુમાં પણ આપણે જ છાંટી આવવું.'

રણજિત રાતની ગાડીમાં ઊપડી ગયો.

રાત્રે રઘુભાઈ અને એમનાં પત્નીની વચ્ચે આ સંવાદ થયો.

'જે થયું એ ખોટું થયું.'

'થયું જ તો. તમે ના ન કહી એટલે રણજિતને ફાવતું જડ્યું.'

રઘુભાઈ કંઈ બોલ્યા નહીં એટલે પત્નીએ કહ્યું : 'માધુભાઈને ખોટું લાગ્યું હશે.'

'લાગે, કોઈનેય લાગે, માધુભાઈને વધારે લાગે.'

'માધુભાઈ અને જશોદાભાભીએ આ બારીમાંથી આપણું જેટલું ઢાંક્યું હશે એટલું તો સગોભાઈ પણ ન ઢાંકે !'

'હાસ્તો, આપણી વેળા તો હવે વળી. પહેલાં આપણી પાસે શું હતું ?'

'ખરી વાત છે. મહેમાન હજુ તો પરસાળમાં બેઠા હોય અને જશોદાભાભીએ ચા માટે બારીમાં ટોયલી ધરી જ હોય.'

'વાર-તહેવારે રાંધણું કરવાના આપણા વેતા નો'તા ત્યારે શીરા કે લાડુનું તાંસળું એ જ મૂકી દેતાં હતાં ને !'

'રણજિત માટે ભજિયાં કે ગોટાની વાડકી તો આંતરે દા'ડે...'

'નક્કી, માધુભાઈને થશે કે આપણી પાસે પૈસો થયો એવું આપણને અભિમાન થયું છે...'

'એમની જાહોજલાલી આથમી એટલે વધારે દુઃખ લાગે.'

'મને તો એમ થાય છે, લલિતા કે ચણતર હજુ લીલું છે. ઈંટો ખેંચી લઉં.'

'એમ કરશો તો દીકરાનું મન ખાટું થશે.'

'એ જીરવાશે પણ માધુભાઈથી મોઢું સંતાડવું પડે એ નંઈ જીરવાય.'

રાત વીતી, સવાર થયું અને રઘુભાઈએ પત્નીને કહ્યું : 'ડોલમાં થોડું પાણી અને ડબલું લેતાં આવજો.' પછી મનોમન બોલ્યા : 'ઈંટો તો ઘણીય ખેંચી નાખવી હતી પણ રાતમાં ધૃતરાષ્ટ્ર આવીને વસી ગયો હૈયામાં !'

❊

# ૧૫૪. ધ્વજદિન

સુમંતભાઈએ કેલેન્ડરનું પાનું ફાડ્યું.

સાતમી ડિસેમ્બર ! ધ્વજદિન !

એમના ચિત્ત ઉપર એક ઉદાસી ફરી વળી. આમ તો રિટાયર થયે સાત મહિના વીતી ગયા હતા. પણ આજ પહેલી વાર એમને નિવૃત્તિનો અફસોસ થયો. નિત્યકર્મથી પરવાર્યા. એ ઉપર ગયા, નીચે આવ્યા, વરન્ડામાં ઊભા રહ્યા, મકાન પાછળના બગીચામાં ગયા, ત્યાંથી હીંચકે બેઠા, છાપું ઉઘાડ્યું, પાનાં ફેરવીને બાજુએ મૂક્યું,

વળી ઉપર ગયા, નીચે આવ્યા...ચેન પડતું નહોતું.

અગિયાર વાગ્યા એટલે આરામખુરશીમાં એ લાંબા થયા. આંખો બંધ કરી...સ્કૂલ શરૂ થવાનો બેલ કાનમાં ધણધણી ઊઠ્યો. આજે ધ્વજદિન !

શાળામાં સ્વાતંત્ર્યદિન, પ્રજાસત્તાકદિન, શિક્ષકદિન વગેરે દિવસોની ઉજવણી એ ગૌરવપૂર્વક કરાવતા પણ ધ્વજદિનની ઉજવણી માટે એમને વિશેષ મમત્વ હતું. એ દિવસે એમના માટે એક ધાર્મિક પર્વ-શો બની રહેતો.

પ્રાર્થના-સભામાં બાળકો આગળ દેશ માટે પ્રાણાર્પણ કરનાર સૈનિકોની વાતો એ કહેતા. ચીની આક્રમણ વખતે હિમાલયના બર્ફીલા પહાડોમાં હતાશાજનક વાતાવરણમાં ખપી ગયેલા દેશના જવાનોની વાત કરતાં એમની આંખ ભીની થઈ જતી.

સભાને અંતે લશ્કરી મુદ્રાવાળા નાના નાના ધ્વજ એ પોતે જ બાળકોની છાતીએ લગાવતા. યુદ્ધમાં વિગત થયેલા અથવા ઘવાઈને અકાર્યક્ષમ બનેલા સૈનિકોના કુટુંબ માટે એ ફાળાની અપીલ કરતા. બાળકો મર્મવેધક ઉમળકાથી ફાળો આપતાં અને મોટી રકમ એકઠી થઈ જતી.

સભાને અંતે એ પરમ સંતોષની લાગણી અનુભવતા.

આજ નિવૃત્તિ પછીનો પ્રથમ ધ્વજદિન હતો. પોતે અહીં હતા. એમના કાનમાં શાળાનો ઘંટ સતત રણકાર કરી રહ્યો હતો. પણ સામે બાળકો નહોતાં, પ્રાર્થના-સભા નહોતી, નાનકડા ટેબલ ઉપર ધૂપનાં શ્વેત વલયો નીકળતાં નહોતાં...

એ ઊભા થયા. વરન્ડામાં આવ્યા. સામેના મકાનના વરન્ડામાં ચંપકલાલ ઊભા હતા. એમણે ચંપકલાલને કહ્યું : ‘‘આજ ધ્વજદિન ! ખબર છે, ચંપકભાઈ?’’

‘‘ના ભૈ. આપણે એવું તેવું શું જાણીએ ? કયો દિન કહ્યો, તમે ?’’

‘‘ધ્વજદિન !’’ કહી સુમંતભાઈ અંદર ચાલ્યા ગયા અને બબડ્યા : ‘‘એમણે પ્રાણ આપ્યા આ લોકો માટે જે...’’

એ અટકી ગયા. ફરીથી ખુરશીમાં લંબાવ્યું.

એમની બેચેની વધી રહી હતી.

❊

# ૧૫૫. ધ્વંસ

ભૂપતિની સંઘરો કરવાની આદત. મૅગેઝિન હોય કે પુસ્તક, એ સંઘરી લેતો. મિત્રોના પત્રો પણ એની પાસે જમા થઈને રહેતા. આ સંગ્રહથી પણ મોટાં કબાટો ભરચક થઈ ગયાં હતાં અને હવે જે કંઈ આવે એ જ્યાં જગ્યા મળે ત્યાં સ્થાન લેતું. અલમારીના મથાળે, અભરાઈઓ ઉપર, ટી.વી. કેસની નીચે, રેડિયોના કૅબિનેટમાં, ટેબલલૅમ્પની બાજુમાં...અને તેય બધું અસ્તવ્યસ્ત !

વિશાખા વારંવાર સરખું કરતી. પણ ત્રણ દિવસમાં તો એનું એ ! ઘણી વાર એ ભૂપતિ સાથે ઝઘડો કરતી. અને બધું પસ્તીમાં પધરાવી દેવાની ધમકી પણ આપતી.

ભૂપતિનો એક જ જવાબ : ‘‘જગ્યા ક્યાં છે ?’’

ગુસ્સે થઈને વિશાખા કહેતી : ‘‘ત્રણ ત્રણ કબાટ બથાવ્યાં છે તોય જગ્યા નથી ?...નકામું હોય એ કાઢી નાખો. માસિકો શું કરવા ભરી રાખ્યાં છે ? લેભાગુ લેખકોનાં પુસ્તકો સંઘરવાની શી જરૂર ? અને પેલા બધા કાગળો (પત્રો) જાણે દસ્તાવેજ હોય એમ સંઘરી રાખ્યા છે. બે ખાનાં તો એનાથી ભર્યાં છે...’’

એક દિવસ તો વિશાખાએ ભૂપતિને અલ્ટીમેટમ જ આપ્યું : ‘ત્રણ દિવસમાં એ નકામો કચરો સાફ નહીં કરો તો હું એને વગે કરીશ. પસ્તીમાં કે ચૂલામાં...’

અને ખરેખર વિશાખાએ પોતાના અલ્ટીમેટમ પ્રમાણે ત્રણ દિવસને અંતે પેલાં કબાટની સાફસૂફી કરવા માંડી. મહત્ત્વનાં માસિકોના અંકો રહેવા દઈ બીજાં નાખ્યાં ફર્શ ઉપર. પછી વારો આવ્યો શિખાઉ લેખકોનાં પુસ્તકોનો...અને તે પછી પેલાં કાર્ડ, કવર-પત્રોનો ભોંય ઉપર ધોધ જ કર્યો. ફેંકાયેલા પત્રોમાંથી એના પગ સુધી પહોંચેલા એક પત્રે એનું ધ્યાન ખેંચ્યું. એ એણે હાથમાં લીધો...વાંચ્યો. એકાએક કામ પડતું મૂકીને એ બેડરૂમ તરફ જ દોડી. અંદર જઈને એણે બારણું વાસી દીધું.

અત્યાર સુધી નાલંદા કે એલેક્ઝાન્ડ્રિયાના ગ્રંથાગારોનો ધ્વંસ થતો હોય એવી લાગણીથી જોઈ રહેલા ભૂપતિએ એક હાશ અનુભવી. હાલ પૂરતો તો વિનાશ અટક્યો ! પણ આમ થયું શાથી ? વિશાખાએ એકાએક યુદ્ધવિરામ કેમ કર્યો ?

કુતૂહલથી એ પેલા ઢગલા પાસે ગયો. અને પેલો જુદો પડેલો કાગળ એની નજરે ચઢ્યો. પાંચ વર્ષ અગાઉ આ દંપતીના પહેલા સંતાનના અવસાન વખતે કોઈ મિત્રે લખેલો એ આશ્વાસનપત્ર હતો. હૃદયદ્રાવક હતો. એ વાંચીને વિશાખા હાલી ઊઠી હતી. દોડી જઈને પોતાને બેડરૂમમાં બંધ કરી દીધી હતી. કદાચ મુક્ત મને રડી લેવા માટે જ.

ભૂપતિએ સંઘરી રાખેલા એ પત્રને ચીરી નાખ્યો.

....અને પછી પોતે જ યુદ્ધે ચઢ્યો હોય એમ એણે ચીરફાડ અને સાફસૂફીનું કામ આરંભી દીધું.

⁂

## ૧૫૬. નરકયાત્રા

નગર આખું એમને મખ્ખીચૂસ કહેતું. પણ એનું એમને કશું દુઃખ ન હતું. ખરું પૂછો તો એમાં એમને આનંદ થતો. એ સંબોધનમાં તો આડકતરી રીતે એમની શ્રીમંતાઈની જ જાહેરાત થતી. ગરીબને કોઈ કંજૂસ કહેતું નથી. જેની પાસે છે અને ખર્ચતો નથી એ કંજૂસ કહેવાય ને ?

નગરના લોકોએ એમને વાહનમાં બેઠેલા જોયા હોય એવું કોઈને યાદ નથી. ક્યાંક સામૂહિક આચારમાં જવાનું હોય ત્યારે પણ એ તો પગે ચાલી નીકળતા. કોઈક વિનોદ કરતું, 'આમ ને આમ તો તમારા ઢીંચણની ઢાંકણીઓ ઘસાઈ જશે, છોટાલાલ !' ત્યારે ધડ દઈને એ જવાબ દઈ દેતા : 'તે દિવસે ઘેર આરામ કરીશું; વાહનમાં નહીં બેસીએ, ધ્યાન રાખજો પાછા !'

રિક્ષામાં નીકળેલો કોઈ સ્નેહી એમને ચાલતા જતા જોઈ રિક્ષા ઊભી રખાવીને અંદર બેસી જવાનું કહે તોપણ એ એમાં બેસતા નહીં.

''તમારે ક્યાં ભાડું આપવું પડે છે ?''

''તોય શું ? દારૂડિયાએ પહેલી વાર તો કોકના પૈસે જ દારૂ પીધો હોય છે. પછી ચસકાનો સવાલ ઊભો થાય છે. ચસકાની તક જ શું કામ ઊભી કરીએ? તમ તમારે જાઓ સુખેથી....''

ઘરખર્ચમાં પણ એમની આ જ પદ્ધતિ.

છોટાલાલનો દીકરો વડોદરા રહેતો હતો. એ ઘણી વાર એમને વડોદરા આવવા માટે લખતો. પણ આટલું બધું ભાડું ખર્ચવાના હિસાબે જ એ વડોદરા જતા નહીં. પણ એક વખતે એમનો છૂટકો ન થયો એટલે એ વડોદરા ગયા.

વડોદરામાં દીકરાને ઘેર પહોંચ્યા પછી ડ્રોઇંગરૂમમાં પ્રવેશતાં જ એમની આંખ ચકળવકળ થવા લાગી...એક આખી દીવાલ વૅનિશિયન બ્લાઈન્ડઝની ! લીલા માર્બલની ફર્શ, કીમતી સોફાસેટ, બેલ્જિયમ ગ્લાસના ટોપવાળી ટિપોય...સોફા અને ટિપોય નીચે અર્ધા ખંડ સુધી ગાલીચો...

દીકરો શું કમાતો હશે એનો અંદાજ છોટાલાલને હતો જ. હજુ તો એ બેઠા

પણ નહોતા અને એમનાથી બોલાઈ ગયું : ''ભૈ, તું તો કરોડપતિનો દીકરો હોય એવો વૈભવ રાખે છે !''

''ઠીક, ચાલ્યા કરે છે, બાપુ. કશી બચત થતી નથી એટલું જ.''

ડોસા ડઘાઈ ગયા. તેથી ચૂપ રહ્યા.

ત્રણ દહાડામાં તો એમણે દીકરાના ખર્ચની રીત જોઈ લીધી. કપડાંલત્તાં, મોજમજાની ચીજો, રોજ સાંજે પત્ની અને બાળકો સાથે ફરવા જવામાં થતો નાસ્તા-આઇસક્રીમ વગેરેનો ખર્ચ જોઈ - સાંભળીને ડોસાની આંખે અંધારાં આવી જતાં હતાં. દીકરાનો નાનો છોકરો પાન કે મસાલો ખાવા જાય તોપણ ગાડી લઈને જતો !

ડોસા આ નરકની યાતના વેઠી શક્યા નહીં. પાંચમે દિવસે તો એ ઘેર જવા તૈયાર થયા.

દીકરાએ પોતાની દીકરીને કહ્યું : ''મોના, દાદાને સ્ટેશને મૂકી આવ.''

મોના દાદાને ફિયાટમાં લઈને સ્ટેશને જવા નીકળી. છોકરી ભારે વાતોડિયણ હતી. રસ્તામાં એણે કહ્યું : ''પપ્પા આ ગાડી કાઢી નાખીને મારૂતિ લેવાના છે.''

ડોસા ચુપ થઈને સાંભળતા હતા.

મોના બોલી : ''પણ અમારું કહેવું છે કે બી.એમ.ડબલ્યુ ભલે લાવો, પણ આ કાઢી ન નાખતા. અમારા કામમાં આવશે.''

સ્ટેશને પહોંચીને ડોસા ગાડીમાં બેઠા ત્યાં સુધી દીકરીએ આવી આવી ઘણી વાતો કરી.

એ પછી ગાડીએ વેગ પકડ્યો ત્યારે છોટાલાલ મનોમન બોલી રહ્યા હતા : ''માળાં ધુમાડે ગયાં છે ! અત્યાર સુધી મેં આટઆટલી કરકસર કરી તે કંઈ ભાંગ પીધી હતી ? આજ સુધી ટાંટિયાતોડ કરી તે ખોટી જ ને ?...''

સ્ટેશન આવ્યું ત્યાં સુધી ચિત્તમાં ઘણી ગડમથલ ચાલી. ગાડીમાંથી ઊતર્યા પછી ધીમે પગલે એ સ્ટેશન બહાર નીકળ્યા. થોડી વાર ઊભા રહ્યા. પછી જરા આમતેમ જોયું અને પછી એક ટૅક્સી તરફ હાથ ઊંચો કરીને બૂમ પાડી : ''એઇ...ટૅક્સી !!...''

✻

# ૧૫૭. નશો

એક સાથે ફળિયાના લગભગ બધા માણસોનાં ખાતાં મારા પિતાના હિસાબી ચોપડાઓમાં હતાં. જરૂર પડ્યે એ લોકો નાણાં લઈ જતા. અંગૂઠો કરતા અથવા ગરબડિયા અક્ષરે સહી કરતા. કોઈ કોઈ પાનાં ઉપર તો કેસરી અથવા લીલા રંગની ગાયકવાડી ટિકિટો ઉપર અંગૂઠા અને સહીઓ હતાં.

આજ એ લોકોના દીકરા માલેતુજાર છે. ઘણાંનાં ઘર ઊંચાં ભવનો બની ગયાં છે. ઘણાની પાસે ગાડીઓ છે. નવાં મૉડલ બજારમાં આવતાં જાય છે, એમ જૂનાં કાઢી નાખીને એ નવાં ખરીદે છે.

એ ભલે એની, એસ્ટીમ કે એસ્ટેટ ખરીદવામાં રાચતા હોય પણ મેં પેલા હિસાબી ચોપડા સાચવી રાખ્યા છે. અત્યારે મારી સ્થિતિ મધ્યમ છે. પણ પેલા ચોપડાના આધારે મારી શ્રીમંતાઈ હજુ ટકી રહી છે. જ્યારે હું મારા જૂના સ્કૂટર પર નીકળું છું અને બાજુમાંથી પેલા માલેતુજારોમાંથી કોઈની કાર નીકળે છે ત્યારે મને એ કાર દેખાતી નથી. પણ કારને બદલે પેલા ચોપડામાંથી કેસરી કે લીલા રંગની ગાયકવાડી ટિકિટો જ દેખાય છે. જેના પર એમના બાપદાદાના ડાબા હાથના અંગૂઠા કે પછી વાંકાચૂંકા અક્ષરવાળી સહીઓ હોય છે.

મારી પત્ની સાથે હોય તો ઘણી વાર કહું છું : 'જો આ મારુતિ વન થાઉઝંડ નીકળીને, એના બાપાની સહી આપણી ખાતાવાહીમાં છે...અને ઓ જાય પેલી સુમો. એના માલિકના દાદા આપણે ત્યાં ઘરેણાં ગીરો મૂકી ગયેલા. ઘરમાં લગ્નપ્રસંગ આવેલો, ઘરેણાં છોડાવવા માટે પૈસા નહોતા. બાપુ સામે ચાલીને એમને ઘરેણાં આપી આવ્યા હતા અને પ્રસંગ સચવાઈ ગયો હતો.'

પત્નીને મારી આ રીત ગમતી નહોતી. મારી આ રીતને એ એક ગંદી કુટેવ સમજતી હતી. એ કહેતી : 'એ વખતે એ લોકોની પરિસ્થિતિ નબળી હતી એટલે તમારે ત્યાંથી એમને નાણાં લેવાં પડ્યાં. એમાં આપણે હરખાવાનું ન હોય. અને આજે એમના દીકરાઓ ગાડીવાળા છે તેથી એમની ઈર્ષા પણ કરવાની ન હોય, સમય પ્રમાણે માણસને વર્તવું પડે છે.'

એક વાર તો મને પત્નીએ એટલે સુધી કહી દીધું : 'હવે એ ચોપડા કાઢી નાખો. બાળી નાખવાનો જીવ ન ચાલતો હોય તો નદીમાં પધરાવી દો. તમે એમ નહીં કરો તો ત્યાં સુધી તમને શાંતિ નહીં થાય, સુખે નહીં જીવી શકો. ભૂતકાળનો નશો તમારું કાળજું કોતરી ખાય છે...'

પત્નીએ આવું કહ્યું ત્યારે મેં એને ટૂંકો જવાબ આપ્યો : ‘એ અશાંતિ કે ઈર્ષા બેમાંથી એક પણ નથી. વળી એ ભૂતકાળનો નશો નથી, ખુમારી છે. ઘરમાં એ ચોપડા છે એટલે મારી નસોનું લોહી ગરમ રહે છે. એમની ગાડીઓ વચ્ચે પણ ટટ્ટાર ગર્દનથી ખુમારીપૂર્વક ચાલું છું. એમની ગાડીને સ્થાને હજુ મને ખાતાવાહીનું પાનું જ દેખાય છે. અને એ જ મારા માટે પરમ આનંદની સ્થિતિ છે...’

‘આ તમારો ભ્રમ છે. તમે પરમ આનંદ કહો છો એ પરમ આનંદ નથી, પરમ અશાંતિ છે. જે દિવસે એ ચોપડા નહીં હોય એ દિવસે તમને સાચી વાત સમજાશે.’

પત્ની એના ખ્યાલોમાં સન્નિષ્ઠ હતી. જે મારે મન ખરેખરો આનંદ હતો એને એ મારા દુઃખ અને અશાંતિનું કારણ સમજતી હતી. એટલે જ એક દિવસ માત્ર મારા સુખની ખાતર, મારી જાણ બહાર, મારી ગેરહાજરીમાં એણે પેલા ચોપડાઓનો નાશ કરી નાખ્યો !

પત્ની માટે મને અપાર પ્રેમ હતો. મારા સુખ ખાતર એ અથાગ પરિશ્રમ કરતી હતી એ હું સમજતો હતો. વિવિધ ગૃહઉદ્યોગો દ્વારા મારી આવકમાં એ ઉમેરો કરતી. ક્યારેક તો લોકોનાં સ્વેટર, મફલર, ટોપીઓ ગૂંથી આપીને નાણાં ઊભાં કરતી.

એણે ચોપડાઓનો નાશ કર્યો, એમાં રહેલી એની ભાવના હું બરાબર સમજી શક્યો હતો. એટલે મેં એને કંઈ ન કહ્યું. હું માત્ર સમસમી રહ્યો...

બીજે દિવસે દીનુની ગાડી મારી બાજુમાંથી નીકળી...

મારું મોં પડી ગયું. મેં મારા સ્કૂટર તરફ જોયું. આજે જ મને દેખાયું કે એનો રંગ ઝાંખો થઈ ગયો હતો. એનું સાયલન્સર ખલાસ થઈ ગયું હતું અને એમાંથી ભારે કર્કશ અવાજ નીકળતો હતો. વળી, અત્યારે તો એ રિઝર્વમાં દોડી રહ્યું હતું.

❊

# ૧૫૮. નળરાજા

મેઘનાદે ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે વાતાવરણનો ભાર એને સમજાઈ ગયો. ઘરમાં ભારેખમ મૌન છવાયું હતું. અંદર કૃત્તિકા સોફા ઉપર નિરાશ થઈને બેઠેલી હતી. એ નજીક પહોંચ્યો એટલે કૃત્તિકાએ કહેવા માંડ્યું : “ઘાટી ચાલ્યો ગયો. કામ બધું ઠપ થઈ ગયું છે...” આટલું કહેતાં તો કૃત્તિકાની આંખમાં આંસુ આવી ગયાં.

મેઘનાદે ઘરમાં ચારે તરફ નજર કરી. બેડરૂમના એક ખૂણામાં સવારે ધોવા માટે નાખેલાં કપડાંનો ઢગલો હજુ જેમનો તેમ હતો. ચોકડીમાં વાસણ ખડકાયેલાં

હતાં. એને લાગ્યું કે નવા ઘાટીની શોધના એક વિકટ પ્રશ્નની મૂંઝવણ કૃત્તિકાના ચહેરા ઉપર હતી અને એથીય વિશેષ તો, સામે પડેલાં વાસણ અને કપડાંના નિકાલની એક મોટી સમસ્યાએ એને હતાશ કરી મૂકી હતી.

મેઘનાદને લાગ્યું કે કોઈ હૂંફાળું આશ્વાસન જ કૃત્તિકાને સ્વસ્થ કરી શકશે. એ થોડી વાર વિચાર કરતો રહ્યો. એને આ સંદર્ભે બૃહદશ્વ ઋષિની યાદ આવી. ભાઈઓને ગુમાવી બેઠેલા યુધિષ્ઠિર જ્યારે દુઃખના ભારથી હતાશ થઈ ગયા હતા ત્યારે એમને આશ્વાસન આપવા માટે એ ઋષિએ નળરાજાની કથા સંભળાવી હતી. નળરાજા યુધિષ્ઠર કરતાં અનેકગણા દુઃખી હતા. કૃત્તિકા માટે પણ એના કરતાં વધારે દુખિયા માનવીની વાત એ જ ઇષ્ટ માર્ગ હતો.

એ બારી આગળ આવીને ઊભો. કૃત્તિકા કરતાં કોણ વધારે દુઃખી ? એક ભારે પેચીદો પ્રશ્ન હતો. તુલસીદાસ કહી ગયા છે કે પરાધીનને સ્વપ્નમાં પણ સુખ નથી હોતું. જેને સ્વપ્નમાં પણ સુખ ન હોય એના કરતાં પણ વધારે દુઃખી માણસની શોધ મેઘનાદે કરવાની હતી.

એક ભગીરથ કાર્ય સામે આવીને પડ્યું હતું. મેઘનાદ બેચેન બની રહ્યો હતો. એને લાગ્યું કે કોઈ ઊંડી વેદના પોતાને ઘેરી રહી છે. ક્યાંય સુધી એ બારી આગળ જ ઊભો રહ્યો. હજુય એ પેલી ખોજમાં ઊંડો ને ઊંડો ઊતરતો જતો હતો- જાણે કોઈ સમાધિ લાગી હોય એમ બારી આગળ સાંજની ઓળા ઝંખાયા. આમ ને આમ કદાચ રાત પડી ગઈ હોત. પણ એક ચમત્કાર થયો. તદ્રામાં પોતે સાંભળતો હોય એવો એક અવાજ એણે સાંભળ્યો : ‘‘તમે એમાં આટલા બધા દુઃખી કેમ થઈ ગયા છો ? કશું પડ્યું રહેવાનું નથી અને ઘાટીનેય આમ શોધી કાઢીશું. ચાલો, ચા પી લો.’’

અવાજ કૃત્તિકાનો હતો. પણ ભરોસો ન પડતો હોય એમ સમાધિમાંથી બહાર નીકળીને મેઘનાદે પાછળ જોયું.

✻

# ૧૫૯. નાથુભાઈ બંકો

નાથુભાઈને આખું ગામ 'નાથુ બંકો' કહેતું. નાથુભાઈના સ્વભાવનું તરી આવતું પાસું એમનો અહમ્. જુવાનીમાં તલાટીની નોકરી મળી એ પછી તો એમનો અહમ્ બરાબર વકર્યો હતો. ઘડપણ આવ્યું તોપણ એમાં કશી નરમાશ આવી નહીં. ધાર્યું કરવા જોઈએ. એ ન થાય તો એમનો ગુસ્સો ભભૂકી ઊઠે. નાથુભાઈના આ સ્વભાવના કારણે એમના ત્રણ દીકરાઓમાંથી કોઈ એમને પોતાની સાથે રાખવા તૈયાર નહોતો. દીકરાઓ કદાચ દુનિયાની શરમે એમને પોતાની સાથે રાખવા તૈયાર થાય, પણ દીકરાની વહુઓ એમને કોઈ પણ સંજોગામાં સંઘરવા તૈયાર નહોતી.

તો, નાથુભાઈ પણ ક્યાં ગાંજ્યા જાય એવા હતા ? એમણે જ જાહેર કરી દીધું : હું પોતે જ તમારા જેવી ભમરાળીઓ સાથે રહેવા તૈયાર નથી.' આવા મિજાજ હેઠળ એમણે એમની માલિકીની એક ઓરડીમાં રહેવાનું રાખ્યું. પોતાની રસોઈ, કપડાં અને અન્ય ઘરકામ જાતે જ કરી લેતા.

એક દિવસ એમના પુરાણા મિત્રે સલાહ આપી : 'આવો ઢસરડો વેઠ્યા કરતાં કોઈ વૃદ્ધાશ્રમમાં ચાલ્યા જાઓ.'

'ના.'

'નોકર-રસોયા રાખો.'

'ના.'

'આ પૈસા શું કરવાના છે ?'

'એ આંખ ઉઘાડવા માટે છે.'

'આંખ ઉઘાડવા માટે ?'

'હા.'

'એટલે ?'

'અત્યારે નહીં સમજાય.'

'રળેલા પૈસા પોતાના કામમાં ન આવે તો એ શા કામના ?'

'કામના છે.'

'કામના હોય તો દાન કરો.'

'એ પૈસા ગમે તેમ કાઢી નાખવાના નથી.'

'કોઈ ચોક્કસ આયોજન છે ?'

'હા.'

'કેટલા છે ?'

'બૅન્ક બેલેન્સ, ફિક્સ્ડ ડિપોઝિટો વગેરે મળીને પંદર લાખ છે. ત્રણે મકાન મારા નામે છે. મારી કમાણીનાં છે એટલે વડીલોપાર્જિત તરીકે એના પર બીજા કોઈનો હક નથી. વધારામાં પેન્શન જમા થાય છે.'

કેટલાક સમય પછી એક રાત્રે નાથુભાઈએ આપઘાત કર્યો.

પોલીસે 'સ્યુસાઈડ નોટ' ખોળવા માંડી. એ તો ન જડી પણ એક સીલ કરેલું કવર મળી આવ્યું.

'એ વીલ હતું. જેમાં બે સાક્ષીઓની સહી હતી. એમાં નાથુભાઈએ પોતાની બધી રોકડ રકમ ગામની બધી નિરાધાર વિધવાઓના નામજોગ વહેંચી દીધી હતી. અને ત્રણેય મકાન એક શિક્ષણસંસ્થાને આપવાનું જણાવ્યું હતું. આ મકાન ભાડે આપીને શિક્ષણસંસ્થા ભાડાની રકમ શિક્ષણ પાછળ ખર્ચી શકે. એમ ના કરે તો એ ત્રણેય મકાન વેચીને પ્રાપ્ત રકમ સંસ્થામાં દાન તરીકે એના ભંડોળમાં જમા કરી શકે એવી જોગવાઈ વીલમાં કરી હતી. પોતે રહેતા હતા એ ઓરડી વિશે વીલમાં કશી નોંધ નહોતી. કદાચ 'નાથુ બંકા'ના સ્મારકનો ખ્યાલ હોય!

※

# ૧૬૦. નામની વાત

કૌટુંબિક અને સામાજિક સંપર્ક ચાલુ રહે એ હેતુથી મહેશભાઈ મુંબઈથી વર્ષમાં બે ત્રણ વાર વતનમાં આવતા અને કુટુંબીઓને પ્રેમપૂર્વક મળતા. એક વખતે કુટુંબીઓમાં એમણે એમના પિતરાઈ ભાઈ ચુનીલાલને પૂછ્યું : 'તમારો નરેન્દ્ર શું ભણે છે ?'

આ સાંભળીને ચુનીલાલ ધૂંવાંપૂંવાં થઈ ગયા. એમણે કહ્યું : 'રહેવા દો મહેશભાઈ, આવું કાંઈ પૂછવાની જરૂર નથી.'

'કેમ એમ કહો છો, ચુનીલાલ ?'

'બીજું શું કહું ? જેનું તમે નામ પણ ન જાણતા હો એના વિશે કાંઈ પૂછો કે ન પૂછો બધું સરખું જ છે.'

નામ વિશે મહેશભાઈને પોતાની ભૂલ સમજાઈ. સ્મૃતિમાં નામ ફેર થઈ ગયો.

'એનું નામ નરેન્દ્ર નહિ, દીપેન છે.' દીપેન શબ્દ પર કંઈક વધારે પડતો ભાર મૂકીને ચુનીલાલ બોલ્યા અને ત્યાંથી નીકળી ગયા.

મહેશભાઈને જરા માઠું લાગ્યું. પોતે ધીકતી વકીલાતનો ધંધો બાજુએ રાખીને

કુટુંબીઓને મળવા આવતા હતા. એ લાગણીઓનો આવો કઠોર પ્રતિભાવ જોઈ એમને દુઃખ થયું.

આ ઘટના વખતે બીજા કુટુંબીઓ જે હાજર હતા એમણે મહેશના મનનું સમાધાન થાય એ હેતુથી પોતાની રીતે કહેવા માંડ્યું : 'ચુનીલાલનો સ્વભાવ જ આળો છે. વાતવાતમાં છેડાઈ પડે છે !'

'દીકરા પાછળ આંધળા ભીંત છે. જાણે એમને જ નવાઈનો દીકરો હોય!'

'નવાઈનો તે કેવો ! એમના ઘરમાં જઈને જુઓ. ઘરની એકેએક ચીજ પર દીકરાનું જ નામ લખ્યું હોય. વાસણ-કુસણ, ગાદલાં-ઓશીકાં બધાં પર દીપેન જ વિરાજતો હોય...'

'અરે, નાની નાની ચમચીઓ ઉપર પણ દીકરાનું નામ ખરું જ.'

'મોટી વાત કેમ ભૂલી જાઓ છો. મકાન ! 'દીપેન નિવાસ.'

આ વખતે મહેશભાઈ અઠવાડિયું રોકાયા. એ દિવસો દરમિયાન ચુનીલાલ મહેશભાઈ તરફ ફરક્યા પણ નહિ. એક નાની સરખી, સાવ નાખી દેવા જેવી વાત પણ કેવો ઉપદ્રવ કરી શકે છે, એ વાત ઉપર મહેશભાઈ સતત વિચાર કરતા રહ્યા અને દુઃખી થતા રહ્યા.

હવે વતન તરફ નીકળતાં અગાઉ પ્રત્યેક સમયે મહેશભાઈને ચુનીલાલનું વલણ યાદ આવી જતું અને વતન તરફ જતાં એમનું મન પાછું પડતું હતું છતાં એ વતનમાં આવતા રહ્યા અને કુટુંબીઓને મળતા રહ્યા. ચુનીલાલ પણ સામાજિક શરમે સૌની સાથે મહેશભાઈ પાસે આવતા, બેસતા પણ કશો ઉમળકો દેખાડી શકતા નહોતા.

છ વર્ષ પછી એક વખત મહેશભાઈ જ્યારે વતન આવ્યા, ત્યારે સમય મેળવીને ચુનીલાલ એકલા એમને મળવા આવ્યા. એમણે કહ્યું : 'મારે તમારી થોડી સલાહ લેવી છે.'

'મારી સલાહ ?'

'હા, ખાસ વાત કરવી છે. ઉપર જઈએ.'

એ બંને ઉપલા માળે ગયા.

ઉપર ગયા પછી થોડી ક્ષણો સુધી તો ચુનીલાલ ગંભીર થઈને રહ્યા.

પણ મહેશભાઈએ કહ્યું : 'કહો, શી વાત કરવાની છે ?'

ચુનીલાલ બોલ્યા : 'મેં જૂના મકાનને પાયામાંથી નવું બનાવ્યું છે એ તો તમે જાણો છો. એને વડીલોપાર્જિત મિલકત કહેવાય ખરી ?'

'કેમ આવું પૂછવું પડે છે, ચુનીલાલ ?'

ચુનીલાલ જવાબ આપવાને બદલે છાપામાં આપવા માટે તૈયાર કરેલા જાહેરખબરનો ડ્રાફ્ટ મહેશભાઈના હાથમાં મૂક્યો. જાહેરખબરનું મેટર વાંચતાં જ મહેશભાઈ ચમકી ગયા. એ લખાણમાં દીકરો કહ્યામાં નથી એ હકીકત ઉપરાંત એની સાથે પોતાને નામે કોઈ આર્થિક વ્યવહાર ન કરવા ચુનીલાલે જાહેર ચેતવણી આપી હતી.

'આ દીપેન માટે છે ?'

'ભલા થઈને તમે એનું નામ મારી આગળ ન લેશો' રોષમાં ચુનીલાલ બોલ્યા.

મહેશભાઈ થોડી ક્ષણો સુધી વિચાર કરતા રહ્યા. પછી એમણે હાથમાંનો કાગળ ફાંડી નાંખતાં કહ્યું : 'કશી ઉતાવળ ન કરો, ચુનીલાલ, બધું બગડી જાય એ પહેલાં આપણે સુધારી લઈશું. હું દીપેનને આજે જ મળીશ. તમે ફિકર ન કરતા.'

❊

# ૧૬૧. નિગ્રહ

ફાગણ મહિનાના સહેજ ચડતા પહોરે સમીરની એકસરખી લહેરમાં બે વસ્ત્રો એકબીજાને અડપલાં કરતાં હતાં. વૈશાખી લીંબુના રંગોનો ગૃહિણીનો સાળુ તરલ બનીને વારંવાર સંન્યાસીના ભગવા વસ્ત્રની છેડછાડ કરતો હતો. એક વાર એનો મહદંશ વસ્ત્રની સોડમાં છુપાયો, અને બીજી જ પળે હાથતાળી દઈને એનો છેડલો ગગન તરફ સરકી ગયો. ભગવું ઉત્તરીય પળવાર તો સ્તબ્ધ બનીને સ્થિર થઈ ગયું, ત્યાં વળી સાળુએ એને આંતરીને ગૂંગળાવી દીધું. ઉત્તરીયે ઝડપ મારીને એને હઠાવી દીધો. પણ પછી તો એણે માનુની સ્ત્રીની પેઠે જાણે રુસણું જ લીધું. એ ખંડિતાને મનાવવા ઉત્તરીયે બે કદમ આગળ બઢાવ્યાં, ત્યાં તો એકદમ માન ત્યજીને સાળુએ ગેરુઆ વસ્ત્ર ઉપર આક્રમણ જ કર્યું. એક ગાઢ આશ્લેષ સાધીને એ બંને સમીરને હીંચોળે ઝૂલી રહ્યાં...

બગીચામાં બે વૃક્ષો વચ્ચે બાંધેલા તાર ઉપરનાં આ વસ્ત્રોની એકાંતલીલા યજમાનના મકાનની અગાશીમાંથી સ્વામીજી સ્થિર નેને નિહાળી રહ્યા હતા.

એક વાર એમને સહેજ ક્ષોભ થયો : 'રીટાદેવી પોતાને આ સ્થિતિમાં જુએ તો ?' એમને આ પ્રશ્ન ન જચ્યો. બદલ્યો : 'એ પોતે જ આ વસ્ત્રોને જુએ તો ?'

પાછળ કંઈ સંચાર થયો એટલે એમણે ડોક મરડી. પાળેલી એક બિલાડી પસાર થઈ. સ્વામીજીની નજર ફરીથી પેલાં વસ્ત્રોમાં ગૂંથાઈ ગઈ.

'સ્વામીજી !' પાછળથી ટહુકો આવ્યો, એટલે એમણે મુખ ફેરવ્યું.

યુવાન રીટા પ્રસન્ન મુખે એમને ભોજન લેવા આમંત્રી રહી હતી.

જવાબ આપ્યા વિના સ્વામીજી રીટા સામે જોઈ રહ્યા.

'આજે...' સ્વામીજીએ ભારે લાચારીભર્યા અવાજે કહ્યું : '...મારે ઉપવાસ છે, રીટાદેવી !'

❊

# ૧૬૨. નિર્વેદ

દાન લેવા આવનારાઓને પણ કદાચ નવાઈ લાગી હશે, એ હું એમના ચહેરા ઉપરના ભાવ વાંચીને સમજી શક્યો. એ એકબીજાની સામે જોઈ રહ્યો. કદાચ એમ બન્યું હોય કે એમની ધારણા કરતાં મેં વધારે દાન આપ્યું હોય અથવા, મેં કશી આનાકાની કર્યા વિના ચેક લખી દીધો એ પણ એમના વિસ્મયનું કારણ હોય.

દાન લેનારાઓ વિદાય થયા.

ઉમળકાથી દાન આપનારનું મન પ્રસન્ન થાય છે. એવો દાતાઓનો અનુભવ છે, પણ મને અનુભવ થતો નથી. દાન આપીને સંતોષ અનુભવું છું. પણ આત્મા કોળી ઊઠે એવી પ્રસન્નતા ચિત્તમાં પ્રગટતી નથી. મોટું દાન આપવાથી કદાચ એમ થશે એવું ધારીને મોટાં દાન આપ્યાં છે. પણ જ્યારે જ્યારે ક્યાંક દાન આપવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે, ત્યારે મન એક પ્રકારની ઉદાસીનતાથી ભરાઈ જાય છે. જ્યારે મોટી રકમ દાન આપું છું ત્યારે આ ઉદાસીનતા વધારે ઘેરી હોય છે, એવું મેં અનુભવ્યું છે.

આજે પેલા દાન લેનારા પ્રસન્ન થઈને ગયા, પણ દર વખતની જેમ મન ઉદાસ બની ગયું. અને એક ઘટના ચિત્તમાં ઊપસી આવી. ઉનાળાનો દિવસ અને મધ્યાહ્નનો સમય હતો. આકાશમાંથી આગ વરસી રહી હતી. બપોરના આરામ માટે હું બેડરૂમમાં ગયો. અને બારીમાંથી એકાએક મારી નજર કંપાઉન્ડમાં વૉલ તરફ ગઈ. દીવાલ તરફના ગુલમોરની એક ડાળી વારંવાર બહાર રસ્તા તરફ ખેંચાતી અને છટકી જતી મેં જોઈ...એક કિશોરનો હાથ છટકી જતી ડાળીને વારંવાર પકડવા પ્રયત્ન કરતો મેં જોયો. ઉનાળાનો તાપ ગમે એટલો પ્રખર હોય તોપણ ગુલમહોરનાં ફૂલને એ કરમાવી શકતો નથી કે નથી એના રંગને ઝાંખો પાડી શકતો. પેલી ડાળી ઉપરનાં કેટલાંક ફૂલોએ ડાળીના એક છોડને રંગથી ઢાંકી દીધો હતો. મેં જોયા કર્યું. દીવાલ પાછળના

કિશોરની મથામણનો હેતુ શો હોઈ શકે ? ડાળી પરનાં પેલાં ફૂલ જ. કદાચ એણે ક્યાંક આઠદસ ઈંટો ગોઠવીને ઘર બનાવ્યું હશે અને ત્યાં એ ગુલમહોરની મહોરી ઊઠેલી ડાળખીઓ રોપીને શોભા કરવા માગતો હશે. અથવા તો એ ફૂલ ખાવા માટે લલચાયો હશે. હું સ્કૂલમાં હતો ત્યારે અમારી શાળાના કંપાઉન્ડનાં ગુલમહોરનાં ફૂલ વાંદરાં અને છોકરાં ખૂબ ખાતાં હતાં.

હું મારા એરકન્ડિશન્ડ ખંડની બારી આગળ ઊભો હતો. બારીને વેનિશ્યન બ્લાઇન્ડઝ હતા. એટલે એ કિશોર મને જોઈ શકે એમ નહોતો.

ધોમ ધખતા તાપમાં ખુલ્લા માથે આ છોકરો વલખાં મારી રહ્યો હતો. ડાળી બરાબર પકડમાં આવતી નહોતી. એક વખત તો એ ગબડ્યો એવો મને ભાસ થયો. થોડી વાર પછી થોડી વધારે ઊંચાઈ સાથે એ દેખાવા લાગ્યો. હવે મને એનું ડોકું ચોખ્ખું દેખાતું હતું પણ ડાળી ઉપર હજુ એની પકડ બરાબર જામતી નહોતી.

છોકરાને આવા તાપમાં આમ વળખાં મારતો જોઈ એના માટે મારા મનમાં અનુકંપા જાગી અને એ કિશોરને એક ઢગલો ફૂલો આપી દેવાની મારી એક પ્રબળ ઇચ્છા થઈ આવી. હું નીચે ઊતર્યો. હું ગુલમોર તરફ પગલાં ભરતો હતો એ વખતે એણે મને જોયો. સાક્ષાત કોઈ શેતાનને જોતો હોય એમ મને જોઈ જોઈને ભયનો માર્યો એ એકદમ ત્યાંથી ભાગ્યો.

મેં બૂમ પાડીને કહ્યું : 'ઊભો રહે છોકરા ઊભો રહે.'

'ઊભો રહે' શબ્દોનો અર્થ અહીં બીજો પણ ઘટાવી શકાય, છોકરો એને ધમકી સમજીને વધારે વેગથી દોડ્યો. મેં વધારે મોટેથી કહ્યું : 'ઊભો રહે, હું તને ખૂબ ફૂલ આપીશ.'

કદાચ એણે મારા આ શબ્દો નહીં સાંભળ્યા હોય, છોકરો ભાગતો રહ્યો.

મેં દીવાલ પાસે જઈને બહારની બાજુ જોયું. એ છોકરાએ ઈંટો અને રોડાં ગોઠવીને ડાળીને આંબવાની ગોઠવણ કરી હતી. અત્યારે એ બધું (વેરાઈ) ગયું હતું. બાજુમાં પગમાં પહેરવાની બે સ્લીપરો પડી હતી. બંનેની પટ્ટીઓ જુદા જુદા રંગની હતી. એક સ્લીપર ઊંધી પડી હતી. અંગૂઠા આગળનો છેડો સ્લીપરમાંથી નીકળી ન જાય એટલા માટે એમાં એક કાટ ખાઈ ગયેલી ખીલી પરોવેલી હતી. બીકનો માર્યો એ છોકરો સ્લીપર પહેર્યા વગર ઉઘાડા પગે જ ભાગ્યો હતો. એવા રસ્તા પર જ્યાં ધખધખતી વેળુનો પટ પથરાયેલો હતો !

મારે એ છોકરાને ફૂલ આપવાં હતાં. ન આપી શક્યો મનની કશીક રિક્તતા ભરી દેવા માટે દાન આપતો રહું છું, પણ જ્યારે કોઈને દાન આપું છું ત્યારે ઊભા

માર્ગે ધગધગતી રેતીમાં ખુલ્લા પગે દોડતો કિશોર મારા સ્મૃતિપટ ઉપર આવ્યા વિના રહેતો નથી.

⁂

## ૧૬૩. નિલયે જે કર્યું એ...

નિલયે આપઘાત કર્યો એ જયંતી પાસેથી જાણ્યું એ વખતે રતિકાકા ઊકળી ઊઠ્યા - 'નમાલો, સાવ નિર્બળ !' જયંતીએ કહ્યું : 'શું કરે બિચારો, લાંબી માંદગીથી કંટાળ્યો હતો.' 'લાંબી માંદગી તેથી શું થઈ ગયું ? આપઘાત તે કંઈ એનો ઇલાજ છે ? માણસે બીમારી સામે હિંમતથી ઝૂઝવું જોઈએ.'

'મોટા મોટા ડૉક્ટરો અજમાવી જોયા પણ કશો ફેર પડતો નહોતો.'

'એ બધાં નિર્બળ મનને મનાવવાનાં બહાનાં છે.'

નિલયના આપઘાતની ઘટના પછી રતિકાકા, જે મળે એને નિલયની કાયરતાની જ વાત કર્યા કરતા. એમનો એક સૂર : 'આપઘાત એ તો નિર્બળ મનનું જ કારણ છે.'

છ મહિના પછી એક દિવસ જયંતી રતિકાકાના ઘર આગળથી નીકળ્યો. નજરે પડી ગયો એટલે રતિકાકાએ એને બોલાવ્યો. કહ્યું : 'કાકાની ખબર લીધા વિના આમ બારોબાર નાસે છે કંઈ ?'

'કાકા કાયમના ખબરદાર છે, એમની શી ખબર લેવાની ?'

'અરે આમ તો જો !'...કહી કાકાએ શાલ નીચે સંતાડેલો જમણો પગ બહાર કાઢ્યો. અંગૂઠા પર મોટો પાટો બાંધેલો હતો.

'આ શું થયું, કાકા ?'

'ગેન્ગ્રીન !'

'એ નામ તો પહેલી વાર સાંભળ્યું. શું દરદ છે ?'

'ઉપર જવાની ટિકિટ જ સમજો.'

'કેમ એટલું બધું, કાકા ?'

'આ દરદ જ એવું. માંસનો કહોવાટ. અત્યારે તો દાક્તરે કહ્યું, અંગૂઠો કાપવો પડશે. પણ હું જાણું ને અંગૂઠા પછી પગ અને એ પછી સાથળ અને...'

'બસ, બસ...' કહી જયંતીએ કાનમાં આંગળીઓ ખોસી દીધી અને બોલ્યોઃ 'એવું કંઈ થવાનું નથી.'

'તું કહે એ સાચું કે ખુદ દરદ બોલે એ સાચું ?'

એ વખતે જયંતી ગયો તે ફરી બાર મહિને દેખાયો. એને રોકીને રતિકાકા બોલ્યા : 'અલ્યા જયંતી, તું તો બાર મહિને દેખાયો હોં.'

'કાકા, અમદાવાદ હતો. ગઈકાલે જ આવ્યો. શા ખબર છે ?'

જવાબમાં કાકાએ શાલ નીચે સંતાડેલો પગ બહાર કાઢ્યો અને કહ્યું : 'આ રહ્યો એ ખબર !'

કાકાનો ઢીંચણથી નીચેનો પગ કપાયેલો હતો. એ બોલ્યા : 'હૉસ્પિટલમાંથી બે મહિને રજા મળી.' આટલું કહ્યા પછી એક ઊંડા નિઃશ્વાસ સાથે એમણે ઉમેર્યું : 'હું જાણું ને, હવે સાથળનો વારો આવવાનો છે.' આટલું કહેતાં કહેતાં કાકા ઢીલા થઈ ગયા.

શું બોલવું એ ન સમજાતાં જયંતી ચૂપ રહ્યો.

થોડી પળોની શાંતિ પછી કાકા બોલ્યા : 'ભાઈ નિલય ભારે હિંમતવાળો હોં.'

'કાકા, તમે તો એના માટે જુદું કહેતા હતા.'

'કહેતા હતા ત્યારે કહેતા હતા. પણ એ ખરેખર બહાદુર હતો. એણે દાખવી એવી હિંમત દાખવવાનું આપણું ગજું નહીં.'

'કેમ એવું કહો છો, કાકા ?'

'રોજ રોજ વિચારું છું પણ હિંમત એકઠી થતી જ નથી ને.'

'રોજ રોજ શું વિચારો છો ?'

'બીજું શું વિચારવાનું ? નિલયે કર્યું એ જ તો...પણ આપણું એ ગજું નહીં. એ તો નિલય જેવો કોઈ બળિયો જ કરી શકે.'

જયંતી આશ્વાસનના બે બોલ કહીને ગયો.

હવે રતિકાકા, એમના ઘર આગળથી જે કોઈ પસાર થાય છે એને ઊભો રાખીને નિલયની હિંમતની વાત કરતા ઉદ્ગાર કાઢે છે : 'ભારે હિંમતવાળો, આત્મબળ તો એનું જ; આપણું એ ગજું નહીં !'

❊

# ૧૬૪. નિશાન

મારી વખારના બાંકડા ઉપરના એ ચર્માસન ઉપર હું બેસતો નથી. કોઈ પ્રાણીના શરીર ઉપરથી ઉતારેલી એ ખાલ પકવ્યા વગરની. સાવ ક્રુડ.

અગાઉ આ વખારને ભાડે રાખનારા માલિકના માણસોનાં સતત બેસણાંને કારણે આ ચામડું ઘસાતાં ઘસાતાં કંઈક લીસું બન્યું છે. અને ઝાઝાં વર્ષ પસાર થયાં હોવાને કારણે એનો બદામી રંગ શ્યામળો બની રહ્યો છે. એક દિવસ શેરમહમ્મદ બાંકડે આવીને બેઠો. વાતોડિયો ભારે, એ આવે એ મને ગમે. કારણ કે અહીં જંગલની આ વખારમાં એકાંત અને એકલતાના બોજ નીચે હું ભારે મૂંઝવણ અનુભવું છું. શેરમહમ્મદ મારી સામે આવીને બેસે એથી હું ઘણી રાહત અનુભવું છું.

આજે બીજો કોઈ વિષય ન સૂઝવાના કારણે કદાચ, શેરમહમ્મદે આ ચામડાની વાત કાઢતાં કહ્યું : 'મકાન-માલિકે ભલું આ ચામડું તમારા ભરોસે રાખ્યું છે !'

'તું તો ભાઈ, મકાન-માલિકે કોઈ થાપણ આપી રાખી હોય એવી વાત કરે છે !' મેં કહ્યું .

'થાપણ કરતાંય વધારે.'

શેરમહમ્મદ જુસ્સામાં હોય ત્યારે હિન્દી ભાષામાં વાત કરવા લાગી જાય છે. મારા મુખભાવને પામી જઈને એ બોલ્યો : 'શેર કા ચમડા હૈ. ઉસકે ઉપર બૈઠકે દેખો. માલૂમ હો જાયગા.'

'ક્યા માલૂમ હો જાયગા ?' મેં એની જબાનમાં જવાબ આપ્યો.

'દિમાગ ઘૂમ જાયગા તુમ્હારા.'

જેની નીચે વિક્રમાદિત્ય (વીર વિક્રમ) રાજાનું સિંહાસન દટાયેલું હતું એવા એક ટેકરા ઉપર બેસીને આશ્ચર્યકારક ન્યાય તોળતા એક છોકરાની મને યાદ આવી ગઈ.

'મને તો આ ચામડું ઊંટનું હોય એમ લાગે છે.'

શેરમહમ્મદ હસ્યો. પછી બોલ્યો : 'ઊંટને કોઈ બંદૂકની ગોળી ન મારે. આ જુઓ....' કહી એણે એક આંગળી ચામડા પર મૂકી.

હું નજીક ગયો. મેં ચામડા પર ચાર ગોળ કાણાં જોયાં.

શેરમહમ્મદ બોલ્યો : 'આ વાત ઉપર આપણે હજાર રૂપિયા હારી જવા તૈયાર છીએ.'

આટલા સંવાદ પછી શેરમહમ્મદે આ જંગલમાં અગાઉ વાઘની ઘણી વસતી હતી. અહીં રાજા-રજવાડાંવાળા વાઘનો શિકાર કરવા આવતા. હવે એમાંનું કશું રહ્યું

નથી. વાઘ પણ અહીં ખાસ જોવા મળતા નથી એવી એવી વાતો કરી અને પછી એ ગયો.

રાત્રે લગભગ બાર વાગ્યે શેરમહમ્મદના પેલા શબ્દો એકાએક યાદ આવી ગયા - ઉસકે ઉપર બૈઠ કર દેખો. માલૂમ હો જાયગા !'

હું હસ્યો. એ પાગલ માણસની વાત ઉપર તો ઠીક, પણ મનમાં એક તુક્કો પ્રગટતાં હું પલંગમાંથી ઊભો થઈને પેલા ચામડા ઉપર જઈ બેઠો !

અને એકાએક ચિત્તમાં ભારે ક્ષોભ થયો. ભૂકંપનો આંચકો જ જાણે રગોનું લોહી ઉષ્ણ બનીને વહેવા લાગ્યું. નજર સમક્ષ એક વિકરાળ વાઘ, ગર્જના કરતો, તરફડિયાં મારતો, જમીન પર અમળાતો દેખાયો. એના શરીરમાંથી લોહી વહીને જમીન ઉપર પથરાઈ રહ્યું હતું. એક ભયની લાગણી સાથે હું ચામડા પરથી ઊછળીને ઊભો થઈ ગયો.

❊

## ૧૬૫. નિશાની

હવાઈ મુસાફરી અંગેનું કામ કરનાર એક કંપનીના કર્મચારી શિવપ્રસાદ હવે તો સતીશ સાથે અંગત કહી શકાય એવો સંબંધ ધરાવતા થયા હતા. આજે સતીશના પાસપોર્ટ માટે જરૂરી ફોર્મ લઈને એ સતીશને ઘેર આવ્યા હતા. સતીશને પૂછી પૂછીને જરૂરી વિગતો એ ફોર્મમા ભરી રહ્યા હતા.

શરીર પરની કોઈ નિશાની ? પ્રશ્નનો શિવપ્રસાદે ધીરેથી ઉચ્ચાર કર્યો અને એમાં કશું પૂછવા જેવું ન હોય એમ શબ્દો લખતાં પહેલાં સતીશની જાણ પૂરતું બોલ્યા : "Scar on the left temple" (ડાબા લમણા ઉપર ઘા).

શિવપ્રસાદ ફોર્મમાં એ શબ્દો ટપકાવે એ પહેલાં સતીશ બોલ્યો : 'થોભો!'

ચોખ્ખી નિશાનીનો ફોર્મમાં નિર્દેશ કરવાને બદલે સતીશે થોભી જવાનું કહ્યું એટલે શિવપ્રસાદ કુતૂહલથી સતીશ સામે જોઈ રહ્યા. સતીશે ચોખવટ કરી : 'ફોર્મમાં એ ન લખતા.'

શિવપ્રસાદ બોલ્યા : 'સ્પષ્ટ અને તરત નજરે પડે એવી નિશાની છે ?'

'હા, એ છે. પણ આપણે બીજી કોઈ નિશાનીને નોંધમાં લઈએ.'

સતીશને શરીર ઉપર બીજી કોઈ નિશાની શોધતો જઈ શિવપ્રસાદે ફરી એક વાર કહ્યું : 'જોનારને તરત નજરે ચઢે એવું તો આ એક માત્ર...'

શિવપ્રસાદને બોલતો અટકાવી એક ફિક્કા સ્મિત સાથે સતીશે એમના કથનમાં પૂર્તિ કરી : '...ઘડિયાળના ડાયલ જેવું મોટું, અછિદ્ર, રોમશૂન્ય, ચમકતું નિશાન, ખરું ને ?'

'હા, સુંદર ચંદ્રમાં એક કલંક જેવું બની રહ્યું છે, પ્લાસ્ટિક સર્જરી કેમ કરાવી લેતા નથી ?'

'મમ્મી પણ ઘણી વાર એમ કરવાનું સૂચવે છે.'

'તો પછી શી હરકત આવે છે ?'

'એક અંગત સેન્ટીમેન્ટ. બીજું કંઈ નહિ.' જરા અટકી સતીશે ઉમેર્યું : 'આ નિશાની એ મારે મન કોઈ ઘાનું રૂઝાઈ ગયેલું ચાઠું નથી પણ બાળપણની એક અવિસ્મરણીય ઘટનાની નિશાની છે. એને હું ઘટનાશિલ્પ કહું - લમણે કંડારાયેલી એક ઘટના.'

શિવપ્રસાદ હજુય કોઈ પ્રશ્ન કર્યા વગર સતીશના મુખ સામે તાકી રહ્યા હતા. એટલે સતીશ બોલ્યો : 'જીવનની એક પળ એમાં સચવાઈ રહી છે. એને હું નિતાન્તપણે અંગત રહેવા દેવા માગું છું. એનું ક્યાંય નિદર્શન નહિ. મને તમે એક રોતલ સેન્ટીમેન્ટાલિસ્ટ, ધૂની કે પાગલ જે ગણો તે 'આ નિશાનનો ઉપયોગ મારી જાતને ઓળખાવવા હું કદી ન કરું.'

'પણ આ સેન્ટીમેન્ટ જરૂરી કાર્યમાં અવરોધક બને છે, સતીશભાઈ !'

'મેં કહ્યું ને, આ નિશાની અને ઘટના સંપૂર્ણપણે અંગત છે.'

હા, એ ઘટના નરી અંગત હતી. જ્યારે જ્યારે સતીશ અરીસા આગળ ઊભો રહેતો ત્યારે ત્યારે એ ઘટના ફરી ફરી ભજવાતી. અત્યારે પણ ચિત્તમાં એ ભજવાવા લાગી...છ વરસની બહેન રૂપા અને પોતાની વચ્ચે વજનદાર જીઆઈજો લઈ લેવા માટે ખેંચાખેંચ થઈ રહી હતી. રૂપા રમકડું લઈને ભાગી એટલે એ રમકડું સતીશને આપી દેવા માએ કડક શબ્દોમાં અને લાલ આંખ કરીને સૂચન કર્યું અને કહ્યું : 'એ ભાઈ માટે તારા પપ્પા લાવ્યા છે, એને આપી દે.'

રૂપાએ મિશ્રધાતુના એ રમકડાનો છૂટો ઘા કર્યો..આજે રૂપા નથી, એની નિશાની રહી ગઈ છે.

વિચારોમાં ખોવાઈ ગયેલા સતીશનું ધ્યાન ખેંચવા શિવપ્રસાદ બોલ્યા : 'તો પછી શી નોંધ કરવી ?'

'જે સૂઝે તે. ફક્ત લમણા પરનું આ નિશાન નહિ.'

⁂

# ૧૬૬. નિસબત

અને પછી એ નેળિયામાર્ગે આગળ ચાલ્યો. બાજુનાં ખેતરો ઊંચે હતાં. ઉનાળાના ભેળાણને લીધે ખેતરની વાડો છિન્નભિન્ન હતી. એક ખેતરમાંથી પાણીની ગાગર સાથે એક યુવતી નેળિયામાં ઊતરવાની તૈયારી કરતી હતી. એને જોઈને એ ઊભી રહી ગઈ. એણે એ જુવાન છોકરા તરફ એકાદબે છાની નજર કરી લીધી. છોકરી એની તરફ બરાબર તાકીને જોઈ રહી હતી - જાણે એને જ કશુંક કહેવા માગતી હોય.

એ બરાબર નજીક આવ્યો એટલે છોકરીએ એને પૂછ્યું : ''કાગળ વાંચી આપ્યો ?''

એને લાગ્યું કે આ છોકરી પણ પેલા ખેતરમાં પડેલી વણજારના કાફલામાંની જ હશે જ્યાં આગળ થઈને એ હમણાં જ પસાર થયો હતો. એ વણજારમાંના બે-ત્રણ જણે એની પાસે એક કાગળ વંચાવ્યો હતો.

''હા, વાંચી આપ્યો.''

''શું લખ્યું હતું, એમાં ?''

એ જરા વિચારમાં પડી ગયો. એણે કાગળ તો અક્ષરશઃ વાંચી સંભળાવ્યો હતો. કાગળના વાચનથી પેલા લોકોને એમાં રહેલી બધી હકીકત સમજાઈ ગઈ હતી. પણ આ છોકરીને જવાબ આપી શકાય એવું તો પોતાને કશું યાદ નહોતું. માત્ર બાબતનો ખ્યાલ રહી ગયો હતો.

એણે છોકરી તરફ ફરી એક વાર જોયું. તંદુરસ્ત શરીરની આ છોકરી એની તરફ કુતૂહલભરી દૃષ્ટિથી જોઈ રહી હતી. એના મુખ ઉપર સહેજ લજ્જાભર્યો મલકાટ હતો. ઘુમરીએ લેવાનું શીખી ગયેલો વૈશાખનો વાયરો અત્યારે આ છોકરીને પરેશાન કરવા માટે જ જાણે તોફાને ચઢ્યો હતો અને એનાં જાડાં વસ્ત્રો સાથે ભારે છેડછાડ કરતો હતો. નીચલાં વસ્ત્ર મર્યાદા બહાર ન જાય એટલા માટે વારંવાર હાથથી ઝાપટ મારીને એ વસ્ત્રોને કાબૂમાં રાખતી હતી.

પળભર તો એ નેળિયામાં નીચે હોવાનો ક્ષોભ અનુભવી રહ્યો. પોતે પવનના તોફાનનો સાક્ષી નથી એવો દેખાવ કરવાની ખાતર અવારનવાર પોતાની નજર એ નેળિયાની રેત ઉપર જડી રાખતો હતો.

છોકરીએ ફરી પ્રશ્ન કર્યો : ''કહેજો, કાગળમાં શું લખ્યું છે ?''

''એ તો કંઈ યાદ નથી.''

એની વાતને સહેજ પણ માનવા તૈયાર ન હોય એમ એણે કહ્યું : ''કશું યાદ નથી ?''

‘‘ના, ફક્ત એટલો ખ્યાલ છે કે એમાં કોઈના લગ્નની વાત હતી.’’

‘‘શી વાત હતી ?’’

‘‘કહ્યું ને, વિગતનો ખ્યાલ નથી.’’

છોકરી ભારે નિરાશ થઈ હોય એમ જણાયું. એ નેળિયામાં ઊતરવા લાગી. એકાદ વખત તો એણે પેલા પવનની પરવા પણ ન કરી.

અને એણે પણ ચાલવા માંડ્યું.

છોકરી નિરાશ થઈ. પણ એમાં એનો શો દોષ હતો ? છોકરીને રાજી કરવા ખાતર પણ કાગળમાંનું કશુંક કહેવા એ જરૂર ઇચ્છતો હતો પણ કશી વિગત એના ચિત્તમાં નહોતી, કશી જ નહીં.

એ આગળ વધ્યો. એનું મન રમણે ચઢ્યું : કેવી ઘાટીલી કાયા ! બ્યુટી કોન્ટેસ્ટવાળાઓની નજરે પડે તો પહેલો જ ફ્લેશ થાય ૩૬"x૨૪"x૩૬". ચણિયાને ઠેકાણે રાખવા વારંવાર હસ્તપ્રહાર કરતી હતી. કોઈ ફિલ્મવાળો જુએ તો એને કચકડાની પટ્ટીમાં મઢી લેવા જરૂર લલચાય. તો વળી કોઈ કવિની નજરે ચઢી ગઈ હોત તો પેલો રમતિયાળ પવન અને એના મુખભાવને કાવ્યમાં અવતાર્યા વગર ન રહે. પોતે જો ચિત્રકાર હોત તો ઘેર જઈ, પીંછી લઈને સીધો કેન્વાસ આગળ જ પહોંચી જાત. હા, એના ચહેરા ઉપર અદ્‌ભુત ભાવ હતા. એકેએક સૂક્ષ્મ ભાવ પોતે પકડી લીધો હતો. અને હોઠના ખૂણાની બાજુનો તલ પણ એને બરાબર યાદ રહી ગયો હતો !

☼

## ૧૬૭. પકડાઈ જવું એટલે ?

‘સંધ્યા-લાલિમા’ તખલ્લુસથી વાર્તા લખનાર એ લેખિકા માત્ર એક જ વાર્તાથી પ્રસિદ્ધ થઈ ગઈ. વાર્તાએ સામાન્ય વાચક અને વિવેચકોનું એક સરખું ધ્યાન ખેંચ્યું હતું. લેખિકાને ઢગલાબંધ પ્રશંસાપત્રો મળ્યા, ફોન આવ્યા અને પારિતોષિકો પણ પ્રાપ્ત થયાં. લેખિકાના અભિવાદન માટે સમારંભ થયા. સમારંભોમાં એવા પણ અભિપ્રાયો ઉચ્ચારાયા કે આ સંધ્યા લાલિમા હવે કશુંય ન લખે તોપણ આ એક જ વાર્તાથી એ સાહિત્યજગતમાં અમર બની જશે.

હા, વાર્તાનું વસ્તુ અને એની માવજત એવાં હતાં કે એની લેખિકાને અસાધારણ પ્રતિષ્ઠા મળે. વાર્તાનું વસ્તુ કંઈક આવું હતું : ‘એક દિવસ નાયિકા ઉપર અણધાર્યા

સંજોગોમાં ઘરના એકાંતે એના વ્હાલસોયા દિયરે બળાત્કાર ગુજાર્યો.' આ ઘટનાને કેન્દ્રમાં રાખી લેખિકાએ નાયિકાની મનોસ્થિતિનું શબ્દરંગી ચિત્રણ જે સૂક્ષ્મ કલમે કર્યું હતું તે યક-બાલ-કલમના રેખાંકન કરતાંય વધારે ઝીણવટભર્યું હતું. અવારનવાર હિસ્ટીરિયાની ફીટ આવતી હોય એવા તીવ્ર ભાવપલટા આ નાયિકા અનુભવતી હતી. ક્યારેક આત્મગ્લાનિ, સંતાપ, ઝાંઝ અને હતાશા, તો ક્યારેક વાસંતી વાયુ. ગંધની લહેરોમાં આનંદવિહાર ! અર્ધનિમિલિત નયનોમાંથી પાંખો ફફડાવીને બહાર આવી રહેલાં રાગરંજિત સ્વપ્ન પંખીઓ નાયિકાના સારાયે ચિદાકાશને મધુર સુરાવલિથી ગુંજિત કરી દેતાં હતાં...

હવે તો ટપાલ વિતરણના સમયે આવતા પત્રોની એ રાહ જોતી. એમાં એને એક પ્રકારનો આનંદ અને શાતા મળતાં. પણ એક બપોરની ટપાલમાં આવેલા એક પત્રથી એ લગભગ ચોંકી જ ઊઠી. અત્યાર સુધી મળેલા અસંખ્ય પત્રો કરતાં એ જુદા જ પ્રકારનો પત્ર હતો. આ રહ્યો એ પત્ર.

શ્રીમતી સંધ્યા-લાલિમા,

વાર્તાના વાચન પછી તરત સમજાઈ ગયું કે તમારા નામ આગળ કશા ખચકાટ વગર શ્રીમતી લખી શકાશે. તમારી વાર્તાએ જ કહ્યું કે તમે પરિણીત અને ઊંડા પાણીનાં તરવૈયાં છો. તમે જે વાર્તા લખી છે એ નિઃશંક ઉત્તમ છે. આવી ધારદાર બીજી કોઈ વાર્તા ગુજરાતી સાહિત્યમાં ભાગ્યે જ લખાઈ હશે. આ માટે તમે ધન્યવાદ અને અભિનંદનનાં અધિકારી છો જ.

પણ હવે તમે બીજી વાર્તા લખવાની ચેષ્ટા ન કરતાં. તમને થશે કે શિખર ઉપર પહોંચ્યા પછી વધારે ઊંચાઈ હોતી નથી એ કહેવા આ લખું છું. પણ મારે એ કહેવું નથી. હું તો તમને હવે કોઈ વાર્તા ન લખવાની સલાહ એટલા માટે આપું છું કે તમે એવી ચેષ્ટા કરવા જશો તો પકડાઈ જશો !

સાહિત્યની દુનિયામાં પકડાઈ જવાનો એક ખાસ અર્થ થાય છે. ઉઠાંતરી અથવા ચોરી ! પણ પહેલી વાર્તા લખતી વખતે તમારે એની જરૂર પડી નથી. તમને વાર્તા આવી મળી છે. આ કથનનો ભેદ તમે પામી ગયાં જ હશો. અપરાધી, શખ્સ નગણ્ય નિર્દેશથી પણ પરિસ્થિતિ પામી જાય છે. પકડાઈ જવાના શબ્દથી તમે બધું જ સમજી ગયાં હશો.

મને તો વાર્તાના વાચન પરથી જ સમજાઈ ગયું હતું કે તમારી વાર્તાની નાયિકા કોણ છે ? પરકાયા પ્રવેશ કરનાર સમર્થ લેખક પણ જેનો તાગ ન મેળવી શકે એવો તાગ તમે નાયિકાના ચિત્તનો આપ્યો છે. એટલે જ કહું છું, બીજી વાર્તા લખવા જતાં

તમે પકડાઈ જશો. સંધ્યા-લાલિમાનું વાર્તાની નાયિકામાં સીધું જ સ્વરૂપાન્તર થઈ જશે. નવી વાર્તા જૂની વાર્તાનો તાળો ઉકેલી દેશે.

લિ.

તમારી વાર્તાનો ચાહક

※

## ૧૬૮. પડઘાતો પ્રશ્ન

નૃપતિએ 'પ્રદ્યોત'ના તંત્રીને લખી દીધું : 'જનેતા વિશેષાંક' માટે સંભારણાં મોકલી શકું એમ નથી. ક્ષમા ચાહું છું.'

આ નૃપતિ તે નરપતિ લાધાભાઈનો દીકરો-નરપત લાધાભાઈ પટેલ. એને મા હતી, પણ હોંશે હોંશે કોઈને કહી શકાય એવું એકેય સંભારણું એને મા તરફથી મળ્યું નહોતું. માએ કદીયે એને રામાયણ કે મહાભારતની વાત સંભળાવી નહોતી. અને રાત્રે સૂતી વખતે કોઈ વાર્તા માંડીને કહી નહોતી. મા અભણ હતી એટલે નરપતના ભણતરમાં શો રસ લે ? પોતાના માટે મા પાસે સમય જ કયાં હતો ? દુનિયામાં હજુ કોઈ જાગ્યું ન હોય અને એ વહેલી ઊઠી જતી. છાણ-વાસીદું કરીને વહેલા વહેલા વલોણું કરવા માંડતી. પછી ઘરનાં માટે દાળશાક કે કઢી બનાવીને રોટલા ટીપવા બેસી જતી. ઘરમાં પંદર માણસોનો વસ્તાર. જેને જ્યારે જમવું હોય ત્યારે જમી લેવા બાબતની સૂચનાઓ આપ્યા પછી દાતરડું અને ચલાખો લઈને ખેતરે પહોંચી જતી. નિશાળના સમયે નરપત કોઠામાંથી છાબડી કાઢીને દાળ-શાક કે કઢી-રોટલો ખાઈ લેતો અને દફ્તર ખભે કરીને નિશાળે પહોંચી જતો. સાંજે ઘેર આવે. કકડીને ભૂખ લાગી હોય. રોટલાની સાથે ખાવા મરચાં કે ડુંગળીને બદલે મા પાસે અથાણું માગે. મા ના કહે એટલે જક કરે. મા સાફ સાફ સંભળાવી દે, ડુંગળી ને રોટલો ખાવો હોય તો ખા નકર મોંહાંણાંમાં (સ્મશાનમાં) જા...

રજાનો દિવસ એટલે નરપત માટે ધીંગામસ્તીનો મોટો અવકાશ. બપોરે મા જરા આડે પડખે થઈ હોય ત્યારે નરપત ઘરમાં નાનાં ભાંડરું સાથે તોફાને ચડે. અને મા ગાળોનો વરસાદ વરસાવે - 'તને કોગળિયું આવે', નરપતિયા 'તને ગાંઠો (પ્લેગની) નીકળે', 'તને કાળો નાગ ડસે...'

રોડાની જેમ ઠેબે ચડીને પણ નરપત સારું ભણ્યો. નોકરીમાં ઊંચા હોદ્દા સુધી પહોંચ્યો અને સારો લેખક પણ બન્યો. એટલે તો પ્રદ્યોતના તંત્રીએ એને માના

સંભારણા વિશે લખી મોકલવા આમંત્રણ આપ્યું હતું ને !

તંત્રીને જવાબ લખી દીધા પછી એ આખો દિવસ બેચેન રહ્યો. અને સાંજની બસમાં કોઈ કામ અંગે બહારગામ ગયો.

ત્રીજા દિવસે વહેલી સવારે એ પાછો ફર્યો. પત્ની ડ્રોઇંગરૂમ કે રસોડામાં નહોતી. એણે પૂજાના રૂમમાં ડોકિયું કર્યું. પત્ની માના ફોટા આગળ બે હાથ જોડીને વંદનની મુદ્રામાં ધ્યાનસ્થ હતી. નૃપતિ માટે આ એક કૌતુક હતું. એ મોડી રાત સુધી જાગીને સવારે મોડો ઊઠનારો માણસ. આજ પહેલી વાર પૂજાના રૂમમાં ડોકિયું કરતો હતો. પરાયા ઘરની કન્યા પોતાની સાસુને વંદી રહી હતી ! વહુ સાસુને આ રીતે વંદન કરતી હોય એ તો નેવાંનાં પાણી મોભે ચઢતાં હોય એવો ઘાટ કહેવાય. આમ કેમ બન્યું એ નૃપતિને સમજાયું નહીં, પણ મામાં કંઈક જોયું હશે ત્યારે જ આ સ્ત્રીએ એને પૂજા સ્થાને સ્થાપી હશે ને ? શું જોયું હશે એણે ?

આ છેલ્લો પ્રશ્ન નૃપતિના ચિત્તમાં વારંવાર પડઘાવા લાગ્યો. અને પોતે ગૂંગળાતો હોય એમ પત્નીને કશો અણસાર આવવા દીધા વિના બાજુના ખંડમાં ચાલ્યો ગયો.

⁕

## ૧૬૯. પતંગિયું

સત્તરેક વરસની નંદુ અમારે ત્યાં ઘરકામ માટે આવતી હતી. આમ તો કહી શકાય કે કપડાં, વાસણ અને કચરાપોતું એનાં કામ, પણ આ નંદુ માટે ઘરકામની કોઈ વ્યાખ્યા બાંધેલી નહોતી. આ નંદુ સ્વયંસૂઝથી બીજું ઘણું કામ કરતી. કમ્પાઉન્ડ વૉલમાંનાં વૃક્ષો ઉપર ચડીને વાંદરાં કંઈ ભજવાડ કરતાં હોય તો તેમને ભગાડે, સૂર્યના પ્રખર તાપમાં, તાર ઉપર સુકાઈ ગયેલાં કપડાં લઈ આવે, દૂધવાળો, ઘંટડી વગાડ્યા કરતો હોય અને ઘરનું કોઈ દૂધ લેવા ન નીકળે ત્યારે તપેલી લઈને એ પહોંચી જાય. ફોનની ઘંટડી રણક્યા કરતી હોય અને કોઈ ન ઉપાડે તો એ રિસીવર ઉપાડીને, જેના માટે ફોન હોય એને ખબર આપે...

બોલે ઓછું પણ સ્મિતથી ઘણા વ્યવહાર સાચવી લે. અને બોલે ત્યારે એની વાણી મધ જેવી મીઠી હોય. ઘરમાં દાદીમા નોકરચાકર સાથે ન બોલે, પણ આ નંદુએ તો માજીને એની સાથે ઘણું બોલતાં કરી દીધેલાં, ઘણી વાર તો એ એવાં વાતોએ વળગ્યાં હોય કે સુકન્યાએ ટકોર કરવી પડે : ‘બા, નંદુને કામ કરવા દો, એને મોડું થશે.’

ટકોરને સમજી લઈને નંદુ પોતાની વાત બંધ કરીને કામે લાગી જતી અને દાદીમા જરાક હસી લઈને કહેતા, 'પતંગિયું છે, પતંગિયું !

નંદુ સાચે જ પતંગિયું હતી. ઊડાઊડ કરતી હોય એમ એનો પગ જમીન પર તો ટકતો જ નહીં.

એક દિવસ રોજ કરતાં એ વધારે તરલ અને સ્માર્ટ જણાઈ. એના ચહેરા પરનું સ્મિત સાવ નોખા પ્રકારનું હતું. બપોરનું કામ પૂરું કરીને એ એના ઘેર જવા તૈયાર થઈ ત્યારે એણે મને કહ્યું : 'દાદા, સાંજે હું કામ પર આવવાની નથી.'

'કેમ, કંઈ કારણ છે ?'

જવાબમાં નંદુએ, કોઈ કવિ જ વર્ણવી શકે એવું કશાક કેફવાળું સ્મિત કર્યું.

નંદુ સાંજે કામ પર ન આવવાની હોય તો એણે મને કહેવાની શી જરૂર ? એ તો એણે સુકન્યાને જ કહેવાનું હોય ને ?

મને જ શું કામ ? એણે બાને પણ કહ્યું. બાકી રહી જતું હોય એમ એણે ઘરના નોકરને પણ કહ્યું : 'ગણપત, આજ સાંજે હું કામે આવવાની નથી.'

મને આશ્ચર્ય થયું. આ ગાંડી છોકરી આમ ઢંઢેરો પીટતી કેમ ફરે છે ? કુતૂહલવશ મેં સુકન્યાને આ વિશે પૂછ્યું. સૂકન્યાએ બેદરકારીથી જવાબ આપ્યો : ''નાદાન છે, રાજીપાને આમ ઉપણતી ફરે છે.''

'રાજીપો ?'

'હા, આજ છોકરો અને એનાં મા-બાપ આને જોવા આવવાનાં છે.'

મારાથી બોલાઈ ગયું : 'છોકરાનું નસીબ ઊઘડી જવાનું.'

બીજે દિવસે નંદુ કામ પર રોજ કરતાં મોડી આવી ચૂપચાપ કામે વળગી. રાતનાં વાસણ ઊટકતાં ઊટકતાં બેચાર મોટાં વાસણ હાથમાંથી છટક્યાં અને ચોકડીમાં પછડાતાં મોટો અવાજ થયો. કપડાં ધોતી વખતે કપડાં પર ધોકણાથી વધારે પડતા જોરથી ઘા થયા. કપડાં ધોવાની ચોકડી સામે દાડમના ઝાડ પર બે કદાવર વાંદરા ડાળાં ખેંચી ખેંચીને દાડમ તોડી ખાતા હતા. ભજવાડના કારણે ઝાડ બદસૂરત થઈ ગયું હતું. નંદુએ આ જોયું, પણ એની આદત પ્રમાણે સફાળા દોડી જઈને વાંદરાને હાંકી કાઢ્યા નહીં. એનાથી કશું ઝનૂન ન વ્યાપ્યું.

નંદુ ઠંડી થઈ ગઈ હતી ?

✳

# ૧૭૦. પથ્થર શો ચહેરો

મેં ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે સફેદ વસ્ત્રમાં ઢંકાયેલો પિતાજીનો દેહ એમના માનીતા પુરાણા કાષ્ટપલંગમાં હતો. રાતનો સમય હતો એટલે સ્મશાનયાત્રા સવારે નીકળવાની હતી. દેહ સારી રાત પલંગમાં જ રહેવાનો હતો.

સાંજના છ વાગે પિતાજીનું અવસાન થયું હતું. મને ફોનથી જાણ કરવામાં આવી હતી અને હું નવેક વાગતાં આવી પહોંચ્યો હતો. કોઈએ કહ્યું : 'મોઢા પરથી ચાદર ખસેડી લો, ભાઈ બાપુનું અંતિમ દર્શન કરી લે.'

સફેદ વસ્ત્ર ખસેડાયું. બાપુનું મુખ ખુલ્લું થયું. મૃત્યુ પછી ચહેરા પર કોઈ ભાવ અંકિત થયેલા રહેતા નથી એવી સામાન્ય સમજ હોવા છતાં પિતાના મુખ ઉપરનો ભાવ કળવા હું એમના મુખને એકીટશે જોઈ રહ્યો. મને શોકથી ઉદ્વિગ્ન સમજીને બાજુમાં ઊભેલા પિતરાઈ ભાઈએ કહ્યું : 'ઈશ્વરની મરજી ભાઈ, હિંમત રાખો.'

હિંમત રાખવાનો સવાલ નહોતો. મન ઉપર ભારે આઘાત નહોતો. આંસુ, નિઃશ્વાસ કશું જ નહીં. મેં બાપુના ચહેરા સામે જોયા કર્યું.

કોઈએ ચહેરા ઉપર ફરી વસ્ત્ર ઢાંકી દીધું. હજુ હું એ જ સ્થિતિમાં હતો. નજર જ્યાં હતી ત્યાં જ રહી. ચહેરો ફરી ઢંકાયો ત્યારે મન થોડું તરંગિત થયું. પિતા માટે મને આદર કે પ્રેમ નહોતો એવું નહોતું. બાળપણમાં તો એ પ્રેમ અનેક વાર કોઈ તીવ્ર આવેગનું રૂપ ધારણ કરીને ઊભરાતો. પિતા ક્યાંક ઘર બહાર જાય ત્યારે એમની સાથે જવા હું ઉધમાત કરી મૂકતો. મને પકડી રાખવો પડતો. કિશોરાવસ્થામાં પણ પિતાનો થોડોક પણ વિયોગ મારા માટે બેચેનીનું કારણ બની રહેતો. યૌવનાવસ્થામાં પિતાનું વાત્સલ્ય શિરછત્ર બની રહ્યું હતું.

અત્યારે હું સ્વસ્થ છું. પિતાનો ચિરવિયોગ મને અકળાવતો નથી.

પિતાના દેહ સામેથી ખસીને હવે હું ભાઈઓ અને કુટુંબીઓ વચ્ચે આસન લઉં છું. અત્યંત મંદ સૂરમાં 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'ની ધૂન વાતાવરણમાં પ્રસરી રહી છે. કોઈ પ્રભાવક દૃશ્ય કે ગીત હંમેશાં મારો ચેતોવિસ્તાર કરે છે. હું વિચારોમાં ખેંચાઉં છું. અત્યારે હું એ સ્થિતિમાં છું - હું ઘર બહાર નીકળું છું. બંટી મારી સાથે આવવા જક કરે છે. 'તારા માટે ખૂબ ચૉકલેટ લાવીશ' કહી એને શાંત કરવા પ્રયત્ન કરું છું...

એક દિવસ હું પણ આ પલંગમાં સૂતો હોઈશ. દેહ સફેદ વસ્ત્રમાં આવૃત હશે. વિનય (બંટી)ને સમાચાર મળતાં એ આવી પહોંચ્યો હશે. પલંગ સામે હાથ જોડીને ઊભો હશે. કોઈ મુખ ઉપરનું વસ્ત્ર ખસેડશે. અને સ્વસ્થ ચિત્તે એ મારો ચહેરો

નિહાળતો હશે. ચહેરા ઉપર કોઈ ભાવ નહીં હોય. પથ્થર શો ચહેરો !

*

## ૧૭૧. પરખ

કોમી રમખાણોનું એક લોહિયાળ મોજું આવીને પસાર થઈ ગયું. પણ વાતાવરણમાં હજુ ભય અને અવિશ્વાસ ભર્યાં હતાં. આવા માહોલમાં મા-દીકરી નીકળ્યાં હતાં. માર્ગ આમ તો સલામત હતો પણ લગભગ નિર્જન હોવાને લીધે એ લોકો થોડાં વ્યાકુળ હતાં.

થોડું અંતર કાપ્યા પછી સામેથી એક માણસ આવતો દેખાયો. પ્રથમ નજરે જ અસામાજિક લાગે એવા એના દીદાર હતા. માતાપુત્રીના મનનો ભય વધ્યો. જેમ જેમ અંતર કપાતું ગયું તેમ તેમ ભયની માત્રા વધતી ચાલી. અને જ્યારે એમને લાગ્યું કે એ માણસની નજર એમના ઉપર જ ચોંટેલી છે ત્યારે તે એ ફફડી જ રહ્યાં.

દૃષ્ટિ પહોંચે ત્યાં સુધી રસ્તો નિર્જન હતો. દીકરી જુવાન હતી. માએ એનો હાથ પકડ્યો અને સાવધ રહેવા સાન કરી.

થોડા કદમનો ફાસલો રહ્યો, ચહેરા ઉપરના ભાવ વાંચી શકાય એટલો.

માએ જોયું કે પેલો આંખો ફાડીને દીકરી સામે તાકી રહ્યો હતો. એ ગભરાયેલા અવાજે બોલી : ‘‘કઈ કોમનો હશે ?’’

દીકરીએ જવાબ આપ્યો નહીં. થોડાં ડગલાં ચાલ્યા પછી એણે કહ્યું : ‘‘ગભરાવાની જરૂર નથી.’’

માએ આશ્ચર્યથી પુત્રી સામે જોયું. પુત્રી નિશ્ચિત થઈ ગઈ હોય એમ જણાતું હતું.

માએ પૂછ્યું : ‘‘તું ઓળખે છે ?’’

‘‘ના રે ના,’’ પુત્રીએ જવાબ આપ્યો : ‘‘આવાની તે આપણે ઓળખાણ હોય ?’’

‘‘એની નજર તો જો ! તને બીક નથી લાગતી ?’’

દીકરી જરાક હસી. એને કહેવાનું મન થયું, ‘સાવ બાઘી જ રહી, આ કંઈ કોમી નજર છે ?’ પણ એ એવું કંઈ બોલી નહીં. એણે તો માના પ્રશ્નનો જવાબ આપ્યો : ‘ના.’

*

## ૧૭૨. પર્યટન, પાર્ટી અને એવું બધું...

પરબીડિયું હાથમાં આવતાં જ ચન્દ્રભાઈનો ચહેરો પ્રફુલ્લ થઈ ઊઠ્યો. કૉલેજકાળના મિત્રનો પત્ર ! આછા વાદળી રંગનો કાગળ. ઉપર છાપેલી ‘ફરગેટ મી નોટ’ની મુદ્રા ! દીકરાનું પેડ વાપર્યું હશે.

ચન્દ્રભાઈ કાગળને ઘટક ઘટક પીવા લાગ્યા. કુમારભાઈએ ઘણું બધું લખ્યું હતું. કૉલેજનો વર્ગ ભરવાને બદલે બોટાનિકલ ગાર્ડનમાં બેસીને તડાકા મારતા હતા. ઘનશ્યામ રેસ્ટોરન્ટમાં ચા-નાસ્તા...સુરસાગર સામે એક ખૂમચાવાળા પાસેથી બબ્બે આનાવાળા ભાંગના ગ્લાસ પી નાખતા...એક વખત એક આનાવાળો ગ્લાસ પીધો, અને જુઓ મજા, હૉસ્ટેલ પહોંચતાં સુધીમાં તો થાંભલે બબ્બે દીવા દેખાવા લાગ્યા. અંગ્રેજી ફિલ્મો ખૂબ જોઈ...‘ગોન વીથ ધ વીન્ડ,’ ‘રેન્ડમ હાર્વેસ્ટ’, ‘ગેસ લાઈટ’, ‘બેધિંગ બ્યુટી...’ અને ‘બલ્ડ ઍન્ડ સેન્ડ’ એ તો પાંચ વાર જોયેલી...કુમારભાઈએ કાગળમાં પૂરાં ચાર પાનાં ભર્યાં હતાં. ઘણું લખ્યું હતું પણ અંગત જીવનની તો એમણે આઠ-દસ લીટી જ લખી હતી. એમાં એકાદ બે લીટી એમની નરમ-ગરમ રહેતી તબિયત વિશેની હતી.

કાગળ વાંચી લીધા પછી ચન્દ્રભાઈ એમના વિનોદપ્રિય સ્વભાવવશ બોલ્યા : ‘મારો વાલો ! આટલું બધું લખ્યું, પણ મે’માન થઈને સુરત આવજો એવું તો લખતો નથી ! ઊલટું લખે છે - છેલ્લે મળ્યા એને ત્રણ દાયકા વીતી ગયા. તમને મળવા મન અધીરું થયું છે, વીસમી તારીખે તમારે ત્યાં આવી પહોંચું છું...’ અને પ્રતિભાવ આપતા હોય એમ ચન્દ્રભાઈએ સ્વગત રટણ કર્યું. ‘આવ, આવ પુરાણા દોસ્ત, હું પણ તને મળવા વ્યાકુળ છું. તને જોઈને જ હું રાજીના રેડ થઈ જઈશ.’

મોટો દીકરો સલિલ કંઈ કામે ચન્દ્રભાઈની રૂમમાં આવ્યો એટલે ચન્દ્રભાઈએ ઉત્સાહભરી વાણીમાં ખબર આપ્યા : ‘મારો એક જૂનો દોસ્ત આવે છે, વીસમી તારીખે.’

‘વીસમી તારીખે ?’ માથું ખંજવાળતાં સલિલ બોલ્યો.

‘હા, વીસમીએ.’

‘થોડી તકલીફ પડશે પપ્પા !’

‘કેમ, શી તકલીફ પડશે ?’

‘અમે બધાં એ દિવસે આબુમાં હોઈશું.’

‘તો પછી પચીસમીએ આવે એવું જણાવું ?’

‘એ દિવસે જહાંગીરની પાર્ટીમાં જવાનું થશે.’

'એ પારસીની પાર્ટીમાં ન જવાય તો નહિ ચાલે ?'

'એવું ન ચાલે, પપ્પા. આપણો ધંધો એની કંપનીના આધારે ચાલે છે.'

ચન્દ્રભાઈ દીકરાના મુખ સામે જોઈ રહ્યા. પિતાની નજરની કશી નોંધ લીધા સિવાય દીકરો એના કામે નીકળી ગયો.

ચન્દ્રભાઈ બાકીનો અર્ધો દિવસ ગમગીન રહ્યા. પછી એમણે પેલા પુરાણા મિત્રને લખ્યું : 'આવી તબિયતમાં તમે છેક સુરતથી અમદાવાદ સુધી ખેપ કરો એ ઠીક નહીં. ૨૦મી તારીખે હું જ તમારે ત્યાં આવી પહોંચીશ.'

કાગળ પૂરો કર્યો પછી ચન્દ્રભાઈ સ્વગત બોલ્યા : 'તારી ૨૦મીની દરખાસ્ત મને હવે સમજાઈ ગઈ, મારી વળતી દરખાસ્ત પણ તને સમજાઈ જશે...તારું અને મારું બધું સરખું, ઉંમર થઈ ને !'

⁕

## ૧૭૩. પાયલાગણ

દીકરાના કાગળમાં પહેલેથી છેલ્લે સુધી ખુશીસમાચાર હતા તોપણ ડોસા ગમગીન થઈ ગયા એ એમનાં પત્નીએ જોયું. કાગળ હાથમાં ઝાલીને ડોસા ક્યાંય સુધી બેસી રહ્યા એટલે એમણે પૂછ્યું : ''શા વિચારમાં પડી ગયા છો ?''

''કંઈ નહીં,'' કહી ડોસાએ સ્વસ્થ થવાનો પ્રયત્ન કર્યો.

''તો પછી કામે વળગો ને !''

ડોસા ઊભા થયા અને એમની કાયમની ટેવ પ્રમાણે કાગળ જતનપૂર્વક પેટીમાં મૂકતાં પહેલાં ફરી એક વખત એને ધ્યાનથી જોઈ રહ્યા. પેન ઉપાડ્યા વિના અક્ષરો અને શબ્દોના અંકોડા ભરાવીને લખાયેલી પાંચ લીટીઓ સાંકળની પાંચ સેર જેવી લાગતી હતી. પહેલી બે લીટીઓમાં નામાવલિ હતી અને બાકીની ત્રણમાં ખુશીસમાચાર હતા.

ડોસાની નજર ફરી ફરીને પેલાં નામવાળી લીટીઓ તરફ જતી હતી.

પત્નીથી ન રહેવાયું. ઓસરીમાં આવીને એ બોલ્યાં : ''આજ તમને થયું છે શું ? વાંચ્યા પ્રમાણે કાગળમાં સમાચાર તો ખુશીના છે ને ?''

''સમાચાર તો ખુશીના જ છે ને !''

''ત્યારે વારે વારે આમ કાગળ સામે કેમ જુઓ છો ?''

પત્નીના મનનું સમાધાન કરવા ખાતર જ એમણે જવાબ આપ્યો : ''દીકરાને

કામ ખૂબ પહોંચતું લાગે છે. ધરાઈને સમાચારેય લખતો નથી !''

પત્નીના મનનું ખરેખર સમાધાન થઈ ગયું. એ બોલ્યાં : ''એને શ્વાસ લેવાની ફુરસદ નથી તોય સંભારીને વખતસર કાગળ લખે છે એટલું થોડું છે ?''

ડોસા અસ્વસ્થ હતા. એમની નજર વાળી વાળીને પેલી નામાવલિ તરફ જતી હતી. બીજા નામની સાથોસાથ દીકરાએ આઠ-દસ મહિના ઉપર ગુજરી ગયેલા દીકરાનું નામ પણ લખ્યું હતું !

મૂએલા દીકરાનું સહેજ પણ સ્મરણ થતાં જ ડોસાનું હૈયું ખળભળી ઊઠતું હતું. ત્યારે આને લખતી વખતેય કંઈ ન થયું ! યાંત્રિક ઢબથી લખાયેલા આ કાગળમાં દીકરાનું હૃદય નહોતું એ ડોસા આજ પારખી ગયા હતા. એથી જ તો આટલા બેચેન બની ગયા હતા.

એમણે ખૂબ સંભાળપૂર્વક કાગળ પેટીમાં મૂક્યો.

દીકરો ભલે વીસરી ગયો, પણ પિતાએ એમાં પોતાનું હૈયું મૂકી દીધું હતું.

❊

## ૧૭૪. પાર્વતીના પગલે પગલે

સુમન અને પાર્વતીનો ખુલ્લી બારી પાછળ આશ્લેષ.

એ જ સમયે પંદરેક ફૂટ દૂર સામેના ઘરમાંથી એક યુવાન સ્ત્રીની નજર બારી સોંસરવી આ આશ્લેષ પર પડી. સુમનના ધ્યાનમાં આ આવ્યું.

સમાજના નીતિનિયમોને અમાન્ય એવો આ આશ્લેષ. પાર્વતી સુમનનું ઘરકામ કરવા આવતી હતી એટલું જ.

જે ઘરમાંથી પેલી નજર આવી એ ઘરમાં એક ગરીબ કુટુંબ ભાડે રહેતું હતું. સુમને આજ સુધી એ ઘર કે એમાં રહેતા પરિવારની કશી કિંમત ગણી નહોતી. પણ અત્યારે પેલી નજરનો ભાર સુમનને બરાબર વર્તાયો. એકાએક સંસારના એક રહસ્યનું જ્ઞાન એના દિમાગમાં ઉદ્‌ઘાટિત થયું. એને આ પળે બરાબર સમજાયું કે ક્યારેક કોઈની નજરથી ઓઝલ રહેવા માટે ઘરની કોઈ બારી બંધ રાખવી જોઈએ. પ્રાઇવસી બાબતે બેતમા સુમન, બારી ખુલ્લી રાખવાને કારણે કોઈ નજરનો ભોગ બન્યો.

નજર એક સ્ત્રીની. એક એવી સ્ત્રી જે પોતાના કામગરા સ્વભાવના કારણે ફળિયામાં ખૂબ ચાહના મેળવી ચૂકી હતી. કોઈનું પણ કામ એ રાજીપાથી કરી છૂટતી હતી. શાંત અને ઓછાબોલી. ઘરમાં મોટેરાંઓની હાજરીમાં માથે ઓઢીને મૂંગી મૂંગી

કામ કર્યા કરતી. નિરુપદ્રવી જણાતી આ સ્ત્રી સુમનને હવે એ પોતાના માટે જીવતા બૉમ્બ જેવી જણાવા લાગી. 'ઘેર ઘેર પોતાના નામનો પલીતો ચાંપીને પોતાનો ભોગ લેશે કાં તો' એવા સતત ભય હેઠળ હવે એ જીવવા લાગ્યો. એ ઘર બહાર નીકળતો ત્યારે ફળિયાંનાં જે જે માણસો નજરે પડતાં એમનો મુખભાવ વાંચવાનો એ પ્રયત્ન કરતો. પ્રત્યેક ચહેરો એને પેલા દશ્યના પ્રત્યાઘાત સમો જણાતો. અને પેલી સ્ત્રી તરફ તો નજર માંડવાની એ હિંમત જ નહોતો કરી શકતો. સામે મળે અને કદાચ નજર મળી જાય તો ભોંઠપ સાથે એ મોં ફેરવી લેતો.

સતત ભયના ઓથાર હેઠળ એ બદલાઈ રહ્યો હતો. ઘણી વાર આ મકાન ત્યજીને કોઈ બીજી સોસાયટીમાં ચાલ્યા જવાના વિચાર એને આવતા.

એક દિવસ બપોરના સમયે બધાં ઘરનાં બારણાં બંધ હતાં અને ફળિયું સાવ નિર્જન અને શાંત જણાતું હતું ત્યારે પેલી સ્ત્રીએ સુમનના રૂમમાં પ્રવેશ કર્યો.

એ સ્ત્રીને આમ પોતાના રૂમમાં આવેલી જોઈને આંખે અંધારાં આવતાં હોય એવો અનુભવ સુમનને થવા લાગ્યો.

એ સ્ત્રી સુમન સન્મુખ થઈને થોડી ક્ષણો સુધી તો મૂંગી ઊભી રહી પછી મંદ સ્વરે બોલી : 'પાર્વતી તમારું કામ છોડી દેવાની છે એવું સાંભળ્યું છે. આ સાચું છે ?'

'હા, સાચું છે. એનાં લગ્ન થયાં એટલે એ બીજા ગામ જવાની. મારું કામ એણે છોડવું પડશે.'

'મને એની જગ્યાએ કામે રાખશો ?'

સુમન આ સ્ત્રી તરફ વિસ્ફારિત નયને તાકી રહ્યો.

સુમનને મૌન ધારણ કરી રહેલો જોઈ સ્ત્રીએ કહ્યું : 'પાર્વતી જે કામ કરતી હતી એ બધું જ હું કરીશ. તમારે કંઈ કહેવું નહીં પડે.'

સ્ત્રી શાંત ઊભી હતી. સુમન એનો ચહેરો વાંચવા મથી રહ્યો.

❊

# ૧૭૫. પાસિંગ શો

સ્ટાફ ઉપર નવો નિમાયેલો એન.ડી. હમણાં તો ટેબલે ટેબલે ફરીને સૌનો પરિચય મેળવી રહ્યો હતો. મારા ટેબલ પાસે આવ્યો એટલે મેં એમને આવકારતાં કહ્યું : 'આવો નરસિંહભાઈ.'

'હું નરસિંહ નહિ પણ નૃસિંહ છું.' જરાક અણગમો દાખવતાં એમણે કહ્યું, અને પછી ઉમેર્યું : 'મને એન. ડી. સાંભળવું વધારે ગમે.'

'આપણે ત્યાં એ નામના એક બૅરિસ્ટર હતા - નૃસિંહ વિભાકર.'

'તે હશે. આપણને તે નામ સાથે કોઈ નિસબત નથી.'

ત્રણ દિવસમાં તો આ માણસે પેલી કવિતા 'ધ એન્ડ એન્ડ ધ ગ્રાસહોપર'ની યાદ અપાવી દીધી. પોતાના કામને ચઢતું રહેવા દઈને ટેબલે ટેબલે ગીતપંક્તિ ગુંજતાં કે હળવી સિટી વગાડતાં રહીને એ માણસ સૌની સાથે મૈત્રી સંબંધ જોડતો રહ્યો.

એક દિવસ એ મારી સાથે વાતે વળગ્યો. એની સાથે ઑફિસના કામ સિવાય બીજી તો શી વાત કરવાની હોય ? મેં કહ્યું : 'દુનિયાનો શિરસ્તો તો જુઓ, જે કામ કરે એ વધારે ને વધારે કામમાં દટાતો રહે. આપણે બોલતા નથી એટલે બૉસ બીજાનાં કામ પણ આપણા માથે ધરબ્યે રાખે છે.'

'આ થઈ સ્વભાવની ગરીબાઈ, બીજાનાં કામ શું કરવા સ્વીકારવાં જોઈએ? સ્વભાવના અમીર થઈને ફરો. કોઈ વધારાનું કામ બતાવવાની હિંમત નહિ કરે!' એણે ખંધું હસીને કહ્યું.

સ્વભાવના આ અમીરે કંપનીના સ્ટોરકીપર લાલસિંહના પરિચયને થોડા જ દિવસોમાં મૈત્રીમાં ફેરવી દીધો.

કંપનીએ ફાળવેલા ક્વાર્ટસમાં મારાં અને લાલસિંહનાં ક્વાર્ટસ સામસામે છે. ઑફિસકાર્યની દૃષ્ટિએ મારે અને લાલસિંહને કશો સંબંધ નહિ, પણ બીજી રીતે લાલસિંહ મારા મનમાં વસી ગયેલો માણસ છે. કેમ્પસનું એક કૂતરું લાલસિંહના ઘરમાં વારેવારે પેસી જાય છે. અને એને ઘરમાંથી તગડી મૂકવા લાલસિંહ એક ડંગોરા સાથે હડી કાઢીને કૂતરા પાછળ પડે છે. લાલસિંહની ગતિમાં એટલો બધો વેગ હોય છે કે આંગણાની ધાર સુધી પહોંચ્યા પછી અટકી જવાનો એનો પ્રયત્ન હોવા છતાં, પેલો ઈનર્શિયા એને ગોથું ખવડાવતાં ખવડાવતાં રહી જાય છે ! દિવસમાં આવું ઘણી વાર બને છે. એટલે જ તો મારા માટે એ દૃશ્ય આનંદપ્રેરક રમૂજ બની રહે છે. અને લાલસિંહ મારા મનમાં વસી ગયો છે.

બપોર સૌ જંપી ગયું હોય ત્યારે લાલસિંહના ઘરમાં આ કૂતરા સિવાય કોઈનો

પ્રવેશ નહોતો. પણ હવે અવરજવરમાં એન.ડી.નો ઉમેરો થયો. લાલસિંહ પત્તાંનો રસિયો. એન.ડી. એનો અઠંગ ખેલાડી. લાલસિંહના ઘરમાં પત્તાંની રમત જામે. લાલસિંહ, એની પત્ની, એની જુવાન છોકરી અને એન.ડી. લાલસિંહ અને એની પત્ની બપોરના થોડાક આરામ માટે બેડરૂમમાં જાય ત્યારે એન.ડી. અને લાલસિંહની છોકરી રમત ચાલુ રાખે.

લાલસિંહની આરામ દરમિયાનની કાગા-નીંદર વખતે પણ પેલી કૂતરા-ડંગોરાની રમઝટ તો ચાલુ રહેતી.

એક દિવસ દૃશ્ય પલટાયું. એન.ડી. ખભે બુશકોટ નાખીને હાથમાં જોડા સાથે લાલસિંહના ઘરમાંથી ભાગી રહ્યો હતો. લાલસિંહ દાંત ભીડતો, ડંગોરો પછાડતો એન.ડી. પાછળ ધસી જવા માગતો હતો. એની પત્ની એને ખાળી રાખવા પોતાનામાં હતું એટલું જોર કાઢી રહી હતી. એ વખતે પ્રવેશ માટે આવી પહોંચેલું કૂતરું ભાગી રહેલા પેલા સ્વભાવના અમીરને, જીભ લટકાવીને જોઈ રહ્યું હતું. જાણે પાસિંગ શો નીરખી રહ્યું હોય !

❊

## ૧૭૬. પાળ

‘તમને કેટલી વાર કીધું, આવી કાળઝાળ ગરમીના દિવસોમાં કોઈ સમારંભ-બમારંભમાં જવા માટે સંમતિ ન આપો. પણ માનવું છે કોને ? ગરીબનું કહ્યું ભિખારી ન માને !’ સરલાએ ટેવ મુજબ પોતાનો અભિપ્રાય આપી દીધો.

‘ભિખારી ? વાહ, ભિખારી ! કેવા અપરિગ્રહવાળા માણસ સાથે સરખામણી ! આપણને એ ગમ્યું.’

‘હું જાણું ને, તમે એમ જ કહેવાના. અમારો તો કોઈ હિસાબ જ નથી. સાડા ત્રણ વાગ્યાના સમારંભ માટે હા પાડી છે. અને તમને તો ઉનાળાનો તડકો અડ્યો નથી કે લૂ લાગી નથી ! ગઈ સાલનું ભૂલી ગયા ? જીપમાં ગયા. અતિથિ વિશેષ, મોટું રાજપાટ ! દીવાનગીરી. શું કમાયા ? લૂ લાગી અને ખાટલે પટકાયા!’

‘આ વખતે તો એ.સી.વાળી ગાડી આપણને લઈ જશે અને મૂકી જશે.’

‘તમારા સમારંભમાં મંડપ એ.સી. હશે ?’

‘એ તો ક્યાંથી હોય ?’

‘ત્યારે મારી ચોખ્ખી ના છે. સમારંભવાળાઓને જણાવી દો, નહીં અવાય.’

'છેલ્લી ઘડીએ આપણાથી એવું ના થાય. એ લોકો ભારે મુશ્કેલીમાં મુકાઈ જાય.'

'તો જાઓ. માંદા પડશો તો અમે ચાકરી કરવાનાં નથી.'

'શરીર તાવથી ધખી રહ્યું હોય તોપણ નહીં ?'

'ના. કર્યાં કર્મ ભોગવજો.'

આ સંવાદ સમયે ઘરનાં બારીબારણાં બંધ હતાં એટલે બહારની સ્થિતિ સમજાય એવી નહોતી. પણ ઘરબહાર પગ મૂક્યો એટલે સમજાઈ ગયું કે સરલા સો ટકા સાચી હતી. મને લેવા આવેલું વાહન હૉર્ન બજાવીને પંદર ફૂટ દૂર કમ્પાઉન્ડ વૉલની રાંગે એક વૃક્ષ નીચે થોભી ગયું હતું. પંદર ડગલાં કાપતાં આંખે તમ્મર આવી ગયાં.

ડ્રાઇવરે ડૉર ખોલ્યું મેં પૂછ્યું : 'એ.સી. છે ને ?'

ડ્રાઇવર બોલ્યો : 'એ.સી.વાળી ગાડી તો પ્રમુખ સાહેબને મુંબઈ લઈ ગઈ છે...પણ કાચ બંધ રાખીશું એટલે વાંધો નહીં આવે, સાહેબ.'

'સમારંભમાં પ્રમુખ હાજર રહેવાના નથી ?'

'ના, જી. એ મુંબઈથી મહાબળેશ્વર જવાના છે.'

મને સરલા યાદ આવી ગઈ. ગાડી હાઈ-વે પર દોડવા લાગી એટલે ડ્રાઇવરે એની તરફની બારીનો કાચ ઉતારી દીધો અને ગરમ હવા આક્રમણ મિજાજથી ગાડીમાં દાખલ થઈ ગઈ.

આ આક્રમણની સાથે સમારંભ પછી ઘેર પત્નીના સંભવિત આક્રમણના ખ્યાલથી હું બેચેન થયો.

ઘેર પહોંચ્યો એ વખતે શરીરમાં થાક અને કંટાળો તો ભરાયાં હતાં છતાં એકદમ સાજા અને સ્ફૂર્તિભર્યા હોવાના દેખાવ સાથે મેં સરલા પાસે પાણી માગ્યું.

સરલા રસોડામાંથી પાણીને બદલે એક નાની તાસકમાં કશુંક લઈ આવી. મેં કહ્યું : 'શું છે, આ ?'

'ડુંગળી અને કાચી કેરીને છૂંદીને માવો તૈયાર કર્યો છે.'

'પણ પાણી ?'

'પાણી અત્યારે નહીં, ગરમી માથે ચડી જાય. પહેલાં આ ખાઈ લો.' આમ કહી સરલાએ પૂછ્યું : 'આંખો બળે છે ?'

આંખો બળતી હોય એવો ભાસ થયો ખરો, પણ મેં કહ્યું : 'ના.'

'ના કેમ બળે ? હજુય તડકો કેવો છે ! પગનાં તળિયાંય બળતાં હશે.'

એવું થોડુંક જણાતું હતું, ખરું, પણ મેં ના કહી.

'બળતાં હોય કે ન બળતાં હોય પણ આપણે પગને તળિયે અને હથેળી ઉપર

ડુંગળીનો છૂંદો ઘસીશું.'

એને તાબે થવાનું મને સલાહભર્યું લાગ્યું.

*

# ૧૭૭. પાંચ ફેરા

એણે ન્યૂયૉર્કથી મુંબઈના પાંચ ફેરા કર્યા અથવા કહો કે ૨૫ વર્ષમાં એણે અમેરિકા અને ભારત વચ્ચે પાંચ આંટા માર્યા. ઈ. સ. ૧૯૭૫, ૧૯૮૦, ૧૯૮૫, ૧૯૯૦, ૧૯૯૫ દરેક વખતે વર્ષનો મહિનો ડિસેમ્બર.

એ અમેરિકા ગયો ત્યારે એની ઉંમર વીસ વર્ષ અને એના પિતાની ૪૫ વર્ષની હતી. માતા તો એ તેર વર્ષનો હતો ત્યારે ગુજરી ગયેલી. પિતાની સંમતિથી એ અમેરિકાની કોઈ ગોરી છોકરીને પરણી ગયેલો. પરણ્યા પછી પહેલી વાર એટલે કે ૧૯૭૫માં એ ગોરી છોકરી પુત્રવધૂનો પાઠ ભજવવા આવેલી. પાઠ ખૂબ સારી રીતે ભજવેલો. એ પછી એણે ભારત આવવાની કોઈ ઇચ્છા બતાવી નહોતી. દર મુલાકાત વખતે પુત્ર અને પિતા ભારતની ભૂમિ ઉપર સહાર ઍરપોર્ટ પર મળતા એ વખતનાં દૃશ્ય આ રહ્યાં :

૨૦ ડિસેમ્બર, ૧૯૭૫

પરાગ ઍર ઇન્ડિયાના જંબો ૭૪૭ની ફ્લાઈટ નંબર ૧૦૧માંથી ઊતર્યો. કસ્ટમની ચૅનલમાં પસાર થઈને બહાર આવ્યો. એની પત્ની લ્યુસી એની સાથે હતી. પરમાણંદદાસ એને આવકારવા ઊભા હતા.

પરમાણંદનું શરીર તામ્રવર્ણું અને કસાયેલા સ્નાયુઓવાળું હતું. માથા પર કાળા વાળનાં જુલફાંનો ભારે જથ્થો હતો. પુત્ર અને પુત્રવધૂને સાથે જોઈને એમની આંખમાં હરખની એક છાલક આવી ગઈ.

૨૭ ડિસેમ્બર, ૧૯૮૦

પરાગ ઍર ફ્રાન્સના વિમાનમાંથી ઊતર્યો. ભારતની ભૂમિ પર પગ મૂક્તાં એને રોમાંચ થયો હોય એવું જણાયું. એની આંખો પિતાને શોધી રહી હતી. બેગેજ કલેક્શન આગળ પિતાનો ભેટો થયો.

પરમાણંદદાસ વાળની લંબાઈ થોડી ઘટી હતી એટલે પેલાં જુલફાંના વળાંક ખાસ દેખાતા નહોતા. માથા પર ક્યાંક ક્યાંક ધોળા વાળ દેખાતા હતા. મૂછના વાળની લંબાઈ સહેજ વધી હતી.

૧૮ ડિસેમ્બર, ૧૯૮૫

ઍર ઈન્ડિયાના વિમાનમાંથી પરાગ ઊતર્યો. ઍરપોર્ટ પરના નિયમો હવે કડક બન્યા હતા. છેક બહાર નીકળ્યા પછી પિતાનાં દર્શન થયાં.

પરમાણંદદાસના વાળ હવે વધારે ટૂંકા થયા હતા. ખેતરમાં તલ અને તુવેરનો મિશ્ર પાક હોય એમ ધોળા અને કાળા વાળ સરખે હિસ્સે વહેંચાયેલા હતા.

૨૯ ડિસેમ્બર, ૧૯૯૦

પરાગ ઍર ઇન્ડિયાના વિમાનમાં ઊતર્યો. ઍરપોર્ટ બહાર નીકળ્યા પછી એણે પિતાને ભીડમાં ઊભેલા જોયા. આ વખતે એમની સાથે બાર-તેર વર્ષનો એક કિશોર હતો. કદાચ એમના ભાઈનો પૌત્ર હશે.

પરમાણંદદાસે ગળું ઢંકાય એવી આખી બાંયના ગરમ જરસી પહેરી હતી. વાળ આછા અને સાવ ટૂંકા હતા. મોટા ભાગના સફેદ, હવે મૂછ કાબરચીતરી બની હતી.

૨૫ ડિસેમ્બર, ૧૯૯૫

આ વખતે પરાગ ઍરપોર્ટમાંથી બહાર નીકળ્યો ત્યારે એણે પિતાને ન જોયા. અલબત્ત, એને ખબર હતી કે પોતે પિતાને ઍરપોર્ટમાંથી બહાર દર વખતની જેમ જોઈ શકવાનો નથી છતાં એણે પિતાને ન જોયા એટલે એક આંચકો લાગ્યો.

એ ઘેર પહોંચ્યો ત્યારે પરમાણંદદાસની નનામી તૈયાર થયેલી હતી. બે વાંસડા સાથે બાંધેલાં ખપાટિયાં ઉપર એ સૂતેલા હતા. આખો દેહ કોરા સફેદ કાપડમાં વીંટાયેલો હતો. અને ઉપર કાથીની દોરીના તંગ ખેંચાયેલા હતા. કાપડમાં ઢંકાયેલા માથા પરના વાળની સ્થિતિ ન સમજાય એવી હતી. કદાચ ટાલ પણ હોય !

કોઈએ એને કહ્યું : ‘તને ફોન કર્યા પછી ઘણી રાહ જોઈ. બે દિવસ થયા. ધાર્યું, કંઈક વિઘ્ન આવ્યું હશે. અથવા ફ્લાઈટનું ઠેકાણું નહીં પડ્યું હોય. શબને ક્યાં સુધી રાખી મૂકવું ? પછી તો સૌની સલાહથી આ નિર્ણય લીધો. છેલ્લે છેલ્લે મોંનાં દર્શન કરી લેવાં છે ? ખોલી નાંખીએ.’

પરાગ ચારપાંચ ક્ષણ અવઢવમાં રહ્યો. પછી બોલ્યો : ‘ના, ના ચાલશે.’

અને બાંધેલા શબને એણે બે હાથ જોડી નમસ્કાર કરી લીધા.

❊

# ૧૭૮. પિયરનો માણસ

હું ગામના પાદરના વડને નીરખી રહ્યો.

બારતેર વર્ષની ઉંમર સુધી હું ઉનાળાના વૅકેશનમાં મામાના આ ગામમાં આવતો. બપોરે કપરી ગરમીમાં ગામ આખું ઘરમાં પુરાઈને જંપી ગયું હોય ત્યારે ગામના પાંચ-સાત તોફાની બારકસો સાથે હું આ વડની છાયામાં અને બાજુના તળાવની પાળ ઉપરનાં રાયણ અને પીંપળ જેવાં વૃક્ષોનાં ડાળાં-ડાળીઓમાં પડવા-આખડવાની તમા રાખ્યા વગર ચકરાવા લેતો અને તળાવના પાણીમાં ધુબાકા મારતો.

ઘણાં વર્ષોના અવકાશ પછી હું મારા એક મિત્રને લઈને મામાના ગામમાં આવ્યો હતો. મામા નથી. ઘર છે. મામાના દીકરા અને તેમનો પરિવાર છે એ સૌને મળીને, બસ આવવાના સમય કરતાં ઘણો વહેલો પાદરે આવી પહોંચ્યો છું. અને અમારા પુરાણા આશ્રયસ્થાન સમા વડને નીરખી રહ્યો છું. વડને વાર્ધક્ય નહીં આવતું હોય ? વડના થડની ફરતે ચણેલો ચોતરો જર્જરિત થઈ ગયો છે. કેટલીક ઈંટો ખરવાઈ ગઈ છે. અને કેટલીક નીકળી ગઈ છે. સપાટી પરના પ્લાસ્ટરમાં ગાબડાં પડી ગયાં છે.

મારું ધ્યાન વડનાં જંગી ડાળાંઓ વચ્ચે સર્જાયેલા પોલાણોના અવકાશમાં બરાબર જોડાયેલું હતું એ વખતે એક સ્ત્રી મારી સામે આવીને ઊભી રહી. એ સીમમાંથી આવતી હોય એવું જણાતું હતું. એના માથા પર ઘાસનો ભારો હતો. એના ગૌર ચહેરા ઉપર પરસેવાનાં બિન્દુઓ પ્રગટી પ્રગટીને રેલાઈ રહ્યાં હતાં.

મને સંબોધીને 'ભાઈ...' કહીને એ અટકી ગઈ.

થોડી ક્ષણો પછી હું એને ઓળખી શક્યો. મારા ગામની એ છોકરી. ગામના નાકાના ફળિયામાં એ રહેતી હતી. ગામબહાર જતાં કે બહારથી ગામમાં આવતાં કોઈકોઈ વાર એ નજરે પડતી.

મને એના નામની ખબર નહોતી. એની સાથે કદી થોડી ઔપચારિકતા પૂરતી પણ વાણીવ્યવહાર થતો નહોતો. એની સાથે અત્યારે હું શો સંવાદ કરું ? હું માત્ર એની સામે સમભાવથી તાકી રહ્યો.

અને મારા અપાર આશ્ચર્ય વચ્ચે પળવારમાં તો એની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

મારા માટે આ એવી ક્ષોભમય સ્થિતિ હતી કે હું મતિશૂન્ય બનીને અવાક જ રહ્યો.

થોડી વાર આ સ્થિતિ રહી. પછી, 'ભાઈ, સુખી તો છો ને ?' કહી એણે પીઠ ફેરવીને ચાલવા માંડી.

થોડી વારના મૌન પછી મિત્રે પૂછ્યું : 'કોણ હતું એ ?'

'મારા ગામની છોકરી.'

'તું કેમ કશું બોલ્યો નહીં ?'

'શું બોલું ? હું તો એનું નામ પણ જાણતો નથી.'

'તો પછી તને જોઈને એની આંખમાં આંસુ કેમ આવ્યાં ?'

'એનું તો મને આશ્ચર્ય છે. હું એના પિયરનો માણસ. એથી વધારે કશું નહીં.'

'બરાબર, બરાબર એ જ કારણ.'

'હું પિયરનો માણસ એ કારણ ?'

'હા, એટલું જ કારણ.'

મિત્રની વાત ઉપર હું હસ્યો એટલે એણે કહ્યું : 'એ સમજવા માટે તો સ્ત્રીનો અવતાર લેવો પડે, ભાઈ !'

⁕

## ૧૭૯. પીછેહઠ

'છોકરી દેખાવડી છે, સુશીલ છે, સ્માર્ટ છે...એ બધું ખરું પણ એને મા નથી એટલે આપણે એને પસંદ ન કરીએ.' સુવર્ણાબહેને પોતાનો અભિપ્રાય જણાવ્યો. કુટુંબમાં સુવર્ણાબહેનનો અભિપ્રાય નિર્ણય જ ગણાતો.

દીપકને છોકરી પસંદ હતી. મમ્મીનો અભિપ્રાય જાણી એને આશ્ચર્ય થયું. એ બોલ્યો : 'મા હોવી ન હોવી એને તું લગ્નની લાયકાત ગણે છે, મમ્મી ?'

'હા,' સુવર્ણાબહેને દૃઢતાપૂર્વક જવાબ આપ્યો : 'છોકરીની પસંદગીમાં માનું હોવું ન હોવું એ ઘણી મોટી અને મહત્ત્વની વાત છે, દીપક. દીકરીને માની ખરી જરૂર પડે એવા ઘણા પ્રસંગો તો લગ્ન પછી જ આવે, એટલે આ છોકરી આપણા કામની નથી.'

'મમ્મી, આવી છોકરી ફરી મળવી મુશ્કેલ...'

'એ બધું ભૂલી જા. એક એકને ભુલાવે એવી ઘણી છોકરીઓ છે.'

'એ બધું ખરું પણ...' દીપકે વાક્ય પૂરું ન કર્યું. કશીક લાગણીના આવેગમાં એ ખેંચાયો હતો.

થોડી વાર એણે મૌન સેવ્યું. પછી બોલ્યો : 'મમ્મી, તું એની મા ન બની શકે ?'

દીપકની વાત સાંભળી સુવર્ણાબહેન ઉપેક્ષાભર્યું હસ્યાં. એમણે કશો જવાબ ન

આપ્યો.

મમ્મીને નિરુત્તર રહેલી જોઈ દીપકે કહ્યું : 'તેં જવાબ ન આપ્યો, મમ્મી.'

'વિચાર કરીને હું તને કાલે જણાવીશ.'

સુવર્ણાબહેન આ પ્રશ્ન ઉપર કંઈ વિચાર કરવા લાગ્યાં કે નહીં એની તો દીપકને ખબર પડી નહીં. પણ એ પોતે મા વિનાની દીકરીની સમસ્યા પર સતત વિચાર કરતો રહ્યો. જેમ જેમ એ વિચારોમાં ઊંડો ઊતરતો ગયો તેમ તેમ વધારે ન વધારે દ્રવતો રહ્યો.

બીજે દિવસે એણે સુવર્ણબહેનને પૂછ્યું : 'પછી તેં કંઈ વિચાર કર્યો, મમ્મી?'

'હજી તો કંઈ...'

સુવર્ણબહેન વાક્ય પૂરું કરે એ પહેલાં દીપક બોલ્યો : 'તારી પાસેથી મેં આ જ અપેક્ષા રાખી હતી, મમ્મી.'

દીપકની શી ધારણા હતી એ ન સમજતાં સુવર્ણાબહેન બોલ્યાં : 'પણ હજુ મેં મારો નિર્ણય તો તને જણાવ્યો નથી...'

'હું જાણી ગયો છું, મમ્મી.'

'તેં શું જાણ્યું ?'

'હવે અર્ચના મા વિનાની નથી રહી.'

'આવું શા આધારે માની લીધું ?'

'તું હજુ સુધી નિર્ણય નથી કરી શકી એમાં એક ખાસ સંકેત રહ્યો છે.'

'શો છે એ સંકેત ?'

'તારી અવઢવમાં એક સાસુની પીછેહઠ થઈ રહી છે અને કોઈક મા વિજયી બની રહી છે.'

'હવે સંકેત નહીં, એને નિર્ણય સમજ. અને કશો વિલંબ કર્યા વગર અર્ચનાને ફોન કરી દે.'

❊

# ૧૮૦. પીછો

એક યુવક મારો પીછો કરી રહ્યો છે એવી શંકા જતાં મારું ધ્યાન એની હિલચાલ તરફ ખેંચાયેલું રહ્યું.

એ મારો જ પીછો કરી રહ્યો હતો. રોડ સાઈડ રોમિયો જેવો એ જણાતો હતો. રોયલ એન્ફિલ્ડ - થન્ડર બર્ડ બાઇક ઉપર એ સવાર હતો. આ બાઈક ઉપર સવાર થનારા તો વંટોળિયાની જેમ હવામાં ઊડવા માંગતો હોય એમ જતા હોય છે. સીટ ઉપર આરૂઢ થઈને કીક મારતાં પહેલાં જ શરીરમાં વીજળીનો સંચાર થાય એવા વાહન ઉપર બેઠો હોવા છતાં આ છોકરો મારા સ્કૂટરની ગતિની મર્યાદા માપીને જ જાણે, આગળ વધતો હતો.

એ આગળ ચાલ્યો જાય એ હેતુથી મેં એક કૉસ્મેટિક્સની દુકાન આગળ મારું સ્કૂટર થોભાવ્યું. ત્રાંસી નજરે મેં જોયું તો એ પણ એક પાન પાર્લર આગળ જઈને કશુંક ખરીદવાને બહાને ઊભો રહ્યો. ગલ્લે કોણ ઊભો રહે ? એ રખડેલ મજનુ હોય એવી મારી શંકા પાકી થઈ ગઈ.

થોડે આગળ જઈને એક ગલીનો વળાંક આવતાં મેં સ્કૂટરને એમાં વાળી લીધું. મેં જોયું કે પેલાએ પણ એનું બાઈક ગલીમાં વાળ્યું.

આગળ રસ્તો ઓછી અવરજવરનો હતો. ગલીમાં સ્કૂટર વાળવાની મારી ભૂલ મને સમજાવા લાગી. આજકાલ છાપામાં છેડતી અને બળાત્કારના કેવા કેવા કિસ્સા આવે છે ! મને ગભરામણ થવા લાગી. એક વિચાર આવ્યો : આગળ ચાર રસ્તે પોલીસ ચોકી છે. ફરિયાદ કરું. પણ પોલીસમાં ફરિયાદ એટલે કંથેરના જાળામાં હાથ નાખવા જેવું જોખમ. મન પાછું પડ્યું.

હવે તો શક્ય એટલી ઝડપથી ઘેર પહોંચી જવું એ જ ઉપાય જણાતો હતો.

મેં આંખો મીંચીને સ્કૂટરની ગતિ વધારી દીધી. પેલાએ પણ એમ જ કર્યું.

જોનારને તો કદાચ એમ જ લાગે કે વાહન રેસમાં ઊતર્યાં છે.

મારું સ્કૂટર મારા ઘર 'ગવાક્ષદીપ' આગળ જઈને થોભ્યું. છેલ્લા એક કિલોમીટરથી તો મેં પાછું વળીને જોયું નહોતું.

મારા સ્કૂટર પછી લગભગ તરત પેલું બાઇક પણ એક આંચકા સાથે મારા ઘર આગળ જ થોભી ગયું.

બે વાહનોનો એક સાથેનો અવાજ અક્ષયને ઘરમાંથી બહાર ખેંચી લાવ્યો.

બાઇકસવારને જોઈને આનંદમાં આવી ગયો હોય એમ અક્ષય બોલી ઊઠ્યો : 'અલ્યા મૂરખ નિશાંત મને ફોન તો કરવો હતો ! તું પહેલી વાર આવે છે એટલે

હું તને રસ્તાની પૂરી ભાળ આપત. ઇન્ટ્રિકેટ વાઇન્ડિંગ્ઝમાં ભૂલા પડી જવાય એવો આ વિસ્તાર છે.'

'ફોન કરત પણ જરૂર ન પડી.'

'કેમ, કોઈ ગાઇડ મળી ગયો હતો ?'

'તારા સ્કૂટરનો નંબર જ ગાઇડ. એ નંબર જોયો અને પછી એનો જ પીછો કરતો રહ્યો.'

નિશાંત અક્ષયનો નવોનવો મિત્ર હતો.

*

## ૧૮૧. પૂર્ણવિરામ

બંગલાઓના વન વચ્ચે થઈને જતી એક લેન ઉપર એ બાપ-દીકરો ચાલ્યા જતા હતા. બાપની ચાલ મંદ હતી છતાં પાંચેક વર્ષના દીકરાએ બાપની સાથે થઈ જવા માટે વારંવાર પગ ઝડપથી ઉપાડવા પડતા હતા. વળી, આસપાસના એક એકથી વધારે સુંદર રચનાવાળા બંગલાઓમાં એ બાળકની નજર અટવાઈ જતી ત્યારે એને ચાર-છ ડગલાં દોડી લેવું પડતું હતું.

આ બંગલાઓ સાથે આ બાપદીકરાને નહાવાનિચોવવાનું કશું જ ન હતું. બાપ તો કમળપત્ર ઉપર ધીરે ધીરે સરકી રહેલા પાણીના બિન્દુની જેમ રસળતી ચાલે આગળ વધી રહ્યો હતો. પણ દીકરાનાં પગલાં થનગનાટ ભર્યાં હતાં. બંગલાઓ સાથે એક પ્રકારની આસક્તિથી એ ભીંજાઈ રહ્યો હતો. આથી જ તો એના મુખમાંથી એક ઉદ્ગાર નીકળી પડ્યો : 'સરસ બંગલા છે નહીં પપ્પા ?'

પણ બાપના મનમાં તો આ બંગલાઓ પ્રત્યે નફરત ઘૂંટાઈ રહી હતી. એણે દીકરાની વાતમાં હોંકારો ભણ્યો નહીં.

હોંકારો ક્યાંથી ભણે ? અત્યારે એ એના ગામના અને બાળપણના મિત્રના બંગલેથી કશીક હતાશા સાથે પાછો ફરી રહ્યો હતો. ચાલીની ઓરડીનું ચાર માસનું ભાડું ચૂકવવાનું બાકી હતું. મકાન-માલિક કડક ચેતવણી આપી ગયો હતો. ચેતવણીથી મૂંઝાયેલો શાંતિલાલ એના મિત્રને બંગલે થોડાક રૂપિયા ઉછીના લેવા આવ્યો હતો. આવ્યો ત્યારે પૂરો ભરોંસો હતો. પણ મિત્રે જ્યારે કહ્યું : 'હાથ ભીડમાં છે, હમણાં વ્યવસ્થા થાય એવું નથી.' ત્યારે શાંતિલાલ થોડો નિરાશ થયો. એણે બે પગાર થતાં સુધીમાં નાણાં પરત કરવાની વાત કરી. પણ મિત્રે એક જ વાત પકડી રાખી : 'હાથ

ભીડમાં છે.' આખરે શાંતિલાલે બંગલાની દીવાલો તરફ નજર ફેરવી અને ત્યાંથી બહાર નીકળ્યો.

બહાર નીકળ્યા પછી એના ચિત્તમાં મિત્રનો બંગલો અને પછી બીજા બંગલા જેમ જેમ નજરે પડતા ગયા તેમ તેમ અડાબીડ જંગલમાં એ ગૂંગળાતો ગયો. પણ દીકરાના ચિત્તની સ્થિતિ ભિન્ન હતી.

પિતાએ એના પ્રશ્નનો જવાબ ન આપ્યો તેથી એના ઉત્સાહમાં કંઈ ઓટ આવે એમ ન હતી. એણે ફરી પ્રશ્ન કર્યો : 'તમને કયો બંગલો સૌથી વધારે સારો લાગ્યો, પપ્પા ?'

આ પ્રશ્નનો પણ શાંતિલાલે કશો જવાબ ન આપ્યો.

થોડી વાર બાપદીકરો મૂંગા મૂંગા ચાલ્યા. પછી એક ભવ્ય બંગલો જોઈને દીકરાનું મન ચગ્યું અને એણે બાપને પૂછી નાખ્યું : 'આપણે બંગલો બંધાવીએ તો કયા બંગલા જેવો બંધાવીશું, પપ્પા ?'

હજુય શાંતિલાલ નિરુત્તર રહ્યો. બાળકનો ઉત્સાહ ઊછળી રહ્યો હતો. એણે કહ્યું : 'હેં પપ્પા, તમે આવો એક બંગલો બંધાવશો ને ?'

એકાએક ઘૂમરી ખાઈને શાંતિલાલે દીકરાના જડબા ઉપર એક અડબોથ લગાવી દીધી.

ઓચિંતા પ્રહારથી દીકરાને તમ્મર આવી જાય એવું થયું. હવે એના પ્રશ્નનો અંત આવી ગયો હતો.

*

# ૧૮૨. પ્રતિઘોષ

પતિનું અવસાન થયું એ પછી સ્મિતાએ મનોમન એક નિરધાર કર્યો હતો કે પોતે શેષ જીવન સુનંદની યાદમાં જ ગુજારશે. ચિત્ત ઉપર લાલસા-વાસના જેવી કોઈ વૃત્તિનું આક્રમણ થવા દેશે નહીં.

પણ વીતી રહેલા દહાડા દુઃખનું ઓસડ બનીને સ્મિતાના ચિત્તને ઠારવાનું કામ અવિરતપણે કરી રહ્યા હતા. અને પ્રકૃતિ ? સ્મિતા ગમે તેટલા નિર્ણય કરે પણ પ્રકૃતિને ક્યાં ઝાંખપ લાગે એમ હતી ? સ્મિતા સ્માર્ટ અને સોશ્યલ હતી. સ્કૂલ, કૉલેજ, હૉસ્ટેલ, વતન વગેરેમાંથી એને અનેક મિત્રો સાંપડ્યા હતા. સખા, સખીઓ - કશો લિંગભેદ નહીં.

સુનંદ તો ગયો પણ આ સંબંધો અકબંધ રહ્યા. ગઈ કાલે જે હતું તે આજે પણ હતું. હા, સ્મિતા પર વૈધવ્યનો પહાડ તૂટી પડ્યો ત્યારે સૌએ આંચકો અનુભવ્યો અને ઘટતો વિવેક પણ જાળવ્યો. કોઈએ બાર દિવસ અને કોઈએ મહિનો. સ્મિતા સમક્ષ ઊભવાનું થાય ત્યારે સૌ મોઢું ગંભીર અને સોગિયું કરી લેતાં. પણ પછીનું શું ? એ જ ઉલ્લાસભર્યો વાણીવ્યવહાર, એ જ વિનોદ, એ જ સ્મિત અને એ જ હાસ્ય...ઊભય પક્ષ સ્તો.

સ્મિતાને સમજાતું નહોતું કે પ્રવાહ કેમનો અને કઈ દિશા તરફ વળી રહ્યો છે ! હવે પુરુષ મિત્રો એની સાથે વાત કરતા ત્યારે એમના વાણીવ્યવહારમાં થોડો ફેર હતો ? કશુંક કૃત્રિમ જણાતું હતું ? આંખમાં વારંવાર કશીક ચમક પ્રગટતી હતી ?

સ્મિતા આ બધું સમજતી હતી. પણ પોતાના પક્ષે શું હતું એ બરાબર સમજાતું નહોતું. ઘરમાં જુવાન દિયર હતો. વાચાળ, નટખટ અને મજાકિયો હતો. સુનંદની ચિરવિદાય પછી એકાદ મહિનો એ ગંભીર રહ્યો, પછી એના મૂળ સ્વભાવમાં આવી ગયો. સવાલ એ હતો કે આ દિયરના આજના વ્યવહારમાં અને અગાઉના વ્યવહારમાં કોઈ તફાવત હતો ? સ્મિતાનું અંતઃકરણ કહેતું હતું, હા, ફેર હતો. આસમાન અને જમીન વચ્ચેના અંતર જેટલો તફાવત હતો. પણ મન હજુ કશું કહી શકતું નહોતું. એ તો હજુ આ તફાવત અંગેનો જવાબ શોધવામાં હજુ સક્રિય હતું.

આ દિયર મલય અગાઉની જેમ આજે પણ મીઠી મજાક કરી લેતો હતો. અગાઉની જેમ સોફા પર અડોઅડ બેસીને ક્યારેક સ્મિતાનો હાથ પોતાના હાથમાં પકડી લઈને પોતાની વાત એના મનમાં ઠસાવવા આજે પણ બળજબરી કરતો હતો !

છેલ્લા કેટલાક દિવસથી સ્મિતાનું અંતઃકરણ કહેતું - મલય બદલાયો છે પણ મન માનતું હતું કે મલયમાં કશો ફેર પડ્યો નથી. હજુ એ અગાઉની જેમ જ બોલે છે, એવું જ હસે છે, એ જ રીતે હાથ મસળે છે અને ક્યારેક અગાઉની જેમ પાગલની માફક હાથ મરડી નાખે છે ! ક્યાં ફેર છે ? મલય એ મલય જ છે.

પણ એક દિવસ મલય સ્મિતા સાથે સોફા પર બેઠો હતો. થોડો ગંભીર હતો. ક્યાંય સુધી મૌન ધારણ કર્યા પછી એણે સ્મિતાનું મુખ પોતાના તરફ ફેરવ્યું. અને કશું ન બોલ્યો. કશુંક કહેવા માગતો હોય એમ લાગતું હતું. આખરે એણે એક શબ્દનો ઉચ્ચાર કર્યો : 'ભાભી !!'

અને હવે સ્મિતાના મને કબૂલ્યું : 'હા, મલયમાં પણ ફેરફાર થયો છે, થયો જ છે !'

અને અંતઃકરણે પણ એવો જ પ્રતિઘોષ કર્યો : 'અને તારામાં પણ...!'

❊

# ૧૮૩. પ્રત્યાલંબન

કોઈ કારણસર ગામમાં જવાનું થયું એટલે મેં જ્યાં અભ્યાસ કર્યો હતો એ શાળામાં પણ ગયો. રજાનો દિવસ હતો. એટલે થોડા અપરિચિત પટાવાળાઓ સિવાય ત્યાં કોઈ નહોતું. મેં બુઢ્ઢા મહારાજ વિશે પૂછ્યું. ઘણાં વર્ષો પહેલાંની વાત. એનું તો કોઈ નામ સુધ્ધાં જાણતું નહોતું. પહેલી જ વાર પેલા ફકીરે રાજાને પ્રતીત કરાવેલ. સત્યનું મને ભાન થયું : જગતનું હરેક સ્થળ એક સરાઈ જ છે. હું હોંશે હોંશે એક વર્ગમાં ગયો. લોખંડની મજબૂત ફ્રેમોવાળી પાટલીઓ એની એ જ હતી. પુરાણાપણાનો કાળો રંગ એનો એ હતો. પેલા ટેબલ આગળ તિવારીસાહેબ ભૂગોળ ગગડાવી જતા. મહેતાસાહેબ ખુરશી ઉપર બેઠા બેઠા ઘણુંય બોલ્યા હશે પણ આજે તો એમના હાવભાવ સિવાય કશું જ યાદ નથી. એક પાટલી આગળ આવીને હું થોભ્યો. ઊંચે જોયું. છત ઉપરના અર્ધા જડેલ સિલિંગના બે પોલાણો હજુ એવાં ને એવાં હતાં. બે કબૂતરોએ આ પોલાણોમાં રહીને એક દિવસ ભારે સાઠમારી કરેલી. આ દ્વંદ્વ યુદ્ધ અત્યંત શાંત છતાં ઘણું ઉગ્ર હતું. તિવારીસાહેબની નજર ચુકાવીને એ યુદ્ધ જોવામાં મને ખૂબ આનંદ આવતો હતો. આગલે વર્ષે ઇતિહાસના કોઈ જુવાન શિક્ષકે, કુકકુટ, અજ, ગજ વગેરે કેટલાય પ્રકારની સાઠમારીઓનાં રોચક વર્ણનો કર્યાં હતાં. એટલે આ લડાઈ પણ ખૂબ મનોરંજક લાગતી હતી.

પોલાણો વચ્ચેના લાકડાની ધાર સાથે આ બંને પારેવાની આંખ ઘસાતી હતી. એકની આંખ ફૂટી અને લોહીનું એક બુંદ નીચે પડ્યું.

મારા રસની માત્રા વધી. પાટલી ઉપરના બીજા સાથીદારો પણ ચૂપચાપ આ સાઠમારી જોવામાં આનંદમગ્ન બની ગયા.

પિરિયડ પૂરો થવાની દસ મિનિટ બાકી રહી એટલે તિવારીસાહેબ ભણાવવાનું બંધ કરી ઝોકાં ખાવામાં પડી ગયા. પાટલી ઉપર પેલાં રક્તબિંદુઓ એક પછી એક જામતાં જતાં હતાં...

કેટલાં બધાં વર્ષો વીતી ગયાં એ વાતને !

અત્યારે આપોઆપ મારાથી પાટલી ઉપર નીચા નમી જવાયું. લોહીનાં બુંદ બરોબર અહીં પડ્યાં હતાં. અહીં મેં સિલિંગ તરફ જોયું.

ક્યાંય સુધી હું સિલિંગ તરફ તાકી રહ્યો.

વર્ગમાં શાંતિ હતી. સૂનકાર હતો...

પારેવાં નજર આગળથી ખસતાં નહોતાં.

એકની આંખ ફૂટી હતી. રક્તબિંદુઓ નીચે પડતાં હતાં.

પારેવાં શા માટે ખૂનખાર જંગ ખેલી રહ્યાં હતાં !

શું કરવા આ બધું ? શા માટે ?

મારા મન ઉપર ગમગીનીનો બોજ વધી રહ્યો હતો.

⁂

## ૧૮૪. પ્રથમ પુણ્યતિથિ

વિનુભાઈના યુવાન વયે ગુજરી ગયેલા એકના એક દીકરાની પ્રથમ પુણ્યતિથિના થોડા દિવસ બાકી હતા.

પતિ-પત્નીએ થોડી વિચારણાને અંતે દીકરાની પુણ્યતિથિના દિવસે એક વિચારસભાનું આયોજન કરવાનું વિચાર્યું. આ માટે એમણે કોઈ ઉત્તમ વક્તાની શોધ આરંભી.

એમના ધ્યાનમાં કેટલાક ઉમદા વિચારકો હતા. એમાંથી એકાદનું નક્કી કરવા વિનુભાઈએ વિચારકોની મુલાકાત લેવા માંડી.

ત્રણ દિવસથી વિનુભાઈને ઉદાસ ચહેરે ઘેર પાછા ફરતા જોઈ એમનાં પત્નીએ કહ્યું : ‘હજુ કંઈ નક્કી નથી થઈ શક્યું ?’

વિનુભાઈ બોલ્યા : ‘ઊર્મિલા, આ વક્તાઓની શોધ તો મને પાછલા દિવસોની યાદ તાજી કરાવે છે.’

‘કંઈ સમજાયું નહીં.’

‘પ્રસૂનના એડમિશન માટે આ કૉલેજ અને પેલી કૉલેજ એમ કરતાં કરતાં પગની કઢી થઈ જતી. અને સાંજ પડ્યે નિરાશ થઈને ઘેર પાછો ફરતો. બસ એવું જ અત્યારે થાય છે.’

‘એટલે કોઈ વક્તા હા ભણતા નથી ?’

‘બહાનાં તો બધા જાતજાતનાં કાઢે છે, પણ હું સમજું ને, પુણ્યતિથિ નિમિત્તે સભાનું નામ સાંભળતાં જ એમના ચહેરાનું નૂર ઊડી જાય છે. યશ અને પૈસા - આ બેના નામે એમાં શું રળવાનું ?’

છતાં વિનુભાઈએ એમનો પુરુષાર્થ ચાલુ રાખ્યો. બીજા દિવસે વિનુભાઈ કમર કસીને નીકળ્યા. મનમાં હતું, જે થાય તે આજે ગોઠવી દેવું છે. દીકરા કરતાં કશું વધારે ન હોય.

અત્યાર સુધી વિનુભાઈ શહેરના અત્યંત લોકપ્રિય પ્રવચનકાર સમર્થનભાઈને

મળ્યા નહોતા. કારણ માત્ર એમનો ઘણો મોટો ચાર્જ.

પણ અત્યારે વિનુભાઈએ વિચાર્યુ - મોં માગી રકમ ધરી દઈશું. નહીં માને તો વધારે મોટી ઑફર કરીશું. દીકરાને ફાર્મસીમાં એડમિશન અપાવવા પાંચ લાખ રૂપિયા ડૉનેશનના રૂપમાં ઢીલા કરી દીધા હતા ને ! એક ડૉનેશન વધારે.

વિનુભાઈ સમર્થનભાઈને મળ્યા. સમર્થનભાઈએ લાંબી-ટૂંકી પ્રસ્તાવના કર્યા વગર કહ્યું : 'સભા નાની કે મોટી, પ્રવચન લાંબું કે ટૂંકું, મારી ફી દસ હજાર રૂપિયા છે.'

'બરાબર.'

ફીનું નક્કી થયું એટલે સમર્થનભાઈ બોલ્યા : 'સ્થાન કયું છે ?'

'કુબેરવાડી.'

'એ ન ચાલે.'

'જગ્યા સારી છે.'

'જગ્યા સારી હશે, પણ લોકાલીટીય સારી જોઈએ. પશ્ચિમ વિસ્તારમાં ક્યાંક હૉલ રાખજો. ત્યાં ભદ્રલોક વસે છે.'

વિનુભાઈએ ભદ્રલોકના વિસ્તારમાં હૉલની ખોજ આરંભી. કોઈ હૉલ પાર્ટી માટે તો કોઈ લગ્ન કે રિસેપ્શન માટે એમ વિવિધ કારણોસર બુક થયેલા હતા.

એક-બે કંપનીઓએ ફાજલ કલાક સમજીને હૉલ આપવાની તૈયારી બતાવી. પણ ભાડામાં કશી કસર નહીં ચાલીસ હજાર !

છેવટે ત્રીસ હજારમાં એક હૉલનો મેળ પડ્યો. ખિસ્સું ખંખેરીને વિનુભાઈએ એડવાન્સ પેટે પાંચ હજાર રૂપિયા ભરી દીધા.

પગથિયાં ઊતરતાં ઊતરતાં એ સ્વગત બોલ્યા : 'દીકરાના એડમિશન વખતે પાંચ લાખનું ડૉનેશન આપવા માટે બૅન્કની પાંચ ફિક્સ્ડ ડિપોઝિટો પાકવાની મુદત પહેલાં વટાવી લીધી હતી. હવે એક રહી ગઈ છે તેમાંય મુદત અગાઉના નાણાં ઊગવી લઈશું. દીકરા કરતા ડિપોઝિટ થોડી વધારે છે ?'

❊

# ૧૮૫. પ્રશ્ન

'હું મરી જાઉં તો તું રડે ?' સીધા તીર જેવો પ્રશ્ન પાંચ વર્ષની સુરભિએ પોતાના ભાંડુરુને પૂછવા માંડ્યો.

પહેલો જવાબ આપ્યો : ''ના.''

બીજો : ''ના.''

ત્રીજો : ''ના.''

એ માતા તરફ ફરી : ''બા, હું મરી જાઉં તો તું રડે ?''

''ના, જરાય નહીં !''

એ પિતા તરફ ફરી : ''પપ્પા, તમે ?''

પપ્પા આ માસૂમ બાળકી તરફ જવાબ ખોળતા જોઈ જ રહ્યા. આ પ્રશ્ને એમના હૈયાને હલાવી નાખ્યું હતું. એ બાળકી એમને ખૂબ વહાલી હતી. શીતળાની ભારે માંદગીમાં એણે એક આંખ ગુમાવી હતી અને એનો ચહેરો કદરૂપો થઈ ગયો હતો. ત્યારથી એના તરફ એ વિશેષ પક્ષપાત રાખતા હતા. માતાના હૃદયમાં આ બાળકી માટે ઘોળાતી ચિંતા, આનંદ અને મમતાની પળોમાં વાત્સલ્યભર્યા ઉદ્‌ગારરૂપે ઘણી વાર બહાર નીકળી આવતી : ''તું મરી જાય તો હું જરાય ન રડું, હોં સુરભિ !'' ત્યારે એ પત્નીને ઠપકો આપતા અને આ કમનસીબ બાળક સાથે આવી ગમ્મત હરગિજ નહીં કરવા સૂચન કરતા.

માતા પાસેથી વારંવાર સાંભળેલા આ શબ્દોના આધારે તો સુરભિએ આજે એ પ્રશ્ન પૂછવા માંડ્યો હતો. આખરે પિતાનો વારો આવતાં એમને પૂછ્યું : ''પપ્પા, તમે ?''

પિતા પાસેથી જવાબ મેળવવા એ એમની સામે નિર્દોષ ભાવે ટગર ટગર જોઈ રહી હતી. અન્ય બાળકોની નજર પણ પપ્પા તરફ મંડાઈ રહી હતી.

પિતાનું હૈયું ભારે વ્યથા અનુભવી રહ્યું અને સાથે સાથે આ નિર્દોષ બાળકીના આવા તદ્દન ભોળા પ્રશ્ન અને અકલ્પ્ય વર્તન માટે પ્રસન્નતા અને વાત્સલ્યના સ્મિતની રેખાઓ પણ આપોઆપ ઊપસી આવી.

પતિએ પત્ની સામે જોયું, બંને, કાં તો નિર્દોષ બાળકીના આ અદ્‌ભુત પ્રશ્ન ઉપર કે પછી પોતપોતાના હૈયાની લાગણી છુપાવવા મોટેથી ખડખડાટ હસી પડ્યાં. એમને જોઈને અન્ય બાળકો પણ હસવા લાગ્યાં.

આમ, અણધાર્યો અને એકાએક હાસ્યનો વંટોળ ઊભો થતાં સુરભિ ભોંઠી પડી ગઈ અને એણે મોટેથી રડવા માંડ્યું.

⁂

# ૧૮૬. પ્રાણપ્રતિષ્ઠા

વડોદરા કૉલેજમાં અભ્યાસ પરો કર્યા પછી લગભગ ચાર દાયકા બાદ સુશ્રુત અમદાવાદમાં સંજયને મળવા આવ્યો હતો. એક દિવસ એ બે મિત્રો અભ્યાસકાળનાં સંસ્મરણો તાજાં કરી રહ્યા હતા. દેવદર્શનની વાત નીકળી એટલે સંજયે કહ્યું : 'દેવમંદિર જવાનો તારો શોખ હજુ એવો ને એવો જ છે કે ?'

સુશ્રુતે જવાબ આપ્યો : 'એ શોખ નહીં, શ્રદ્ધા હતી. એમાં હજુ સહેજ પણ ઓટ આવી નથી.'

'તો પછી, આજે હું તને એક નવા બંધાયેલા ભવ્ય મંદિરે લઈ જઈશ.'

'તું તો જાણે છે, મને ભવ્ય મંદિરોનો મોહ નથી. હું જે શિવાલયમાં દર્શને જતો હતો એ કેવું હતું ! એકાન્ત, નિર્જન પ્રદેશ, અપૂજ લિંગ...!'

'એ બધું ખરું પણ તું જો જે તો ખરો, આ મંદિરમાં પ્રવેશતાં જ તારી શ્રદ્ધા બેવડાઈ જશે. આકાશમાં વસતા દેવોને પણ નીચે ઊતરીને આ મંદિરની વિવિધ મૂર્તિઓમાં પ્રતિષ્ઠિત થઈ જવાનું મન થઈ જાય એવું ભવ્ય એ છે.'

'ભવ્ય એટલે ?'

'ત્રણ શિખર, ત્રણે પર સોનાના કળશ, પ્રભાવક ગર્ભગૃહ, સભામંડપ, રંગમંડપ...આકર્ષક શૃંગારચોકી પણ ખરી...ત્રણ કરોડના ખર્ચે મંદિરનું નિર્માણ થયું છે.'

'કોણે બંધાવ્યું છે ?'

'ત્રણ અબજોપતિઓએ ભેગા મળીને એને બંધાવ્યું છે.'

'કોણ છે એ અબજોપતિ લોકો ?'

'બિલ્ડરો છે, ઘણા મોટા બિલ્ડર ! બીજા પણ ઘણા ધંધા છે.'

આ સાંભળી સુશ્રુતના મુખ ઉપર અણગમાની એક લહર દોડી ગઈ.

સુશ્રુત મંદિરે જવા બહુ ઉત્સાહી નહોતો. છતાં સંજયનો ઘણો આગ્રહ હતો એટલે એ તૈયાર થયો. સાંજના સમયે એ લોકો મંદિરે પહોંચ્યા. દર્શનાર્થીઓની જબરી ભીડ હતી.

ભીડથી દૂર રહેવાની ગણતરીએ સુશ્રુતે સંજયને થોડી વાર બહારના પરિસરમાં રોકી રાખ્યો. એ દરમિયાન સંજયે પેલા ત્રણ શ્રીમતોનાં અઢળક નાણાંની જમાવટ વિશે વાતો કરવા માંડી. આ બિલ્ડરોએ જમીનની ખરીદવેચમાં કેવાં કાળાં-ધોળાં કર્યાં, દસ્તાવેજ કરવામાં કેવી ભ્રષ્ટ નીતિનો આશ્રય લીધો, જમીનનો કબજો લીધા પછી નાણાં ચૂકવવામાં ખેડૂતોને કેવા રાતા પાણીએ રોવડાવ્યા વગેરે અનેક પ્રકારના

ભ્રષ્ટાચારની વાતો એણે કરી.

ઠીક ઠીક સમય પસાર થયો એટલે સંજયે કહ્યું : 'ક્યાં સુધી આમ બહાર ઊભા રહીશું ? સાંજનો સમય છે એટલે ભીડ તો વધતી રહેવાની.'

'તું જા, હું નહીં આવું.' મક્કમ સ્વરે સુશ્રુત બોલ્યો.

સંજયને નવાઈ લાગી. એણે કહ્યું : 'કેમ, શું થયું ?'

'કાળાં નાણાંથી બંધાયેલા આ ભોંયરામાં ભગવાન ગૂંગળાતો હશે. મારા જેવા ભગતને સન્મુખ આવેલો જોઈ કદાચ એ ક્ષોભ અનુભવશે.'

'ક્ષોભ ?'

'હા, ભ્રષ્ટાચારીથી દોરવાઈને મંદિરમાં બેસી ગયાનો ક્ષોભસ્તો !'

પણ એ જ ક્ષણે સુશ્રુતે એક અવાજ સાંભળ્યો : 'મૂંઝાઈશ નહીં વત્સ, હું પથ્થરના એ પોલાણમાં ગયો જ નથી ! અહીં બહાર જ છું.'

અવાજ ક્યાંથી આવ્યો એ સુશ્રુતને કંઈ સમજાયું નહીં. એણે આસપાસ જોયું. દર્શનાર્થીઓની ભીડ સિવાય કંઈ દેખાતું નહોતું અને એમના કોલાહલ સિવાય કંઈ સંભળાતું નહોતું.

✳

## ૧૮૭. ફરાતાળ

દેશના ભાગલા પછી એક અંધારી રાત્રે - એક ટોળું ઝનૂનપૂર્વક એના ઘર પર ધસી આવ્યું હતું. ટોળામાંના કેટલાકના હાથમાં સળગતી મશાલો હતી. મશાલોના અજવાળામાં એણે ચમકતાં હથિયારો જોયાં હતાં. એ છળી ઊઠ્યો હતો અને જીવ લઈને ભાગ્યો હતો. ભાગતો રહ્યો હતો.

દેશના અલગ બની રહેલા છિન્ન ટુકડામાં જઈને એ વસ્યો. પહેલેથી જ એ આ ટુકડાની તરફેણમાં હતો. એટલે પોતાના પુરાણા દેશને ધિક્કારતો રહ્યો. આ ધિક્કારને વધુ દઢ બનાવવાનાં ખાતરપાણી એના ચિત્તને રોજબરોજ મળતાં રહ્યાં.

વર્ષો પછી એક વખત એક સંસ્થાના પ્રતિનિધિની હેસિયતથી એને પોતાના (!) પુરાણા દેશમાં આવવાનું બન્યું.

એક દિવસ એ જ્યાંથી ભાગ્યો હતો એ શહેરની મુલાકાતે ગયો. પુરાણા વતનની ધરતી પર રોમાંચનો અનુભવ હોય, કશીક લાગણીના ધક્કાથી હૈયું ઉછાળા મારતું હોય, કશાક વિસ્મયથી આંખ શહેરના ખૂણેખૂણા પર ફર્યા કરતી હોય અને મન

અતીતમાં વિહરવા લાગ્યું હોય...

પણ એને આવો કશો અનુભવ થયો નહોતો. આ શહેરે એને ભગાડ્યો હતો...આ શહેરના લોકોનું ટોળું સળગતી મશાલો સાથે ઘર પર ધસી આવ્યું હતું...આ સ્મૃતિથી અત્યારે ધિક્કારનો પેલો અગ્નિ સતેજ બની રહ્યો હતો.

શહેરના લત્તે લત્તે થાકી જવાય એટલું એ ફર્યો. ફરતો રહ્યો અને...

એક મકાન ઉપર એણે ત્રણ બારીઓ જડેલી જોઈ. લાકડાની ફરાતાળે ! એણે એને ઓળખી લીધી. આ પોતાની ઘરની જ ફરાતાળ.*

ફરી પેલી અંધારી રાતની મશાલો એની નજર સમક્ષ તરવરી રહી. ઘરનો ધ્વંસ થયો હશે. કાટમાળ વેચાયો હશે. કોઈએ આ ફરાતાળ ખરીદી હશે અને પોતાના રચાતા મકાનમાં એને બેસાડી હશે.

લાકડાની પેલી બારીઓ સામે એ જોતો રહ્યો.

વચલી બારી આગળ બેસીને એણે ઈલિયડ વાંચ્યું હતું. એ જ બારી આગળ બેસીને એણે 'સારે જહાં સે અચ્છા...' ગોખ્યું હતું. શાળામાં મધુર કંઠે અને ગાઈને ઇનામ મેળવ્યું હતું.

શહેરને એ ધિક્કારતો હતો. હૈયે આગના ભડકા હતા. અને છતાંય પેલી ફરાતાળ સામે એ અનિમેષ નયને જોઈ રહ્યો...ક્યાંય સુધી જોતો રહ્યો.

અને આંખમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં હતાં !

---

* મકાનના ફ્રન્ટ ઉપર પહેલા માળે લાકડાના સળંગ પહેલા માળે લાકડાના સળંગ જડતરમાં મૂકવામાં આવતી બારીઓ. આ જડતર ફરાતાળ તરીકે ઓળખાય છે.

☼

# ૧૮૮. ફલશ્રુતિ

લગભગ સાત વર્ષના ગાળા પછી જમનાદાસ કુટુંબ સાથે પોતાના નાના ભાઈને મળવા જતા હતા. બાળકો પણ કાકાને મળવા અધીરાં હતાં એટલે ગાડીમાં કાકા-કાકીના ઘરની જ વાતો થતી રહી.

આ દરમિયાન જમનાદાસે પત્નીને બે-ત્રણ વાર સૂચના આપી દીધી કે ઇન્દ્રજિત ઇજનેર તરીકે લાંચ લે છે એ વાત આડકતરી રીતે પણ છેડવી નહિ. પોતાના કુટુંબનો માણસ લાંચ ખાય છે એ વાત બાળકો આગળ રજૂ થાય એ અસહ્ય હતું.

તેઓ ઇન્દ્રજિતને ત્યાં ચાર દિવસ રહ્યાં. ઘરમાં વૈભવનો પાર નહોતો. જ્યાં દૃષ્ટિ પડે ત્યાં કીમતી ચીજો નજરે ચડતી. ઇન્દ્રજિતનાં બાળકોનાં કપડાં, રમકડાં, મોંઘાં બૂટ-મોજાં વગેરે જોઈને જમનાદાસનાં બાળકોનાં મનમાં કૈંકૈં વાસનાઓ જાગ્રત થતી હતી. પેલાં બાળકોની ઉદારતાને લીધે તેઓ એ ચીજો વાપરવા પામતાં હતાં. જમનાદાસને આ ગમતું નહોતું, પણ શાંત રહ્યા સિવાય છૂટકો નહોતો.

પાછા ફરતાં ટ્રેનમાં બાળકો જમનાદાસ આગળ મનની વાત વ્યક્ત કરવા લાગ્યાં : 'કાકાને ત્યાં કેટલી બધી વસ્તુઓ છે, બાપુજી ? અને આપણે ત્યાં એમાંનું કેમ કશું નથી ?'

'આપણને એવી ચીજોની જરૂર ક્યાં છે ?'

'એમને જરૂર અને આપણને નહિ ?'

પોતાની ખિન્નતા દબાવી જમનાદાસે બાળકોનું ધ્યાન બીજે દોરવા પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ. બાળકો તો વારંવાર એની જ વાત કરતાં હતાં. હેમંતે કહ્યું; 'બાપુજી, કાકાનો અને તમારો પગાર તો સરખો જ છે...તો પછી આપણે તો કંજૂસ જ કહેવાઈ એ ને ?'

'કાકાને પૈસો બચાવવો નહિ હોય.' જમનાદાસે જવાબ દીધો.

'એ ખોટી વાત. કાકી કહેતાં હતાં કે એમની પાસે તો લાખ રૂપિયા ભેગા થઈ ગયા છે !' મીનાક્ષી બોલી ઊઠી.

'આપણી પાસે કેટલા છે, બાપુજી ?' બીજા બાળકે પૂછ્યું.

જમનાદાસે જવાબ આપ્યો : 'તારી મમ્મીને પૂછ.'

મમ્મીએ કહ્યું : 'નસીબમાં હોય તો ભેગા કરીએને ભાઈ !'

પત્નીના અવાજમાં આજે થોડી અપરિચિતતા વરતાતી હતી. ચાર દિવસ દરમિયાન દેરાણીએ પોતાના મોભા અને સુખની જે વાતો કરી હતી તેની અસર જેઠાણી ઉપર થયા વિના રહી નહોતી.

જમનાદાસે પત્ની તરફ જોયું. એનો બદલાયેલો મુખભાવ જોઈએ ખિન્ન થયા; એટલું જ નહિ, રોષે પણ ભરાયા. બાળકોનો અસંતોષ સમજી શકાય, પણ પત્નીમાં એ ભાવ પ્રગટે એ અક્ષમ્ય હતું. મોઢું બગાડીને હેમંત બોલ્યો : 'આપણે તો પૈસા બચાવતાંયે નથી અને કશું ખરીદતાંયે નથી ! કાકા એ બધું શી રીતે કરી શકે છે ?'

જમનાદાસ ધૂંધવાઈ ઊઠ્યા હતા. કંઈ ન સૂઝતાં હેમંતને એમણે જોસથી એક તમાચો લગાવી દીધો. ત્યાં તો પત્નીનો રોષ ભભૂકી ઊઠ્યો : 'છોકરાને શા માટે માર્યો ? એને ચોખ્ખું કેમ કહેતા નથી કે તમારા ભાઈએ લાંચ ખાઈખાઈને બધું ભેગું કર્યું

છે ?'

અર્ધું સમજ્યાં - ન સમજ્યાં એમ બધાં બાળકો પ્રશ્નાર્થ ભાવે માતા તરફ જોઈ રહ્યાં.

## ૧૮૯. ફળશ્રુતિ

સાંજે ઑફિસેથી પાછા ફરતી વખતે મયૂર એ લારીમાંથી ફળ ખરીદતો.

ફળની લારી ઉપર બપોર સુધી ઘરનો મુખ્ય માણસ ધંધો સંભાળતો. બપોર પછી એની પત્ની લારી ઉપર બેસતી અને સાંજે પાંચ વાગ્યા પછી બે કલાક જેટલો સમય આ દંપતીની યુવાન છોકરી એ કામ સંભાળતી.

મયૂર છોકરીના મનમાં બરાબર વસી ગયો હતો. દિવસે દિવસે એનું આકર્ષણ એ કક્ષાએ પહોંચ્યું કે મયૂર એના સ્વપ્નાનો યુવાન બની રહ્યો.

ફળ ખરીદીના વ્યવહારમાં તો બીજી કોઈ વાતનો શો અવકાશ હોય ? છોકરીના મનમાં કહેવાનું તો ઘણુંય સંઘરાયું હતું. મનની વાત કહેવી હતી. પણ પ્રેમની વાત એ કંઈ હવામાન વિશેની વાતની જેમ ગમે ત્યારે ગમે તેને થોડી કહી શકાય ?

પ્રેમની વાત કહેવા છોકરી અત્યંત ઉત્સુક હતી પણ કોઈ માર્ગ જડતો નહોતો, ફક્ત પ્રેમની અભિવ્યક્તિ રૂપે છોકરી રોજ રોજ મયૂર માટે સારાં અને તાજાં ફળો કાઢી રાખતી. કઈ મોસમમાં કયાં ફળ આ યુવક ખરીદે છે એની આ છોકરીને બરાબર ખબર હતી.

એક દિવસ આકસ્મિક રીતે જ પ્રેમનો અભિવ્યક્તિયોગ ઊભો થયો. ફળ ખરીદવા મયૂર લારી આગળ પહોંચ્યો ત્યારે એ જ સમયે એક સ્ત્રી ફળ ખરીદવા ત્યાં આવી પહોંચી. એ સ્ત્રીએ પેલાં જુદાં કાઢી રાખેલાં ફળ તરફ આંગળી કરીને કહ્યું : 'આ રહ્યાં તે જોખી દે.'

'એ આપવાનાં નથી.'

'કેમ ?'

છોકરીએ લજ્જાભરી એક નજર મયૂર ઉપર નાખી ન નાખી અને વાળી લીધી. પછી એ બોલી : 'કોઈકને માટે એ પસંદ થયેલાં છે.'

'કોના માટે પસંદ થયાં છે ?'

'છે એક જણ.'

'કોણ છે એ ?'

'એવું બધું કહેવાનું ન હોય.'

'સારું, સારું. ખાનગી રાખ. અમારે કંઈ જાણવું નથી. બીજાં ૫૦૦ ગ્રામ જોખી દે.' સ્ત્રી ગઈ. એ પછી પોતાના માટે રાખેલાં સફરજન લઈને મયૂર ચાલતો થયો.

છોકરીએ આ રીતે હૈયું ઠાલવ્યું એ પછી હૈયાના બધા આવેગો ચિત્તમાં ચકરાવા લેવા લાગ્યા. હવે એ પેલા યુવક તરફથી ઇચ્છિત ઇશારાની ઝંખના કરી રહી.

બીજા દિવસે એણે રોજની જેમ વીણી વીણીને સફરજન જુદાં કાઢ્યાં. ફળ રોજના જેવાં જ હતાં. પણ આજે એને એ વધારે લાલ, તાજાં અને સોહામણાં લાગ્યાં.

મનમાં અનિશ્ચિતતાનો એક અજંપો હતો. મયૂર આવ્યો. છોકરી ફળને ત્રાજવામાં મૂકવા ઉપાડવા જતી હતી ત્યાં મયૂર બોલ્યો : 'એ રહેવા દો. સફરજન નથી લેવા.'

'કેમ ?' વિસ્મયના ભાવથી છોકરીએ પૂછ્યું.

'સફરજન બહુ ખાધાં, અબખે પડ્યાં. હવે પાઈનેપલ લઈ જઈશ.' કહી મયૂરે પોતે જ એક પાઈનેપલ પસંદ કરીને કહ્યું : 'આ રહ્યું તે આપી દો.'

⁂

## ૧૯૦. ફળદાયી પ્રકોપ

એક વિશાળ ઉદ્યાનનો વૉકિંગ ટ્રેક. અહીં સાંજ પડ્યે વ્યાયામના હેતુથી કેટલાંક સ્ત્રીપુરુષો આ ટ્રેક પર રાઉન્ડ લેતાં આ સ્ત્રી-પુરુષોમાં મોટો ભાગ તો પ્રૌઢત્વ તરફ ઢળી ચૂકેલી સ્ત્રીઓનો હતો. આ સ્ત્રીઓમાં પ્રૌઢ વયે પહોંચેલી છતાં યુવાન જણાતી હોય એવી એક સ્ત્રી વૉકિંગ ટ્રેક ઉપર આંટા ન મારતાં ટ્રેકની કિનારે મૂકેલા બાંકડામાંથી, જાણે એના માટે નિશ્ચિત હોય એવા એક બાંકડા પર બેઠેલી રહેતી. મધ્ય રેખાએ વહેંચીને બે ભાગમાં ઓળેલા વાળ, ચમકતી કાળી આંખોવાળો ગૌર ચહેરો...

વૉકિંગ ટ્રેક પર રાઉન્ડ લેતા પુરુષોમાં બધા કરતા અલગ રહીને, વનપ્રવેશ કરી ચૂક્યો હોય એવો એક પુરુષ ત્વરિત ઝડપથી ચાલતો હતો. આમ ચાલતી વખતે પેલી સ્ત્રી દૃષ્ટિમર્યાદામાં આવે તે વખતે એને ધ્યાનથી જોતો, તાકી રહેતો હોય એમ. ટ્રેક ઉપર ઝડપથી આંટા મારી રહેતો આ પુરુષ રોજ રોજ પોતાના ઉપર નજર ખોડી રહેતો જોઈ પેલી સ્ત્રી ગુસ્સે થતી. આખરે ઊભા થઈને ચંપલ મારવાનું મન થાય એટલી હદ સુધી પેલા માણસની ચેષ્ટા પહોંચી. એ પછી આ સ્ત્રીએ પેલાની સન્મુખ જઈને એને ખખડાવી નાખવાનો નિર્ણય કર્યો અને એક દિવસ અકળામણ પરાકાષ્ઠાએ પહોંચ્યા પછી ઝનૂનનો આવેગ બેકાબૂ બનતાં એ સ્ત્રીથી રાડ નંખાઈ ગઈ : 'એ

મિસ્ટર !!'

પુરુષ આ સ્ત્રીની માનસિકતા બરાબર સમજ્યો હતો. એ થોભી ગયો અને સ્ત્રીની નજીક જઈને બોલ્યો : 'તમારો ગુસ્સો એક સમજદારક સ્ત્રીને છાજે એવો સીધો, સાદો અને વાજબી છે. હવે તમારે કંઈ કહેવાની જરૂર નથી. જે કહેવાનું છે તે હું જ કહીશ.'

સ્ત્રી વિચારમાં પડી ગઈ. આ માણસ પાગલ છે ?

પુરુષ બોલ્યો : 'હું તમને જોતો જ નથી.'

આ માણસ પાગલ હોવાની પ્રતીતિ થતી હોય એમ સ્ત્રી એની સામે જોઈ રહી.

પેલો માણસ ફરી બોલ્યો : 'હું તમારા ચહેરાને જોતો જ નથી.'

'તો પછી આંખો ફાડી ફાડીને શું જુઓ છો ?'

'જો તમે મને જોતાં હો તો મારી આંખો ફાટેલી હોતી નથી. હું ઝીણી આંખે તમારા તરફ નજર કરું છું.'

'ઝીણી આંખે શું જુઓ છો ?'

'એ તમને કાલે જાણવા મળી શકે. તમારી પાસે તમારો ફોટો છે ?'

'આવો અક્કલ વગરનો સવાલ કેમ પૂછો છો ?'

'કાલે આ સમયે અહીં જ સમજાશે. તમારો ફોટો લેતાં આવજો.'

બીજે દિવસે આ સ્ત્રી પર્સમાંથી પોતાનો ફોટોગ્રાફ કાઢે એ પહેલાં પુરુષે એક ફોટોગ્રાફ એની સામે ધરીને પૂછ્યું : 'આને ઓળખો છો ?'

'એમાં શું પૂછે છે ? એ રેખા છે. ફિલ્મ અભિનેત્રી રેખા.

'હા, ૫૦ વરસે પણ એક ઊછળતી-કૂદતી નવયૌવન જેવી રેખા.'

'આ ફોટાને તમારા ફોટાના જોડે રાખીને સરખાવી જુઓ. અલબત્ત, સરખાપણું તારવવાનું કામ અઘરું છે.

થોડું ધ્યાન બંને ફોટોગ્રાફ્સ ઉપર પરોવ્યા પછી સ્ત્રી બોલી : 'આજ સુધી કોઈએ મને આ કહ્યું નહોતું.'

'તમે ગુસ્સો કર્યો એટલે એ રહસ્ય બહાર આવ્યું. અને હવે તમારો ગુસ્સો દૂર થાય એ માટે એટલું કહું કે રોજ રોજ હું તમારા નહીં, પણ રેખાના ચહેરાને જોતો હતો.'

'અને ગુસ્સો ન કરું તો ?' કહી આંખનો ઉલાળો કરીને સ્ત્રી હસી પડી.

※

# ૧૯૧. ફેંસલો

સુમન્તભાઈ દીવાલ પરની છબી સામે થોડી વાર તાકી રહ્યા. પછી છબીને પૂછ્યું : 'શું કહો છો ? શું કરવું જોઈએ ?'

આવતી કાલે જીવન-સાથીની શોધ મેળામાં જવું કે નહીં એ બાબતમાં પોતાની કેફિયત રજૂ કર્યા પછી સુમન્તભાઈએ છબીમાંથી પોતાની સ્વર્ગસ્થ પત્નીને આ પ્રશ્ન કર્યો. જીવનસાથી શોધ મેળાની ખાસિયત એ હતી કે એ મેળો વયસ્ક માણસો માટે યોજાયો હતો. કોઈ પણ ઉંમરની વ્યક્તિ એમાં ભાગ લઈ શકે.

સુમન્તભાઈ અત્યારે ૭૦ વર્ષના હતા. પત્ની સાથેના પાંચ દાયકાના સહજીવનના આધારે પત્નીની રગેરગને એ બરાબર જાણતા થયા હતા. એ જ્ઞાનના આધારે જ જાણે એમને પત્નીનો આ ગેબી અવાજ સંભળાયો : 'ખુશીથી જજો. દીકરાઓ વહુઓના કહ્યામાં છે એ હું જાણતી હતી. તમે માનતા નહોતા. ભંભેરણી કરી કરીને દીકરાઓના કાનમાં શાં ઝેર રેડતી હતી એની મને તો જાણ હતી. તમે વિશ્વાસે રહ્યા. અને તમારું વહાણ ડૂબ્યું છે. વહુઓના દોરવાયા દીકરાઓ જુદા થઈ ગયા છે. ભગવાને મને વહેલી ઉપાડી લીધી અને તમે નોંધારા થઈ ગયા. તમારું વહાણ મધદરિયે ઝોલાં ખાઈ રહ્યું છે. એટલે હું તો કહું છું કાલે તમે સાથી પસંદગીના મેળામાં જરૂર જજો...'

'પણ ૭૦ થયાં. કોઈ મને પસંદ કરે ?'

'કેમ ન કરે ? તમારી આંખોમાં તેજ છે, બધા દાંત સાબૂત છે, ચહેરા ઉપર કરચલીઓ દેખાતી નથી. એકે વાળ ખર્યો નથી. જુલફાંને લીધે તમે શોભી રહ્યા છો. વિશ્વાસથી મેળામાં જજો. અને પસંદગી એવી કરજો કે સામેનું માણસ ૬૦ કરતાં વધારે ઉંમરનું ન હોય.'

આ કાલ્પનિક સંવાદ ચાલી રહ્યો હતો ત્યાં સુમન્તભાઈના મોટા દીકરાએ પ્રવેશ કર્યો. ભારે ગુસ્સામાં હોય એવો એનો ચહેરો હતો. એણે કહ્યું : 'આવતીકાલના મેળામાં તમે જવાના છો એવું સાંભળ્યું છે. આ સાચું છે ?'

'હા.'

'તમને આ ઉંમરે આવી અવળી બુદ્ધિ કેમ સૂઝી છે ?'

'મારા નિર્ણયમાં તું અવળી બુદ્ધિ જુએ છે ?'

'અવળી બુદ્ધિ કરતાંય વધારે ખરાબ કંઈ કહી શકાતું હોય તે કહું. આટલી ઉંમરે પણ તમારી વાસના શમી નથી એ જાણીને તો લોકો તમારા ઉપર ફિટકાર

વરસાવશે. કંઈક સમજો.'

'લોકો જ્યારે ફિટકાર વરસાવશે ત્યારે વરસાવશે, પણ અત્યારે તો તમે એ કરી રહ્યા છો.'

'અમે તો એથીય આગળ વધીશું. તમારી સાથેના બધા સંબંધ તોડી નાખીશું...આ તમને ચેતવણી આપી. હવે તમારે જે કરવું હોય તે કરજો. એટલું સમજજો કે તમે આ અવળો ધંધો કરશો તો તમારા મરણ વખતે તમને ખાંધ લેવા કોઈ દીકરો નહીં આવે.'

આટલું કહી દીકરો નાક ફુલાવતો ચાલ્યો ગયો.

સુમન્તભાઈ છબીને કહ્યું : 'સાંભળ્યું ?'

'એમાં કંઈ સાંભળવા જેવું નહોતું.'

સુમન્તભાઈ થોડી ક્ષણો સુધી કંઈક વિચારતા રહ્યા પછી બોલ્યા : 'આટલું કર્યા છતાં કામમાં સફળ ન થવાય તો બાવાનાં બે બગડ્યાં જેવું થશે.'

'આ કાયરના બોલ છે' છબીમાંથી પત્ની બોલી : 'નિષ્ફળ થવાની બીકે પહેલીથી જ મેદાન છોડી દેવું ? તમારે મેળામાં જવાનું છે. આ મારો ફેંસલો છે.'

⁂

# ૧૯૨. બદબૂ

કોમી રમખાણમાં અર્ધજળ્યા દેહે બચી ગયેલાં માનવીઓનો આ વૉર્ડ હતો. દાઝેલાં દર્દીઓ પીડાથી રાત-દિવસ કણસી રહ્યાં હતાં, અને એમના માનસિક સંતાપનો તો કોઈ પાર નહોતો.

વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ આ દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિ અને આશ્વાસન વ્યક્ત કરવાના બહાને આ વૉર્ડમાં ઊતરી પડતા હતા અને ઘા ઉપર મીઠાનો છંટકાવ કરીને ચાલ્યા જતા હતા. આ હેતુથી એક નહિ, બે નહીં પણ ટોળાબંધ નેતાઓનો આ વૉર્ડમાં આવરો-જાવરો રહેતો હતો.

અત્યારે સૌથી વધારે સંખ્યાબળ ધરાવતા વિરોધપક્ષના નેતા દર્દીઓ પ્રત્યે સમભાવ દર્શાવવા અને એમને સહાનુભૂતિના બે બોલ કહેવા વૉર્ડમાં આવી પહોંચ્યા હતા. સાથે હજૂરિયા હોં ખુશામતિયા અને સમૂહ માધ્યમોના પ્રતિનિધિઓનું એક ટોળું પણ હતું. વૉર્ડમાં માનવશરીરના દાઝેલાં માંસની દુર્ગંધ તો ફેલાયેલી હતી. પણ એની તુલનામાં આગળ નીકળી જાય એવો વ્યવહાર આ ટોળું પેલા દર્દીઓની લાગણીઓ

ઉશ્કેરીને કરી રહ્યું હતું.

દાઝેલાં માનવમાંસની દુર્ગંધથી બચવા ટોળાંની મોખરે ચાલી રહેલા નેતાના નાક અને મુખ ઉપર બારીક કપડું બાંધેલું હતું.

પરેશ ૩૦ ટકા બર્નનો દર્દી હતો. વૉર્ડની મુલાકાતે આવતા રાજકારણી નેતાઓને જોતાં જ એની આંખમાં એક પ્રકારની ઘૃણા પ્રગટતી હતી. એમાં વળી અત્યારે આવેલા નેતાના મુખ ઉપર બાંધેલું કપડું જોઈને એની પેલી ઘૃણા વધારે પ્રદીપ્ત થઈ ઊઠી.

નેતાનાં ડગ ધીમે ધીમે એના પલંગ તરફ આગળ વધી રહ્યાં હતાં. એવામાં એક નર્સ ત્વરિત પગલે બાજુમાં થઈને પસાર થઈ રહી હતી તેને રોકી પરેશે કહ્યું : 'સિસ્ટર, મને એક હાથરૂમાલ લાવી દ્યોને.'

નર્સ ઉતાવળમાં હતી એટલે એણે પરેશની સામે પોતાનો જ રૂમાલ ધરી દીધો.

'લેડીઝ રૂમાલ નહિ ચાલે, સિસ્ટર.'

'કેમ ?'

'મોટો જોઈશે.'

'શું કરવો છે ?'

'મારે એને નાક-મોં પર બાંધવો છે.'

'એ શા માટે ?'

'ધીમે ધીમે ગંધ મારી દિશામાં આવી રહી છે.'

અક્કલ વગરની મજાક સમજી નર્સ હસી છતાં દર્દીનું મન રાખવા બોલી : 'થોભો, લઈ આવું છું.' અને નર્સ આગળ ચાલી.

આ દરમિયાન નેતા અને પેલું ટોળું પરેશના પલંગ આગળ જરાક થોભ્યું. પરેશે એની હથેળી અને આંગળાંથી સજ્જડપણે પોતાનાં નાક અને મોં દાબી રાખ્યાં હતાં.

ટોળું આગળ ગયું. નર્સ મોટા રૂમાલ લઈને આવી પહોંચી. એણે એ પરેશની સામે ધર્યો. પરેશે કહ્યું : 'હવે રૂમાલની જરૂર નથી, સિસ્ટર.'

'કેમ, હવે શું થયું ?'

'ગંધીલું માણસ આગળ ગયું. ગંધ દૂર થઈ છે.' પછી સ્વગત બોલ્યો : 'માથું ફાટી જાય એવી બદબૂ એનામાંથી પ્રગટતી હતી !'

❊

# ૧૯૩. બાજ-નજર

'હું સ્મૃતિબહેનને ત્યાં જાઉં છું.' સ્મિતાએ કહ્યું : 'આવતાં કદાચ મોડું થશે. લતાને પરસાળમાં બેસીને જમવાનું કહેજો. ડિશ પ્લૅટફૉર્મ ઉપર ઢાંકી રાખી છે.'

લતા અમારું ઘરકામ કરનારી છોકરી. યુવાન, સ્વચ્છ-સુઘડ, મન પરોવીને કામ કરનારી અને વિશ્વાસપાત્ર.

મને જરા વિચિત્ર લાગ્યું. કપડાં-પોતાના કામથી પરવારીને એ રસોડામાં સ્મૃતિ આપે તે જમી લેતી. જમ્યા પછી રસોડું અને પ્લૅટફૉર્મ સાફ કરી લેતી. અને છેલ્લે વાસણ.

સ્મિતાનું સૂચન મને ખટક્યું. સ્મિતા પોતે જ લતાને પરિવારના સભ્ય જેવી ગણતી હતી અને આજે એને એક ભિક્ષુકની જેમ પરસાળમાં બેસીને જમવાનું કેમ કહેતી હતી ? મેં કહ્યું : 'રોજ તો રસોડામાં જમે છે, અને આજે પરસાળમાં કેમ ?'

'રોજ તો મારી હાજરી હોય છે. મારી નજર ફરતી રહે છે. આજે રસોડું સૂનું હશે.'

'રસોડું સૂનું હોય તેથી શું ?'

'તમે સમજતા નથી. રસોડાના સ્ટોરમાં નાનીમોટી કેટલી કીમતી ચીજો હોય. પરચૂરણ વપરાશના પૈસા ત્યાં છે. ગૅસ, શાકભાજી, પસ્તી વગેરેની લેવડદેવડ એમાંથી થાય છે. લતા એ બધું જાણે છે...'

'પણ લતા તો વિશ્વાસુ છોકરી છે. એના માટે આવું વલણ કેમ દાખવે છે ?'

'એ બધુંય ખરું, પણ ગમે તેવા તોય આ મજૂર વર્ગનાં માણસ ગણાય. ક્યારે એમનું મન ચળે એ કંઈ કહેવાય નહિ. પાછળથી ભવાડો થાય એના કરતાં અગાઉથી ચેતવું સારું.'

સ્મિતાનો નિર્ણય આખરી હતો. મારી કોઈ દલીલ સફળ ન નીવડી. અમારાં બે વચ્ચે કોઈ ક્લેશ ન થાય એની સાવધાની રૂપે મેં નમતું જોખ્યું.

લતાને પરસાળમાં બેસીને જમી લેવાનું સૂચન કરવાની પળ આવી ત્યારે જ મને સમજાયું કે આ વાત કેટલી અઘરી હતી. ક્યારેક જીભ છરી બની રહે છે એ કહેવાયું છે તે ખોટું નથી. જીભે છરીનું કામ કર્યું અને અનુભવથી ઘડાઈ હોય એમ લતાએ મનમાં કશો ખટકો રાખ્યા વગર પરસાળમાં બેસીને ભોજન લીધું.

બીજે દિવસે - 'ચાલો જમવા.' સ્મિતાનો સાદ સંભળાયો.

મારા તરફથી કશો હોંકારો ન મળતાં થોડી ક્ષણો પછી ફરી સ્મિતાનો અવાજ

આવ્યો : 'જમવાનું પીરસી દીધું છે; ઠરી જશે.'

ડાઇનિંગ ટેબલ પર થાળી પીરસાઈ ગયાની આ વાત હતી.

થોડી વારે ફરી અવાજ આવ્યો ત્યારે મેં સ્મિતા સાંભળે એમ કહ્યું : 'હું અહીં છું, ભાણું અહીં લાવો.'

લતા ત્યાં જ હતી. વધારે સંવાદને માટે અવકાશ ન રહે એ માટે એણે જ સ્મિતા આગળ ચોખવટ કરી : 'સાહેબ તો પરસાળમાં આસનિયું નાખીને બેઠા છે. ભાણું ત્યાં મંગાવે છે.'

⁂

## ૧૯૪. બાળમજૂર

એક દિવસ કૃષ્ણા બે છોકરીઓને મારી પાસે લઈ આવી. અને બોલી : 'આવતી કાલથી આ છોકરીઓ આપણા ઘરનું કામ કરશે.'

હું બાળમજૂરીનો વિરોધી હોવા છતાં કૃષ્ણા કાચી ઉંમરની બે છોકરીઓને લઈ આવી હતી અને પોતે ગોઠવેલી વ્યવસ્થાની મને જાણ કરી રહી હતી.

'છોકરીઓની ઉંમર કેટલી છે ?' મેં પૂછ્યું.

'હશે દસ-બાર વર્ષની. જોડિયા બહેનો છે - સોના અને રૂપા.'

મને ગંભીર જોઈને મારા મનોભાવને પડકારતી હોય એમ કૃષ્ણા બોલી : 'આજકાલ કામ કરનારાં મળે છે જ ક્યાં ? જોતા નથી, કામવાળી કેટલા દિવસથી જતી રહી છે ? બધો ઢસરડો મારે જ કરવો પડે છે. તમે બાળમજૂર ન જોઈએ એમ કહ્યા કરો છો. પણ દસ-બાર વર્ષની છોકરી બાળકમાં ન ગણાય. ઘરડાં બુઢ્ઢાંને પૂછી જોજો...પહેલાના વખતમાં એટલી ઉંમરની છોકરીઓ મા બનતી...'

મેં કાનમાં આંગળીઓ નાખી દીધી અને હું બીજા ખંડમાં જતો રહ્યો.

બીજા દિવસથી છોકરીઓએ ઘરકામ સંભાળી લીધું. છોકરીઓ આનંદી સ્વભાવની હતી. કામ કરતી વખતે ફૂદાની જેમ ઊડાઊડ કરતી. ક્યારેક ધીંગામસ્તી કરતી. અને હસવાનું તો ગાંઠે બાંધ્યું હોય એમ વાતવાતમાં ખડખડાટ હસ્યા જ કરતી.

કામ સારી રીતે અને આનંદભર્યા વાતાવરણમાં થયા કરતું હતું. પણ એક દિવસ આ છોકરીઓ પાછલા ખંડમાં ઝઘડતી હોય એવો મને અણસાર આવ્યો. મારું ધ્યાન એ તરફ બરાબર ખેંચાયું.

છોકરીઓ કામ બાબતે ચડભડ કરી રહી હતી. બે દિવસ ઉપર સોનાને એના

ઘેર શાક સમારતી વખતે આંગળીએ જખમ થયો હતો. એટલે આજે એ પાણી સાથેનું કામ બને તેટલું ટાળવા મથતી હતી. પોતું કરવા બાબતમાં આ ઝઘડો ચાલી રહ્યો હતો. આજે આખા ફ્લૅટનું પોતું રૂપા કરે એવી સોનાની માગણી હતી. પણ રૂપા એ માગણી સ્વીકારવા તૈયાર નહોતી. એનું કહેવું હતું, 'જરા વાગ્યું એમાં આંગળી પકડીને બેસી ન રહેવાય !'

સોનાએ એની આંગળી લબકારા મારતી હોવાની વાત આગળ ધરી ત્યારે રૂપાએ જવાબ આપી દીધો : 'અમને તો જાણે કદી વાગ્યું જ નહીં હોય ! વાગ્યાના બે દિવસમાં આંગળી પાકતી જોઈ'તી ક્યાંય ?'

'તો હું જૂઠું બોલું છું ?'

'જૂઠું કે સાચું, જેનું કામ જે કરે. તારું કામ તું કર, હું નહીં કરું.'

કૃષ્ણા કદાચ આ છોકરીઓનો ઝઘડો પતાવી આપત. પણ એ બહાર ગયેલી હતી. હું મારા કામમાં રોકાયેલો રહ્યો.

થોડી વાર પછી, પેલા રૂમમાં વધારે પડતી શાંતિનો ભ્રમ થતાં હું ત્યાં ગયો. રૂમના એક ખૂણામાં પાણીની ડોલ સાથે સોના એકલી બેઠી હતી. એના હાથમાં ભીનું પોતું હતું. આંખમાંથી આંસુ ખરી રહ્યાં હતાં અને નજર આંગળી પરના ભીનાશથી લથબથ થઈ ગયેલા પાટા પર ચોંટેલી હતી.

મને જોતાં જ એણે ઝડપથી ફર્શ પર પોતું ફેરવવા માંડ્યું. મુકાદમને જોઈને મજૂર ઝડપથી કામે વળગે એમસ્તો !

લબકારા મારતી આંગળીની વેદના બાજુએ રાખી સોના કામ કરી રહી હતી. અને હું કામ કરતા એક બાળમજૂરને નીરખી રહ્યો !

❊

## ૧૯૫. બિઝનેસ સિક્રેટ

જયરામ અને એની પત્ની વચ્ચે એક જૂની છત્રી બાબતમાં ભારે ઝગડો થઈ ગયો. એટલે સુધી કે પડોશીઓ સાંભળે એટલા ઊંચા સાદે બંનેએ જીભાજોડી કરી. પત્ની રિસાઈ. સાંજે એણે રસોઈ કરી ખરી, પણ પોતે જમી નહિ. જયરામ પણ બે કોળિયા ઉતારીને થાળી પરથી ઊઠી ગયો.

વાત કંઈક આવી હતી : જયરામ રોજ બપોરે દુકાનેથી જમવા ઘેર આવતો ત્યારે રસ્તામાં એક મંદિરના પ્રાંગણમાં એક વૃદ્ધ ભિખારણને એ તડકામાં બેઠેલી જોતો.

હમણાં હમણાં ઉનાળાના દિવસો ચાલી રહ્યા હતા. ચૈત્ર મહિનો, બપોર સુધીમાં તો આખું વાતાવરણ ચામડી બાળી મૂકે એટલું ગરમ થઈ જતું. બપોરે જમ્યા પછી જ્યારે એ દુકાને પાછો જતો ત્યારે પણ એ ભિખારણ તો તડકામાં જ બેઠેલી હોય. હજુ વૈશાખ મહિનો તો આવવાનો બાકી હતો. અર્થાત્ આકાશમાંથી અગન વરસાવનારા દિવસો હવે આવવાના હતા.

દુકાનેથી ઘેર જતાં અને ઘેરથી દુકાને પાછા જતાં આ ભિખારણને જોઈને જયરામના હૈયામાં દયા ઊભરાતી.

અને એક દિવસ એને દાનમાં આ ભિખારણને એક છત્રી આપવાનો વિચાર આવ્યો. ઘરમાં એક જ છત્રી હતી એ જયરામ જાણતો હતો. છતાં એક દિવસ એણે પત્નીને કહ્યું : 'મને થાય છે કે આપણે એક ભિખારણને, ઘરમાં છે એ છત્રી દાનમાં આપીએ.'

ભિખારણને દાનમાં છત્રી આપવાની વાત સાવ નવી અને ન માન્યામાં આવે એવી હતી એટલે પતિ વિનોદમાં આમ બોલે છે એવું સમજીને પત્ની બોલી : 'જૂની થઈ ગઈ છે અને રંગ ઊડી ગયો છે એટલે એવું કહો છો ? પણ ખરા વખતે એ જ કામમાં આવે છે, હોં ! ધોધમાર વરસાદ પડતો હોય ત્યારે અગાસી, ચોક અને આંગણાંમાં પડેલી વસ્તુઓ તાણી લાવવામાં એ જ છાપરું બનીને રહે છે...ભલે જૂની, પણ સોનાની છે.'

'તેં તો લાંબું ભાષણ આપી દીધું, રસવંતી, પણ હું તો સાચેસાચ આપણી એ છત્રી ભિખારણને આપી દેવા વિચારું છું. ખર્યા પાન જેવી જર્જર છે. બિચારી...અને આવા તડકામાં ભઠ્ઠીમાં શેકાતી હોય એમ શેકાય છે...'

વાત વણસી...પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો. રસવંતી રિસાઈ અને રાત્રે એણે ખાધું નહિ.

જયરામ પણ બે કોળિયા ભરીને ભાણા પરથી ઊઠી ગયો. પણ એણે પોતાનો નિશ્ચય ઢીલો ન કર્યો.

બીજે દિવસે દુકાનેથી ઘેર જતી વખતે તાપમાં એ બોલ્યો : 'માજી, આ છત્રી રાખો, આવા તડકામાં ખુલ્લા માથે તો તમે માંદાં પડી જશો.'

ભિખારણ બે પળ તો જયરામ સામે તાકી રહી. પછી મીઠું હસીને બોલી : 'ભૈશાબ, છત્રી અમારા કામની નહીં !'

'કેમ એમ કહો છો માજી ?' વિસ્મય પામીને જયરામ બોલ્યો.

'અમે છત્રી ઓઢીને શરીર ઢાંકીએ એટલે શાવકારની દયાય ઢંકાઈ જાય.' કહી

ભિખારણે ઉમેર્યું : 'તાપમાં શેકાતાં હોઈએ તો કોકને દયા આવે અને બે પૈસાનું મળતર થાય. તમારા કોઠે દયા ઊભરાઈ ને, એમ !'

⁂

## ૧૯૬. બીક

ટીનુના મુખમાંથી નીકળેલી ગાળ કમ્પાઉન્ડ વૉલ ઓળંગીને ડ્રોઇંગરૂમમાં આવી પહોંચી.

આશા અને અભિજિત ડ્રોઇંગરૂમમાં જ હતાં. આશા સ્વેટર ગૂંથી રહી હતી અને અભિજિત એક મૅગેઝિન વાંચતો હતો.

વૉલ કૂદીને આવી પહોંચેલા શબ્દથી દાઝી ઊઠી હોય એમ આશા ક્ષુબ્ધ થઈ ગઈ. એનાં આંગળાં એકાએક કામ કરતાં અટકી ગયાં. એણે અભિજિતને કહ્યું, ''સાંભળ્યું ?''

''હા, ટીનુના મોંમાંથી ગાળ નીકળી.''

''કેવી ખરાબ ગાળ !''

''એના પ્રકારમાં કદાચ સૌથી વધારે વજનદાર.''

પતિની હળવાશ આશાને ખૂંચી. એણે કહ્યું : ''તમને કંઈ થતું નથી ?''

''થાય છે.''

''શું ?''

''પચીસ વર્ષ અગાઉ એક મુન્નો આવી જ ગાળ બોલ્યો હતો. બસ આમ જ કમ્પાઉન્ડ વૉલની બહાર...''

આશાએ ગુસ્સે થઈને કહ્યું : ''પચીસ વર્ષ પહેલાંની વાત ક્યાં વચ્ચે લાવો છો ?''

છતાંય અભિજિતે બોલવાનું ચાલુ રાખ્યું : ''...પછી તો એ મુન્નાને ડ્રોઇંગરૂમમાં બોલાવવામાં આવ્યો. અને એને સોટીએ સોટીએ ફટકારવામાં આવ્યો. મધરાત સુધી એનું શરીર કળતું રહ્યું.''

''બધું ભાષણ રહેવા દો. તમારે ટીનુનને કંઈ શિક્ષા કરવી છે કે નહીં ?''

''નહીં, હિસ્ટ્રી મસ્ટ નોટ રિપીટ ઇટસેલ્ફ.''

''ઠીક ત્યારે, હું જ એને સીધો કરીશ.'' આશા સોટી ખોળવા લાગી. બબડતી હતી : ''એને જિંદગીની ખો ભુલાવી દઈશ.''

સોટી માટે ખોળંખોળા કરતી પત્નીને અભિજિતે ખૂબ ઠંડકથી કહ્યું : ''સોટી શોધવાનું રહેવા દે, આશા.''

''પાગલ થઈ ગયા છો, કંઈ ?''

''હા, આશા જ્યારે જ્યારે કોઈકને ગાળ બોલતાં સાંભળું છું ત્યારે મારી પીઠ ઉપર નેતરની સોટીના સોળ ફરી પાછા ઊઠી આવે છે. આદત નહોતી પણ મારાથી ગાળ બોલાઈ ગઈ હતી. મેં જાણે ઈ કોતરે પેઢીને ડુબાડી દીધી હોય એવા રોષના ઝનૂનમાં મમ્મી અને પપ્પા બંનેએ મારા ઉપર પ્રહારો કરવા માંડ્યા હતા. હું કહેતો રહ્યો - રાકેશે મારા પેટમાં જોશથી લાત મારી એટલે મારાથી ગાળ બોલાઈ ગઈ, પેટમાં બહુ દુઃખે છે...''

પણ પેટમાં દુઃખવાની વાત એ વખતે તુચ્છ અને ગૌણ હતી. મુખમાંથી ગાળ નીકળી એ મહાપ્રશ્ન હતો. કુટુંબના નાગરપણા ઉપર એક મોટો ડાઘ પડી ગયો હતો !...

થોડી ક્ષણો માટે અભિજિત ચૂપ રહ્યો અને પછી બોલ્યો : ''આશા, ભવિષ્યમાં આપણા મુન્નાની પીઠ ઉપર આજે પડેલા સોળ ફરી તાજા ન થાય એટલા માટે...''

અભિજિતે પોતાનું વાક્ય અર્ધું છોડી દીધું.

❊

## ૧૯૭. બીજા એક લક્ષ્મણની વાત

છેલ્લાં ત્રણ વર્ષથી અ સવારે દસની બસમાં ચઢે છે. એક સ્ત્રી પણ એ જ બસમાં જગ્યા લે છે. એકલી હોય છે. આજ સુધી કોઈએ એને નામ દઈને બોલાવી હોય એવું અની જાણમાં નથી. એટલે એને એના નામની ખબર નથી.

એ સ્ત્રી છે કે યુવતી, એ હજુ અ નક્કી કરી શક્યો નથી. એ અપરિણીત હશે એટલે કદાચ યુવતી જેવી લાગતી હશે અથવા લગ્નની વય વીતી છતાં પરણી શકી નહીં હોય એટલે એ સ્ત્રી જેવી લાગતી હશે.

પણ અ બીજી ઘણી રીતે એ સ્ત્રીને જાણતો થયો છે. વસ્ત્ર અને રંગની પસંદગી, વસ્ત્ર પરિધાનની રીત, એનો પરફ્યુમનો ટેસ્ટ આ બધાંની એને બરાબર ખબર છે.

ત્રણ વર્ષ દરમિયાન ઘણી વાર એને બસમાં એ સ્ત્રીની પાછળ સીટ ઉપર બેસવાનું થયું છે, એટલે એના રંગ અને આભૂષણને એ ઝીણવટથી નીરખી શક્યો છે. એ સ્ત્રી રોજ એરિંગ અને હેરપિન બદલે છે. એરિંગમાં ચળકતા હીરા, રત્ન અને નંગની પૂરી જાણકારી અ પાસે છે. ડોકની પાછળના ભાગમાં ચમકતી સોનાની ચેઈનની

ડિઝાઈન એના મનમાં બરાબર વસી ગઈ છે. બારીના ચોકઠામાં કોણી ટેકવીને બેસે છે, એટલે એની આંગળી ઉપરની વીંટી અને એમાં ચમકતું નંગ અ ને ઘણીવાર જોવા મળે છે. ઘડિયાળનું સોનાનું બ્રેસલેટ, એક હાથ પર રણક્યા કરતી બંગડીઓના રંગો અને એમાં ચમકતી હિરણ્યમયી બંગડીની જોડ ઉપર એની આંખ વારંવાર ઠરે છે.

એક દિવસ એને વિચાર આવ્યો. કોઈ રાવણ આ સ્ત્રીને ઉઠાવી જાય અને આકાશમાંથી એ પોતાનાં આભૂષણો નીચે નાખે તો એ આભૂષણને ઓળખવામાં એને લક્ષ્મણની જેમ નન્નો ભણવો ન પડે !

પછી આ વિચાર મનમાં લંબાયો - એ સ્ત્રીની શોધમાં નીકળેલા કોઈ રામ, રસ્તે મળેલાં આ આભૂષણોને જોઈને પૂછે : 'આ આભૂષણ માતંગીનાં છે ?' તો પોતે શો જવાબ આપે ?

એમ જ ને, કે -

'આભૂષણ બરાબર જાણું છું. એને ધારણ કરનારનેય બરાબર જાણું છું. પણ એ માતંગી છે કે નહીં એની મને જાણ નથી !'

❊

## ૧૯૮. બુદ્ધાવતાર

સિદ્ધાર્થ મૉર્નિંગવૉકમાંથી પાછો ફરી રહ્યો હતો, ત્યારે એણે માર્ગના ઢાળના એક વળાંક પર એક સાઇકલ અને એક કારને સહેજ ટકરાતાં જોયાં. ટકરાવ સાધારણ હતો, પણ બંને વાહનોના ચાલકો ઝઘડા પર ઊતરી પડ્યા હતા. બોલાચાલીમાંથી એ અપશબ્દ ઉપર આવી ગયા હતા. કારમાં બેસી રહેલો ડ્રાઇવર કારની બહાર નીકળ્યો અને સાઇકલ સવારે કારની આગળ ઊભી કરેલી સાઇકલને બે હાથે ઊંચકીને ફેંકી દીધી.

અને મારામારી શરૂ થઈ ગઈ. ગળાં દબાયાં, કારના બોનેટ પર માથાં પછાડાયાં, પેટમાં, પડખાંમાં ઠોંસાનો બેસુમાર મારો ચાલ્યો. ગંદી ગાળોનો વરસાદ વરસવા લાગ્યો અને દ્વંદ્વયુદ્ધ વધારે ઉગ્ર બન્યું.

બાજુમાં થઈને પસાર થતા એક-બે વાહનચાલકો માનવધર્મથી પ્રેરાઈને યુદ્ધે ચડેલા આ બે ચાલકોને છૂટા પાડવા વચ્ચે પડ્યા. પણ એમને શારીરિક ઈજાના ભોગ બનવું પડ્યું. છતાં એમણે એમનો પુરુષાર્થ ચાલુ રાખ્યો. સિદ્ધાર્થ ઝઘડાના સ્થાને થોભી ગયો હતો અને ક્રોધમાં પાગલ થઈને લડતા એ બે માણસોને જોઈને એને ભગવાન

બુદ્ધની સ્મૃતિ થઈ. મન બોલી ઊઠ્યું : 'અરેરે ! જગત કેવું ક્લેશમય છે ! લોકો કેવા અશાંત અને દુઃખી છે !!'

અરેરાટીમાંથી ઉદ્વેગ જન્મ્યો. ઉદ્વેગમાંથી વૈરાગ્યનાં વમળ ચિત્તમાં પ્રગટ્યાં. સંસારમાંથી રસ ઊડી જતો એણે અનુભવ્યો. એને લાગ્યું કે આ જગત વસવાલાયક નથી.

પેલો ઝઘડો ક્યારે અને કઈ રીતે સમેટાઈ ગયો એની એને કશી ખબર ન રહી. જ્યારે એને ભાન થયું કે રસ્તો સૂનો થઈ ગયો છે, ત્યારે એણે ઘર તરફ ચાલવા માંડ્યું.

ભારે ઉદ્વેગ હેઠળ ચિત્તમાં એક જ રટણ ચાલતું હતું : 'આ સંસાર દુઃખ અને શોકથી ભર્યોભર્યો છે. એનો ત્યાગ એ જ સુખનો સાચો માર્ગ છે...'

એ ઘેર પહોંચ્યો ત્યારે ચાર વર્ષનો રાહુલ આતુર નયને એની રાહ જોતો ઊભો હતો. સિદ્ધાર્થને જોતાં જ એ રાજીરાજી થઈ ગયો હોય એમ નાચી ઊઠ્યો. અને તાળીઓ પાડીને બોલવા લાગ્યો : 'પપ્પા આવ્યા, પપ્પા આવ્યા...મમ્મી, પપ્પા આવી ગયા !'

કોઈ સમાધિમાંથી જાગતો હોય એમ સિદ્ધાર્થ રાહુલ જેટલા જ ઉમળકાથી બોલ્યો : 'અરે, તું તો મને સંસારમાં પાછો ખેંચી લાવ્યો, રાહુલ !'

રાહુલની બાજુમાં જ સિદ્ધાર્થની પત્ની ઊભી હતી. પતિને કોઈ અપરિચિત રીતથી બોલતો સાંભળી એણે કહ્યું : 'અત્યાર સુધી તમે સંસાર બહાર હતા, તે આવું બોલો છો ?'

'હા, હું ક્યાંય નીકળી ગયો હતો. પણ ફિકર નહીં, હવે પાછો આવી ગયો છું !'

❊

## ૧૯૯. બે પાણીદાર મોતીની વાત

એક ગુજરાતી 'અંગ્રેજ'નું અવસાન થયું. શોકસભાનું આયોજન થતાં શ્રદ્ધાંજલિ આપી શકે એવા વક્તાઓની ખોજ ચાલી. આયોજકો બીજા એક ગુજરાતી 'અંગ્રેજ' પાસે આવ્યા. 'તમારે બોલવાનું છે.' આયોજકોમાંથી એક જણે કહ્યું.

'મારે બોલવાનું છે ?'

'હા, તમે અને સદ્‌ગત મહાનુભાવ એક ક્ષેત્રના આદમી, અધિકારપૂર્વક બોલી શકો.'

'પણ અમે એકબીજાના પરિચયમાં નહોતા.'

'તેથી શું થઈ ગયું ? એક ગામના છો. લાગણી વ્યક્ત કરવા માટે આ એક મોટું કારણ છે.'

'બોલવા માટે મારી પાસે કોઈ ભાથું નથી.'

'અમને તમારા વક્તવ્યમાં શ્રદ્ધા છે.'

'મને જે ઠીક લાગશે તે બોલીશ.'

'હરકત નહીં, તમે જે બોલશો તે પણ ઉજ્જ્વળ શ્રદ્ધાંજલિ હશે.'

સાંજે સભામાં આ બીજો 'અંગ્રેજ' વક્તવ્ય માટે ઊભો થયો. એણે કહેવા માંડ્યું : 'અમે એક ગામના, અમારાં ફળિયાં અડોઅડ. મારે સ્ટેશન તરફ જવું હોય તો એમનું ફળિયું ચીરીને જવું પડે. અને એમણે બજારમાં જવું હોય તો મારા ફળિયા સોંસરવું નીકળવું પડે...'

આટલું બોલી આ વક્તાએ ટેબલ પરથી ગ્લાસ ઉઠાવીને એક ઘૂંટડો પાણી પીધું અને પછી આગળ ચલાવ્યું : 'અમે એક જ નિશાળમાં ભણતા હતા. પણ કદી નજીક આવેલા નહીં. શાળાની ઇતર પ્રવૃત્તિઓમાં ભાગ લેતા, પણ એકબીજાની સાથે બોલવાનું થયેલું નહીં.

ઉચ્ચ અભ્યાસ માટે આ શહેરમાં આવ્યા : યુનિવર્સિટી - હૉસ્ટેલમાં રહેવાનું થયું. એ પહેલા માળે અને હું બીજા માળે. સીડી ચઢતાં કે ઊતરતાં કે પછી મેસમાં ભોજનના ટેબલ પર અમે એકબીજાની દૃષ્ટિએ પડતા પણ કદી વાતે વળગ્યા નહોતા.

એક પુસ્તકના લોકાર્પણ સમારંભમાં આકસ્મિક રીતે હૉલમાં બે સંયુક્ત બેઠકવાળા સોફામાં અમારે જોડાજોડ બેસવાનું થયું. કંટાળા ભરેલો સમારંભ અઢી કલાક ચાલ્યો. અમે સરખી રીતે બોર થઈ ગયા હતા. ઊભરો કાઢવા માટે અરસપરસ વાત કરી લેવાનો આ સારો મોકો હતો પણ અમે કશો સંવાદ ન રચ્યો.

અમે એક નગરના. કારણ વગર એકબીજાની નિકટ ન આવ્યા. કોઈએ અમને એકબીજા સાથે 'ઇન્ટ્રોડ્યુસ' ન કર્યા. એટલે અમે એકબીજાથી અળગા રહ્યા.

એ મારા માટે શી લાગણી ધરાવતા હતા એની મને ખબર નથી. પણ એમની ખુમારીથી હું પ્રભાવિત હતો.

અમે બંને અકબંધ પાણીદાર મોતી !

❊

# ૨૦૦. બોરસલ્લી

એક દિવસ વૃદ્ધાશ્રમનાં સંચાલિકા મનોરમાબહેને આશ્રમનિવાસી પ્રવીણાબહેનને બોલાવીને કહ્યું : 'ચંદ્રાબહેનને આશ્રમમાં આવ્યે છ મહિના થઈ ગયા, પણ હજુ એમને અહીં ગોઠતું હોય એવું જણાતું નથી. તમે શું કહો છો ?'

'મનેય એવું લાગે છે, બહેન.'

પ્રવીણાબહેન બોલ્યાં : 'એકલાં-એકલાં અતડાં-અતડાં રહ્યા કરે છે. સૌની સાથે ભળતાં નથી.'

'શ્રીમંત ઘરનાં છે એટલે એવું હશે ?'

'ના, એવું તો કંઈ નહીં હોય. કારણ કે કોઈ એમને બોલાવે ત્યારે ખૂબ પ્રેમથી અને નમ્રતા સાથે વાત કરે છે.'

'એમને મૂકવા આવેલા દીકરાઓમાં મોટો તો કહેતો હતો કે ચંદ્રાબહેન ખૂબ સુરીલા કંઠે ભજનો ગાય છે. આશ્રમની પ્રાર્થનામાં એ રંગ જમાવશે. પણ આજ સુધી એવું કંઈ જોવા મળ્યું નથી. ભજન ગાવાની વાત તો બાજુએ રહી પણ પ્રાર્થના સમયે પણ એ બેધ્યાન રહેતાં જણાય છે.'

પ્રવીણાબહેન મૂંગાં રહીને સાંભળી રહ્યાં.

મનોરમાબહેને આગળ ચલાવ્યું : 'તમે આશ્રમમાં સૌથી મોટાં છો. ચંદ્રાબહેનનું મન કૂણું થાય એવું કંઈક કરો.'

મનોરમાબહેનની આ સૂચના પછી પ્રવીણાબહેને ચંદ્રાબહેનની વધારે નિકટ પહોંચવાનો પ્રયત્ન શરૂ કર્યો.

રોજ સૌ નિત્યકર્મથી પરવારી રહે એ પછી પ્રવીણાબહેન ચંદ્રાબહેનની ઓરડી તરફ જતાં. દીકરાઓએ ઓરડી માટેનું ખાસ દાન આપીને ચંદ્રાબહેન માટે છેડાની એક ખાસ ઓરડી ફાળવાવી હતી.

ચંદ્રાબહેન ઘણુંખરું ઓરડી પાછળની મોકળાશવાળી લૉબીમાં ખુરશી નાખીને બેઠેલાં હોય. કેટલાક દિવસ અહીં આવ્યા પછી પ્રવીણાબહેનના ધ્યાન પર એક વાત એ આવી હતી કે ખુરશી પર બેઠાં બેઠાં ચંદ્રાબહેન બોરસલ્લીના ઘટાદાર એક વૃક્ષ તરફ નજર માંડી રહેતાં હતાં. જાણે ત્રાટક કરતાં હોય !

ચંદ્રાબહેનનું મન જાણવા પ્રવીણાબહેન એમના પરિવારની વાત કાઢતાં. પ્રવીણાબહેન જે કંઈ પૂછે એનો ચંદ્રાબહેન મીઠાશથી જવાબ આપતાં. ચંદ્રાબહેનનું સંયુક્ત કુટુંબ હતું. ત્રણ દીકરા, તેમની પત્નીઓ, એમનાં બાળકો...

પ્રવીણાબહેન માટે આશ્ચર્યની વાત તો એ હતી કે આવા ભર્યાભર્યા કુટુંબમાંથી

ઊખડેલા ઝાડની જેમ અહીં વૃદ્ધાશ્રમમાં આવવું પડ્યું એનો ચંદ્રાબહેનને કશો બળાપો નહોતો. કુટુંબના કોઈ સભ્ય માટે ફરિયાદરૂપે એ એક હરફ પણ ઉચ્ચારતાં નહોતાં.

એક દિવસ પ્રવીણાબહેને ચંદ્રાબહેનને પૂછ્યું : 'જ્યારે જ્યારે હું તમારી પાસે આવું છું ત્યારે ત્યારે તમે તમારું બધું ધ્યાન આ બોરસલ્લીના ઝાડમાં પરોવીને બેઠાં હો છો. બીજાં ઝાડ જેવું આ એક ઝાડ છે. એમાં ખાસ કંઈ...'

'ખાસ તો કંઈ નહીં, બહેન.' ચંદ્રાબહેન બોલ્યાં : 'અમારા બંગલાની પાછળ આવું જ બોરસલ્લીનું ઝાડ છે. ગરબા જેવું ઘટાદાર, જાણે ઉખાડીને અહીં રોપ્યું હોય. માનશો, બહેન, બબ્બે માળી હોવા છતાં એ ઝાડને મેં જ રોપ્યું હતું, અને ખૂબ જતનથી એને ઉછેર્યું હતું...ખૂબ યાદ આવે છે, બહેન.'

'એમ તો તમે દીકરાઓનેય ખૂબ જતનથી ઉછેર્યા હશે ને...'

પ્રવીણાબહેનને પોતાના ઉચ્ચારણ અંગેની ભૂલ ત્વરિત સમજાઈ અને કથનનો ઉત્તર ભાગ જે મનમાં હતો તેને ડામી દીધો.

અને છ મહિનામાં આજ પહેલી વાર ચંદ્રાબહેનની આંખમાંથી આંસુ ખર્યું.

❊

## ૨૦૧. બોલતી ગૂંચ

કુટુંબનાં બાળકો દાદાની કેટલીક ખાસિયતો પારખી ગયાં હતાં. ઓટલા પર, હીંચકા પર, ડાઇનિંગ ટેબલ પર એમની બેસવાની જગ્યા નિશ્ચિત હતી. ઘર બહાર જતી વખતે એ ડાબી બારસાખ પર હથેળી દબાવીને ઉંબરા બહાર પગ મૂકતા પલંગ પર નિશ્ચિત બાજુથી ચઢતા એવી નિશ્ચિત રીતે ઊતરતા.

એ હીંચકે ઝૂલતા હોય ત્યારે ઘણું ખરું મસ્તકના એક ખૂણે એમનાં આંગળાં ફર્યા કરતાં. જાણે કશુંક શોધતા હોય એમ. વળી, એમનાં આંગળાં વાળમાં પરોવાયેલાં હોય ત્યારે એમના ચહેરા પર એક વિશિષ્ટ પ્રકારના મલકાટની આભા પ્રગટતી. દાદાની આ મસ્તક, વાળ અને આંગળાંની અનોખી ચેષ્ટાથી બાળકોને સતત વિસ્મય થયા કરતું. એક વખત આ વિસ્મયને દબાવી ન શકાતાં નવ વર્ષના મિહિરે દાદાને કહ્યું : 'દાદા, તમે હીંચકા પર બેઠા હો છો ત્યારે તમારો હાથ માથા ઉપર ફરતો રહે છે અને તમારું મોઢું મરક મરક થયા કરે છે.'

દાદાનો ચહેરો મલકાયો. એમણે કહ્યું : 'હાથ ફરતો રહેતો નથી. બેટા. માથામાં એક જગ્યાએ સ્થિર રહે છે અને એનાં આંગળાં વાળમાં હાલતાં રહે છે.'

'એમ કેમ ?'

'એનું કારણ છે.'

'શું ?'

'મારાં આંગળાંને ત્યાં કશું દેખાય છે.'

બધાં બાળકો એકસાથે હસી પડ્યાં.

એક બાળક બોલ્યું : 'આંગળાંને કશુંક દેખાય છે ?'

'હા બેટા.'

'અમારી આંગળીને એ દેખાય ?' બીજા બાળકે પ્રશ્ન કર્યો.

'ખાતરી કરી જો.'

બાળકે દાદાના માથાના વાળમાં એની આંગળીઓ બરાબર ફેરવી જોઈ. એણે કહ્યું : 'મને તો કંઈ દેખાતું નથી. વાળમાં એક ઢીમચું છે.'

'એ ઢીમચું નહીં પણ ગૂંચ છે. મને કશુંક દેખાડે છે.'

'તમને એ શું દેખાડે છે ?'

'એક રાજમાર્ગ. એના પર આગળ વધી રહેલું એક લાં..બ્બું, સરઘસ !'

'સરઘસ ?'

'હા, સરઘસ. મોખરે સત્તર વર્ષનો એક યુવાન હતો. એના હાથમાં ત્રિરંગો ઝંડો હતો અને સરઘસ આખું આકાશ ગાજી ઊઠે એટલા અવાજે સૂત્રો પોકારતું હતું.'

'સૂત્રો !'

'હા ઇન્કિલાબ ઝિન્દાબાદ', 'અંગ્રેજો...હિન્દ છોડો !' 'ભારત માતાકી જય' જેવાં સૂત્રો.

દાદા જરા અટક્યા પછી આગળ ચલાવ્યું : 'ત્યાં સામેથી પોલીસનું ધાડું આવ્યું. કોઈના હાથમાં લાઠી, કોઈના હાથમાં બંદૂક. પોલીસે પડકાર કર્યો. 'રુક જાઓ !' સરઘસ જુસ્સામાં હતું એ સાંભળે કંઈ ? આગળ વધવા લાગ્યું. અને પોલીસોએ લાઠીમાર શરૂ કર્યો. પહેલી લાઠી ઝંડો જેના હાથમાં હતો તેના પર વીંઝાઈ. એ યુવાન બેભાન થઈને ભોંય પડે એ પહેલાં એના સાથીદારે ઝંડો પોતાના હાથમાં લઈ લીધો. અને ઘાયલ યુવાન ભોંય પર ઢળી પડ્યો.'

કોણ હતો એ યુવાન ?

મિહિરે પૂછ્યું : 'અત્યારે તમારી સામે હીંચકા પર બેઠો છે તે સ્તો !'

અને બાળકો વિસ્ફારિત નયનોએ દાદા સામે તાકી રહ્યાં.

*

# ૨૦૨. ભગવાનની છબી

વિશ્વના ઘણા દેશોમાં પોતાનો પ્રભાવ સ્થાપિત કરી ચૂકેલી એક ધાર્મિક સંસ્થાનો હું આજીવન સભ્ય બન્યો એ પછી એ સંસ્થાએ કેટલાંક પુસ્તકો અને મોટી સાઇઝનો લેમિનેટ કરેલો રાધાકૃષ્ણનો ફોટો મને મોકલી આપ્યો. મેં રાધાકૃષ્ણના એ ફોટાને બેડરૂમની દીવાલ પર જડાવ્યો.

ફોટો દીવાલ પર જડાવ્યો તો ખરો, પણ આ ફોટો મને મળ્યો એ ક્ષણથી જ મને એ અણગમતો થયો હતો. મનમાં એમ લાગ્યા કરતું હતું કે આ ફોટા માટે ચિત્ર તૈયાર કરનાર ચિત્રકારે એના ચિત્રમાં ભગવાનનો સાચો પ્રભાવ ઉપસાવ્યો નથી. ઈશ્વરનું મુખારવિંદ ઈશ્વર જેવું લાગવું જોઈએ ને ? ભગવાન આવા હોય ? અહીં તો ગોળમટોળ મોઢું. થાળીના વર્તુળ જેવો આકાર ! રાધાનું પણ એ જ પ્રકારનું મુખ ઝાઝો ફેર નહીં. બંને ચહેરઓનો દેખાવ એક સરખો.

ચહેરો નહોતો ગમતો છતાં હું રોજ આ ચહેરાવાળા ભગવાન સમક્ષ, મનને મારીને શ્રદ્ધાપૂર્વક નમન કરતો.

રોજની પ્રક્રિયા. રોજ સવારે આંખ ઊઘડે કે આ ચહેરાવાળા ભગવાનનાં દર્શન. અળવીતરું મન બોલ્યા વિના ન રહે - 'ભગવાન આવા તે હોય ? કેટકેટલી સુંદર મુખાકૃતિઓવાળા ભગવાનની છબીઓ જોવા મળે છે ! છાપામાં, મૅગેઝિનોમાં, કેલેન્ડરોમાં...ભગવાનના કેટકેટલા સુંદર ચહેરા ! અને આ ફોટો ? એને તૈયાર કરાવનાર ધાર્મિક સંસ્થાના ધર્માધિકારી, મહંત કે વ્યવસ્થાપક જે હોય તે એમને ભગવાનના પ્રભાવશાળી ચહેરાની કલ્પના નહીં હોય ?'

જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ આ વિચાર ચિત્તમાં એટલો બધો દૃઢ થઈ ગયો કે જ્યારે જ્યારે ભગવાનની આ છબી પર આંખ ઠરે ત્યારે ત્યારે મન બોલી ઊઠે : 'ભગવાનનું મુખ આવું તે હોય ?'

મનના આવા વલણના નિરપેક્ષપણે હું નિત્ય સવારે આ ભગવાનનાં દર્શન કરતો રહ્યો.

એક દિવસ મારો બાળપણનો મિત્ર જે મુંબઈમાં સ્થાયી થયો છે મને મળવા આવ્યો.

ઘણાં વર્ષો પછી અમે મળતા હતા એટલે મને ભેટ આપવાના હેતુથી સ્ટ્રોબોર્ડના એક ખોખામાં પેક કરેલો એક મોટી સાઇઝનો ફોટો મારા માટે એ લઈ આવ્યો હતો.

ફોટો ખોખોમાંથી બહાર કાઢતાં એણે કહ્યું : 'તારા માટે ભગવાન લેતો આવ્યો

છું. બેડરૂમની ભીંતે લગાવજે. સવારે જાગીને આંખ ખોલતાં જ રાધાકૃષ્ણનાં દર્શન થશે. તું ધન્ય થઈ જઈશ.'

ફોટો ખરેખર મનને મોહી લે એવો સુંદર હતો.

હું ઘણી ક્ષણો સુધી મુગ્ધ ભાવે રાધાકૃષ્ણની એ છબી તરફ જોઈ રહ્યો. જરાક થડકાર પછી મન બેડરૂમમાં લગાવેલા ફોટા સમક્ષ પહોંચ્યું.

પછી મેં મિત્રને કહ્યું : 'સત્યેન, તું લાવ્યો તે ફોટો અદ્ભુત છે, પણ માફ કરજે ભાઈ, તારી સૂચના પ્રમાણે હું એને મારા બેડરૂમમાં નહિ લગાવું.'

'કેમ ?'

'દસ વરસથી બેડરૂમમાં રહેલા મારા કૃષ્ણને હું વંદન કરતો આવ્યો છું. અને હવે હું એમને ત્યાંથી દૂર કરું ? આવો અભદ્ર વિચાર પણ હું કેમ કરી શકું?'

✻

## ૨૦૩. ભટકતો જીવ

વાંકી વળેલી જર્જરિત કાયાનું ડોકું બારણામાં જરાક ઝૂકેલું દેખાયું. કપાયા વિના વધી ગયેલા શ્વેત કેશ, ઊંડી ઊતરી ગયેલી આંખો ઉપર ગુચ્છાદાર કાબરચીતરી ભમરો...

બારણા વચ્ચે સ્થિર થઈ ગયેલા આ માનવ-કલેવરને સંબોધતો અવાજ આવ્યો : 'બાપુ, કેમ થોભી ગયા ?'

'એ તો જરાક અમથું.'

આંગણામાં ઊભેલી રિક્ષામાં આ વૃદ્ધે રિક્ષાનું હૂડ પકડીને પ્રવેશ કર્યો.

'એકલા જઈ શકશો ?'

'કાયમ જાઉં જ છું ને.'

રિક્ષામાં બેઠા પછી કંઈ યાદ આવતું હોય એમ વૃદ્ધે કહ્યું : 'મારી વૉકિંગ સ્ટીકનું શું થયું ?'

'તમે સુરેન્દ્રને ત્યાંથી આવ્યા ત્યારે એ લાવ્યા જ નથી.'

'લાવ્યા નથી એ ખરું, પણ એને લઈ આવવાનું મેં કૌશિકને કહ્યું હતું.'

'ભૂલી ગયો હશે.'

'ઠીક, કનુને ત્યાં જઈને મંગાવી લઈશું.'

'કનુ અથવા એનો દીકરો અર્ધો દિવસ બગાડીને રિક્ષાના સાંઈઠ-સિત્તેર રૂપિયા

ખર્ચશે ત્યારે તમારી લાકડી આવશે. હવે તમારે ક્યાં ચાલવું છે, બાપુ? સ્ટીકની શી જરૂર ?'

'ઠીક, ઠીક. સ્ટીક વિના ચલાવી લઈશું, પણ કોટ સુરેન્દ્રને ત્યાં જ રહ્યો.'

'બાપુ, હવે કોટ કોણ પહેરે છે ?'

'એ ખરું, પણ કો'કના રિસેપ્શનમાં જઈએ ત્યારે સૂટ પહેર્યો હોય તો સારું લાગે.'

'હવે તમારે રિસેપ્શનમાં જવાનું હોય નહિ, બાપુ. જનારા ઘણા છે.'

'સાચી વાત છે. રિસેપ્શનમાં જવાનો મોહ વગર છોડ્યે છૂટી ગયો છે. કોઈ લઈ જતું નથી.'

આટલું કહ્યા પછી કોઈ મહત્ત્વની વાત કહેવી હોય એમ ધીરા સાદે વૃદ્ધે કહ્યું : 'એક વાત કરવી છે, જો ગમે તો.'

'શી વાત છે ?'

'તમે ત્રણે ભાઈઓ મને બબ્બે મહિના રાખો છો એમાં કંઈ ફેરફાર થઈ શકે ખરો ?'

'શો ફેરફાર કરવો છે ?'

'સામટો એક વર્ષનો ગાળો રાખો તો કેમ ? આ બબ્બે મહિનાની ગોઠવણીમાં તો જીવને નોમેડિક ટ્રાઈબ (ભટકતી જાતિ) હોઈએ એવું લાગે છે.'

'એ તો મનનું કારણ છે...પણ વરસ વરસની ગોઠવણીમાં તો અમને અવગડ થશે.'

'શી અગવડ થશે ?'

'તમે આખું વરસ ઘરમાં હો એટલે અમારે પાર્ટી, પિકનિક, પ્રવાસ ઉપર ચોકડી જ મારવી પડે.'

'ઠીક ભાઈ, તમને જે ગમે તે ખરું.'

બે પળના મૌન પછી રિક્ષાવાળાએ એન્જિન સ્ટાર્ટ કર્યું. દીકરાએ પચાસ રૂપિયાની નોટ વૃદ્ધ તરફ ધરતાં કહ્યું : 'ભાડાના પાંત્રીસ જેટલા થશે. બાકીના તમે રાખજો.'

રિક્ષા કનુના આંગણામાં ઊભી રહી ત્યારે વૃદ્ધે પેલી પચાસની નોટ રિક્ષાવાળાને આપી અને બાકીના પૈસા લેવા માટે થોભ્યા સિવાય કનુના ઘરમાં પ્રવેશ કર્યો.

✳

# ૨૦૪. ભરતમુનિ

એક ઉત્કટ આવેગ હેઠળ કીર્તન ઊભો થયો અને ફાર્મકૉટેજના આગળના ભાગમાં ઝૂલતા પોપટના પાંજરાનું દ્વાર ખોલી નાખ્યું. કીર્તનની આ અણધારી અને જોશીલી ચેષ્ટાથી પોપટ ફફડી ઊઠ્યો અને ખૂલેલા દ્વારમાંથી બહાર નીકળીને ઊડી જવાને બદલે પાંજરામાંના સળિયા પર સંકોડાઈ ગયો.

કીર્તને પાંજરું હલાવ્યું, ઠમઠોર્યું અને ભયભીત પોપટને ઊડી જવા ફરજ પાડી. પોપટ ઊડી ગયો.

ડૉ. સુમનના ફાર્મ પર એક સાહિત્ય મંડળના એક દિવસીય શિબિરનું આયોજન હતું. સવારના નવેક વાગ્યા હતા. કેટલાક શિબિરાર્થીઓ આવી પહોંચ્યા હતા અને કેટલાક આવી રહ્યા હતા. કીર્તન એક શિબિરાર્થી હતો.

ડૉ. સુમન પ્રકૃતિપ્રેમી હતા અને એમના પંખીપ્રેમ માટે એ જાણીતા હતા. આ પોપટ એમનું અત્યંત પ્રિય પંખી હતું. એનીય સૌને ખબર હતી. ડૉ. સુમનને આઘાત પહોંચાડે એવા આ નઠોર કાર્ય માટે એક પીઢ શિબિરાર્થીએ કીર્તનને ઠપકો આપ્યો ત્યારે કહ્યું : ‘ડૉ. સુમનનો આ નર્યો દંભ છે. પંખીપ્રેમી હોવાનો ઢંઢેરો પીટવો અને પંખીને પાંજરે ઘાલી રાખવું એ બે વાનાં વચ્ચે શો મેળ છે ? ડૉ. સુમન ભલે ગુસ્સે થાય, મારે આ કરવું હતું તે મેં એ કર્યું.’

આ ઘટના બની ત્યારે ડૉ. સુમન બે-ત્રણ અતિથિઓને ફાર્મ બતાવવામાં રોકાયેલા હતા. એ ફાર્મકૉટેજ પર પરત આવ્યા ત્યારે અહીં સર્જાયેલા માહોલે એમને પોપટના પાંજરા તરફ નજર કરવા પ્રેર્યા. પાંજરાનું દ્વાર ખુલ્લું હતું અને એમાં પોપટ નહોતો. કોઈ મનુષ્યનું જ આ કાર્ય હતું એટલું તો એમને તરત સમજાઈ ગયું. એમણે આ અંગે કોઈને કશું જ પૂછ્યું નહીં. એ ગંભીર થયા અને થોડી વારના મૌન પછી બોલ્યા : ‘જે થવાનું હતું તે સારું થયું. આજ સુધી હું જે ન કરી શક્યો એ કોઈએ કરીને મને ઉપકૃત કર્યો છે. કાચી સમજ વખતે પોપટને પાંજરામાં પૂરી દીધેલો. આ કૃત્ય માટે વારંવાર અફસોસ પણ થતો હતો. એને મુક્ત કરવા ઇચ્છતો હતો પણ એને મુક્ત કરી શકતો નહોતો. સ્થિતિ પેલા ભરતમુનિ જેવી થઈ હતી. માયામાં બંધાયો હતો…’ આટલું કહી ડૉ. સુમન શાંત થઈ ગયા. આ ઉપકાર કોણે કર્યો એ જાણવા એમણે કશી ઇંતેજારી દાખવી નહીં.

શિબિરનું કાર્ય ત્રણેક કલાક ચાલ્યું. ડૉ. સુમન પ્રમુખપદે હતા. કાર્ય પૂરું થયા પછી સૌ ફાર્મકૉટેજના પ્રાંગણમાં આવ્યા. અને વળી; સૌએ એક વિસ્મય જોયું. પેલો

પોપટ પાંજરા પર બેઠો હતો. કદાચ કોઈ એને વહાલ ભર્યા હાથે પોતાના ઘરમાં પ્રવેશ આપે એની રાહ જોતો હોય.

અને એ હેતુથી ભરતમુનિએ પોતાનો વત્સલ હાથ પોપટ તરફ લંબાવ્યો.

✲

## ૨૦૫. ભરોસો

સાહેબ એ લારી પાસે આવીને ઊભા રહે એટલે ફળવાળાની વાગ્ધારા શરૂ થઈ જાય : 'આજે કેસર લઈ જાઓ, સાહેબ', 'દશેરી સરસ આવી છે', 'અને હાફુસ ફર્સ્ટ ક્લાસ છે...રત્નાગિરિ'...

લગભગ રોજનો ક્રમ. સાહેબ ફળનું નામ દેતા, વજન કહેતા. માલ તપાસવાનો નહીં, ભાવ કરવાનો નહીં. પણ કશી છેતરામણ ન હતી.

એક દિવસ સાહેબ લારી આગળ ઊભા હતા ત્યારે એક આધેડ વયની સ્ત્રી ત્યાં આવી. એની નજર સફરજનના આકર્ષક રીતે ગોઠવાયેલા બે પુંજ ઉપર વારા ફરતાં સ્થિર થતી હતી. એક પુંજ તરફ આંગળી કરીને એણે પૂછ્યું : ''આનો શો ભાવ ?''

''આઠ રૂપિયે કિલો.''

''અને આ ?''

''બાર રૂપિયા.''

થોડી દ્વિધામાં પડી ગઈ હોય એમ એ સ્ત્રી ઊભી રહી.

''કેટલાં લેવાં છે ?''

''એક જ લેવું છે.''

લારીવાળો અને સાહેબ એ સ્ત્રી તરફ જોઈ રહ્યા. સ્ત્રી સાહેબની પડખે જ ઊભી હતી. એની કોણીથી લટકતી બાસ્કેટનું જડબું પહોળું હતું. તળિયે દવાનાં એક-બે બૉક્સ હતાં અને પડખા ઉપર એક ગડી વળ્યા વગરનો કાગળ હતો. કદાચ કોઈ દાક્તરના પ્રિસ્ક્રિપ્શનનો કાગળ હશે.

ઘણા વિચારને અંતે નિર્ણય લેતી હોય એમ પેલી સ્ત્રીએ ગાગર જેવા આકારના એમ ફળ તરફ નિર્દેશ કરીને કહ્યું : ''એમાંથી એક આપો.''

સાહેબ બોલ્યા : ''બહેન, એ ખાટાં હશે; પેલાં લઈ જાઓ, સિમલા.''

''પણ એના તો બાર રૂપિયા કહે છે ને.''

''તો પણ એ જ લો.''

''આપણને આમાં તો શી ખબર પડે, ભાઈ, દાક્તરે કહ્યું એટલે લઈ જાઉં છું. ઘેર બાબો માંદો છે.''

સાહેબની સલાહ પ્રમાણે સ્ત્રીએ ''સિમલા'' તોળવાનું કહ્યું. ફળવાળાએ ત્રાજવામાં એક મૂક્યું. સ્ત્રીએ એને ઉપાડી લઈ બરાબર ફેરવીને જોયું. પછી કહ્યું : ''આ નહીં, બીજું મૂકો.''

ફળવાળાએ બીજું મૂક્યું. સ્ત્રીને લાગ્યું કે પહેલું સારું હતું. એણે કહ્યું : ''પેલું હતું એ જ મૂકો.''

ફળવાળાએ એમ કર્યું. ફળ તોળાઈ ગયું. સ્ત્રીના હાથમાં આવ્યું એટલે એણે ફરીથી બરાબર ફેરવીને જોયું. રૂમાલમાં વીંટ્યું અને સાચવીને બાસ્કેટમાં ગોઠવ્યું. પછી ફળવાળાને કહ્યું : ''ફળ તો સારું છે ને, ભાઈ ?''

''એકદમ સરસ, તમારે કહેવું ન પડે. આ લારીના માલ માટે પૂછો આ સાહેબને.''

સાહેબે ઉત્સાહથી અભિપ્રાય આપ્યો : ''આ લારી માટે કંઈ કહેવું ન પડે, બહેન.''

સ્ત્રી પૈસા ચૂકવીને ચાલી ગઈ.

સાહેબે પોતાના માટે કેરી લીધી. એ પછી કંઈક યાદ આવતું હોય એમ બોલ્યા : ''મને પણ પાંચસો ગ્રામ સિમલા તોળી દો.''

ફળવાળાએ કહ્યું : ''તમારે લઈ જવા જેવાં નથી, સાહેબ.''

''કેમ ?''

''આ વખતનું પાર્સલ જ એવું આવ્યું છે. દેખાય છે સારાં, પણ સાવ ફિક્કાં છે. અંદર પાણી જ નથી.''

સાહેબ એ વખતે તો કશું ન બોલ્યા. પણ હવે કદીય એ લારી તરફ ફરકતા નથી.

⁕

# ૨૦૬. ભૂલ

બાળકો પિતાને વીંટળાઈ વળ્યાં.

રઘુનાથે થેલીમાંથી ફળ કાઢ્યાં. ત્રણે બાળકોને એકએક આપતાં બોલ્યા : '...અને બાકીનું એક મમ્મી માટે.'

'પપ્પા તમારા માટે ?'

'મારા માટે ?' રઘુનાથ ત્રણેય બાળકો તરફ સ્નેહભરી નજરે જોઈ રહ્યા. જરા વિચાર કરીને બોલ્યા : 'તમારા ફળમાંથી મને એક એક ટુકડો આપવાનો.'

'બરોબર છે.'

સરલા છરી લઈ આવી.

'રહો, તમારે એકબીજાના દેખતાં મને ભાગ નહીં આપવાનો. હું પેલા ખૂણામાં બેસું છું. તમારે મને પોતપોતાનો ભાગ ત્યાં આપી જવાનો. તમે કેટલો ભાગ આપ્યો એ કોઈને ખબર પડવી ન જોઈએ. તમારી ઇચ્છા થાય એટલો જ ભાગ મને આપજો.'

આ નવી બાબત હતી. બાળકોના ચહેરા ઉપર થોડી મૂંઝવણ સ્પષ્ટ હતી. સરલા આપે એ પ્રમાણે આપવાનું બહુ સહેલું પડત. બાળકો એકબીજાની સામે જોતાં હતાં. એકબીજાની સહાયની જ જાણે એમને જરૂર હતી.

જ્યોત્સ્નાએ આખું ફળ પિતા તરફ ધરતાં કહ્યું : 'પપ્પા, તમારે કાપવું હોય એટલું કાપી લો.'

બીજાં બંને બાળકોએ પણ એ જ ઉદ્‌ગાર કાઢ્યો.

પિતાએ કહ્યું : 'ના, ના એમ નહીં. તમે જાતે જ કાપી આપો.'

રઘુનાથ ખૂણાની ખુરશી ઉપર બેસી ગયા.

બાળકો એક પછી એક આવવા લાગ્યાં.

ભોળાં નિર્દોષ બાળકોએ પ્રેમથી હસતા મુખે પોતપોતાનો ભાગ આપ્યો. ત્રણેય ભાગ મળી ગયા.

બાળકો પ્રસન્નવદને મરક મરક હસી રહ્યાં હતાં. પણ રઘુનાથનું મુખ એકદમ પડી ગયું. તુલનાનો કોઈ ભાવ ચિત્તમાં ઘૂસી ન જાય એ માટે ચિત્તનાં દ્વાર ભીડી દેવા મથી રહ્યા.

દોડીને એમણે મોનાને ઊંચકી લીધી. વાત્સલ્યથી એમની આંખો ભીંજાઈ રહી.

મોનાએ આપેલો ટુકડો સાવ નાનો હતો. સાવ નજીવો !

⁂

# ૨૦૭. ભેટ

દાદીમા જાત્રાએ જઈ આવ્યાં.

જાત્રાનું તો ઠીક, પણ દાદીમા કશી તકલીફ વગર હેમખેમ પાછાં આવી ગયાં, એનો કુટુંબના કાફલાને આનંદ હતો.

અને દાદીમાને, બદરીકેદારનાં દર્શન કર્યાના આનંદ કરતાંય વિશેષ આનંદ તો પોતે પરિવારના સભ્યો માટે કંઈ ને કંઈ લઈ આવ્યાં હતાં એનો હતો.

પ્રવાસની થોડી વાતો કર્યા પછી એમણે થેલામાંથી પેલી વસ્તુઓ કાઢવા માંડી...'સુનિલ, આ તારા માટે...' 'યોગિની, તારો આ સેટ...', 'રીપલ, આ ગેમ તું લઈ લે...', 'બકા, તારા માટે ચેસ.'

બાળકોને રીઝવી રહ્યા પછી પુત્રવધૂઓનો વારો આવ્યો. 'મોટી, તારા માટે આ સાડી...', 'સુકેશી, તારા માટે આ ડ્રેસ... અને રાધાને તો મોજડી જ આપવી છે, ફુદાની જેમ ઊડઊડ કરે છે ને.'

આ વિતરણ ચાલતું હતું ત્યારે દાદા બારી આગળ ખુરશીમાં બેઠા હતા. એમની નજર બહાર હતી, કાન અંદરની બાજુ હતા.

દીકરાઓનાં નામ એક પછી એક બોલાવા લાગ્યાં. દાદાના મનમાં પણ એક બાલસહજ ચટપટી થવા લાગી હતી. મોટા દીકરાનું નામ બોલાયું. બસ હવે...

પણ આ શું ? વિતરણ સમારંભ પૂરો થયો, પણ દાદાનું નામ તો બોલાયું જ નહીં ! એમણે નજરને ખંડમાં વાળી લીધી. દાદી થેલો લઈને ચાલવા લાગ્યાં હતાં. અને સૌ એકબીજાની વસ્તુઓ જોવા, બતાવવામાં પડી ગયાં હતાં. દાદા એક ઈર્ષાળુ નજરે સૌ તરફ જોઈ રહ્યા. મર્મ ઉપર ઘા થયો હતો. એક મને જ ટાળ્યો ? વસ્તુની કિંમત નહોતી પણ ઉપેક્ષા અસહ્ય હતી. મનમાં કડવાશ વ્યાપી ગઈ. પત્ની ઉપર ખીજ પણ ચડી.

રાત પડી. દાદાના ચિત્તમાં હજુ ધૂંધવાટ હતો. રીસ, રોષ, હતાશા હજુ કંઈ ઓછાં થયાં નહોતાં.

પત્ની ખંડમાં આવે એ પહેલાં ઊંઘી જવું હતું, પણ પેલો ધૂંધવાટ એમને ઊંઘવા દે તો ને ?

ફળિયાની સ્ત્રીઓ આગળ નિરાંતે જાત્રાની વાતો કરીને મોડેથી દાદીમા બેડરૂમમાં આવ્યાં.

પત્નીના પગરવથી જ દાદાએ પાસું ફેરવી લીધું હતું.

પત્નીએ કહ્યું : ‘ઊંઘી ગયા ?’

પતિનો ચાળો કળી ગયાં હોય એમ દાદીમા બોલ્યાં : ‘આમ ફરો, જુઓ, હું તમારા માટે શું લાવી છું ?’

થેલાની ચેઈન ખેંચવાના અવાજ સાથે જ દાદાએ પાસું ફેરવી લીધું. ચીજ કાઢી. એ એક રૂપકડું સિગારેટ કેસ હતું.

દાદીમા મલકાઈને બોલ્યાં : ‘રૂપાનું છે, હોં !...છોકરાંના દેખતાં આવી ચીજ અપાય કંઈ ?’

દાદી ખોટું બોલતાં હતાં. છોકરાંને દેખતાં સિગારેટ કેસ આપવાના ક્ષોભ કરતાં એમના મનમાં બીજું કંઈક હતું. કોઈ મુગ્ધાની લજ્જા તો નહીં ? ન જાને !

❊

## ૨૦૮. ભોંઠપ

એણે મારી પાસે ચાર હજાર રૂપિયા ઉછીના માંગ્યા.

મેં એની સામે જોયું. પચીસેક વર્ષની એક સ્ત્રી મારી સામે આતુરતાપૂર્વક જવાબની રાહ જોતી ઊભી હતી.

આ સ્ત્રી પાડોશીનું ઘરકામ કરનાર બાઈ હતી.

કશા અંગત પરિચય કે ઓળખાણ વગર મારી પાસે આટલી મોટી રકમ માગવાનું સાહસ એ સ્ત્રી કેમ કરી રહી હતી એ મને કંઈ સમજાયું નહીં. પાયામાં ફક્ત નજરે જોયાનું ઓળખાણ !

પાડોશી મારા પરિચયમાં હતા. અમે એકબીજાને ઘેર જતા-આવતા. હું પાડોશીને ઘેર જાઉં ત્યારે ચાપાણીની સરભરા નિમિત્તે અમારી બેઠકરૂમમાં એ સ્ત્રીની અવરજવર રહેતી. આના કારણે મારી અને પાડોશી વચ્ચે થતી વાતચીતો કે ચર્ચા એ સાંભળી શકતી હોય એવું બને. શક્ય છે કે આના કારણે એ મારા ઉદાર સ્વભાવ વિશે જાણતી થઈ હોય. અને હૈયે વસી ગયેલી કોઈ શ્રદ્ધાના કારણે એણે મારી પાસે આ રકમની માગણી કરી હોય.

મને વિચારમાં પડી ગયેલો જોઈ એ બોલી : ‘લીધેલા પૈસા હું તમને વહેલી તકે પાછા આપી દઈશ. છોકરાની ફી માટે મોટી રકમની જરૂર પડી એટલે તમારી પાસે પૈસા માગું છે.’

ચાર હજાર રૂપિયા એ મારા માટે તો સાવ નજીવી રકમ હતી. પણ કોઈ પણ

સંબંધ કે કારણ વગર એક યુવાન સ્ત્રીને ચાર હજાર રૂપિયા જેવી રકમ આપવાથી કેવી કેવી ધારણાઓ ફેલાય એનો હું વિચાર કરતો હતો. વળી, સંભવ છે કે એના મનમાં...

એક ઊગતા વિચારને મેં મનમાં જ ડામી દીધો. સ્ત્રીની છાપ મારા મન ઉપર સારી જ હતી.

પણ અત્યારે આ પૈસા આપવાની વાત મારા જેવા ભીરુ માણસ માટે મોટું સંકટ હતું. ધર્મસંકટ પૈસા આપવા હતા. પણ આપવાની હિંમત નહોતી.

આખરે મેં કહ્યું : 'બેન, હમણાં તો કંઈ જોગ ખાય એમ નથી એટલે આટલી રકમ તમને આપી શકું એમ નથી.'

એ ચાલતી થઈ.

એનાં વળતાં પગલાંએ મારા મનને એક આઘાત આપ્યો.

રાત્રે મને ઊંઘ ન આવી.

સવારે મેં મારી પત્ની સામે ચાર હજાર રૂપિયાની રકમ ધરતાં કહ્યું : 'બાજુમાં કામ કરે છે એ બાઈને આ રકમ આપજે. એ લેવા આવી ત્યારે મેં ન આપ્યા. એના છોકરાની ફી ભરવા એને આ રકમ જોઈએ છે, મને લાગે છે કે આપણે એને પૈસા આપવા જોઈએ, તું આપી દેજે.'

મારા હાથમાંથી નોટો ખૂંચવી લીધા પછી એક છણકા સાથે પત્ની બોલી : 'ગાંડા થયા છો ?'

આટલું કહ્યા પછી જાણે ન કહેવા જેવી સો સો વાતો પત્નીના ચહેરા પર અંકાઈ ગયેલી રેખાઓમાં વાંચી શકાઈ.

હાથમાં લીધેલી નોટો પત્નીએ કબાટમાં મૂકી દીધી. હવે પડોશીને ત્યાં જાઉં છું ત્યારે પેલી સ્ત્રી એની કાયમની રીત પ્રમાણે ચાનાસ્તાની સરભરા માટે અમારા બેઠકરૂમમાં અવરજવર કરે છે ખરી, પણ હું એની સામે નજર માંડી શકતો નથી.

*

# ૨૦૯. મડાગાંઠ

એક કારમી ઘટનાની સ્મૃતિનું ગીધ થાવરદાસના હૈયાને રાતદિવસ ચૂંથી રહ્યું હતું. ઘટના તો કાળ સાથે અતીતમાં વહી ગઈ હતી, પણ એનું દશ્ય થાવરદાસનો કેડો મૂકતું નહોતું...ઊઠતાં-બેસતાં કે હરતાં-ફરતાં એ એમના ચિત્તમાં ઘુમરાયા કરતું હતું અને વળી રાત્રે નિદ્રા માટે પથારીમાં એ સૂએ ત્યારે વળી એ દશ્ય વધારે બિહામણું રૂપ ધારણ કરીને એમના ચિત્તમાં ભજવાયા જ કરતું હતું.

આ દશ્ય જ અંતકાળે એમનું મોત બગાડશે, એવો એક ભય એમના મનમાં ઘર કરી ગયો હતો. જીવતર તો દોઝખ બની ગયું હતું, પણ મોત શાંતિની પળોમાં થાય એવું એ ઝંખતા હતા.

એક તરણોપાય તરીકે થાવરદાસ શ્રદ્ધાપૂર્વક પેલું ગીત મનમાં સતત ઘૂંટ્યા કરતા હતા : 'ઈતના તો કરના સ્વામી, જબ પ્રાણ તનસે નીકલે...'

હા, ગીત અને એમાં રહેલી આરત ક્યારેક એમને સાધારણ શાંતિ આપી જતાં.

યમુનાનો તટ હોય, નિકટમાં સાંવરો હોય...બંસીનો સૂર છેડાયો હોય...કેવું મધુર મૃત્યુ !

શ્રદ્ધા હતી કે મનોકામનાની રટણાથી જ છેલ્લી પળ સુધરી જશે. પણ એ શ્રદ્ધા કારગત ન નીવડી. મૃત્યુ સમયનો થાવરદાસનો તરફડાટ જોયો જાય એવો નહોતો. એમનો જીવ અત્યંત કષ્ટાતો હતો. કશુંક દૂર ધકેલી દેવા માગતા હોય એમ એ હાથ વીંઝતા હતા.

જેમણે થાવરદાસને મોત સાથે લડતા જોયા એ સૌને એક વાતનું આશ્ચર્ય થતું હતું - આવા નિઃસ્પૃહી અને ભક્તહૃદયના માણસનું આવું કારમું મોત ? સમજાતું નહોતું.

કોઈને સમજાય એવું નહોતું. આનું કારણ કદાચ ત્રણ જણ જ સમજી શકે. એક તો થાવરદાસ પોતે. પણ એમણે તો એ વિશે કોઈની આગળ એક હરફ પણ ઉચ્ચાર્યો નહોતો. બીજાં સમજી શકે એમનાં પત્ની, સુચેતા, પણ એય પેલી ઘટનાના આઘાતથી વર્ષો પહેલાં ગુજરી ગયાં હતાં. અને ત્રીજી સમજી શકે એમની પુત્રી કોમલ. ઘટનાને દિવસે એ હતી યુવાન, તંદુરસ્ત અને ખૂબસૂરત...થાવરદાસને વળગીને ચીસો પાડતી હતી. એના હાથ થાવરદાસની કમરને વીંટાઈ ગયા હતા. મડાગાંઠ જેવી પકડ !

શયતાનો એને ઝોડની જેમ ખેંચી રહ્યા હતા. થાવરદાસના અવયવને ફાડીને લઈ જતા હોય એમ એ રાક્ષસો કોમલને ખેંચીને ઘસડી ગયા.

થાવરદાસના મૃત્યુ વખતે તો કોમલ ક્યાંથી હાજર હોય ? એ તો કદાચ ક્યાંક

લાહોર, કરાંચી કે ઇસ્લામાબાદમાં રહ્યે રહ્યે ઊના ઊના નિઃશ્વાસ નાખતી હશે અથવા એ પણ ગુજરી ગઈ હોય !

*

# ૨૧૦. મધુ

આઠ વર્ષની મધુએ એના ઘરની વાત કહેવા માંડી :

'વરસાદ પડવા માંડ્યો ને અમારા ઘરમાં ચૂવા થવા માંડ્યા. એક ચૂવા હેઠળ વાસણ મૂકીએ અને બીજો ચાલુ થઈ જ ગયો હોય ! ઘરમાં હતાં એટલાં વાસણ મૂક્યાં. પણ છાપરામાં તો નળ મૂક્યો હોય ને, એમ પાણીની ધાર જ થયા કરે. વાસણ ભરાઈ જાય અને એનું પાણી બહાર ઢોળવા જઈએ ત્યાં તો ઘરમાં કેટલુંય પાણી રેલાઈ ગયું હોય...

આ ચાલતું હતું એમાં વળી છાપરાનો આગળનો ભાગ એકદમ અધ્ધર થઈને પછડાયો. વીજળીનું અજવાળું ઘરમાં પેસી ગયું અને ઘરનો ખૂણેખૂણો ઝળાંઝળાં થઈ ગયો. બાપા કહે, 'બહાર વાયરાએ જોર પકડ્યું છે.'

છાપરાનું તો ત્રણ-ચાર વાર થયું. ઊપડે ને પછડાય, ઊપડે ને પછડાય ! અજવાળું આવે સૌનાં મોઢાં દેખાય. બાપા - બા, ભાઈ, ગંગા...દહીંથી લીપી કાઢ્યાં હોય ને, એવાં ધોળાં ધોળાં...

અડધી રાત વીતી હશે ને બારણાં આગળ ખળખળ અવાજ થવા માંડ્યો. મને તો કશી ખબર જ ન પડી. કશું દેખાય તો ખબર પડે ને ? ઘરમાં અંધારું જ અંધારું. બાએ દીવડું ત્રણવાર સળગાવ્યું. પણ વાયરાનું રે તો ને ! દીવાસળીની પેટી જ હવાઈ ગઈ હતી. કેટલી બધી સળીઓ બગાડી ! પછી તો સળગાવ્યું જ નહીં.

બાપાએ કહ્યું : 'બહાર પાણી વધવા માંડ્યું છે.' પછી બાને કહે, 'બારણાંની આડશે ગાભા મૂક.' બાએ તો છણકો જ કર્યો. 'ગાભાથી તે રેલનાં પાણી અટકતાં હશે ? રામનું નામ લ્યો. જે થાય તે ખરું.'

ઘૂંટી ડૂબે એટલું પાણી ઘરમાં ભરાઈ ગયું. હું અને ગંગા તો પગ પછાડીને છબછબિયાં કરવા માંડ્યાં. બા અને બાપા અમને લડતાં નો'તાં. શાનાં લડે ? એ તો પેટી અને પોટલાં માળિયામાં ચડાવવા વળગ્યાં'તાં.

ઘરમાં ઢીંચણ ડૂબે એટલું પાણી થઈ ગયું. બાપાએ અમને કહ્યું : 'તમે બધાં ડામચિયા ઉપર ચડીને બેસી જાઓ.' ભાઈ અને ગંગા ડામચિયા ઉપર ચડી ગયાં.

હું તો ઊભી જ રહી.

વરસાદ તો રહી ગયો છે. પણ ઘરમાં હજુ પાણી ભર્યું છે. ભાઈ, ગંગા અને હવે તો બા, ત્રણેય સંકડાઈને ઝાડની ડાળી ઉપર વાંદરા બેસે એમ ડામચિયા ઉપર બેસી ગયાં છે, બાપા નાના ભાઈની ભાળ કાઢવા ગયા છે. સાંજના વરસાદ જોવા જતો રહ્યો છે તે હજી આવ્યો નથી…'

મધુ આ બધું સાક્ષીભાવે બોલતી હોય એમ બોલ્યે જતી હતી. કુદરતની આ ક્રૂર ઘટનાનો એને કશો સ્પર્શ ન થયો હોય એમસ્તો !

પણ સરલા (મારી પત્ની) જેમ જેમ મધુની વાત સાંભળતી હતી તેમ તેમ એનો ચહેરો ફિક્કો પડતો જતો હતો. એની આંખે કોઈ વેદના ઘૂંટાતી હતી.

જાણે આટલું કહેવા જ આવી હોય એમ મધુએ પોતાની વાત પૂરી કરી અને ચાલવા માંડ્યું.

સરલાએ એને અટકાવી. અને અંદર જઈને રાતની વધેલી થોડી ભાખરીઓ, નાસ્તા માટે રાખેલાં બિસ્કીટનાં થોડાં પેકેટ એક નાની ડબ્બીમાં અથાણું વગેરે જે ઉપલબ્ધ હતું તે લઈ આવી. મધુ તરફ એ બધું ધરતાં કહ્યું : 'લે, આ લઈ જા.'

છોકરી આશ્ચર્ય પામતી હોય એમ બોલી : 'હું કંઈ આ લેવા આવી નથી. ડામચિયા ઉપર જગ્યા ન'તી અને વરસાદ રહી ગયો હતો એટલે આવી હતી.'

'ભલે એમ આવી, પણ આ લઈ જા.'

'ના, મારી બા મને વઢે.' કહી બીજું કંઈ સાંભળવા થોભ્યા વગર એ એના ઘર તરફ ભાગી.

*

# ૨૧૧. મનનાં રખોપાં

લક્ષ્મણ અમદાવાદમાં નોકરી કરતો હતો અને એની પત્ની ગોદાવરી વતનમાં ઘર અને ખેતી સંભાળતી હતી. લક્ષ્મણ શનિ-રવિના દિવસોએ ઘેર આવતો. આ વ્યવસ્થાથી બંને સંતુષ્ટ હતાં.

લક્ષ્મણ પોતાના પુરાણા ઘરને ખૂબ ચાહતો હતો. અને એની આ ચાહત ઘરના અસબાબ સુધી પહોંચી હતી. ઘરના ગોળ ઈસવાળા ખાટલા, ડામચિયા, વળગણી…અરે, દીવાલમાં બેસાડેલી પુરાણા ઘાટની ખીંટીઓ સુધ્ધાં એની આસક્તિનું ભાજન બન્યાં હતાં !

એક શનિવારે લક્ષ્મણે ઓરડામાં ડોકિયું કર્યા પછી ગોદાવરીને કહ્યું : 'ઓરડામાં ઘંટી દેખાતી નથી.'

'એ કાઢી નાખી,' ગોદાવરીએ ખુલાસો કર્યો : 'કેટલી બધી જગ્યા રોકતી હતી ? હવે એનું કશું કામ તો રહ્યું નથી. સારા પૈસા ઉપજ્યા છે. થોડા ઉમેરીને એક તિજોરી વસાવી લઈશું. ઘરમાં વહુ આવે એ પહેલાં તિજોરી લાવી દેવાની જરૂર છે.'

લક્ષ્મણ આ બધું સાંભળી રહ્યો. એણે મૌન સેવ્યું એટલે ગોદાવરીએ કહ્યું: 'કેમ કંઈ બોલ્યા નહિ ? જે કર્યું તે ન ગમ્યું ?'

'ગોદાવરી જે કરે એમાં ન ગમવા જેવું શું હોય ?'

'તમે ભલે એમ કહો, પણ તમને આ ગમ્યું નથી.'

'એવું કેમ માની લે છે ?'

'ઘંટીના કેટલા પૈસા ઉપજ્યાં એવું કંઈ તમે પૂછ્યું નહીં.'

'પૈસા એ કંઈ મોટી વસ્તુ છે ?' કહી ઘટનાને ચર્ચાનો વિષય બનાવ્યા વગર લક્ષ્મણ આરામના બહાને મેડી ઉપર ચાલ્યો ગયો.

લક્ષ્મણ મેડી પરથી ઊતર્યો ત્યારે એનો પડી ગયેલો ચહેરો જોઈ ગોદાવરીએ ઘંટીને વાત ફરી ઉખેળતાં કહ્યું : 'મેં ઘંટી વેચી દીધી એ તમને નથી ગમ્યું.'

'જે થયું એ થયું, હવે એને યાદ ન કરીએ.'

'પણ કહો તો ખરા, ઘંટી વેચાઈ એમાં તમે કેમ દુઃખી થાઓ છો ?'

લક્ષ્મણ કશું કહેવા ઇચ્છતો નહોતો પણ ગોદાવરીનો વધારે આગ્રહ થયો એટલે એણે કહ્યું : 'એ ઘંટી સાથે મારા બાળપણની એક દુનિયા જોડાયેલી છે. મા સવારે ચાર વાગે ઊઠી જતી. મા ખાટલામાંથી ઊભી થાય ત્યારે એની હલચલથી હુંય જાગી જતો. ઊઠ્યા પછી માનું સૌ પહેલું કામ ઘંટીએ બેસવાનું. મા એકધારી ગતિથી ઘંટી તાણે. ઘંટીમાંથી ચિત્તને ઘેન ચડે એવો એકધારો અવાજ નીકળે. ઘંટીનો મીઠો અવાજ સાંભળતાં સાંભળતાં હું ઘેનાઉં અને ફરી ઊંઘી જાઉં. વળી જ્યારે જાગું ત્યારેય મા ઘંટી તાણતી હોય. મા કુટુંબ માટેનું દળણું એકલા હાથે દળતી. આ કામ કરવામાં થાક લાગે કે નહિ એ વિચારવાની તો એ ઉંમર નહોતી. પણ દળણું દળતી મા ચિત્તમાં એવી દૃઢ થઈ ગઈ છે કે ઘંટી જોઉં ત્યારે માની યાદ તાજી થાય. ઘંટી અને મા મારે મન એક થઈ ગયાં હતાં.'

સોમવારે વહેલી ગાડીમાં જતી વખતે લક્ષ્મણે ગોદાવરીને કહ્યું : 'આવતા શનિવારે આપણે તિજોરી લઈ આવીશું.'

શનિવારે જમ્યા પછી લક્ષ્મણે ગોદાવરીને કહ્યું : 'જઈશું ને ?'

'તિજોરી માટે ને ?'

'હા.'

'પહેલા ઓરડામાંની જગ્યા જોઈ લો.'

ઓરડામાં ડોકિયું કરતાં જ લક્ષ્મણ આશ્ચર્યથી આભો બની ગયો. ઘંટી એના મૂળ સ્થાને આવી ગઈ હતી !

વધારામાં એ ફૂલહારથી શણગારાયેલી હતી.

❊

## ૨૧૨. ટાટ

અશોક ઉપર કૂતરો (વસ્ત્ર ઉપર ચોંટી જાય એવું એક પ્રકારનું ઘાસ) ફેંકવા માટે મનીષાએ પોતાનો હાથ સહેજ ઊંચો કર્યો, પણ એ ઉમળકો જેવો આવ્યો એવો જ શમી ગયો. અશોકને ખબર ના પડે એમ ઊંચકાયેલો હાથ એણે નમાવી દીધો.

મનીષા હજુ જુવાનીની પહેલી ભરતીની અસર તળે હતી. એના હૈયામાં તરવરાટ ભર્યો હતો. અશોક સાથે સરોવર ઉપર સહેલ કરવામાં, ઉદ્યાનમાં વિહાર કરવામાં, એની સાથે ફિલ્મ જોવામાં, મિત્રો સાથે પિકનિક ઉપર જવામાં - આવી અનેક પ્રવૃત્તિઓમાં એ ધિંગામસ્તી, તોફાન ચાહતી હતી.

પણ જીવનની એ પ્રબળ ઝંખનાઓ જાણે અશક્ય બની ગઈ હતી. વિધુર અશોક સાથે એણે લગ્ન કર્યાં ત્યારે એના મનની આટલી કોમળતા વિશે એ વાકેફ નહોતી. કદાચ અશોક પણ પોતાના મનને પામી નહિ શક્યો હોય, નહિતર મનીષાએ લગ્નની દરખાસ્ત મૂકી ત્યારે એટલા હર્ષ સાથે એણે એ વધાવી લીધી ન હોત ! કદાચ લગ્નથી પોતે સ્વસ્થ થઈ શકશે એવી માન્યતાથી એ દરખાસ્ત સ્વીકારી લીધી હોય.

મનીષાએ જોયું કે લગ્ન થયે છ મહિના વીતી ગયા હતા છતાં અશોક પૂરા દિલથી પોતાના તરફ વળી શકતો નહોતો. સામાન્ય બાબતોથી પણ એના મનમાં પૂર્વ પ્રસંગની સ્મૃતિ તાજી થઈ ઊઠતી અને એ ગંભીર બની જતો. એક દિવસ એક ટેકરી ઉપર ચડતાં મનીષાએ એનો હાથ પકડીને ખેંચ્યો ત્યારે એ ઉદાસ થઈ ગયો. એક વાર એણે ઝરણાનું પાણી ઉછાળીને એને ભીંજવ્યો ત્યારે એ દર્દથી ઢીલો થઈ ગયો. એક સમયે બગીચામાં લૉન ઉપર આળોટતાં એના કાન ઉપર ઘાસના તણખલાનો છાનો સ્પર્શ કર્યો ત્યારે એ ચમક્યો ખરો, પણ ક્યાંય સુધી ગંભીર થઈ ગયો. આવું કંઈક બનતું ત્યારે એ ગળગળો થઈ જતો અને ક્યાંય સુધી સંધ્યાની જ વાત કર્યા

કરતો.

એટલે જ છેલ્લા કેટલાય સમયથી મનીષા ઉદ્યાન, ટેકરી, સરોવર, સિનેમા વગેરે બધું છોડી પોતાના હૈયામાં હિલોળા લઈ રહેલા જુવાનીના આવેગ વ્યક્ત કરવા કોઈ મૌલિક માર્ગ શોધતી હતી. કોઈ પણ સ્ત્રીએ પોતાના પ્રેમી સાથે કદી ન સેવ્યો હોય એવો આચાર અખત્યાર કરીને એ પોતાના પ્રેમને વ્યક્ત કરવા માગતી હતી. અત્યારે ચોમાસું ભરજુવાનીમાં હતું. ચોતરફ લીલોતરીની બિછાત આંખને ઠારે એવી બની રહી હતી. આ એકાન્ત પ્રદેશમાં ખીલી ઊઠેલી વનરાજિની જોઈને મનીષાના મનનો મોરલો ગહેકી ઊઠ્યો. અશોક પણ અત્યારે આનંદમાં આવી ગયો હતો.

મનીષાએ પેલો કૂતરો ફેંકવા હાથ ઊંચો કર્યો ખરો, પણ એનું મન બોલી ઊઠ્યું : 'સંધ્યાએ કો'ક દિવસ અશોક ઉપર આ ચીજ ફેંકવાનું બાકી રાખ્યું હશે ખરું ?' એનો હાથ આપોઆપ નમી ગયો અને મને નિઃશ્વાસ મૂકી રહ્યું : 'અરેરે! સ્ત્રીઓએ પોતાનો પ્રેમ વ્યક્ત કરવા જગતની કઈ ચીજ બાકી રાખી હશે ?!'

❋

# ૨૧૩. મમ્મી

પ્લૅટફૉર્મ ઉપર કમલેશની નજર અચાનક જ સુરંગા ઉપર પડી. એના એક હાથમાં નાની બૅગ હતી અને બીજા હાથમાં બાળક હતું. ગાડી ઊપડવા માટેની વ્હિસલ થઈ ચૂકી હતી એટલે એ ઉતાવળી ઉતાવળી ગાડીના ડબ્બામાં દાખલ થઈ જાય એ પહેલાં એની પાસે પહોંચી જવા કમલેશે ઘણીય ઉતાવળ કરી; પણ એ શક્ય ન બન્યું, એટલે તે બારી આગળ જઈને ઊભો રહ્યો.

પાંચ વર્ષ પહેલાં કમલેશ અને સુરંગા એકબીજાને ચાહતાં હતાં. પણ 'સંજોગોવશાત્' પરણી શક્યાં નહિ, એટલે જીવનભર એકબીજાને ચાહતાં રહેવાના કોલ આપી અનુકૂળ સ્થળે પરણવાની એમણે પરસ્પરને છૂટ આપી, ને લગભગ તરત જ બંને જણ પરણી પણ ગયાં.

આજે સુરંગાને જોતાં કમલેશને ઘણી ઘણી વાતો કરવાનો ઉમળકો થઈ આવ્યો હતો, પણ વ્હિસલ થઈ ચૂકી હતી. પાંચ વર્ષ અગાઉ એક વાર પોતાને જોઈને ગાડીના ભર્યા ડબ્બામાંથી ઊતરી ગઈ હતી એમ આજે પણ એકાદ બે ટ્રેનના સમય જતા કરવા એ તૈયાર થાય તો પાંચ વર્ષથી મનમાં સંઘરી રાખેલી ઘણી ઘણી વાતો કરી શકાય.

પણ સુરંગાનું વર્તન તો કંઈ જુદું જ દેખાયું. કમલેશને જોતાં એની આંખમાં એક ચમક આવી ગઈ. પણ એને ભાનપૂર્વક દાબી દઈને પોતાના નાના પુત્રને ઉદ્દેશીને બોલી : 'જો બાબા, કોણ આવ્યું ?'

'કોઈ દિવસ બાબાને લઈને ઘેર આવી હોય તો ઓળખને ?'

'આવવું તો ઘણુંયે હોય, પણ એના પપ્પાને ફુરસદ ક્યાં છે ?'

'બાબાનું નામ શું છે ?'

'વિશ્વામિત્ર. કેવું લાગ્યું ?'

'સારું...તેં જ પાડ્યું લાગે છે.'

'હું...પણ એના પપ્પાને પસંદ નથી.'

આટલી વાત દરમિયાન કમલેશને પોતાના ઘરનો રિવાજ યાદ આવ્યો. વિશ્વામિત્રને એ પહેલી વાર જોતો હતો, એટલે એણે એના હાથમાં પાંચ રૂપિયાની નોટ આપવા માંડી. પણ કોઈ ભારે અયોગ્ય કાર્ય થતું હોય એમ સુરંગાએ મક્કમતાથી એનો અનાદર કરવા માંડ્યો. રકઝકમાં નોટ નીચે પડી જતાં કમલેશને એ પાછી લઈ લેવી પડી.

કમલેશને શાંત થઈ ગયેલો જોઈ સુરંગાએ બેચાર ઔપચારિક પ્રશ્નો પૂછી એને બોલતો કર્યો.

બાજુમાંથી એક ફેરિયો પસાર થતાં વિશ્વમિત્રે એના તરફ હાથ લાંબો કર્યો એટલે કમલેશ બૂમ મારી...'એ...ઈ, બિસ્કિટ.'

સુરંગા બોલી ઊઠી : 'ના. એને બોલાવતા નહિ. બાબાને અમે બહારનું કશું ખવડાવતાં નથી; એના પપ્પાને ભારે ચીડ છે !'

કમલેશ ફરી શાંત થઈ ગયો. સુરંગાએ આજુબાજુનાં ઉતારુઓની નજરની નોંધ લઈ કમલેશને કહ્યું : 'તમારે ગાડીનું મોડું થશે. અમારે લીધે તમે ગાડી ચૂકી જાઓ એ ઠીક નહિ.'

'અમારે લીધે' શબ્દો કમલેશને તીરની માફક ભોંકાયા. એ કંઈ બોલે એ પહેલાં આ ગાડીની વ્હિસલ ફરી વાગી.

સુરંગાએ વિશ્વામિત્રને આદેશ આપ્યો : 'બાબા, કમલેશભાઈને આવજો' કહે. પણ બાબાએ હાથ ઊંચો ન કર્યો, એટલે એણે એના હાથની આંગળીનું ટેરવું પકડીને એ નાનકડો હાથ ઊંચો કર્યો અને બાબાવતી જ જાણે સૂર કાઢ્યો : 'આવજો!'

પડી ગયેલા ચહેરે કમલેશે બંનેને જવાબ આપ્યો : 'આવજો.'

※

# ૨૧૪. મરણ

રંજુલાલ ચેમ્બરની મધ્યમાં ઊભા હતા. કોઈ વંદાના ફીલરની જેમ એમની નજર ચેમ્બરની પ્રત્યેક વસ્તુને સ્પર્શતી હતી. જરાક થોભતી હતી, અને પછી આગળ વધતી હતી. ગતિ - ક્યારેક દ્રુત, ક્યારેક મંથર. રંજુલાલનો ચેતોવિસ્તાર થઈ રહ્યો હતો. જાણે કોઈ સમાધિમાં ઊતરી રહ્યા હોય !

છેલ્લાં પચીસ વર્ષથી એમણે આ ચેમ્બરમાં આસક્તિના તાર ગૂંથ્યા હતા. અને માયાનું એક ધીંગું પટકુળ વણ્યું હતું. આ જ એ વસ્ત્રનો છેલ્લો સ્પર્શ હતો. છેલ્લું દર્શન હતું. આવતીકાલથી આ સંસ્થાના આચાર્યપદ પરથી એ નિવૃત્ત થવાના હતા.

મોંઘી રિવૉલ્વિંગ ચૅર અને મોટા ટૉપવાળું ટેબલ હવે હંમેશ માટે ત્યજીને એ અત્યારે ચેમ્બરની મધ્યમાં આવીને ઊભા હતા. ચેમ્બરમાં જરાક નજર ફેરવી લઈને અત્યારે એ 'ઑફિસ' છોડી જવાના હતા.

ટેબલની બાજુમાં ફરતો લાકડાનો ઘોડો. એમાં એ પોતાને મનગમતાં પુસ્તકો રાખતા. કામમાંથી સહેજ શ્વાસ લેવાનો અવકાશ મળે ત્યારે એ ઘોડામાંથી ગમે તે એક પુસ્તક ખેંચીને એમાં નજર ખૂંપાડી દેતા. ક્યારેક કોઈ મુલાકાતીને ગર્વભેર કહેતા : 'મેં તો ભાઈ, મરજીવો બનીને આ બધું મેળવ્યું છે. અને એનો સંગ્રહ કર્યો છે.' પછી ઊભા થઈને લોખંડના એક કબાટમાંથી ભોજપત્ર પર લખાયેલી બે હસ્તપ્રતો કાઢીને કહેતા, 'બબ્બે લાખ રૂપિયા આપતાંય આ ન મળે!' આમ કહીને પોતે કેવાં કેવાં અને અપ્રાપ્ય પુસ્તકો કેટલી મહેનતે મેળવ્યાં છે એની કથા કહેવા બેસી જતા. પુસ્તકો જ કેમ ? મોટા મોટા ઉસ્તાદોની સંગીતની લૉંગપ્લે રેકૉર્ડ, પોતે ટેપ કરી લીધેલાં કીમતી પ્રવચનોની કેસેટો, જગવિખ્યાત ચિત્રકારોની કલાકૃતિઓનાં આલબમો વગેરે એમની વાતનો વિષય બની જતાં આ બધું એમણે ચેમ્બરની દક્ષિણ દીવાલે કાચનાં અને લોખંડનાં કબાટોમાં રાખ્યું હતું.

કૉલેજનો કાર્યસમય પૂરો થાય એ પછી ચેમ્બરમાં મોડા સુધી બેસીને એ આ બધા ખજાનાનો લખલૂટ ઉપયોગ કરતા. ક્યારેક યાદ આવી જાય ત્યારે ચેમ્બર બહાર નીકળીને સ્ટૂલ ઉપર બેઠાં બેઠાં ઝોકાં ખાતા પટાવાળાને પ્રેમથી ઘેર મોકલી દેતા. આવું બનતું ત્યારે કેમ્પસમાં એમના આવાસમાં પત્નીને ઝોકાં ખાવાની સ્થિતિ ઉત્પન્ન થતી.

આજેય કદાચ એવું થાત. પણ ચેમ્બરમાં એમનાં પત્ની દાખલ થયાં અને એમનો સમાધિભંગ થયો.

પત્નીએ કહ્યું : ''ક્યારની ફોન કરું છું, ને ઉપાડતા કેમ નથી ?''

''ક્યાંથી ઉપાડું ? આજ બપોર પછી ઑફિસનો ફોન ડેડ થઈ ગયો છે.''

‘‘પણ રિંગ તો વાગ્યા કરે છે.’’

‘‘એકસચેન્જમાં વાગતી હશે, અને તમને સંભળાતી હશે.’’

‘‘ઠીક, સાંભળો. ચુનીકાકા ગુજરી ગયા. તમારે લાકડે જવું પડશે, ચાલો ઝટ.’’

રંજુલાલ સાવધ થતા હતા એ વખતે પત્નીએ ઉમેર્યું : ‘‘જતાં જતાં ચુનીકાકાનો જીવ બહુ કષ્ટાયો, હોં. માયામાંથી મન કાઢી ન શક્યા. જીવ જતી વખતે ખૂબ દુઃખી થયા.’’

રંજુલાલે ઑફિસ બહાર પગ મૂક્યો. જીવ બહુ કષ્ટાતો હતો.

*

# ૨૧૫. મહુડો

હજાર-બારસોની વસતિવાળું મહેસાણા જિલ્લાનું એક ગામ. આવા ખોબા જેવડા ગામમાં કન્યા કોણ નાખે ? અને એમાં વળી ખેતો કોની નજરમાં આવે ? આ સ્થિતિમાં ખેતો પોંખાયા વગર રહી ગયો હતો.

લગ્નની ઉંમર તો વીતી ગઈ હતી, પણ ખેતાના મામા જે દાંતા તરફના આદિવાસી વિસ્તારમાં વેપાર કરતા હતા એમણે એમની દુકાને હટાણું કરવા આવતાં આદિવાસી કુટુંબોમાંથી એક કન્યાનું ખેતા માટે ગોઠવી આપ્યું.

ગરાસણી કન્યા રૂપાળી હતી. ખેતો વહુને પોતાના ઘેર લઈ આવ્યો. દૂરના પ્રદેશની આદિવાસી કન્યા. એ પ્રદર્શનની ચીજ હોય એમ ગામનાં લોકો એને નિહાળતાં રહ્યાં. સૌના મનમાં એક જ ભાવ : આવી રૂપાળી વહુ તો ગામમાં કોઈનાય ત્યાં નથી. બધીયે બોરડીનાં ઝૈડાં છે ઝૈડાં !

ખેતાની વહુની સ્થિતિ નિરાળી હતી. જાણે સરોવરમાં બહાર કાઢીને પાળ ઉપર ફેંકેલી માછલી ! એનું અહીં પોતાનું કોઈ નહોતું. ગામમાં એક પણ માણસને એ ક્યાંથી ઓળખે ? અરે, ખેતાની પણ ઓળખાણ હવે જ કરવાની હતી ને ?

અને ગામે ય કેવું અજાણ્યું ? ખેતાની વહુના ગામમાં છૂટાંછવાયા, ખોરડાં હતાં અને અહીં તો ખીચોખીચ ચણેલાં ઈંટોનાં ઘર, કુદરતી હવાય જાણે અજાણી. લાંબા અંધારિયા ઘરમાં પુરાયેલી વાસી હવા ! ગૂંગળામણનો પાર નહીં. કોઈના સૂપડામાં મકાઈને છડાતી તો એણે ભાળી જ નહીં.

બધે બાજરી જ બાજરી ! વેશપહેરવેશ જુદા, બોલી જુદી...

એક અઠવાડિયું તો ખેતાની વહુ અંધારિયા ઘરના ખૂણે બેઠી બેઠી ખૂબ હીજરાઈ.

પછી એણે ખેતાને કહ્યું : ''મારે ખેતરે જવું છે.''

'અત્યારે ઉનાળો છે. ખેતરમાં કશો પાક કે વાવેતર નથી, ત્યાં જઈને શું કરીશ ?'

'મને કોદાળી આપો જવાસા સુડીશ.'

વહુની ભાષા બરાબર સમજાય એવી નહોતી. પણ મર્મ સમજીને વ્યવહાર ચાલતો હતો. ખેતાએ કહ્યું : 'તાજું લગ્ન હોય એટલે વરવહુએ સાથે નીકળવાનો અહીં રિવાજ નથી. મોટાભાઈની બચીને સાથે મોકલું છું. તમે બે ખેતરે જાઓ.'

એ બંને નીકળ્યાં.

ખેતાની વહુને થયું, આ વગડોય જો ને ? એય અજાણ્યો અજાણ્યો. એકેય અમારું ઝાડ કે ઝાડવું ક્યાંય નજરે પડતું નથી. નક્કી હું તો અહીં ગોંધાઈ મરવાની. જીવું તો કેજો ને ?

બચીએ નેળિયાં વટાવવાને બદલે પિરજપુરનો ધોરી રસ્તો લીધો હતો. પણ એય વગડામાં થઈને જ જતો હતો.

અડધો વગડો વટાવ્યા પછી ખેતાની વહુ એક સ્થળે થંભી ગઈ. એક ઊંચા તોતિંગ ઝાડ સામે ફાટી આંખે જોઈ રહી. પછી ઝોડ વળગ્યું હોય એમ ઊછળીને એના તરફ ભાગી. એ ઝાડના થડને બાથમાં લેવા માંગતી હોય એમ એણે પોતાના બાહુ એ થડ સાથે સજ્જડપણે જડી દીધા. ખેતાની વહુ કોઈ પોતીકા જણને ભેટી રહી હતી.

એ પોતીકું જણ હતું આખા પંથકનો એકલવાયો એક મહુડો !

※

# ૨૧૬. મહોરાં

પ્રતાપગઢમાં રહેતી બહેનને મળીને આવ્યા પછી અભિજિત ખૂબ ખિન્ન બની ગયો હતો, એ રેણુકાબહેનના ધ્યાનમાં આવ્યા વિના ન રહ્યું.

ગાડીમાંથી એ આવ્યો ત્યારે એણે કૃષ્ણાની તેમજ એના કુટુંબની કુશળતા વિશે એકાદબે શબ્દમાં પતાવી દીધું ને પૂરું જમ્યો પણ નહિ.

પુત્રીના સમાચાર ધરાઈ ધરાઈને સાંભળે નહિ ત્યાં સુધી રેણુકાબહેનને ચેન પડે એમ નહોતું. એટલે એમણે બપોરે અભિજિતને ફરીથી પૂછ્યું : 'અલ્યા અભિજિત, કહે તો ખરો, કૃષ્ણા મજામાં તો છે ને ?'

અભિજિત ગુસ્સે થઈ ગયો : 'કહ્યું તો ખરું, કે મજામાં છે. પછી કેટલી વાર

પૂછીશ ?'

રેણુકાબહેનને આ વખતે અભિજિતના અવાજમાં વધારે તોછડાઈ જણાઈ, એટલે એમણે કહ્યું : 'કેમ આવી રીતે બોલે છે ? તને આમ થયું છે શું ? સીધા જવાબ જ આપતો નથી !'

સોળ-સત્તર વર્ષનો અભિજિત પોતાના મિજાજનો આજે જાણે નવો જ પરિચય આપતો હતો. એણે કહ્યું : 'મારું મગજ ગરમ કરીશ નહિ, કહી દીધું તને...'

રેણુકાબહેનને થયું : કદાચ કૃષ્ણાનાં સાસરિયાંએ અભિજિતનું માન ઘવાય એવું કંઈક કહ્યું હોય. એથી એમણે નરમાશથી એને પૂછવા માંડ્યું. માતૃત્વભર્યા પેલા હૂંફાળા અવાજે અભિજિતને ઓગાળ્યો. એના મનનો ઊભરો બહાર આવ્યો. રડમસ અવાજે એણે કહ્યું : 'ભાઈને ગુજરી ગયે પૂરો મહિનોય થયો નથી અને કૃષ્ણાને ઘેર મિષ્ટાન્નના જલસા શરૂ થઈ ગયા છે !'

રેણુકાબહેન અભિજિતનું મન પામી ગયાં. પચીસ વર્ષનો જુવાન દીકરો ગુજરી ગયો એનો આઘાત ઘરમાં સૌના મન ઉપર હતો...પોતાની સગી બહેનના ઘરમાં મિષ્ટાન્નનો જલસો જોઈ એની ઘેરી અસર આ કિશોર ઉપર થઈ હતી.

રેણુકાબહેન શાંત હતાં અને અભિજિત ભાવાવેશમાં હતો. એણે બોલવાનું ચાલુ રાખ્યું : 'કૃષ્ણાએ પણ મીઠાઈ ખાધી. મહિનામાં તો એની નણંદનાં લગ્ન થવાનાં છે. ઘરમાં વાતાવરણ જ લગ્નનું થઈ ગયું છે...!'

રેણુકાબહેને અભિજિતને અટકાવ્યો : 'ગાંડા, એમાં આટલું બધું માઠું લગાડાય ? એ કંઈ આપણા ઘરમાં ઓછું થાય છે ?'

'આપણા ઘરમાં નહિ પણ કૃષ્ણાના ઘરમાં તો ખરું ને ?'

'એમાં કૃષ્ણા બિચારી શું કરે ? પોતાનો ભાઈ મૂવો એમાં એ નણંદનાં લગ્ન શી રીતે રોકી શકે ?'

'રોકી ન શકે તો કંઈ નહિ, પણ એમાં ભાગ શા માટે લે ?... ભાઈ ગુજરી ગયા એનું કૃષ્ણાને કંઈ લાગ્યું જ નથી...અહીં આટલું બધું રડતી હતી એ તો બધો ઢોંગ જ...!'

રેણુકાબહેનની આંખમાં એકદમ આંસુ ઊભરાઈ આવ્યાં. એ ગદ્‌ગદ સ્વરે બોલ્યાં : 'દીકરીનો અવતાર છે, બેટા ! આજ તો એણે મીઠાઈ ખાધી; કાલે લગ્નનાં ગાણાં ગાવાં પડશે...પણ એના હૈયામાં શું હશે એ તું શું સમજી શકે ?' અને સહજ ભાવે એ મનમાં બોલ્યાં : 'બળ્યો આ સ્ત્રી અવતાર ? આખો જન્મારો મોઢા ઉપર મહોરું રાખીને રહેવાનું...હૈયે શું, હોઠે શું, મોઢા ઉપર શું...'

❊

# ૨૧૭. મા...!

કપડાં પહેરવા બાબતમાં સંપતલાલ બાળપણથી જ કજિયાખોર. મા જે કપડાં પહેરાવે એમાં એ કદી રાજી નહીં. પોતાની પસંદગીનાં કપડાં પહેરવા માટે ભારે જીદ કરે. મા કપડાંની શિસ્તમાં મક્કમ. જે કપડાંનો વારો હોય તે જ બળજબરીથી સંપતને પહેરાવે. સંપત પગ પછાડતો જાય અને એક પછી એક કપડું ઉતારીને ઘરના ખૂણામાં ફેંકતો જાય. મા ખિજાય અને સટાસટ બેચાર થપ્પડ ગાલ પર અને બેચાર થપાટ પીઠ પર લગાવી દે. સંપત રડવા લાગે. મા ફરીથી કપડાં પહેરાવવા પ્રયત્ન કરે ત્યારે સંપત હોય એટલું જોર ભેગું કરીને માની પકડમાંથી છટકી જાય.

છેવટે, 'લે જા, ત્યારે ફરજે નાગો આખો દિવસ' કહી મા કામે વળગે. સંપત ક્યાંય સુધી એક જ જગ્યાએ સ્થિર થઈને ડૂસકાં ભરતો રહે.

આખરે મા હાર માની લે અને સંપતે જે પહેરવા ધાર્યાં હોય એ કપડાં પહેરાવે.

હવે સંપત બાળપણનો સંપત રહ્યો નથી. પ્રૌઢ વયે પહોંચ્યો છે. વતન મૂકીને કેટલાય કિલોમીટર દૂર અહીં ભુજમાં નોકરીએ આવ્યો છે. અને એક ભાડાની ઓરડીમાં એકલો રહે છે. અરે, રહે છે શાનો ? જે ઓરડીમાં રહેતો હતો એ ઓરડી એક મોટા મકાનનો ભાગ હતી. ભૂકંપની હોનારતમાં એ મકાન અને ઓરડી બધુંય કાટમાળનો ઢગલો થઈને પડ્યું છે.

અને સંપત કાટમાળના એ ગંજથી થોડા સલામત અંતરે ઊભો છે. સવારનો સમય છે. જાન્યુઆરીની કડકડતી ઠંડીનો પ્રભાવ અને કોઈ નિશ્ચિત દિશા વિનાનો પવન એના શરીરને ધ્રુજાવી રહ્યાં છે.

કંપના આંચકા સાથે જ લેંઘા બનિયનભેર ઓરડી બહાર નાસી છૂટેલા આ સંપતને હમણાં જ બચાવકાર્યનો કોઈ સ્વયંસેવક એક પહેરણ પહેરાવીને ગયો છે. અને એના હાથમાં એક ગરમ બંડી મૂકી ગયો છે. પહેરણ છે તો નવા જેવું જ, પણ કોઈ તગડા માણસનું છે એટલે એ સંપતના ઢીંચણ સુધી પહોંચ્યું છે...

સંપતને અત્યારે મા યાદ આવી ગઈ છે. આમ તો એ ઘણાં વર્ષો પહેલાં માંદગીમાં ગુજરી ગયેલી છે. પણ અત્યારે જાણે સન્મુખ આવીને ઊભી રહી છે. સંપતને માના શબ્દો સંભળાય છે. 'પહેરી લે બેટા ! આપણે તો અંગ ઢાંકવાથી કામ છે...!'

અને સંપતના મુખમાંથી એક ઉદ્‌ગાર નીકળી પડે છે. 'મા !'

❊

# ૨૧૮. માણસજાત...!

લંચબ્રેક સમયે કેન્ટીનમાં નાસ્તો કરી લીધા પછી ભાર્ગવ બાજુના પાર્કમાં એક આંબાના વૃક્ષ નીચેના બાંકડા પર બેસતો. એ બાંકડાની સામે થોડા ફૂટને અંતરે એક કૂતરો પણ પગ લાંબા કરીને આરામ કરતો. ભાર્ગવ અહીં આવે ત્યારે કૂતરો જરાક આંખ ઉઘાડે અને પછી પોપચાં બીડી દે. એણે ભાર્ગવને ભાગ્યે જ આંખ ભરીને જોયો હોય. લંચબ્રેકનો સમય પૂરો થવા આવે એટલે ભાર્ગવ એકાદ સિગારેટ પી નાખે અને જવા માટે ઊભો થાય ત્યારે પેલો કૂતરો અધખૂલી આંખે એની નોંધ લે !

એક વખત કેન્ટીનમાં ભાર્ગવનો એક જૂનો મિત્ર મળી ગયો. ચા-નાસ્તો લીધા પછી, કેન્ટીનમાંથી બહાર નીકળીને બે મિત્રો વાતો કરતા ઊભા હતા, ત્યારે પેલો કૂતરો ત્યાં આવી પહોંચ્યો. પૂંછડી હલાવવા લાગ્યો અને ગેલમાં આવી ગયો હોય એમ ઠેકડા ભરવા લાગ્યો.

'કૂતરો તારો જાણીતો છે ?' મિત્રે પૂછ્યું.

'રિસેસમાં હું જે ઝાડ નીચે બેસું છું. ત્યાં એ આરામ કરતો હોય છે, એટલી ઓળખાણ !'

મિત્રથી છૂટા પડ્યા પછી ભાર્ગવ ડૉ. મહેતા ભવનનાં પગથિયાં ચડવા લાગ્યો. ડૉ. મહેતા ભવન વિવિધ ખાતાઓની કચેરીઓનું એક વિશાળ સંકુલ છે. ભાર્ગવની સાથે સાથે ક્ષમા પણ પગથિયાં ચડી રહી હતી. (એક દિવસ ક્ષમાની કોઈ સાથી-કર્મચારીએ એને એ નામથી સંબોધી હતી. એટલે ભાર્ગવ એનું નામ જાણતો થયો હતો.) અત્યારે ભાર્ગવના ચિત્તમાં પેલો કૂતરો હતો. ક્ષમાને જોઈને કૂતરાના સંદર્ભે એને એક વિચાર આવ્યો : 'અહીં કામ કરતાં માણસો એકબીજાની બાજુમાંથી સેંકડો વાર પસાર થાય છે. લિફ્ટમાં એકબીજાની સન્મુખ ઊભાં રહે છે. કેન્ટીનના ટેબલ પર સામસામે ગોઠવાય છે, બસમાં બેસે છે...પણ કદી કોઈના ચહેરા એકબીજા સામે પરિચયનું સ્મિત કરતા નથી. જાણે કદીય ન જોયા હોય એવા અજાણ્યા, અજાણ્યા...! અને પેલો કૂતરો ? એણે કદી આંખ ઉઘાડીને મારી સામે જોયું નથી. છતાં મને જોઈને કેટલો ઘેલો ઘેલો થઈ જતો હતો ! ક્ષમા કેટલીય વાર સામે મળી હશે, સન્મુખ થઈ હશે. પણ...જવા દો આ માણસજાત કૂતરાંથીય ગઈ...!

ભાર્ગવની બદલી હજીરા થઈ. અને ઘણા કર્મચારીઓની જેમ ક્ષમા પણ સ્મૃતિશેષ થઈ ગઈ. જોકે ક્ષમાને યાદ કરવાનું ભાર્ગવ પાસે કોઈ કારણ નહોતું.

લગભગ ત્રણેક વર્ષ પછી ભાર્ગવને અમદાવાદ આવવાનું થયું. એક સાંજે એ રતનપોળમાંથી નીકળ્યો, ત્યારે એણે ક્ષમાને સામેથી આવતી જોઈ. નજીક આવી ત્યારે

એણે ક્ષમાના ચહેરા પર નજર માંડી.

અને આ શું થયું ?

ભાર્ગવને જોઈ ક્ષમાનો ચહેરો હસી ઊઠ્યો !

જાણે નોકરીનાં વર્ષો દરમિયાન દાદર પર ચઢતાં, લિફ્ટમાં સામસામે ઊભાં રહેતાં, બસમાં કે રસ્તે ચાલતાં થયેલા સાથના સરવાળા જેટલો ગાઢ પરિચય એ ચહેરાના સ્મિતમાં પ્રગટી રહ્યો હતો !

અને ભાર્ગવે પોતાનો અગાઉનો અભિપ્રાય બદલ્યો. એને થયું : 'સાલી ખરી છે, આ માણસજાત, પેલાં વરસાદી વાદળ જેવી ! ધીરે ધીરે બંધાય, આકાશ ગોરંભાય અને વળી વિખરાઈ જાય...'

...વિખરાય...વિખરાય અને ઘેરાય...

એકએક બુંદ માટે રાહ જોવડાવે. ડોક અને આંખ થાકી જાય ત્યાં સુધી હાથતાળી આપ્યા કરે...

...અને ક્યારે વરસી પડે એ કંઈ કહેવાય નહીં. વળી, વરસે ત્યારે અનરાધાર !

## ૨૧૯. માણેક ગુજરી ગઈ !

'માણેક ગુજરી ગઈ ?'

પાંચ વર્ષ પછી વતનના પાદરમાં પગ મૂકતા રાઘવે સામેથી માણેકની પુત્રવધૂને આવતી જોઈને જયંતને પૂછ્યું.

આકાશમાં સૂર્ય વાદળમાંથી થોડો બહાર નીકળ્યો અને સર્વત્ર તડકો રેલાયો. ધરતી પર જડચેતન સૌ બરાબર અજવાળાયાં. માણેકની પુત્રવધૂનો ચહેરો પણ એ તડકામાં ખીલેલા ગુલાબ શો પ્રફુલ્લ દેખાતો હતો. રાઘવ એના માંસલ અંગોને જરા આશ્ચર્યથી નીરખી રહ્યો. એણે જયંતને પૂછ્યું : 'આ આવે છે એ માણેકની વહુ જ છે ને ?'

માણેક ગામની દમામદાર સ્ત્રી હતી. ગામમાં એનું ઘણી રીતે નામ હતું. એનું બધુંય એના નામથી ઓળખાતું હતું. જેમ કે માણેકનું ઘર, માણેકનું ખેતર એવી જ રીતે એના દીકરાની વહુ પણ એના નામથી જ ઓળખાતી માણેકની વહુ.

જયંતે જવાબ આપ્યો : 'હા, એ માણેકની વહુ જ છે.'

બેચાર ડગલાં ચાલ્યા પછી જયંતે રાઘવને પૂછ્યું : 'માણેક ગુજરી ગઈ એ

સમાચાર તમને કોણે આપ્યા ?'

'એ તો કોઈએ આપ્યા નથી. હું રહ્યો મદ્રાસ, વાતેવાતેય વાવડ ન મળે અને માણેક મારી કાકી કે ફોઈ થોડી હતી તે મને કોઈ પંદર પૈસાનું પત્તુંય લખે ? પણ માણેક ગુજરી ગઈ એ વાત તો સાચી છે ને ?'

'હા, સો ટકા સાચી છે. માણેકને ગુજરી ગયે સવા-દોઢ વર્ષ થઈ ગયું.'

માણેકની વહુ હવે સાવ નજીક આવી પહોંચી હતી. બાજુમાંથી પસાર થઈ ગઈ ત્યાં સુધી રાઘવ એની મદમાતી ચાલ જોઈ રહ્યો. એક વખતનો હાડકાંનો માળો, આ માણેકની વહુ આવી અલમસ્ત અને તેથી સુંદર દેખાઈ શકે એની રાઘવને નવાઈ લાગતી હતી. એ કારણથી જ એની નજર માણેકની વહુ ઉપર જડાયેલી રહી હતી. અગાઉ એની ચામડી ગોરી તો હતી જ. હવે એની પાછળ લોહી અને માંસ પુરાયાં હતાં એટલે એ સુંદર લાગતી હતી.

પોતાની શંકાનું પૂરેપૂરું નિવારણ કરવા માટે રાઘવે ફરી એક વાર જયંતને પૂછ્યું : 'એ માણેકની વહુ જ છે ને ? કંઈ ભૂલ તો થતી નથી ને ?'

'ના ભાઈ ના, કશી જ ભૂલ થતી નથી. હમણાં હમણાં બહુ ફાલીને રાતી રાયણ જેવી થઈ ગઈ છે. એટલે તમને શંકા થતી લાગે છે. અગાઉ તો એનાં ડાચાં બેસી ગયેલાં. સાવ મરેલા જેવી હતી !'

'તો...' જાણે સ્વગત બોલતો હોય એમ રાઘવ બોલ્યો : 'માણેક મરી ગઈ એમ ને ?'

❊

## ૨૨૦. માતંગી-મલય-માધવી

'શ્વેતકેતુ ટાવર'ના પહેલા માળે માતંગી અને તેનો પતિ મલય, બીજા માળે માધવી અને ત્રીજા માળે શ્વેતા.

માતંગી અને શ્વેતા બાળપણથી ગાઢ સખીઓ. એ સખ્યના કારણે તો અત્યારેય એક ટાવરમાં રહેતાં થયાં હતાં.

પચીસ-પચીસ વર્ષની ઉંમર થઈ ત્યાં સુધી શ્વેતાએ પોતાની અંતરંગ સખીનું, હવે જોવા મળતું હતું એવું ભોળાપણ કદી જોયું નહોતું. પતિ કોઈ અન્ય સ્ત્રી સાથે લગ્નેતર સંબંધ રાખતો હોય અને પત્નીને કશી જ ખબર ન હોય એ કેવું ? શ્વેતા કેટલાક સમયથી માતંગીમાં આવી જ કંઈક, બાઘાઈ જોઈ રહી હતી.

શ્વેતા ઘણુંખરું લિફ્ટનો ઉપયોગ કર્યા વગર નીચે જતી અને ઉપર આવતી. આ આવન-જાવન વખતે સમય-કસમયે એ મલયને માધવીના બેઠકરૂમમાં જોઈ લેતી. એનું મન કહેતું - આમાં લગ્નેતર સંબંધ સિવાય બીજું શું હોઈ શકે ? આના કારણે બહેનપણીનું જીવન ધૂળધાણી થઈ જાય એ પહેલાં એને ચેતવી લેવી જોઈએ. શ્વેતા આ માટે વ્યાકુળ હતી.

એક દિવસ શ્વેતાએ માતંગીને મલયની ચાલ વિશે વાકેફ કરીને એને ચેતવી દેવાનો નિર્ણય કર્યો. અલબત્ત, એણે આ નિર્ણય કર્યો ત્યારે એને એક સંદેહ હતો કે માતંગી એના સરળ સ્વભાવના કારણે આ વાત માનવા તૈયાર નહીં થાય. એ તો એમ જ કહેવાની કે, 'શ્વેતા, તું નાહક વહેમે ભરાય છે. મલય એવો નથી.' વળી શ્વેતાને બીજો એક વિચાર આવ્યો કે રાગ અને આનંદથી ચાલી રહેલા આ પતિ-પત્નીના જીવનમાં, આવી ખબરના કારણે આગ ચંપાયા જેવું થશે અને એમના સંસારમાં ભડકો થયા વિના નહિ રહે. પરસ્પર વિરોધી વિચારોના કારણે શ્વેતા માતંગી આગળ પરિસ્થિતિનો સ્ફોટ કરતાં અચકાતી હતી. એક દિવસ તો નિર્ણયની પાકી ગાંઠ વાળીને એ, મલયને માધવીના રૂમમાં હોવાનું જાણ્યા પછી માતંગીના ફ્લેટમાં ગઈ.

રાત્રિના દસ વાગ્યા હતા.

શ્વેતાએ વાતનો આરંભ કરતાં કહ્યું : 'મલય નથી ?'

'છે ને'', માતંગીએ જવાબ આપ્યો : 'માધવીના ફ્લેટમાં છે.'

'અત્યારે દસ વાગ્યે માધવીના ફ્લેટમાં ?'

'તેથી શું થયું ? એ બે જણાં રાજકારણ, સ્પોર્ટ્સ કે સાહિત્યની ચર્ચામાં ઊતરી પડ્યાં હોય તો દસ તો શું, રાતના અગિયાર કે બાર પણ વાગી જાય...'

'અને તું આ બધું ચલાવી લે છે ?'

'શું ચલાવી લેવાની વાત કરે છે તું, શ્વેતા ?'

'મારા મોઢે શું કામ કહેવડાવે છે, માતંગી ?'

'તું જે કહેવા માગે છે એ હું સમજી શકું છું, શ્વેતા.'

'તો પછી એવું બધું અટકાવતી કેમ નથી ?'

'તારી વાત બરાબર છે, શ્વેતા. પણ તારે જમાનાને ઓળખવાની જરૂર છે. આજકાલ લગ્નેતર સંબંધોની સહેજ પણ નવાઈ નથી. એ ઘર ઘરની વાત બની ગઈ છે. એમાં ભડકવા જેવું કંઈ નથી. પતિ આપણી સાથે પતિ તરીકે બરાબર વર્તતો હોય, પછી શાંત જળમાં પથરો ફેંકવાની જરૂર ખરી ?' જરા અટકી માતંગીએ ઉમેર્યું : 'માધવીના ફ્લેટમાંથી નીકળીને મલય અહીં આવે એટલે તું એને જોજે. એક નોર્મલ

અને પ્રેમાળ પતિને તું જોઈ શકીશ. તારે કશી ફરિયાદ કરવાની જરૂર નહિ રહે, સમજી ? જીવ બાળીશ નહિ. બોલ, ચા લઈશ કે કૉફી ?'

*

## ૨૨૧. માતૃહૃદય

પંદર વર્ષની ઉંમરના કરસનનું અવસાન થયું ત્યારે એના મોતને આશીર્વાદના પ્રસંગ તરીકે સૌએ સ્વીકારી લીધું.

ગાંડપણ, ટૂંકાતી જીભ અને પૂરી બહેરાશ - આ ત્રણ વાનાં એનામાં ભેગાં થયાં હતાં. એથી જ તો સૌએ એકી અવાજે કહ્યું : 'જીવતરથી છૂટ્યો બિચારો; નહિતર જીવવું અકારું થઈ પડત !'

કરસન જન્મ્યો ત્યારથી તે એની આ પહેલી અને છેલ્લી માંદગી શરૂ થઈ ત્યાં સુધી એની મા લગાતાર એક જ પ્રાર્થના કરતી હતી : 'પ્રભુ, તું આ છોકરાને તારા દરબારમાં ઉપાડી લે. તું એને ઉપાડી લઈશ તો મને જરાય દુઃખ નહિ થાય.'

ઘણી વાર તો પતિના સાંભળતાં પણ એ આવું બોલી નાખતી ત્યારે પતિ કહેતો : 'અરે ગાંડી, દીકરો ગાંડો કે ખોડખાંપણવાળો હોય તોપણ માબાપના મોંમાં આવી વાણી ન શોભે. ભગવાન ભલે એને સો વરસનો કરે !'

પણ પત્ની તો આગળ વધીને પતિને એકની એક વાત સંભળાવતી : 'તમારે વેઠવો પડતો હોય તો તમને ખબર પડે ! હું તો એનાથી ધરાર કંટાળી ગઈ છું.'

વાત સાચી હતી. આ દીકરાને વેઠવો એ ઘણું અઘરું કામ હતું. કોઈ નાહીધોઈને તૈયાર થયેલી સ્વચ્છ ફૂલ જેવી બાળકીના હોળેલા માથામાં ધૂળ નાખી આવતો, કે એકલા રમતા કોઈ બાળકને પીંખી નાખતો ત્યારે, અથવા કોઈના ઓટલે જઈને શૌચ કરતો ત્યારે આવતી તકરારો એને અસહ્ય થઈ પડતી. પડોશીઓનાં આકરાં વેણ એનાથી ખમાતાં નહિ. છોકરાને એ ધીબી જ નાખતી. બાપ વચ્ચે પડતો ત્યારે એનો છૂટકો થતો. આખરે મા સંભળાવતી : 'હવે તો એ મરે તો એનાથી છૂટું.'

બાપ કગરી પડતો અને કહેતો : 'મહેરબાની કરીને આવાં વેણ ન કાઢ. કો'ક વખત કાળવાણી થઈ જશે તો દીકરો ગુમાવી બેસીશું.'

આવે સમયે ફળિયાનું કોઈ માનવી સલાહ આપતું : 'ચંપાબહેન, આવું શું બોલો છો ? એને પ્રેમથી ઉછેરશો તો કો'ક દિવસ એનું ગાંડપણ દૂર થઈ જશે...સૌ સારાં વાનાં થશે.'

પણ પંદર વર્ષ સુધી તો ક્યારેય ‘સારાં વાનાં’ ન થયાં. હવે તો મા આ ભારમાંથી છૂટવા સતત ઝંખતી હતી.

આજ બરાબર પંદર વર્ષ પૂરાં થતાં એ ભાર ઊતરી ગયો. છોકરો વળતો થઈ ગયો.

પણ એ ભાર દૂર થતાં માને કોઈ જુદો જ અનુભવ થયો. એ હબકી જ ગઈ. છોકરાને વળગી પડી. લોકોએ ઘણું ઘણું સમજાવી પણ કોઈનું માનતી નહોતી. ઊલટું, છોકરાનો પાશ વધુ દઢ કરતી જતી હતી.

આખરે રડતાં રડતાં પણ હૈયું કઠણ કરીને પતિ એને સમજાવી રહ્યો હતો : ‘ગાંડી...આમ ન કર. દીકરો સુખિયો થઈ ગયો સમજ. આજ તો એ દેવરૂપ થઈને ભગવાનના દરબારમાં જાય છે...એને હરખથી વિદાય આપ...દુ:ખના ડુંગરમાંથી છૂટી ગયો એનો સંતોષ માન, લે...હવે એને છોડ, નનામીનું મોડું થાય છે...’

પણ કોઈનાય તરફ ધ્યાન આપ્યા વિના એ કહેતી હતી : ‘મારાથી હવે નહિ જિવાય દીકરા. જવું જ હોય તો તારું ગાંડપણ મને દેતો જા...!’

❋

## ૨૨૨. માધ્યમ

રમવાના રસમાં પિન્ટુ ગળાડૂબ હતો ત્યારે મમ્મીનો સાદ સંભળાયો : ‘‘પિન્ટુ !...’’

મમ્મીનો સાદ એટલે ઝારશાહી હુકમ, રમત અધૂરી મૂકીને પિન્ટુ દોડ્યો.

પિન્ટુ પોતાને ન સમજાય એવું એક કાર્ય છેલ્લા પંદર દિવસથી ઘરમાં બજાવી રહ્યો હતો. અત્યારે પણ એ જ કરવાનું હતું.

ઘરમાં આવીને એ ઊભો રહ્યો એટલે મમ્મીએ કહ્યું : ‘‘ધોબીએ કપડાં આપ્યાં નથી, સફેદ બુશકોટ અને ગ્રે પેન્ટ તૈયાર છે.’’

આ હકીકત કંઈ પિન્ટુ માટે ન હતી. એટલે એણે કશો જવાબ આપવાનો ન હતો. એ પપ્પા તરફ ફર્યો. પપ્પાએ જવાબ આપ્યો : ‘‘રોજ રોજ ગ્રે પેન્ટ ! હેલ વિથ ઈટ. પિન્ટુ, સફારી ક્યાં છે ?’’

પિન્ટુએ મમ્મી સામે જોયું. મમ્મીએ પિન્ટુને કહ્યું : ‘‘સફારી મેલો થયો છે.’’

ફરી પિન્ટુ તરફ પપ્પાની એક તીખી દૃષ્ટિ અને કરડાકીભર્યું સૂચન : ‘‘લેંઘો-ઝભ્ભો કાઢ.’’

મમ્મીનો સણસણતો જવાબ : ‘‘પિન્ટુ, ધોતિયું - પહેરણ કાઢીશ તોય અમારે શું ?’’ આટલું કહી મોં બગાડી મમ્મીએ ઉમેર્યું : ‘‘અને પિન્ટુ, આજે મામા આવવાના છે.’’

પિન્ટુ તરફ બરાબર નજર રાખીને મમ્મીએ કહ્યું : ‘‘મામા ન આવે એ માટે ફોન કરી દઈશ. એમનું અહીં કંઈ કામ નથી.’’

‘‘પિન્ટુ’’ પપ્પાએ બરાડો પાડ્યો : ‘‘ઑફિસે જવાના સમયે રોજ આવી ટકટક મને પસંદ નથી.’’

અને પછી પપ્પાએ ધડાધડ કબાટ ખોલ્યું. અંદરથી સફેદ બુશકોટ અને ગ્રે પેન્ટ કાઢ્યાં. બે મિનિટમાં તૈયાર થઈને જતી વખતે પિન્ટુને કહ્યું : ‘‘પિન્ટુ, રાત્રે મોડો આવીશ. જમવાનું નથી.’’

પપ્પા ચાલ્યા ગયા. પોતાનું કામ પૂરું થયું એટલે પિન્ટુએ મમ્મીને કહ્યું : ‘‘હવે જાઉં, મમ્મી ?’’

પણ મમ્મીએ કશો જવાબ ન આપ્યો. પિન્ટુ ન સમજે એમ એ અંદરના ખંડમાં દોડી ગઈ.

અને છતાં પિન્ટુ કંઈક સમજ્યો હોય એમ રમવાનો ખ્યાલ છોડી દઈ સોફા ઉપર સૂનમૂન બેસી રહ્યો.

✳

## ૨૨૩. માનો ચહેરો

ફાગણ મહિનાની એક તેરશની રાતે છ વરસનો સુમન ઘેરૈયાઓની પાછળ પાછળ જતો હતો ત્યારે એક ઘરની ઓશરીમાં ઊભેલી રેશમા એને ઊંચકીને ઘરના ચોકમાં લઈ ગઈ. રેશમાની પકડમાંથી છૂટવા ઝાવાં મારતા આ ગભરુ શિશુના ગાલ, ગર્દન અને ભાલ પર ચુંબનોની ભીંસ સાથે રેશમા બોલતી રહી : ‘બાબલા, હું તારી મા છું. હું જ તારી મા...’

રેશમાની ચૂડમાંથી માંડ છૂટીને સુમન ભાગ્યો અને લાંબી ફલંગે પહોંચ્યો પોતાને ઘેર.

સુમન આ સ્ત્રીના આવા આક્રમણથી ગૂંગળાઈ તો ગયો પણ એ સ્ત્રીનો કોઈ દોષ નહોતો. પુત્રપ્રાપ્તિની તીવ્ર એષણાવશ આ સ્ત્રીએ વાત્સલ્યથી સુમન પર ચુંબનની હેલી વરસાવી હતી.

✳

આ અનુભવ પછી સુમનની નજરે પેલું દશ્ય વારંવાર ભજવતાનું રહ્યું.

સુમનને માને ઘરમાં કદી હરતી-ફરતી જોઈ નહોતી. દીવાલમાં પર ટાંગેલી દાદીની તસવીર તરફ આંગળી ચીંધીને સુમને ફોઈને પૂછેલું : 'દીવાલે મમ્મી કેમ નથી ?'

ફોઈ શો જવાબ આપે ? જવાબ આપે તોપણ એ આ શિશુની સમજ બહાર હોય.

સુમનના જન્મ સમયે પ્રસૂતિમાં જ મા ગુજરી ગઈ હતી. અતિ સંવેદનશીલ પિતાને એટલો કારમો ઘા લાગ્યો હતો કે પત્નીની કોઈ પણ છબી જોતાં એની આંખો વરસવા લાગતી. આ સંજોગોમાં સમજદારી વાપરીને ફોઈએ માની છૂટી-છવાઈ તસવીરો હંગામી ધોરણે એક ટ્રંકમાં ભંડારી દીધી હતી. ચંપકલાલને બહેનનું આ કાર્ય હિટલરશા રીતનું જણાયું હતું. કંઈ બાકી રહી જતું હોય એમ એણે પત્નીની દીવાલ પરની તસવીર પણ મામાને ત્યાં મોકલી દીધી હતી. ચંપકલાલ મોટી બહેનની આમન્યા ઉથાપી શકતા નહોતા. પણ ધીરે ધીરે બહેનનું પગલું એમને વાજબી લાગ્યું. આમ, છેલ્લાં પાંચ વરસથી સુમનની મમ્મીની બધી છબીઓ ઓઝલ રહી હતી.

સુમનનું પ્રાથમિક શાળાનું ભણતર પૂરું થયું એટલે આગળના અભ્યાસ માટે મામા સુમનને પોતાને ત્યાં લઈ ગયા. આમ કરવા પાછળનો એમનો હેતુ એ હતો કે ચંપકલાલના મુશ્કેલીના દિવસોમાં માત્ર સુમનના ઉછેર માટે ભાઈના ઘેર રહેલી વિધવા બહેન પોતાના ઘેર જઈ શકે.

સુમન મામાને ત્યાં આવ્યો એના બીજા દિવસે સવારે મામાએ દીવાલ પરની એક મોટી છબી તરફ આંગળી કરીને સુમનને કહ્યું : 'બેટા, સુમન, રોજ સવારે ઊઠીને સૌ પહેલાં તારે આ છબીનું દર્શન કરવાનું. સુખી થઈ જઈશ.'

'આ તારી મમ્મી છે.' એવું કહેવાની મામાની હિંમત ન ચાલી. એ ચૂપ રહ્યા. પણ જેનો બુદ્ધિઆંક ઊંચો હતો, એવા આ સુમનને ઘણુંબધું સમજાઈ ગયું. એણે પેટ ભરીને છબીને નીરખી લીધી.

બીજા દિવસે સવારે ઊઠીને સુમન છબી સમક્ષ ઊભો રહ્યો. છબીમાંથી મંદ અને મીઠા સૂર પ્રગટતા હોય એવો એક ભ્રમ સુમનને થયો : 'બાબલા, હું તારી મા છું, તારી મા....!'

અને છબીમાંનો ચહેરો બરાબર પેલી સ્ત્રીનો હતો જેને ગામલોક ગાંડી કહેતાં હતાં.

❊

# ૨૨૪. માયા

અતૂટ ધારાઓ દ્વારા એક સપ્તાહ સુધી વરસાદ સતત વરસતો રહ્યો. નદીઓ ઉભરાવવા લાગી. સરોવરો છલકાયાં. બારે મેઘ કોને કહેવાય એનો પરિચય જનતાને થયો.

દામોદરે પત્નીને કહ્યું : 'ગોદાવરી, આપણું ખેતર પણ પાણીથી જળબંબાકાર થઈ ગયું હશે, નહીં ?'

'ખેતર જો ખેતર રહ્યું હશે તો જળબંબાકાર થયું હશે. કોણ જોવા ગયું છે ? ભલું હશે તો ત્યાં સોસાયટીના પાયા ખોદાતા હશે.'

'ખેતર વેચ્યા પછી એ દિશામાં મારા પગ ઊપડતા નથી. યાદ છે ગોદાવરી, દસેક વરસ પહેલાં આવો વરસાદ થયો હતો ને આપણા ખેતરનો નેચાડો (નીચાણનો) ભાગ નરવું તળાવ જ બની ગયો હતો.'

'હા, ત્યાં એક મહિના સુધી પાણી હિલોળાતું રહ્યું હતું.'

'એ મોસમ તો એ ભાગમાં વાવણી વગરની ગઈ હતી.'

'હા, પણ બીજા વરસે ભગવાને ત્રણ વરસનો ભેગો પાક આપી દીધો હતો.'

'તુવેર વાવી હતી. ઝાડનાં ઝાડ થઈને ફાલી હતી.'

'અને તુવેર કંઈ ઊતરી હતી, કંઈ ઊતરી હતી...!'

'આગલા વરસે ભરાયેલાં પાણીને લીધે કાંપ જામ્યો હતો. અને પાકમાં સોનું ઊતર્યું હતું. આ વરસે આ મોસમ ખાલી જાત પણ આવતે વરસે આપણે ધનના ઢગલા રળત...'

'ખેતર આપણા હાથમાં રહ્યું હોત તો ધનના ઢગલા રળત ને ? તમને સોના જેવાં કહણાં (કણસલાં) ને બદલે નોટોના કૂચા વહાલા લાગ્યા. પૈસાના મોહમાં ખેતર વેચ્યું અને હવે ખેતર સંભારવા બેઠા છો ! જે ખોયું એ પાછું આવવાનું નથી, માટે હવે કશો વલોપાત કર્યા વગર હૈયું ટાઢું રાખીને બેસો.'

'જન્મ્યા ત્યારથી એ ભોંય સાથે માયા બંધાણી હતી. નાનપણમાં દાદા અને બાપા સાથે ત્યાં જતા. વાડમાં ગૂંદીના ઝાડ ઉપર ચઢી જઈને ગૂંદાં ખાતા, કટલા આગળની બોરડી ઝંઝેરીને બોર ખાતા. સહેજ મોટા થયા એટલે ગોફણ વીંઝીને મોલ પરથી પંખીડાંને ઉડાડતા., ખીજડાના ઝાડ નીચે બેસીને બા લાવી હોય તે ભાત બાપા સાથે બેસીને મોજથી ખાતા...પછી તો, ખેતીમાં જોતરાયા એટલે રાત-પરોઢ આ ભોંય ઉપર પરસેવો પાડતા થયા. ગોદાવરી, આ બધું સાંભળ્યા જ કરે છે. આપણી ભોંય

આપણે અળગી કરી પણ સપનામાં તો રોજ આવે છે, હોં.'

દામોદર જરા અટક્યો. પછી એ બોલ્યો : 'ગોદાવરી, કોથળા ભરીને પૈસા લીધા. માટીનું ઘર વંછેરી નાખીને અસ્સલ મોટું દૈત પાકું ઘર બંધાવ્યું. મૂળુભાઈની સલાહથી વ્યાજ ખાવા ઠેર ઠેર થાપણો મૂકી. ગંજમાં શંકરાભાઈની પેઢીમાં થોડા મૂક્યા અને ખેતીનું ચાલતું ચલણ રહે એ માટે પાંચ વીઘાની ભોંય લીધી. પણ એ બધું ધૂળધાણી હોં...'

ગોદાવરીએ પતિના મુખ સામે જોયું. ત્યાં કશીક વેદનાનાં જાળાં ગૂંથાતાં હતાં. એણે વાતનો દોર બદલતાં કહ્યું : 'આપણે કંઈ જીવતર હારી બેઠાં નથી. પાંચ વીઘા તો પાંચ વીઘા, નવી લીધેલી ભોંય સાથે હવે માયા બાંધો. અખાતરીએ એ ખેતરમાં હળોતરા કરવા છે. ઊભા થાઓ, નવા ખેતર ઉપર એક આંટો મારી આવો.'

※

## ૨૨૫. મારિયાની આંખ

અપંગ મારિયા શાળામાં ટ્રાઇસિકલ ઉપર આવતી. કોઈની મદદથી ત્રણ પગથિયાં ચડીને વર્ગમાં જતી. અભ્યાસમાં તેજસ્વી. સંગીત, ચિત્ર વગેરે કળાઓમાં અસાધારણ શક્તિનો દેખાવ કરી શકતી. આ વર્ષે યુવક મહોત્સવમાં રાજ્યકક્ષાએ શૌર્ય અને રાષ્ટ્રભક્તિનાં ગીતોમાં પ્રથમ સ્થાને આવી હતી. શાળામાં એ સૌનું પ્રીતિપાત્ર બની હતી એ એની સૌથી મહત્ત્વની સિદ્ધિ હતી. એના વર્ગશિક્ષક તો ઘણી વાર કહેતા કે 'મારિયાના પગ તરફ નહીં, એની આંખ સામે જુઓ.'

વર્ગશિક્ષકની વાત સાચી હતી. મરિયાની આંખમાં અદ્‌ભુત ચમક હતી. કોઈ વાર એ આંખમાં સાગર ઊછળતો હોય, તો કોઈ વાર એમાં કલકલ વહેતા ઝરણાનો નાદ સંભળાતો હોય. તો કોઈ વાર ઊંડા આભના એકાન્તનું મૌન ! કુતૂહલ તો એની આંખમાં કાયમનું રહેઠાણ કરીને બેઠેલું.

એ બંને પગે અપંગ હતી. પણ એનો અફસોસ હોય એવું કદી જણાયું નહોતું. એ ઉલ્લાસપૂર્વક જીવન જીવી રહી હતી. એનામાં કોઈ લઘુતાગ્રંથિ ન હતી. એને જોઈને એના વર્ગશિક્ષક કહેતા : 'કેવી ખુમારી ! જીવન પરત્વેની કેવી મહોબ્બત ! ન કદી અફસોસ, ન કદી આહ...'

એક દિવસ યુદ્ધ મોરચે યશસ્વી કામગીરી બજાવી ચૂકેલા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીનો જાહેર સન્માન સમારંભ ગોઠવાયો હતો. સમારંભ શાળાના પ્રાંગણમાં હતો.

મારિયાના વર્ગશિક્ષકે મંચની સામે પ્રથમ હરોળમાં મારિયા માટે બેઠકની વ્યવસ્થા કરી હતી.

સમારંભ વખતે નગરજનોની હાજરીથી મેદની ચિક્કાર હતી. સભામાં જોશીલાં પ્રવચનો થયાં. ફૂલહારના ઢગ થયા, ગગનભેદી સૂત્રોચ્ચાર થયા. અને અંતે રાષ્ટ્રગીત માટે સાવધાન થવાની ઘોષણા થઈ.

મેદની ઉત્સાહભેર સાવધાન સ્થિતિમાં ખડી થઈ ગઈ. અઢી ત્રણ હજાર માણસ ઊભું હતું. પણ મારિયા ઊભી ન થઈ શકી. એના વર્ગશિક્ષક પહેલી હરોળની સામે ઊભા હતા. રાષ્ટ્રગીત ગવાતું હતું. એ વખતે એમની નજર મારિયાની આંખ ઉપર મંડાઈ. શું હતું એ આંખમાં ? ઊછળતા સાગરને બદલે એમાં એમણે અફાટ રણ અને ઉપર ધુમાડાના ઘટાટોપ જોયાં.

સભા પૂરી થઈ. મેદની વિખરાઈ. મારિયા એના સ્થાન પર બેઠેલી જ રહી. વર્ગશિક્ષક એની પાસે ગયા. મારિયાએ બે હાથમાં મોં છુપાવી દીધું અને ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

વર્ગશિક્ષકે ટેકો આપીને એને ઊભી કરી. ટ્રાઇસિકલ સુધી દોરી ગયા અને એમાં બેસાડી. વર્ગશિક્ષક ઘણું ઘણું બોલવા ઇચ્છતા હતા. પણ આ પળે કંઈ બોલ્યા નહીં.

એ સાંજે મારિયા વર્ગશિક્ષકને ઘેર આવી. એના હાથમાં શૌર્ય અને રાષ્ટ્રભક્તિનાં ગીતોની હરીફાઈમાં મળેલું પેલું સર્ટિફિકેટ હતું. એણે એ સર્ટિફિકેટ વર્ગશિક્ષકના હાથમાં મૂકતાં કહ્યું : 'આ સર્ટિફિકેટ પાછું મોકલી દેજો, સર. હું એને લાયક નથી !'

વર્ગશિક્ષકે મારિયાની આંખમાં જોયું. આજ પહેલી વાર એ આંખમાં એમને કોઈ સાગરનો ઘુઘવાટ કે ઝરણાંનો કલકલ નાદ ન જણાયાં. આજ એમને એ આંખમાં સાધારણ માનવીની આંખમાં હોય છે એવી હતાશા દેખાઈ. કોઈ કારમી હારનાં દર્શન થયાં.

વર્ગશિક્ષકે વહાલથી મારિયાના બે ખભા પકડી લીધા. એ હલાવીને એમણે કહ્યું : 'મારિયા ! તું હતાશ થઈ ગઈ છે ? હું તને કદી હતાશ થયેલી જોવા નથી ઇચ્છતો, મારિયા !! તારી સર્ટિફિકેટ પરત કરવાની ચેષ્ટામાં જ અપાર દેશભક્તિ રહેલી છે, બેટા ! આ હાર નથી, જીત છે !'

⁂

# ૨૨૬. માળા

સુશીલા અને લાભશંકર વાતો કરતાં બેઠાં હતાં. આ એમનો રોજનો ક્રમ. બંને ખર્યાં પાન રાત્રે ઘરના ઓટલા પર બેસીને પરિચિત સ્નેહીઓ, સગાંસંબંધીઓ તેમ જ કોઈ તાજી ઘટના વિશે, તો ક્યારેક નિજના જીવન પ્રસંગોની સ્મૃતિઓને લગતી વાતો કરીને સમય પસાર કરતાં.

સુશીલાબહેને કહ્યું : 'આજ પેલાં કંચન ડોસી ગુજરી ગયાં. એ ખબર પડી ?'

'હા, વલ્લભ અહીંથી નીકળ્યો હતો તે કહેતો હતો.'

'બિચારા મોરારભાઈ નોંધારા થઈ ગયા !'

'નોંધારા શાના ? કુટુંબનો મોટો કાફલો છે ને !'

'કાફલો શું કરવાનો ?'

'કેમ ?'

'તમે જોતા નહોતા ? ડોસા-ડોસી આખો દિવસ ઓટલા ઉપર બેસી રહેતાં હતાં, ગુમસૂમ ! આપણે બે તો વાતો કરીનેય વખત કાઢીએ છીએ, પણ એ બે તો એય નહોતાં કરી શકતાં. ડોસી બહેરાં થઈ ગયાં હતાં અને ડોસા સાવ અશક્ત. ઘાંટો તાણીને વાતેય શી રીતે કરે ? એકબીજાનાં મોઢાં સામે જોઈને વખત પસાર કરતાં, છતાં ડોસાને ડોસીનો એક આધાર હતો. હવે જોજો ને, ડોસાની શી ગતિ થાય છે તે ! મોટાંને એમની સાથે વાત કરવાની ફુરસદ નથી અને છોકરાં એમને ગણતાં નથી.'

'પળોજણ ઓછી. બે વખત જમવાનું તો પીરસાય છે ને ?'

'એમ ખાવાનું પીરસાયે શું વળ્યું ? સહારો તૂટ્યો એટલે જીવતર ઝેર કે બીજું કંઈ ?'

'એનો તો બીજો રસ્તોય શો ? ડોસા-ડોસીનાં એક જ દિવસે, એક જ ઘડીએ મોત થોડાં લખાયાં હોય ?'

'એની જ તો રામાયણ છે !'

આમ એ દિવસે સુશીલાબહેન અને લાભશંકર વચ્ચે કંચન ડોસીના મોત પરથી નીકળેલી એકલાવાયા જીવનની કઠણાઈઓ વિશે વાતો થતી રહી.

દસના ટકોરા થયા એટલે સુશીલાબહેને કહ્યું : 'ઊઠું ત્યારે બે માળા કરી લઉં.'

'ભલે, જાઓ.'

સુશીલાબહેન રોજ સૂતાં પહેલાં ભગવાનની છબી આગળ બેસીને પાંચ માળા કરી લેતાં. માળા કરી રહ્યા પછી ભગવાન પાસે કશું જ માગ્યા વગર એ ઊભાં થતાં.

પણ આજે એમણે માગ્યું : 'પ્રભુ ! હું તો બધુંય ખમી લઈશ. પણ એમને મારા પહેલાં ઉપાડી લેજે બસ આટલી માગણી છે.'

✻

## ૨૨૭. મીઠાં ફળ - માઠાં ફળ

વર્ષાની એક સાંજે એક માણસ મારી સામે આવીને ઊભો રહ્યો. એનું શરીર કૃશ હતું, રંગ શ્યામળો હતો અને પોશાક ગામઠી કહી શકાય એવો હતો. અજાણ્યો હોવા છતાં કશા ક્ષોભ વગર એ બોલ્યો : 'બાગ સારો બનાવ્યો છે, હોં.'

વગર પરવાનગીએ બંગલાના કંપાઉન્ડમાં પ્રવેશ કરવાની ધૃષ્ટતા કરનાર આ માણસના અભિપ્રાય તરફ મેં લક્ષ આપ્યું નહીં. પૂછ્યું : 'તમે કોણ છો ? કેમ આવ્યા છો ?'

એ માણસ પોતાનો પરિચય આપ્યા વગર જ બોલ્યો : 'અહીં એકાદ બે જામફળનાં ઝાડ ઉછેરો, સાહેબ.'

'જામફળનાં ઝાડ ?' શબ્દો ગમે છે, પણ મારા અવાજમાં નર્યો ગુસ્સો હતો.

'હા, અહીં અમૃત જેવાં મીઠાં જામફળ ઊતરશે. કહો તો રોપા લાવી દઉં.'

મેં એને તત્કાળ ચાલ્યા જવાનું કહ્યું અને એ ચાલ્યો ગયો.

બીજા ચોમાસામાં એ ફરી પાછો આવ્યો. અને એણે એ જ વાત ફરી કહી. આ વખતે મેં એને ફરી કમ્પાઉન્ડમાં ન પ્રવેશવાની ચીમકી આપીને કાઢી મૂક્યો.

ત્રીજે વર્ષે તો એક કરંડિયામાં જામફળના બે રોપા લઈને આવ્યો અને હું એના પર ગુસ્સો ઠાલવું એ પહેલાં તો કરંડિયો મૂકીને એ ભાગી છૂટ્યો !

ત્રણ-ત્રણ વર્ષથી રોપણીની મોસમમાં આ રીતે આવનાર આ માણસ મને રહસ્યમય લાગ્યો. વગર બોલાવે, વગર પરિચયે આવો આગ્રહ રાખનાર આ માણસ કોણ હતો ? એને જામફળની જ રઢ કેમ હતી ? પોતાના ખર્ચે એ રોપા કેમ મૂકી ગયો ?

રોપા આવ્યા જ છે તો ભલે વાવવામાં આવે એવો ઘરમાં સૌનો અભિપ્રાય હતો, એટલે વવાયા.

પણ આથી તો એક નવી આફત ઊભી થઈ. હવે તે માણસ અવારનવાર મારા બંગલા પાછળના એક ખાલી પ્લોટમાં ઊભો રહીને પેલાં ઊછરતાં ઝાડને નિહાળ્યા કરતો જણાયો.

એક દિવસ રોષે ભરાઈને મેં પેલાં કુમળાં ઝાડ કપાવીને ખાલી પ્લોટમાં ફેંકાવી દીધાં.

બીજે દિવસે બાલ્કનીમાંથી ભારે આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે એ માણસ પેલાં ફેંકી દીધેલાં ઝાડ પોતાના શરીર સરસાં રાખીને એમનાં ડાળાં પાંખડાંને પસવારી રહ્યો હતો.

હવે મને લાગ્યું કે આ એક પાગલ હતો.

પછી એ કોઈ દિવસ મારી નજરે પડ્યો નથી.

અમારી સોસાયટીને પચીસ વર્ષ પૂરાં થયાં એટલે રજતજયંતી ઉત્સવનું આયોજન થયું. ઉત્સવની એક બેઠકમાં સોસાયટીના સ્થાપકનું પ્રવચન હતું. એમણે સોસાયટીની સ્થાપના કાળનાં કેટલાંક સંભારણાં રજૂ કરવા માંડ્યાં. એમણે કહ્યું : 'આ સોસાયટીના સ્થળ ઉપર આમ તો હલકી જમીનનો વગડો જ હતો. પણ રણમાંય હરિયાળો એક ટુકડો હોય છે એમ એ વગડામાં દોઢ એકરનું એક ખેતર હતું. ખેતરના માલિકે પોતાનો પ્રાણ રેડીને એની જમીનને કેળવી હતી. એ પોતાના ખેતરને રામવાડી કહીને ઓળખાવતો. એને મન રામની ભક્તિ અને વાડીની ભક્તિ બે સરખાં હતાં. એ ખેતરમાં એ માણસ બધા પ્રકારનો મબલક પાક લેતો, પણ કોણ જાણે કેમ એને જામફળના પાક તરફ વધારે પક્ષપાત હતો. ખેતરના એક ભાગમાં એણે જામફળનાં ઝાડ ઉછેર્યાં હતાં. કલ્પી ન શકાય એવાં મીઠાં જામફળ એમાં ઊતરતાં હતાં. રામવાડીનાં જામફળ તરીકે એ ખૂબ પ્રસિદ્ધ પણ થયાં હતાં.

સોસાયટી માટે ૪૦ એકર જમીન અમે પાણીના મૂલે મેળવી લીધી. પણ પેલા માણસનું ખેતર મેળવવું અમારા માટે કસોટીરૂપ થઈ પડ્યું. કોઈ પણ સંજોગોમાં પોતાનું ખેતર વેચવા એ તૈયાર નહોતો. મોં માગ્યા પૈસા આપવા અમે તૈયાર હતા. પણ એ એકનો બે થતો નહોતો. આખરે અમે પ્રપંચનો આશ્રય લીધો. જાતજાતની લાલચો આપીને અમે એના દીકરાઓને હાથ પર લીધા. અને એમને એમના બાપ સામે ઉશ્કેર્યા. દીકરાઓએ જમીન વેચવા બાપ પર દબાણ કરવા માંડ્યું. ઘરમાં રોજ ઝઘડો થવા લાગ્યો. આખરે કંકાસથી થાકી, કંટાળીને બાપે દસ્તાવેજોમાં સહી કરી, પણ બીજે દિવસે એ ઘર છોડીને ચાલ્યો ગયો ! અમે પાપ કર્યું. ઘણો પસ્તાવો થાય છે, પણ બીજો માર્ગ શો હતો ? સોસાયટી તો ઊભી કરવી જ હતી.'

'એ માણસનું ખેતર ક્યાં હતું.' કોઈએ પૂછ્યું.

'સેક્ટર ત્રણમાં.' વક્તાએ જવાબ આપ્યો.

...અને હું પણ કોઈ પાપમાં હોઉં એવી લાગણી અનુભવી રહ્યો.

❊

# ૨૨૮. મુરબ્બી

શ્યામલાલ હરિ ગાડીવાળાની રાહ જોતા ઊભા હતા. એક જાહેર પરીક્ષાનું સંચાલન એમને કરવાનું હતું. સમય ઝડપથી સરકી રહ્યો હતો. મોડું થઈ રહ્યું હતું. અને હજુ હરિ દેખાતો નહોતો. શ્યામલાલના ચિત્ત ઉપર ટેન્શન વધતું જતું હતું. કેન્દ્ર ઉપર સમયસર ન પહોંચાય તો પરીક્ષા સમયસર શરૂ ન થાય. ઊહાપોહ મચી જાય. ઘટના છાપામાં પણ ચમકે.

છેલ્લી દસ મિનિટમાં એમણે ઘણી વાર કાંડા ઘડિયાળમાં જોઈ લીધું હતું. ફરી એક વાર એ ઘડિયાળમાં નજર કરવા જતા હતા ત્યાં પૂરપાટ ઝડપે ઘોડાગાડી આવતી જણાઈ. મૂંઝાયેલો અને હાંફળો-ફાંફળો હરિ શ્યામલાલ સામે આવીને ઊભો રહ્યો. એ પળે તો હરિને ધમકાવવા માટેનો સમય શ્યામલાલ પાસે નહોતો પણ ગાડીમાં ગોઠવાયા પછી ચાલતી ગાડીએ શ્યામલાલે હરિનો ઊધડો લેવા માંડ્યો : 'તમે લોકો કશું સમજતા નથી. જવાબદારીનું તમને જરા જેટલું ભાન હોતું નથી. કામ મળ્યા પછી લાપરવાહી દેખાડવી એ તમારા લોકોનું મોટામાં મોટું અપલક્ષણ છે...આ પબ્લિક એકઝામિનેશન કહેવાય. એક સેકન્ડનું પણ આઘુંપાછું ન ચાલે. કોઈ કંપલેઈન કરનાર મળે તો...'

શ્યામલાલ બોલ્યે જતા હતા. હરિ ગંભીર મુખમુદ્રા ધારણ કરીને સાંભળ્યે જતો હતો.

કેન્દ્ર ઉપર પહોંચ્યા પછી શ્યામલાલ પરીક્ષાના કામમાં રોકાઈ ગયા.

સાંજે પાછા ફરતી વખતે શ્યામલાલના ચિત્તને થોડી રાહત હતી. સવારના અનુસંધાનમાં હરિને એ કશુંક કહેવા ઇચ્છતા હતા.

ગાડી એક શેરીમાં થઈને પસાર થઈ રહી હતી. શેરીમાં કેટલાંક બાળકો રમતાં હતાં. એમાંથી કોઈકની નજર હરિના ઘોડા તરફ ગઈ, એ બોલી ઊઠ્યું : 'હરિ નવો ઘોડો લાવ્યો !'

'નવો ઘોડો', 'નવો ઘોડો...'

નવા ઘોડા અંગેનો શોર સાંભળીને શ્યામલાલને કુતૂહલ થયું. એમણે હરિને પૂછ્યું : 'આ નવો ઘોડો છે ?'

'ના, એક સંબંધીનો છે. પરીક્ષાનું કામ હતું એટલે આજના દિવસ પૂરતો લઈ આવ્યો છું.'

'કેમ, તારો ધોડો...?'

'ગઈ રાત્રે પાછો થઈ ગયો.'

'મરી ગયો ?'

'હા.'

'શું થયું હતું ?'

'કંઈ સમજણ ન પડી.' લાંબી વાત કરવાના મૂડમાં ન હોય એમ હરિએ ટૂંકમાં પતાવ્યું.

ચિત્ત ઉપર એકાએક કશીક ધૂન સવાર થઈ હોય એમ શ્યામલાલ ગુસ્સે થઈ ગયા : 'તું ગધેડો છે, ગધેડો ! સાવ ગધેડો !! તારામાં અક્કલ નથી. તું ઉલ્લુ છે, ઉલ્લુનો સરદાર...'

એકાએક શરૂ થયેલા આ મારામાં હરિને કંઈ સમજણ પડી નહીં. વિસ્મયથી એ સાંભળી રહ્યો.

શ્યામલાલ એકાએક મૂંગા થઈ ગયા. હરિ તો મૂંગો હતો જ. ગાડી ઊબડખાબડ સડક ઉપર દોડ્યે જતી હતી.

સ્થળ ઉપર ઊતર્યા પછી શ્યામલાલે હરિને જરી થોભાવીને કહ્યું : 'હરિ, સવારે તને આશ્વાસનના બે બોલ કહેવાને બદલે મારે તને ઠપકો આપવાનું થયું. તારામાં અક્કલ નહીં ત્યારે જ ને ? તારે મને હકીકતથી વાકેફ કરવો જોઈતો હતો. તું બેવકૂફ છે. સાવ ગધેડો !'

હરિ ચૂપ રહ્યો. એણે ગાડી વાળી લીધી અને ઘર તરફ જવા માટે અજાણ્યા ઘોડાને પોતાની આદત પ્રમાણે ડચકાર્યો.

ગાડી પૂરપાટ જવા લાગી. સવારે શ્યામલાલના ઠપકાથી ગાંઠડી થઈ ગયેલું હરિનું હૈયું અત્યારે થોડું ખૂલી રહ્યું હતું.

※

## ૨૨૯. મુષક માર્જારયો :

રિસાઈને પિયર ચાલી ગયેલી સ્મિતાને એક દિવસ નરેન્દ્રે માત્ર મોજ ખાતર એક પત્ર લખ્યો. આમ તો, એના ચાલ્યા જવાથી નરેન્દ્ર સુખિયો જ થઈ ગયો હતો. ઘરમાં પત્નીની ટકટક સાવ બંધ થઈ ગઈ હતી. હવે એ ખુશીથી બહાર જઈ શકતો, રાત ભાંગવા માંડે ત્યાં સુધી મહેફિલ કે મુશાયરામાં હાજરી આપી શકતો અને મિત્રોને આમંત્રણ આપી મિજબાનીઓ પાછળ મનફાવતો ખર્ચ કરી શકતો. આ સુખ એ જતું કરવા ઇચ્છતો નહોતો. પણ એક દિવસ પત્નીના મનનો તાગ કાઢવાના હેતુથી એણે

પત્ર લખ્યો. એમાં એણે એના ચાલ્યા જવાથી પોતે કેટલો દુ:ખી છે, દિવસો કેટલા લાંબા બની રહ્યા છે, રાત્રિઓ કેવી સંતાપી રહી છે એવી ઘણી ઘણી અને ખોટી ખોટી વાતો લખી.

ચારેક દિવસમાં તો સ્મિતાનો પત્ર આવી રહ્યો. એ જ નિરધાર ! પોતે કોઈ પણ સંજોગોમાં પાછી ફરનાર નથી.

નરેન્દ્રને મઝા પડી ગઈ.

એણે ઠીક ઠીક સમયને અંતરે સ્મિતાને પત્રો લખવા માંડ્યા. પતિની ગરજ સમજીને એ વધારે ને વધારે મક્કમ થતી જતી હતી. નરેન્દ્રને એ ગમતું હતું.

હવે તો નરેન્દ્ર પોતાના પત્રોમાં કેટલીક ક્ષુલ્લક બાબતો પણ ચીતરવા લાગ્યો. એક વખત એણે લખ્યું : '...હમણાં હમણાં એક બિલાડી (અથવા બિલાડો) રોજ રાત્રે આસપાસના મકાનોની છત નીચે આરામ કરતાં કબૂતરોને ઝડપી લે છે અને પછી એ મરેલાં કબૂતરને આપણી અગાશીમાં લાવી જયાફત ઉડાવે છે. સવારે અગાસીમાં ડોકિયું કરું છું તો પીંછાંના ઢગલા વચ્ચે ક્યારેક કબૂતરની ડોક તો કોઈ વખત પગ જોવા મળે છે...'

...અને બીજી મુસીબત નીચલા માળની થઈ છે. તારા ગયા પછી ભોંયતળિયાના ખંડોમાં હું ભાગ્યે જ જઉં છું. બારીબારણાં મોટા ભાગે તો બંધ જ રહે છે. એટલે હમણાં હમણાં ઉંદરોએ ત્યાં જોર પકડ્યું છે. પુસ્તકો, પાકીટ, બૂટ, ખુરશીની ગાદીઓ, સોફા અને કબાટનું લાકડું સુધ્ધાં ઉંદરોના દાંત નીચે આવી ગયાં છે. ગઈ કાલે તો 'શેક્સપિયર'નો વારો પણ આવી ગયો !...''

ત્રણ જ દિવસમાં પત્નીનો જવાબ આવી રહ્યો ત્યારે નરેન્દ્રને થોડું આશ્ચર્ય થયું. ઉત્કંઠાથી એણે કવર તોડ્યું. પત્નીએ લખ્યું હતું : '...ભોંયતળિયે તમારા 'શેક્સપિયર' કરતાં બનારસી સાડીઓ જેવી બીજી ઘણી વધારે કીમતી ચીજો છે. એનુંય ભાન રાખવું જોઈએ. ઉંદરનો ઉપાય કેમ ન સૂઝે ? અગાસીની બિલાડી ભોંયતળિયે આવતી થાય એટલું જ કરવાનું છે. પણ તમારાથી એ થવાનું નથી ! બે દિવસમાં હું જ ત્યાં આવી પહોંચું છું.'

❊

# ૨૩૦. મોક્ષ

ચુનિયા તરીકે ખ્યાત ચુનીલાલે કશા આશ્ચર્ય કે આઘાત વગર સુપ્રીમ કોર્ટનો ફાંસીનો ચુકાદો સ્વીકારી લીધો હતો. બલકે એને એ ગમ્યું હતું એટલે તો એણે એના કુટુંબીઓને કે વડીલને રાષ્ટ્રપતિ જોગ દયાની અરજી કરવાનો ઇન્કાર કરી દીધો હતો.

ફાંસી માટે મંગળવારના દિવસે વહેલી સવારે ૪-૩૦નો સમય નક્કી થયો હતો.

સાડા ત્રણ વાગે એને જગાડવામાં આવ્યો. એ જાગતો જ હતો. કોઈ નવી સફરે પ્રયાસ કરવાનું હોય એટલા ઉત્સાહથી એ બેઠો થયો.

આજે ધારણા કરતાં એના પ્રત્યે વધારે કુમાશ દાખવવામાં આવી રહી હતી. ચાની વાત એણે નકારી. એ બોલ્યો : 'આજે તો સૌ પહેલાં સ્નાન પછી માતાજીની પ્રાર્થના. પછી મારી ઇચ્છા પ્રમાણેનાં કપડાં આણ્યાં હશે તો તે પહેરીને નાસ્તો કરીશ.'

નાસ્તા માટે એની ઇચ્છા પ્રમાણે દહીં, ઘારી અને મેથીના ગોટા આપવામાં આવ્યાં.

નાસ્તા પછી ફાંસીનો માંચડે લઈ જવા માટે એને કાળકોટડીમાંથી બહાર કાઢવામાં આવ્યો. કોઈના આધાર કે ટેકાની એને જરૂર નહોતી. આઈ. જી. પી. (પ્રિઝન્સ) અને કમાન્ડો જેવા જણાતા ત્રણ ગાર્ડ્ઝ એની સાથે કદમ ભરતા હતા.

ફાંસીના માંચડા આગળ જિલ્લા મૅજિસ્ટ્રેટ, જેલ સુપરિન્ટેન્ડેન્ટ, મેડિકલ ઑફિસર અને હેંગમેન અગાઉથી ગોઠવાયેલા હતા.

ચુનીલાલની ગર્દન સુધી માથા પર કાળું કપડું ઓઢાડવા માટે ફાંસીગર માંચડે ચઢ્યો ત્યારે ચુનીલાલે કહ્યું : 'જરાક થોભો.'

ચુનીલાલ ફાંસીગરને જરાક થોભી જવાનું કેમ કહેતો હતો ? સૌ એના તરફ તાકી રહ્યા.

સૌને સંભળાવતો હોય એમ ચુનીલાલ બોલ્યો : 'વિદાય લેતાં પહેલાં મારે એક-બે વાત કહેતા જવી છે.'

'શી વાત કહેવાની છે ?' જિલ્લા મૅજિસ્ટ્રેટે પૂછ્યું.

કશા થરકાટ વગર ચુનીલાલ બોલ્યો : 'આ ધરતી પર જન્મ લીધા પછી એક મોટું પુણ્યકાર્ય કરીને વિદાય લઉં છું. મારા હાથે એક મહિષાસુર મરાયો એનો મને પરમ સંતોષ અને આનંદ છે. મેં કાર્ય ઘણા વિચાર પછી ઠંડે કલેજે કર્યું છે. મેં જેની હત્યા કરી એ માણસ નરાધમ નહિ પણ રાક્ષસ હતો. છટકતા રહીને એણે નાનીમોટી થોડી સજાઓ ભોગવી ખરી, પણ ભયંકર ગુનાઓમાં એ નિર્દોષ ઠરતો રહ્યો. એણે

કરેલા બળાત્કારોમાં એકમાં પણ એ ગુનાગાર ઠર્યો નહિ. કાયદાની ફૂટપટ્ટીથી ગુનો માપવા જતાં બધી વખત ગુનો થોડો હાથમાં આવે છે ? ન્યાય તોળાય ત્યારે જેની હત્યા થઈ હોય એને કોરી સ્લેટ માનવાનો અપરાધ આપણે અને ન્યાયખાતું કરીએ છીએ. કાયદાનું બધું લક્ષ્ય આરોપી પર હોય છે. જેની હત્યા થઈ એ તો જાણે મીણનું પૂતળું !

'મારી એક ફરિયાદ ન્યાયખાતા તરફ છે. ફાંસીનો ચુકાદો સંભળાવ્યા પછી છેલ્લાં દસ વર્ષથી ન્યાયખાતું દરરોજ મારી હત્યા કરતું રહ્યું છે. ચુકાદા પછી એના અમલમાં આટલો વિલંબ શા માટે ? ત્રાસદાયક દસ વર્ષ મારા માટે દોઝખરૂપ થઈ પડ્યાં હતાં. ખેર, આજે મુક્તિનો દિવસ આવ્યો છે. મેં પેલા રાક્ષસનો મોક્ષ કર્યો અને ભાઈ ફાંસીગર, તારે મારો મોક્ષ કરવાનો છે. વિના વિલંબે એ કર. ઈશ્વર તારું કલ્યાણ કરે !'

❋

## ૨૩૧. મૌન

એણે પોતાના જ ઘરમાં ડોકિયું કર્યું.

રાત હતી. આગલા ખંડમાં ધીમી સ્પીડ ઉપર સિલિંગ પંખો ફરતો હતો. સામી ભીંતે ઝભ્ભો લટકતો હતો, એક ઍલ્યુમિનિયમના હેંગર ઉપર. એની ચાળ કોઈક વખત પંખાના ધીમા પવનના સ્પર્શથી જરાક થરકી ઊઠતી હતી.

એ ખંડ પાછળ ચોક હતો. ચોકમાં અંધારું હતું. પણ આકાશમાં થોડે સુધી ચડી ચૂકેલા ચંદ્રના પ્રકાશની, ધોળેલી ભીંત ઉપરથી પરાવર્તિત થયેલી થોડી ઝાંય ત્યાં પડતી હતી. જરાક ઉજાસરૂપે. વીશીમાંથી આવેલા ટિફિનના ડબ્બાઓમાંથી કશુંક ઉચ્છિષ્ટ ચાટી લેવા કોઈક બિલાડું થોડો ખખડાટ કરતું હતું.

ચોકમાં પડતા પાછલા ખંડનું બારણું બંધ હતું. એટલે આંખ ત્યાંથી આગળ જઈ શકતી નહોતી.

એ બહાર ઊભો જ રહ્યો. એને ત્યાં ઊભા રહેવાનું ગમ્યું. ચોકમાં પેલાં વાસણનો ખખડાટ થોડો વધ્યો. એક ગ્લાસ ઊંધો પડ્યો. બિલાડું નિર્ભયપણે કશુંક મેળવી લેવા પ્રયાસ કરતું હતું.

એને સાદ કરવાનું મન થઈ આવ્યું, 'ભાઈસાહેબ છે કે ?'

આ જ પ્રશ્ન આ દ્વાર આગળથી અનેક વાર પુછાતો એણે સાંભળ્યો હતો. સવાર,

બપોર, સાંજ...ગમે તે સમયે.

એ જ પ્રશ્નના અનેક ઉત્તર એણે જુદા જુદા સમયે જુદા જુદા સ્વરમાં અનેક વાર સાંભળ્યા હતા :

'પપ્પા નાહવા બેઠા છે.'

'મોટાભાઈ આરામમાં છે.'

'બેસો, ભાઈસાહેબ જમવા બેઠા છે.'

'દાદા સ્ટડીરૂમમાં છે, લખે છે.'

અત્યારે એને પૂછી લેવાનું મન થયું : 'ભાઈસાહેબ ઘરમાં છે કે ?'

એણે આસપાસ જોઈ લીધું. કોઈ નહોતું. પડોશીઓનાં દ્વાર બંધ હતાં. કોઈ સાંભળી લે એટલા અંતરમાં કોઈ જ નહોતું. એણે ચેષ્ટા કરી જ લીધી : 'ભાઈસાહેબ ઘરમાં છે કે ?'

એના પ્રશ્નના જવાબમાં એકસામટા ઘણા ધ્વનિ આવવા લાગ્યા. પેલા બંધ બારણા પાછળથી. ઉપરના માળમાંથી. અંદરના રસોડામાંથી. ઘરના આંગણામાંથી. કોઈ ભૂગર્ભના પોલાણમાંથી ગળાઈ ને આવતા હોય એમ -

'પપ્પા બાથ લે છે.'

'ભાઈ આરામમાં છે.'

'દાદા સ્ટડીરૂમમાં છે, લખે છે.'

'બેસો ભાઈ, ભાઈસાહેબ જમવા બેઠા છે.'

એક, બે, ત્રણ, ચાર...એ બધા અલગ ધ્વનિ હતા. જુદા જુદા સૂર - એકસામટા છતાં સ્પષ્ટ. અબજો માઈલ દૂરથી આવતા હોય એવા. એણે ફરીથી પૂછ્યું : 'ઘરમાં કોઈ છે કે ?'

કશો પ્રત્યુત્તર નહોતો. એના પ્રશ્ન પછી ઘરનું મૌન ઘેરું બન્યું. એક પળ તો એને ત્યાંથી ચાલ્યા જવાની ઇચ્છા થઈ આવી. પણ એ ઊભો જ રહ્યો. કોઈ આગન્તુકની જેમ એ ઘરમાં નજર ફેરવી રહ્યો.

પંખો ધીમા વેગથી ફરતો હતો. ઝભ્ભાની ચાળ થોડીક થરકતી હતી. ચોકમાં થોડું અંધારું અને થોડો ઉજાસ હતો. બિલાડું હજુ કંઈક વધારે મેળવી લેવા વાસણ ખખડાવતું હતું.

અને ઘરનું મૌન વધારે ને વધારે ઘેરું બનતું જતું હતું.

❊

# ૨૩૨. યાદી બહારનો માણસ

પ્રમોદભાઈએ છાપાનું પાનું ફેરવ્યું. અને રુચિના ફોટોગ્રાફ પર નજર પડી. હાયર સેકન્ડરી પરીક્ષાનું પરિણામ હતું. એમાં રુચિ રાજ્યભરમાં પાંચમા નંબરે ઉત્તીર્ણ થઈ હતી.

પ્રમોદભાઈ હરખાયા. એમણે રુચિના ભણતરના આરંભમાં એને એકડો ઘૂંટાવ્યો હતો. આંકડા અને અક્ષરની દુનિયામાં એમણે જ એને પ્રવેશ કરાવ્યો હતો. પ્રમોદભાઈને જરાક હસવું આવી ગયું. રુચિ પાસે પાંચનો આંક ઘૂંટાવતાં તો એમના નાકે દમ આવી ગયો હતો. આજે એ રુચિ એ અંક ઉપર ગુજરાતભરમાં શોભી રહી હતી !

પ્રમોદભાઈ ફોટોગ્રાફને નીરખી રહ્યા. 'આ એ રુચિ છે ?' એમને થયું. એ વખતે એ દૂબળી-પાતળી હતી. થોડી રિસાળ પણ ખરી. જરાક ઊંચા સાદે કંઈ કહ્યું કે સમસમી ઊઠે. ચહેરો બદલાઈ જાય. ક્યારેક તો મોઢું નમેલું રાખે અને નાકની દાંડી પરથી આંસુ ટપકે ત્યારે ખબર પડે કે એ રડી રહી છે !

પણ આજે એણે ગુજરાતભરમાં નામ કાઢ્યું છે. પ્રમોદભાઈ પોરસાયા, ગૌરવનો અનુભવ કર્યો. એમણે ટેલિફોનનું રિસીવર તરત ઉપાડ્યું હોત, પણ ટેલિફોનના માલિક બનવાનું એમના નસીબે લખાયું ન હતું. પ્રાથમિક શાળાના શિક્ષક હતા ને ! આમેય એ એવા વિચારના હતા કે અભિનંદન તો રૂબરૂ જ અપાય. ટેલિફોનમાં આત્માનો ઉમળકો થોડોક રેડી શકાય ?

એમણે રાતનો સમય વિચાર્યો. રુચિને નિશાળે ભણાવતા હતા ત્યારે એક વખત રુચિના પિતા ઘનશ્યામભાઈના આમંત્રણથી એમના બંગલે જવાનું થયું હતું. બંગલાના ગાર્ડનમાં બેસીને ક્યાંય સુધી વાતો કરી હતી. મોટા ભાગે રુચિ વિશેસ્તો !

એ દિવસે ઘનશ્યામભાઈએ આગ્રહપૂર્વક પેટ ભરીને નાસ્તો કરાવ્યો હતો. આજે પણ એવું થશે એવા ખ્યાલથી એમણે સાંજનું ભોજન જતું કર્યું અને રાત્રે લગભગ નવ વાગ્યા પછી એ ઘનશ્યામભાઈના બંગલે જવા નીકળ્યા.

એ બંગલાના ફાટક આગળ આવ્યા, ત્યારે કમ્પાઉન્ડમાંથી ભરપૂર રોશનીથી એમની આંખ અંજાઈ, અને થોડી ક્ષણો સુધી ફાટકમાં જ થોભી ગયા.

એ ઊભા જ રહ્યા. ત્રણ-ચાર નોકરો ટ્રેમાં જુદા જુદા રંગનાં પીણાં લઈને મહેમાનોમાં ફરતા હતા. ભરપૂર રોશનીમાં પ્રમોદભાઈ જોઈ શક્યા કે પાર્ટીમાં ઉદ્યોગપતિઓ, વેપારીઓ, રુચિ જે કૉલેજોમાં ભણી હતી તે કૉલેજના આચાર્યો, કેટલાક અધ્યાપકો અને માધ્યમિક શાળાના થોડા શિક્ષકો હાજર હતા.

પ્રમોદભાઈ હજુ સ્થિર ઊભા હતા. પાર્ટીમાં ભાગ લેનારા હજુ આવી રહ્યા હતા. જુદી જુદી દિશાઓમાંથી આવેલાં બે માણસો ફાટક આગળ જ મળી ગયાં. એક સ્ત્રી અને એક પુરુષ હાથ મેળવવા અને ખબર અંતર પૂછવા એ બન્ને ફાટક આગળ જરા થોભ્યાં. એમના સંવાદમાંથી કેટલાક અંશ તરફ પ્રમોદભાઈનું ધ્યાન ખેંચાયું.

પુરુષે કહ્યું : 'ઘનશ્યામભાઈના ત્રણ ફોન આવી ગયા. મુંબઈની ટિકિટ કેન્સલ કરાવી પાર્ટીમાં આવવું પડ્યું.'

સ્ત્રી બોલી : 'અમારે પણ એવું જ થયું. ઉર્વીશ તો બહારગામ હતો. મેં પણ થોડી તકલીફ જણાવી. પણ ઘનશ્યામભાઈ માને કંઈ ? એ કહે, રુચિને અભિનંદન આપવા હોય તો રૂબરૂ આવવું પડશે. માણસ પણ મોકલ્યો. આવવું પડ્યું !'

આ સંવાદ સાંભળ્યા પછી પ્રમોદભાઈએ પૂંઠ ફેરવી લીધી.

સામે ઘર તરફનો રસ્તો હતો !

❊

## ૨૩૩. યુદ્ધ

બપોરના બે વાગતાંની સાથે જ મનવંતરાયનું ઘર ડોલ્ડ્રમ્સમાં પ્રવેશતા વહાણ જેવું બની જતું. સદંતર નિર્વાત પ્રદેશ. વહાણના સઢ પાડી દેવામાં આવે અને ગતિ સાવ મંથર. મનવંતરાયના ઘરનું પણ એવું જ. બે વાગે એટલે બારીબારણાં બંધ. બહારનો અવાજ ઘરની કોઈ તરડમાંથી પણ પેસી ન જાય એની બરાબર કાળજી લેવામાં આવતી. અને ઘરની દુનિયા પણ સાવ નીરવ. ટેલિફોનના રિંગની ઠેસી કાન માંડીએ તો જ સંભળાય એ રીતે ખસેડવામાં આવતી. કોઈ આગંતુક, કુરિયરનો માણસ કે ટપાલી ડૉરબેલ ન વગાડે એટલા માટે ઘરના નોકરને ઓટલા પર જ બેસાડવામાં આવતો. આમ મનવંતરાયનું ઘર બેથી ચાર વાગ્યા સુધી કડક બંદોબસ્ત હેઠળ રહેતું.

મનવંતરાયના ઊંઘવાનો આ સમય. આ સમય દરમિયાન જરાપણ અવાજ થાય તો મનવંતરાયનો ગુસ્સો ભભૂકી ઊઠતો. એટલે જ તો અવાજ ન થાય એ હેતુથી ઘરનાં બધાં નટનાં દોરડાં પર ચાલતાં હોય એવી તકેદારી રાખી સતર્ક રહેતાં.

આવા માહોલમાં બિન્દુ અને પિન્ટુ માટે ઘર એક જેલ બની જતું. પિન્ટુ સાત વરસનો અને બિન્દુ પાંચ વરસની. બન્નેની કૂદાકૂદ, દોડધામ અને ધમાચકડીની ઉંમર. બન્નેમાં એવો તરવરાટ કે એક ક્ષણ પણ જંપીને બેસે નહિ. એટલે આ બે કલાકમાં તો એ જાણે હાથીને બાંધવાની સાંકળોમાં જકડાયાં હોય એવી સ્થિતિમાં મુકાઈ જતાં.

ઊંચા ખાનદાનનાં સંતાન બપોરના સમયે એમને ઘર બહાર નીકળવા દેવાય નહીં. ઉનાળામાં લૂ લાગવાનો ભય અને શિયાળામાં તડકામાં ચામડી કાળી પડી જવાની બીક. વળી, અપહરણનીય એક ચિંતા. એટલે પિન્ટુ અને બિન્દુ ઘર બહાર સરકી ન જાય એની પણ ભારે કાળજી રખાતી. પાકી જેલ. બાળકો ગૂંગળાતાં, મૂરઝાતાં અને ચાર વાગવાની રાહ જોવામાં ઘડિયાળના કાંટા સામે વારંવાર જોયા કરતાં. હસી ખુશી, ખેલ બધું દેશનિકાલ !

પણ એક દિવસ એકાએક મનવંતરાયનું ઘર એક ઝંઝાવાતમાં સપડાયું. બપોર પછીના ત્રણેક વાગે એ પેલા ડોલ્ડ્રમ્સના અક્ષાશમાંથી ગરજતા ચાલીસિયા (rearing forties)વાળા અક્ષાંશોમાં આવી ચડ્યું. જાણે કોઈ તળાવની પાળ ફાટી, જાણે કોઈ અજેય ગઢના કાંગરા ખર્યા અને ગઢ જમીનદોસ્ત થયો — ઘર આગળ જ ચાર-પાંચ ડાઘિયા કૂતરાઓએ જંગ માંડ્યો. બહારનો કોઈ બુલંદ ગળાવાળો કૂતરો આવી ચઢ્યો હતો. એની અને ફળિયાનાં સ્થાનિક કૂતરાં વચ્ચે આ મોરચો મંડાયો હતો.

કૂતરાંને શાંત કરવાનું કોઈનું ગજું હતું કે નહીં એ વાત જુદી છે. સૌ ઘાંઘાં હતાં. પણ પિન્ટુ અને બિન્દુ આ મોરચામાંથી પ્રગટતા ગગનભેદી નાદથી ખુશી ખુશી થઈ ઊઠ્યાં. આજ પહેલી વાર દાદા સામે યુદ્ધ જાહેર થયું હતું. એ યુદ્ધમાં પક્ષકાર બનીને આ બે બાળકો ઊછળતાં હતાં, કૂદતાં હતાં, તાળીઓ પાડતાં હતાં અને કિલકારીઓ કરતાં હતાં...

☀

## ૨૩૪. યુદ્ધજ્વર

છનુભાઈ ઘેરથી નીકળ્યા ત્યારે ભારે ઉત્સાહમાં હતા. એમને ખબર હતી કે આજની સભામાં સંઘશક્તિનું રૌદ્રરૂપ પ્રગટવાનું છે. અને એમાંય પોતાના ઠરાવથી તો વૈશ્વાનર જ ભભૂકી ઊઠવાનો ! અને સરકારના નાકે દમ લાવી દે એવી લડતનાં મંડાણ થવાનાં છે.

સભામાં આવ્યા પછી એ મલકાયા. સભાનું રૂપ એમની ધારણા પ્રમાણેનું જ હતું. ભારે ઉત્તેજના વ્યાપી રહી હતી. સૌ સંઘર્ષના મૂડમાં હતા. એક જ સૂર બુલંદ બનીને પ્રગટતો હતો - તોફાનો વગર આ સરકાર ઝૂકવાની નથી...

એક અવાજ, એક અભિપ્રાય, વાંધા-વિરોધની વાત જ નહીં.

સિંહનાદ અને ગર્જનાઓ થવા લાગ્યાં હતાં : ‘ચલો પાટનગર !’

તોફાનના ભણકારા વાગી રહ્યા હતા...

ધાંધલ, ધમાલ, અશ્રુવાયુ, આગ, ગોળીબાર...

પાટનગર પહોંચી જવા સૌ એકપગે થઈ રહ્યા હતા.

સંઘ તરફથી વાહનોની સગવડ હતી. મેટાડોર, જીપ, ખટારો.

ભાષણો થયાં. યુદ્ધજ્વર વધ્યો.

હવે ઠરાવો પસાર થઈ જાય એટલી જ વાર હતી.

સભાની ધીરજ ખૂટતી હતી. આ ઠરાવો, ચર્ચા, સુધારા...કેટલો બધો સમય એમાં નીકળી જશે ?...

પહેલો ઠરાવ રજૂ થયો કે તરત જ સભામાંથી એક અવાજ આવ્યો : ''મંજૂર!''

અને એટલી જ ત્વરાથી સભાએ ગગનભેદી ઘોષ કર્યો : ''મંજૂર, મંજૂર !!''

અરે વાહ ! આ તો સરસ કીમિયો !

પછી તો ઠરાવ અર્ધોપર્ધો વંચાય અને સભામાંથી ''મંજૂર, મંજૂર''ના પોકારો ઊઠવા લાગ્યા.

છનુભાઈ ચિંતામાં પડી ગયા. રાતના ઉજાગરા વેઠી વેઠીને એમણે ઠરાવ ઘડ્યો હતો. જોરદાર વિગતો કેવી ઠાંસી ઠાંસીને ભરી હતી ! અને ભાષા તો આગની લપટો જ જાણે ! ઠરાવ તો વંચાવો જ જોઈએ.

છેલ્લો ઠરાવ એમનો હતો. એ ઊભા થયા.

અને એકદમ સભા ગર્જી ઊઠી : ''મંજૂર !''

ધીરજ ગુમાવ્યા વગર છનુભાઈએ માઇકમાં મોટા ઘાંટે કહ્યું : ''એમ નહીં, તમે ઠરાવ સાંભળો, અને પછી જ મંજૂર કરો. જરૂર લાગે તો ચર્ચા કરીએ.''

સંભામાંથી એક અવાજ આવ્યો : ''નામંજૂર !''

સભાએ પડઘો પાડ્યો : ''નામંજૂર ! નામંજૂર !!''

છનુભાઈએ કશુંક કહેવાનો પ્રયત્ન કર્યો. પણ ઘોંઘાટમાં કશું ન સંભળાયું.

ઠરાવ નામંજૂર થયો. અને છનુભાઈ હતાશ થઈને ઊભા રહ્યા.

પ્રમુખે સભા પૂરી થયાની જાહેરાત કરી. અને દરવાજા તરફ સભ્યોનો ભારે ધસારો થયો.

જે થયું એ થયું, પણ છનુભાઈનું જોશ કંઈક ઘટ્યું નહોતું. પાટનગર પહોંચી જવાનો એમનો ઉત્સાહ જરાય મોળો પડ્યો નહોતો.

એ દરવાજા બહાર નીકળ્યા અને નજર ફેરવી.

સામે બે-ચાર જીપ અને ત્રણ ટ્રકો પડી હતી. પણ એમાં તો જૂજ સંખ્યા દેખાતી

હતી. સભ્યોનો મોટા ભાગનો પ્રવાહ વાહનો તરફ જવાને બદલે બીજી દિશા તરફ કેમ જતો હતો ? ઘણાખરા વીખરાતા હતા ! પાટનગરને બદલે ઘર તરફ જતા હતા ?

છનુભાઈએ એક ઊંડો દમ લીધો. એ બબડ્યા : ''આ લોકોએ પોતાનો ઠરાવ બરાબર સાંભળ્યો હોત...''

મનમાંથી ઉત્તરાર્ધ પડઘાયો : '...તો ગૃપમાઇન્ડ ગેલ્વેનાઇઝ થઈ ગયું હોત. અને આમ....'

✻

## ૨૩૫. યુદ્ધનો પહેલો કોઠો

મોટાભાઈનો પત્ર આવ્યો ત્યારે રોહિતભાઈને એક ઝાળ લાગી ગઈ.

સંજુભાઈએ એમના રમેશને એક સંસ્થામાં નોકરીએ વળગાડવા માટે ભલામણપત્ર લખી મોકલવા રોહિતભાઈને જણાવ્યું હતું.

રોહિતભાઈને વિચારમાં પડી ગયેલા જોઈ પત્નીએ પૂછ્યું : ''કોનો કાગળ છે ?''

''સંજુભાઈનો.''

''શું લખે છે ?''

રોહિતભાઈએ વિગત ન કહી, પત્ર જ આપ્યો. વાંચીને પત્નીએ કહ્યું : ''થઈ જતું હોય તો શું ખોટું ? ભલામણ લખી મોકલો.''

રોહિતભાઈ પત્ની સામે જોઈ જ રહ્યા. સુલોચના બદલાઈ ગઈ હતી ? આજ સુધી આવું કામ પોતાના હાથે થયું નથી એ સુલોચના નથી જાણતી ?

નિવૃત્ત થયા ત્યાં સુધીમાં ઉદાહરણ તરીકે લઈ શકાય એવું ચોખ્ખું નામ એમણે સ્થાપ્યું હતું. ઊંચા હોદ્દા ઉપર હતા. પરિચયો ઘણા હતા. પણ એમણે આજ સુધી એક પણ પરિચયનો દુરુપયોગ કર્યો નહોતો. આજ સંજુભાઈ એ નામને ઉથાપવાનું કામ કરાવી રહ્યા હતા.

એમણે પત્નીને કહ્યું : ''તમેય આવું કહેશો ?''

સુલોચનાબહેન ઠાવકાઈથી બોલ્યાં : ''આજ સુધી તમારા હોદ્દાના મોભાને તમે સાચવી રહ્યા. પણ હવે શું છે ? હવે તો તમે રિટાયર થયા છો. કોઈ આંગળી કરે એની હવે શી બીક ? પંડનાં છોકરાંને રખડતાં રાખ્યાં, ભાઈનું તો સુધારો.''

રોહિતભાઈને શાંત જોઈ સુલોચનાબહેને આગળ ચલાવ્યું : ''દુનિયા સાથે કશું લાગતું વળગતું નથી એમ અત્યાર સુધી વર્ત્યા છો. સત્તા હતી, કશા વહેવાર કરવાના

નહોતા એટલે એ ચાલ્યું. હવે ઘણા વહેવાર ઉતારવાના બાકી છે. સંજુભાઈનું કામ નહીં કરો તો શું થશે એ ખબર છે ?''

''શું થશે ?''

''સંજુભાઈને એમ જ લાગશે કે એમના હોઠે આવેલો પ્યાલો તમે ઢોળી દીધો છે.''

''એ કેવી રીતે ?''

''તમારી ભલામણથી રમેશને નોકરી મળવાની જ છે. એ ન કરો તો એમ જ ગણાય ને ? અને એમ થશે તો સંજુભાઈનું મન તમારા ઉપરથી ઊઠી જશે. રમેશ પણ તમને 'કહેવાના કાકા' ગણશે. હજુ તમારે ઘણા અવસર કાઢવાના બાકી છે. આ બધાની ખરી જરૂર હવે છે. એમનું કામ નહીં થાય તો ખરા વખતે તમારી બાજુમાં કોઈ ઊભું નહીં રહે.''

જાણે કોઈ યુદ્ધનો પડકાર થતો હોય એમ રોહિતભાઈ સાંભળી રહ્યા. વળી સુલોચનાબહેન બોલ્યાં : ''નિવૃત્ત થયા એટલે નિરાંત આવી એમ ન સમજતા. સાત કોઠાનો સંસાર તો હવે શરૂ થાય છે....આ તો પહેલો કોઠો છે !''

રોહિતભાઈ પેલા પત્ર સામે જોઈ રહ્યા, યુદ્ધનો પયગામ હોય એમ જ. પોતાના કોઈ પણ અપરાધ વગર ખુવાર થઈ જવું એનું નામ યુદ્ધ. અહીં પોતાનો શો અપરાધ હતો ? અને સામે યુદ્ધનો પહેલો કોઠો દેખાતો હતો !

⁕

## ૨૩૬. યુદ્ધવિરામ

ડ્રગ સ્ટોરમાંથી 'બેગોન' ખરીદીને ભાર્ગવ પગથિયાં ઊતર્યો.

આમ તો વંદાઓનો નાશ કરવા ખરીદેલો એ પાઉડર જ હતો. પણ ભાર્ગવ અત્યારે કોઈ શસ્ત્રભંડારમાંથી વિનાશક દારૂગોળો લઈને ઊતર્યો હોય એવો જુસ્સો એની નસોમાં વહી રહ્યો હતો.

ઘરના ફર્શ ઉપર નિર્બંધપણે દોડાદોડ કરી રહેલાં વંદાઓથી એ કંટાળી ગયો હતો. હવે તો દિવસે પણ વંદાઓ આખા ઘરમાં રખડતા થયા હતા. પરશુરામે આખી પૃથ્વીને નક્ષત્રી કરવાનો પુરુષાર્થ કર્યો હતો, એમ આખું ઘર વંદારહિત બનાવવાનો પાકો નિર્ધાર ભાર્ગવે કર્યો હતો.

એણે યુદ્ધનો પ્રથમ મોરચો રસોડામાં ખોલવાનો વિચાર કર્યો. એણે પ્લાસ્ટિકના

એક છાલિયામાં થોડો પાઉડર કાઢ્યો. અને છાલિયું હાથમાં રાખીને એ રસોડા વચ્ચે ઊભો રહ્યો. ચારે તરફ નજર ફેરવી. એક બિન્દુએ એ નજર અટકી ગઈ. એક વંદો ફ્લોર ઉપર પીઠભેર ઊંધો થઈ ગયો હતો. અને સવળો થઈ જવા તરફડી રહ્યો હતો. ઝનૂનપૂર્વક પગ હલાવી રહ્યો હતો પણ એને કોઈ એવો આધાર મળી શકે એમ ન હતો કે જેને પકડી લઈને એ સવળો થઈ જાય. ભાર્ગવ વંદાના વીંઝાતા પગ જોઈ રહ્યો. અગણિત પગ અને છતાં નિઃસહાય. કેવી કરુણતા ! એક તેજીલું યંત્ર ચાલતું હોય એમ વંદાના પગ આંદોલિત થઈ રહ્યા હતા. કોઈ આંતરિક ધક્કાથી વંદાનું શરીર ગોળ ગોળ ઘુમરાતું હતું. પણ એ પડખાભેર થઈને સવળો થઈ શકતો નહોતો.

આને કોઈ આધર નહીં મળે તો આ વંદો આમ સવાર સુધી તરફડ્યા કરશે ? ક્યારેક તો વંદા સવળા થઈ શકતા હશે ને ? આવો વિચાર આવતાં વંદો કેવી રીતે સવળો થાય છે એ જોવા એણે કુતૂહલથી નીરખ્યા કર્યું. સ્થિતિમાં કંઈ ફેર પડતો નહોતો. પેલા પગ હજુ એ જ, બલકે વધારે ગતિથી વીંઝાયા કરતા હતા.

ક્યાંય સુધી વંદાનો તરફડાટ ચાલ્યા કર્યો.

'થાક્યો હશે બિચારો' એવો વિચાર આવતાં ભાર્ગવે વંદાને આધાર આપવાની ઇચ્છા કરી.

એણે કોઈ સળી, કાગળનો ટુકડો અથવા કોઈ પદાર્થ માટે આજુબાજુ નજર કરી. રસોડામાં તો કશાની એક કરચ પણ નહોતી. આંગળીનો આધાર આપી શકાય, પણ એ કલ્પનાથી જ એ ધ્રૂજી ગયો. કબાટમાં થોડાં ખોખાંખોળાં કર્યાં. કંઈ હાથ ન લાગ્યું. એણે રસોડા બહાર ડોકિયું કર્યું. કશું નજરે ચડતું ન હતું. ઉંબરા તરફ કાગળનો એક ટુકડો હતો ખરો. પણ એ એટલો બધો નાનો હતો કે એનો આધાર આપવા જતાં વંદો હાથ પર ચડી ગયા વગર કેમ રહે ? શર્ટ પર ચડી ગયા પછી તો શર્ટની બાંયમાં અને...ભાર્ગવને એકદમ કમકમાં આવી ગયાં.

પણ વંદાને આવી સ્થિતિમાંથી ઉગારવો તો જોઈએ જ - એનું મન કહેતું હતું. એણે ખિસ્સામાંથી રૂમાલ કાઢ્યો. ખંખેરીને એનો એક છેડો વંદાના પગ ઉપર ધર્યો. સ્પર્શ થતાં જ એક ઝોડની જેમ વંદાએ રૂમાલ પકડી લીધો અને એ રૂમાલના એક સળમાં પેસી ગયો. કોઈ હિંસક પ્રાણી પાછળ પડ્યું હોય એવી ત્વરાથી દોડીને ભાર્ગવ ઓટલા સુધી પહોંચી ગયો અને રૂમાલને વંદા સોતો બહાર ફેંકી દીધો !

પછી તો પ્રસન્ન થઈ પોતે જ શ્વેત ધ્વજ ફરકાવતો હોય એમ એણે યુદ્ધવિરામ જાહેર કરી દીધો !

⁂

# ૨૩૭. યુનિફૉર્મ

દિનકરભાઈ આજે નીકળ્યા તો હતા ફરવા, પણ માર્ગમાં ખાદી ભંડાર આવ્યો અને ૩૫ ટકા વળતરની જાહેરાત વાંચી એટલે એ ભંડારનાં પગથિયાં ચઢી ગયા. 'મારે પણ ખાદીનો એક પહેરવેશ હોય' એવા સૂત્રનું રટણ એ ઘણી વાર ખાદીધારી મિત્રો આગળ કરતા. એ મિત્રોના સંગના કારણે એ ખાદીની જાત-ભાત વિશે ઠીક ઠીક જાણી ચૂક્યા હતા. આંધ્રની, ગુજરાતની, કલકત્તાની એવી વિવિધ બ્રાન્ડ હેઠળ મળતી ખાદીમાં કલકત્તી (હવે કોલકતી ?) ખાદી મોંઘી પણ રુઆબમાં ખૂબ વધારો કરે એવી હોવાની જાણકારી મિત્રો પાસેથી એમને મળી હતી. ભંડારામાં સફેદ તાકાઓની સામે જઈને જવાબદાર કર્મચારીને એમણે કહ્યું : 'મારે કલકત્તી ખાદી જોઈએ.'

કામ સંભાળનાર ભાઈએ બે-ત્રણ તાકા ખેંચીને ટેબલ પર મૂક્યા. આ સો રૂપિયે મીટર, આ એકસો ચાલીસ રૂપિયે મીટર..

દિનકરભાઈએ ઝભ્ભા માટે ૧૪૦ રૂપિયે મીટરવાળી ખાદી લીધી અને લેંઘા માટે પણ ઊંચી જાત પસંદ કરી.

દરજીને ખાસ સૂચનાઓ આપીને પહેરવેશ તૈયાર કરાવ્યો.

ખાદીનાં કપડાં સ્ટાર્ચ કર્યા વગર પહેરાય નહીં એવી દિનકરભાઈની દૃઢ માન્યતા હતી. પોતાની નજર આગળ એમણે આ નવો પહેરવેશ ધોવડાવ્યો. એવી જ રીતે સીધી દેખરેખ નીચે એને ગળી અને સ્ટાર્ચ કરાવ્યાં. પહેરવેશ બરાબર ચમકીલો બને એટલા માટે સૂકવતી વખતે એને મધ્યાહ્નનો ભડકો ખવડાવવાની પણ સૂચના આપી.

અને જ્યારે એ પહેરવેશ ગરમ ઇસ્ત્રી હેઠળ પ્રેશર પામીને હેંગર ઉપર ચઢ્યો ત્યારે તો દિનકરભાઈની ખુશીનો પાર ન રહ્યો. એ મનોમન વિચારવા લાગ્યા : 'આ પહેરીને ચાલ્યા જતા હોઈએ તો ચાર માણસ આંખો તાણીને એને જોયા વગર ન રહે. અને ઊભી બજારે એક કિલોમીટર દૂર હોઈએ તોપણ નજરે પડીએ...'

બીજે દિવસે સવારે દિનકરભાઈએ આ પહેરવેશ ખૂબ કાળજી રાખીને ધારણ કર્યો. એ પછી આદમકદના એક અરીસા આગળ જઈને ઊભા રહ્યા. આજ પહેલી વાર એમને લાગ્યું કે આજ સુધી ખોટા પહેરવેશમાં જિંદગીનાં આટલાં વરસ પાણીમાં નાંખ્યાં !

એ નીચે ઊતર્યા. એમનો ઇરાદો એક-બે મિત્રોને મળીને પોતાના આ પહેરવેશ માટે પ્રશંસાના બે શબ્દો રળી લેવાનો હતો.

એ નીચે ઊતર્યા એટલે એમના આ પહેરવેશ તરફ સૌ પહેલું ધ્યાન એમના છ વરસના પુત્ર રાકેશનું ખેંચાયું. એ બોલ્યો : ‘કોના બેસણામાં જાઓ છો, પપ્પા?’

દીકરાની બદતમીઝીની ફરિયાદ કરતા હોય એમ એમણે પત્ની તરફ જોયું. પત્ની બોલી : ‘રાકેશે શું ખોટું પૂછ્યું છે ? હું જે પૂછવાની હતી એ જ એણે પૂછ્યું.’

દિનકરભાઈના ચહેરા પર ગુસ્સાની રતાશ આવી ગઈ. એમણે પત્નીને પૂછ્યું. ‘તમને આ બેસણાનું ક્યાંથી સૂઝ્યું ?’

‘નથી જાણતા હવે બેસણાં માટે સૌ સફેદ લેંઘા-ઝભ્ભામાં જ જાય છે. આ પહેરવેશ હવે તો બેસણાંનો યુનિફૉર્મ જ બની ગયો છે.’

‘ક્યારથી આ રિવાજ પેઠો છે ?’

‘ક્યારથી એ તો કોણ જાણે. પણ કીમતી સૂટમાં ફરનારા ગાડીઓવાળાઓએ જ આ રિવાજ શરૂ કર્યો છે.’

ઉપલા માળે પાછા જવા માટે દિનકરભાઈએ પીઠ ફેરવી અને કોઈ ન સાંભળે એમ બબડ્યા : ‘જ્યારે ત્યારે આ ગાડીઓવાળા જ દુશ્મન થઈને મેદાનમાં ઊતરે છે.’

☼

## ૨૩૮. ર□તરેખા

વસંતની બપોર હતી.

મન મહોરી ઊઠે એવું પ્રકાશ અને ઉષ્ણતાના અદ્ભુત મિશ્રણવાળું વાતાવરણ હતું.

એથી તો મારા કવિમનને ચોમેર વસંત સિવાય કશું જ દેખાતું નહોતું.

બસ થોભી, એક યુવતી દાખલ થઈ. એના મુખ ઉપર શતપાંખડીએ સૌંદર્ય ખીલી ઊઠ્યું. હતું. કોઈ અસાધારણ ઉલ્લાસ એના વદન ઉપર તેજ ધારણ કરીને બેઠો હતો. કોઈ વાર કેશપાશમાંથી છૂટી ગયેલી લટો વધારે સુંદર લાગે એમ એના ભાલપ્રદેશમાં કિનારેથી છેકાયેલો કોરો ગુલાબી ચાંલ્લો એના સૌંદર્યમાં ઉમેરો કરતો હતો. એણે પોતાના હાથમાંનાં પુસ્તકો ગાલ ઉપર સહેજ ટેકવ્યાં હતાં. એમાંય યૌવનસહજ મદનાં દર્શન થતાં હતાં. બારી આગળ એણે જગ્યા લીધી. પુસ્તકો ખોળામાં મૂક્યાં અને ગાલ બે બારી વચ્ચેના સ્ટીલના આવરણ ઉપર ટેકવી દીધા.

એની પાછળ એક યુવાન ચઢ્યો. પ્રફુલ્લમુખ ઉપર કોઈ ગહન આનંદની દીપ્તિ ઝળકતી હતી. આ યુવાનના મુખ ઉપર પણ પેલો કુસુમાયુધ જ બેઠેલો દેખાયો. અને

કોણ જાણે ક્યાંથી, પણ એ પુષ્પધન્વાને સત્કારવા જ જાણે છંટાયો હોય એમ એના સફેદ શર્ટના કૉલર ઉપર ગુલાબી રંગ લાગેલો હતો.

પેલી યુવતી હજુય સ્ટીલ આવરણ ઉપર ગાલ ટેકવીને બંધ પોપચે કોઈ સ્વપ્ન જોઈ રહી હતી.

થોડાં સ્ટૅન્ડ વટાવ્યા બાદ એ ઊભી થઈ. ફરીથી એણે કપોલ પ્રદેશ ઉપર પુસ્તકો ટેકવ્યાં. ઊતરતાં એક માદક દૃષ્ટિનિક્ષેપ એણે પેલા યુવક તરફ કર્યો અને બસમાંથી નીચે ઊતરી ગઈ.

ઊતરતી વખતે પેલાં પુસ્તકો સહેજ ખસી ગયાં, એ વખતે એના ગૌર ગાલ ઉપર એક જાડી આડી લાલ રેખા સ્પષ્ટપણે ઊઠેલી જણાતી હતી. એ રક્તરેખા એવી સુંદર રીતે શોભી રહી હતી કે એણે મારા ચિત્તનું જરૂર કરતાં વધારે ધ્યાન ખેંચ્યું.

ફરી એક વાર પેલા યુવકના શર્ટના કૉલર ઉપર રહેલા ગુલાબી કંકુ તરફ જ મારું ધ્યાન ગયું.

એકાદ સ્ટૅન્ડ પછી એ પણ ઊતર્યો.

બસ ફરી દોડવા લાગી.

વસંતની હવા ફરી શરીર, મન અને આત્માને સ્પર્શી રહી. પેલી યુવતી, યુવક, ખંડિત ચાંદલો, પુસ્તકો અને સ્ટીલના આવરણ નીચે ઢંકાયેલી રહેલી પેલી રક્તરેખા વારંવાર નજરે આગળ આવ્યા કર્યાં, જાણે પેલું પાગલ મન એમાંથી કોઈ કાવ્ય રચવા માગતું ન હોય !

એકદમ આંચકા સાથે બસને બ્રેક લાગી.

અને ધક્કા સાથે જ જાણે ખંડિત ચાંદલો, કૉલર ઉપરનું કંકુ અને ગોપવેલી રક્તરેખા ભેગાં થઈ ગયાં અને પેલું વસંતનું કાવ્ય આપોઆપ પ્રગટી ગયું !

⁂

## ૨૩૯. રખડુ

એ ઘરના ઓટલા પર આવીને બેઠો. આ ઘરમાંથી એક વહેલી સવારે એ ભાગી ગયો, ત્યારે બુઢ્ઢો બાપ ઊંઘતો હતો. ત્રણ વર્ષે પાછો આવ્યો ત્યારે ઘરને તાળું હતું.

ભાગી ગયો હતો, પણ ગામમાં એને કોઈની સાથે દુશ્મનાવટ નહોતી. બાર વર્ષના છોકરાને તે શી દુશ્મનાવટ હોય ? છતાં કોણ જાણે કેમ, પોતાને જોઈને લોકોનાં મોં ચડી જતાં...

કારણ કે પોતે રખડુ હતો. નિશાળામાં જવાને બદલે તળાવની પાળે જઈને બેસી રહેતો. વડના તોતિંગ વૃક્ષ ઉપર ચડી જતો. તળાવમાં ભૂસકા મારતો. વડવાઈએ હીંચકતો ગામમાં રખડતાં ગાય-ગધેડાને તગડતો અને એમની પાછળ દોડતો. ભાગતાં જાનવર કોઈને ગબડાવી પાડતાં, શિંગડે ચડાવતાં અને એ ગાળો ખાતો.

ખિસ્સામાં પૈસા નહોતા, પણ પાનના ગલ્લા આગળ ઊભા રહેવું એને ગમતું, કારણ કે લોકોને પોલિથીન કાગળમાંના મસાલાને હથેળીમાં મસળતા જોવામાં એને રસ પડતો. મોંમાં અર્ધું પાન ખોસીને બાકીનું દાંતથી તોડીને ફેંકી દેતા લોકોને એ અહોભાવથી જોઈ રહેતો. ગલ્લાવાળો એને ગાળો દઈને ભગાડે ત્યારે ભાગતો. ત્યાંથી ભાગીને પતરાંની છાયેલી હોટેલ સામેના ઝાડ નીચે મૂકેલા બાંકડા ઉપર બેસીને ગામ-ગપાટા મારતા નવરા લોકોની વાતોનો ભરપૂર કથારસ એ ઘૂંટડે ઘૂંટડે પીતો. કોઈ એકાદ રકાબી ચા ધરી દે તો પી લેવાની ઘણીયે લાલચ થતી, પણ કોઈ એને ચા ધરતું નહિ. અહીંથી પણ એને ગાળ ખાઈને ભાગવું પડતું.

ફળિયાના નાકે, મંદિરના ઓટલે, ગામના કોઈ પણ ચોકમાં અથવા કોઈ પણ સ્થળે થોભતો કે ત્યાંથી પસાર થતો, ત્યારે એને કાને કોઈ ને કોઈ શબ્દો પડતા : રખડેલ, ઊખડેલ શેતાન, બદમાશ...પણ આ બધું એના કાંઠે પડી ગયું હતું.

એક દિવસ એના મનમાં તરંગ ઊઠ્યો, અને વહેલી સવારે બુઢ્ઢો બાપ ઊંઘમાં હતો ત્યારે, લાકડાના કબાટના ચોરખાનામાંથી જેટલી રકમ હાથ આવી તે રકમ લઈને ભાગી ગયો.

વળી આજ આવીને ઘરના ઓટલા પર બેસી ગયો હતો. ઘરને તાળું હતું. એ તાળું કોણે માર્યું હશે એ વિચારવા કે સમજવાની ધીટતા હજુ એનામાં પ્રવેશી નહોતી. ઓટલા ઉપરની ધૂળ, તાળા ઉપરનો કાટ અને જાળી ઉપર બાઝેલાં જાળાં ઉપરથી એટલું તો એ સમજી શક્યો હતો - બાપ ઘણા સમયથી અહીં નથી.

કોઈને કશું પૂછ્યા વગર એ બેસી જ રહ્યો.

ત્યાંથી પસાર થનાર માણસો એને ઓટલા ઉપર સૂનમૂન બેઠેલો જોઈ કુતૂહલથી પળભર થોભતાં અને પોતાને રસ્તે આગળ વધતાં. કોઈક વળી મોં પણ મચકોડતાં. એમને આ રખડુનું પુનરાગમન ન પણ ગમ્યું હોય.

એના બાપનું શું થયું એ એને કોઈએ ન કહ્યું.

બપોર નમ્યા પછી એ ઊભો થયો. રેલવે સ્ટેશને જઈ ટિકિટ લીધી. નળે પાણી પીધું અને ડબ્બામાં જઈ બારી આગળ બેઠો.

ગાડી ઊપડી અને ધીરે ધીરે ગતિમાં આવી.

એના ગામની સીમ પસાર થઈ રહી હતી. આ સીમનાં લગભગ બધાં ઝાડને એ ઓળખતો હતો. એમાંનાં ઘણાં ઉપર એ ચડ્યો હતો અને ક્યારેક પડ્યો પણ હતો !

આ બધાં ઝાડ અવળી દિશામાં એનાથી દૂર ભાગતાં રહ્યાં. પોતાનાથી દૂર ભાગી રહેલાં આ વૃક્ષોને જોઈને, અત્યાર સુધી સાવ કોરી રહેલી એની આંખ એકાએક ચૂઈ પડી.

એનું મન બોલી રહ્યું હતું : 'બીજા તો ઠીક, તમે પણ...' અને પહેરણની બાંયથી એણે આંખ લૂછી...

⁂

## ૨૪૦. રણખજૂરી

કોણે પૂછ્યું એની ખબર નથી, પણ સવાલ આ હતો : 'આયખુ ફરી જીવી જવાની તક છે. તૈયાર છે ? ઇચ્છા હોય તો એ તક તને આપવામાં આવશે.'

સ્વપ્ન હતું ? એવા ઉટાંગ સ્વપ્ન પૂરાં થાય એ પહેલાં આંખ ઊઘડી જાય છે. સ્વપ્ન નહોતું. કોઈ ગેબી અવાજ હતો ? બહાર સ્કૂટર, મોટર, બાઇક, રિક્ષા (અને ટ્રકો પણ)નો કેવો ભારે અવાજ સતત વહેતો હતો ! આ ઘોંઘાટમાં ગેબી અવાજ કાન સુધી ક્યાં પહોંચે છે ?

જે હોય તે. પ્રશ્ન તો હતો જ.

આખું આયખું ફરી જીવવાનું થાય તો ?

એ કલ્પનાથી જ થથરી જવાય છે. આયખાનું ફરી આ બધું ?

બબ્બે ત્રણ-ત્રણ વર્ષના અંતરે એક પછી એક પોતાનાં બાળકોને ગુમાવવી ગોરાણીને એના ઓટલે પછડાટ ખાતી અને માથાં પછાડતી ફરી ફરી જોવાની ?

ફળિયા વચ્ચે છત્રી ઓઢીને ઊભેલા ઉમેદકાકા ઉપર કોદાળીનો ઘા કરતા સવજીને ફરી જોવાનો ?

ખુશાલ ડોસાના ભડભડ સળગી રહેલા ઘરને ફરી જોવાનું ?

આવી ઘટનાઓનો ક્યાં પાર આવે ?

જે આયખું જીવવાની તક મળી રહી છે એમાંય અંગત દુઃખના ડુંગરા જડ ઘાલીને ઊભા છે. ભાઈઓ વિમુખ થઈ દુશ્મનોમાં ભળ્યા. જેના ઉપર પાર વગરના ઉપકાર

કર્યા એ જ માણસો દ્વારા છેતરપિંડી, પીઠ પાછળ ખંજર, ખોટા દસ્તાવેજો દ્વારા મિલકતો હડપ કરવાની પેરવી...આવા આવા અનુભવો...

વહુવારુઓના શબ્દે નાચતા દીકરાઓ...

અને વૃદ્ધાશ્રમનો આ ચોક...

સવારે ચાર વાગે ઊઠી જાઓ, નાહી લો, પ્રાર્થનામાં હાજરી આપો. એમાં ગેરહાજરીની નોંધ લેવાય. પ્રમાદી કે અનિયમિત સાબિત થયા તો આ આશ્રય સ્થળમાંથી જાકારો...

દોઝખ જેવી આ જિંદગી ફરી જીવવાની તક ? ના, ના...

ખુદ ભગવાને ગીતાના આઠમા અધ્યાયમાં જેને દુઃખાલય કહ્યું એમાંથી ભાગી છૂટવાનું હોય કે એમાં રહીને આયખાને ફરી જીવવાની લાલસા રાખવાની હોય ?

'શો નિર્ણય કર્યો ?' ફરી ગેબી અવાજ. આ વખતે ચોખ્ખો સંભળાયો.

'જરા થોભો. ક્ષણમાં જાણ કરું છું.'

જીવને ગગનના કોઈ ઊંચા સ્થાને લીધો અને પસાર થયેલાં સિત્તેર વર્ષને ફરી નરખી લેવાનો પ્રયાસ કર્યો.

ધગધગતું રણ જ તો ! આ અફાટ રણમાં એક ખજૂરી ! એની નીચે કોઈ ઘેઘૂર વૃક્ષની છાયા નહોતી છતાં એ ક્ષીણ છાયામાં એ ઊભી હતી. એણે કહ્યું: 'તાપમાં બળી રહ્યો છે ને ?'

હું એને જોઈ રહ્યો.

એણે એના બે બાહુ ફેલાયાં બોલી : 'આવ, ટાઢક અનુભવ.'

અને જાણે આખું વિશ્વ શીતળ બની ગયું ! કેટલી ક્ષણ ?

પછી તો એ કદી ફરીથી ન મળી !

મેં પેલા ગેબી અવાજને મારો નિર્ણય જણાવ્યો : 'હા, મારે મારું આયખું ફરી જીવી લેવું છે.'

❊

# ૨૪૧. રંગના ફુવારા

એક દીવાલ હતી. કમ્પાઉન્ડ વૉલ. એની બંને બાજુએ બે મકાન હતાં. પૂર્વ તરફનું મકાન હતું. 'નીડ' અને પશ્ચિમ તરફનું 'આશિયાના'. કમ્પાઉન્ડ વૉલની બંને રાંગે એક-એક વૃક્ષ હતું. 'નીડ'ની સામે ગરમાળો અને 'આશિયાના'ની સામે ગુલમોર.

એપ્રિલ મહિનામાં પાંદડાંને સંપૂર્ણપણે ખંખેરી નાખીને ગરમાળો પીળાં ઝુમ્મર ધારણ કરી લેતો. અને મે મહિનામાં ગુલમોર આકાશને રાતા રંગથી ભરી દેતો.

મકાન બન્યાં ત્યારે બંને પાડોશીઓએ પોત-પોતાની કમ્પાઉન્ડ વૉલની રાંગે રાંગે પારિજાત, રાતરાણી, જાસૂદ, ચંપો વગેરે પણ વાવ્યાં હતાં. એ બધાંએ પોતાની ક્ષેત્રમર્યાદા જાળવી લીધી હતી પણ ગરમાળો અને ગુલમોર વધીને મોટાં વૃક્ષ બની રહ્યાં હતાં. એ બંને વૃક્ષોનો ઝુકાવ પડોશીઓના કમ્પાઉન્ડમાં ઠીક ઠીક વિસ્તાર સુધી પહોંચ્યો હતો. આમ બંને વૃક્ષોએ પાડોશીઓનું આકાશ કેટલેક અંશે આંતર્યું હતું.

સયમે કરવટ બદલી.

બંને બાજુનાં કુટુંબોનો વિસ્તાર વધ્યો.

પહેલાં દીવાલની બંને બાજુએ રોયલ ખુરશીઓ ઢાળીને સંવાદ થતા હતા એ હવે ભૂતકાળની વાત બની ગયા છે. સૌ પોતપોતાનામાં વ્યસ્ત છે. કોલાહલ વધ્યો છે.

એક દિવસ દીવાલ પાછળ 'આશિયાના'ના પેવમેન્ટ પર સત્તાવાહી અવાજ સંભળાયો : 'ગરમાળાનાં આ બાજુ ઝૂકેલાં બધાં ડાળાં કાપી નાખો.' ગયે વરસે પરણીને આવેલી 'આશિયાના'ની એક પુત્રવધૂ માળીને હુકમ આપી રહી હતી. હુકમમાં ઉમેરો કરતાં એ બોલી : 'કાપેલાં બધાં ડાળાં એમનામાં ફેંકી દો. એમનાં છે, એમણે એનો નિકાલ કરવો જોઈએ.'

'નીડ'ના મોભી દુર્ગારામ આ સાંભળી રહ્યા હતા.

માળીના હથિયારનું તીક્ષ્ણ પાનું ડાળાં પર ઝીંકાતું સંભળાવા લાગ્યું. કપાયેલાં, ચિરાયેલાં ડાળાં-ડાળીઓ અવાજ સાથે ભોંય પર ધરબાવા લાગ્યાં.

દુર્ગારામના કાન કપાતાં ડાળાનો અવાજ સાંભળી રહ્યા હતા પણ નજર એ વૃક્ષની ડાળીઓ પર મંડાયેલી હતી. અત્યારે એની ઉપર પુષ્પ ઝુમ્મર ફૂટવા લાગ્યાં હતાં.

એક મે મહિનો. દુર્ગારામ રોયલ ખુરશી નાખીને બેઠા છે. 'નીડ'ના આકાશમાં ઝૂકેલા ગુલમોરની ડાળીઓ ઉપર નજર ઠરી છે. ઘેરા રાતા રંગની વૃષ્ટિ થઈ રહી

છે. વાંદરાને ગુલમોરનાં ફૂલ બહુ ભાવે એટલે એ ખાવા વાંદરાંનું એક વૃન્દ એ વૃક્ષની ડાળીએ ડાળીએ વહેંચાઈને બેઠું છે. મોજમાં આવે ત્યારે ડાળીએ ડાળીએ આ વાંદરાં કૂદતાં રહે છે. ફૂલ અને ડાળીઓનો ભજવાડ 'નીડ'ના પેવમેન્ટ પર વેરાય છે...

અત્યારે રમત અધૂરી મૂકીને દાદાનો પૌત્ર આવી પહોંચ્યો છે. એણે પોતાના કમ્પાઉન્ડમાં વેરાયેલાં ડાળાં જોઈને કહ્યું : 'દાદા, આપણે પણ ગુલમોરનાં આ ડાળાં કાપીને એમનામાં ફેંકી દઈએ.'

દાદા મીઠું હસ્યા. પછી બોલ્યા : 'એમને પીળા રંગની તરસ નહીં હોય, દીકરા, આપણને રાતા રંગની તરસ છે. જોજે ને, થોડા દિવસમાં અહીં રાતા રંગના ફુવારા છૂટશે.'

❊

## ૨૪૨. રાડ

'આંખ ઉઘાડો, સુખલાલ !' ડૉક્ટરે સૂચન કર્યું.

સુખલાલ પ્રસન્ન થયા. એ આશાએ કે ડૉક્ટરે મોતિયો ઉતારતાં પહેલાં જે-જે કહ્યું હતું એ બધું ફળિભૂત થશે. આંખની ચમક, તેજ બધું પૂર્વવત કદાચ હતું એના કરતાંય વધારે સારું...બધું સ્વચ્છ, સુંદર, રંગો મૂળ સ્વરૂપમાં...

સુખલાલ વિચારે ચઢી ગયા. આ આંખ !

આંખ શું કામ, આંખો-પૂર્વમાં ચંદ્ર ઊગતો. બારીમાંથી ચંદ્રનું ભરપૂર અજવાળું રેલાતું એમાં આ આંખો પુસ્તક વાંચી લેતી.

સહ કાર્યકર શાહ આ આંખો પર વારી ગયા હતા. એ કહેતા : 'યોર આઈઝ આર સેકન્ડ ટુ લૉર્ડ ક્રિષ્ણાઝ !'

સુખલાલે એકવાર એમનું ઑઇલ પેઇન્ટ પોર્ટ્રેટ બનાવવા એક ચિત્રકારને પોતાનો ફોટોગ્રાફ આપ્યો ત્યારે એ બોલી ઊઠ્યો હતો : 'ભઈ, તમારી આંખો તો જલ્લાદ છે !'

આ આંખોએ કોઈને ઘાયલ કર્યાનું કે હણ્યાનું સુખલાલની જાણમાં આવ્યું નહોતું. પણ ચિત્રકારનો હેતુ જાણી એ પ્રસન્ન થયા હતા.

અને મરાઠીભાષી પેલો મૂળે ! એણે એકવાર કહ્યું હતું : 'કોમરેડ, તમારી આંખો છે ભયંકર, હોં !' આ મિત્રના મનમાં 'ભયંકર' શબ્દની શી અર્થછાયા હતી એ સુખલાલ જાણતા હતા, એટલે એ શબ્દ સાંભળતાં એ મલકાતા.

સુખલાલ પોતે પણ જુવાનીમાં દર્પણમાં પોતાની આંખો નિહાળતા ક્યાંય સુધી મીટ માંડી રહેતા. એ તો સારું હતું કે દર્પણ કોઈ સરોવરની સપાટી નહોતી. અન્યથા, સરોવરમાં પોતાના જ મુખપ્રતિબિંબ ઉપર મોહ પામીને સતત પાણીની સપાટી ઉપર ઝળૂંબી રહેવામાં પાણીમાં પડીને ડૂબી મરેલા પેલા નાર્કિસસ જેવી સ્થિતિ એમની પણ થઈ હોત !

ડૉક્ટરે કહ્યું : 'શા વિચારમાં ખોવાયા છો, સુખલાલ ! આંખ ખોલો.'

સુખલાલ એક રઢિયાળી દુનિયામાં ખોવાયા હતા. ડૉક્ટરના બીજી વારના સૂચન પછી જાણે એ ભાનમાં આવ્યા. કશીક ભીતિ અને કશાક આનંદની મિશ્ર લાગણીથી એમણે હળવે હળવે આંખના પોપચાને ઊંચક્યું.

'કેવું દેખાય છે ?' ડૉક્ટરે પૂછ્યું.

'ડૉક્ટર !!' સુખલાલ રાડ પાડી ઊઠ્યા.

ત્યાં ઊભેલાં સૌમાંથી કોઈને સુખીલાલની રાડનો કશો અર્થબોધ ન થયો.

☼

## ૨૪૩. રાતવાસો

હિસાબનું કામ પૂરું થયું અને મહેતાજીએ બહાર જોયું.

બહાર કંપાઉન્ડમાં સાગના ગોળવાઓ ઉપર બેઠેલા જુગલ મિસ્ત્રી ઉપર એમની નજર પડી.

સાંજ પડી ગઈ હતી. લાટીના વહેરણિયાઓ અને મજૂરો સૌ ચાલ્યા ગયા હતા. અત્યારે આ માણસ એકલો અહીં શા માટે બેઠો હશે, એવા કુતૂહલથી ગાદી ઉપરથી ઊઠીને મહેતાજી એની પાસે આવ્યા અને પૂછ્યું : 'કોણ છો, ભાઈ ?'

'મિસ્ત્રી છું.'

'કેમ આવવું થયું; અને અહીં અદડૂકી જગ્યા ઉપર કેમ બેઠા છો ?'

'આવ્યો છું, આજની રાત અહીં આશરો લેવા; કાલે સવારે વહેલા ઊઠીને ચાલ્યો જઈશ. અહીં પડી રહેવા દ્યો તો પડી રહું...'

'એ તો ઠીક, ક્યાંથી આવો છો ?'

'બનાસકાંઠેથી આવું છું; ધંધારોજીની ખોળમાં...'

'પણ સાવ આમ હાથેપગે ?'

'ભગવાન પર ભરોસો છે, જોઈતું મળી રહેશે.'

'ઠીક, ઠીક' મહેતાજીએ આગળ કંઈ ન પૂછ્યું અને ઘેર જવાની તૈયારી કરી રહેલા લાટીના નોકરને સૂચના આપી : 'બેચરભાઈ, મિસ્ત્રીને બાજુની લૉજમાં જમાડી આવો.' અને પછી જુગલ મિસ્ત્રીને ઉદ્દેશીને કહ્યું : 'જમી આવો પછી આ આખો ચોક પડ્યો છે, જ્યાં સૂવું હોય ત્યાં સૂજો.'

આટલું કહી મહેતાજી ઑફિસ બંધ કરીને ચાલ્યા ગયા.

મિસ્ત્રીને લૉજમાં જમાડીને બેચર એમને ઝાંપા સુધી પાછા લઈ આવ્યો પછી બોલ્યો : 'તમે અંદર જાઓ. હું ઝાંપો વાસીને બહાર તાળું મારું છું.'

'અહીં ચોકીમાં કોઈ નથી ?'

'બધું ભગવાન ભરોસે, તમારે વહેલા જવું હોય તો ઝાંપો ઠેકીને જજો' કહીને બેચર પણ જતો રહ્યો.

જુગલ મિસ્ત્રી અચંબામાં પડી ગયા. મહેતાજી જેવો માણસ શેઠને પૂછ્યા સિવાય અજાણ્યા માણસને આમ જમાડે, લાટીના કંપાઉન્ડમાં રાતવાસો કરવાની છૂટ આપે...વળી આટલી મોટી લાટીમાં કશી ચોકી નહીં. કેટકેટલો માલ ખુલ્લો પડ્યો છે. નક્કી, અહીં રામનો વાસ છે.

જુગલ મિસ્ત્રી જમીન ઉપર તો નહિ, પણ પેલા સાગના ગોળવાઓ ઉપર સૂઈ ગયા. પાસે કંઈ થેલી કે છેવટે માથાનું ફાળિયું હોય તો ઓશીકું થાય ને ! ઉપર આકાશ, અગણિત તારા...

એક દિવસ બનાસકાંઠેથી આવેલા કોઈ સગાને જુગલ મિસ્ત્રી પોતાની વાત કહી રહ્યા હતા : 'કો'ક પળ યાદ રહી જાય છે. ક્યાંક પાણી પીધાની, ક્યાંક રોટલો ખાધાની...પણ કચ્છીની લાટીમાં મળેલા આશરાની પળ !...એની મીઠાશ આગળ સાત સમંદર ઉપરનો અધિકાર, ત્રણે લોકનું રાજ, સ્વર્ગનું વિમાન...બધુંય ઝાંખું, બાપુ. એવી દેવતાઈ પળ ફરી માણવા મળી નથી. અત્યારે તો સુખિયો થઈ ગયો છું. કુટુંબ-કબીલાનો કાફલોય હવે તો મોટો છે. સુખસાહ્યબીમાં કંઈ મણા નથી. ઘરમાં સૌ પોતપોતાની આગવી ગાડી ફેરવે છે, પણ સ્વર્ગવાળા હિસાબ લેવા કશું પૂછે તો ધડ દઈને કહી દઈશ, 'બધુંય કચ્છીની લાટીના ગોળવાની સેજ હેઠ, પ્રભુ !'

⁂

# ૨૪૪. રિહર્સલ

ઉત્તર ભારતની યાત્રાએ જતાં પહેલાં કનકબહેને એમના પતિ મનહરલાલને કહ્યું : 'જાત્રા એક મહિનાની છે. વહુ તમારી બધી સારસંભાળ રાખશે. કશી ચિંતા ન કરતા.'

'તમે સુખેથી યાત્રાએ જાઓ, મને અહીં રિહર્સલની તક મળી જશે.'

કનકબહેને 'રિહર્સલ' શબ્દ સાંભળ્યો કે નહીં એ તો કોણ જાણે, પણ મનહરલાલ કશુંક ભેદભરમવાળું બોલ્યા એવી શંકા જતાં થોડી વાર એ પતિ સામે જોઈ રહ્યાં. પછી બોલ્યાં : 'શું કહ્યું, તમે ?'

મનહરલાલ 'રિહર્સલ' શબ્દ બોલી ગયા એ પછી તરત જ એમને લાગ્યું કે બોલવામાં ભારે ભૂલ થઈ ગઈ છે. કનક ખુલાસો માગશે તો જવાબ આપવો ભારે થઈ જશે. અને થયું પણ એવું જ. કનકબહેને સવાલ કર્યો જ.

મનહરલાલને લાગ્યું કે પત્નીના પ્રશ્નનો ઉત્તર આપતાં ગેંગેં ફેંફેં થઈ જવાશે તો ભારે ગૂંચવાડો થશે. એટલે એમણે અસત્યનો આશ્રય લઈને કહી દીધું : 'એ તો તમને અંગ્રેજીમાં શુભેચ્છા પાઠવી.'

'અમે શુભેચ્છાઓ ઘણી સાંભળી છે. એક શબ્દની શુભેચ્છા ક્યાંય ન જાણી. હું જાત્રાએ જાઉં એ તમને નથી ગમ્યું ને ? ચોખ્ખે ચોખ્ખું કહી દો એટલે હું જવાનું માંડીવાળું. ટ્રાવેલ્સ કંપની સારી છે. અને સગાંવહાંલાનો સંગાથ છે એટલે થયું, જીવતાં-મરતાં એક વાર બદરીકેદારનાં દર્શન કરી લઉં. પણ તમને ન પાલવતું હોય તો માંડીવાળું.

'એવું નથી. તમે જાત્રાએ જાઓ એમાં હું ખુશ છું. પ્રવાસમાં તમારે લઈ જવાની વસ્તુઓ હોંશેહોંશે એકઠી કરું છું. છતાં આમ કહેશો ?'

જેમ તેમ કરીને 'રિહર્સલ' શબ્દ ફરી ઉચ્ચારવો ન પડે એ રીતે મનહરલાલે પત્નીનું મન લલચાવી લીધું.

પણ કનકબહેને અધૂરો સાંભળેલો આ શબ્દ રસોઈ કરતાં કરતાં મનમાં ગોઠવતાં રહ્યાં. છેવટે જમવાના સમય સુધીમાં એમને શબ્દનો પૂરો અંકોડો હાથ લાગ્યો. અને એ ધૂંવાંપૂંવાં થઈ ગયાં. ધસમસતાં મનહરલાલ પાસે પહોંચી ગયાં અને કહ્યું : 'તમે શું બોલ્યા હતા ?'

ફરી આફત ઊભી થશે એની મનહરલાલને કલ્પના ન હતી. પતિના જવાબની રાહ જોયા વગર કનકબહેન બોલ્યાં : 'તમે શું બોલ્યા હતા એની મને ખબર છે.

આપણો નરેન કૉલેજમાં નાટક કરતો હતો ત્યારે ઘણી વાર આ શબ્દ એના મોઢે આવતો. કહો તો ખરા, નાટકની વાતનો શો ભરમ છે ?'

મનહરલાલને લાગ્યું કે હવે છટકી શકાય એમ નથી. એટલે એ બોલ્યા : 'ભરમની વાત કહીશ એટલે તમે મારા પર ગુસ્સે થશો.'

'ગુસ્સે થવા જેવું હશે તો ગુસ્સે થઈશ. જે હોય તે કહી દો ઝટ.'

'સાંભળો,' મનહરલાલ બોલ્યા : 'ઘડપણ વખતે પતિ-પત્નીમાંથી કોઈ એક ગુજરી જાય ત્યારે બીજાને વહુના ઓશિયાળા થવું પડે છે. અને એમના પર શી વીતે છે એ વિશે ઘણું સાંભળ્યું છે. ન કરે નારાયણ અને એક દિ' તમે આ જગત ઉપર ન હો એ વખતે મારી શી દશા થશે એનો અનુભવ મને તમે જાત્રાએ જાઓ એટલે થશે. આ એક જાતનું રિહર્સલ જ ગણાય ને ?'

'ઓ હો...હો...!' ઉદ્ગાર સાથે કનકબહેન હસી પડ્યાં. પછી બોલ્યા : 'આટલી વાત ઉપર તમે આ શબ્દ બોલતાં મૂંઝાતા હતા ?'

'એમાં તમારા મોતની વાત સંકળાયેલી હતી ને....'

'પણ હવે એક કામ કરજો. તમને કડવા અનુભવ થાય એ મને કહેજો. જ્યારે મારે મોટા ગામતરે જવાનું થશે ત્યારે વહુને વચનથી બાંધીને જ જઈશ !'

※

## ૨૪૫. રુગ્ણાલયના દરવાજે

રક્તપિત્ત રુગ્ણાલયના દરવાજામાં પ્રવેશતાં સાથે ટેરાકોટાનું એક શિલ્પ હતું. એક શિશુ માના બંને ઘૂંટણને બાથમાં લઈને ઊભું હતું. માનો એક હાથ બાળકના મસ્તક પર હતો. આવા મહત્ત્વના સ્થાને કોઈ આરસ પ્રતિમાને બદલે ભઠ્ઠીમાં પકવેલું માટીનું આ શિલ્પ જિતેન્દ્ર માટે આશ્ચર્યપ્રેરક હતું. વળી એ કોઈ અણઘડ કારીગરના હાથે તૈયાર થયેલું હોય એવું થોડું બેડોળ પણ હતું.

જિતેન્દ્રે ત્યાં ઉપસ્થિત સંસ્થાના કર્મચારીને પૂછ્યું : 'આવા ઉત્તમ પરિવેશમાં આવું બેડોળ શિલ્પ શાથી ?'

'અમારી દૃષ્ટિએ તો એક શ્રેષ્ઠ શિલ્પ શ્રેષ્ઠ સ્થાને છે.' કર્મચારીએ જવાબ આપ્યો.

કોઈ જડ માણસનો ઉપહાસ કરતો હોય એમ જિતેન્દ્ર જરાક હસીને આગળ વધ્યો.

હવે પોતે એક ઉત્તમ રુગ્ણાલયમાં ફરી રહ્યો હોય એવો અનુભવ એને થવા લાગ્યો. અલગ અલગ વૉર્ડોમાં સ્ત્રી-પુરુષ અને બાળકોનો ઉપચાર ચાલી રહ્યો હતો.

ચાલતાં ચાલતાં જિતેન્દ્ર એક જુદા વિભાગમાં પ્રવેશ્યો. આ વિભાગમાં સાજા થઈ ચૂકેલાં દરદીઓને જુદા જુદા પ્રકારના ટ્રેડઝની તાલીમ અપાતી હતી. સુથારી, લુહારી, રંગાટી, વણાટ વગેરે.

આ વિભાગમાં બાળકો અને કિશોરો માટેના એક ખાસ ખંડ આગળ આવીને જિતેન્દ્ર થોભ્યો. ખંડના દ્વાર આગળ એક ગાર્ડ બેઠો હતો.

ખંડમાં કેટલાંક બાળકો માટીનાં ઢેફાં ભાગીને માટીને બારીક કરી રહ્યાં હતાં. કેટલાંક બારીક માટીને પલાળી રહ્યાં હતાં. કેટલાંક બે દિવસ પલળી ચૂકેલી માટીને પગ વડે ખૂંદી રહ્યાં હતાં.

'આ બાળકો શું બનાવે છે ?' જિતેન્દ્રે ગાર્ડને પૂછ્યું.

'નાનાં બાળકો રમકડાં બનાવે છે અને મોટાં એમને આવડે એવું મૂર્તિકામ કરે છે. તમે દરવાજામાં પેસતાં એક મૂર્તિ જોઈ હશે.'

'હા, જોઈ હતી.'

'મા-દીકરાની એ મૂર્તિ પેલા ખૂણામાં બેઠો છે એ છોકરાએ બનાવી છે.' જરાક અટકી ગાર્ડ બોલ્યો : 'દુનિયા કેવી છે, સાહેબ ?'

'કેમ એવું કહો છો ?'

'આ છોકરો સાજો થયો ત્યારે અહીંની ઑફિસે એનાં મા-બાપને જાણ કરી હતી. સુખી અને શ્રીમંત કુટુંબ એટલે એ છોકરાને આવી તાલીમની જરૂર નહોતી. મા-બાપ આવીને છોકરાને લઈ જઈ શકે એમ હતાં. આવ્યાં ખરાં. પણ છોકરાને ન લઈ ગયાં.'

'શાથી ?'

'અહીં ઊભાં ઊભાં એ વાત કરતાં હતાં એ ઉપરથી એમ લાગ્યું કે એ એમની દીકરી માટે મુરતિયાની શોધમાં હતાં. ઘરમાં આવો છોકરો હરતો-ફરતો હોય તો દીકરીનું ઝટ ઠેકાણું ન પડે. છોકરો ભલે સાજો થયો હોય પણ મૂળ તો રક્તપિત્તિયો ને ! છોકરાને ઘેર જવાનું ખૂબ મન હતું. પણ મા-બાપ એને ન લઈ ગયાં. મા-બાપના ગયા પછી એક અઠવાડિયા સુધી છોકરો માને યાદ કરી કરીને રડતો રહ્યો...પછી તો છોકરો રડતો જાય અને મૂર્તિ બનાવતો જાય...અહીંના સૌથી મોટા ડૉક્ટરસાહેબ આ બધું જોતા હતા. એમણે ટ્રસ્ટીઓને સૂચન કર્યું અને છોકરાએ બનાવેલી મૂર્તિ દરવાજા સામે મુકાઈ....'

વળતાં જિતેન્દ્ર શિલ્પ સામે આવીને થોભ્યો. બીજા ત્રણ ચાર મુલાકાતીઓ પણ

ત્યાં હતાં. જિતેન્દ્રે એક સ્ત્રીને આ શિલ્પ તરફ નજર રાખીને આંખ લૂછતી જોઈ. અને એકાએક જિતેન્દ્રની આંખ પણ ભીની થઈ ગઈ.

※

## ૨૪૬. રુચાની કેફિયત

રસપ્રદ પ્રશ્નોત્તરી પછી પત્રકારે રુચાને કહ્યું : 'મૅડમ એક અંગત પ્રશ્ન પૂછવાનું સાહસ કરું ?'

'અર્ધી જિંદગી વીતી છતાં હું કુંવારી કેમ રહી એ પૂછવા માગો છો ને ?'

પત્રકાર બોલ્યો : 'જરાક ઉમેરો કરીને એમ પૂછું કે, તમે આટલાં સુંદર, મેધાવી અને ગર્ભશ્રીમંત કુટુંબનાં હોવા છતાં અપરિણત કેમ રહ્યાં ?'

આ સાંભળી રુચાએ મંદ હાસ્ય કર્યું. પછી બોલી : 'અપરિણત પ્રૌઢ સ્ત્રી એકલી રહેતી હોય ત્યારે લોકો એના સંબંધમાં વિવિધ પ્રકારના તર્ક કરતા હોય છે. ખાસ કરીને પ્રેમ સંદર્ભે જ. તર્ક કરવા માટેનો એ રાજમાર્ગ છે, પણ મારી બાબતમાં એવું નથી.'

પત્રકારે જિજ્ઞાસાભરી નજરે રુચા તરફ જોયું પછી બોલ્યો : 'તમે કહો તો વિગત જાણી શકાય.'

સંસ્મરણો ઉખેળતી હોય એમ રુચાએ કહેવા માંડ્યું : 'ત્યારે હું પંદર વરસની હોઈશ. ઇન્ટ્રોવર્ટ. મારામાં જ રાચ્યા કરું. સ્કૂલ સિવાય ભાગ્યે જ બીજા કોઈ સ્થળે જાઉં. ઘરનાં સૌ મને ઘરકૂકડી કહે.'

વલસાડમાં મારી મમ્મીની એક બહેનપણી હતી. દર ઉનાળે એ મમ્મીને સંદેશો મોકલે.

'કેરીની મોસમ ચાલે છે, તું આવ. થોડા દિવસ મારી સાથે રહે. બાળપણનાં સંભારણમાંમાં ખોવાઈ જઈશું.'

...એક ઉનાળે મમ્મી એ બહેનપણીને ત્યાં જવા તૈયાર થઈ અને મને સાથે લીધી.

...મમ્મીની બહેનપણીને ત્યાં ગયા પછી હું કોઈ અજાણ્યા અવકાશી ગ્રહમાં ઊતરી પડી હોઉં એવું મને ભાસવા લાગ્યું. રાત્રે હું પલંગમાં પાસાં ઘસતી રહી...!

મમ્મીએ કહ્યું, 'ઊંઘ આવતી નથી રુચિ ?'

'ના, બધું અજાણ્યું અજાણ્યું લાગે છે.'

...બીજે દિવસે નાસ્તા વખતે હું નાસ્તાની પ્લેટો તરફ જોતી બેસી રહી. મમ્મીએ કહ્યું : 'નાસ્તો નથી કરવો ?'

મેં કહ્યું : 'આપણે જે નાસ્તો કરીએ છીએ એ આ નથી.'

'જે છે તે ખાઈ લે.'

મેં નાસ્તો કર્યો. પણ ખોટા સમયે ખોટી પ્રવૃત્તિ કરતી હોઉં એવું મને લાગ્યું.

...બપોરે મારી નજર ઘરમાં ફરવા લાગી. મને આ કુટુંબના સઘળા ટેસ્ટ મારી રુચિથી સાવ જુદા લાગ્યા. બારીના પડદા, દીવાલ પર તસવીરો ટાંગવાની રીત, ફર્નિચર...બધું નજરને ગૂંગળાવતું જણાયું...અને ઘરનાં માણસોની બેસવા-ઊઠવાની, બોલચાલની વગેરે રીતથી મને ભારે અણગમો થવા લાગ્યો.

મેં મમ્મીને કહ્યું : 'મમ્મી ચાલ, આપણે આજે ને આજે ઘેર જતાં રહીએ.'

'કેમ ?'

'મને અહીં જરાય ગોઠતું નથી.'

રાત્રે ફરી પાછી હું પલંગમાં પાસા ઘસવા લાગી. એટલે મમ્મીએ સવાર પડવાની રાહ જોયા વગર જ કહ્યું : 'જો રુચિ, તું છોકરીનો અવતાર છે. તારી ઇચ્છા અને સ્વભાવ પ્રમાણે જ ચાલવા જઈશ તો ક્યાંય નહિ સેટ થઈ શકે. પરણ્યા પછી છોકરીએ સમૂગળા બદલાઈ જવું પડે છે.'

'તમે સમજ્યાં, ભાઈ ? મારે બદલાવું નહોતું એટલે હું કુંવારી રહી.'

❊

## ૨૪૭. રૂખસદ

એક સ્ત્રીની અરજીના આધારે મંદિરના ટ્રસ્ટની અસાધારણ મિટિંગ બોલવવામાં આવી હતી. અરજીમાં કોઢવાળો માણસ ભગવાનની પૂજા કરે એ સામે અરજદારનો વિરોધ હતો અને એને છૂટા કરવાની માગણી હતી.

ભગવાનની પ્રસન્નતા માટે મંદિરમાં કપૂર, કેસર, કસ્તુરી, ચંદન તેમજ સુગંધવાળાં ફૂલોનો ઉપયોગ થાય ત્યાં ભગવાનની પૂજા એક રોગિષ્ઠ માણસ કરતો હોય તે કેમ ચાલે ?

'રોગિષ્ઠ' શબ્દ ઉપર સભામાં થોડી વાર ભારે હોબાળો મચી ગયો. કોઢ એ કોઈ રોગ છે ? એ વાત ચર્ચાનો વિષય બની.

'એ રોગ કેમ નહીં ? ચામડીનો એ રોગ જ છે.' એ જવાબ હતો.

'રોગ હોય કે ન હોય, પૂજા કરનાર માણસને જોતાં જ જુગુપ્સાની લાગણી થાય. એવા માણસને ભગવાન આગળ ખડો કરીએ એ કેમ ચાલે ?'

કોઈએ એ માણસને સભામાં રજૂ કરવા સૂચન કર્યું.

પૂજારી ખુદ હાજર થયો.

પ્રદર્શનની ચીજ હોય એમ સૌ એને નીરખી રહ્યા. એને કંઈ પૂછવામાં આવે એ પહેલાં એ પોતે જ બોલ્યો : 'આપ સૌની વાત મેં સાંભળી છે. હું પોતે રાજીથી પૂજાના કામમાંથી છૂટો થવા તૈયાર છું. છેલ્લાં ત્રણ વર્ષથી મારી આ સ્થિતિ થઈ છે. આવા શરીરે ભગવાન આગળ જતાં હું ઘણી લાચારી અનુભવું છું. પણ સ્વાર્થમાં અંધ બનીને આ કામ છોડવાનું મનોબળ દાખવી શકતો નહોતો. આજ એ તક મળી છે. મારા દાદા આ મંદિરના પૂજારી હતા. પિતાએ પણ જીવનભર એ જ કામ કર્યું. હું પણ એ કામ કરતો હતો. પણ નસીબને એ મંજૂર નથી. કૃપા કરીને ચર્ચાનો અંત લાવો અને મને આ કામમાંથી છૂટો કરો.'

એક સભ્યે કહ્યું : 'તમે છૂટા થશો એટલે સંસ્થાનું મકાન ખાલી કરવું પડશે.'

પૂજારી જરાક અસ્વસ્થ થયો. પછી બોલ્યો : 'એ ઘરમાં જન્મ્યો છું એટલે વસમું તો લાગશે, પણ એનો બીજો કોઈ ઉપાય નથી. ગમે ત્યાં આશરો શોધી લઈશ. એકલો માણસ છું એટલે થોડો રઝળપાટ મને નહીં નડે.'

સભામાં નોકરી ન છોડવવાનો આગ્રહ રાખનારા કેટલાક સજ્જનો પણ હતા. એમાંથી એક જણે કહ્યું : 'પૂજારીના કામની કદર કરીને એમને બક્ષિસરૂપે એક રકમ આપવાનો આપણે ઠરાવ કરીએ.'

તરત જવાબ પડઘાયો : 'એ ન બને. એવો ઠરાવ એક પ્રણાલી બની જાય.'

પૂજારીએ કહ્યું : 'સંસ્થાએ મને ઘણું આપ્યું છે. કામ ન કરતો હોઉં અને બક્ષિસની રકમ લઉં એ મને ન છાજે.'

'તો ગુજારો શી રીતે કરશો ?'

'કામ મળી રહેશે. મજૂરી કરનારને કામની ખોટ નથી હોતી.'

થોડી ક્ષણો સુધી સભામાં મૌન છવાયેલું રહ્યું.

પછી મંદ પગલે પૂજારી પેલી અરજદાર સ્ત્રી પાસે ગયો. નમન કરીને ક્ષીણ સ્વરે બોલ્યો : 'તમારો હું ઋણી છું, બહેન. જીવનના અંત સુધી આ કદરૂપી કાયાને સ્વાર્થવશ ભગવાન સામેથી અળગી ન કરી શક્યો હોત. તમે મને એ શુભકાર્ય માટે પ્રેર્યો છે. હું જીવનભર તમારો ઉપકાર માનતો રહીશ.' આટલું બોલી પૂજારી સભાસ્થાન છોડીને ચાલ્યો.

અને સભા આ માણસને જોતી રહી.

⁕

## ૨૪૮. રૂપાના વાળ

ભગા રાતે ઉંબરા પર પગ મૂક્યો અને માકોર ડોસીના મુખમાંથી એકઃનિશ્વાસ નીકળી ગયો. ભગો રાત આમ તો ઘણીયે વાર ઘેર આવતો. ગામની અને ઘર ઘરની વાતો કરતો અને એના સ્વભાવ પ્રમાણે વાતાવરણને હળવું બનાવી મૂકતો. માકોર ડોસી અથવા કહો કે કેવળ પટેલના ઘરના આંગણે ભગા રાતનું આગમન હંમેશાં મીઠું લાગતું, પણ આજ તો ભગો રાત માકોર ડોસીના માથા પરના ભારો એક રૂપેરી વાળ ઉતારવા આવ્યો હતો. એટલે જ તો ભગા રાતને જોતાં જ માકોરના મુખમાંથી નિઃશ્વાસ નીકળી ગયો ને !

પણ માકોર ડોસીએ પળવારમાં મનનો સંતાપ સંકેલી લીધો અને, 'આવો, ભગાભાઈ,' કહી ભગા રાતને આવકાર આપ્યો. જોકે એટલું બોલતાં માકોર ડોસીની આંખમાં ઝળઝળિયાં તો આવી જ ગયાં.

ભગો રાત તો હસતો ને હસતો જ હતો. એણે કહ્યું : 'કેવળભાઈએ હઠ કરી એટલે આવવું પડ્યું. મને હેંડતો કરીને એ તો સુખા લવારની હોટલના પાટિયે બેસી ગયા.'

'ભલે બેઠા. હવે તમે એમની હઠ પૂરી કરો.'

'એક વાત પૂછું, માકોરભાભી ?ટ ઠાવકું મોં રાખીને ભગા રાતે પૂછ્યું.

'પૂછોને, ભાઈ.'

'આ કેવળભાઈ, તમારા માથેથી વાળ ઉતારવાની હઠ પકડીને કેમ બેઠા છે ?'

'એનું એક કારણ છે, ભગાભાઈ.'

'એવું તે શું કારણ છે ?'

'એમને વહુનો બોલ હાડોહોડ લાગી ગયો છે.'

'મોટાની વહુનો ?'

'હા.'

'વહુએ એવું તે શું કહ્યું ?'

'શું કહીએ ભગાભાઈ,' માંડીને વાત કહેતાં હોય એમ માકોર ડોસી બોલ્યાં : 'અઠવાડિયે અઠવાડિયે માથું ચોળવાનો દા'ડો આવે ને વહુ મોં બગાડે. આપણા હાથ લૂલા થયા. આપણાથી થાય નહિ એટલે ઓશિયાળાં રોજ કહેવું પડે. વહુ કંઈ બોલે

તો હું તો સાંભળી લઉં અને સહન કરી લઉં. પણ ડોહાથી સાંખ્યું ન જાય ! પરમ દા'ડે જ માથું ચોળવાનું હતું અને ડોહા વહુને બબડતી સાંભળી ગયા...

'આ ઉંમરે વાળનો મોહ શો ? માથે ભારો વાળ-મસળતાં હાથના ટૂંચાય દુઃખી જાય છે...' આટલું કહી વાત બદલતાં હોય એમ માકોર ડોસી બોલ્યાં : 'ભગાભાઈ, તમારા ભાઈ સુખા લવારની હોટલે કેમ બેસી ગયા એની સમજ પડી કાંઈ ?'

'ના, ભૈ.'

'આ માથા ઉપરના વાળ ઊતરતા એ નોં જોઈ શકે હોં.'

'કેમ ?'

'આ વાળનો મારા કરતાંય એમને વધારે મોહ હતો. એ અમદાવાદની મિલમાં નોકરી કરતા હતા અને અમે કોટડીમાં રહેતાં હતાં. ત્યારે રોજ રોજ આઠ આના ખર્ચીને મોગરાની વેણી લઈ આવતા. અને મારા અંબોડામાં નાખતા. હું યે કેવી, એમની હોંશ જોઈને વાળનાં ભાતભાતનાં ગૂંથણો કરતી ! એક ભારા જેટલા વાળ એટલે જેમ ગૂંથવા હોય એમ ગૂંથાય. અને દીપી પણ ઊઠે...'

આટલું કહેતાં કહેતાં માકોર ડોસી સોળ વરસની સુંદરી લજવાય એમ લજવાઈ ગયાં અને પછી બોલી ઊઠ્યાં : 'લ્યો હુંય મૂઈ, છાની રાખવાની વાત પણ ઉકેલીને કહેવા બેઠી ! કાઢો તમારો અસ્ત્રો અને ઉઝેડવા માંડો વાળ ઝટ, ઝટ...'

અને ભગા રાતનો અસ્ત્રો માકોર ડોશીના માથા પર ફરવા માંડ્યો. નીચે પાથરેલા કોથળા પર રૂપાના વાળ ઝરર્ ઝરર્ ઊતરવા માંડ્યા અને સાથે સાથે માકોર ડોશીની આંખમાંથી મોતી પણ...

✻

## ૨૪૯. લગાવ

માર્કેટયાર્ડના રજતજયંતી સમારંભનું ઉદ્‌ઘાટન આજે પ્રાણલાલના હસ્તે થયું. જે વિસ્તારમાં માર્કેટયાર્ડે આકાર લીધો એ જમીન મૂળ તો પ્રાણલાલના પિતા ખીમજીભાઈની. વળી પ્રાણલાલ વગદાર નેતા. એટલે માર્કેટસમિતિએ ઉદ્‌ઘાટક તરીકે એમના ઉપર પસંદગી ઉતારી હતી.

સમારંભ દબદબાપૂર્વક થયો. મોટા મોટા નેતાઓએ પણ હાજરી આપી. મંચ ઉપરથી ઘણાં પ્રવચનો થયાં. પણ એમાં આ માર્કેટ માટેની જમીનની એકવિઝિશનની વાત પ્રધાનપણે રહી. સૌના પ્રવચનમાં એક સૂર સતત નીકળતો રહ્યો—આ ભૂમિના

અણુએ અણુમાં ખીમજીભાઈના હૈયાનો ધબકાર છે...જમીનનો કબજો છોડવાનું એમને એ વખતે ઘણું વસમું લાગ્યું પણ હવે અહીં હજારો માણસ રોટલો રળતું જોઈ એમનો આત્મા જરૂર હરખાતો હશે...

વક્તાઓ પ્રાણલાલ જેવા નેતાને પ્રસન્ન કરવા જ કદાચ, આ બધું સંભળાવતા હશે. પણ કોણ જાણે કેમ, આ વાતો સાંભળીને પ્રાણલાલ વ્યગ્ર બની રહ્યા હતા. કોઈક યાદ તાજી થઈ રહી હતી. પ્રાણલાલની નજર આગળ 'પ્રાણલાલ' ઊપસી રહ્યો હતો - કૉલેજમાં ભણતો, ઉદ્દામ વિચારસરણીવાળો, તરવરિયો અને નેતા બનવાનાં સ્વપ્નાં સેવી રહેલો પ્રાણલાલ ! જમીન બાબતમાં પિતાના સેન્ટીમેન્ટ્સ એને એક પાગલના વિચારો લાગતા હતા. કોઈક વખત આ બાબતમાં પિતા સાથે એ દલીલોમાં ઊતરી જતો. કોઈક વખત ઉગ્ર પણ બની જતો અને પિતાની કડક ટીકા પણ કરી લેતો. જમીનનો કબજો છોડવાના દિવસે હતાશ બનીને મેડી ઉપર ભરાઈ રહેલા ખીમજી ભાઈને એણે ઘણું સંભળાવી દીધું હતું. ખીમજીભાઈની આંખ વરસી પડી હતી અને એ રોષભેર પગથિયાં ઊતરી ગયો હતો.

આજે જૂની વાતો ઉખેળાઈ રહી હતી. અને પ્રાણલાલ અકળાતા હતા. સમારંભ પછી ભોજનના ટેબલ ઉપર પણ પ્રાણલાલની નજીક બેઠેલા કેટલાક લોકોએ અગાઉની વાતનો દોર ચાલુ રાખ્યો.

કોઈક બોલ્યું : 'એ ખેતર સાથે ખીમજીભાઈનો જબરો ઋણાનુબંધ હતો એટલે તો મરતાં સુધી એ જમીન છોડ્યાનો ઘા એમને હૈયે દૂઝતો રહ્યો !'

'અને એય નહીં ? બીજું કોઈ બોલ્યું : 'પૂરા પાંચ વરસ સુધી એમણે પ્રાણલાલ સાથેનાય સંબંધ કાપી નાખ્યા !'

'ખીમજીભાઈને પંડ્યના દીકરા કરતાંય જમીન વા'લી હતી, ભાઈ !'

'આમેય તે, સરકાર જમીન લેવાની જ હતી; તો રાજી થઈને આપી હોત તો નામ રહી જાત ને !'

'બધું એકનું એક જ છે ને ! ખીમજીભાઈએ નહીં, તો પ્રાણલાલભાઈએ નામ તો રાખ્યું જ છે ને ! એમની મદદ ન હોત તો જમીન મેળવવી દોહ્યલી થઈ પડત.'

પ્રાણલાલે બારી બહાર નજર કરી. માર્કેટયાર્ડના ટાવરમાં મધ્યાહ્નના ડંકા બજી રહ્યા હતા.

ભોજન પૂરું થતાં નાક સાફ કરવાના બહાને પ્રાણલાલ હૉલની બારી આગળ જઈને ઊભા. દૂર દૂર ક્ષિતિજમાં એક આંખ એમને દેખાઈ રહી હતી. પાણીથી છલોછલ આંખ. એમાં ક્રોધ નહોતો અંગત લાગણી હતી.

એમણે આંગળીની મદદથી ચશ્માં ખસેડ્યાં અને ખિસ્સામાંથી રૂમાલ કાઢીને

આંખ સાફ કરી. પોતાને શું થઈ રહ્યું હતું એ પ્રાણલાલ પોતેય નહોતા સમજી શકતા. આ જમીનનો તો એમને કંઈ લગાવ નહોતો અને છતાંય આંખ ઊભરાઈ રહી હતી !

⁎

## ૨૫૦. લિફ્ટનાં બે તીર

આલોક લિફ્ટ આગળ ઊભો હતો. એને જી વૉર્ડના સ્પે. રૂમ નંબર ત્રણમાં તત્કાળ પહોંચી જવું હતું. અધીરો થયો હતો. એટલે ઉપરાઉપરી લિફ્ટનું બટન દાબતો હતો.

જાણે લિફ્ટની યાંત્રિક પ્રક્રિયા ઠપ્પ થઈ ગઈ હતી.

આખરે લાલ તીર પ્રગટ્યું. રક્તરંગી છરો જાણે !

વીજળીના કેબલનાં દોરડાં ચઢતા-ઊતરતા ભોરિંગની જેમ સળવતાં હતાં. લિફ્ટ ઊતરી રહી હતી. આલોક થોડો નર્વસ હતો. લિફ્ટ હમણાં જ, થોડી સેકંડોમાં જ નીચે ગ્રાઉન્ડ ફ્લોર ઉપર એક હળવો બમ્પ લેશે...કોલેપ્સીબલ દરવાજો ઊઘડશે. પોતે લિફ્ટના ચોકઠામાં દાખલ થશે. ફરી પાછા પેલા દરવાજાની જાળી ખરર ખટાક અવાજ સાથે બીજે છેડે ભડકાઈને બંધ થશે...

પણ જી. ના સ્પેશિયલ ઉમાં જવા એનું મન પાછું પડતું હતું. શશાંકની બીમારી ભયંકર હતી. કદાચ આઈ.સી.યુ. (ઈન્ટેન્સીવ કેર યુનિટ)માં દાખલ કરવો પડ્યો હશે અથવા તો ઑક્સિજન માસ્ક ચહેરા ઉપર વળગાડ્યો હશે...આલોકના પગ પાણીપાણી થતા હતા. લિફ્ટ હજુ વિલંબે ઊતરે તો સારું એમ એના અંદરનું કોઈક મન બોલતું હતું.

આખરે લિફ્ટની તળેટી દેખાઈ. પછી મધ્ય અને પછી એક હળવા બમ્પ સાથે સ્થિર થઈ ગઈ.

દરવાજાની બે જાળીઓ એક પછી એક સટાસટ ખૂલી ગઈ. આલોકની આંખ પહોળી થઈ. લિફ્ટમાં કોણ ઊતર્યું ? એક શબ...!

શબ આમ તો કોઈ પરાયા માનવીનું હતું, છતાં આલોકનું હૈયું ધડક ધડક થવા લાગ્યું. શરીરે પરસેવાની ધાર ઊતરવા લાગી.

લિફ્ટ ક્યારે ખાલી કરાઈ અને પેલું શબ ખસેડાઈને કઈ કોરિડોરમાં લઈ જવામાં આવ્યું એની એને કશી ખબર ન રહી...

લિફ્ટ હજુ નીચે જ હતી. એના સિવાય બીજું કોઈ ત્યાં નહોતું. લિફ્ટમૅન સામે

ઊભેલા આલોકને આંખ ફાડીને જોઈ રહ્યો. આ માણસ લિફ્ટ આગળ ઊભો છે. એને ઉપર જવું છે અને ખોટો સમય બગાડી રહ્યો છે...

એ દરમિયાન એક સ્ટ્રેચર લિફ્ટમાં દાખલ થયું. કોઈ અંદર સૂતું હતું, પણ એ શબ નહોતું. કોઈ યુવાન પ્રસૂતા હતી. બાજુમાં બાળક હતું. હાથપગ હલાવતું-ઉછાળતું હતું. જીવતી જાગતી ચેતના ! ચિંતાનો બધો ભાર ઊતરી ગયો હોય એવી બે સ્ત્રીઓ બાજુમાં ઊભી હતી.

આલોક જોતો રહ્યો.

લિફ્ટ ફરી એક હળવા બમ્પ સાથે ઊંચકાઈ આરોહણ કરી રહી. લિફ્ટ હજુ તો ઉપર તરફની ગતિમાં હતી, છતાં આલોક હવે કશાક ઉત્સાહવશ લિફ્ટનું બટન ઉપરાઉપરી દબાવવા લાગ્યો.

ઉદયમાન સૂર્યના જેવું રક્તરંગી પેલું તીર ઊર્ધ્વનું સૂચન કરી રહ્યું હતું.

❖

# ૨૫૧. લુપ્ત કાવ્યની કથા

સુહાસના બંગલાનું ખાતમુહૂર્ત હતું.

ધનપતિ સુહાસનો બંગલો તૈયાર થનાર હતો. એટલે ખાત વિધિ વખતે ઘણા ધનકુબેરો ઉપસ્થિત હતા.

યુવા વર્ગ કરતાં આધેડ વયનો વર્ગ ઝાઝો હતો. સુહાસ ગયા જાન્યુઆરીમાં પાંત્રીસમું વર્ષ વટાવી ચૂક્યો હતો. એટલે એનું મિત્રવર્તુળ એટલા પરિધમાં સમાઈ જતું હતું.

જેમ જેમ આમંત્રિત સ્ત્રી-પુરુષો આવતાં ગયાં તેમ તેમ આનંદ અને ઉલ્લાસનાં મનોહર દૃશ્યો રચાતાં રહ્યાં. ઘણા દિવસે મળવાનું થતું હોય એમ લિંગભેદ વગર સૌ એકબીજાને આલિંગીને ભેટતાં હતાં અને હાથમાં હાથ મેળવીને, જીવનમાં જાણે કોઈ ગમગીનીને સ્થાન જ ન હોય એમ ઉલ્લાસથી હસતાં-બોલતાં હતાં. આ મિલનમેળો જમાનાની એક સ્વાભાવિક તાસીર જ હતી. કશું અશોભતું કે વિકૃત નહોતું.

ખાત વિધિ પૂરો થયો અને સુહાસ સજોડે પૂજામાંથી ઊભો થયો ત્યારે એમના સૌથી નિકટના વર્તુળનાં એક મિત્રદંપતીએ એનું અભિવાદન કરવા માટે સજોડે જ સુહાસ દંપતીને ભીંસમાં લીધું. બે પુરુષ અને બે સ્ત્રીઓ એકબીજાની છાતીએ ભીંસાતાં હોય એવો ચુસ્ત આશ્લેષ હતો.

છેવાડાની એક ખુરશી પર બેઠેલા કૃષ્ણપ્રસાદ આ સારોય માહોલ રસપૂર્વક

માણી રહ્યા હતા. અને ભાવવિભોર થઈને એક વિશિષ્ટ ભાવ પરિસ્થિતિમાં ઊતરી રહ્યા હતા.

એ સ્થિતિમાં એક પૌરાણિક દૃશ્ય એમના ચિત્ત ઉપર છવાઈ ગયું. ઇન્દ્રને સહાય કરીને પુરુરવા રથમાં પૃથ્વી તરફ પાછા ફરી રહ્યા હતા. માર્ગમાં એમણે એક સ્ત્રીનો આર્તનાદ સાંભળ્યો. જોયું તો એક અસુર કોઈ અપ્સરાનું અપહરણ કરવા પ્રયાસ કરી રહ્યો હતો. એ અપ્સરા ઉર્વશી હતી. પુરુરવાએ એને બચાવી લીધી અને પોતાના રથમાં આરૂઢ કરી. નિયત સ્થાને રથમાંથી ઊતરતાં પુરુરવાના સ્કંધ (ખભો) ને ઉર્વશીના બાહુનો સ્પર્શ થયો. એક સાધારણ સ્પર્શ ! સ્કંધની ત્વચામાં આંગળાંનાં ટેરવાં જેવી સ્પર્શાનુભૂતિની ક્ષમતા ન હોવા છતાં આ સ્પર્શે હળવો વીજપ્રવાહ બનીને પુરુરવાના સારાયે સંવિત્તને ઝંકૃત કરી દીધું. એ સ્પર્શ એક પ્રણય અધ્યાયની નાન્દી બની રહ્યો !

કૃષ્ણપ્રસાદ અહીં સ્ત્રી-પુરુષના આંગિક મિલનમાં કશો વિકાર જોતા નહોતા. એ તો આધુનિક સભ્યતાનો એક સ્વાભાવિક ઉપચાર હતો. પણ એમાં કૃષ્ણપ્રસાદ જે ભાવપરિસ્થિતિમાં મુકાયા એમાં એમને મેકોલેની એક વાત યાદ આવી ગઈ. મેકોલે કહી ગયો હતો : ''As civilization increases poetry necessarily declines.'' (સભ્યતા આગળ વધે ત્યારે કાવ્ય અવશ્યપણે ઓસરે છે !)

અને કૃષ્ણપ્રસાદે સભ્યતાની આ નવલી તાસીરમાં નાજુક સ્પર્શના કાવ્યનો લોપ જોયો.

⁕

## ૨૫૨. લૂલી

બરોબર મધ્ય રાત્રિએ પોતાની આગળથી પસાર થઈ એક અભિસારિકાને જોઈને શરૂઆતમાં ત્રણેક દિવસ એ શેરીના કૂતરાએ ઘુરકાટ કરેલો પણ પછી તો એનાં પગલાં સંભળાય ત્યારે એના કાન ટટ્ટાર થતા અને એ છેડેના મકાનમાં સરકી જતી ત્યાં સુધી એની નજર એની પાછળ પાછળ જતી એટલું જ.

શેરીના મધ્યના એક ધરતીની પરસાળમાં લગભગ આખી રાત જાગતા બેસી રહેતા અસ્થમાના રોગી મનસુખ સુથારને પણ શરૂઆતના થોડા દિવસ ભારે અચંબો, ધિક્કાર અને ત્રાસ થયેલા પણ પછી તો એય શાંતિ ધારણ કરતો થઈ ગયો હતો.

એક દિવસ એ સ્ત્રીનો પતિ કંઈક કામ લઈને મનસુખ પાસે આવ્યો અને એ જ વખતે મનસુખની કુબુદ્ધિએ ઉછાળો માર્યો. લાંબા સમયથી વિધુર થયેલા એ

માનવીએ પોતાની વાણી ઉપર સૂચક ભાર મૂકીને કહ્યું, ‘જો શંકરલાલ, તું મારી શિખામણ માને તો રાતપાલીની નોકરી છોડી દે.’

શંકરલાલને પહેલાં તો નવાઈ લાગી, પણ આખા ફળિયાની મુરબ્બીવટ કરવા ટેવાયેલા મનસુખની વાતને બહુ ગંભીર ન ગણતાં શંકરલાલે પૂછ્યું : ‘કેમ કાકા, એમ કહો છો ?’

‘એમાં જ તારું કલ્યાણ છે.’

‘પણ કલ્યાણનું કંઈ કારણ તો હોય ને ?’

‘આજકાલનાં જુવાનિયાં સાવ બોઘાં જ રહ્યાં.’ મનસુખ બોલ્યો. એનો ચહેરો કોઈ સમજૂતીના ભારથી ભર્યોભર્યો હતો પણ શંકરે એ તરફ લક્ષ્ય આપ્યું નહીં અને ચાલ્યો ગયો. એના ગયા પછી મનસુખને લાગ્યું કે પોતે એક મહા અનર્થકારી કામ કરી બેઠો. કોઈની પત્નીની કુચાલ તરફ ઇશારો કરીને ફાયદો શો ? જાતજાતની કલ્પનાઓ એને સતાવવા લાગી. મારઝૂડ, ખૂન, આપઘાત...પોતાની ભૂલ માટે એને ભારે પશ્ચાત્તાપ થવા લાગ્યો. કદાચ આજે જ...

પણ મધરાત થતાં પેલી સ્ત્રી તો અભિસારે નીકળી જ. એને પસાર થઈ જોતાં આજે મનસુખને છાનો હર્ષ થયો. અને હવેથી જીભને સખણી રાખવાનો એણે પાકો મનસૂબો કરી લીધો. લોકને જે કરવું હોય તે કરે આપણે તો ચૂપ જ રહેવું.

કેટલાક દિવસ પછી શંકરલાલ ફરીથી પેલું કામ લઈને મનસુખ પાસે આવ્યો. એણે કહ્યું : ‘મનસુખકાકા, તે દિવસે તમે ધ્યાન દઈને કામ ન કર્યું એટલે ફરીથી આવવું પડ્યું.’

મનસુખે કંઈ પણ બોલ્યા વિના શંકરલાલનું કામ હાથમાં લીધું. એણે જીભને દાંત વચ્ચે પકડી રાખી અને ખીલીઓ ઠોકવા મંડી પડ્યો. શંકરને આ માનવીનું વર્તન થોડું વિચિત્ર લાગ્યું.

દાંત વચ્ચે પકડાઈ રહેલી જીભ દાગીનો પાછો આપતી વખતે સહેજ છૂટી થઈ એટલે બોલી ઊઠી : ‘રાતપાળીનો ધંધો જ ખોટો બાપલા; જુવાન બૈરાં સાચવવાં કેટલાં દોહ્યલાં છે એ તમે કેમ નથી સમજતા !’

※

## ૨૫૩. લોકોનું તો એવું !

એક વખત મારે ગટુભાઈના મહેમાન થવાનું બન્યું હતું. ગટુભાઈનું રંગપુર

રળિયામણું ગામ. અમે રોજ સાંજે વગડામાં ફરવા જઈએ એક દિવસ ગટુભાઈનાં પત્નીએ કહ્યું : 'તમારા ભાઈબંધને 'કંજૂસ શેઠ'નો કૂવો બતાવ્યો ?'

'હવે અવાવર અને હવડ કૂવામાં શું બતાવવાનું ?' ગટુભાઈએ જવાબ આપ્યો : 'એ થોડો પાટણના દામોદર કૂવા જેવો કૂવો છે ?'

'અરે હોય કંઈ ? મહેમાન રંગપુર આવ્યો હોય અને કંજૂસ શેઠનો કૂવો જોયા વગર જાય એ કેવું ?'

પત્નીની દરખાસ્ત ધ્યાનમાં લઈને ગટુભાઈ મને ગામની ઉગમણી ભાગોળના એક ઊંચા ટેકરા જેવા સ્થળે લઈ ગયા. 'આ કંજૂસ શેઠનો કૂવો !' નજીક પહોંચીને એમણે કહ્યું.

અમારા પગરવથી જ કદાચ, કેટલાંક કબૂતર પાંખોના ફફડાટ સાથે ઊડ્યાં. મેં કૂવામાં ડોકિયું કર્યું. ભય લાગે એવો એક વિશાળ કૂવો હતો. ઈંટોમાં ચણેલો હતો. જર્જરિત થયો હતો. ક્યાંક ક્યાંક ઊખડી ગયેલી કે ખવાઈ ગયેલી ઈંટોમાં મોટાં બખોલાં જેવાં પોલાણો થયાં હતાં. એમાં કબૂતરનાં બેસણાં થતાં હતાં. આ ઊંડો 'ભમ્મરિયો' કૂવો અત્યારે પાણીને બદલે અંધારાથી છલોછલ હતો.

ગટુભાઈ બોલ્યા : 'પાણીનાં તળ આઠસો-નવસો ફૂટ ઊંડાં ગયાં. પાણી માટે હવે બાવન હાથના કૂવાનો શો હિસાબ ? જ્યારે એમાં પાણી હતાં ત્યારે એની ભારે જાહોજલાલી હતી. કીડિયારાની માફક ગામની સ્ત્રીઓ એના ઉપર ઝળૂંબેલી નજરે પડતી.'

'કોણે બંધાવ્યો હતો ?' મેં પૂછ્યું.

'લગભગ સો વરસ થયાં હશે. ગામના, પણ બાજુના શહેરમાં વસતા એક ધનાઢ્ય શેઠે બંધાવેલો. ગામમાં કોઈ મોટો કૂવો નહોતો. પાણીની ભારે હાડમારી હતી. ગામના ચાર-પાંચ આગેવાનોએ એમના બંગલે જઈને ગામ વતી રજૂઆત કરી અને શેઠે વતનપ્રેમવશ આ એક મોટી સગવડ ઊભી કરી આપી.'

'શું નામ શેઠનું ?'

'એ તો કોઈ જાણતું નથી. એમણે આ કૂવો બંધાવી આપ્યો ત્યારથી જ એમનું 'કંજૂસ શેઠ' એવું નામ પડી ગયું. અને લોકોના મોઢે એવું ચઢી ગયું કે એમનું મૂળ નામ અંધારામાં રહી ગયું.'

'લોકોને શેઠની કંજૂસાઈનો પરિચય હશે.'

'એવો પરિચય તો ક્યાંથી હોય ? શેઠ તો કિશોરાવસ્થાએ જ શહેરમાં પહોંચી ગયેલા. ગામલોકોને એમની રહેણીકરણીનો ક્યાંથી પરિચય હોય ?

'તો પછી શેઠનું આવું હીણપતભર્યું નામ વહેતું શી રીતે થયું ?'

'એનું પણ એક કારણ છે.'

'શું ?'

'ગામના જે આગેવાનો કૂવાના દાન માટે ગયા હતા એમણે એક કૌતુક જોયેલું.'

'શું હતું એ કૌતુક ?'

'શેઠનો એક નોકર એની ઓરડીની પરસાળમાં ચાર ફાનસ સળગાવવા બેઠો હતો. એણે એક દીવાસળી સળગાવી. એ જ સળગતી દીવાસળીથી એક પછી એક ફાનસ સળગાવવા માંડ્યો. છેલ્લું ફાનસ સળગાવતી વખતે એની આંગળી જરા દાઝી પણ ખરી...આપણા ગામના આગેવાનોએ પેલા નોકરને પૂછ્યું, 'અલ્યા ભાઈ, શેઠ આટલા ધનવાન છે, પછી તારે એક દીવાસળીએ બધાં ફાનસ સળગાવવાની શી જરૂર ? નોકરે આગેવાનને જવાબ આપ્યો, 'શેઠનો હુકમ છે એક જ દીવાસળીથી જેટલાં સળગે એટલાં સળગાવો. બાકી રહે તો ગાય અને ઘોડાના શેડમાં ભલે અંધારું રહે...'

જરા અટકી ગટુભાઈએ આગળ કહ્યું : 'શેઠ પાસેથી દાનનું વચન લઈને ગામ પાછા ફર્યા પછી આગેવાનોએ શેઠના વચનની જાણ કરવા ગામને ભેગું કર્યું. એમણે આટલી મોટી સખાવત પાછળ ઉદાહરણરૂપે શેઠની કરકસરની પેલી વાત કરી. દીવાસળીની વાત ગામલોકોને ખૂબ જચી ગઈ...અને કરકસરની વાત કંજૂસાઈમાં પલટાઈ ગઈ !' આટલી વાત કર્યા પછી ગટુભાઈએ એક ઊંડો શ્વાસ લઈને સમાપન કર્યું : 'લોકોનું તો એવું !'

કૂવા આગળથી ઘર તરફ પાછા ફરતાં મારા ચિત્તમાં ગટુભાઈના શબ્દો પડઘાયા કર્યા : 'લોકોનું તો એવું !'

❊

# ૨૫૪. વચન એટલે વચન

ફળિયાના કોઈ ચૂલામાંથી આગ શરૂ થઈ. અને હોળી-ધુળેટીના વાયરાએ આગને વૈશ્વાનરનું રૂપ આપવા માંડ્યું. આખું ફળિયું આગમાં ભસ્મીભૂત થઈ જાય એવી ભીતિ ઊભી થઈ. આગને આગળ વધતી અટકાવવાનો એક જ ઉપાય હતો જોરભાઈનું ખોરડું જમીનદોસ્ત કરવાનો; એમ કરવામાં આવે તો આગ આગળ વધતી અટકે. જોરભાઈના વાડાનો અવકાશ પણ એમાં સહાયભૂત થાય.

ફળિયાના આગેવાનોએ જોરભાઈને વિનવ્યા અને જોરભાઈએ હૈયા ઉપર પથ્થર

મૂકીને પોતાના ઘરને ધમરોળી નાખવા માટે સંમતિ આપી.

એક બાજુ ફળિયાના જુવાનિયાઓ ઘરને ભોંયભેગું કરી રહ્યા હતા ત્યારે બીજી બાજુ ફળિયાના કેટલાક પ્રૌઢ માણસો જોરભાઈને સાંત્વના આપી રહ્યા હતા : 'જોરભાઈ, ફિકર ન કરતા, અમે સૌ ભેગા મળીને તમારું ઘર ઊભું કરી આપીશું.'

'હવે ફળિયાના સૌની ફરજ થઈ ગણાય. તમારે કહેવું નહીં પડે અને કામ થઈ જશે.'

'જોજો ને, હતું એના કરતાંય રૂડું અને રઢિયાળું ઘર બની જશે.'

'આવતી હોળીના વાયરા વાય એ પહેલાં તો રંગરોગાન સાથે તમારું મકાન તૈયાર હો, જોરભાઈ !'

ઘર જમીનદોસ્ત થયું. અને પાણીના મારા સામે ફૂંફાડા મારતી આગ ઠરી ગઈ.

બીજા દિવસથી જોરભાઈએ ફળિયાના નાકે આવેલા અને ઘણાં વર્ષોથી બંધ સદાવ્રતના અવાવર ઓટલે શરણ લીધું.

હવે ફળિયાનું આવતું-જતું લોક ઘડીભર જોરભાઈ પાસે થોભી જતું અને એમના ત્યાગનું મોંફાટ વખાણ કરતું. કોઈ બીડી ધરતું તો કોઈ સિગારેટ. કોઈ લોટામાં બે વખત ચા આપી જતું. અને વહુવારુઓ વારા પ્રમાણે થાળીમાં ભાણું ઢાંકી જતી.

આ વૈભવ વચ્ચે ફળિયાના આગેવાનો ત્યાંથી પસાર થતા ત્યારે જોરભાઈ એમની આંખમાં ડોકિયું કરી લેતા. પણ મકાનની વાત એ સંભારતા નહીં. ક્યારેક કોઈ આગેવાન એમની તકલીફનો વિચાર કરીને આવી કંઈક સહાનુભૂતિ દર્શાવતો : 'જોરભાઈ, આમ અવાવરું ઓટલે પડ્યા રહો છો એના કરતાં તો તમારા વાડામાં જમાવટ કરતા હો તો ! વાડાની લીમડી હવે તો પાંગરી ગઈ છે. ટાઢો છાંયો તો ખરો !' ત્યારે જોરભાઈ વળતો આટલો જવાબ આપતા 'હા, એ વાતેય સાચી.'

વરસ વીત્યું અને હોળી-ધુળેટીનાં પરબ ફરી આવી પહોંચ્યાં. ઊના ઊના વાયરા શરૂ થયા. પણ જોરભાઈનો કૅમ્પ હજુ ઓટલા પર જ રહ્યો.

એક રાત્રે ઉગમણી દિશામાંથી વાયુની એક લહેર આવી પહોંચી. એના ઉપર સવાર થઈને આવેલા આ શબ્દો જોરભાઈના કાનમાં પ્રવેશ્યા : 'પ્રજાને અમારો કોલ છે - કોઈ ભૂખ્યું સૂઈ ન રહે, કોઈ છતના આશરા વગરનું ન રહે અને કોઈ નિર્વસ્ત્ર ન હોય.'

ગામના પાદરે એક ચૂંટણીસભા યોજાઈ હતી. અટકચાળો વાયરો દિશા બદલીને ઉમેદવાર નેતાના આ શબ્દો છેક જોરભાઈના કાન સુધી લઈ આવ્યો હતો. જોરભાઈએ કાન સરવા કર્યા. એમને લાગ્યું કે વચનથી હરખાઈ ગયેલી મેદની જોરશોરથી તાળીઓ

પાડી રહી છે. જોરભાઈ મંદમંદ હસી રહ્યા. વચન એટલે શું એ હવે તો એમને બરાબર સમજાઈ ગયું હતું. વચન એટવે વચન, બીજું શું ?

*

## ૨૫૫. વટ

પેરોલની રજાઓ પૂરી થઈ. જન્મટીપનો કેદી ફરી પાછો કારાગૃહ તરફ જવા તૈયાર થયો. એણે પત્નીને કહ્યું : ‘કાગળ લખતો રહીશ.’

પત્નીના મનમાં આ જ વાત ઘૂંટાતી હતી. એ બોલી : ‘તમારા કાગળથી તો ભાઈસા’બ, મારી ઉંમર પાંચ વર્ષ વધી જાય છે.’

પતિ વિસ્મયથી પત્ની તરફ તાકી રહ્યો. એણે કહ્યું : ‘કેમ આમ બોલે છે, ગંગા ?’

‘ત્યારે બીજું શું કહું ? કાગળમાં દુનિયાના ડહાપણની જ વાતો હોય છે. પ્રેમનો તો એક શબ્દ પણ નથી હોતો !’

‘ગાંડી,’ પતિ બોલ્યો : ‘અમારા બધા કાગળ જેલરની આંખ નીચે થઈને જ આવે છે. એ તું ક્યાં નથી જાણતી ?’

પતિના પ્રત્યેક કાગળ ઉપર વાયોલેટ શાહીથી લથબથ જેલ સુપરિટેન્ડેન્ટનો કોઈ હિંસ્રપશુ જેવો સિક્કો એનાથી અજાણ નહોતો. એણે કહ્યું : ‘કાગળ જેલરની આંખ નીચે થઈને આવે તેથી શું થઈ ગયું ?’

‘કેમ શું થઈ ગયું ? કાગળ વાંચીને જેલર રસના ઘૂંટડા ગળે એમાં કંઈ નહિ?’

‘એમાં તે શું બગડી ગયું ? જેલર કંઈ આપણો સગો થોડો છે ?’

‘એ હું કદી સહન ન કરું, ગંગા.’

ગંગા પતિને બરાબર પિછાણતી હતી. આવા જ કો’ક વટ ઉપર તો એ જેલ ભોગવી રહ્યો હતો.

નિરુત્તર ગંગા બહાર નજર કરી રહી.

બારસાખની નજીક જળકૂંડી ઉપર બેઠેલી એક ચકલી ચાંચ વડે પીછાં સમારી રહી હતી.

થોડી વારના મૌન પછી પતિએ જવા માટે પગ ઉપાડ્યો અને એકાએક વેગ પ્રાપ્ત કરી લઈ એણે ચાલવા માંડ્યું. ગંગા એને નિહાળી રહી.

પતિ દેખાતો બંધ થયો. ગંગાની આંખ હજુ એ દિશામાં મંડાયેલી જ રહી.

પેલી ચકલી જળકૂંડી ઉપરથી ઊડીને કમાડ ઉપર બેસી ગઈ હતી. શરીર

ઉપરની ભીનાશ દૂર કરવા એ પીંછાં ધ્રુજાવી રહી હતી.

ગંગાનું ધ્યાન એમાં પરોવાયું.

અને કોણ જાણે કેમ, એની આંખ વરસી પડી.

❋

## ૨૫૬. વતન

કૃષ્ણકાન્તે અમેરિકામાં સ્થાયી થવાનો નિર્ણય લીધા પછી એણે પહેલું કામ વતનની જમીન વેચવાનું કર્યું અને જ્યારે ઘર વેચવા કાઢ્યું ત્યારે મેં એને સલાહ આપી : 'ઘર ભલે રહ્યું. કોઈક દિવસ વતન સાંભરશે, ત્યારે એ ખપ લાગશે.'

એ બોલ્યો : 'જ્યાં રહીએ એ જ વળી વતન. અમેરિકામાં સ્થાયી થવું જ છે, પછી વતનને વળગી રહીને શું કરવાનું ?' એની આ વાત પછી મારે કંઈ બોલવાનું રહેતું નથી.

કૃષ્ણકાન્તના અમેરિકામાં સ્થિર થયા પછી લગભગ પંદર વર્ષ મારે ધંધાર્થે થોડા દિવસ માટે ત્યાં જવાનું થયું. મારું કામ પતાવ્યા પછી હું એને મળવા ગયો.

સાંજના આઠ વાગ્યા હતા. સૂર્ય હજી પશ્ચિમ ક્ષિતિજે તોળાઈ રહ્યો હતો. અમે એના ઘરની બારી આગળ બેઠા હતા. આખો દિવસ બૂટ અને મોજાંમાં રૂંધાઈ ગયેલા મારા પગનાં તળિયાંને અત્યારે હું કૃષ્ણકાન્તના ખંડની મસૃણ કાર્પેટ પર આમતેમ ફેરવીને મુલાયમ સ્પર્શ આપી રહ્યો હતો.

કશીક વાત ચાલતી હતી એમાં કૃષ્ણકાન્તે મને એકાએક પૂછ્યું : 'પેલા ભવાનકાકા શું કરે છે ?'

અંતરીક્ષમાં જોઈને કશુંક વર્ણન કરતો હોય એમ કૃષ્ણકાન્ત બોલ્યો : 'તળાવની પાળે આપણે રાયણના ઝાડ પર ચડી જતા ત્યારે ઝૂંપડામાંથી લાકડી લઈને રાડ પાડતા, ગાળો દેતા દોડી આવીને, આપણને વાંદરાં ઉતારતા હોય એમ રાયણ ઉપરથી ઉતારતા એ ભવાનકાકા.'

'હા, ખિસ્સામાં ભરેલી રાયણને પડાવી લીધા વિના આપણને તગડી મૂકતા...'

'...અને ઉપરથી શિખામણ આપતા - ગૂંજામાં રાયણ ન ભરાય, ડાઘા પડી જાય, મૂર્ખાઓ !'

થોડી ક્ષણો માટે અમે બંને અતીતમાં ખોવાઈ ગયા. પછી કૃષ્ણકાન્તે પૂછ્યું: 'એ ભવાનકાકા શું કરે છે ?'

'એ મને કશી ખબર નથી.'

'કેમ ?'

'હવે હું મુંબઈમાં જ સ્થાયી થઈ ગયો છું. મેંય ખેતર-ખોરડાં વેચી માર્યાં છે. હવે વતનમાં જવાનું થતું નથી.'

ડૂબવાની તૈયારી કરતા સૂરજને કૃષ્ણકાન્ત એકીટશે નિહાળી રહ્યો. સૂર્ય પરથી નજર ખસેડ્યા વગર જ એ બોલ્યો : 'કેવો મજાનો માણસ ! ઘણી વાર યાદ આવે છે. રસ્ટિક છતાં...'

એ વાક્ય અધૂરું મૂકી એક ઊંડો શ્વાસ લઈને એણે કહ્યું : 'તેં ખરેખર ખેતર-ખોરડાં વેચી માર્યાં ?'

અને એણે ફરી એક વાર ઊનો ઊનો શ્વાસ મૂક્યો. જાણે એક ઊંડો નિઃશ્વાસ !

## ૨૫૭. વર્ષગાંઠ

માણસની નબળાઈઓનો એ જબરો પરખંદો હતો. એટલે તો લારી ફેરવતાં ફેરવતાં ફળિયું, ગામ અને તાલુકાનું રાજકારણ ખેલતો થઈ ગયો. પછી તો, 'ન્યુશન્સ મૂલ્ય'ના આધારે રાજ્ય કક્ષાના રાજકારણ સુધી પહોંચી ગયો. અને છેવટે પ્રધાનની ખુરશી ઉપર તરાપ મારી શક્યો.

હવે તો એ એક દુર્ધર્ષ નેતા બની ચૂક્યો હતો. કોઈને પળમાં ગગનના ગોખે ગોઠવી દઈ શકે એવો 'ખૂંરાટ' નેતા ! સત્તાભૂખ્યા લોકો એની મહેરબાની ઝંખતા અને એને પ્રસન્ન કરવા માટે જાતજાતના માર્ગ શોધતા. કોઈ નાની સરખી સફળતા, કોઈ સામાન્ય ખુશીના ખબર ગમે ત્યાં શોધી કાઢીને એને અભિનંદન આપવા ફૂલહાર લઈને એની ચેમ્બરમાં દોડી જતા. એને આ બધું ગમતું. એમાં એ રાચતો. સત્તા અને મહત્તા બંને અનુભવતો.

આજ એ પોતાની ચેમ્બરમાં બેઠો હતો. દરવાજાનું ફ્લેપ ખેંચાયું અને એક મહાશય દેખાયા. હાથમાં ગુલાબનો હાર, બે હાથે ઊંચકવો પડે એવો. આગંતુકનો હેતુ એ સમજ્યો. આજ પોતાની વર્ષગાંઠ હતી. હાર જોઈને એને કશી ખુશી ન ઊપજી.

''જન્મદિન મુબારક, સાહેબ !''

એના ચહેરા ઉપર અણગમાનાં વાદળ ઘેરાઈ આવ્યાં.

પછી આખો દિવસ એ સિલસિલો ચાલુ રહ્યો. સાંજ સુધીમાં તો જૂનું ટેબલ

ફૂલહારના ઢગલાથી લદાઈ ગયું.

એ થાકી ગયો હતો. એણે ચપરાસીને કહ્યું : ''આ ઉકરડાને ક્યાંય પધરાવી દે...અને હવે કોઈને પણ અંદર આવવા દઈશ નહીં.''

એ એકલો પડ્યો. હથેળીઓમાં મોં છુપાવીને કશાક વિચારમાં ખોવાઈ ગયો. થોડી ક્ષણો પછી અંતરિક્ષમાંથી આવતો કોઈ બાળકનો ક્ષીણ અવાજ જાણે એને સંભળાવા લાગ્યો : ''બાપુ, મારી હૅપી બર્થ ડે ક્યારે ? કહોને બાપુ, મારી...''

પોતે લારી ફેરવતો હતો ત્યારે એને એક બાળક હતું. મુન્નો ! ફળિયાના છેડે એ લોકો એક નાનકડી ઓરડીમાં રહેતા હતા. ફળિયામાં કેટલાક સુખી લોકો પોતાનાં બાળકોની વર્ષગાઠ ઊજવતા. ફુગ્ગાનાં તોરણ થતાં. ચૉકલેટ વહેંચાતી. મુન્નાને પણ એ મળતી. મુન્નો પણ પોતાની 'હૅપી બર્થ ડે'ની ઉજવણી માટે હઠ કરતો. પણ પોતે કારમી ગરીબીને લીધે એ બાળકની વર્ષગાંઠ ક્યારેય ન ઊજવી શક્યો. હવે તો મુન્નો આ જગતમાં રહ્યો નહોતો. એ વાતને તો વર્ષો વીતી ગયાં. પોતાની વર્ષગાંઠ ઊજવવાની તો પોતે કદીયે કામના કરી નહોતી. એનાથી દૂર ભાગવા એ સવારથી જ ઘેરથી નીકળી જઈને પોતાની ચેમ્બરમાં કામે લાગી જતો. આજે પણ એ રીતે જ ઘેરથી ભાગી આવ્યો હતો. પણ આ કમબખ્ત લોકો...

※

## ૨૫૮. વહેલી પરોઢનું સપનું

દુષ્યન્ત દસ વર્ષનો મારો પ્રપૌત્ર છે. એ મારી સાથે ખૂબ હળી ગયો છે. ખૂબ જિજ્ઞાસુ છે એટલે એની સાથે વાતો કરવાનું મને ગમે છે. એ મારી પાસે આવીને બેસે છે અને જાતજાતના સવાલ પૂછે છે. હું એના પ્રશ્નોના લંબાણપૂર્વક ઉત્તર આપું છું. ક્યારેક એ કશું ન પૂછે તોપણ હું એની સામે બોલ્યા કરું છું. મને આનંદ આવે છે. આજે મેં એને કહ્યું : 'વહેલી પરોઢે એક સ્વપ્નું આવ્યું, દુષ્યન્ત.'

'વહેલી પરોઢે આવ્યું એટલે તો સાચું પડવાનું, દાદા.'

'એ વિચારે જ હું બેચેન છું, બેટા.'

'એવું તે કેવું સ્વપ્ન આવ્યું દાદા ?'

જવાબ આપવાને બદલે મેં એની સામે એક ફોટોગ્રાફ ધર્યો.

પહેલાં તો એને કંઈ સમજણ ન પડી હોય એ રીતે એ પેલા ફોટોગ્રાફ સામે જોઈ રહ્યો. પછી બોલ્યો : 'આ બધું શું છે, દાદા ?'

'એક શહેરનો ભંગાર છે.'

'શહેરનો ભંગાર ?'

'હા, ધ્યાનથી જો. એમાં તને જમીનદોસ્ત થયેલાં મોટાં મોટાં મકાનોનો કાટમાળ દેખાશે. એની નીચે ઘણા લોકો પણ દબાઈ મર્યા છે.'

'આ બધું શું છે એ તમે જ કહો ને, દાદા.'

'ધરતીકંપમાં જમીનદોસ્ત થઈ ગયેલા એક શહેરનો આ ફોટો છે, બેટા.'

'કયું શહેર છે, એ ?'

'ક્વેટા.'

'ક્યાં આવ્યું ?'

'પાકિસ્તાનમાં. ૧૯૩૪માં એટલે કે આજથી ૬૫ વર્ષ પહેલાં ત્યાં જબરજસ્ત ધરતીકંપ થયેલો. ભારે ખાનાખરાબી થયેલી. સાથે સાથે બિહારમાં પણ ધરતીકંપ થયેલો. બંને સ્થળે રાહતકાર્ય માટે દેશના ખૂણે ખૂણેથી સ્વયંસેવકોની ટુકડીઓ ગયેલી હું પણ ગુજરાતની ટુકડી સાથે ક્વેટા પહોંચી ગયો હતો. ત્યારે મારી ઉમર ૨૦ વર્ષ. રાતદિવસ અમે કાટમાળ ઉથામીને એની નીચેથી જીવતાં કે મરેલાં માણસ કાઢતા હતા. છેલ્લા શ્વાસ લેતા હોય એવા બેભાન માણસોને અમે ખૂબ સાવધાનીથી ખેંચી કાઢતા હતા. અને શબોની તો ગણતરી જ નહોતી. કેટલાંક તો નાક ફાટી જાય એટલી દુર્ગંધવાળાં હતાં. હૈયું વલોવાતું હતું. અમારી ભૂખ અને તરસ તો મરી જ ગઈ હતી. રાતદિવસ, કપરો તડકો કે રાતની કારમી ઠંડીને ગણકાર્યા વગર અમે ઊંચા શ્વાસે કામ કરતા હતા...ક્યારેક તો બાળકોને કાટમાળની નીચેથી કાઢતાં અમારી આંખ વરસી પડતી હતી...'

'પણ દાદા, એ શહેર તો પાકિસ્તાનનું...'

'ના દીકરા, તું જે ફોટો જુએ છે એ તો આપણા અખંડ હિન્દુસ્તાનનું આપણું શહેર. હવે પાકિસ્તાનમાં.'

'પણ દાદા, આમાં પેલા સપનાની વાત ક્યાં આવી ?'

'આજે પરોઢના સ્વપ્નામાં એ શહેરને ધરતીકંપમાં ફરી દટાતું જોયું.'

'પણ દાદા, એમાં બેચેન થવાની વાત ક્યાં આવી ? દુશ્મનનું શહેર દટાતું કે નાશ પામતું હોય એમાં આપણે દુઃખી થવાનું શું ?'

'દીકરા, હું એ જ વિચારું છું કે આ સ્વપ્નાથી મને આટલી બેચેની કેમ થાય છે ? કદાચ એવું હોય બેટા, કે જેને એક વખત બેઠું કરવા રાતદિવસ પરસેવો પાડ્યો એને દુશ્મન ગણવા હૈયું તૈયાર નહીં હોય !'

*

# ૨૫૯. મંથન

આખરે કોર્ટનો ચુકાદો આવી ગયો. ગોદાવરી કેસ હારી ગઈ. એના પતિ જનકને છૂટાછેડા મળી ગયા. સાક્ષીઓએ નિષ્કલંક ગોદાવરીનું લગ્નજીવન રોળી નાખ્યું.

કેસ ચાલ્યો ત્યાં સુધી ગોદાવરી મામાને ત્યાં હતી. ચુકાદો સાંભળ્યા પછી એનું મન સંસારમાંથી ઊઠી ગયું. હવે ગામમાં રહેવાનું શક્ય નહોતું. એ મામાને ત્યાં પણ ન ગઈ. ગોદાવરી ક્યાં ગઈ એ કોઈ જાણી ન શક્યું.

કોર્ટમાં કેસ ચાલતો હતો તે દરમિયાન જનક અને તેનો મિત્ર જયંત કલાકો સુધી સાથે બેસીને કેસ જીતી શકાય એ માટે ગોદાવરી વિરુદ્ધ જાતજાતના પ્રપંચ રચીને વકીલને સામગ્રી પૂરી પાડતા હતા. પણ કેસનો ચુકાદો આવી ગયો અને ગોદાવરી ગામ છોડીને ચાલી ગઈ ત્યાર પછી જયંત એક અઠવાડિયા સુધી જનક તરફ ફરક્યો નહીં.

એક અઠવાડિયા પછી એ જનક પાસે ગયો ત્યારે પણ સૂનમૂન બેસી રહ્યો.

'કેમ અવાક થઈ ગયો છે ?' એવું જનકે પૂછ્યું ત્યારે પણ એ મૌન સાધીને બેસી રહ્યો.

થોડી વાર પછી એ બોલ્યો : 'કૉર્ટે ચુકાદો સંભળાવ્યો ત્યારે જનક તેં ગોદાવરીના મોઢા સામે જોયું હતું ?'

'ના.'

'મેં જોયું હતું.'

'તું શું કહેવા માગે છે ?'

'કેટલાક ચહેરા ખોટા હોતા નથી. એ ચહેરાએ મને ખાતરી આપી કે ગોદાવરીના ચારિત્ર્યમાં કોઈ એબ નહોતી.'

'કૉર્ટે તો તારી જુબાનીને સૌથી વધારે મહત્ત્વ આપ્યું હતું.'

ગોદાવરી ગામ છોડીને ચાલી ગઈ એ હકીકતે પણ મારી ધારણાને ટેકો આપ્યો છે. માત્ર શંકાના કારણે જ એક કાળો ઇતિહાસ રચાઈ ગયો.

'આ શાણપણની વાત રહેવા દે. એનાથી તો તું વરવો લાગે છે. આમ એકાએક તું ગોદાવરીનો પક્ષકાર બની ગયો એની મને તો નવાઈ લાગે છે. છૂટાછેડા આસાનીથી મળી રહે એ માટે તેં જ રસ્તા બતાવ્યા હતા.'

'એ માટે હવે પસ્તાઉં છું. માનીશ જનક, છેલ્લે છેલ્લે કૉર્ટમાં મેં ગોદાવરીને જોઈ અને મને જે સત્યનો ભાસ થયો. તે અમસ્તો નથી થયો. મારા હૈયામાં ઊંડે ઊંડે તો તારી શંકામાં મને વિશ્વાસ તો બેઠો નહોતો પણ તું મારો લંગોટિયો મિત્ર,

એટલે હું તારી સાથે ખેંચાયા કર્યો. હવે પસ્તાવાની આગમાં ભૂંજાઈ રહ્યો છું... કેવો અધર્મ આચરી બેઠો હું !!!'

જરા અટકી એણે જનકને પૂછ્યું : 'તને કંઈ થતું નથી ?'

'ના.'

અને જયંત ખંડની કોઈ ગૂંગળામણભરી હવામાં ઝાઝુ બેસી શક્યો નહીં. અને કશાક વળગણમાંથી છૂટવા માગતો હોય એમ આવેગ ભર્યો એ ત્યાંથી ભાગ્યો.

⁂

## ૨૬૦. વળગણ

ખુશાલ શેઠ વતન પર પ્રેમથી ઓળઘોળ થઈ જાય એવો લગાવ પેદા કરનારા એમને ઝાઝા અનુભવ નહોતા. એટલે વતનની વાત એમને બહુ આકર્ષી શકતી નહોતી. એમના ફેબ્રિકેશનના એક કારખાનામાં નાનાં શહેરો અને નગરોમાંથી ધંધાર્થે કેટલાક બિઝનેસમૅનો આવતા. એમની ચૅમ્બરમાં ચા-પાણી વખતે કેટલીક ઔપચારિક વાતોમાં કોઈ બિઝનેસમૅન પૂછી બેસતો : 'સાહેબ, આપનું મૂળ વતન કયું ?'

ખુશાલ શેઠ હસીને જવાબ આપતા : 'જ્યાં રહીએ એ વતન. અમદાવાદે ઉદ્યોગપતિ બનાવ્યો, ધનદોલત અને સુખ પુષ્કળ પ્રમાણમાં આપ્યાં છે. કાચી ઉંમરે અહીં આવ્યો. ધંધે વળગ્યો, ટિપાયો, ઘડાયો...મારે અમદાવાદ સિવાય બીજું કયું વતન હોય ?'

વાત સાચી છે. આ ખુશાલને પેલા ગામડામાં કશાં સુખ-સગવડ મળ્યાં નહોતાં. મા વહેલી સવારે રોટલા ઘડવાનું અને બીજું ઘરકામ પતાવીને નવ વાગતામાં તો સાથે ભાતું લઈને કોઈ ને કોઈ ખેતરમાં મજૂરીએ ચાલી જતી. ખુશાલ અને એનાથી બે વરસ નાની બહેન શોભા અઠવાડિયાની છ દિવસ તો રોજની રીત પ્રમાણે માએ ઢાંકેલા રાંધણામાંથી જમી લઈને નિશાળે જતાં. સાંજે મા ઘેર આવે ત્યાં સુધી લેસન કરતાં અને રમતાં...રવિવાર કે રજાના દિવસે આ ભાઈ-બહેન માની સાથે ખેતર જતાં. ખેતરને શેઢે અથવા કોઈ ઝાડ નીચે રમતાં. વચ્ચે વચ્ચે મોજ આવે ત્યારે ખેતરની હરિયાળી કે તૈયાર થયેલો ઊભો પાક જોઈને હરખાતાં, ઝાડની ડાળમાં ગાન કરી રહેલાં કે આકાશમાં તીરની જેમ ઊડતાં પંખીઓને નીરખી રહેતાં. બપોરે ભાતું ખાવાની વેળાએ મા પાસે બેસી જતાં. મા અડધી ભૂખી રહે એટલા રોટલા એ ઉડાવી જતાં અને ખેતર માલિક તરફથી મળતી છાશ વાડકે વાડકે ધરાઈને પી લેતાં...

ખુશાલ ઝાઝું ભણી શક્યો નહીં એટલે માએ તેને મામાની આંગળીએ વળગાડીને અમદાવાદ મોકલ્યો. મામાએ એને એક કારખાનામાં કામે વળગાડ્યો. તે દિવસથી વતન છૂટ્યું તે છૂટ્યું ! વાર-તહેવારે માની ખબર લઈ આવતો એટલું જ. બહેન પરણી ગઈ અને મા ગુજરી ગઈ એ પછી વતન સાવ છૂટી ગયું.

કારખાનામાં કાળી મજૂરી. ટિપાતાં-ઘડાતાં તૈયાર થયો. કારીગર બન્યો નિપુણ કારીગર ! જતે દિવસે કારખાનેદાર બન્યો. બે પૈસા કમાયો. કમાણીના પૈસે ધંધો વિકસાવતો રહ્યો. અને વખત જતાં બંગલાનિવાસી ખુશાલ શેઠ બની ગયો !

બે હજાર ચોરસ મીટરના પ્લૉટમાં ખાસ આર્કિટેક્ટે તૈયાર કરેલા પ્લાન અને ડિઝાઇન પ્રમાણે તૈયાર કરવામાં આવેલા બંગલાને ફરતું કમ્પાઉન્ડ પણ શહેરના એક ગાર્ડન સુપરિન્ટેન્ડેન્ટની દેખરેખ નીચે રળિયામણું બનાવવામાં આવ્યું હતું. કમ્પાઉન્ડ વૉલને ફરતાં આંતરે આંતરે બોટલપામ અને બે બેટલપામ વચ્ચેની ખાલી જગ્યામાં ગુલમહોર, ગરમાળો, બૂચ, બોટલબ્રશ, કોડિયા, કાયજેલિયા જેવા મનોહર ફૂલ ધારણ કરતાં વૃક્ષો...એમની આગળ ગોળ પરિઘ પટ્ટે સિઝનલ ફૂલ-ક્યારીઓ. વચ્ચે ઇંગ્લિશ લૉન અને એમાં છૂટાછવાયા ગુલાબ, રજનીગંધા વગેરે જેવા ફૂલછોડ...એક ચોમાસામાં સતત વરસાદ વરસતો રહ્યો.

બહારની દુનિયામાં અડાબીડ ઘાસ ઊગી નીકળ્યું હતું. જંગલી વેલાના ઊગવાનો પણ પાર નહોતો. ખુશાલ શેઠના કમ્પાઉન્ડમાં માળીની કાળજી છતાં પેલા વૃક્ષોવાળા પટ્ટામાં ક્યાંક છૂટુંછવાયું ઘાસ અને ઘાસિયા કે ખેતરાઉ છોડ ઊભાં રહી ગયેલાં હતાં.

ઊતરતા શ્રાવણની એક ઉઘાડવાળી સાંજે શેઠ ખુશાલ કમ્પાઉન્ડમાં વ્યાયામને મિષે આંટા મારવા નીકળ્યા. એક છોડ આગળથી પસાર થતાં એકાએક એ અટકી ગયા. એ બાજરીનો છોડ હતો. ટટ્ટાર ઊભો હતો. એના પર લંબ વર્તુળાકારે ઝૂકેલાં પહોળા પટ્ટાનાં લાંબાં પાન હતાં અને છોડની ટોચ ઉપર બાજરિયું હતું. એમાં ખીચોખીચ ભરાયેલા શ્યામળા દાણા એક ખાસ ચમક ધારણ કરી રહ્યા હતા.

ધીરે ધીરે એ છોડ વિસ્તરવા લાગ્યો. અને પડછે એક ખેતર ઊપસ્યું. ભાદરવો મહિનો, બાજરીનાં ડૂંડાંથી લહેરાતું રઢિયાળું ખેતર, ખીજડાના ઝાડ નીચે મજૂરો ભાતું છોડી રહ્યા હતા...એક છોકરો માના હાથમાંથી તાંસળું ખૂંચવી લઈને ખેતરમાલિકના સાથીએ રેડેલી છાશ ઘટક ઘટક પી રહ્યો હતો...

ખેતર બરોબર જોઈ શકાય એ હેતુથી આંખમાંનાં ઝળઝળિયાં દૂર કરવા ખુશાલ શેઠ આંખનાં પોપચાં ઉઘાડવાસ કરી રહ્યા.

⁕

# ૨૬૧. વળતર

છાત્રાલયના નવા મકાન માટેના ફંડમાં દાનરૂપે દિવ્યાંગે સુમન્તભાઈના હાથમાં દસ લાખ રૂપિયાનો ચેક મૂકી દીધો ત્યારે સુમ્નતભાઈના આશ્ચર્યનો પાર ન રહ્યો. દસ, વીસ, કે પચાસ લાખ જેવી રકમનો દિવ્યાંગ જેવા ઉદ્યોગપતિ માટે કશો હિસાબ નહોતો. વિસ્મય રકમનું નહિ પણ દિવ્યાંગની આ ચેષ્ટા માટેનું હતું. અઢળક સંપત્તિનો માલિક હોવા છતાં એના સ્વભાવ વિરુદ્ધની જ આ ચેષ્ટા હતી. કોઈ પણ પ્રકારના ફંડફાળાનું નામ પડતાં જ એ મોં ફેરવી લેતો. વતન તરફના કાર્યકરો કોઈ ફંડ માટે મુંબઈની ઑફિસે એને મળવા જતા ત્યારે સેક્રેટરી દ્વારા જ એમને જાકારો મળી જતો.

અને આજે કશી પૂછતાછ વગર એણે દસ લાખ રૂપિયાનો ચેક સુમન્તભાઈના હાથમાં મૂકી દીધો હતો ! ચેક આપતી વખતે એ બોલ્યો હતો : 'આ રકમ આપના હાથમાં મૂકું છું, સાહેબ. આપને ઠીક લાગે એ રીતે છાત્રાલયના કામમાં એનો ઉપયોગ કરજો. આ બાબતે મારી કોઈ શરત નથી.'

દિવ્યાંગનું દાન એના વતન તરફના લોકોમાં એક નવાઈની ઘટના તરીકે ચર્ચાતું રહ્યું. ખુદ સુમન્તભાઈ આ દાન પાછળનું રહસ્ય કળી ન શક્યા.

એક વખત એમને દિવ્યાંગના ગામે જવાનું થયું. મનમાં ઘોળાતા દાનના પેલા કોયડાનો ઉકેલ શોધવા જ જાણે, એ દિવ્યાંગના પિતા અશ્વિનભાઈને મળવા ગયા. વાતનો આરંભ કરતાં એમણે કહ્યું : 'અશ્વિનભાઈ, તમારા દિવ્યાંગે તો રંગ રાખ્યો, હોં.'

'એણે છાત્રાલય માટે દાન આપ્યું તે ને ?'

'હા, કશી પૂછતાછ કે કોઈ શરત વગર જ એણે આટલી મોટી રકમ દાનમાં આપી દીધી !'

અશ્વિનભાઈ થોડી વાર તો સુમન્તભાઈ સામે તાકી રહ્યા. પછી બોલ્યા : 'અમારો દિવ્યાંગ કોઈ ફંડમાં રાતી પાઈ પણ આપવાનું શીખ્યો નથી અને તમને દસ લાખ રૂપિયાનું દાન આપી દીધું એની નવાઈ લાગી છે ને ?'

'હા, ખરેખર નવાઈ લાગે છે.'

'હું તો કહું છું દિવ્યાંગે કંઈ આપ્યું નથી.'

'આમ કહીને તો તમે નવાઈમાં વધારો કરો છો, અશ્વિનભાઈ.'

'સાચું કહું છું, સુમન્તભાઈ.'

'શાથી આમ કહો છો ?'

'તમે છાત્રાલયમાં દિવ્યાંગના ગૃહપતિ હતા, ખરું ?'

'હા.'

'યાદ છે, દિવ્યાંગ એક વખત માંદો પડી ગયો હતો ?'

'હા, એને દવાખાનામાં દાખલ કરવો પડ્યો હતો.'

'તમે અમને ગામડે ખબર તો મોકલી, પણ એ વખતે ભારે વરસાદ હતો. અટકવાનું નામ લેતો નહોતો. નદીનાળાં ઊભરાતાં હતાં. રસ્તા બંધ. વાહન મળે નહીં. અમને છાત્રાલયે પહોંચતાં બે દિવસ વીતી ગયા. ઊંચા જીવે દવાખાને પહોંચ્યા ત્યારે નર્સ પાસેથી જાણવા મળ્યું કે, ભૂખ, તરસ કે ઊંઘની તમા રાખ્યા વગર તમે દિવ્યાંગના પલંગ આગળ ખડેપગે ઊભા રહ્યા હતા. માવતર કરતાંય અદકેરા ગૃહપતિને દિવ્યાંગ કેમ ભૂલે ? એટલે તો કહું છું, દિવ્યાંગે ફંડમાં કશું આપ્યું નથી...'

※

## ૨૬૨. વળામણાં

ખેતરની ઓરડીને તાળું માર્યા પછી ઉમેદે એને ત્રણથી ચારવાર ખેંચી જોયું. ભીંતમાંના જાળિયા પાછળનું પાટિયું બરાબર ચુસ્ત છે કે નહીં એ પણ ચકાસી લીધું.

આટલી કાળજી તો એણે ઘરેણાંની પેટીની પણ લીધી ન હતી. છપ્પનિયાને પણ ભુલાવે એવો કાળ હતો. એટલે ઓરડીમાંનાં ઘાસપૂળા અત્યારે ઘરેણાં કરતાંય મોંઘાં હતાં.

આથમણા આકાશમાં સૂરજ હજુ રાશવા ઊંચે ઝળૂંબી રહ્યો હતો. ઉમેદ ચલમમાં તમાકુ ભરવા ખાટલીમાં બેઠો ત્યાં એક મેલોઘેલો ખેડુ જેવો માણસ એની સામે આવીને ઊભો રહ્યો.

ઉમેદે પૂછ્યું : 'શીદ આવ્યા છો, ભઈ ?'

પેલા માણસે જવાબ આપ્યો : 'જે કામ માટે આવ્યો છું એ કહેવા માટે હવે જીભ ચાલતી નથી. ચાર ઠેકાણેથી તો પાછો પડ્યો છું !'

'કહો, શી વિટંબણા છે ?'

'સામે ઝાંપા બહાર નજર કરો, ભલા.'

ઉમેદે એ બાજુ જોયું. બે દૂબળા બળદ અને એક હાડપિંજરશી ગાય ખેતરના ઝાંપા બહાર ઊભાં હતાં.

ઉમેદના પેટમાં એક ફાળ પડી. આ માણસ ઘાસપૂળાની ભીખ માંગવા તો નથી

આવ્યો ને !

આગંતુકે આર્જવભરી વાણીમાં કહ્યું : 'તમારાં ખેતર-ખોરડાં જોઈને અહીં પગ મૂક્યો છે. મારી આ થાપણ તમે રાખી લો.'

'થાપણ ?'

'થાપણ નહીં તો બક્ષિશ સમજો, પણ તમે એમને તમારા ખોરડે લઈ લ્યો. તમારા આશરે એ જીવી જશે. બળદને ખેતીમાં જોતરજો. અને ગાયને દોહી પીજો. વરસ વળતું થશે તો લેવા આવીશ નહીં તો...' આટલું કહેતાં આ માણસની આંખમાં ઝળઝળિયાં દેખાયાં.

ઉમેદ સાંભળી રહ્યો હતો. એના હૈયામાં કરુણા હતી. કાળ વરસમાં ઢોરને જિવાડવાના શા વખા હોય છે એની એને ખબર હતી. ઉમેદે પૂછ્યું : 'ક્યાંથી આવો છો, ભાઈ ?'

'મા ભોમને શીદ લજવવી, બાપલા...કોઈ આરો રહ્યો નથી એટલે નીકળ્યા છીએ. ઢોરઢાંખરનું ઠેકાણું પડી જાય પછી તો ગમે તેમ દહાડા કાઢી નાખીશું. ઝાંપે ઊભા એ જીવને આશરો આપો, ભાઈ.'

'અમારાં જ ઢોર જિવાડવાં દોહ્યાલાં છે ત્યાં બીજો બીજો શે વેંઢારીએ ? તમતમારે બીજું ઠેકાણું શોધી લ્યો.'

પેલા માણસે એક નિસાસો મૂક્યો. ફરી એક વાર પૂછી લીધું :

'આશરાનું બને એમ નથી ?'

'ગજા બહારનું છે, નકર તમને નિરાશ ન કરત.'

'એક વાર પેલા મૂંગા જીવ હામે નજર કરી લ્યો. કેવા નેમણા થઈને ઊભા છે !'

'મારોય જીવ તો કપાય છે, ભાઈ. પણ શું કરું ? કોઈ ઉપાય નથી. આ જીવને સંઘરવા જાઉં તો જેઠ મહિનો આવતાં તમારા અને મારા બધાય જીવ મોત ભેગા થાય.'

ખેડુએ ઝાંપે જઈને ઢોર હાક્યાં. એક નેળિયું આવ્યું. સાંકડા માર્ગમાં ઢોર ચાલતાં રહ્યાં પણ ખેડુ ઊભો થઈ રહ્યો. બોલ્યો : 'હું તો અહીં ઊભો રહીશ, ભગવાન. તારે મારા આ ત્રણેય જીવને જ્યાં તગડવા હોય ત્યાં તગડજે.' આટલું બોલી એ નેળિયાના ટેંબાડે ચઢીને નેળિયાના માર્ગે માર્ગે નજર માંડી રહ્યો.

સૂના નેળિયામાં ત્રણે જીવ ચાલી રહ્યા હતા. કદાચ એ ભરોસે કે એમનો ધારણહાર પાછળ પાછળ આવી રહ્યો છે !

❊

# ૨૬૩. વન્ધ્ય ઝરણું

સિવિલ હૉસ્પિટલની સામે, જ્યાં બસ રૂટોનાં નંબરોનાં અસંખ્ય પાટિયાં લાગેલાં છે અને જ્યાં બસની રાહ જોતાં સેંકડો ઉતારુઓની ભીડ સવારથી સાંજ સુધી જામેલી રહે છે, ત્યાં એકાએક હું થોભી ગયો. ધોમધખતા બપોરે પગે ચાલતા રખડવાનો મને શોખ છે અથવા કહો કે, મને એનો એક ક્રેઝ છે. નીકળી પડું છું. એ દિવસે એ જ રીતે નીકળ્યો હતો. ફૂટપાથ પરની ધાર પરના એક સ્ટૅન્ડ પાસે બસની રાહ જોતાં માણસોનું એક ટોળું. એમાં આઠ-દસ વર્ષની કિશોરી પર મારી નજર પડતાં હું થોભી ગયો.

થોભી જવાની વાતને તો ઘણાં વર્ષો વીતી ગયાં. પણ મારા બંગલામાં બેઠાં બેઠાં હું અનેક વાર સિવિલ હૉસ્પિટલ સામે એ બસ-સ્ટૅન્ડ અને ફૂટપાથ આગળ થોભી જાઉં છું. અત્યારે ફરી એક વાર એ સ્થળે હું થોભી ગયો. મારી નજર આગળ પેલી છોકરી છે. ફક્ત છોકરી જ નહીં, બસની રાહ જોવામાં રઘવાયું થયેલું માનવટોળું પણ છે.

છોકરીનો ચહેરો સૂજી ગયેલો છે, ફૂલી ગયો છે. આખું મોઢું પાકી ગયેલાં કાલિંગડા જેવું છે. ખૂબ સોજાના કારણે ચહેરા પરની આંખો માત્ર લીટીઓ જેવી દેખાય છે. રતુમડા ચહેરામાંથી પાંપણો ઊગી નીકળી હોય એવું લાગે છે. પોપચાંમાંથી પાણી નીતરી રહ્યું છે. એ રોગનાં પાણી છે કે શારીરિક વેદનાને કારણે એ છોકરી રડી રહી છે, એ સમજાતું નથી.

એ છોકરીની બાજુમાં એક વૃદ્ધ બેઠો છે. એના હાથમાં પાતળી પોલિથીન બૅગ છે. આરપાર જોઈ શકાય એવી. એમાં દવાનાં એકબે બૉક્સ છે. સાથે ટીકડીઓ અને કૅપ્સ્યૂલ્સનાં બે ત્રણ પત્તાં પણ દેખાય છે. ડ્રગ સ્ટોરમાંથી એણે એ બધું ખરીદ્યું હશે. વૃદ્ધ વારંવાર એ છોકરીના ચહેરા તરફ નજર કરી લે છે. એટલે છોકરી એની સાથે જ હશે. કદાચ એ એની પૌત્રી હશે. સામે સિવિલ હૉસ્પિટલ છે. એટલે આ છોકરીના ઉપચાર માટે એ એને અહીં લાવ્યો હશે. હવે એને ઘેર લઈ જવા બસ-સ્ટૅન્ડે આવ્યો છે, એમ અનુમાન કરી શકાય. બપોરનો એક વાગ્યો છે. ઉનાળાનો દિવસ છે. વૈશાખ મહિનો. આકાશમાંથી આગ વરસી રહી છે. બસ-સ્ટૅન્ડ ખરું, પણ કોઈ શેડ નથી. માથાં તપી રહ્યાં છે.

બસ હજુ દેખાતી નથી. નવાં નવાં ઉતારુ ઉમેરાતાં જાય છે. ભીડ વધતી રહે છે. હું ત્યાં ઊભો છું. છોકરીના ચહેરા સામે જોયા કરું છું. આજુબાજુનાં સ્ટૅન્ડો ઉપર

જે કોઈ બસ આવીને ઊભી રહે છે, એમાં ચડવા માટે થતો માણસોનો ધસારો જોઉં છું, ધક્કામુક્કી, હડસેલા, વિચારું છું, આદમી વૃદ્ધ છે, છોકરી રોગગ્રસ્ત છે, ભીડનો પાર નથી. એ લોકો બસમાં શી રીતે ચડી શકશે ?

મારું હૈયું દ્રવી રહ્યું હતું. કદાચ દયાની લાગણીનો એ ઊભરો હતો. પેલી છોકરી અને વૃદ્ધને જોઈને એ સાવ ઓગળી રહ્યું હતું. મને વિચાર આવ્યો. 'એક રિક્ષા થોભાવું. રિક્ષાવાળાને ભાડાના પૈસા આગોતરા આપી દઉં, પછી પેલા વૃદ્ધને કહું - 'ચાલો, બેસી જાઓ. તમારે જ્યાં જવું હોય ત્યાં આ રિક્ષાવાળો લઈ જશે.'

આ વિચારની સાથે ભૂતકાળમાં બીજા કોઈ સ્થળે સાંભળેલા શબ્દો તાજા થયા : 'મિસ્ટર, તમારે અમારી દયા ખાવાની જરૂર નથી, અમે કોઈ ગરીબ, કંગાલ કે ભિખારી નથી...'

પણ આ વૃદ્ધ એવું તોછડું વલણ દાખવે એવો દેખાતો નથી. અને છતાં મેં રિક્ષા ન થોભાવી. મને કદાચ પેલા માનવટોળાની ભીતિ લાગી હશે.

હું પોતે પણ આ વૈશાખના આકરા તાપમાં તપી રહ્યો હતો. શાથી ? શાથી એ તો હું પણ જાણતો નહોતો. કારણ કે રિક્ષા ઊભી રાખવાની ઇચ્છા હોવા છતાં મેં એમ ન કર્યું.

એક વાર મેં બળ એકઠું કર્યું. આવી રહેલી રિક્ષાને થોભાવવા હાથ ઊંચો કર્યો. પણ રિક્ષા આવીને ઊભો રહે એ પહેલાં મેં આડું જોઈ લીધું અને રિક્ષા આગળ ચાલી ગઈ.

એક બસ આવી. એમાં ચઢનાર માણસોનો ધસારો એક હલ્લા બરાબર હતો. ડોસો અને છોકરી ઊભાં તો થયાં. પણ ધક્કામુક્કી જોઈને ડઘાઈ ગયાં હોય એમ ઊભાં જ રહ્યાં. બસ ઊપડી ગઈ.

છોકરી વૃદ્ધ તરફ જોઈ રહી. એનો ચહેરો એટલો સૂજેલો હતો કે એના ઉપર કોઈ ભાવ મુદ્રિત થયેલો જોઈ શકાય એમ નહોતો...

...અને આ વખતે તો મેં એક રિક્ષાને થોભાવી જ દીધી. રિક્ષાવાળો પ્રશ્નસૂચક નજરથી પૂછી રહ્યો : 'ક્યાં જવું છે ?'

કહેવું હતું બીજું કંઈક, પણ કહેવાઈ ગયું : 'ઇસરો, સેટેલાઇટ રોડ' અને હું રિક્ષામાં બેસી ગયો. ખિસ્સામાંથી રૂમાલ કાઢીને મેં પરસેવો લૂછવા માંડ્યો.

પણ શરીરમાંથી તો પરસેવાનાં નવાણ ફૂટી રહ્યાં હતાં. રૂમાલથી એ લૂછ્યે ક્યાં પાર આવવાનો હતો ?

❋

# ૨૬૪. વસંત અને ટહુકો

યુવાનીમાં એણે મન ઉપર ઘણો કાબૂ રાખ્યો.

મન જ્યારે જ્યારે આનંદપ્રમોદ માટે લલચાતું ત્યારે એ એને જુદી જુદી રીતે વાળી લેતો : ‘અત્યારે નહીં, મનવા. એક વાર માલિકીનું ઘર બની જાય અને મનગમતું બૅન્કબેલેન્સ થાય, છોકરાં ભણીગણીને ઠેકાણે પડે પછી મોજમજાની વાત...’ લક્ષ્ય સિદ્ધ કરવા એણે રાત કે દિવસ જોયા વગર મહેનત-મજૂરી કરી. નોકરી અને ઑવરટાઇમ, સવારે ટાઇપના મશીન ઉપર જોબવર્ક, રાત્રે વેપારીઓનાં નામાં લખવાનું કામ...

નાવ ધારી દિશામાં આગળ વધી રહ્યું હતું. વહેલી સવારે નવા ઉમંગથી એ ઊઠી જતો અને ઉત્સાહપૂર્વક કામે લાગી જતો. આખરે બધું ધારણા પ્રમાણે પાર ઊતર્યું. મનગમતું ઘર બન્યું અને ઠીક ઠીક બૅન્કબેલેન્સ પણ થયું. હવે ઘણાં વર્ષોથી મનમાં સેવેલી વાસનાઓને સંતોષવા એ અભિમુખ હતો. શરીર તંદુરસ્ત હતું. જોકે માથાના વાળ થોડા શ્વેતશ્યામ એમ શબલરંગી થયા હતા. આંખોની ચમક જરા ઘટી હતી અને ત્વચા થોડી નિસ્તેજ બની હતી પણ મનમાં ખરેખરી વસંત તો હવે બેઠી હતી !

એક દિવસ એણે નવું જીવન શરૂ કરવાનો મનસૂબો કર્યો. તૈયાર કપડાંની દુકાનમાંથી નવા જમાનાને અનુરૂપ થોડાં વસ્ત્ર ખરીદી લાવ્યો. ટીશર્ટ અને જીન્સનું પેન્ટ પહેરીને એ અરીસા આગળ ઊભો રહ્યો. પાછળ જોયું. દરવાજો ખુલ્લો હતો. તે બંધ કર્યો અને ફરીથી અરીસા આગળ આવીને ઊભો રહ્યો.

એણે વિચાર બદલ્યો ટીશર્ટ અને જીન્સનું પેન્ટ કાઢી નાખીને ગ્રે સૂટ ઠઠાવ્યો. ફરી અરીસા આગળ જઈને ઊભો મલકાયો.

કોઈકે બારણું ખટખટાવ્યું. કોણ હોઈ શકે ? કદાચ ટીની.

ટહુકો સંભળાયો : ‘દા...દા.’

એણે બારણું ન ખોલ્યું.

ટહુકા સંભળાતા રહ્યા.

તોપણ એણે બારણું ન ખોલ્યું. એ કશીક દ્વિધામાં હતો. કદાચ સૂટ કાઢી નાખીને ધોતી-ઝભ્ભો પહેરી લેવાનું વિચારી રહ્યો હોય !

⁕

# ૨૬૫. વિકલ્પ

સ્કૂલ છૂટવાના સમયે જ વરસાદ શરૂ થઈ ગયો.

શાળાનાં લગભગ બધાં જ બાળકો ભાગંભાગ કરતાં નીકળી ગયાં. પહેલા વરસાદની ઝડીનો આનંદ લૂંટતાં હોય એમ સ્તો ! ભીંજાઈ જવાની કશી તમા રાખ્યા સિવાય કોઈ સાઇકલ પર તો કોઈ ઊભા પગે દોડતાં...

પણ ત્રણ કિશોરો પડાળીમાં થોભી ગયા હતા. ભાર્ગવ, સુનિત અને રમેશ. પહેલા બે એમની ગાડીઓની રાહ જોતા હતા અને રમેશ વરસાદ બંધ થવાની પ્રતીક્ષા કરતો હતો.

ત્રણેના વર્ગો જુદા હતા, પણ ધોરણ એક હતાં. શાળામાં થતી વિવિધ પ્રવૃત્તિઓને લીધે એ બધા એકબીજાના પરિચયમાં હતા. ભાર્ગવે રમેશને પૂછ્યું : ‘બધા ચાલુ વરસાદમાં ભાગી ગયા અને તું કેમ ન ગયો ? અમારે તો ગાડી આવવાની છે એટલે રોકાઈ જવું પડ્યું.’

કિશોરાવસ્થામાં દંભનો રંગ જવલ્લે જ ચડ્યો હોય છે, એટલે કિશોર કે કિશોરીને અંદરોઅંદર કંઈ છુપાવવાનું હોતું નથી. રમેશે જવાબ આપ્યો : ‘મારી પાસે એક જ ગણવેશ છે. અત્યારે પલળતો જાઉં અને વરસાદ ચાલુ રહે તો રાતમાં કપડાં સુકાઈ નહિ, કાલે શું પહેરું ? વરસાદ બંધ થાય એ પછી જ ઘેર જઈશ.’

‘તારાં મમ્મી-પપ્પા ચિંતા નહિ કરે ?’

‘ના રે, હું કેમ ન આવ્યો એનો એમને ખ્યાલ આવી જ જાય.’

‘તું ગામડેથી આવે છે, નહિ ?’

‘હા.’

‘ચાલતો ?’

‘હા.’

‘તારું ગામ કેટલું દૂર છે ?’

‘અહીંથી ચાર-સાડાચાર કિલોમીટર જેટલું.’

‘માય ગૉડ !’ સુનિતે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું : ‘આવવા-જવાના થઈને રોજ નવ કિલોમીટર ચાલવાનું !’

‘એમાં શું ? ચાલી નાખીએ.’

ભાર્ગવ બોલ્યો : ‘અમારે તો એક કિલોમીટર જેટલુંય અંતર નથી, તોપણ ગાડી મૂકી જાય અને લઈ જાય.’

સુનિતે પોતાની વાત કરતાં કહ્યું : 'મારા પપ્પાનો તો સખત ઑર્ડર કે ચાર ડગલાં પણ નહિ ચાલવાનું, થાકી જવાય.'

ભાર્ગવ બોલ્યો : 'મારા પપ્પા પણ એવું જ કહે, જ્યાં જવાનું હોય ત્યાં ગાડી અને ડ્રાઇવર તૈયાર !'

સુનિતે રમેશને પૂછ્યું : 'તું થાકી ન જાય એ માટે તારા પપ્પા કંઈ વિચારતા નથી ?'

'વિચારે છે ને.'

બન્ને કિશોરને રમેશના જવાબથી આશ્ચર્ય થયું. બંને રમેશ તરફ આશ્ચર્યથી જોઈ રહ્યા. એટલે એ બોલ્યો : 'રોજ રાત્રે સૂઈ જાઉં ત્યારે મારા પપ્પા મારા પગ દાબે છે. હું ઘણુંય ના કહું, મને જરાય થાક નથી લાગ્યો, તોય દાબતા જ રહે. ઊંઘ આવી જાય અને મને ખબર ન રહે કે ક્યાં સુધી...'

રમેશ બોલતો હતો એ વખતે બે ગાડીઓનાં હૉર્ન સંભળાયાં. એ એની વાત પૂરી કરે એ પહેલાં તો ભાર્ગવ અને સુનિત પડાળીમાંથી ભાગીને પોતપોતાની ગાડીઓમાં ભરાઈ ગયા. અને રમેશ વરસાદના થોભી જવાની રાહ જોતો ઊભો જ રહ્યો.

※

# ૨૬૬. વિસ્ફોટ

પશ્ચાત્તાપની એક આગમાં તવાઈ રહેલો ચુનીલાલ એના બાળપણના મિત્ર કુમારને ત્યાં જતો અને એની આગળ હૈયું ઠાલવતો. ચુનીલાલની પત્ની રૂપા જાતે સળગી મરી હતી. અને એના આપઘાતનું કારણ પોતે હોવાનું એના મનમાં ઠસી ગયું હતું. ચારિત્ર્યની શંકા, રોજનો કંકાસ અને છેવટે આપઘાત !

રૂપાના મોત પછી જાણે કોઈ આત્મજ્ઞાન થયું હોય એમ એના મનમાં એક દૃઢ ગ્રંથિ બંધાઈ ગઈ કે રૂપા સાવ નિષ્કલંક હતી અને શંકાનાં બધાં કારણ આધાર વિનાનાં હતાં. આ ગ્રંથિના કારણે જ એ ચિત્તનું ચેન ગુમાવી બેઠો હતો. કુમાર પાસે જઈને ઘણી વાર એ પત્ની પ્રત્યેના પોતાના કઠોર વર્તનની વાત કરતાં કહેતો : 'સળગી રહેલી રૂપા ચીસો પાડતી હતી ત્યારે હું એની સામે હાજર હતો. ફાટી આંખે મદદ માટે એ મારી તરફ તાકી રહી હતી અને હું પથ્થરશો ઊભો જ રહ્યો હતો...' આમ કહ્યા પછી ધ્રુવપદની જેમ ચુનીલાલ એક વાત દોહરાવ્યા કરતો. 'આ દોઝખભર્યું

જીવતર હવે નથી જીરવાતું, કુમાર હું પણ રૂપાના માર્ગે જ જઈશ.'

કુમાર આ બધું સાંભળતો. એને સાંત્વન આપવા પ્રયત્ન પણ કરતો છતાં ચુનીલાલની સ્થિતિમાં કશો ફેર પડતો નહીં.

એક દિવસ ચુનીલાલ લાગણીવશ ઉન્માદની સ્થિતિમાં હોય એવું કુમારને જણાયું. કદાચ રૂપાના માર્ગે જવાનું નિશ્ચિતપણે વિચારી રહ્યો હોય ! એ દિવસે કુમારને લાગ્યું કે પોતે જે હકીકત આજ સુધી હૈયામાં ભંડારી રાખી છે એને હવે બહાર કાઢવાનો સમય આવી પહોંચ્યો છે. રાતભરની ગડમથલને અંતે સવારે એ ચુનીલાલને ઘેર પહોંચ્યો.

ચુનીલાલ પત્નીની છબી સામે ઉદ્વિગ્ન મને બેઠો હતો. એનો દેખાવ એવો હતો કે જાણે એ આજે આપઘાત કરવાનો હોય.

કુમારે ચુનીલાલનું ધ્યાન ખેંચવા કહ્યું : 'આપઘાતની તૈયારી ચાલે છે કે?'

ચુનીલાલ અત્યારે કોઈ પણ જાતના વિનોદ માટે અભિમુખ ન હતો. એટલે એણે કશો જવાબ ન આપ્યો.

થોડી ક્ષણોના મૌન પછી કુમારે કહ્યું : 'પત્ની પાછળ આમ સ્વર્ગારોહણ કરનાર કોઈ પુરુષ હશે ખરો ?'

'કોઈ હોય કે ન હોય, હું તો છું જ.' ચુનીલાલ બોલ્યો : 'નિર્દોષ પત્નીના ઘાતક માટે બીજો શો માર્ગ હોય ?'

'હા, પત્ની નિર્દોષ છે એવી ખાતરી હોવી જોઈએ.'

'એમાં નવું શું છે ?'

'નવું નથી, અઘરું છે. તેં એવી ખાતરી કરી લીધી છે ?'

'મારે એની જરૂર નથી.'

'એ તો ઠીક, પણ રૂપાએ આપઘાત શાથી કર્યો એ જાણવાનો તેં પ્રયાસ કર્યો છે.'

'મારો એની પ્રત્યેનો અવિશ્વાસ, શંકા, બીજું જાણવાનું શું ?'

'આ એક ભ્રમ છે.'

'તો સાચું શું છે ?'

'એના આપઘાતના મૂળમાં હું છું, તું નહીં.'

લોહી ઊકળી ઊઠ્યું હોય એમ ચુનીલાલ કુમાર તરફ ફાટી આંખે જોઈ રહ્યો.

'વિશ્વાસ કર.' કુમાર બોલ્યો : 'રૂપા પાછળ મરી મીટવા જેવું કંઈ નથી.'

'એટલે તું શું કહેવા માગે છે ?'

'એ જ કે રૂપા નિષ્કલંક હતી જ નહીં.'

'તું આવું શાથી કહી શકે છે ?'

'મેં કહ્યું ને, આ આપઘાતના મૂળમાં હું હતો.'

'એ કઈ રીતે ?'

'એક દિવસ તને મળવા હું તારા ઘેર આવ્યો હતો. પણ તું નહોતો. પાછળથી તારી પાસેથી જાણવા મળ્યું કે તું વલસાડ હતો. ઘરમાં મેં તારી પત્નીને તારા એક મિત્ર સાથે જોઈ...મેં એ બંનેની ચેષ્ટાઓ જોઈ લીધી છે એ તારી પત્નીએ જોયું. અને બીજે દિવસે એ સળવી મરી...આટલું જાણ્યા પછી તારે આપઘાત કરવો હોય તો તેમ કર. તને છૂટ છે.'

✳

# ૨૬૭. વેણ

ભદ્રાબહેન પતિ સામે આશ્ચર્યથી જોઈ રહ્યાં.

૫૦ વર્ષનું એમનું દામ્પત્યજીવન. આટલા લાંબા ગાળા દરમિયાન પતિના કોઈ કથન કે વર્તન ઉપર એમને આટલું આશ્ચર્ય નહોતું થયું.

રઘુનાથ બોલ્યા હતા : 'ચાર ધામની યાત્રા માટે તૈયારી કરવા માંડો, યાત્રા રેલવેના ફર્સ્ટ ક્લાસમાં જ કરીશું, ક્યાંક ટૅક્સી, ઊતરવાનું સારી હૉટલમાં, સેવા-ચાકરી માટે મકનાને સાથે લઈશું.'

થોડી ક્ષણો માટે તો ભદ્રાબહેનને પતિ વ્યંગમાં બોલતા હોય એવું જણાયું. પોતે દિવસનો મોટો ભાગ દેવદર્શન અને કથા-વાર્તામાં ગાળતાં હતાં એટલે એમણે કદાચ આમ કહ્યું હોય.

વ્યંગનો જવાબ આપતાં હોય એવા સૂરમાં ભદ્રાબહેન બોલ્યાં : 'હવે તો જાત્રાએ જઈશું આવતે ભવ.'

રઘુનાથ ગંભીરતાપૂર્વક બોલ્યા : 'આપણા માટે હજુ કંઈ ઉંબરા ડુંગરા નથી થયા. રેલવેનાં રિઝર્વેશન મેળવી લીધાં છે. તમતમારે તૈયારી કરવા માંડો. પહેલી તારીખે નીકળવાનું છે.'

અને નિર્ધારિત દિવસે યાત્રા શરૂ પણ થઈ.

હજુય ભદ્રાબહેનનો વિસ્મય શમતો નહોતો. કદીયે મંદિરમાં ન જતા કે પૂજાપાઠથી હંમેશાં દૂર રહેતા રઘુનાથ આટલી લાંબી યાત્રા માટે આમ એકાએક તૈયાર

શી રીતે થયા ?

મનમાં ઘૂંટાતો આ પ્રશ્ન એક પળે તો ભદ્રાબહેને પતિને પૂછી જ નાખ્યો : 'હેં ભલા, તમે ઘર આંગણામાં કોઈ મંદિરને પગથિયે તો કદી ચડ્યા નથી અને આમ કાશી-મથુરા કરવાનું મન કેમ થયું ?'

રઘુનાથે ઉડાઉ જવાબ આપ્યો : 'ભાગ્યમાં યાત્રા નિર્મિત થઈ હશે એટલે નીકળવાનં સૂઝ્યું, બીજું શું ?' અને એ બારી-બહાર તાકી રહ્યા હતા.

રઘુનાથના મનમાં કશુંક ઘોળાતું હતું. થોડા કિલોમીટર પસાર થયા એ પછી કોઈ સહજ વાત કરતા હોય એમ બોલ્યા : 'માણસે પરમાણુનું વિભાજન કરીને અપાર શક્તિ પેદા કરી.'

'કાળા માથાનો માનવી શું નથી કરી શકતો ?' ભદ્રાબહેને સૂર પુરાવ્યો.

'ઇચ્છે તો પરમાણુ ભઠ્ઠીઓ ઊભી કરીને એમાંથી અઢળક વીજળી મેળવી શકે અને ઇચ્છે તો એમાંથી બૉમ્બ બનાવીને એક ક્ષણમાં એક લાખ માણસોનો ખાત્મો બોલાવી શકે.'

રઘુનાથે થોડી ક્ષણો સુધી મૌન ધારણ કર્યું. પછી એ બોલ્યા : 'માનવીના વેણનું પણ એવું જ હોં, ભદ્રા !'

ભદ્રાબહેન રઘુનાથ સામે જોઈ રહ્યાં. એમને લાગ્યું કે પતિના હૈયામાં કશુંક વલોવાઈ રહ્યું છે, પણ કહેતા નથી.

રઘુનાથે આગળ ચલાવ્યું : 'માનવીનું વેણ ક્યારેક તો ભર્યો દારૂગોળો. ઇચ્છીએ તો એનાથી ભડકો કરીને ઘર બાળી દઈ શકીએ અને ઇચ્છીએ તો એને આતશબાજીમાં ફેરવીને આકાશને રંગોથી ભરી દઈ શકીએ.'

રઘુનાથે પુત્રવધૂના વેણને દારૂગોળો બનાવીને ઘરની શાંતિને તારાજ ન કરી; એમણે તો એમાંથી આતશબાજી રચીને ચિત્તના આકાશને રંગોથી ભરી દેવા પ્રયત્ન કર્યો હતો. એક દિવસ પુત્ર શ્રવણ બનીને એની માને જાત્રા કરાવશે એવી રાહ જોઈને બેઠેલા રઘુનાથને પુત્રવધૂએ સંભળાવી દીધું હતું : 'બાપુજી, બાને જાત્રાએ જવું હોય તો તમે જ લઈ જાવને, મૃગેશ પાસે એવો ફાલતું સમય પણ ક્યાં છે ?'

પુત્રવધૂનું આ વેણ ભદ્રાને કાને કદી ન પડે, એની કાળજી રઘુનાથ રાખી રહ્યા હતા.

*

# ૨૬૮. શરત

‘‘શાલિની નિનાદને ચાહે છે.’’

‘‘એ શક્ય જ નથી. શાલિની અત્યંત મેધાવી છે. નિનાદ બુદ્ધુ છે.’’

‘‘નિનાદ મહામૂર્ખ છે એ ખરું; પણ શાલિની એની સાથે કેવી હસી હસીને વાત કરે છે એની તને ખબર છે ?’’

‘‘હસી હસીને વાતો કરવી એ સ્વભાવગત બાબત છે, એથી કંઈ પ્રેમ સિદ્ધ થતો નથી.’’

‘‘બંને જણ સાથે ફિલ્મ જોવા પણ જાય છે.’’

‘‘જાય. ઉસ્તાદ છોકરી કોઈની સાથે ફિલ્મ જોવા જતી હોય તેથી એ એને ચાહે જ છે એવું માની શકાય નહીં.’’

‘‘એક દિવસ બગીચામાં એ લોકોને એકબીજા સાથે વધારે પડતી છૂટ લેતાં મેં જોયાં હતાં.’’

‘‘દૈહિક આકર્ષણ, સંયમનો અભાવ, વધારે પડતા ફોર્વર્ડ હોવાનો ખ્યાલ...ગમે તે કારણ હોઈ શકે. આવી ચેષ્ટાઓ પ્રેમની દ્યોતક જ છે એવું થોડું છે ?’’

‘‘તો પછી એમની વચ્ચે પ્રેમ નથી એમ પણ શી રીતે કહી શકાય ?’’

‘‘બીજું કંઈ નહીં; કારણો જ નહીં, સબળ કારણનો અભાવ.’’

‘‘આ બધાં સબળ કારણો જ નહીં, પુરાવા પણ છે.’’

આમ ચર્ચા કરતાં કરતાં જયદત્ત અને અભિનવ થોડા ઉગ્ર થઈને શરત ઉપર આવી ગયા.

થોડી ક્ષણો પછી એ બંને ઉગ્રતા વીસરીને ફિલ્મ, ક્રિકેટ, રાજકારણ વગેરે વિષયોની ચર્ચામાં ઊતરી ગયા અને અર્ધાપોણા કલાક પછી એ પોતપોતાના કામ ઉપર ચાલ્યા ગયા.

નિનાદ અને શાલિનીનો વ્યવહાર જેમનો તેમ ચાલતો રહ્યો. આ બાબત કંઈ પેલા બે મિત્રોના કાયમી રસનો વિષય નહોતો.

લગભગ છ મહિના પછી એક દિવસ અભિનવ જયદત્ત પાસે આવ્યો અને એની સામે સો રૂપિયાની નોટ ધરી.

‘‘શાના ?’’ આશ્ચર્યથી જયદત્તે પૂછ્યું.

‘‘પેલી શરતમાં હું હારી ગયો.’’

‘‘કઈ શરત ?’’

‘‘શાલિની પેલા બુદ્ધુને ચાહે છે...’’

''આહ...'' જયદત્તને ક્ષણમાં યાદ આવી ગયું. એ બોલ્યો : ''તું તો માનવા તૈયાર જ નહોતો ! તેં શી રીતે જાણ્યું ?''

અભિનવ બોલ્યો : ''ગઈકાલે હું બસમાં હતો. મારી આગળની સીટમાં કૉલેજના બે છોકરાઓ હતા. અને બાજુની સીટમાં શાલિની હતી...''

''પછી ?''

''પેલા બે નિનાદની નિંદા કરતા હતા.''

''એના પ્રેમ વિશે બોલતા હશે.''

''ના, નિનાદની બાઘાઈની વાત કરી રહ્યા હતા.''

''પછી ?''

''શાલિનીથી ન રહેવાયું હોય એમ એણે ડોક ફેરવી અને પેલા લોકોને ચૂપ થઈ જવા સૂચવ્યું.''

''પછી ?''

''પેલા બે જણ ચૂપ થવાને બદલે મોટેથી હસવા લાગ્યા...અને પછી તો ભૈ, શાલિની ઊભી જ થઈ ગઈ...''

''અને ?''

''...અને એણે પગમાંથી સૅન્ડલ કાઢ્યું અને ચંડી સ્વરૂપ ધારણ કરીને એકના જડબા ઉપર જ ઠોકી દીધું !''

''હોહા મચી ગઈ હશે.'' કહી જયદત્ત બોલ્યો : ''...એ ખરું પણ આમાં શાલિની નિનાદને ચાહે છે એ કેવી રીતે...''

''...તને એ નહીં સમજાય'' અભિનવ વચ્ચે જ બોલી ઊઠ્યો અને ''આ નોટ લઈ લે'' કહી જયદત્તના હાથમાં સો રૂપિયાની નોટ પકડાવી ચાલતો થઈ ગયો.

⁕

## ૨૬૯. શરાબી મન

જનકને જોઈને હેમંતે ગાડી થોભાવી દીધી.

'કેટલા સમયે દેખાયો, જનક ? ક્યાં હતો ?'

સ્મૃતિના કોઈ આવેગ હેઠળ જનકનો ચહેરો મ્લાન બની ગયો.

'કહે તો ખરો, આટલા બધા દિવસ સુધી ક્યાં હતો ?'

મંદ સ્વરે જનકે ઉત્તર આપ્યો : 'ભાઈનું અવસાન થયું હતું એટલે ગામડે ગયો હતો.'

'ઓહ, સોરી જનક...કેટલી ઉંમર હતી ભાઈની ?'

'પંચોતેર.'

આંચકા જેવું કંઈ દેખાડવાનું ન લાગતાં હેમંતે કહ્યું : 'ઉંમરે થઈ એટલે..'

હેમંતના વ્યક્તવ્યનો ભાવ સમજી જઈને જનક બોલ્યો : 'ભાઈની વાત જુદી હતી. પ્રેમને ઉંમર સાથે કંઈ લાગતું-વળગતું નથી. ભાઈને હું આટલું બધું ચાહતો હોઈશ એ તો એમના અવસાન પછી જ મને સમજાયું.'

આટલું બોલી જનક ગળગળો થઈ ગયો.

હવે આશ્વાસન આપવા જીભ ખૂલતી હોય એમ હેમંતે કહ્યું : 'શી માંદગી હતી ?'

'માંદગી ? આખી ઉંમરમાં માંદગીનાં તો એમને દર્શન જ નહોતાં થયાં. એમનું મોત તો એક યોગીના મોત જેવું હતું. હરતા-ફરતા હતા. નાસ્તાના ટાઇમે રકાબીમાંથી ચાનો કપ ઉપાડ્યો. હોઠ સુધી આવે તે પહેલાં એમણે જ પાછો મૂકી દીધો. ખુરશીની પીઠ ઉપર માથું ટેકવી દીધું અને...'

બોલતાં બોલતાં જનક રડી પડ્યો.

'રિલેક્સ જનક, રિલેક્સ આવું મોત તો કોઈ સદ્‌ભાગીને જ મળે...શોક કરવાનો હોય નહીં.'

'એ ખરું હેમંત, પણ ભાઈ જતાં જાણે મારા દેહમાંથી જ પ્રાણ જતો રહ્યો છે !'

આ સ્થિતિમાં અત્યારે જનક હૈયાને કાબૂમાં નહીં રાખી શકે એમ સમજી, પોતે ઉતાવળમાં હોવાનું બહાનું કાઢી, 'ફરી મળીશું' કહી હેમંતે ગાડીના બંધ કરેલા એન્જિનને સ્ટાર્ટ કર્યું.

રસ્તે જતા જનકનું એક વાક્ય એના ચિત્તમાં પડઘાયા કર્યું : 'ભાઈને હું આટલું બધું ચાહતો હોઈશ એ તો એમના અવસાન પછી જ સમજાયું...'

જવું તો ઑફિસે હતું, પણ હેમંતે ગાડી 'તરંગ સોસાયટી' તરફ લીધી. એના

મોટાભાઈ 'તરંગ'માં રહેતા હતા. મન કહેતું હતું : 'ભૂતકાળ ભૂલી જઈને એમને મળતો જાઉં, એમને મળ્યે કેટલો બધો સમય વહી ગયો !'

એની સમક્ષ જનકની નીતરી રહેલી આંખ આવી રહી.

ગાડીએ વળાંક લીધો. એણે તરંગ સોસાયટીમાં પ્રવેશ કર્યો. ભાઈનો ફ્લેટ દેખાયો.

ભાઈ બાલ્કનીમાં બાંધેલી દોરી ઉપર પોતે ધોયેલો ઝભ્ભો સૂકવવા નાખી રહ્યા હતા...ભાઈ હવે પૂજા કરશે. પછી રસોઈ કરવા લાગી જશે. સવાર અને સાંજની ભેગી...કોઈ પીધેલા શરાબીની જેમ હેમંતનું મન બોલવા માંડ્યું હતું: 'ભાઈએ ઘણી ઘણી જરૂરિયાતો ઉપર કાપ મૂકીને કે જતી કરીને એમણે પોતાને...' મન બોલ્યા કરતું હતું.

ઝભ્ભો સૂકવવા નાખ્યા પછી ભાઈએ ધોતિયું દોરી ઉપર નાખ્યું અને અંદર ગયા.

હેમંતના મનનો વેગ વધતો હતો અને ગાડીનો વેગ મંદ પડતો હતો...

પછી મનને જાણે અકસ્માત થયો. વેગ જ અટકી ગયો. ગાડીનો વેગ વધ્યો અને 'તરંગ'ને પાર કરીને એ ઝડપથી આગળ નીકળી ગયો.

❊

## ૨૭૦. શર્ટ

'મમ્મી, હવે તો શર્ટ કોઈ ભિખારીને આપી દે; પપ્પા એને નકામું સંઘરી રહ્યા છે.' કબાટની સાફસૂફી કરતાં સ્મિતા બોલી.

સુરેખાબહેન પતિના બે પુરાણાં શર્ટને જોઈ રહ્યાં. ક્રીમ રંગનું રેશમી શર્ટ પોતે પરણીને આ ઘરમાં આવ્યાં એ અગાઉથી પતિ એને કાળજીપૂર્વક જાળવી રહ્યા હતા. એક જમાનામાં એ છેલ્લી ફૅશનનું હશે, પણ આજે તો આઉટ-ઑફ-ડેટ થઈ ગયું હતું.

એક વાર એમણે એને કાઢી નાખવા પતિને સૂચવેલુંય ખરું. પણ એથી તો નારાજ થઈ ગયા હતા.

સુરેખાબહેને અત્યારે તો સ્મિતાને કંઈ ન કહ્યું, પણ બપોરે પતિ પાસે એ શર્ટ લઈ આવ્યાં અને બોલ્યાં : 'આને તમારી સૂટકેસમાં મૂકી દો.'

'કેમ, કબાટમાં એ નડતરરૂપ છે ?'

'નડતરરૂપ તો નથી, પણ એ નજરે પડે એટલે છોકરાં તર્કવિતર્ક કરવા પ્રેરાય.

શર્ટને સંઘરવાની તમારી ઘેલછા ઉપર એ લોકો કંઈનું કંઈ ધારે.'

'આ વાત જ ઘેલછા જેવી લાગે છે.'

'તો એને ફાડી નાખું ?'

સુરેખાબહેન શર્ટને ફાડી નાખવાનો દેખાવ કરે એ પહેલાં ભદ્રાયુભાઈએ ઊછળીને એને આંચકી લીધું.

સુરેખાબહેન બોલી ઊઠ્યાં : 'આનું નામ જ ઘેલછા ! એને લીધે જ કોઈ તર્કવિતર્ક કરવા પ્રેરાય.'

'કેવા તર્કવિતર્ક ?'

'જાતજાતના...' કહી સુરેખાબહેન બોલતાં અટકી ગયાં, પણ એમની આંખ અર્થભર્યું હસી રહી.

કોઈ તર્કનો જવાબ આપતા હોય એમ ભદ્રાયુભાઈ બોલ્યા : 'એ બધી ભ્રમણા છે.'

'તમને એ ભ્રમણા લાગતી હશે, પણ અમને તો એમાં કશુંક દીવા જેવું દેખાય છે.'

'જેમ કે...?'

'આ શર્ટ કોઈને ખૂબ ગમી ગયું હશે...તમે એ પહેરાતા હશો, ત્યારે ખૂબ સોહામણા લાગતા હશો...અને એની સાથે સ્મૃતિમાં સંઘરી રાખવા જેવી કોઈ ઘટના...'કહી સુરેખાબહેન ચૂપ થઈ ગયાં અને ફરી એક વાર અર્થભર્યું સ્મિત કરી રહ્યાં.

પત્નીના મુખ ઉપર એવો કોઈ ચોક્કસ અને દૃઢ ભાવ હતો, જે ભદ્રાયુભાઈ પામી ગયા અને થોડા ખસિયાણા પણ પડ્યા.

સુરેખાબહેનના મુખ ઉપર પ્રસન્નતા તો હતી જ.

એટલે તો ભદ્રાયુભાઈથી પુછાઈ ગયું : 'તો પછી, આજ સુધી તમે કેમ કંઈ બોલ્યાં નહીં ?'

'આપણા સંસારમાં કશી નડતર નહોતી, પછી પેટ ચોળીને શૂળ ઊભું કરવાની જરૂર કાંઈ ?' આટલું બોલતાં તો સુરેખાબહેનનું મુખ વળી ઓર પ્રસન્નતાથી રાતું બની રહ્યું.

અને ભદ્રાયુભાઈ પ્રથમ વાર દર્શન કરતા હોય એમ પત્નીને નિહાળી રહ્યા.

❊

# ૨૭૧. શિલ્પાને એ ન સૂઝ્યું

'અરે ! આ કેમ ન સૂઝ્યું ?'

છાપાના એક સમાચાર ઉપર નજર પડતાં શિલ્પા મનોમન બોલી ઊઠી.

સમાચાર હતા - 'એક કૉલેજ કૅમ્પસમાં રૅગિંગથી ઉશ્કેરાઈ નવા વિદ્યાર્થીએ સિનિયર વિદ્યાર્થી ઉપર હુમલો કર્યો. બેભાન સિનિયર વિદ્યાર્થીને હૉસ્પિટલ ભેગો કરવો પડ્યો. સ્થિતિ ગંભીર.'

પોતે જે કરવું જોઈતું હતું તે ન કર્યું એ માટે ઘણાં વરસ પછી અત્યારે શિલ્પા ખેદ અનુભવી રહી. એ દિવસની કડવી સ્મૃતિથી અત્યારે એની રગેરગમાં ઉશ્કેરાટ વ્યાપી રહ્યો.

બિહામણો ચોરસ ચહેરો બહાર તરી આવતી મોટી મોટી આંખો...ચાર પાંચ સિનિયર છોકરા અને એટલી જ છોકરીઓ વચ્ચે એ ઊભો હતો. રૅગિંગનો તમાશો જોવા બીજા કેટલાક વિદ્યાર્થીઓનું ટોળું પણ જામ્યું હતું.

મવાલી જેવા લાગતા એ સિનિયર છોકરાએ એની બાજુમાં ઊભેલી નફ્ફટ જેવી લાગતી છોકરીને કહ્યું : 'હુકમ છોડ.'

'મને શું કહે છે ? તારા મોઢામાં જીભ નથી ?' છોકરીએ જવાબ આપ્યો. શિલ્પા ક્રોધ અને ભયની મિશ્ર લાગણીથી ધ્રૂજી રહી હતી. વાતાવરણ એવું જ જડબેસલાક હતું કે શિલ્પા પૂરી કિંકર્તવ્યમૂઢ બની ગઈ હતી.

પેલા મવાલીએ શિલ્પાને કહ્યું : 'સામે ઊભેલા પેલા ગ્રીન શર્ટવાળાને ઓળખે છે ?'

શિલ્પા ગયે અઠવાડિયે જ કૉલેજમાં દાખલ થઈ હતી. કોઈને ઓળખતી નહોતી. એણે ના કહી. 'એનું નામ અંગરાગ છે. હેન્ડસમ છે. એની અટક સ્વામી છે. કૉલેજમાં એ સ્વામી તરીકે જ ઓળખાય છે. તારે એક કામ કરવાનું છે. કલ્પી લે કે એ તારાથી દૂર ભાગી રહ્યો છે ત્યારે એને મોટા અવાજે સાદ કરીને થોભવવા માટેનો પ્રયત્ન કરવાનો છે. એની અટક સાથે તારે ત્રણ વાર સાદ કરવાનો છે, સમજી ?'

ટોળું તાળીઓ પાડીને કિલકાર કરી ઊઠ્યું. એને આ રાક્ષસોથી દૂર ભાગવું હતું. પણ એ થઈ શકતું નહોતું. એ ચૂપ હતી.

પેલો શઠ બોલ્યો : 'હું ત્રણની ગણતરી ઉપર આવું છું. ત્રણ ગણું ત્યાં સુધીમાં તારે બૂમ મારવાની છે. એમ નહીં કરે તો...'

શિલ્પાની આંખે અંધારાં આવ્યાં. શરીર કમી કમી ઊઠ્યું.

અણધાર્યા ભય વખતે માણસ જે કરે તે શિલ્પાએ કર્યું. ભડકેલા જાનવરની જેમ ટોળું વીંધીને એ ભાગી.

એ પછી એણે કૉલેજ તરફ નજર ન કરી. બીજી કોઈ કૉલેજ તરફ પગલાં ન ભર્યાં. કેરિયર બનાવવાનાં એનાં સ્વપ્નાં રોળાઈ ગયા.

અત્યારે એ વિચારી રહી વર્તમાનપત્રના વિદ્યાર્થીને જે સૂઝ્યું એ મને કેમ ન સૂઝ્યું ? હુંય ચંડીરૂપ ધારણ કરી શકી હોત !

※

## ૨૭૨. શિવાંગી

હેમંત છાપાના છેલ્લા પાન પર નજર ફેરવી રહ્યો હતો ત્યાં 'બેસણાં'ના ચોકઠાંઓમાં ગોઠવાયેલા ફોટાઓમાંના એક પર નજર પડતાં, કશાક ઊર્મિ-આવેગ હેઠળ એ બોલી ઊઠ્યો : 'અરે, આ બુઢ્ઢી ફરી ગુજરી ગઈ ?'

બોલતાં શું બોલાઈ ગયું પછી જરાક ક્ષોભ સાથે એણે આસપાસ નજર ફેરવી. નાનો મોન્ટુ બ્લોકસની રમતમાં મકાન બનાવી રહ્યો હતો. એણે દાદા સામે જોયું. દાદાની આંખો જોઈ જરાક હસ્યો અને ફરી મકાન બનાવવામાં પરોવાઈ ગયો.

દાદાએ બુઢ્ઢી શબ્દ તો ફોટામાં સફેદ વાળ જોઈને વાપર્યો હતો પણ અત્યારે એમની નજર આગળ માથા પર કાળી ઘનઘોર ઘટા જેવા વાળવાળી શિવાંગી હતી. એ મૂર્તિની બાજુમાં કૉલેજના વાર્ષિકોત્સવ નિમિત્તે ભજવાનારા નાટકમાં માની ભૂમિકા ભજવવા માટે મેક-અપ સાથે તૈયાર થયેલી કાળા-ધોળા એમ શબલિત વાળવાળી પ્રૌઢ શિવાંગી ઊભી હતી. અઢાર-વીસ વર્ષની શિવાંગીને બદલે પાંત્રીસ-ચાલીસ વર્ષની માયા !

શિવાંગીએ માતા તરીકેનો રોલ ભજવવાનો હતો. મેક-અપ કરનાર એક જાણીતા મહેમાન કલાકારે શિવાંગીના કેશ, ચહેરો ગર્દન, હાથની કોણી વગેરે અંગો ઉપર પોતાનો કલાત્મક કસબ અજમાવીને એને અંગોપાંગ એક પ્રૌઢ સ્ત્રીના રૂપમાં ફેરવી હતી.

ગ્રાન્ડ રિહર્સલ હતું એટલે પૂરી ગંભીરતા સાથે કામ ચાલી રહ્યું હતું. શિવાંગીનો મેક-અપ પૂરો થયો એટલે મેક-અપ કરનાર ભાઈએ કહ્યું : 'અરીસામાં જરા જોઈ લો !' આ કંઈ ધંધાદારી નાટ્યગૃહ નહોતું. કૉલેજનું સીધુંસાદું ઓડિટોરિયમ. ગ્રીન રૂમમાં મેક-અપ માટે આયના સાથેનાં ટેબલ નહોતાં એટલે મેક-અપ વખતે શિવાંગી પોતાનાં

અંગો ઉપર થઈ રહેલું કામ જોઈ શકે એમ નહોતી. પોતે લતાની મા બની રહી છે એટલું જાણતી હતી, પણ પોતે કેવી દેખાય છે એ તો એની કલ્પના બહાર હતું.

મેક-અપમૅને એને અરીસામાં જોઈ લેવાનું કહ્યું ત્યારે એ ગ્રીન રૂમના એક ખૂણામાં ટેબલ ઉપર મૂકેલા અરીસા આગળ જઈને ઊભી રહી. અરીસા ઉપર નજર પડતાં જ એના માથા ઉપર એકાએક વીજળી ત્રાટકી હોય એમ એ હક્કા-બક્કા થઈ ગઈ અને બૂમ પાડી ઊઠી : 'નહીં, નહીં; આ નહીં ચાલે !'

શિવાંગીને આ સ્થિતિમાં જોતાં નાટકનો હીરો કેતન એની પાસે દોડી આવ્યો અને બોલ્યો : 'શું થયું, શિવાંગી, શું થયું ?

ક્રોધમાં ભભૂકી ઊઠી હોય એમ શિવાંગી બોલી : 'શિવાંગી મરી ગઈ, શિવાંગીએ આપઘાત કર્યો. હવે શિવાંગી, શિવાંગી નથી; મણિમા છે, શિવકોરમા છે, ઝમકુ ડોશી છે...શિવાંગી નથી. શિવાંગી મરી ગઈ...શિવાંગી મરી ગઈ!'

એક કડવા મીઠા-સ્મરણમાં ઊંડો ઊતરી રહ્યો હોય એમ એ વખતનો કેતન અત્યારે મુન્નાનો બુઢ્ઢો દાદા 'બેસણા'માંના શિવાંગીના ફોટોગ્રાફ તરફ ઉદાસ નજરે જોઈ રહ્યો, જોતો રહ્યો.

*

## ૨૭૩. શૂન્યાવકાશ

કુન્દન સાથે છૂટાછેડા થયા પછી થોડા દિવસ તો મધુરીએ ખૂબ નિરાંતની ઊંઘ લીધી. કેટકેટલા મહિનાઓનો માનસિક થાક એકઠો થયો હતો ! કેટકેટલા ઉજાગરા વેઠ્યા હતા ! કુન્દન રાત્રે ગમે તેટલો મોડો આવતો. એ આવે ત્યારે એનું મોં દુર્ગંધ મારતું હોય. મધુરી છાતી ઉપર પથ્થર મૂકીને આ બધું સહી લેતી, પણ કુન્દને એની આગળ જ્યારે પોતાના લગ્નેતર સંબંધની વાત ખુલ્લેખુલ્લા કરવા માંડી, ત્યારે એનાથી એ સહન ન થઈ શક્યું. એણે કુન્દનથી છૂટા થઈ જવાનો નિર્ણય લઈ લીધો. કુન્દન તો એ ઇચ્છતો જ હતો. બંને સંમત હતાં. એટલે એ કામ બહુ સરળતાથી ઊકલી ગયું...અને મધુરીએ નિરાંતનો શ્વાસ લીધો.

કુન્દન તરફથી સારી એવી રકમ એને મળી હતી. હવે કશી પ્રવૃત્તિ નહોતી. પ્રવૃત્તિ ગણવી હોય તો માત્ર બે : એક તો પોતાના મકાન સામે ચાલતા મુદ્રણયંત્રના ધ્વનિમાં ચિત્ત પરોવવું અને બીજી પ્રવૃત્તિ કુન્દનની રોજરોજની ગતિવિધિ વિશે જાણકારી મેળવવી !

મધુરીના ઘર સામે એક મોટું છાપખાનું હતું. રાત-દિવસ ચાલતા પુરાણા ઇંગ્લિશ સિલિન્ડર મશીનનો અવાજ સાંભળવામાં એ તન્મય થઈ જતી. મશીનના અવાજમાં એક પ્રકારનો રિધમ રચાતો અને એના કારણે એક પ્રકારનું સંગીત કર્ણગોચર થતું. ઊંચકાતા અને પછડાતા અવાજના લયમાં એને એક પ્રકારનો રોમાંચ થતો. જ્યારે પ્રેસ બંધ હોય ત્યારે આ સંગીતના અભાવે એ કશીક અકળામણ અનુભવતી.

કુન્દનની ગતિવિધિ જાણવાની એની ઇંતેજારી પાછળનું કારણ એ હતું કે એ કુંદનના ભૂંડા હાલ જોવા ઉત્સુક હતી. કુન્દન માટે એના મનમાં એટલો બધો ધિક્કાર ભર્યો હતો કે હવે કુન્દન માટે કોઈ કૂણી લાગણી પ્રગટે એવો સંભવ જ નહોતો. એનું મન વારંવાર કહ્યા કરતું હતું - હવે એ બરાબર પસ્તાવાનો છે. જ્યારે ઠોકર ખાશે એટલે એને હું જ યાદ આવવાની છું. એની સગલીઓ એને છોડી દેશે ત્યારે નાક રગડતો એ મારી પાસે જ આવવાનો છે પણ હવે હું જરા પણ મચક આપવાની નથી. કોઈ ને કોઈ માર્ગે એને કુન્દનના સમાચાર મળ્યા કરતા :

'એ મેઘા સાથે લગન કરી લેવાનો છે.'

'મેઘા હવે આખો દિવસ એના ઘરમાં જ રહે છે !'

'છાશવારે એ બકુલાને ત્યાં પણ જાય છે.'

'દારૂ પીને કશા છોછ વગર એ ખુલ્લેઆમ ફરે છે.'

'એક મોડી રાત્રે લથડિયાં ખાતો ઘેર આવતો હતો, ત્યારે રસ્તામાં જ ગબડી પડ્યો. કોઈ ઓળખીતાઓ ઊંચકીને એને ઘેર મૂકી ગયા.'

'જુગારમાં ખુવાર થઈ રહ્યો છે.'

'એક દિવસ જુગારના અડ્ડામાં મારામારી થઈ હતી એમાં એ બરાબરનો ઘવાયો હતો, દવાખાને દાખલ કરવો પડ્યો હતો.'

એક દિવસ મધુરીએ એની બહેનપણીને પૂછ્યું : 'એની પેલી સગલીઓ શું કરે છે ?'

બહેનપણી બોલી : 'નથી ખબર ? જે એના ઘરમાં રહેતી હતી એ તો એને નવડાવીને ભાગી ગઈ.'

'અને બીજી ?'

'બીજી તો પૈસાની જ સગી હતી. પૈસા હતા ત્યાં સુધી સંબંધ રાખ્યો.'

'હવે ?'

'કુન્દન પૈસેટકે ખુવાર થઈ ગયો. હવે એને કુન્દનની શી ગરજ ?'

મધુરી ધ્યાનથી સાંભળતી હતી. બહેનપણીએ આગળ ચલાવ્યું : 'ફક્ત પૈસે-

ટકે જ નહીં, શરીરે ખુવાર થઈ ગયો છે. આખો દિવસ નશામાં ચકચૂર રહે છે. જોજે ને એક દિવસ એનું લિવર જ ફાટકી જવાનું છે.'

મધુરીને આ વાત ગમી હોય એવું ન જણાયું. એણે પૂછ્યું : 'આવી હાલતમાં એ કોઈ દિવસ મને યાદ કરે છે ?'

'તમારે તો છૂટાછેટા થઈ ગયા. હવે તને શાનો યાદ કરતો હોય ?' મધુરીને આ વાત પણ ન ગમી હોય એવું જણાયું.

અને એક દિવસ કોઈએ મધુરીને ખબર આપી : 'કુન્દન રાતમાં ગુજરી ગયો. લોકો કહે છે, એણે વધારે પડતો દારૂ પી લીધો હતો એટલે આમ થયું.'

...અને મધુરીના ચિત્તમાં ઘૂમી રહેલું એક વિરાટ ચક્ર અટકી ગયું હતું. એકાએક એની થંભી ગયેલી ગતિના કારણે એના મનમાં કોઈ ગૂઢ અકળામણ થવા લાગી હતી. કોઈ શૂન્યાવકાશ જ જાણે !

※

## ૨૭૪. શેફાલી

પૂર્ણિમાની રાત્રિ હતી. જેઠ સુદ પૂનમ. શેફાલી બારી આગળ ઊભી હતી. છેલ્લા અઠવાડિયામાં આકાશમાં વાદળ ઘેરાયેલાં રહેતાં હતાં. પણ આજે આકાશ ચોખ્ખું હતું. સાવ નિરભ્ર. એટલે ચંદ્ર ભરપૂર વરસી રહ્યો હતો. અને શેફાલીની સામે પ્રકાશનો મહાસાગર રેલાયેલો હતો.

થોડે દૂર, રસ્તાની પેલેપારના વડ ઉપર એની નજર મંડાયેલી હતી. ઘેઘૂર ઘટાદાર વૃક્ષ. એને વડવાઈઓ તો ઘણીય હતી પણ માણસજાતે એમને કદી જમીન સુધી પહોંચવા દીધી ન હતી. અત્યારે આ વૃક્ષની શાખાઓ ઉપર જ્યાં ચંદ્રનો પ્રકાશ પડતો હતો એ તેજોમય થઈને પ્રકાશતી હતી અને વડનાં બાકીનાં પોલાણ અંધકારની ગુફાઓ સમાં બની રહ્યાં હતાં.

સવારે શેફાલીએ કેટલીક સ્ત્રીઓને આ વડના થડની પ્રદક્ષિણા કરતાં કરતાં સૂતરનાં તાર વીંટતી જોઈ હતી. એને ખબર હતી, એ સ્ત્રીઓ પોતાનો પતિ આ ભવમાં શતાયુ બને અને હવે પછીના સાત ભવમાં એ ભરથારના રૂપમાં મળ્યા કરે એવી કામના સાથે પ્રદક્ષિણા કરી રહી હતી.

શેફાલી એના પતિ સાથે આ બંગલામાં રહેવા આવી ત્યારથી પ્રતિ વર્ષ આ દૃશ્ય જોતી આવી હતી. સ્ત્રીઓની આ ગાંડપણ ભરી ચેષ્ટા તરફ એ ઉપહાસભર્યું

હસતી, ક્યારેક એમની પામરતા પ્રત્યે તરસ ખાતી અને ક્યારેક વળી ધિક્કાર વરસાવતી. કોઈ વખત તો, 'જંગલી લોકો' એવો ઉચ્ચાર કરીને એ દશ્યને આંખથી વેગળું કરવા બારી બંધ કરી દેતી.

પણ આજે સવારે વડ તરફ મીટ માંડીને ઊભી રહી હતી. સ્ત્રીઓ એક પછી એક એ વૃક્ષના થડની પ્રદક્ષિણા કરતી કરતી સૂતરના તાર વીંટતી હતી. એ દશ્યને એ સ્નિગ્ધભાવે જોયા કરતી હતી. ચંદ્રકેતુ બપોર થયા પહેલાં બેડરૂમમાંથી બહાર આવવાનો ન હતો. પોતે રોજની જેમ છ વાગ્યા પહેલાં પરવારી ગઈ હતી. નવરાશ જ નવરાશ હતી...

અત્યારે રાત્રિના બાર વાગી ચૂક્યા હતા. પેલા વડ આગળ કોઈ સ્ત્રી ન હતી. છતાં એની નજર બરાબર એ વડના થડ તરફ મંડાયેલી હતી. જાણે પ્રદક્ષિણા કરતી પેલી સ્ત્રીઓને જોઈ રહી હોય. તાર તો દેખાતા ન હતા. પણ એ તાર ગણી રહી હતી. કેટલી સ્ત્રીઓ અને કેટલા આંટા...

અવારનવાર એ નિઃશ્વાસ મૂકતી હતી. અને મનમાં એક સૂર ઊઠતો હતો. કેવી નસીબદાર સ્ત્રીઓ ! કેટલી સુખી ! સાત સાત ભવ સુધી પતિને ન છોડવા ઇચ્છનાર સ્ત્રીઓ ! કેટકેટલું સુખ હોય ત્યારે...

પક્ષીઓનું વૃન્દ ચહચહાટ કરી ઊઠ્યું. ચંદ્રકેતુએ ડૉરબેલનું બટન દબાવ્યું હતું અને પક્ષીઓ કલબલી ઊઠ્યાં હતાં. શેફાલીએ વૉલકલોક તરફ જોયું. એક અને દસ મિનિટ થઈ હતી.

વીજળીનો આંચકો લાગ્યો હોય એવી પ્રતિક્રિયા સાથે શેફાલી દરવાજો ખોલવા દોડી. એ જાણતી હતી કે દરવાજો ઉઘાડવામાં એક ક્ષણનો પણ વિલંબ થાય તો...

⁕

## ૨૭૫. શેષ મુસાફર

ભૂપત ડોસા ત્રણ દિવસથી કશીક નોંધ કરી રહ્યા હતા.

ફક્ત નામ ! વેપારીના બિલમાં હોય એવાં તોછડાં - જગા ખેમા, લીલા કરસન જેવાં.

લખતા, વળી વિચારમાં પડી જતાં. કોઈ નામ લખ્યા પછી પેન્સિલ હોઠે અડાડીને ક્યાંય સુધી બેસી રહેતા. ત્રણ દિવસમાં ફક્ત એકસો ઓગણીસ નામની નોંધ થઈ શકી હતી.

એક નામ માટે બહુ થોભ્યા. માથું ખંજવાળતા રહ્યા. સ્મૃતિને ભાંડતા રહ્યા. હૈયે આવતું નહોતું પછી એમની હેડીના વિઠ્ઠલ ડોસા પાસે પહોંચ્યા, પૂછ્યું :

'વિઠ્ઠલભાઈ, પેલા ઉકા લબાડની વહુનું નામ શું હતું ?'

'સંતુ એના નામની તમારે શી જરૂર પડી ? એને ગુજરી ગયે તો ખાસ્સાં ચાળીસ-પિસ્તાળીસ વર્ષ થયાં...'

'એક વેળાથી મથતો હતો, પણ સાંભરવામાં આવતું નહોતું' કહી ભૂપત ડોસાએ ત્યાં જ પેલા ચૂંથાયેલા કાગળ ઉપર પેન્સિલથી લખી લીધું : 'સંતી, ઉકાની વહુ.'

'આ બધું શું માંડ્યું છે' - કુતૂહલથી વિઠ્ઠલ ડોસાએ પૂછ્યું એટલે, 'ઊકલે તો જુઓ' કહી ભૂપત ડોસાએ એમની સામે કાગળ ધર્યો.

કાગળ લઈ વિઠ્ઠલ ડોસાએ છેક આંખ આગળ લીધો. હળવા હાથે પેન્સિલથી લખાયેલા અક્ષર સાવ ઝાંખા હતા. કાગળની સપાટી ચૂંથાયેલી હતી એટલે એ ભાંગ્યા-તૂટયા લાગતા હતા. પાણીમાં અંકાયેલું પ્રતિબિંબ એકાદ કાંકરી પડતાં ભાંગે-તૂટે એમ.

દૃષ્ટિની બધી શક્તિને કેન્દ્રિત કરીને વિઠ્ઠલ ડોસાએ વાંચવા પ્રયત્ન કર્યો. ધીરે ધીરે અક્ષરોમાં કોઈ પ્રકાશનો સંચાર થતો હોય એમ નામ ઉકેલવા માંડ્યાં. અને ડોસાનો ચહેરો પણ ચમકવા માંડ્યો. ચહેરા ઉપરની નીકો કશાક ભાવથી ઊભરાવા લાગી.

થોડી વાર તો એ વિચારમાં પડી ગયા. પછી બોલ્યા : 'અલ્યા ભઈ, તમે વીરચંદ સુથારનું નામ સાવ ભૂલી ગયા ? રોજ થાળીવાજું લઈને ઓટલે બેસતા. આખો મહોલ્લા ભેગો થતો...'

'હા, હા, રિકાટ સાંભળવાની મજા પડતી...'

'અને પેલો વજો પણ રહી ગયો. એક દા'ડો બજારમાં માર ખાઈને આવ્યો અને રોફથી હંટરના સોળ બતાવતો હતો...' થોડી ક્ષણો પછી વિઠ્ઠલ ડોસા ફરી બોલ્યા : 'ઓ હો હો, ભૂપતભાઈ ! આપણી સાંભરમાં સવાસો માનવી વિદાય થઈ ગયું. હેં ! બધાં હતાં, ત્યારે ફળિયું કેવું ભર્યુંભર્યું લાગતું હતું ! અને હવે ? સો ઘરના ફળિયામાં આપણે બે અને એક સુખો ડોસો !'

ક્યાંય સુધી બંને મૂગા થઈ ગયા.

પછી જવા માટે ભૂપત ડોસાએ ઊભા થતાં એક ઊંડો શ્વાસ લીધો. અને બોલ્યા : 'હા, એ વખતે ભર્યુંભર્યું હતું. આજેય ભર્યુંભર્યું તો ખરું, પણ આપણે - હું-તમે અને સુખરામ...રહ્યા ત્રણ મુસાફર !'

❋

# ૨૭૬. સમજણ

'બિચારી !' સામેથી આવી રહેલી ભદ્રાને જોઈને કુન્દનલાલે સહજ ઉદ્‌ગાર કાઢ્યો. અને આશ્ચર્યભર્યા પ્રતિભાવ સાથે અભિજિતે સામો પ્રશ્ન કર્યો : 'તું એને બિચારી કહે છે ?'

'હા.'

'એમ કહેવાનું કંઈ કારણ ?'

'એનો પતિ ક્યાં ક્યાં ભટકે છે એ ફળિયાનું એકેએક માનવી જાણે છે. માત્ર આ સ્ત્રી એ વિશે ઘોર અંધારામાં છે. આનાથી વધારે દયાપાત્ર સ્થિતિ બીજી શી હોઈ શકે ?'

'પતિના બીજી સ્ત્રીઓ સાથેના લગ્નેતર સંબંધોથી આ સ્ત્રી અજાણ છે એવું તું શા પરથી કહે છે ?'

'એ જાણતી હોત તો એ પતિ-પત્ની વચ્ચે આટલો ગાઢો મનમેળ ન હોત. અઠવાડિયામાં ત્રણ દિવસ તો એ લોકો શહેરની કોઈ ને કોઈ મોંઘી હોટલમાં ખાણું લે છે. અઠવાડિયામાં એકાદવાર થિયેટરની મુલાકાત ખરી જ...આ સ્ત્રી-પુરુષ કદી ઝઘડતાં હોય એવો અણસાર પણ આવ્યો નથી !'

'એ ઝગડતાં નથી એટલા પરથી કેવી રીતે ધારી લેવાય કે સ્ત્રી પતિના પરદારાગમન વિશે કશું જાણતી નથી ?'

'ચારિત્ર્ય અંગેની થોડી પણ શંકા સંસારમાં ભડકો કર્યા વગર ન રહે. આ લોકોના સંસારમાં એવી કોઈ જામગરી ચંપાઈ હોય એવું જાણવા મળ્યું નથી. આ સ્ત્રી બુદ્ધુ કે ભોટ હોય તો જુદી વાત...'

'તારાં અનુમાન સત્યથી વેગળાં છે, કુન્દન. એ સ્ત્રી નથી બુદ્ધુ કે નથી ભોટ, જમાનાની ખાધેલી છે. એના પતિનાં બધાં લક્ષણ એ બરાબર જાણે છે.'

'અને છતાં કશો ઉત્પાત મચાવતી નથી ?'

'ના.'

'એ બને જ નહીં. ભદ્રા એ જાણતી હોય તો બખેડો થયા વગર રહે જ નહીં.'

'એ જાણે જ છે અને છતાં કશો બખેડો થતો નથી એ સત્ય હકીકત છે.'

'એવું કેવી રીતે બની શકે ?'

અભિજિત ચાલતાં ચાલતાં અટકી ગયો. એણે કુન્દનના બે ખભા પકડ્યા. એની આંખમાં પોતાની નજર પરોવી. પછી બોલ્યો : 'ભદ્રા એના પતિના બધા 'ચરિતર'

જાણે છે એ એણે પોતે જ મને કહ્યું હતું.'

'આ બધું એણે તને પોતે કહ્યું ?' કુંદન આશ્ચર્યથી બોલી ઊઠ્યો.

'હા.'

'ક્યારે ?' અભિજિત અને કુન્દન બાળ ગોઠિયા હતા. એમની વચ્ચે કશો પડદો નહોતો. અભિજિતે કહ્યું : 'એ તારે જાણવું જ છે ?'

'પણ તું કહે તો ને ?'

'તો સાંભળ. એક મધરાતે ભદ્રાએ મને મારા શયનખંડમાં આ બધું કહ્યું હતું !'

❊

## ૨૭૭. સમરથરાયનું કલે□શન

નામ તો હતું સમર્થરાય. પણ લોકજીભે સમરથરાય તરીકે ચઢી ગયા હતા. એમના અવસાન પછી એમના પરિવારે ખાસ સમય ફાળવીને એક દિવસ એમના અંગત કલેક્શનનું ઠેકાણું પાડવાનું કામ હાથ પર લીધું.

સમરથરાયની રુચિ લગભગ સર્વ કલાક્ષેત્રો પ્રત્યે હતી. એટલે એમનું આ કલેક્શન એક કલાસંગ્રહ જેવું બની રહ્યું હતું.

એમના પુસ્તકસંગ્રહને એક યુનિવર્સિટીને ભેટ આપવાનું નક્કી થયું. એમના અંગત પત્રો કોઈના હાથમાં ન જાય એ હેતુથી એમને બાળી મૂકવાનું વિચારવામાં આવ્યું. એમના સંગ્રહમાંની પ્રાચીન વસ્તુઓ એન્ટીકના એક વેપારીને રૂબરૂ બોલાવીને વેચવામાં આવી. કેટલીક વસ્તુઓ સ્નેહીઓ અને મિત્રોને સમરથરાયની યાદગીરૂપે ભેટ આપવામાં આવી.

છેવટે રહી એમનાં વસ્ત્રોથી ભરેલી એક જંબો બૅગ.

સમરથરાય વસ્ત્રોના ભારે શોખીન, સમયાનુસાર છેલ્લી ફૅશનના વસ્ત્રો કાં તો એ તૈયાર કપડાંની દુકાનેથી ખરીદતા અથવા શહેરની કોઈ જાણીતી સિલાઈ કંપનીમાં સિવડાવતા.

વસ્ત્રોની જાત અને ફૅશન બદલાતાં રહે. નવી નવી ખરીદી થયા કરતી. આના કારણે સમરથરાયની જંબો બૅગ ભરાઈ ચૂકી હતી.

બૅગ ખૂલ્યા પછી પરિવારજનોનું આશ્ચર્ય વધ્યું. કોઈ બોલ્યું પણ ખરું, 'જે કપડાંનો ઉપયોગ ન કરવાનો હોય એને બાપુએ આમ બૅગમાં શા માટે સંઘરી રાખ્યાં હશે ?'

'સ્વભાવ', કોઈ બોલ્યું : 'બાપુજીની છાતીએથી ક્યાં કશું છૂટતું હતું ?'

'કેવાં કીમતી કપડાં ! એમ કંઈ ફેંકી દેવાય ?' સ્ત્રી વર્ગમાંથી કોઈ બોલ્યું.

'ફેંકી ન દેવાય પણ જરૂરતમંદોમાં વહેંચી તો શકાય ને ? ધરતીકંપ, દુષ્કાળ, પૂર જેવી કુદરતી હોનારતો કે આફતો વખતે આવાં વસ્ત્રો લેખે લાગે.'

'એ બધું ખરું. પણ છાતીએથી છૂટવું જોઈએ ને ?'

બૅગના લગભગ તળિયેથી એક શર્ટ નીકળ્યું.

અત્યાર સુધી નજર તળે કાઢેલાં વસ્ત્રોથી એ સાવ જુદું પડતું હતું એટલે એણે સૌનું વિશેષણપણે ધ્યાન ખેંચ્યું.

'આ શર્ટ ! કંઈ સમજાતું નથી. બાપુજીએ આ શર્ટ કદી પહેર્યું હોય એવું જોવામાં આવ્યું નથી.'

'નવું જ છે. એના ઉપર એક ધો પણ લાગ્યો હોય એવું જણાતું નથી.'

'બિલકુલ પહેર્યા વગર બાપુજીએ એને બૅગના તળિયે કેમ મૂકી દીધું હશે ?'

'ક્યાંથી પહેરે ?' પરિવારના એક યુવાને કહ્યું : 'દાદાનાં વસ્ત્રોનો વૈભવ જુઓ અને આ કંગાલ શર્ટ જુઓ. આવી સસ્તી ચીજને દાદા અંગ ઉપર અડકાડે ખરા ?'

'દાદા આવી સસ્તી ચીજ ખરીદે નહીં.'

'તો પછી બાપુજીના કલેક્શનમાં શર્ટ આવ્યું ક્યાંથી ?'

સમરથરાયના મોટા દીકરા શ્યામસુંદર અને એની પત્નીએ એકબીજા સામે જોયું. આબુની બજારમાં એમણે અઢળક શોપિંગ પાછળ ગાળેલો અર્ધો દિવસ યાદ આવી ગયો.

બધી વસ્તુઓના પૂરેપૂરા થઈ ગયેલા નિકાલ પછી પણ પરિવારમાં પેલો પ્રશ્ન તો પડઘાતો રહ્યો : 'તો પછી બાપુજીના કલેક્શનમાં આ શર્ટ આવ્યું ક્યાંથી ?'

આ ચર્ચા વખતે શાંત બેસી રહેલી એક શ્વેતકેશી વૃદ્ધા બોલી : 'ભઈ, મને તો આમાં ચોખ્ખું એ સૂઝે છે કે આ મોટો પટારો પહેરેલાં-ઊતરેલાં વસ્તરથી ભર્યો છે. કોઈ કાળે વસ્તર-દાન (વસ્ત્રદાન) કરવાની ઘડી આવે તો પટારાનો વસ્તર ન ચાલે નવું નક્કોર વસ્તર જોઈએ. સમરથભાઈએ લાંબી નજર દાખવીને આ પહેરણ (શર્ટ)ને મોકાની જગ્યાએ મૂકી રાખ્યું છે.'

⁂

# ૨૭૮. સવાલ

આગળ મહિષારૂઢ યમરાજ અને પાછળ બે મૃતાત્માઓ પરલોકના માર્ગે હતા.

માર્ગમાં એક મૃતાત્માએ બીજાને કહ્યું : ''આત્મજન, આપણે આ માર્ગે પ્રયાણ કરીએ છીએ ત્યારે મૃત્યુલોકની એક ઘટના મને યાદ આવે છે.''

''કઈ ?''

''હું એક મોટી સંસ્થાનો આચાર્ય હતો. એક વખત સંસ્થાના એક ઉત્સવની તૈયારીઓ ચાલતી હતી. એક તોરણની જરૂર પડી. મારા નિવાસસ્થાને હસ્તકળાના ઉત્તમ નમૂના રૂપ એક તોરણ હતું. બાજુમાં ઊભેલા કિશોરોમાંથી એકને એ કામ સોંપવાનું ધારી મેં એકને પૂછ્યું : ''મારું ઘર જોયું છે ને ?''

કિશોર મારી સામે જોઈ રહ્યો. મેં ફરી પૂછ્યું. એણે જવાબ આપ્યો : ''ના...''

મારા ગુસ્સાનો પાર ન રહ્યો. મારું નિવાસસ્થાન કેટલાક અન્ય અધ્યાપકોના ક્વાર્ટર્સ સાથે સંસ્થાના વિશાળ કૅમ્પસમાં જ હતું. આચાર્ય એટલે આખાય કૅમ્પસના અધિષ્ઠાતા ! કૅમ્પસના જ છાત્રાલયમાં રહેતા આ છોકરાને મારા રહેઠાણની જાણ નથી ! કોણ જાણે સત્તામૂલક અહમ્ ઉપર ઘા થયો તેથી કે પછી ગામડેથી આવેલા આ વિદ્યાર્થીની બાઘાઈને લીધે, હું ગુસ્સે થયો અને મેં આંગળાં ઊઠી આવે એવા બે તમાચા એ છોકરાને મારી દીધા. આટલી અનભિજ્ઞતાને લીધે માર ખાઈ બેઠેલો કિશોર મૂઢ બનીને મારી તરફ જોઈ રહ્યો. એની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં...''

આ સાંભળી બીજા મૃતાત્માએ કહ્યું : ''પ્રિયજન, આના કરતાંય વધારે ઘોર અનુભવો આપણને આપણા લોકમાં થયા છે. તમને આ કેમ યાદ આવ્યો ?''

''હે સહયાત્રી, પેલા કિશોરના વીતક જેવી એક કારમી ભીતિ મારામાં અત્યારે પ્રવેશી છે.''

''એ કઈ ભીતિ છે ?''

''આપણે પરમતત્ત્વ આગળ ઉપસ્થિત થઈશું. ત્યારે કુતૂહલથી એ કદાચ આપણને મૃત્યુલોક વિશે પૂછશે. એ કદાચ મૃત્યુલોકના ૭૦૭ બોઇંગ વિમાન, મારુતિ કે એવી કોઈ મોટરગાડીઓ, એરકન્ડિશન્ડ બંગલા વિશે પૂછશે તો આપણે શો જવાબ આપીશું ?''

''આત્મજન, આ કહીને તો તમે મારામાં પણ ભય જગાવ્યો. તમે તો વિમાન, ગાડી અને બંગલાના અજ્ઞાનની વાત કરો છો પણ મેં તો ટી.વી. ફ્રીજ કે રેડિયો સુધ્ધાં

જોયાં નથી. મને પૂછશે તો હું શો જવાબ આપીશ ?''

''એ જ તો મોટો સવાલ છે. પરમેશ્વર આપણી વાત માનશે નહીં. એ તો એમ જ કહેશે - તમે મૃત્યુલોકના માણસ હતા. તમારા લોકમાં આ ચીજો હતી. અને તમે એ વિશે કશું જાણતા નથી એ કેમ મનાય ? અને પછી એ આપણા ઉપર તૂટી જ પડશે.''

⁕

## ૨૭૯. સંકેત

હૉસ્ટેલના બીજા માળની એક રૂમની બારીમાંથી વૈભવ આકાશ તરફ નજર માંડી રહ્યો હતો. આકાશમાં મેઘ બરાબર ગોરંભાયો હતો. આકાશમાં મેઘનું જે રૂપ હતું કે બારે મેઘ ખાંગા થઈને ભૂમિને ગમે ત્યારે ઘમરોળવા માંડશે.

રૂમના દરવાજા પર હળવા ટકોરા પડ્યા. હૉસ્ટેલના કોઈ સહાધ્યાયીનું જોશ એમાં નહોતું. વૈભવ કશું અનુમાન કરે એ પહેલાં ફરી ટકોરા થયા. 'આટલી બધી ઉતાવળ !' એમ બબડી વૈભવે બારણું ખોલ્યું. અને એને આ ઉતાવળ સમજાઈ. એ બોલ્યો 'શિલ્પા, તું ?'

'કેમ, હું ન હોઈ શકું ?'

વૈભવ દરવાજે ઊભેલી શિલ્પાને કંઈક ક્ષોભથી જોઈ રહ્યો.

'તું ખસ. હું અંદર આવું.'

'અરે હા, આવ આવ.' વૈભવ ખસ્યો અને શિલ્પાએ રૂમમાં પ્રવેશ કર્યો.

'શિલ્પા...' વૈભવ શિલ્પાના નામોચ્ચારથી આગળ વધી ન શક્યો.

'ગભરાયેલો ગરભરાયેલો કેમ લાગે છે, વૈભવ ?'

'કંઈ નહિ; બેસ.' વૈભવે ખુરશી તરફ ઇશારો કર્યો.

શિલ્પા પલંગ પર બેઠી.

'હું એ કહેતો હતો, શિલ્પા,'વૈભવ બોલ્યો : 'ભારે વરસાદ તોળાઈ રહ્યો છે અને તું આવી છે.'

'એ જોઈને જ હું આવી છું.'

'વરસાદ તૂટી પડશે તો તું કેવી રીતે પાછી જઈશ.'

'ભીંજાતી જઈશ. હવે એવું રહ્યું નથી કે વરસાદમાં ભીંજાયેલી સ્ત્રીનાં વસ્ત્રો શરીર ઉપર ચોંટી જાય અને સાથે સાથે લોકોની નજરો પણ એના પર ચોંટેલી રહે !'

વૈભવ હવે ક્ષોભમુક્ત થયો હતો. એણે સહેજ સ્મિત સાથે કહ્યું : 'વસ્ત્રોમાં ઢંકાયેલા દેહનો આકાર વરસાદ છતો કરે એટલે નજરો બિચારી પરવશ બની જાય. હવે તો આ ચુસ્ત જીન્સ અને શર્ટ વગર વરસાદે શરીરનું શિલ્પ સતત દેખાડતાં રહે છે એટલે નજરો શરીરને ચોંટે એના કરતાં શરીરો જ નજરોને ચોંટતાં રહે છે...'

'બસ, બસ. વેદિયાવેડા રહેવા દે.'

'સારું, સારું એ રહેવા દઉં છું. પણ આવા વાતાવરણમાં તું કેમ આવી એ કહીશ ?'

'કહું છું અહીં મારી પાસે બેસ.'

શિલ્પા ઉજ્જ્વળ ચારિત્ર્યની છોકરી હતી એ તો વૈભવ જાણતો હતો. અને આ પળોમાં એ કોઈ વાસનાનો શિકાર બની હોય એવું રજમાત્ર જણાતું નહોતું. આજ્ઞા ઉઠાવતો હોય એમ વૈભવ શિલ્પાની બાજુમાં બેઠો. પછી બોલ્યો : 'હવે કહે, કેમ આવી છે ?'

શિલ્પા શાંત રહી.

'કહે તો ખરી, આવો સમય તેં માથે કેમ લીધો ? વારંવાર વરસાદનાં ઝાપટાં પડ્યા કરે છે અને હવે ભારે વરસાદ માથે તોળાઈ રહ્યો છે.'

અને વૈભવને જવાબ આપતી હોય એમ શિલ્પા બે હથેળીઓમાં મોં રાખીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

જરાક અધીરાઈથી વૈભવ બોલ્યો : 'તું રડવા માટે અહીં આવી છે ?'

શિલ્પા રડતાં અટકી બોલી : 'હા, એટલા માટે જ.' આટલું કહી એ ઊભી થઈ અને ચાલવા માંડી.

નીચે ઊતરીને શિલ્પાએ હૉસ્ટેલ બહાર પગ મૂક્યો અને રાહ જોઈ રહેલો વરસાદ એકાએક તૂટી પડ્યો.

અનરાધાર વરસાદમાં શિલ્પા ભીંજાઈ રહી. અને વૈભવ પણ બારીમાંથી આવતી વાછંટથી છંટાઈ રહ્યો હતો.

※

# ૨૮૦. સંક્રાન્તિ

નર્સરી સ્કૂલમાંથી છૂટીને ટિકુ સૌપ્રથમ તો હું જે રૂમમાં હોઉં ત્યાં મને શોધતી આવે. હજુ તો એના દફ્તર થેલાનો પટ્ટો હેરબેન્ડની જેમ માથા ઉપર હોય અને પીઠ ઉપર દફ્તર લટકતું હોય. એ ચોરપગલે લપાતીછુપાતી આવીને, 'હાઉ...કક!' કરતી મને ભડકાવે. અમે બંને મોટેથી હસી પડીએ. પછી એ દફ્તરનો ભાર મારી પાસે જ ઉતારીને રમવા દોડી જાય...સ્કૂલેથી આવે ત્યારે જ શું કામ ? મનની મોજ આવે ત્યારે તક જોઈને 'હાઉ...કક' કરી લેતી.

આ રમત અમારા બે વચ્ચેની જ હતી. ઘરમાં બીજા સભ્યો એની આ ચેષ્ટા ઉપર ખિજાતાં. એમને ટિકુનો પેલો ધ્વનિવિસ્ફોટ કાન ફાટી નાખે એવો લાગતો.

એક દિવસ સાંજે અંધારું જ્યારે ઘરના ખૂણાઓમાં લપાવા માંડ્યું હતું ત્યારે હું ત્રીજા માળની અમારી નાનકડી અગાસીમાં ઊભો ઊભો આકાશમાં જઈ રહેલાં બગલાંની પંક્તિઓ જોવામાં મશગૂલ હતો.

બગલાં આવતાં બંધ થયાં એટલે માળનું બારણું બંધ કરી હું નીચે જવા સીડીનાં ત્રણચાર પગથિયાં ઊતર્યો હોઈશ ત્યારે એકાએક કોઈ ભયત્રસ્ત બાળકના રડવાનો અવાજ મેં સાંભળ્યો. આ ઘરમાં બીજું કોણ હોઈ શકે ? ટિકુ જ.

ઘડપણને લીધે મારું શરીર ઉછાળો મારી શકે એમ નહોતું. વળી, સમગ્ર નાડીતંત્ર ઉપર એવો આંચકો લાગી ગયો કે થોડી ક્ષણો સુધી તો હું જડવત્ બની રહ્યો. એક ભારે પ્રયત્નથી પહોંચતો હોઉં એમ બારણા આગળ પહોંચ્યો અને એ ઉઘાડ્યું.

ખૂણાના ટેબલ પાછળ અંધારામાં લપેટાયેલી ટિકુ હીબકે ચડી ગઈ હતી. પૂરું રડી પણ શકતી નહોતી.

'અહીં શું કરતી હતી ?'

અહીં ત્રીજે માળે તો એને શું કરવાનું હોય ?

દાદા અગાસીમાંથી પાછા ફરે એટલે 'હાઉ...કક' કરીને દાદાને બરાબર...

✻

# ૨૮૧. સંપેતરું

બેત્રણ દિવસ માટે અમદાવાદ આવેલો હરસુખ શહેરમાંથી પાંચ માઈલ ચાલીને અમારી સોસાયટીમાં અમને મળવા આવ્યો ત્યારે મારા કરતાંય વિમળાને વધારે હર્ષ થયો. પણ જ્યારે એણે એક દવાની ચિઠ્ઠી આપતાં કહ્યું, ‘આપણા ગામનાં સુધાકાકીએ તમારી પાસે આ દવા મંગાવી છે. લાવી રાખજો; કાલે આવીને હું લઈ જઈશ.’ ત્યારે વિમળાના મુખ ઉપર તિરસ્કારની રેખાઓ ઉપસ્યા વિના ન રહી. એ વખતે તો એ કંઈ બોલી નહિ, પણ હરસુખના ગયા પછી એણે રોષ પ્રદર્શિત કર્યો; ‘કેવો ધૂર્ત માણસ ! સુધાકાકીની દવા માટે પાંચ માઈલ ચાલીને અહીં સુધી આવ્યો ત્યારે એણે જ શહેરમાંથી લઈ લીધી હોત તો ? પણ એ શાનો લે ? હું એને જાણું ને ? એ જાણે છે કે સુધાકાકી પાસેથી પૈસા છૂટવાના નથી. સુધાકાકી કંઈ ઓછાં પક્કાં નથી, સમજ્યા ?’ અને આખરે એણે જણાવી દીધું : ‘આ દવાના પૈસા કાઢશો તો ફરી કદી પામવાના નથી ! આપણી પાસે કંઈ વધારાના નથી તે ફેંકી દઈએ. હરસુખ આવે ત્યારે ચોખ્ખી ના કહી દેજો.’

‘એમ તે કંઈ ચાલે ?’

‘ન કેમ ચાલે ? તમને ‘ના’ કહેતાં શરમ આવતી હશે તો હું કહી દઈશ.’

છતાંય સાંજે બે રૂપિયા ખર્ચીને હું દવા લઈ આવ્યો ત્યારે વિમળા ખરેખર રાતીપીળી થઈ ગઈ, અને ‘ઘરખોયાપણા’ માટે મને ઠીકઠીક સંભળાવ્યું પણ ખરું.

બીજે દિવસે સવારે હરસુખ આવ્યો ત્યારે વિમળાનું મોં ચડી ગયું. અને આખરે હરસુખ ચા પીતો હતો ત્યારે એ પોતાના મનનો ઊભરો કાઢ્યા વિના ન રહી શકી. બોલી : ‘હરસુખભાઈ, બે રૂપિયની ચીજ માટે બે વખત જવા-આવવાના કરીને તમે વીસ માઈલની ખેપ કરી એના કરતાં તો શહેરમાંથી તમે જ દવા લઈ લીધી હોત તો ? સુધાકાકીને તો તમે અને હરકાન્ત બંને સરખા.’

વાત સાચી હતી, એટલે હરસુખ લાચારીભર્યા ચહેરે વિમળા સામે જોઈ રહ્યો. વિમળા આગળ કંઈ બોલવા જતી હતી, ત્યાં રકાબીમાંની ચા ઝટઝટ ગળે ઉતારી, ‘જાઉં ત્યારે’ કહી એણે ચાલવા માંડ્યું.

એના ગયા પછી પણ વિમળાએ એની પૂંઠ પાછળ ઘણો રોષ અને ધિક્કાર પ્રગટ કર્યાં.

હરસુખને એણે ઉતારી પાડ્યો એ મને ગમ્યું નહોતું એટલે મેં એને કહ્યું: ‘વિમળા, આ ઠીક ન થયું. બે રૂપિયા માટે આપણે છેક આટલું બધું સાંકડું મન દેખાડ્યું એ

આપણને નથી શોભતું; આપણા કુટુંબની એ રીત નથી.'

પહેલાં તો વિમળા મારી સામે તીક્ષ્ણ નજરે જોઈ રહી. પછી એના મુખ ઉપર ફેરફાર થયો. એને ઘણું માઠું લાગ્યું હોય એમ જણાયું. એ કશું જ બોલ્યા વિના ઘરમાં ચાલી ગઈ.

એના આવા ભાવથી હું ગમગીન થયો.

અને છતાં એ ગમગીની વચ્ચે મારા હૈયામાં કોઈ ગૂઢ પ્રસન્નતા કોળી રહી હતી. 'પોતાના માટે પ્રેમથી એકાદ-બે રૂપિયા હું ખર્ચી નાખીશ એવી શ્રદ્ધા ધરાવનારાં સુધાકાકી વીસ માઈલની ખેપ કરીને પણ સંપેતરાનું કામ પૂરું પાડનાર હરસુખ ને પતિના ખરા પરસેવાની કમાણીમાંથી બે રૂપિયા પડી જતા જોઈને કકળી ઊઠતી વિમળા...'

એ ત્રણેય મારા હૈયાને અડી ગયાં હતાં.

※

## ૨૮૨. સંસ્કાર

ગામડામાં ઊછરીને મોટી થયેલી ગોમતી શહેરી સાસરામાં આવી ત્યારે સાસુએ સૌ પહેલી શિખામણ આપી : 'બપોરના સમયે પુરુષો ધંધે ગયા હોય ત્યારે ફ્લૅટમાં આપણે ખબરદાર રહેવું પડે. બદમાસો કેવાં કેવાં બહાનાં હેઠળ ઘરમાં ઘૂસી જઈને શું શું આચરે છે એ તો તું છાપામાં વાંચતી હોઈશ ને ? લૂંટ, બળાત્કાર, ખૂન...ડૉરબેલ વાગે ત્યારે દરવાજામાં રાખેલા બાકોરામાંથી જોઈ લેવું. માણસ અજાણ્યો હોય તો બારણું ખોલવાનું જ નહિ.'

ગોમતી તો ગામડામાં મા પાસે જુદા સંસ્કાર પામી હતી. મા ઘણી વાર કહેતી : 'ભગવાન ગમે ત્યારે ગમે તે સ્વરૂપે આપણા બારણે આવીને ઊભા રહે. સવાર, સાંજ, બપોર, રાત, પરોઢ...ગમે ત્યારે, સાધુ-સંત, અભ્યાગત-ભિખારી કોઈ પણ રૂપે...બારણું બંધ હોય તો બંધ બારણે ટકોરો દે...આંગણે આવેલાને કે બારણે ટકોરો દેનારને કદી જાકારો ન આપવો. વખતે એ ભગવાન જ હોય!'

એક દિવસ ફ્લૅટનો ડૉરબેલ બજ્યો.

ગોમતી ડ્રૉઇંગરૂમમાં હતી. સાસુ બપોરની નવરાશના સમયગાળામાં કોઈ સંબંધીને મળવા ગઈ હતી. ગોમતીએ દરવાજાના બાકોર ઉપર આંખ માંડીને બહાર જોયું. સોળ-સત્તર વર્ષનો એક સુકુમાર તરુણ ઊભો હતો. ગોરો વાન, ભાલપ્રદેશ ઉપર

ઝૂકેલ જુલફાંની બેત્રણ લટો, કામણગારી આંખો...ખભે બગલથેલો ભરાવેલો હતો. ગોમતીને થયું, ભોળી સુરતવાળો આ તરુણ ઘરમાં ઘૂસીને શું કરવાનો હતો ? દરવાજો ખોલીને એ કોણ છે અને કેમ આવ્યો છે એ પૂછી લેવાનું એને મન થયું. પણ સાસુની સતત પેલી ચેતવણી તાજી થઈ. વળી એને એ વિચાર પણ આવ્યો કે આજકાલ ગુના આચરવામાં છોકરાઓ પણ ક્યાં પાછા પડે છે ? એના બગલથેલામાં હથિયાર પણ હોય.

પાછાં ડગલાં ભરી ગોમતી સોફા પર બેસી ગઈ.

ફરીથી ડૉરબેલ રણક્યો.

આ છોકરો વખતે સગાંમાં હોય. કંઈ કામે આવ્યો હોય. પૂછી તો જોઉં, કોણ છે એ ?...પણ ગુનેગાર તો મીઠી ભાષામાં બનાવટ કરીને ભળતી જ ઓળખાણ આપે ને ?

ગોમતી ઊભી ન થઈ.

ફરી બેલ રણક્યો.

મન કૂણું પડી જવાની બીકે ગોમતી અંદરના ખંડમાં ચાલી ગઈ.

બેલ બેત્રણ વાર વાગ્યો અને પછી બધું શાંત થઈ ગયું.

સાંજે ગોમતી તવી ઉપર ભાખરી શેકતી હતી તે વખતે સાસુ સહસાં રસોડામાં ધસી આવ્યાં, બોલ્યાં : ‘અલી વહુ, આ ભાખરી બળીને ખાખ થઈ ગઈ એની ગંધ છેક બહાર આવી અને તને ખબરેય ન પડી ? તારું ધ્યાન શેમાં પરોવાયું છે ?’

ખસિયાણી પડી ગઈ હોય એમ ગોમતીએ દાઝેલી ભાખરી તવી ઉપરથી ખસેડી નાખી.

‘કહે તો ખરી, આમ કેમ થયું ?’ સાસુએ પૂછ્યું.

ગોમતી શું કહે ? એક ગોરો કુંવર આપણા બારણેથી વાંસળી વગાડતો વગાડતો અંતરિક્ષ તરફ જઈ રહ્યો હતો. એ જોવા-સાંભળવામાં પોતે ભાન ભૂલી ગઈ અને ભાખરી દાઝી ગઈ.

*

# ૨૮૩. સાગરિકા

પોતે કૉલેજ બદલવાનો નિર્ણય લીધો છે એવું સાગરિકાએ એની મમ્મી સુવર્ણાબહેનને કહ્યું, ત્યારે સુવર્ણાબહેન એની સામે તાકી જ રહ્યાં. એકાએક કૉલેજ બદલી નાખવાની વાત સામાન્ય નહોતી. સાગરિકાના આ નિર્ણય પાછળ કોઈ ગંભીર સમસ્યા હોવાની ગંધ આવી. આજકાલ કૉલેજના કૅમ્પસમાં અસામાજિક તત્ત્વોના અડ્ડા અને એમના ઉપદ્રવ વિશે સુવર્ણાબહેનના સાંભળવામાં ઘણું આવતું હતું. સાગરિકાની કૉલેજ પણ એમાં અપવાદ કેમ હોઈ શકે ? એટલે જ તો સાગરિકાની વાત સાંભળીને એમનો જીવ ઊંચો થઈ ગયો. એમણે સાગરિકાને કૉલેજ બદલવાનું કારણ પૂછ્યું ત્યારે એણે મમ્મીના પ્રશ્નને વાહિયાત ગણીને ઉડાવી દીધો અને કશું કારણ ન આપ્યું. જ્યારે સુવર્ણાબહેને કારણ જાણવાનો આગ્રહ રાખ્યો અને એ માટે દબાણ કર્યું ત્યારે એ છણકો કરીને બોલી : 'જો મમ્મી, હું નાની કીકલી નથી. ભણવાનું મારે છે. ક્યાં ભણવું એનો નિર્ણય મારે જ કરવાનો હોય. આખરે, મારા ગમાઅણગમાની કશી કિંમત નહીં ? હા, તારા મનમાં બીજું કંઈ ભૂત ભરાયું હોય તો કહે એનો ખુલાસો હું કરીશ...'

પછી તો, કારણ જાણવા માટે સુવર્ણાબહેને જેમ જેમ દબાણ કરવા માંડ્યું તેમ તેમ કારણ ન જણાવવા માટેની સાગરિકાની હઠ વધારે દૃઢ બનતી ગઈ.

રાત્રે બેડરૂમના બંધ બારણે સુવર્ણાબહેને પતિને સાગરિકના નિર્ણયની વાત કરી અને સાથે સાથે કૉલેજ બદલવાનું કારણ ન જણાવવા વિશેની એની હઠની પણ વાત કરી.

'વિનાયકને કંઈ પૂછ્યું ?' જગુભાઈએ કહ્યું.

વિનાયક સાગરિકાનો મોટો ભાઈ હતો અને સાગરિકાની જ કૉલેજમાં ટી.વાય.બી.એ.માં હતો. સાગરિકા એફ.વાય.માં હતી.

પતિના પ્રશ્નનો જવાબ આપતાં સુવર્ણાબહેન બોલ્યાં : 'વિનાયકને કંઈ પૂછ્યું નથી.'

'પહેલાં એને પૂછી જુઓ. પછી કંઈ વિચારીશું.'

બીજા દિવસે જગુભાઈએ પોતે જ વિનાયકને બોલાવીને પૂછ્યું : 'સાગરિકા કૉલેજ બદલવા માગે છે ?'

'હા.' કહી જગુભાઈ કારણ પૂછે એ પહેલાં જ વિનાયક બોલ્યો : 'સાગરિકા કૉલેજ બદલવા માગે છે તો એ ભલે બદલતી.'

'એ આમ અધવચ્ચે બદલે એના શા પ્રત્યાઘાત થાય એ જાણે છે ?'

'એવું કશું નહીં થાય. કૉલેજમાં સાગરિકાની ઇમેજ ખૂબ ઊંચી છે.'

'તો પછી કૉલેજ બદલે છે શા માટે ?'

'એની મરજી.'

'એ ગમે તે હોય લોકો આંગળી ચીંધ્યા વગર ન રહે.'

'હવે કોઈ એના તરફ આગળી નહીં ચીંધે' આ શબ્દો વિનાયકની જીભ સુધી આવી ગયા હતા પણ એણે બહાર ન આવવા દીધા.

'હા, એણે જુદા જુદા સમયે બે ચાર વિદ્યાર્થીઓને સાગરિકા તરફ આંગળી ચીંધીને કહેતા સાંભળ્યા હતા. આ પેલા હંચબેક વિનાયકની બહેન છે.' વિનાયક કૉલેજમાં હંચબેક (ખૂંધો) તરીકે ઓળખાતો હતો.

※

## ૨૮૪. સાદી વાત

જનકના અવસાન પછી દોઢ વર્ષે આજે જ્યોતીન્દ્ર એના ઘેર જઈ રહ્યો હતો. જનકની નનામી ઊઠી એ સમયનું દશ્ય હજુય એ વીસરી શકતો નહોતો. પિતા, માતા, બહેનો...દરેકનું કલ્પાંત હૃદય વિદારક હતું. મોટી બહેનને ત્રણ જણે પકડી રાખી હતી.

અને એટલે જ કદાચ જ્યોતીન્દ્ર આટલા લાંબા ગાળા સુધી જનકને ઘેર ન જઈ શક્યો...જઈનેય શું ? પોતે જનકનો ગાઢ મિત્ર હતો. પોતાને જોતાં જ એ કુટુંબનો ઘા ફરી દૂઝવા લાગે...

છતાં ઘણા વખતથી મન કહેતું હતું એટલે ઑફિસેથી એ સીધો જ જનકને ઘેર ગયો. પણ એ ત્યાંથી પાછો ફર્યો ત્યારે એક વિચિત્ર પ્રકારની ગમગીનીથી એ આવૃત્ત થઈ ગયો હતો.

ઘેર આવીને એણે સ્મિતા આગળ ઊભરો ઠાલવવા માંડ્યો : ''જનકના ઘરમાં બધાં જ માણસો નકામાં છે. પથ્થર જેવાં હૈયાહીણાં !''

''કેમ, શું થયું ?''

''આજે હું જનકને ઘેર ગયો હતો. એક કલાક ત્યાં બેઠો પણ કોઈએ વાતચીતમાં જનક સંબંધમાં એક હરફ ન ઉચ્ચાર્યો. સૌ જનકના નામને ટાળતા જ હોય એવું લાગ્યું. ઘરમાં દીવાલ પર એની તસ્વીર પણ નહીં !...''

જ્યોતીન્દ્રની વાત સાંભળ્યા પછી સ્મિતા સહેજ હસી.

જ્યોતીન્દ્ર ખિજાયો : ''તું હસે છે ?''

‘‘હા, એક સાદી વાત તમે સમજી શક્તા નથી એટલે હસું છું.’’

‘‘આને તું સાદી વાત સમજે છે ?’’

‘‘ગંભીર, પણ સમજવામાં સાવ સાદી.’’

‘‘કઈ રીતે ?’’

‘‘તમે દોઢ વર્ષ સુધી જનકને ઘેર કેમ ન ગયા ?’’

‘‘એના ઘરનાં માણસોનો ઘા તાજો ન થાય એટલે.’’

‘‘બસ, એ જ તો સાદી વાત છે ને.’’

☼

## ૨૮૫. સારા સમાચાર

સવારના નવ વાગ્યાના અરસામાં જનકનો સુધીર પર ફોન આવ્યો : ‘સુધીર, એક સારા સમાચાર આપું. સાંભળીને તું રાજી થઈશ.’

‘સારા સમાચારથી કોણ રાજી ન થાય ? શા સમાચાર છે એ તો કહે.’

‘પાર્ટી આપવી પડે એવા સમાચાર...’

જનક સમાચાર સંભળાવવા મોં ખોલે એ પહેલાં ટેબલ પર પડેલા એના મોબાઈલની રિંગ વાગી.

મોબાઈલ હાથમાં લેતાં જ એના મુખમાંથી શબ્દો નીકળ્યા : ‘અરે, જૈમિન! વાહ, વાહ !’ અને એણે સુધીરને કહ્યું : ‘અરે ભૈ, બુઝમ બંદાનો ફોન છે, હું તને ફરી ફોન કરું છું.’

‘લાંબી વાત પછી કરજે, પણ ખુશીના સમાચાર શા છે એટલું તો કહી દે.’

‘આનંદના સમાચાર એમ નાખી ન દેવાય, ધીરજ રાખ, મોબાઈલ પર વાત કરી લઈને તને ફરી ફોન કરું છું. ઓ કે...’ જનકે ફોનનું રિસીવર કેડલ પર મૂકી દીધું.

સુધીર વિચારમાં પડી ગયો. શા સમાચાર હોઈ શકે ? સારા સમાચારની અપેક્ષા રાખી શકાય એવું તો કંઈ નહોતું. જનકે સવારના પહોરમાં ફોન કર્યો એટલે કશીક મહત્ત્વની ઉપલબ્ધિ હોવી જોઈએ. એવું તે શું હોય ?

સુધીર ધારણાઓમાં વ્યસ્ત હતો એ સ્થિતિમાં ફોનની રિંગ વાગી. ‘જનક જ’, કહી બાજ ઝડપથી એણે ફોનનું રિસીવર ઉપાડ્યું. ફોન સાધારણ પરિચયવાળા એક ભાઈનો હતો. આ ભાઈનો ફોન આવે ત્યારે નિરર્થક વાતોમાં એ ઘણો સમય વેડફી

નાખતા. દાંત કચકચાવીને સુધીરે કહી દીધું : 'થોડી વાર પછી ફોન કરજોને ભાઈ, અત્યારે મારા પર એક અગત્યનો ફોન આવનાર છે. હું એની રાહ જોઉં છું. રહો, હું જ તમને ફોન કરીશ.' આટલું કહી સુધીરે રિસીવર મૂકી દીધું.

જનકના ફોનની રાહ જોવામાં એણે બીજા બે આવેલા ફોનને જતા કર્યા. આખરે ધીરજ ખૂટતાં એણે જનકનો ફોન જોડ્યો.

'કોણ ?'

'હું સુધીર, જનક નથી ?'

'એ તો એમના કોઈ અંગત મિત્રનો ફોન આવતાં ઍરપોર્ટ પર પહોંચી ગયા છે.'

'સારું, સારું. હું મોબાઈલ પર એની સાથે વાત કરી લઈશ.'

'પણ સાહેબ, ઉતાવળમાં ને ઉતાવળમાં એ એમનો મોબાઈલ ફોન ટેબલ પર જ ભૂલીને ગયા છે. મિત્ર સાથે વાત કરી એ પછી એને ટેબલ પર જ મૂક્યો હતો...'

'મૂરખો...' કહી સુધીરે સંવાદ બંધ કર્યો.

અધીરાઈમાં ક્ષુબ્ધ મનોસ્થિતિ સાથે સુધીર લંચ માટે ઘેર ગયો. 'સારા સમાચારવાળી વાત હજુય એના મનમાં ઘૂમતી હતી. જમતાં જમતાં એણે પત્નીને કહ્યું : 'સવારે જનકનો ફોન હતો, કશાક સારા સમાચાર આપવાનો હતો પણ એના કોઈ મિત્રના ફોનના કારણે વાત અધૂરી રહી ગઈ તે રહી જ ગઈ. શું હોઈ શકે ?'

'તમે સાહિત્યકાર છો, ઘણું હોઈ શકે. તમારી દુનિયામાં જાતજાતના ઍવોર્ડ્ઝ જાતજાતના લેખકોને અપાય છે. એકાદ તમારા નામે જાહેર થયો હોય...'

'એવા બધા ઍવોર્ડ્ઝનો તો હું પંદર વર્ષ પહેલાં અધિકારી હતો. આજે જાહેર થાય તો હું એને અપમાન સમજું, જનક એ જાણે છે.'

'તો પછી શું હોઈ શકે ?' પત્નીએ પણ કુતૂહલ દાખવ્યું.

'હવે તો રાત્રે જનકને ફોન કરીને જાણી લઈશું !'

રાત્રે જનકને ફોન કર્યો.

જનકે કહ્યું : 'અરે હા યાર, પછી તો તને કહેવાનું ભૂલી જ ગયો. મારા મકાનનું ગ્રાઉન્ડ ફ્લોર...બૅન્કે ભાડે રાખી લીધું છે. ભાડું, માસિક એક લાખ રૂપિયા !'

*

# ૨૮૬. સિદ્ધાર્થ

બંટીના જન્મ અગાઉ એનાં મમ્મી-પપ્પાએ એના ઉછેરનાં ધોરણો નક્કી કરી રાખ્યાં હતાં. એમાં પ્રાથમિકતા હતી વનસ્પતિ માટેના પ્રેમની.

બંટી એક વર્ષનો થયો ત્યારે મમ્મી-પપ્પા અને પબ્લિક પાર્કમાં લઈ જઈને કોઈ ને કોઈ વૃક્ષ આગળ ઊભો રાખતાં. એ સમજે કે ન સમજે પણ એને એ વૃક્ષ વિશે રઢિયાળી વાતો કરતાં. એમ કરવા પાછળ ઓછામાં ઓછું, એ વૃક્ષ પ્રત્યે એના અસંપ્રજ્ઞાત માનસમાં લગાવનો એક અંકુર તો અવશ્ય પ્રગટે એ શ્રદ્ધા.

માતા-પિતા બંટીને રંગબેરંગી ફૂલ ધારણ કરતા છોડ આગળ લઈ જતાં. એને ઊંચકીને કોઈ ખીલેલાં ફૂલ ઉપર લળતો કરીને ફૂલની સુગંધ લેવડાવતાં. ફૂલ તોડવાની કે ચૂંટવાની ચીજ નથી પણ દૃષ્ટિથી માણવાની, ઘ્રાણેન્દ્રિયથી સૂંઘવાની અને ક્યારેક હળવાશથી આંગળી ફેરવીને સ્પર્શવાની ચીજ છે એવી એક ગ્રંથિ ધીમે ધીમે બંટીના ચિત્તમાં બંધાતી જાય એવી વિવિધ પ્રયુક્તિઓ આ દંપતી અજમાવતું.

કોઈ ઝાડની ડાળી કે ડાળ કાપતું ત્યારે બંટીના દેખતાં આ માબાપ કોઈ જીવતા પ્રાણીનું અંગ કપાતું હોવાનું પ્રત્યક્ષ દર્શન કરતાં હોય એમ ચિત્કાર કરી ઊઠતાં, જેથી બંટીના ચિત્તમાં પણ કશીક લાગણી સંક્રાન્ત થાય.

મનોવિજ્ઞાનના જે જે માર્ગો ઉચિત જણાયા તે તે માર્ગોનો આશ્રય લઈને મમ્મી-પપ્પા બંટીની રગરગમાં વનસ્પતિ માટેના પ્રેમનો લય જાગે એ માટે કશી કરસ ન છોડતાં.

આ બધી પ્રયુક્તિઓના કારણે મમ્મી-પપ્પા ધારતાં હતાં એના કરતાં વધારે ઝડપથી બંટીના ચિત્તમાં વનસ્પતિ વિશે સમભાવ કેળવાતો ગયો.

બંટી કિશોરાવસ્થાએ પહોંચ્યો એ પછીના એક દિવસની વાત છે. વર્ષાઋતુના આરંભના દિવસ હતા. અસાધારણ વેગથી પવન સુસવાટા સાથે વહેતો હતો. બંટી બારીમાં ઊભો ઊભો બહારનું દશ્ય જોતો હતો. સૂસવાતા પવનમાં વૃક્ષો ખૂબ વીંઝોળાતાં હતાં. ડાળાં તૂટી પડે, ઝાડ સમૂળું ઊખડી પડે એવી ખતરનાક પરિસ્થિતિમાં અમળાતાં હતાં. બંટી કશીક ઊંડી વેદના સાથે મોં વકાસીને આ જોઈ રહ્યો હતો.

એ દિવસે બંટીનું મન જમવામાં જોઈએ એવું લાગ્યું નહીં. ખાધું ન ખાધું કરીને એ ઊભો થઈ ગયો. મમ્મીના એકેય પ્રશ્નનો એણે સંતોષકારક ઉત્તર ન આપ્યો અને ભાગીને એ બેડરૂમમાં ભરાઈ ગયો.

થોડા દિવસ પછી બીજો એક બનાવ બન્યો. બંટીની દૃષ્ટિએ તો એક ગમખ્વાર

ઘટના ! ઘર પાછળનના બગીચામાં માળી એક લાંબી કાતરથી ચાંદની, જાસૂદ, મોગરો વગેરેના વધી ગયેલા ઉગાવાની આડેધડ છટણી કરી રહ્યો હતો. બંટીએ માળીને આ દુષ્કર્મ બંધ કરી દેવા સૂચવ્યું.

માળી બોલ્યો : 'મમ્મીનો ઑર્ડર છે, મારાથી એ બંધ કેમ કરી શકાય ?'

આઘાતથી ચોંકી ઊઠ્યો હોય એમ બંટી ફાટી આંખે માળી સામે જોઈ રહ્યો. એ દિવસે તો એ ડાઇનિંગ ટેબલ તરફ ફરક્યો પણ નહીં.

આવું બનતું રહ્યું. સિદ્ધાર્થે તો માત્ર ચાર દશ્ય જોયાં હતાં. પણ બંટીને તો વૃક્ષ અને વનસ્પતિના નિકંદનનાં અનેક દશ્યો રોજબરોજ નજરે પડતાં હતાં. અને એ વિલાતો ગયો, વિલાતો જ ગયો...

એક દિવસ મમ્મી-પપ્પાએ વિચાર્યું : 'કંઈ ઉપાય કરવો પડશે...કોઈ મનોચિકિત્સકને બતાવીએ...કોઈ ઉપાયે વનસ્પતિ તરફનો બંટીનો રાગ નિર્મૂળ કરવો પડશે !'

※

## ૨૮૭. સુખરામ બિલ્ડિંગ

કાન્તુભાઈની વાત કોઈ પણ વિષયને લગતી હોય પણ એમાં 'સુખરામ બિલ્ડિંગ'નો નિર્દેશ થયા વિના ન રહે. કાન્તુભાઈ આ બિલ્ડિંગનાં મુક્ત કંઠે વખાણ કરતા. કશો ઘોંઘાટ નહીં, અવાજ કે ધુમાડાનું પ્રદૂષણ નહીં...નજીકમાં જ દેરાસર, બાજુમાં ઔડાનો બાગ, એમાં વૉકિંગ ટ્રેક...બિલ્ડિંગની સામે ઊભા રહીને એના ફ્રન્ટ એલિવેશન તરફ નજર કરીએ તો જોતાં ધરાઈએ જ નહીં.

કાન્તુભાઈ રવિવારના દિવસે આ સુખરામ બિલ્ડિંગની મુલાકાત લેતા. જાણવા જેવું તો એ હતું કે લેંઘા-ઝભ્ભામાં લઘરવઘર રહેતા કાન્તુભાઈ એક રવિવારે તૈયાર થઈને સુખરામ બિલ્ડિંગ જવા ઘર બહાર નીકળ્યા અને હું બહારથી આવ્યો એટલે અમારો એકાએક નજીકનો ભેટો થઈ ગયો. કાન્તુભાઈના શરીરમાંથી સુગંધનો મઘમઘાટ ફોરી રહ્યો હતો. કાન્તુભાઈને આ સ્થિતિમાં જોઈને હું જરાક મલકાયો. મારા મલકાટનો કોઈ ખાસ અર્થ એમણે કાઢ્યો હશે એટલે જ કદાચ વધારે થોભવા જેવું ન લાગતાં એ ભાગ્યા !

મેં મારું રહેઠાણ બદલ્યું એટલે તત્કાળ તો કાન્તુભાઈનો સહવાસ છૂટી ગયો. મારો નવો ફ્લેટ કાન્તુભાઈના ઘરથી બાર-ચૌદ કિલોમીટર દૂર હતો. એટલે અમારું

મળવાનું બંધ થયું.

લગભગ છ એક મહિના પછી ખાસ આયોજન કરીને એક વખત હું કાન્તુભાઈને મળવા નીકળ્યો. અર્ધે પહોંચ્યા પછી યાદ આવ્યું, આજે તો રવિવાર. કાન્તુભાઈનો સુખરામ બિલ્ડિંગનો દિવસ, એ ન મળે. આમ છતાં મેં કાયનેટિક કાન્તુભાઈના ઘરની દિશામાં દોડતું રાખ્યું.

સદ્ભાગ્યે કાન્તુભાઈ એમના આંગણામાં નાખેલી ગાર્ડન ચેરમાં બેઠા હતા.

મેં કહ્યું : 'અડધે આવ્યા પછી વિચાર આવ્યો, તમે સુખરામ બિલ્ડિંગે જ હશો. નસીબ પાંશરું. તમે મળી ગયા પણ કહો તો ખરા આજ તમે સુખરામ બિલ્ડિંગે કેમ નથી ગયા ?'

'હમણાંથી એ તરફ નથી જતો.'

'એવું કેમ ?'

'બસ અમસ્તું, મજા નથી.'

'એવું કેમ કહો છો, કાન્તુભાઈ ? બિલ્ડિંગનું આકર્ષણ ઘટ્યું છે ?'

'એવું જ.'

'કોઈ કારણ તો હશે ને ?'

'કારણમાં તો ફાલતું ભાડવાત બિલ્ડિંગમાં પેસે એટલે બિલ્ડિંગની મા પૈણી નાખે.'

કાન્તુભાઈની વાતમાં પૂરક બનવા મેં કહ્યું : 'આવા માણસો બિલ્ડિંગની મા તો શું, છોકરીનેય પૈણી નાખતા હોય છે !'

મારું આ વાક્ય સાંભળી કાન્તુભાઈ ચોંકી ઊઠ્યા હોય એમ મારી સામે તાકી રહ્યાં.

હું તો 'મા'ની વાતમાં 'છોકરી'નો સરસ મેળ બેસશે એવું સમજીને બોલ્યો હતો, પણ કાન્તુભાઈ મારી સામે આવી રીતે કેમ તાકી રહ્યા હશે ?

❊

# ૨૮૮. સુખિયા લોકો

દત્તુ એકાએક એની ગાભા-પથારીમાંથી ઊછળીને ઊભો થઈ ગયો.

એના જેવી જ ગોદડીમાં લપેટાયેલો જમુ નવાઈ પામીને બોલ્યો : ‘‘અલ્યા, ઠંડીએ બચકું ભર્યું કે ?’’

ઠંડી દત્તુનાં હાડકાંમાં ઘૂસી તો ગઈ જ હતી. એના દાંત કડકડી રહ્યા હતા.

દત્તુ અને જમુ ફૂટપાથના વાસી. શિયાળો, ઉનાળો અને ચોમાસું, આ ત્રણેય ઋતુઓ સાથેનો એમનો સીધો સંબંધ.

ફૂટપાથની એક બાજુ ઓછી ભીડવાળો રસ્તો અને બીજી બાજુ જેલની ધીંગી દીવાલ અને ફૂટપાથના ખૂણા ઉપર ભારે વાસ મારતી એક મુતરડી. મુતરડીની વાસ આ મિત્રોને કોઠે પડી ગઈ હતી. આ બે મિત્રો ભીખમાં જે મળે તે ખાઈ લેતા. ન મળે તો નિભાવી લેતા. અથવા મળેલા પૈસામાંથી નાસ્તો ખરીદીને જયાફત ઉડાવતા.

દત્તુને ઊછળીને ઊભો થઈ ગયેલો જોઈ જમુ જરા ગંભીર થયો અને પૂછ્યું : ‘‘શું થયું દત્તુ ?’’

‘‘એક મજાનો વિચાર આવ્યો.’’

‘‘એવો તે શો વિચાર, જાણે વીંછી કરડ્યો !’’

‘‘વીંછીના ડંખ જેવો નહીં, પણ કથા જેવો. સાંભળીને રાજી થઈએ અને ફળ પણ મળે.’’

‘‘કહે તો ખરો, શો વિચાર આવ્યો ?’’

‘‘સાંભળ, આ દીવાલ પાછળ શું છે ?’’

‘‘જેલ.’’

‘‘એમાં તને ઘંટ વાગતા સંભળાય છે ?’’

‘‘હા, એના આધારે તો આપણું ટાઇમ ટેબલ ગોઠવાયું છે.’’

‘‘દિવસમાં કેટલી વાર ઘંટ વાગે છે ?’’

‘‘ગણ્યા નથી, પણ બે વખતના ઘંટની બરાબર ખબર છે.’’

‘‘ખાવાના સમયના ને ?’’

‘‘હા. એમાં જરા પણ આઘુંપાછું થતું નથી.’’

‘‘કેવા સુખિયા છે આ લોકો ! ભૂખ્યા સૂવાની તો વાત જ નહીં.’’

‘‘અને ઉઘાડા સૂવાની પણ વાત નહીં ! અત્યારે ગરમ ધાબળામાં વીંટાઈને કેવી મીઠી નિંદર લેતા હશે...!’’

‘‘આ વાત ઉપર જ મને વિચાર આવ્યો ને !’’

‘‘શો વિચાર આવ્યો એ તો કહે.’’

‘‘આપણેય એમના જેવા સુખિયા થઈ જઈએ.’’

‘‘એ કેવી રીતે ?’’

‘‘કશોક ગુનો કરીએ.’’

‘‘એ આપણને ક્યાં આવડે ?’’

‘‘એમાં શું આવડવું’ તું ? માણસને મારી નાખવાનું કામ અઘરું હશે, પણ તાળાં તોડવાની વાત અઘરી નથી.’’

‘‘તાળું તોડતાં પકડાઈએ એવી ગોઠવણ કરવી પડે.’’

‘‘એમાંય આપણું નસીબ પાધરું છે.’’

‘‘કઈ રીત ?’’

‘‘સામે દુકાનો છે. રાત્રે પોલીસ રોનમાં નીકળે છે. મુતરડી પાછળ પથરા પડ્યા છે, તાળું તોડવાના કામમાં આવે એવા.’’

‘‘આપણું તાળું તોડવું અને પોલીસનું આવવું એ બેનો એકસાથે મેળ કેમ બેસે ?’’

‘‘પોલીસ નીકળે ત્યાં સુધી કામ ચાલુ રાખીએ.’’

‘‘બરાબર, બરાબર.’’

બંને જણ પોલીસના રોનના સમયની રાહ જોતા બેઠા. ઠીક ઠીક સમય પસાર થયો. એ પછી જમુ બોલ્યો : ‘‘પણ યાર દત્તુ, મને એક વિચાર આવે છે.’’

‘‘શો ?’’

‘‘આપણે એક વખત એ સ્વર્ગમાં દાખલ તો થઈ જઈએ. પણ ત્યાંથી પાછા આવવાનું થાય ત્યારે આ જગ્યા આપણી રહી કે ન રહી ! આ સ્વર્ગ પણ ગુમાવવા જેવું નથી, હોં.’’

દત્તુ થોડી વાર માથું ખંજવાળતો રહ્યો. પછી બોલ્યો : ‘‘હા, એય ખરું. વિચાર પડતો મૂકીએ ?’’

‘‘હા, એમ જ કરવું પડશે.’’ જમુએ સંમતિ આપી.

⁕

# ૨૮૯. સૂનકાર

અજયે ખંડમાં નજર ફેરવી. સૂનકાર શી ચીજ છે એનો એણે કદાચ આજ પહેલી વાર અનુભવ કર્યો. રાહુલ ખુરશી ઉપર ઊભો ઊભો કેલેન્ડરનાં પાનાં એક પછી એક ફાડી રહ્યો હતો. બરાબર સુચેતાની જેમ જ. પાનું નીચે તરફ ખેંચી હાથમાં મસળીને બારી બહાર ફેંકી દેતો હતો.

અજય એ જોઈ રહ્યો. રાહુલ પાનાં ફાડતો રહ્યો એક...બે...ત્રણ... બરાબર પંદર પાનાં ફાડ્યાં પછી એણે અજય સામે જોયું. પછી બોલ્યો : ‘‘બસ, પપ્પા ?’’

છ વર્ષના આ બાળકને છવ્વીસમી તારીખની તે શી ખબર ? કે પછી એય પોતાની માફક દિવસો ગણી રહ્યો હતો ? બરાબર પંદર દિવસ ઉપર સુચેતાએ છેલ્લું પાનું ફાડ્યું હતું. ત્યાર પછીનાં પાનાં ફાડ્યા વિનાનાં રહ્યાં હતાં.

રાહુલે ફરી પૂછ્યું : ‘‘બરાબર ને, પપ્પા ?’’

‘‘હા, બેટા...બરાબર છે. આજે છવ્વીસમી તારીખ થઈ.’’

અજય ફરીથી વિચારમાં ગરકાવ થઈ ગયો. સુચેતાને અકસ્માત નડ્યાના સમાચાર એને ફોન ઉપર મળ્યા એ સમયે ઑફિસના ટેબલ ઉપરની ફાઇલો જેમની તેમ મૂકીને એ ઘર તરફ ભાગ્યો હતો. ડ્રૉઅર અને લૉકર પણ ખુલ્લાં રહી ગયાં હતાં. એ ઘડીને વીત્યે પંદર દિવસ થઈ ગયા. સ્નેહીઓ અને મિત્રોથી ભર્યુંભર્યું ઘર હવે જરા મોકળું થયું હતું. આશ્વાસનના બબ્બે શબ્દો સંભળાવીને સૌ વિદાય થયા હતા.

અજયને આજે થોડો અવકાશ મળ્યો હતો એટલે ઑફિસે એક આંટો મારી આવવાની એની ઇચ્છા થઈ આવી હતી. કદાચ મન પણ થોડું હળવું થાય. પણ થોડી મૂંઝવણ હતી. ઘરમાં રાહુલ એકલો હતો. રાહુલને પોતાની સાથે લઈ જવાનો એક સહેલો વિકલ્પ હતો ખરો; પણ રાહુલની સાથે એ ભાગ્યે જ ઘર બહાર નીકળ્યો હતો. આ માટે અજય અત્યારે અફસોસ કરી રહ્યો. પોતે દીકરા તરફ પૂરતું વાત્સલ્ય દેખાડ્યું નથી એવો સુચેતાનો હંમેશનો આક્ષેપ આજે એને સાચો લાગ્યો. સુચેતા ઘણી વાર કહેતી : "બાપનો પ્રેમ છોકરું જુએ તો વાંસે થાય ને!"

વાત સાચી હતી. પોતાની પ્રવૃત્તિ, ઑફિસ, કલબ અને મિત્રોમાં ગૂંથાઈ રહેલા અજય માટે પુત્રનો પોતાની વાંસે થયાનો અવસર, યાદ કરવા પૂરતો પણ સાંપડ્યો નહોતો. આજ પોતે જ રાહુલને સાથે લઈ જવાની વાત વિચારતાં થોડો ક્ષોભ અનુભવતો હતો.

એણે ફરી એક વાર રાહુલ સામે જોયું. હવે ટેબલ ઉપરનાં અસ્તવ્યસ્ત પુસ્તકોને બરાબર ગોઠવવામાં એ રોકાઈ ગયો હતો. સુચેતા જે રીતે ગોઠવતી હતી - બરાબર એમ જ !

એણે રાહુલને કહ્યું : ''રાહુલ, બેટા ! હું જરા ઑફિસે જઈ આવું. તું ઘરમાં એકલો રહીશ ને ?''

''હા, પપ્પા. તમે જાઓ. હું એકલો રહીશ.''

અજયે પગમાં ચંપલ ભરાવ્યાં અને બારણા સુધી ગયો.

પગથિયાં ઊતરીને આંગણામાં ચારેક ડગલાં ચાલ્યા પછી એ થોભ્યો. પીઠ ફેરવીને પાછળ જોયું. પુસ્તકો ગોઠવવાનું પડતું મૂકીને રાહુલ એકાએક બારણામાં આવીને ઊભો રહી ગયો હતો. અને પપ્પાની પીઠ તરફ નજર માંડી રહ્યો હતો. અજયની નજર એના ઉપર પડતાં જ એ બોલી ઊઠ્યો : ''પપ્પા, હું આવું ?''

અજય રાહુલને નિહાળી રહ્યો. જવાબની રાહ જોતો રાહુલ હજુય પપ્પા તરફ ટગર ટગર જોઈ રહ્યો હતો.

અજયે વ્હાલસોયા અવાજે કહ્યું : ''બેટા, તું ઘરમાં રહે ને, હું દસ-પંદર મિનિટમાં તો પાછો આવી જઈશ.''

રાહુલ કશું બોલ્યો નહીં.

અજય આગળ વધ્યો.

અને રાહુલ કોણ જાણે ક્યાંય સુધી બારસાખ ઉપર હાથ ટેકવીને ઊભો જ રહ્યો.

※

# ૨૯૦. સેન્ડલ

સૂર્યકાન્ત ઉત્પલને પોતાના ફ્લેટ તરફ આવતો જુએ કે મોટા અવાજે અને ઉમંગથી આવકારે. ઉત્પલ બોપલ વિસ્તારમાં રહેતો હતો અને સૂર્યકાન્ત સી.ટી.એમ. તરફ. બન્ને વચ્ચે ઝાઝું અંતર. એટલે રજા કે તહેવારના દિવસોમાં એ મળતાં મળે ત્યારે ભરતીના સમયે દરિયાઈ મોજાં જેવા બની રહે. હૈયે આનંદ હિલોળા લેતો હોય.

પણ અત્યારે ઉત્પલને સૂર્યકાન્તમાં ઉમંગનો ઉછાળ જોવા ન મળ્યો. જે આવેગ અને વેગથી ઉત્પલને આવકારવા સૂર્યકાન્તના મુખમાંથી શબ્દો નીકળી પડતા તે આજે ન નીકળ્યા. ચારપાંચ સેકન્ડના મૌન પછી જ સૂર્યકાન્ત બોલ્યો : 'આવ, આવ ઉત્પલ,

આમ એકાએક આમ અચાનક...અને આરામના સમયે?'

'તું વળી કયા દિવસે આરામ કરતો હતો ?'

'ઠીક. જવા દે એ બધું. આવ બેસ.'

ઉત્પલ ખુરશી પર બેઠો પણ જાણે કોઈ અજાણ્યા માણસના ઘરમાં આવી ચઢ્યો હોય એવો અનુભવ એને એ ક્ષણે થયો.

'એ તો કહે, કેમ આવવું થયું ?'

'હું રંગપુર જઈ આવ્યો. ત્રણ રજા લીધી હતી. એક દિવસ વહેલો પાછો આવી ગયો. અત્યારે નવરો હતો એટલે થયું, ચાલ સૂર્યકાન્તને મળતો આવું અને ગામના ખબર-અંતર સંભળાવું.'

'રંગપુર હવે પહેલાં જેવું ક્યાં રહ્યું છે ? જાણે એ તરફનું કશું આકર્ષણ રહ્યું નથી.'

ગામના ખૂણેખૂણાના સમાચાર પૂછનારો સૂર્યકાન્ત અત્યારે આવું કેમ બોલતો હશે ? જાણે સાવ ઉદાસીન. ઉત્પલે પૂછ્યું : 'કાન્ત, આમ ખોયો ખોયો કેમ છે ? એની પ્રૉબ્લેમ ?'

'અરે, ના રે ના નો પ્રૉબ્લેમ' કહી ચોરીછૂપીથી કાંડા ઘડિયાળ તરફ જોતો હોય એમ એણે જોઈ લીધું.

ઉત્પલની ચકોર આંખે એ પારખી પણ લીધું.

ઘણી વાર જે ચર્ચામાં સૂર્યકાન્ત ઊછળી પડતો એ સિનેમાની દુનિયામાં હિન્દુ અભિનેત્રીઓને વિધર્મી અભિનેતાઓ તરફ પાગલ બનીને ઢળતી પડતી હોવાનો વિષય છેડ્યો. પણ સૂર્યકાન્ત અત્યારે એટલું જ બોલ્યો : 'મરશે, આપણે શું ?'

ઉત્પલને સૂર્યકાન્ત કશીક ગડમથલમાં હોવાની ખાતરી થઈ ગઈ. અને આમતેમ થોડી વાતો કરીને જવા માટે એ ઊભો થયો.

સૂર્યકાન્તે કહ્યું : 'બેસને, કૉફી પીએ.'

ઉત્પલે સૂર્યકાન્તનો બોદો અવાજ પારખ્યો. એણે કહ્યું : 'અત્યારે ઉતાવળમાં છું, ફરી આવીશ.' કહી એ ત્યાંથી નીકળી ગયો.

લગભગ દસેક કિલોમીટર સુધી સ્કૂટરને ચલાવ્યા પછી ઉત્પલને યાદ આવ્યું કે, પોતે સૂર્યકાન્તના ટેબલ પર પોતાનો મોબાઈલ ફોન ભૂલીને આવ્યો છે. એ પાછો લીધા વગર ચાલે એવું નહોતું. એણે સ્કૂટર પાછું વાળ્યું.

એ સૂર્યકાન્તના ફ્લેટમાં પ્રવેશ્યો ત્યારે એણે જોયું કે સૂર્યકાન્ત અન્ય મનસ્કપણે અને ઊંચા જીવે એક મૅગેઝિનનાં પાનાં ફેરવી રહ્યો હતો.

'હું મોબાઈલ ભૂલી ગયો હતો.' ઉત્પલ બોલ્યો.

'ટેબલ પર છે, લઈ જા.'

ફોન લઈને ઉત્પલ દરવાજા બહાર નીકળતો હતો ત્યારે એણે ખૂણા તરફ ઊંચી એડીનાં સેન્ડલ મૂકેલાં જોયાં. ઉત્પલના હોઠ મંદ સ્મિતમાં ખેંચાયા અને બહાર નીકળ્યા પછી સ્કૂટરને કીક મારતી વખતે એ સ્કૂટરને ઉદ્દેશીને બોલ્યો : 'સ્કૂટરભાઈ, તમારા બગડેલા સાયલન્સરે કાન્તને આબાદ ચેતવી દીધો હોં.'

*

## ૨૯૧. સેવન ડાઉન

ટ્રેન ઘણી ઝડપથી જઈ રહી હતી.

શ્યામલાલને એક ફિલ્મનું દશ્ય યાદ આવી ગયું. આનંદવિભોર બનીને કથાનાયક ગીત ગાઈ રહ્યો હતો.

હમ ચલે વતન કી ઓર,
ખીંચ રહા હૈ કોઈ હમકો
ડાલ કે પ્રેમ કી ડોર...

શ્યમાલાલની પણ એ સ્થિતિ હતી. ઘણાં વર્ષો પછી એ વતન જઈ રહ્યા હતા. દિલ્હીથી વતન તરફ. એમને પણ કોઈ ખેંચી રહ્યું હતું. કોઈ શા માટે ? એમના ખેંચાણનાં બે સૂત્રો હતાં. એક સૂત્ર રમણી. એ વખતે એમની સમવયસ્ક બાર વર્ષની રમણી. અને બીજું સૂત્ર 'સેવન ડાઉન'.

સેવન ડાઉન ? આ સેવન ડાઉન એટલે શ્યામલાલના ખેતરની બાજુમાં થઈને રોજ બપોરે બાર વાગે ધસમસતી વહી જતી ટ્રેન - નામે 'સેવન ડાઉન' ખેતર અને ટ્રેનના પાટા વચ્ચે માંડ પચાસ કદમનું અંતર. ધુમાડાના ગોટા કાઢતી, વ્હિસલનો પાવો વગાડતી ધસમસતી પસાર થતી આ ટ્રેનના ધમકારાનો અણસાર વરતાય કે રમણી અને શામજી ઉમંગભેર વાડ તરફ ધસી જતાં.

શામજી અને રમણીનાં ખેતર અડોઅડ. ખેતર નાનાં. ખેતરમાં ઊભેલાં માનવી એકબીજા સાથે વાતો કરી શકે એટલું નિકટત્વ. શામજી અને રમણી ઘણી વાર વાતે વળગતાં. બન્નેને આ ટ્રેનને પસાર થતી, શક્ય એટલા ઓછા અંતરે જોવાનો મોહ.

ટ્રેનને પસાર થતી જુએ, ટ્રેન પસાર થઈ જાય એ પછી પેલું LV (લાસ્ટ વાન)નું પાટિયું ક્ષિતિજમાં દેખાતું બંધ થાય ત્યાં સુધી નજરને ટ્રેન સાથે જોડેલી રાખે. પછી અરસપરસ મીઠા સ્મિતની આપ-લે કરીને વડીલોએ સોંપેલા કામમાં પરોવાઈ જાય.

હવે શામજીમાંથી બનેલા શ્યામલાલ દિલ્હીમાં તૈયાર કપડાં વેચવાની એમની દુકાનમાં ખૂબ વ્યસ્ત રહેતા હતા. સેવન ડાઉન અને રમણી ખૂબ યાદ આવે, પણ ધંધો એવો કે એનાથી અળગા થઈને ક્યાંય જઈ શકાતું નહીં.

હવે દીકરો મોટો થયો એટલે ધંધાનું સુકાન એને સોંપીને શ્યામલાલ વતન તરફ જવા નીકળ્યા હતા. અને ટ્રેનની ગતિ સાથે એમને પેલું ગીત યાદ આવી રહ્યું હતું - ખીંચ રહા હૈ કોઈ હમકો....

રમણી તો હવે ત્યાં ન હોય. પણ સેવન ડાઉન ? નામ કદાચ બદલાયું હોય પણ માર્ગ અને ગતિ નિશ્ચિત જ હોય ને !

વતન પહોંચીને બીજે દિવસે શ્યામલાલ પોતાના ખેતરમાં ગયા (એમણે વતનનાં ખેતર-ખોરડાં સાચવી રાખ્યાં હતાં) ખેતર વાવનાર 'ભાગિયો' એમની સાથે હતો.

મધ્યાહ્નનો સમય લીધો. સેવન ડાઉન મધ્યાહ્ને આવતી હતી ને.

શ્યામલાલે ઘડિયાળ સામે જોયું. થોડી વાર હતી. એમણે રમણીના ખેતર તરફ હાથ લાંબો કરી ભાગિયાને પૂછ્યું : 'રમણી તો સાસરે હશે ને ?'

'રમણીબહેન તો દેવ થઈ ગયાં, ભાઈ !'

'ક્યારે ?'

'બે-એક વરસ થયાં હશે.'

એમણે રેલવે ટ્રેક ઉપર નજર લંબાવી. કોઈ કાળું ધાબું ગતિ કરતું નજરે પડ્યું. કશો અવાજ સંભળાતો નહોતો. 'સેવન ડાઉન'તો ક્ષિતિજમાં હોય ત્યારથી જ એની હાજરીનો અહેસાસ કરાવી દેતી. આ શું હતું ?

ધાબું છેક નજીક આવ્યુ. ડીઝલથી ચાલતું એન્જિન અને એક ડબો !

'આ શું ?' શ્યામલાલથી સહજ ભાવે પુછાઈ ગયું.

'મેમુ ટ્રેન, ભાઈ.' ભાગિયાએ જવાબ આપ્યો.

'પેલી ટ્રેન આવતી નથી ?'

'કઈ ટ્રેન ?'

'સેવન ડાઉન, બાર વાગે આવતી હતી તે.'

'એ તો ક્યારની બંધ થઈ ગઈ.'

'હવે ?'

'હવે આ મેમુ ટ્રેન.'

'એક કૉચ (ડબો)ની ટ્રેન ?'

'હા, તમે એને પસાર થતી ન જોઈ ?'

'એમ કેમ બન્યું ?'

'આઝાદી આવી ને, લોકો સુખિયા થઈ ગયા. પ્લેનમાં ઊડતા થયા.'
'પણ અહીં પ્લેન શાનાં ?'
'એ તો એમ જ કહેવાય, સુખની વ્યાખ્યામાં બધું આવી જાય.'

❊

## ૨૯૨. સો નૂર કપડાં

કોઈ અજાણી યુવાન સ્ત્રીને મનમાં આવ્યું તે કહી નાખી શકાય ? મનમાં પ્રગટ્યો એ પ્રશ્ન એને પૂછવાનું સાહસ કરી શકાય ?

વાત સાચી હતી. અજાણી સ્ત્રી સામે ટીકી ટીકીને જોઈ શકાય, પણ એને કશું પૂછી શકાય નહીં. એકમાં માનસિક પ્રક્રિયા છે, બીજામાં ભૌતિક મનને કોઈ બંધન નથી, જ્યારે જીભ બંધાયેલી છે. મિસિસ અગ્રવાલ સંદર્ભે શૈલેશના મનમાં બે વાત હતી. એ મિસિસ અગ્રવાલને કંઈક પૂછવા માગતો હતો અને કંઈક કહેવા માગતો હતો.

રોજ ઇવનિંગ વૉક વખતે શૈલેશ અને મિસિસ અગ્રવાલ ક્યારેક સામસામે એકબીજાને ક્રોસ કરીને આગળ વધતાં હતાં તો ક્યારેક એકબીજાને ઓવરટેક કરવાનું બનતું હતું. આકર્ષક વાત તો એ હતી કે મિસિસ અગ્રવાલ રોજરોજ જુદી જુદી સાડીમાં સજ્જ થઈને ઇવનિંગ વૉક માટે નીકળતી. બધી સાડીઓ મોટા અવસર વખતે શોભે એવી હતી. બનારસી, કાંજીવરમ, સિલ્ક, જ્યોર્જેટ, શિફોન વગેરે...રંગ પણ જુદા જુદા અને મનોહર. પહેરવાની સ્ટાઈલ પણ આકર્ષક. પાનીઢંક સાડી મિસિસ અગ્રવાલની કાયાને દીપાવતી હતી. કંઈક વધારે પડતા વિકસેલા નિતંબનું બેઢંગાપણું ઢાંકીને સાડી એને સુંદરતામાં ફેરવી દેતી હતી. સાડી પાછળના નિતંબનો નિખાર આકર્ષક બનીને પ્રગટતો હતો.

શૈલેશને ઘણી વાર થતું, હજાર નૂર નખરાં હોય કે ન હોય પણ સો નૂર કપડાંવાળી વાત તો સાચી. મિસિસ અગ્રવાલ પોતાની નજરને પકડી રાખતી હતી એમાં શું હતું ? આ વિચાર સાથે જ જાણે શૈલેશ મિસિસ અગ્રવાલના દેહને નીરખી રહ્યો હોય એમ ચાલતાં ચાલતાં આંખો મીંચી દેતો.

એક દિવસ ખરેખર આંખો મીંચી દેવાનું મન થાય એવો અનુભવ એને થયો. સામેથી આવી રહેલી મિસિસ અગ્રવાલ ડ્રેસમાં હતી. કમીઝ અને શલવાર ! સારું હતું કે મિસિસ અગ્રવાલ સામેથી આવી રહી હતી. પણ બીજે દિવસે જ્યારે એ શૈલેશને

ઓવરટેક કરીને આગળ વધી ત્યારે તો એણે સાચે જ આંખો મીંચી દીધી ! જે મિસિસ અગ્રવાલ રોજ ત્રીસ વર્ષની દેખાતી હતી એ આજે ડ્રેસમાં પચીસની દેખાવાને બદલે ચાલીસની દેખાઈ. અને પાછળના નિતંબ ! મિસિસ અગ્રવાલ આવું કદરૂપું માણસ ?

સમયની હવા મિસિસ અગ્રવાલને અડી હતી ? એ આધુનિકા બનવા માગતી હતી ?

શૈલેશ મિસિસ અગ્રવાલને જે સવાલ પૂછવા માગતો હતો તે આ હતો - 'મિસિસ અગ્રવાલ, તમે સાડી પહેરવાનું કેમ ત્યજી દીધું ?' અને એ મિસિસ અગ્રવાલને જે કહેવા માગતો હતો તે આ હતું - 'મિસિસ અગ્રવાલ, તમારી કાયા કદરૂપી હશે તેની તો મને ખબર જ નહોતી.'

પણ શૈલેશ ન તો સવાલ પૂછી શક્યો કે એને જે કહેવું હતું તે કહી શક્યો. ફક્ત ચાલતાં ચાલતાં મિસિસ અગ્રવાલ ક્રોસ કરી જાય કે ઓવરટેક કરે ત્યારે એ આંખો મીંચી દેતો હતો.

⁂

## ૨૯૩. સોડ

વયોવૃદ્ધ જમનાદાસને હું ઘણી વાર મળવા જતો. અમે મોટા ભાગે બહારના જગતની વાતો કરતા. પણ એક દિવસ એમણે અંગત વાત છેડી : ''મારું એક કામ કરશો ? મારા અવસાન પછી કરવાનું છે.''

જરા વિચિત્ર લાગ્યું. જિજ્ઞાસાથી મેં પૂછ્યું : ''શું કામ કરવાનું છે.''

એક પુરાણી બૅગમાંથી ઝાંખા પીળા રંગનું કાપડ લઈ આવી મારી સામે ધરતાં એ બોલ્યા : ''આ જુઓ.''

મેં એ હાથમાં લીધું. ખાદીનું એ કાપડ હતું.

જમનાદાસ બોલ્યા : ''અગાઉ હું જાતે કાંતીને ખાદીનાં વસ્ત્ર પહેરતો. બેતાલીસની ચળવળ વખતે 'હું' એ વર્ગનો કેદી હતો. જેલમાં કાંતીને એ તૈયાર કરાવેલું...કફન ! એક ઘેલછા હતી...'' કહી એ જરા થોભ્યા અને પછી ઉમેર્યું: ''આ દિવસોમાં આઝાદીના સૈનિકોને મોતના પડઘા સતત સંભળાયા કરતા. મારો પણ એ જ અનુભવ હતો. મર્યા પછી ઓઢવા માટે ચાદર તૈયાર કરાવેલી...એ વખતે એનો ઉપયોગ ન થયો. પણ હજુય એ વાસના રહી ગઈ છે. તીવ્ર છે. મર્યા પછી એ જ ચાદર ઓઢવી છે...જતાં જતાં છેલ્લી યાત્રા વખતે એની સોડમાં રાષ્ટ્રભક્તિનાં ગીતો સાંભળતો સાંભળતો જાઉં. એ

ચાદરનો એકેએક તાર રાષ્ટ્રભક્તિના અમૃતથી રસાયેલો છે.''

''પણ આ સોંપણી તો તમારે તમારા દીકરાઓને કરવી જોઈએ ને.''

જમનાદાસે એક નિઃશ્વાસ મૂક્યો.

એ નિઃશ્વાસમાં ઘણા બધા અર્થ સમાયેલા હતા. દીકરાઓનું એમના તરફનું વલણ જાણીતું હતું. મેં કહ્યું : ''તમારા વતી હું તમારા દીકરાઓ પાસેથી આ ખાતરી મેળવી લઉં તો ?''

એ ફિક્કું હસ્યા. પછી બોલ્યા : ''અત્યારે એ આ વાતને હસી કાઢશે. પણ મરણ વખતે એને નહીં ટાળી શકે. બોલો, આટલું કામ કરવાનું વચન આપો છો ?''

થોડી વાર હું વિચાર કરતો રહ્યો. પછી મેં વચન આપ્યું.

વચન આપ્યા પછી હું હૈયામાં એક ભાર લઈને ફરતો હોઉં એમ મને લાગ્યું. હું બહારગામ હોઉં અને જમનાદાસ ઢળી જાય તો ? અહીં હોઉં અને આ લોકો ખબર ન આપે તો ?

આખરે એક દિવસ જમનાદાસની સલાહ વિરુદ્ધ જઈને મેં એમના મોટા દીકરાને આ વાત કહી. દીકરો બાપની ઘેલછા ઉપર હસ્યો ખરો, પણ એ પૂરી કરવા એણે તૈયારી બતાવી. મેં થોડી હળવાશ અનુભવી.

...અને એક સવારે જમનાદાસના અવસાનના સમાચાર મળ્યા. વિના વિલંબે હું સ્થળ ઉપર પહોંચ્યો.

ત્યાં જઈને ભારે આશ્ચર્ય વચ્ચે મિલના સફેદ કપડામાં જમનાદાસની નનામી બાંધેલી મેં જોઈ.

મને આવેલો જોઈને જમનાદાસનો મોટો દીકરો મારી પાસે આવ્યો. ખંધું હસીને એણે કહ્યું : ''પછી તો પેલો વિચાર પડતો મૂક્યો !''

''કેમ ?'' મેં સરોષ પૂછ્યું.

''આવા સમયે પીળો પડી ગયેલો ગાભો વીંટાળીએ તો કેવું લાગે ? લોકો શું કહે ? કોરું કાપડ જ જોઈએ.''

''પણ તમે તો...'' હું વાક્ય પૂરું કરું એ પહેલાં તો એ માણસ ખસી ગયો.

જમનાદાસની અંતિમયાત્રા શરૂ થઈ.

અને ખાદીના તારમાંથી ગીત ગુંજનને બદલે મિલના કાપડની ખેંચાયેલી સોડમાં જમનાદાસનો આત્મા કદાચ કાંજીની વાસમાં ગૂંગળાતો પ્રસ્થાન કરી રહ્યો.

અને હું....

✳

# ૨૯૪. સ્ત્રીઓ

વસંતના ગુલમહોરની માફક યૌવન ધારણ કરતી લતાની મોહક વાણીને વારંવારના અકારણ સ્મિતને લીધે જુગલના મનનો ભુજંગ તો ક્યારનોય સળવળી ઊઠ્યો હતો. એણે લતાની રીતભાત ઉપર વિપુલદર્શક કાચ મૂકીને પોતાને મનગમતા તર્કનાં પયપાન કર્યાં અને એક દિવસ એને હળવા મૂડમાં જોઈને અણઘટતી ચેષ્ટા કરી બેઠો.

લતા તત્ક્ષણ ગંભીર બની ગઈ. ધૂંધવાટથી એનું મુખ રતૂમડું બની ગયું અને ભારે રોષમાં એ ત્યાંથી ચાલી ગઈ. વગર કારણે વારંવાર પોતાને ઘેર આવતી લતા પાસેથી આ તાપની ધારણા જુગલે કદી રાખેલી નહિ. લતા ચાલી ગઈ એ પળથી જ એનું ચેન અદશ્ય થઈ ગયું અને પોતાના અવિચારીપણા માટે એ પસ્તાઈ રહ્યો. કોઈ ગૂઢ ભય એને ગભરાવી રહ્યો. પળે પળ વધારે ને વધારે આકરી બનતી હતી. બારી બહાર ડોકિયું કરતાં દુનિયા હવે જુદી જ ભાસવા લાગી. સાંજે એ ફરવા ન ગયો. રાત્રે પત્ની પડોશમાંથી મોડી આવીને બોલ્યા-ચાલ્યા વિના સૂઈ ગઈ એથી એના હોશકોશ ઊડી ગયા. પથારીમાં ક્યાંય સુધી એણે પાસાં બદલ્યા કર્યાં.

પળો વિતાવવી મુશ્કેલ હતી, છતાંય સવાર જાણે ધસમસતું આવી રહ્યું હતું. થોડી વાર આંખ મીંચાયા પછી જાગ્યો ત્યારે તો સવાર છાતી ઉપર ચડી બેઠું હતું. પથારીમાંથી ઊઠવાની હિંમત જ નહોતી. બાજુમાં કોઈ દાતણ મૂકી ગયું હતું એ લઈને એણે યંત્રવત્ ચાલવા માંડ્યું. પોતે મોં સાફ કરવા ગયો એ દરમિયાન વગર સૂચનાએ કોઈ ટેબલ ઉપર ચા મૂકી ગયું હતું. પત્નીને જાણ થઈ ગયાની એને પૂરેપૂરી શંકા થઈ એટલે તો લતાનો વર્તમાનપત્ર વાંચવા આવવાનો રોજનો સમય થતાં એનું હૈયું ફફડાટ જ કરવા લાગ્યું. લતા આજે નહિ દેખાય એટલે એ વખતે જ પત્ની ધડાકો કરશે, કાં તો !

પણ એની ધારણા ખોટી પડી. છાપું વાંચવાના સમયે બારણામાં મીઠા ટહુકારની સાથે જ સ્મિત કરતી લતા આવીને ઊભી હતી !

જુગલ ફાટી આંખે જોઈ જ રહ્યો. શરીરમાં નવા જીવનનો સંચાર થતો હોય એવો હર્ષોન્માદ એ અનુભવી રહ્યો. લતાને જોઈને હરખાવા કરતાં એના આગમનથી જ એ હર્ષઘેલો બની ગયો. ઝંઝાવાત ચાલ્યો ગયો હતો. બધું સલામત હતું.

રોજની માફક જ લતા હસતી-બોલતી હતી, એટલે એના ગયા પછી પેલા ઉન્માદની અસર નીચે જુગલ બોલ્યો : 'ગજબ છોકરી છે !'

પત્ની આમ તો અબોલા તૂટ્યા પછી ભારે ઝગડો કરવા ઇચ્છતી હતી, પણ પતિનો ઉદ્ગાર ન સહેવાતાં બોલી ઊઠી : ‘આંધળા ભીંત થાઓ છો, પણ હવે સખણા રહેજો.’

‘એટલે ?’ જુગલે પત્ની તરફ ભયમૂલક શંકાભરી દૃષ્ટિથી જોયું.

‘એ તો તમારા દિલને જ પૂછો ને ! કાલે રાત્રે કેટલા ખોળા પાથર્યા છે ત્યારે આજે હસતી-બોલતી આવી છે !’

જુગલ મૂઢ શો ઊભો રહ્યો.

અને પત્ની રીસમાં અંદરના ખંડમાં ચાલી ગઈ.

☼

## ૨૯૫. સ્નેહગાંઠ

એક સવારે સ્મિતા અને સુભાષ ડાઇનિંગ ટેબલ પર બ્રેકફાસ્ટમાં વ્યસ્ત હતાં, ત્યારે સુભાષે કહ્યું : ‘એક વાતનું મને આશ્ચર્ય છે સ્મિતા, કે કૌટુંબિક સંદર્ભનાં સ્વપ્નમાં આપણું આ મકાન નહિ, પણ વતનનું પુરાણું ઘર જ આવ્યા કરે છે. ઘટનાનું સ્થળ ખરેખર તો અત્યારનું હોય, પ્રસંગ આજનો હોય, સ્નેહીઓ, મિત્રો સૌ આનંદગોષ્ઠીમાં મશગૂલ હોય પણ એમાં આ મકાનનું રાચરચીલું કે ઇન્ટીરિયર ડેકોરેશન જેવું કશું જોવા ન મળે. પ્રસંગનો તખ્તો તો આપણું પુરાણું ઘર જ બની જાય. ગઈ કાલના સ્વપ્નાની વાત કહું, કાર્તિકનાં લગ્ન નિમિત્તે આપણે એક નાનકડી પાર્ટી જેવું રાખ્યું હતું. આ પાર્ટીમાં આપણા જૂના ઘરની પરસાળમાં પતરાળાં નાખીને સૌ એક પંગતે જમતાં હતાં ! તું જ વિચાર કર સ્મિતા, પાર્ટી માટે આપણા મકાનનો બેકયાર્ડ કેવો સરસ છે ! ત્યાં જ પાર્ટી ગોઠવાય અને બૂફે ડિનર જ હોય...આ તો જૂના ઘરની પરસાળ, પતરાળાં અને આગ્રહભર્યાં પિરસણ...

‘તેં તો આપણા વતનનું જૂનું ઘર જોયું નથી એટલે તેની તને કલ્પના ન આવે. આમ તો તને એ જોવા હું લઈ જઈ શક્યો હોત, પણ એને વેચાઈ ગયે પણ ઘણાં વર્ષો થઈ ગયાં. અહીં આ મકાન બનાવવું હતું એટલે મજબૂરીથી વતનનું મકાન વેચવું પડેલું.’

‘કેવું હતું એ ઘર ?’

‘માટીમાં ચણેલી ઈંટોનું. ઉનાળાનાં એંધાણ વરતાય એટલે આપણો આખો ય પ્રદેશ ધૂળિયા વાતાવરણમાં ફેરવાઈ જાય. અવારનવાર ધૂળની ડમરીઓ ચઢે. ક્યારેક

તો ત્રણ-ત્રણ દિવસ સુધી આખું આકાશ ધૂંધળું-ધૂંધળું રહે. આંધી-વાવાઝોડાની નવાઈ નહિ. ક્યારેક છાપરાં ઊડે. ફળિયાનો માહોલ જોખમી બની જાય. સાંજથી જોરદાર પવન ફૂંકાવા લાગ્યો હોય. આપણા છાપરાનો તરાપો ઊડવાના ભયથી બા-બાપુ અને અમારા જીવ પડીકે બંધાયેલા રહે. મધરાત પછી પવન હળવો પડે ત્યારે અમારા જીવમાં જીવ આવે...સ્વપ્નમાં આ ઘર જ દેખાય, આપણા આ 'આશિયાના'નો કશો હિસાબ જ નહિ ! ભારે આશ્ચર્યની વાત...'

'મને આમાં કશા આશ્ચર્ય જેવું જણાતું નથી.' સ્મિતા બોલી.

'આમાં કશું આશ્ચર્ય નથી ?'

'ના, રાત્રે ઊંઘ દરમિયાન અસંપ્રજ્ઞાત માનસને મોકળો માર્ગ મળે એ વખતે હૈયે પ્રીતની ગાંઠથી બંધાયેલાં સ્થળ પ્રગટે. તારું પુરાણું ઘર ભલે ઈંટમાટીનું હોય પણ તારાં ખેલકૂદ, ધીંગામસ્તી, હસવું-રડવું બધું એ ઘરમાં થયેલું છે. તું એ ઘરના એક મજબૂત પ્રેમતંતુથી બંધાયેલો છે અને તેં એ ઘર વેચી દીધું એટલે એ પ્રેમતંતુ વધારે પ્રભાવક બન્યો હોય. તારા પુરાણા એ ઘરે તો માની ગરજ સારી છે. સમજ્યો, એ જ સાચી સ્નેહગાંઠ ! મા કોને કહી ?'

※

## ૨૯૬. સ્પર્શ

સાંજના રશ અવર્સમાં આ રસ્તા ઉપર ટ્રાફિકનું ભારે પ્રેશર રહે છે. વાહનોની અતૂટ વણઝાર જાણે ! એ રસ્તો ઓળંગવા માગતો હતો, પણ અંધ હોવાને કારણે અધીર થઈને ફૂટપાથની ધાર ઉપર ઊભો રહ્યો હતો.

ક્યાંય સુધી એ ઊભો જ રહ્યો હોત, પણ કોઈ હાથ એના કાંડા પર ચંપાયો. એ સમજી ગયો કે એ હાથ એની મદદ માટે જ આવ્યો છે. એને લાગ્યું કે એ હાથ રુક્ષ નથી, મૃદુ છે. વળી એક એક કદમને તોલી માપીને પોતાને ખેંચી રહેલા એ હાથ ઉપર બંગડીઓ હોવાનો એને અહેસાસ થયો. એને પૂરી ખાતરી થઈ ગઈ કે કોઈ સ્ત્રી એની મદદે આવી છે. સ્ત્રી નહીં, કોઈ અલ્લડ યુવતી જ !

એને થયું. એક વખત જો પોતાનાં આંગળાં એ હાથને સ્પર્શી લે તો એની ઉંમરની ખબર પડે. મન બોલી ઊઠ્યું : 'અરે, સ્પર્શનીય ક્યાં જરૂર છે ? એના વસ્ત્રમાંથી જે મઘમઘાટ નીકળી રહ્યો છે એ એની ઉમરની ચાડી ખાય છે ! વીસથી વધારે ન હોય.'

એ ઇચ્છતો હતો અનંતકાળ સુધી આ રસ્તો ઓળંગવાનું આ કામ ચાલ્યા કરે...એના જીવનમાં કોઈ યુવતીના હાથની આ પહેલી પકડ હતી. હા, હા, સ્પર્શ પણ પહેલો જ !

કેવો મધુર અનુભવ હતો ! એક સાથે એના ચિત્તનાં બધાં દ્વાર ખૂલી ગયાં. એ સ્પર્શ ત્વચાનાં છિદ્રોમાં પ્રવેશીને રુધિરમાં ફરવા લાગ્યો. આખું શરીર ઉષ્ણતા ધારણ કરી રહ્યું.

પણ રસ્તો તો ઝટ પૂરો થઈ ગયો ! ફૂટપાથ આવતાં જ પેલી પકડ છૂટી ગઈ. આભાર માનવાના બહાના હેઠળ એ પેલી યુવતીના બંને હાથ પકડી લેવા ઇચ્છતો હતો. પણ હવે શું ? હાથ છૂટી ગયો હતો. એણે કહ્યું : 'આભાર. મારા માટે તમારે તકલીફ લેવી પડી.'

'તકલીફ શાની ? એ તો ફરજ હતી !' આટલા શબ્દો પછી બોલનું અસ્તિત્વ જાણે હવામાં ઓગળી ગયું.

કોઈના અવાજને રૂપાની ઘંટડીના અવાજ સાથે સરખાવવાની વાત તો એણે સાંભળી હતી. આજે એની પ્રતીતિ એને થઈ. એને થયું - આ અવાજ પણ ઉંમરની ચાડી ક્યાં નથી ખાતો ? યુવાનીથી ફાટ ફાટ થતું વીસમું વર્ષ જ જાણે !

એ ચાલતો રહ્યો. એના કરતાં એનું ચિત્ત વધારે ચાલી રહ્યું હતું. ચાર રસ્તા આવતાં એણે વળાંક લીધો. હવે ટ્રાફિકનું દબાણ ઘટ્યું હતું. મોકળાશ વધી હતી. થોડા અંતર પછી તો એનો પરિચિત વિસ્તાર આવ્યો.

અહીં પણ એક રસ્તો ઓળંગવો પડે એમ હતો. પણ એ કામ મુશ્કેલ નહોતું. ઘણી આસાનીથી એણે આ રસ્તો ઓળંગ્યો હતો. અનેક વાર.

એણે રસ્તા પર પ્રવેશ કર્યો. અને ત્રણ ડગલાં ભર્યાં, ત્યાં તો કોઈ રાહદારીનો તીણો અવાજ સંભળાયો : 'એ...એ...એ ગયો !!'

અને એક જીવલેણ અકસ્માત સર્જાઈ ગયો !

❊

## ૨૯૭. સ્મૃતિ

શહેરમાં જવા તૈયાર થયેલી કલ્યાણીએ સુરેન્દ્રને પૂછ્યું : 'બજારમાંથી કંઈ લાવવું છે ?'

'બજારમાંથી તો નહિ, પણ પીયૂષભાઈને ત્યાંથી 'એન્કાઉટર'નો ચાલુ અંક લેતી

આવજે. અને પેલું 'ધ વર્ડ્ઝ' વાંચી રહ્યા હોય તો તે પણ લેતી આવજે.'

કલ્યાણી ગઈ.

આ પ્રસંગ ઉપરથી સુરેન્દ્રને પોતાનાં પાછલાં વર્ષોની સ્મૃતિ તાજી થઈ આવી. એ ઘણી વસ્તુઓ મંદાકિની પાસે મંગાવતો. કંઈક લાવવા વિશે પોતે માત્ર અછડતું સૂચન કર્યું હોય તોપણ એ પેલી વસ્તુ લઈ આવી જ હોય. એક વખત પોતાના ઘડિયાળ માટે અમુક પ્રકારનું બ્રેઇસલેટ એ શહેરમાં નથી મળતું એવી ફરિયાદ એણે કરી ત્યારે મંદાકિની બોલી : 'તમારે એ લાવવું છે ને ?'

'અહીં શોધીને થાક્યો; મળતું જ નથી. શું લાવવાની હતી ?'

'મારે થોડા વખતમાં મુંબઈ જવાનું થશે. લેતી આવીશ.'

પછી તો એ વાતને ખાસ્સા ત્રણ મહિના વીતી ગયા. અને કોઈ વખત એમની વચ્ચે પેલા બ્રેઇસલેટની વાત પણ નીકળી નહિ. અને મંદાકિની મુંબઈ ગઈ એ દિવસે પણ સુરેન્દ્રને પેલું બ્રેઇસલેટ મંગાવવાનું કંઈ યાદ આવ્યું નહિ.

અઠવાડિયા પછી જ્યારે એ મુંબઈથી પાછી ફરી ત્યારે એણે એક ચમકતું સોનેરી બ્રેઇસલેટ સુરેન્દ્રના હાથમાં મૂક્યું અને મરક મરક હસી રહી. સુરેન્દ્ર બોલી ઊઠ્યો : 'અદ્‌ભુત ! સ્ત્રીઓની સ્મૃતિ આટલી તીવ્ર હોય છે એ તો આજે જ જાણ્યું.'

તરત જ જવાબ આપતાં મંદાકિની બોલી ઊઠી : 'એવું કંઈ નથી. મારી બા મારી પાસે ઘણીય વસ્તુઓ મંગાવે છે; એમાંની કેટલીય હું ભૂલી જાઉં છું.' અને પછી સુરેન્દ્ર સામે જોઈને રહસ્યમય સ્મિત વેરી રહી.

મંદાકિનીના ચહેરા ઉપરથી સઘળી વાત સમજી જતાં સુરેન્દ્ર બોલ્યો : 'હં...સ્ત્રીઓ કોની ચીજ ભૂલી નથી જતી તે હવે સમજાયું.'

કલ્યાણી બજારમાંથી પાછી ફરી ત્યાં સુધી સુરેન્દ્ર પોતાની પહેલી પ્રીતની માદક સ્મૃતિમાંથી બહાર નીકળી શક્યો નહિ. કલ્યાણીના આગમનના ખખડાટથી એ જાગ્રત થઈ ગયો. એણે પૂછ્યું : 'અંક લઈ આવી ?'

'અરે !' એકદમ દિલગીર બની જતી હોય એમ એણે જવાબ આપ્યો : 'એ તો હું સાવ ભૂલી જ ગઈ !'

સુરેન્દ્રનું મોં પડી ગયું. એ મનમાં બોલ્યો : 'કંઈ હરકત નહિ. સ્ત્રીઓ કોની ચીજ નથી ભૂલી જતી એની મને બરાબર ખબર છે.'

*

# ૨૯૮. સ્વાગતમ્-ફાગતમ્ ન ચાલે

શહેરના શ્રેષ્ઠ ગણાતા વિસ્તારમાં શોભનનો બંગલો તૈયાર થઈ ગયો એટલે એ પોતાના અને પિતાના નામની આરસ તકતી અને જરૂરી અન્ય પ્લેટો અને પાટિયાં તૈયાર કરાવવામાં વ્યસ્ત રહેવા લાગ્યો.

એક દિવસ સાંજે એ વિક્રમની વર્કશોપે ગયો અને એને કહ્યું : 'આપણા બંગલા માટે 'કૂતરાથી સાવધાન' પાટિયું તૈયાર કરવાનું છે. કાલે કૂતરાને લઈને હું તમારી વર્કશોપ ઉપર આવીશ.'

આશ્ચર્ય પામીને વિક્રમ બોલ્યો : 'એમાં કૂતરાને લાવવાની ક્યાં જરૂર છે?'

'જરૂર છે. ગમે તેવા કૂતરાનું ડોકું દોર્યે નહીં ચાલે. ચિત્ર જોતાં જ માણસ ભય પામે એવું ચિત્ર હોવું જોઈએ. મારો કૂતરો જોશો એટલે તમને મારી વાત સમજાઈ જશે.'

'ચિંતા ન કરો શોભનભાઈ, આપણી પાસે ડોબરમૅન, જર્મન શેફર્ડ, ક્રોકર સ્પેનિવલ...વગેરે કૂતરાઓનાં ડોકાંવાળાં પાટિયાં તૈયાર છે.'

'લાબ્રાડોરનું છે ?'

'ના, એ નથી.'

'બસ ત્યારે, પાટિયાંમાં લાબ્રાડોરરિટ્રીવર ચીતરવાનો છે. દૂરથી બંગલો જોઈને લોક મોહ પામે અને નજીક આવીને લાબ્રાડોરને જોઈને થથરી ઊઠે.'

શોભન વિક્રમ સાથે વાત કરી રહ્યો હતો ત્યારે એના પિતા પ્રાણલાલ બીજા એક આર્ટિસ્ટ સાથે વાત કરી રહ્યા હતા : 'જુગલભાઈ, બંગલાના વાસ્તુપૂજન વખતે તમારે આવવાનું છે તે ધ્યાનમાં લેજો અને એ વખતે ખુદ તમને રૂડો આવકાર આપે એવું બોર્ડ તમારે તૈયાર કરી આપવાનું છે.'

'તમે કહો તેવું બોર્ડ તૈયાર કરી આપીશ. કહો, શું લખવાનું છે ?'

'એમાં ગૂંચવાયો છું, ભાઈ, આપણે જૂની પેઢીના માણસ બધું જૂનું જ સૂઝે. અમારા વતનના ગામમાં તો ઘેર ઘેર બારણાનાં મથાળે ભીંત ઉપર રમચી અથવા ગળીથી લખ્યું હોય - 'ભલે પધાર્યા' પણ અહીં એવું કંઈ વિચારાય ? તમે જ સૂચવો, શું લખીએ ?'

જુગલે કહ્યું : 'અંગ્રેજીમાં વેલકમ લખીએ.'

'એય હવે તો નજરને પાછી પાડે એવું પુરાણું થઈ ગયું છે.'

'તો પછી 'સુસ્વાગતમ્' રાખો.'

'બીજું કંઈ ?'

'એમાંથી સુ કાઢી કાઢી નાખીને 'સ્વાગત' રાખીએ.'

'ચાલશે.' કહી પ્રાણલાલ જુગલના સૂચનમાં સંમત થયા.

દિવાળી પર્વ વખતે વેપારી કાગદીને ત્યાંથી જે સાવધાનીથી નવા ચોપડા લઈ આવે તેવી જ ખોંખત દાખવીને પ્રાણલાલ જુગલે તૈયાર કરેલું પાટિયું લઈ આવ્યા.

વાસ્તુપૂજનના આગલા દિવસે શોભને લાબ્રાડોરના ડોકાવાળું ''Be Ware of Dog''નું પાટિયું કમ્પાઉન્ડ વૉલમાં ફાટક ઉપર બરાબર જડાવી દીધું.

એની પ્રેરણા લઈને પ્રાણલાલ 'સ્વાગતમ્'વાળું પાટિયું લઈ આવ્યા. એમણે દીકરાને કહ્યું : 'આને પોર્ચનાં પગથિયાં ઉપર ઝૂલતું રહે એ રીતે લટકાવીએ.'

પાટિયું જોયા પછી મોં બગાડીને શોભન બોલ્યો : 'પપ્પા, તમે હજુ એના એ – સાવ જુનવાણી જ રહ્યા ! સ્વાગતમ્-ફાગતમ્‌ના જમાના ગયા. આવું પાટિયું આ સોસાયટીમાં ન ચાલે, એને સંતાડી મૂકો સ્ટોરરૂમમાં કો'ક કૅમ્પફાયર વખતે તાપણું કરવા ચાલશે.'

⁂

## ૨૯૯. સ્વાદ

''ખભે ગાંસડીનો ભાર લઈને વહેલી સવારે નીકળી પડું, કાપડની ફેરી માટે. એક ગામથી બીજે ગામ. મધ્યાહ્ન પછી કો'ક મથકે પહોંચી જાઉં. મહેસાણા, કલોલ, સાણંદ, વીરમગામ...ગમે તે. પછી પેસી જાઉં કો'ક લૉજ કે વીશીમાં. બાર-પંદર રોટલી સહેજે ઝાપટી જાઉં અને ચાર-પાંચ વાટકી દાળ તો પી જ જાઉં.''

મધુભાઈ ઘણી વાર પોતાના જીવનના કઠોર પૂર્વાર્ધની વાત પરિવાર આગળ આમ મલાવી મલાવીને કહેતા. પણ શ્રીમંત ઘરમાંથી આવેલી પુત્રવધૂને આ ગમતું નહોતું. આવી વાતોથી બાળકોની રુચિ દૂષિત થશે એવી એને સતત બીક રહેતી. એટલે બાળકોને બીજી દિશામાં વાળી લેવા એ ઘણી વાર બોલી ઊઠતી : 'ટીનુ-રાજુ, દાદાજી તો ગમ્મત કરે છે હોં ! લૉજનો ગંધાતો ખોરાક ખવાય કંઈ ? એ ખાઈ એ તો માંદા જ પડી જવાય.'

પણ દાદાજી તરત કહી દેતા : ''એ ખોરાક ગંધાતો હોય તો બાર-પંદર રોટલી સફાચટ કેમ થઈ જાય ? અને માંદા પડવાની તો વાત જ કેવી ? વીશીનું ખાઈને માંદા પડી ગયા હોત તો રોજના વીસ-પચીસ માઈલની ખેપ રમતાં રમતાં શી રીતે કરી

શક્યા હોત ? એવડો મોટો ગાંસડો ભેરવીને ?''

દાદાજીની આ બધી વાતો છોકરાં ભારે કુતૂહલથી સાંભળી રહેતાં. દાદા બાળકોના આ કુતૂહલની કદર કરતા. એમની જિજ્ઞાસા પિછાણી લઈને લૉજમાં પોતે મચાવેલા કોઈ તરખાટની નવી વાત કહેવા એ ખોંખારો ખાતા ત્યારે સચિંત પુત્રવધૂ ધૂંધવાઈ ઊઠતી. એક દિવસ તો એણે હિંમત એકઠી કરીને કહી જ દીધું: ''બાપુજી, આ છોકરાંને એવી ગંદી લૉજની વાતો કહેવા કરતાં કોઈ પરીકથા કે વાર્તા જ કહો ને !''

''કાપડના ગાંસડા ઉપાડીને ફરતા હતા એમાંથી તમને બબ્બે ગાડી સોંપી શક્યા એ બધું પરીકથા જ કહેવાયને ને !''

''એની વાત તો તમે કહો છો જ ક્યાં ? જ્યારે ત્યારે છોકરાં આગળ લૉજવીશીની જ બિરદાવલી ચાલતી હોય છે.''

''લૉજવીશી તો મારા જીવનમાં વણાઈ ગયાં છે, ભાઈ.'' ભાવાર્દ્ર બનીને મધુભાઈ બોલ્યા : ''ત્રીસ વર્ષની ઉંમરે જડાવ ગુજરી ગઈ. પછી તો આ લૉજ-વીશીએ જ મારી સંભાળ લીધી છે. ગંદી-ગોબરી જે ગણો તે. પણ એ ન હોત તો, કોણ જાણે...''

એ દિવસ મધુભાઈનું વાક્ય અધૂરું રહ્યું તે રહ્યું જ. પછી તો બાળકો આગળ તો શું પણ કોઈ મોટેરા આગળ વીશીની વાત એ કરતા નહીં.

એક વખત કાશ્મીરના પ્રવાસનો કાર્યક્રમ ગોઠવાયો. આમેય મધુભાઈ પ્રવાસના કદી શોખીન નહોતા. એટલે એમણે પુત્ર અને પુત્રવધૂનો ઘણો આગ્રહ હોવા છતાં પ્રવાસમાં જવાની તૈયારી ન બતાવી. એટલે એમના ભોજન માટેના પ્રબંધનો પ્રશ્ન ઊભો થયો. કોઈ મિત્ર કે સ્નેહીને ત્યાં જમવા માટે પિતા સંમત થશે જ નહીં એવી પુત્રની ધારણા હતી. એણે પત્ની આગળ આ વાત મૂકી. પત્નીએ એકદમ સહજતાથી કહ્યું : ''એમાં ચિંતા કરવાની જરૂર જ ક્યાં છે ?''

'કેમ ?'

''બાપુજીને લૉજનો ખોરાક બહુ ભાવે છે. ટિફિનની વ્યવસ્થા કરી દઈશું.''

બરાબર એ જ વખતે મધુભાઈ ઘરનાં પગથિયાં ચઢી રહ્યા હતા. એમણે પુત્રવધૂના આ શબ્દો સાંભળ્યા.

અને કોણ જાણે કેમ આટ-આટલાં વર્ષોથી હજુય દાઢમાં ટકી રહેલો પેલી વીશીની બાર-પંદર રોટલી અને ચાર-પાંચ વાડકા દાળનો સ્વાદ એ જ પળે અદશ્ય થઈ જતો એ અનુભવી રહ્યા.

❊

# ૩૦૦. હરિશ્ચંદ્ર

કોણીના જોરથી બબ્બે માણસને હઠાવીને બસમાં ચઢી જતા તે તગડા માણસને હું જોઈ રહ્યો. ખાદીનો મેલો ઝભ્ભો, દિશાચૂક થઈ ગયેલી ટોપી...

મારે એ બસમાં જવાનું હતું પણ ભીડ અને ગરમી જોઈને મેં એમાં જવાનો વિચાર માંડી વાળ્યો હતો અને હું પેલા માણસનો ગેંડાખેલ જોઈ રહ્યો હતો.

એણે કોણીના ધક્કાથી બે માણસને હઠાવ્યા પછી સહેજ ડોક ફેરવીને ઘાંટો તાણ્યો : ''પ્રફુલ્લભાઈ, ચાલ્યા આવો !''

મારા નામની બૂમ સાંભળી હું વિચારમાં પડી ગયો ત્યાં એણે ફરીથી બૂમ મારી : ''તમને કહું છું, પ્રફુલભાઈ ! આવી જાઓ ઝટ.''

મેં વિચાર ફેરવ્યો. જેમ તેમ કરીને હું એની નજીક પહોંચ્યો. અને એણે બાવડાના બળથી મને બરાબર ખેંચ્યો. ભારે ભીંસમાં અમે બસમાં દાખલ થયા. અમારી વચ્ચે આમ તો બે અઢી ફૂટનું અંતર હતું. પણ વાત કરી શકાય એવી સ્થિતિ નહોતી.

બસ ચાલવા માંડી એટલે મેં સ્મૃતિને ઢંઢોળવા માંડી. આ માણસ કોણ છે ? ઘણી મથામણ પછી એક અણસાર જડી આવ્યો—એનું જડબું ! આવા લાંબા જડબાવાળો એક છોકરો અમારી સ્કૂલમાં ભણતો હતો. મારાથી બે વર્ષ આગળ. કાન્તિ કે એવું કંઈ નામ હતું. પણ અમે સૌ એને હરિશ્ચંદ્ર કહેતા. એ સૌનો ભેરુ હોય એમ નાનામોટા બધાની સાથે રમતો. સાચનો ભારે આગ્રહી. અંચાઈને એક ક્ષણ પણ બરદાસ્ત ન કરે. રમતમાં કોઈ કૂડકપટ કરે તો તરત ઝઘડી પડે.

પણ આ એ જ હરિશ્ચંદ્ર હતો ? આ તગડો છે. એ તો સાવ સુકલકડી હતો. શી ખબર પડે ?

મૂંઝવણ તો એ હતી કે એ મારો નિકટનો મિત્ર હોય એમ વર્તતો હતો અને હું એને ઓળખતો પણ ન હતો.

ઊતરવાના સ્થળે બસ ઊભી રહી ત્યારે ઝટ ઝટ ઊતરીને, મારી રાહ જોતો હોય એમ એ ઊભો રહ્યો અને હું ઊતર્યો કે તરત એ બોલ્યો : ''અત્યારે તો હું જરાક ઉતાવળમાં છું, પ્રફુલ્લભાઈ, એટલે રોકાતો નથી. પણ તમે ઘણાં વર્ષે વતનમાં આવ્યા છો તો મારા અતિથિ થયા વગર પાછા મદ્રાસ જતા નહીં. મારું ગામ તો તમે જોયું છે...'' આટલું કહી એ લાંબી ફલંગે ચાલ્યો ગયો.

આ દરમિયાન મને લેવા શ્રીકાન્ત આવી પહોંચ્યો હતો. મેં એને પૂછ્યું : ''આ ગયા તે ભાઈ કોણ છે ?''

‘‘કાન્તુભાઈને નથી ઓળખતા ?’’

‘‘એ કાન્તિલાલ છે ?’’

‘‘હા, માજી નાયબ પ્રધાન.’’

હું મનોમન બોલ્યો : ‘‘હરિશ્ચંદ્ર ખરો ! પ્રધાન બન્યો, પણ મેલાં કપડાં પહેરે છે. ભીડવાળી બસોમાં મુસાફરી કરે છે અને...’’

અને મારી સ્વગતોક્તિમાં પૂર્તતા કરતો હોય એમ શ્રીકાન્ત બોલ્યો : ‘‘આવા ભાદરવાના તાપમાંય પાંચ કિલોમીટર ચાલીને ઘેર જશે.’’

❋

## ૩૦૧. હવે □યારે...?

યુસુફ અને જનક ખાસ મિત્રો, યુસુફ પાનકોર નાકા વિસ્તારમાં રીચી રોડ ઉપર હબીબ બૅન્કનો કર્મચારી. અને જનક પાછળના વિસ્તારની એક સ્કૂલનો શિક્ષક. બંને તરવરિયા યુવાન.

રાત્રે રોડ ઉપરની કોઈ દુકાનના ખાલી પાટિયા પર બેસીને મોડા સુધી વાતો કર્યા કરતા. સિનેમા, ક્રિકેટ, હૉકી, ફૂટબૉલ અને ક્યારેક શહેરમાં બનેલ ઘટનાઓ એમની વાતોનો મુખ્ય વિષય. કોઈક વાર રાજકારણની વાતમાં પણ ઊતરી પડતા.

રીચી રોડ જેવો વિસ્તાર છતાં નવ વાગે તો જાણે સોપો પડી જતો. વસ્તીની સાવ પાંખી અવરજવર અને ગણ્યાંગાંઠ્યાં વાહનોની આવનજાવન મૂંગા હોય ત્યારે એ બધું જોયા કરે.

ઉનાળામાં કોઈક લારીમાં બરફની પાટ ઉપર મૂકેલી કાલિંગડાની લાલલાલ ચીરીઓ જોઈને ઠંડક અનુભવ્યા કરે. તો વળી કોઈક વાર બેમાંથી એકના મનમાં તરંગ ઊઠે તો પાટિયેથી ઊભા થઈને ટહેલતા ટહેલતા ઍડવાન્સ ટૉકિઝની સામે ઈરાની રેસ્ટોરન્ટમાં અડધી ચા અને બ્રેડની બબ્બે સ્લાઈસનો નાસ્તો કરી લે, બે પૈસાની ચા અને એક આનાની માખણ લગાવેલી સ્લાઈસ...

પોતપોતાને ઘેર જવા છૂટા પડે ત્યારે યુસુફ હંમેશા કહે, ‘હવે ક્યારે ?’ એટલે કે હવે ક્યારે મળીશું એ પ્રશ્નનો ભાવ.

યુસુફના આ રોજના પ્રશ્નના જવાબમાં જનક ક્યારેક મજાક પણ કરતો : ‘તુંય યાર, કોઈ ઘેલી પ્રેમિકા જેવું કરે છે ને ! રોજ રોજ મળતા હોય તોપણ છૂટાપાડતી વખતે પ્રેમિકા અધીરાઈથી અવશ્ય પૂછે – હવે ક્યારે...?’

યુસુફ કહેતો : 'અહીં પણ એવું જ છે. અંદર બેઠેલું કોઈક બોલી જાય છે. દિવસમાં ત્રણ વાર મળીશું તોય એ શબ્દો તો જીભ ઉપર આવી જવાના.'

આઝાદી આવીને દેશના ભાગલા થયા. મોટા પાયા પર સ્થળાંતર અને હિજરત થયાં.

યુસુફનું કુટુંબ પાકિસ્તાન જવાનું હતું.

એ કુટુંબ જે દિવસે નીકળવાનું હતું તેની આગલી રાત્રે આ બે મિત્રો પાટિયા ઉપર મળ્યા.

રમખાણો શાંત થયાં હતાં, પણ ભયનાં વાદળ હજુ વિખરાયાં નહોતાં. સાંજ પડ્યે લોકો ઘરમાં ભરાઈ જતાં.

આજે આ મિત્રો કશા ભયને ગણકાર્યા વગર મોડે સુધી પાટિયા ઉપર બેસી રહ્યા. મૂંગા મૂંગા, સિનેમા, ક્રિકેટ, હૉકી, ફૂટબૉલ...કોણ જાણે ક્યાંય ચાલ્યાં ગયાં હતાં.

મધરાત થવા આવી એટલે જનક ઊભો થયો. અને યુસુફ પણ.

જનકે રમકડાં માર્કેટ તરફ ડગલાં ભરવા માંડ્યાં. યુસુફ હજુ ઊભો જ હતો.

કશુંક બોલવા માટે એના હોઠ ઊઘડ્યા, પણ કશું બહાર આવતું નહોતું.

જે શબ્દો એ ઉચ્ચારવા માગતો હતો, એની તો ઘોર ખોદાઈ ગઈ હતી !

⁕

## ૩૦૨. હળોતરા

કેટલાક સમયથી શહેરમાં દીકરાને ત્યાં આવેલા ઝવેરભાઈએ વૈશાખ સુદ બીજને એક સાંજે ઘરનાં બાળકોને કહ્યું : 'આવતી કાલે અખાતરી અને હળોતરા!'

બાળકો માટે આ બંને શબ્દો અજાણ્યા હોય એમ એ સૌએ વિસ્મયથી એકબીજા સામે જોયું.

એ વખતે બાળકોની મમ્મીએ ખંડમાં પ્રવેશ કર્યો. ગામડામાં ઊછરેલી એ સ્ત્રીએ અત્યારે છેડાયેલી હળોતરાની વાતમાં રસ લીધો હોત, પણ એનું ધ્યાન તો ઝવેરભાઈએ સોફા પર મૂકેલા પગ તરફ હતું. સસરા સોફા પરથી પગ ઉઠાવી લે એ જોવા અધીર હતી. 'હળોતરા એટલે શું દાદા ?' એક બાળકે પ્રશ્ન કર્યો.

બાળકના પ્રશ્નનો જવાબ આપવા ઉત્સાહઘેલા થયા હોય એમ દાદાએ બોલવા માંડ્યું : 'હળોતરાનો દા'ડો તો અમારા માટે દિવાળી કરતાંય મોંઘેરો. હળોતરા તો આખા ગામનો તહેવાર. એ દા'ડે ગામ વહેલું ઊઠી જાય. નાહીધોઈને નવાં લૂગડાં

પહેરી લે...માથે બગલાની પાંખ જેવું ફાળિયું, કસોવાળું અંગરખું, લાલ કિનારાનું કાંટાછાપ નવુંનક્કોર ધોતિયું...'

'નવુંનક્કોર ?' હસીને બીજા એક બાળકે વિસ્મય પ્રગટ કર્યો.

'હા, અખાતરીએ એક જોટાનું મુરત કરીએ. આખું વરસ ચાલે.'

'નવાં કપડાં પહેર્યાં, પછી ?'

'પછી ધોરીને શણગારીએ.'

'દાદા, ધોરી એટલે.'

'ધોરી એટલે બળદ. અમને પેટનાં જાણ્યાં કરતાં ધોરી વધારે વહાલા ! કાથી એમનાં ડિલ ઘસીને ચોખ્ખાં કરીએ. શરીર ઉપર એકે બગાઈ ન રહેવા દઈએ. પછી એમનાં શીંગડે તેલ ચોપડીએ...'

ઝવેરભાઈ બીજું કંઈ બોલે એ પહેલાં મમ્મીનો સત્તાવાહી અવાજ સંભળાયો : 'નીકું, બકુ, પિન્ટુ...જાઓ, હવે લેસન કરવા બેસી જાઓ.'

પોતાના માટે પણ કશુક સૂચન છે એમ સમજી વાત સમેટી લેતાં ઝવેરભાઈ બોલ્યા : 'ભીંતિ લટકાવેલું હળ ઉતારીએ, એને નારાછડી બાંધીને ધોરી સાથે જોડીએ. એ પછી ખેતરમાં ખેડ કરવા ઉમંગભેર ગામ બહાર નીકળીએ...બપોરે ભતવારી ભાત લઈને ખેતરે આવે...એ દા'ડે ભાતમાં કહાર (કંસાર) જ હોય. મુરતની લાપશી ! પાંચ પકવાન આપો તોય અમે હાથ લાંબો ન કરીએ. એ દા'ડે લાપસી ન ખાઈએ તો અમારું વરસ ડૂલ !'

'નીકુ, બકુ...' મમ્મીનો સાદ થયો.

બાળકો વિખરાયાં.

એ રાત્રે ઝવેરભાઈ મોડે સુધી પથારીમાં પાસાં ઘસતા રહ્યા. કાલ વહુને લાપશી રાંધવાનું કહેવું કે ન કહેવું ? છોકરાંને કહ્યું એટલા પરથી એને સમજણ નહીં પડે ? એય ખેડૂતની છોડી ખરી કે નહીં ? હળ ગયાં, હળોતરા ગયા પણ હળોતરાનું પરબ તો રહ્યું ને ?

બીજે દિવસે જમવાના સમયે પુત્રવધૂએ ઝવેરભાઈને સાદ કર્યો. પીરસેલી થાળી ડાઇનિંગ ટેબલ પર મુકાઈ. કંસાર વિનાનું ભાણું જોઈ ઝવેરભાઈ થોડી ક્ષણો સૂનમૂન બેસી રહ્યા. પછી થાળી પર નમીને હાથ લાંબો કર્યો. અને કોળિયો મુખમાં મૂકતાં જ આંખમાંથી બે આંસુ ખરી પડ્યાં ! મન કહેતું હતું : 'આટલા વર્ષે પહેલી વાર હળોતરાના દહાડે...'

અને એમણે આંખ લૂછી નાખી.

❊

# ૩૦૩. હિસાબ

વૃદ્ધ ચમનલાલના કાનની બહેરાશ વધતી જતી હતી. ઘરમાં એમની સાથે વાત કરવાનું સૌ ટાળતાં. અને કંઈ કહેવું પડે તો છણકા સાથે જ બોલતાં. આ બધું ચમનલાલને તો કોઠે પડી ગયું હતું. પણ એમનાં પત્નીના હૈયામાં કાંટાની માફક ખૂંચતું. પણ ઓશિયાળું જીવન એટલે એ ખમી ખાતાં.

ઘણી વાર એમને એક ઉપાયનો વિચાર આવ્યા કરતો. ફળિયાના કેશવલાલ એમનાં પત્ની કરતાંય વધારે બહેરા હતા પણ કાનમાં ખોસેલા એક બટનથી સૌની સાથે કાનના સરવા માનવીની જેમ જ વાતો કરતા. રમણના બાપનેય આવું બટન હોય તો બધી પીડા ટળી જાય.

એક દિવસ એમણે કેશવલાલને ઊભા રાખીને પૂછ્યું : "હેં કેશુભાઈ તમારા કાનમાં આ શેનું બટન છે ?"

"કાકી, એ સાંભળવા માટેનું સાધન છે." કહી કેશવલાલે ખિસ્સામાંથી દાબડી કાઢીને પેલું બટન ડોસીના કાનમાં ખોસી દીધું.

ડોસીની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. બોલ મોટા થઈને માથામાં ઘણની જેમ ટિપાતા હતા. હવે તો પતિ માટે આવું બટન લાવવાની એમની ઇચ્છા એક ઝંખના જ બની ગઈ. પણ દીકરાને એ કહેવાની હિંમત કરી શકતાં નહોતાં. પણ એક દિવસ પુત્રવધૂએ મર્યાદા મૂકીને ડોસીને છણકો કર્યો ત્યારે એ ચૂપ ન રહી શક્યાં. સાંજે દીકરા આગળ એમણે વાત છેડી : "રમણભાઈ, તારા બાપુની બહેરાશ દહાડે દહાડે વધતી જાય છે."

"વધતી જ જાય છે તો."

"એમના માટે કેશુભાઈ જેવું બટન લાવી દે તો ?"

'એવું મશીન મફતમાં થોડું આવે છે ?'

"કેટલા રૂપિયા થતા હશે ?"

"પાંચસો-સાતસો તો નાખી દેતાં થતા હશે."

"તું તપાસ તો કર, તારા બાપને કેટલી બધી રાહત થઈ જાય !"

નાખી દેવાની વાત સાંભળતો હોય એમ રમણ પહેલાં તો હસ્યો પછી બોલ્યો : "તું ય ખરી છે, બા. બાપુએ બહેરા કાને સિત્તેર તો કાઢ્યાં, હવે કેટલાં કાઢવાં છે ?"

દીકરાની વાત સાંભળી ડોસી ચૂપ થઈ ગયાં. પડખે બેઠેલા પતિ તરફ એમનાથી નજર નંખાઈ ગઈ અને એમને એમ લાગ્યું કે ડોસા બહેરા છે એ જ સારું છે.

⁂

# ૩૦૪. હું જ કહી દઉં...!

એ દિવસે એણે મારો હાથ પકડ્યો ત્યારે ચંડીસ્વરૂપ ધારણ કરીને મેં એના હાથને એક જબરદસ્ત આંચકા સાથે ઝાટકી નાખ્યો. અને સંભળાવી દીધું : 'મને છેડવામાં મજા નથી. તમે મને ઓળખતા નથી. વખત આવ્યે હું વીફરેલી વાઘણ છું.' હું એને આ સંભળાવી રહી હતી ત્યારે મારા હોઠ કંપતા હતા અને પગ ધ્રૂજતા હતા.

આ માણસ મારા જ ઘરમાં મારો હાથ પકડવાની ધૃષ્ટતા કરે એ હું કેમ સહન કરી શકું ? ત્રીસ વર્ષ વટાવી ચૂકી છું, અને અપરિણિત છું એટલે કશીક અતૃપ્ત વાસના મને સતત પીડતી રહેતી હશે. વળી ઘરમાં એકલી ! એટલે જ એણે આવું સાહસ કરવાની હિંમત કરી હશે. પણ મારા રોષનો તાપ એ જીરવી ન શક્યો અને ઊભી પૂછડીએ ભાગ્યો.

એ માણસે મારો હાથ પકડ્યો એ વખતે મારામાં આટલું ઝનૂન ક્યાંથી આવ્યું ? ઘરમાં એકલી રહેતી યુવાન સ્ત્રીને માથે શાં શાં જોખમ રહ્યાં છે એ સાંભળી સાંભળીને મારા મનમાં કોઈ ગ્રંથિ બંધાઈ હશે અને સતત ભય હેઠળ રહેતું મન આ ઘટના ઉપર આટલો ફુત્કાર કરી ઊઠ્યું ! બીજું શું કરી શકાય ?

બે દિવસ પછી મને એ ઘટનાના સંદર્ભમાં હસવું આવ્યું. એક બાજુ મેં ચંડીરૂપ ધારણ કર્યું હતું અને બીજી બાજુ મારા હોઠ કંપતા હતા અને પગ ધ્રૂજતા હતા ! એ ઘટના યાદ કરતાં હવે મને લાગે છે કે મારે ચંડીરૂપ ધારણ કરવાની જરૂર ન હતી. જે માણસ એકાન્ત હોવા છતાં કશો અત્યાચાર કરવાનું સાહસ કર્યા વગર ઊભી પૂંછડીએ ભાગ્યો એનું તો સહેજ અપમાન કર્યું હોત તોપણ પૂરતું હતું.

ચંડી સ્વરૂપની પળ વિત્યા પછી રગોમાં લોહી ઠંડું થઈને વહેવા લાગ્યું એ પછી પેલો માણસ મારા મનમાં અવારનવાર પ્રવેશવા લાગ્યો. એ માણસ ભાગ્યો એમાં એની ભીરુતા હતી ? કે બીજું કાંઈ ? આવો પ્રશ્ન કોઈને થાય ખરો ? પણ મને થતો હતો. એનું કારણ એ હોઈ શકે કે હું એનામાં ભીરુતા સિવાય બીજું કંઈક શોધવા લાગી હતી.

ધીરે ધીરે મને એ માણસમાં ભીરુતાને બદલે બીજું કંઈક હોવાનો અણસાર મળવા લાગ્યો છે. પેલી ઘટના બન્યા પછી એણે મારી સામે આંખ ઉઠાવીને જોયું નથી. સામે મળે તો ગમે તે ગલીમાં ફંટાઈ જાય છે. કોઈ માર્ગ ન જડે તો કોઈ બહાના હેઠળ એ પાછો વળી જાય છે.

એક જ ફળિયામાં રહેવાનું એટલે કોઈ ને કોઈ પ્રસંગે ભેટો થઈ જાય એવા સંજોગો ઊભા થવાના. લગ્ન, ગરબા, કોઈ પારિવારિક ફંકશન...આવા સંજોગોમાં એ મારી હાજરી જુએ કે સહેજ ગરમી અડતાં કપૂર અદૃશ્ય થઈ જાય એમ એ અદૃશ્ય થઈ જાય છે. હવે મને લાગે છે કે એનામાં કોઈ ભીરુતા નહિ પણ એક ઉદ્યાત માનવનો ગુણ હશે. એ દિવસે એનો ઇરાદો મને ભીંસમાં લેવાનો નહિ, પણ કશુંક કહી નાખવાનો હશે. કદાચ એ મને ચાહતો પણ હોય. અપરિણત છે, પાકટવય છે, એકલો છે...

એ દિવસે એના મનમાં શું હતું એટલું જ મારે જાણવું છે. એક સ્ત્રી મારામાં ઉત્કંઠ બનીને વારંવાર કહી રહી છે. ‘એક વાર તો એને પૂછ, એના મનમાં શું હતું ? હું તને ચાહું છું એટલું કહેવા એણે તારો હાથ પકડ્યો હોય તો...’

પણ એ માણસને હવે પકડવો ક્યાં ? નજીક આવે તો હું જ એનો હાથ પકડી લઉં, અને હું જ એને કહી દઉં ‘હું તને...’

❊ ❊ ❊

# પરિશિષ્ટ-૧

## ચાવીરૂપ શબ્દસૂચિ

ડૉ. ઊર્જિતા પટેલ – મણિભાઈ પ્રજાપતિ

૧૯૪૨ની ક્રાંતિ ૯૩, ૧૦૪, ૧૪૧, ૧૪૪, ૨૦૧
અકસ્માત ૧, ૨, ૩, ૧૭, ૨૯૬
અખાત્રીજ ૩૦૨
અગમચેતી ૨૭૭
અગવડ ૨૦૩
અચાનક ૩
અજવાળું ૪, ૫
અજાણ ૭, ૧૩૬
અજાણી જગ્યા ૬, ૨૧૫
અજ્ઞાનતા ૭૫
અણઘટતી ચેષ્ટા ૨૯૪
અતડાપણું ૧૯૯
અતિથિ ૧૮, ૩૦૦
અનપેક્ષિત ૨૩૨
અનભિજ્ઞતા ૨૭૮
અનુસંધાન ૮
અન્નકૂટ ૧૩૩
અપરિણીત સ્ત્રી ૧૩૭
અપુત્ર – માણસ ૩૪
અબોલ પ્રશ્ન ૯
અભિજ્ઞાન ૧૮૦
અભિનય ૧૦, ૧૩૨
અભિનેત્રી ૩૫
અભિસાર ૧૧, ૨૫૨, ૨૭૯
અમાનવીય વર્તન ૧૪
અમીરો ૧૮૧
અમેરિકન પતિ ૪૨
અમેરિકન પત્ની ૯૭, ૧૭૭
અમેરિકન સંસ્કૃતિ ૮૫
અરણીનું અત્તર ૫૨
અરવલ્લીના ડુંગરા ૧૦૨
અવકાશયાત્રી ૧૪૮
અવળી ગંગા ૧૨
અવાજ ૫૬
અવિશ્વાસ ૫૧
અશાંતિ ૧૫૭
અસંતુષ્ટ લગ્નજીવન ૨૭૪
અસંપ્રજ્ઞાત માનસ ૨૯૫
અહંકાર ૮૯
અંગરક્ષક ૧૦૭
અંચળો ૧૩
અંતઃસ્ફુરણા ૪૪
અંતિમ ઇચ્છા ૧૪૭
અંતિમ દર્શન ૧૭૦, ૧૭૭
અંતિમયાત્રા ૨૯૩
અંધ ૨૯૬
અંબોડો ૨૪૮
આકૃતિઓ ૧૫
આખલો ૩૮
આગ ૨૫૪
આઘાત ૨૬, ૯૦
આઝાદીની લડત ૯૩, ૧૦૪, ૧૪૧, ૧૪૪, ૨૦૧

આડકતરું ૧૭
આત્મગૌરવ ૨૧૦
આત્મગ્લાનિ ૫૮, ૨૭૮
આત્મવિશ્વાસ ૨૪૧
આથમતી સાંજ ૩૫
આદત ૧૦૦
આદર્શ કજોડું ૩૬
આદિવાસી કન્યા ૨૧૫
આધુનિકતા ૨૯૨
આપઘાત ૬૮, ૧૩૧, ૧૫૯, ૧૬૩, ૨૬૬
આબરૂ ૧૯
આયખાની સ્મૃતિ ૨૪૦
આવ ભગત ૩૩
આવરણ ૨૦
આશરો ૨૬૨
આશંકા ૨૫૦, ૨૬૬
આશ્લેષ ૧૫, ૧૯, ૧૬૧, ૧૭૪
આશ્વાસન ૨૨, ૧૫૮, ૨૫૪
આસકિત ૨૩, ૩૮, ૬૩, ૬૪, ૯૫
આસ્થા ૨૨, ૨૦૨
આંખ ઉઘાડવી ૧૫૯
આંખો ૨૪૨
આંસુ ૨૪
ઇન્કલાબ ઝિંદાબાદ ૨૦૧
ઇન્ટરવ્યૂ ૨૧
ઇંતેજાર ૨૮૫
ઇતિહાસનું પુનરાવર્તન નહીં ૧૯૬
ઈર્ષ્યા ૧૫૭
ઉકરડે ત્યજાયેલ બાળક ૭૮
ઉકળાટ ૧૧૦
ઉકેલ ૨૬
ઉચ્ચશિક્ષણનું પૂર્ણવિરામ ૨૭૧
ઉઠાવગીર ૨૭
ઉઠાંતરી ૧૬૭
ઉતાવળ ૨૮
ઉદાસીન વલણ ૨૯૦
ઉદાહરણ ૨૯
ઉદ્ધૃત વર્તન ૩૩
ઉનાળાની ગરમી ૧૭૬
ઉપાય ૩૦
ઉંમર ૪૬, ૬૬, ૮૬
ઉંહકારો ૩૨
ઊખડ્યાં ઝાડ ૩૧, ૨૦૦
ઊંઘ ૯
એકલતા ૪૯, ૨૨૬
એકલવાયું જીવન ૨૨૬
એકાંત અને જાહેરજીવન ૧૯
એથ્લીટની પછાડ ૪૬
ઍવૉર્ડ ૫૦
ઍસિડવાળો ૧૪૪
ઍંગ્રી યંગમૅન ૧૫૦
ઐન્દ્રજાલિક પ્રેમ ૧૨૧
ઓઝલ ઘર ૫૧
ઓડકાર ૧૩૩
ઑનર બોર્ડ ૨૫
ઓરતો ૫૩
ઓશિયાળું જીવન ૨૪૪, ૨૪૮, ૩૦૩
ઓળખ ૫૫, ૧૮૦
ઓળખાણ ૭, ૫૬
ઔપચારિકતા ૧૮
કડવી સ્મૃતિ ૨૭૧
કદરૂપ ૧૮૫, ૨૯૨
કનકપાત્ર ૫૭
કન્યા પસંદગી ૫૮, ૬૦
કફન ૨૯૩

કબૂલાત ૭૦
કમલ કોશેટો ૫૯
કરકસર ૧૫૬, ૨૫૩
કરુણા ૨૩૬
કરોડપતિ ૧૫૬
કર્ણ ૬૦
કર્તવ્યનિષ્ઠા ૨૨૮
કર્તવ્યવિમુખ પુત્રો ૭૧, ૮૫, ૮૮, ૯૨, ૧૧૮, ૨૦૩
કલાસંગ્રહ ૨૭૭
કલ્પનામૂર્તિ ૧૨૮
કસ્ટમ ઑફિસ ૧૩૦
કંજૂસ ૧૫૬, ૨૫૩
કંસાર ૧૦૬
કાગડા-કોયલની જુગલબંધી ૬૧
કાગળ ૬૨, ૧૬૬
કાપડની ઘાંસડી ૨૯૯
કામણગારો બોલ ૩૭
કામધંધો ૩૦
કામવાસના ૧૭૫
કામવાળી ૧૩૯, ૧૬૯, ૧૭૪, ૧૯૩
કામુકતા ૬૪
કાયદાની ફૂટપટ્ટી ૨૩૦
કાયર ૨૭૧
કારકિર્દી ૧
કારમો ઘા ૫૮
કાંચળી ૬૩
કુટુંબ ૩૪, ૧૦૦, ૨૦૦, ૨૩૧
કુદરતી આફત ૧૨
કુશંકા ૨૫૯
કુસુમાયુધ ૨૩૮
કુંતી ૭૮
કુંવારી છોકરી ૧૧૪
કૂતરું ૬૫
કૃષ્ણ ૩૩
કૃષ્ણ-સુદામા ૧૩૩
કેદી ૨૫૫, ૨૮૮
કેન્સર ૬૬
કોટ ૬૮
કોઢ ૨૪૭
કૉન્ટ્રાક્ટર ૩૭
કોમી રમખાણ ૬૯, ૧૭૧, ૧૯૨
કોયડો ૭૦
કૉલેજ ૨૭૧, ૨૭૩
કૌંચવધ ૭૧
ક્ષોભ ૧૬૪
ખરીદી ૭૩
ખંડિતદ્વંદ્વ ૭૪
ખાઈ ૭૫
ખાદી ૨૩૭, ૨૯૩
ખાનગી અને જાહેરજીવન ૧૯
ખાનદાની ૨૪
ખાસ જગ્યા ૭૬
ખાસડું ૭૭
ખિસ્સાં કાપવાં ૧૦૪
ખેડૂત ૫૩
ખેતર ૫૨, ૨૨૪, ૨૨૭, ૨૪૯, ૨૫૬
ખેસ ૧૬૧
ખોજ ૭૮
ખોટનો સોદો ૫૨
ગતિ ૭૯
ગતિભંગ ૮૦
ગરીબ / ગરીબી ૪૧, ૧૬૨, ૧૮૧, ૨૬૦, ૨૮૮, ૨૧૦
ગરીબી રેખા ૮૩

ગલી ૩૯
ગંધ ૮૪
ગામનું ગૌરવ ૨૧૯
ગાય અને આખલો ૩૮
ગાયપ્રેમ ૪૭
ગાળ ૧૯૬
ગાંડો પુત્ર ૧૦
ગાંડો પુત્ર અને માતૃહૃદય ૨૨૧
ગીધ ૮૫
ગુજરાતી ભીલોનો મેળાવડો ૧૪૨
ગુનામાપન ૨૩૦
ગુલાબ ૮૭
ગુલામડી ૧૫૦
ગુસ્સો ૧૫૧, ૨૨૮
ગૃહત્યાગ ૨૩૯
ગૃહપતિ ૨૬૧
ગૃહિણી ૧૬૧
ગેન્ગ્રીન ૧૬૩
ગેરસમજ ૮૮
ગોળ ૯૦
ગ્રામ્ય જીવન ૮૩
ઘર ૪૮
ઘર ભાંગવું ૬૭
ઘરઘાટી ૧૫૮
ઘરનું મૌન ૨૩૧
ઘા ૮૯, ૯૦, ૨૮૪
ઘાટીલી કાયા ૧૬૬
ઘેલછા ૬૦, ૧૬૦, ૨૭૦, ૨૯૩
ઘોડો (લાકડાનો) ૯૧
ચકલીનો માળો ૬૭
ચક્ર ૯૨
ચમત્કાર ૯૩
ચહેરા ૯૪, ૨૨૩
ચંપો ૯૫
ચામડું ૧૬૪
ચારિત્ર્ય ૧૪૩, ૨૫૯
ચારિત્ર્યહીન ૨૬૬, ૨૭૬
ચાવીઓ ૯૬
ચિત્તક્ષોભ ૨૫
ચિત્રકાર ૭૭, ૧૬૬
ચિત્રો ૧૧૭
ચીકી ૯૭
ચુકાદો ૭૧, ૯૯
ચૂંટણીનાં વચનો ૨૫૪
ચૉકલેટ ૧૦૨
છત્રી ૧૨૦
છપ્પર ફાડકે ૧૦૪
છબિઓ (ફોટોગ્રાફ્સ) ૧૧૭
છરીની ધાર ૧૩૧
છાત્રાલય ૨૦, ૨૬૧
છાપરું ૨૧૦
છાપું ૬૯
છૂટાછેડા ૯૪, ૨૫૯, ૨૭૩
છેડતી ૧૦૫
છોકરી ૨૪૬, ૨૮૭
જક ૧૦૬
જનોઈવઢ ઘા ૧૦૭
જન્મદિન ૨, ૨૫૭
જમાઈ-સસરા ૧૨૭
જયાફત ૧૦૮, ૧૩૩
જલતાંડવ ૪૧
જવાબ ૧૦૯
જંજાળ ૧૧૧
જાકારો ૧૧૨, ૨૩૯
જાન વિદાય ૧૧૫
જાહેરજીવન ૧૯

જીવનસંઘર્ષ ૨૯૯
જીવનસંધ્યા ૩૫
જીવનસાથીની શોધ મેળો ૧૯૧
જૂની પેઢી ૨૯૮
જોડિયા બહેનો ૧૯૪
ઝઘડો ૧૨૪
ઝંખના ૧૫
ઝંઝાવાત ૨૯૪
ઝાઝા ગૂમડે ઝાઝી વેદના ૨૩
ઝાંઝવાનાં જળ ૧૧૯
ટહુકો ૧૨૦
ટાઇમ કૅપ્સ્યૂલ ૧૩૦
ટિકિટ વગરનો કાર્યક્રમ ૧૨૨
ટોળાનાં વચનો ૨૫૪
ટોળાશાહી ૨૩૪
ટ્રાફિક ૧
ટ્રાઇસિકલ ૧૫૧
ટ્રેન ૧૧૦, ૧૧૮
ઠઠારો ૯૮
ઠેર, મૈં આતા હું ૧૨૪
ઠેસ ૧૨૫
ડબલ ન્યુમોનિયા ૨૬
ડબલ્સ ૧૨૬
ડ્રાઇવર ૧૨૩, ૧૨૪
ઢસરડો ૧૫૯
ઢાલ ૧૧૩
ઢાંકણ ૧૨૭
તડપન ૪
તમે આવ્યાં ૧૨૮
તરશ ૧૧૭, ૧૨૯
તરંગી મન ૨૬૯
તલાસ ૧૩૦
તહેવાર ૩૦૨
તાજી હવા ૧૩૧
તારાંકિત સવાલ ૪૧
તિલક ૧૪૧
તૃપ્તિ ૧૨૯, ૧૩૩
તે હવે રહી નથી ૧૩૫
તેજાબ ૧૩૨
તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ ૨૭૬
ત્યજાયેલ બાળકની વેદના ૭૮
ત્યારે ૧૩૪
થાક ૧૩૫
દટાયેલી વાત ૧૩૬
દયારામની ગરબી ૭૭
દયાહીનતા ૨૬૩
દરિયાકાંઠો ૧૩૭
દવાખાનું ૨૪૫
દંભ ૧૮, ૩૭, ૧૫૦
દાદા ૨, ૨૩, ૨૮, ૧૦૨, ૧૦૬
દાદા અને પૌત્રી ૨૮૦
દાન ૧૫૯, ૧૬૨
દારૂ અને દેવતા ૧૩૮
દાળમાં કાળું ૧૪૦
દાંપત્ય ૭૧, ૯૨, ૧૫૫, ૧૬૭, ૧૭૦, ૨૦૭, ૨૧૨, ૨૨૬, ૨૨૯, ૨૪૪, ૨૪૮,૨૬૭, ૨૭૦, ૩૦૩
દિગભ્રાન્ત ૧૪૧
દિયર ભાભી ૫, ૧૫, ૧૮૨
દિલભંજન ૫૮
દીવાનો ૧૪૨
દીવાલ ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૫૩
દીવાલ પાછળનો સંવાદ ૧૪૫
દીવાલની શોભા ૧૪૬
દુર્ગતિ ૧૪૭
દુષ્કાળ ૨૬૨

દુઃખના દહાડા ૧૩૪
દેરાણી-જેઠાણી ૫
દેશપ્રેમ ૨૨૫
દેશદ્રોહી ૧૪૮
દશ્ય ૭૨
દ્વંદ્વ સમાસ ૭૪
દ્વિધા ૨૭, ૨૬૪
દ્વિરૂપ ૧૫૦
ધક્કો ૧૫૧
ધડાકો ૧૫૨
ધરતીકંપ ૪૮, ૧૩૬, ૨૧૭, ૨૫૮
ધર્મશાળા ૭૪
ધંધાકીય રહસ્ય ૧૯૫
ધંધો ૧૧૧
ધાર્મિકતાનો અચંબો ૧૮૬
ધીરજ ૨૪૧
ધૂન ૩૮
ધૃતરાષ્ટ ૧૫૩
ધૈર્ય ૫૭
ધ્વજદિન ૧૫૪
ધ્વંસ ૧૫૫
નજરકેદ ૨૩૩
નટ ૧૪૯
નરકયાત્રા ૧૫૬
નર્મદાનદી ૧૪૭
નવયુગલ ૧૨૦, ૧૨૧
નવલકથા ૧૨૩
નવી પેઢી ૨૯૮
નશો ૧૫૭
નળરાજા ૧૫૮
નાગરપણા ઉપર ડાઘ ૧૯૬
નાટક ૧૩૨
નાટકકંપની ૧૦૩
નામની વાત ૧૬૦
નાસ્તિક ૪૦
નિઃસંતાન ૩૪
નિગ્રહ ૧૬૧
નિરાશા ૧૬૯
નિર્જન જગ્યા ૭૬
નિર્દોષ બાળકી ૧૮૫
નિર્બળ મન ૧૩૮
નિર્વેદ ૧૬૨
નિવૃત્તિ ૧૫૪, ૨૧૪
નિશાની ૫૬, ૧૬૪, ૧૬૫
નિષ્ઠુર હૃદય ૨૬૯
નિસબત ૧૬૬
નીતિમત્તા ૭૭
નુકસાની ૫૨
ન્યાયિક પ્રક્રિયા ૪૦, ૨૩૦
પકડાઈ જવું એટલે ૧૬૭
પક્ષીપ્રેમી ૨૦૪
પગલી ૮૦
પડઘાતો પ્રશ્ન ૧૬૮
પતંગિયું ૧૬૯
પતિસ્મૃતિ ૬, ૫૦, ૨૫૫
પતિ-પત્ની ૧૭, ૨૧, ૨૬, ૫૫, ૫૭, ૨૨૨
પતિ-પત્ની અને તેણીની ૨૨૦
પત્ની ૬, ૧૦૭, ૧૪૩, ૨૧૧, ૨૨૨, ૨૨૯, ૨૮૧,૨૯૪
પત્ર-સંવાદ ૧૨૮
પથ્થરદિલ ૮, ૧૭૦
પરખ ૧૭૧
પરપ્રાંતીય લગ્ન ૧૬
પરસેવા વગરનું ધન ૪૩
પરાક્રમ ૧૧૩

પરીક્ષાનું સંચાલન ૨૨૮
પર્યટન ૧૭૨
પશ્ચાત્તાપ ૧૬, ૨૭, ૧૯૩, ૨૨૮
પાઇનેપલ ૧૯૦
પાગલ ૨૦, ૪૨, ૧૦૧
પાટનગર પર કૂચ ૨૩૪
પાડોશી ૨૪૧
પાણીદાર મોતી ૧૯૯
પાપની લાગણી ૨૨૭
પાયલાગણ ૧૭૩
પારેવાં ૧૮૩
પાર્ટી ૧૭૨
પાસિંગ શૉ ૧૭૫
પાંચ ફેરા ૧૭૭
પિતા ૧૨, ૩૨, ૧૩૦, ૧૭૦, ૨૮૯, ૨૪૯
પિતા-પુત્ર ૧૭૭
પિયરનો માણસ ૧૭૮
પીછેહઠ ૧૭૯
પીછો ૧૮૦
પુણ્યતિથિ ૧૮૪
પુણ્યપ્રકોપ ૧૯૦
પુત્ર ૩, ૧૦, ૩૦, ૩૨, ૫૦, ૭૧, ૮૫, ૮૮, ૯૨, ૯૬, ૧૧૮, ૧૩૬, ૧૪૩, ૧૫૯, ૧૬૦, ૧૭૨, ૧૮૪, ૧૯૧, ૨૦૩, ૨૨૩, ૨૨૬, ૨૫૦, ૨૬૫
પુત્ર પ્રાપ્તિની એષણા ૨૨૩
પુત્ર-ગાંડો ૧૦
પુત્ર-લાગણીહીન ૩૨
પુત્રવધૂ દ્વારા સાસુમાની વંદના ૧૬૮
પુત્રવધૂ ૪૬, ૧૨૫, ૧૬૮, ૧૯૧, ૨૪૮, ૨૬૭, ૩૦૨
પુત્રસ્મૃતિ ૮, ૧૧૯, ૧૭૩, ૧૮૪, ૨૫૭
પુત્રી ૧૪, ૨૯, ૮૦, ૧૧૨, ૧૨૫, ૧૩૨, ૧૮૫, ૨૦૫, ૨૦૯
પુત્રી માટે વર પસંદગી ૨૯
પુત્રી સ્મૃતિ ૮૦, ૨૦૯
પુત્રી-જમાઈ ૨૮
પુત્રીનો પિતૃપ્રેમ ૨૦૬
પુત્રોની અજ્ઞાનતા ૫૦
પુત્રોની ઉદાસીનતા ૨૨૬
પુત્રોને બોધપાઠ ૧૫૯
પુત્રોનો માતા-પિતા પ્રતિ યંત્રવત પ્રેમ ૮૫
પુનર્લગ્ન ૨૧૨
પુરુષપ્રધાન સમાજ ૧૫૦
પુસ્તકપ્રેમ ૮, ૫૦
પૂજારી ૨૪૭
પૂર્વગ્રહ ૨૪૬
પૂર્વજો ૧૧૭
પેટીમાસ્તર ૧૦૩
પેટ્રોલની ગંધ ૫૨
પોચટ હૈયું ૨૬૩
પોપટનો પ્રેમ ૨૦૪
પોલીસ ૫૪
પૌત્ર ૨
પૌત્રી અને દાદા ૨૮૦
પ્રતાપ ૧૦૧
પ્રતિજ્ઞા ૧૪૧
પ્રતિશોધ ૧૮૨
પ્રતીક્ષા વગરનો કાગળ ૬૨
પ્રથમ પ્રીત ૨૯૭
પ્રપંચકળા ૪૩, ૬૧, ૧૮૮, ૨૩૫
પ્રવાસ ૭૩, ૮૨

પ્રસાદનો થાળ ૧૦૬
પ્રાણપ્રતિષ્ઠા ૧૮૬
પ્રાણીપ્રેમ ૧૪, ૨૩, ૪૭, ૬૫
પ્રાથમિક શિક્ષક ૨૩૨
પ્રેમ ૪, ૨૨, ૩૯, ૧૧૪, ૧૨૧,
૧૩૭, ૧૩૯, ૧૭૧, ૧૮૯, ૨૫૧,
૨૬૮, ૩૦૪
પ્રેમલગ્ન ૧૬
પ્રેમીયુગલ ૨૧૩
પ્રેયસી ૫૯, ૧૩૯, ૨૯૦, ૨૯૧,
૨૯૭
પ્રેરણામૂર્તિ ૧૦૦
પ્રોફેસર ૩૬, ૫૪, ૬૪, ૭૭, ૮૩
ફરજ ૯૨
ફલશ્રુતિ ૧૮૮, ૧૮૯
ફળવાળી ૧૦૫
ફળિયું ૨૬, ૩૧, ૨૭૫
ફેંસલો ૧૯૧
ફ્લેટ ૨૯, ૫૧
બદબૂ ૧૯૨
બધું જ કામ કરીશ ૧૭૪
બહેન ૫૭, ૧૧૫, ૧૬૫
બહેરાશ ૩૦૩
બળદપ્રેમ ૫૩
બાગબાન ૭૧, ૮૮, ૯૨, ૧૧૮
બાજ નજર ૧૯૩
બારી ૧૫૩
બાલ્યવયની સ્મૃતિ ૨૬૦
બાવો ૯૨
બાળકી ૧૦૨
બાળકો માટે નજરકેદ ૨૩૩
બાળમજૂર ૧૯૪
બાળમાનસ ૨૨૨, ૨૨૩
બિઝનેસ સિક્રેટ ૧૯૫
બીક ૧૯૬
બીજા પ્રકારના લક્ષ્મણ ૧૯૭
બુદ્ધની સ્મૃતિ ૧૯૮
બેડરૂમ ૬
બૅન્ક ૭
બેસણું ૨૪, ૯૩, ૧૨૯, ૨૩૭, ૨૭૨
બોધપાઠ ૧૫૯
બોરસલ્લી ૨૦૦
ભક્તિ ૧૧૧
ભગવાન ક્યાં ? ૧૮૬
ભગવાનની છબિ ૨૦૨
ભગવું વસ્ત્ર ૧૬૧
ભજવાડ ૨૨૯
ભટકતી જાતિ ૨૦૩
ભરતમુનિ ૨૩, ૨૦૪
ભરોસો ૨૦૫
ભલામણ પત્ર ૨૩૫
ભાઈ ૨૬૯, ૨૮૩
ભાડવાત ૨૮૭
ભાન ભૂલી જવું ૨૮૨
ભારત છોડો ૯૩, ૧૦૪, ૧૪૧, ૧૪૪
ભારત વિભાજન ૭૨, ૧૮૭, ૨૦૯,
૩૦૧
ભાવાભિવ્યક્તિ ૨૪૫
ભાષાભવન ૭૯
ભિખારી ૪૩, ૧૯૫
ભીરુતા ૨૦૮, ૩૦૪
ભૂત બંગલો ૪
ભૂતકાળ ૧૫૭, ૧૯૬
ભેટ ૮૬, ૨૦૭
ભેંસ ૧૧૨, ૧૧૯
ભોંઠપ ૨૦૮

ભ્રમ ૬૩, ૭૦, ૧૧૯, ૧૩૬
ભ્રષ્ટાચારીઓ ૧૮૬
ભ્રાંતિ ૧૪૧
મજૂર ૩૭, ૧૦૮
મદદ ૧૫૩
મનનાં રખોપાં ૨૧૧
મનની વાત ૧૫૨
મનોચિકિત્સા ૨૮૬
મનોમંથન ૩૦૪
મરદ ૧૧૩
મર્યાદા ૧૦૧
મર્યાદાલોપ ૧૦૧
મહિસાસુર વધ ૨૩૦
મહુડો ૨૧૫
મહોરું ૨૧૬
મંથન ૨૫૯
મા વગરની દીકરી ૧૭૯
માણસજાત ૨૧૮
માણસનો ચુકાદો ૯૯
માતા/મમ્મી ૩, ૧૦, ૧૨, ૩૦, ૪૪, ૬૨, ૭૮, ૧૧૨, ૧૧૫, ૧૧૮, ૧૩૬, ૧૩૭, ૧૬૮, ૨૧૧, ૨૧૩, ૨૧૭, ૨૨૧, ૨૨૩, ૨૪૫, ૨૬૭, ૨૮૯,
માતાને કાગળ ૬૨
માતાનો ચહેરો ૨૨૩
માતાપિતા પ્રતિફરજ ૮૮, ૯૨
માતાપિતાની નિષ્ઠુરતા ૨૪૫
માતાપિતાની વહેંચણી ૭૧, ૮૮, ૯૨, ૧૧૮
માતૃભાષા ૧૪૨
માતૃસંસ્થા ૭૯
માધ્યમ ૨૨૨
માનવતા ૨૭, ૨૪૩, ૨૫૮
માયા ૨૨૪
માવતર ૫૩
માળા ૨૨૬
માંદગીને બિછાનેથી ૭૦
મિત્રતા ૫૬, ૯૫, ૧૭૨, ૨૯૦
મિલન સ્થળ ૭૬
મીઠાં ફળ ૨૨૭
મીઠી યાદ ૨૪૩, ૨૭૨
મીઠો ટહુકો ૪૪
મુગ્ધા ૧૧૪
મુરબ્બી ૨૨૮, ૨૫૨
મુસાફર ૨૭૫
મુસાફરી ૧૨૪
મૂંગા જીવ ૨૬૨
મૃત દીકરીની સ્મૃતિ ૮૦
મૃતદેહ ૧૪૭
મૃતપુત્ર ૧૫૫
મૃત્યુ ૨૧૪, ૨૬૯, ૨૭૫, ૨૭૭
મૃત્યુલોક ૨૭૮
મૈત્રી ૬૦, ૩૦૧
મોક્ષ ૨૩૦
મોહત્યાગ ૨૩, ૨૧૪
મોહમાયા ૨૩
મોળો પ્રતિસાદ ૯૭
મૌન ૨૩૧
યંત્રવત પત્ર ૧૭૩
યુદ્ધ ૨૩૩, ૨૩૪, ૨૩૫
યુદ્ધવિરામ ૧૫૫, ૨૩૬
યુનિફૉર્મ ૨૩૭
યુનિવર્સિટી ૭૯
યુવાનીનો ઉત્પાદ કે ઉન્માદ? ૩૫
યૌન આકર્ષણ ૨૮૭

યૌવન સ્મૃતિ ૨૭૦
રક્તરેખા ૨૩૮
રખડુ ૨૩૯
રઢિયાળી રાતનાં સપનાં ૪૫
રણ ખજૂરી ૨૪૦
રમતિયાળ પવન ૧૬૬
રસ્તો ઓળંગવો ૨૯૬
રંગના ફુવારા ૨૪૧
રાખ ૮૫
રાજકારણી ૧૪૬, ૧૯૨
રાજધર્મ ૪૦
રાજીપો ૧૨૫, ૧૬૯
રાડ ૨૪૨
રાતવાસો ૨૪૩
રામનો વાસ ૨૪૩
રાષ્ટ્રભક્તિ ૨૯૩
રિક્ષાવાળો ૧
રિહર્ષલ ૨૪૪
રુગ્ણમાનસિકતા ૨૦૮, ૨૩૧, ૨૭૩
ઋણમુક્તિ ૬૮, ૨૬૧
રૂખસદ ૨૪૭
રૂપનાં વખાણ ૧૯૦
રૅગિંગ ૨૭૧
રોજગાર ૩૦
લગાવ ૨૪૯
લગ્ન ૧૬, ૧૧૫, ૧૬૬
લગ્નજીવન ૨૭૪
લગ્નેત્તર સંબંધો ૧૪૦, ૨૨૦
લંગડો ૧૫૧
લાકડાનો ઘોડો ૯૧
લાગણી ૩૬, ૮૭, ૧૬૫
લાગણીહીન ૯૭, ૧૯૯, ૨૯૯
લાગણીહીન પુત્ર ૩૨, ૧૭૦,૧૭૨, ૧૭૭
લાગણીહીન પુત્ર-પુત્રવધૂ ૩૦૩
લાગણીહીન પુત્રવધૂ ૩૦૨
લાચારી ૨૪૭
લાટી ૨૪૩
લાલચ ૨૧
લાંચ ૧૮૮
લિફ્ટ ૨૫૦
લૂલી ૨૫૨
લૂંટની ફેરબદલી ૫૩
લોકો ૨૫૩
વક્તાઓની હૃદયહીનતા ૧૮૪
વચન ૨૫૪, ૨૯૩
વટ ૨૫૫
વડની પ્રદક્ષિણા ૨૭૪
વડીલ ૨૨૮, ૨૫૨
વતનપ્રેમ ૧૨, ૩૧, ૮૧, ૨૯૧, ૨૯૫
વનસ્પતિપ્રેમ ૨૮૬
વંધ્યઝરણું ૨૬૩
વરસાદ ૨૧૦, ૨૧૮, ૨૭૯
વરુ-ઘેટાનો ન્યાય ૯૯
વર્ગખંડ ૮૪
વર્ષગાંઠ ૨૫૭
વસવસો ૩૪
વસંત ૪૯, ૨૩૮
વસ્ત્રદાન ૨૭૭
વહેમ ૨૧, ૫૧
વળગણ ૨૬૦
વળતર ૨૬૧
વળામણાં ૨૬૨
વાત્સલ્ય ૨૮, ૨૦૬, ૨૬૫, ૨૮૯
વાદળ ૨૧૮
વાસ્તુપૂજન ૧૦૬

વાળંદ ૪૭
વાંચન ૮, ૬૧
વિકલ્પ ૨૬૫
વિદાય સમારંભ ૬૬
વિદ્યાર્થિની ૬૪
વિદ્યાર્થી ૪૩
વિધવા ૧૧૪
વિપર્યાસ ૭૪
વિભાજન (ભારત) ૭૨, ૧૮૭, ૨૦૯, ૩૦૧
વિવેક ૯૧
વિવેકહીન ૧૩૪
વિશ્વામિત્રી નદી ૪૧
વિશ્વાસઘાત ૨૦૫, ૨૬૬
વિષાદ ૭૩
વિસ્ફોટ ૨૬૬
વીલ ૧૫૯
વીશી ૨૯૯
વીંટી ૧૩૭
વૃદ્ધાવસ્થા ૪૬, ૧૨૦, ૧૩૨
વૃદ્ધાશ્રમ ૨૦૦
વેણ ૨૬૭
વેદના ૧૫૮
વૈધવ્ય ૧૮૨
વૈભવ ૧૩૩
વૈયક્તિક પ્રકૃતિ ૧૯૯
વ્યંઢળ ૮૧
વ્યાપારી વૃત્તિ ૨૦૫
વ્યાવહારિક ૨૩૫
શબ ૮૫
શયનખંડ ૨૭૬
શરત ૨૬૮
શરમિંદગી ૨૦૮
શરાબી મન ૨૬૯
શહેર ૩૧
શંકાશીલ સ્વભાવ ૫૧, ૨૫૫
શાળા ૨૫, ૪૩, ૯૮, ૧૮૩, ૧૫૪
શિક્ષક/શિક્ષકત્વ ૮૨, ૧૩૫, ૧૫૪, ૨૨૫, ૨૩૨
શિક્ષિકા ૧૩, ૮૪, ૮૭, ૯૮
શીલ અને સંસ્કાર ૩૬
શૂન્યાવકાશ ૨૭૩
શેરકા ચમડા ૧૬૪
શેરસટ્ટા ૧૦૧, ૧૧૬
શ્રદ્ધાભાવ ૨૮૧
શ્રીમંતાઈ ૩૬
સભ્યતા ૨૫૧
સમજણ ૨૭૬
સમય ૧૨૦, ૧૨૨
સમય પસાર કરવો ૧૨૨
સમાધાન ૯૪
સમાધિભંગ ૨૧૪
સવાલ ૨૭૮
સસરા-જમાઈ ૧૨૭
સહનશીલતા ૫૭
સહપાઠી ૯, ૯૩
સહૃદયતા ૬૭, ૬૮
સંકેત ૪૧, ૨૭૯
સંક્રાન્તિ ૨૮૦
સંગત ૪૫
સંતોષ ૨૮૮
સંન્યાસી ૧૬૧
સંપત્તિ ૧૦૧
સંપેતરું ૨૮૧
સંભારણું ૧૬૮
સંવેદનતંત્ર ૧૦૨

સંવેદનશીલતા ૬૭, ૧૯૩, ૨૧૧, ૨૩૬
સંવેદનહીનતા ૧૮૧
સંસ્કાર ૩૬, ૨૦૬, ૨૮૨
સંસ્કૃતિ ૨૫૧
સાઠે બુદ્ધિ નાઠી ૨૮૭
સાડી ૧૬૧
સાડીની ભેટ ૮૬
સાથે જમવું ૧૪૫
સાદી વાત એટલે ૨૮૪
સાફસૂફી ૧૫૫
સારા સમાચાર ૨૮૫
સાસુ માતાની ભૂમિકામાં ૧૭૯
સાસુવહુ ૨૮૨
સાહિત્યિક કાર્યક્રમ ૧૨૨, ૧૨૩
સાહિત્યિક ચોરી ૧૬૭
સિદ્ધાર્થ ૨૮૬
સિંહણનું દૂધ ૫૭
સુખિયા લોકો ૨૮૮
સુગંધ ૮૪
સુદામા ૩૩
સુફિયાણી વાત ૪૦
સુહાગ ૧૭
સૂનકાર ૨૮૯
સેક્સ એજ્યુકેશન ૧૩૮
સેન્ડલ ૨૯૦
સેવાપરાયણતા ૨૮૧
સો નૂર કપડાં ૨૯૨
સોડ ૨૯૩
સૌંદર્યવાન ૨૧
સ્ત્રીઓ ૪૭, ૬૬, ૧૪૯, ૧૯૦, ૧૯૭, ૨૦૮, ૨૧૨, ૨૧૬,,૨૧૯, ૨૪૬, ૨૫૨, ૨૭૪, ૨૯૪, ૨૯૭, ૩૦૪
સ્નેહગાંઠ ૨૯૫
સ્નેહવર્ષા ૧૭૮
સ્પર્શ ૨૫૧, ૨૯૬
સ્મશાન ૧૧૮
સ્મશાન વૈરાગ્ય ૧૯૮
સ્મિત ૨૯૧
સ્મૃતિ ૧, ૨૦, ૩૯, ૫૫, ૫૯, ૭૯, ૧૦૦, ૧૨૬, ૧૩૦, ૧૮૭, ૧૯૮, ૨૧૨, ૨૬૦૨૯૭, ૩૦૨
સ્મૃતિચિહ્ન ૪૮
સ્વપ્ન ૨૫૮, ૨૭૧
સ્વાગતશીલતા ૩૩, ૨૯૮
સ્વાતંત્ર્યસૈનિક ૧૦૪
સ્વાદ ૨૯૯
સ્વાનુભવ ૨૪૩, ૨૫૮
સ્વાભિમાન ૨૩૭
હતાશા ૨૬
હત્યા ૭૦
હરિશ્ચંદ્ર ૩૦૦
હવે ક્યારે ૧૩૯
હસ્તકમળ ૫૯
હળોતરા ૩૦૨
હાથ ભીડમાં છે ૧૮૧
હાર્ટ ઍટેક ૧૧૦
હાર્મોનિયમ ૧૦૩
હિસાબ ૩૦૩
હિંમત ૧૬૩
હિજરાવું ૨૧૫
હૂંફ ૧૫૩
હૈયાનો ઘા ૪૨
હોટલ ૮૨
હૃદયપલટો ૧૫૬

# પરિશિષ્ટ-૨

## ગુજરાતી લઘુકથા : વાઙ્મયસૂચિ

**સંપાદકો**
**ડૉ. ઊર્જિતા પટેલ, મણિભાઈ પ્રજાપતિ**


૦૦૧. અંધારિયા, રવીન્દ્ર. 'વિ. વિદ્યાનગર', 'જીવનપ્રકાશ', 'સાંપ્રત' વગેર સામયિકોમાં લઘુકથાઓ પ્રકાશિત. 'ડાંગ', 'ચોર', 'પ્રયત્ન', 'રોઝી' વગેરે લેખકની શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૦૨. આહલપરા, નટવર (૧૯૯૩). *હથેળીમાં નક્ષત્ર.* રાજકોટ : હેતલ પ્રકાશન.

૦૦૩. _____ (૨૦૦૯). *ફણગો.* રાજકોટ : ભરાડ ફાઉન્ડેશન.

૦૦૪. _____ (૨૦૧૧). *ક્ષણે ક્ષણે સૂર્યોદય.* અમદાવાદ : શબ્દલોક પ્રકાશન. ૧૪૦ લઘુકથાઓ પ્રકાશિત. 'લાડવો', 'માં', 'રોકાણ' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ

૦૦૫. ઇસ્માઈલી, નસીર. 'ઝુલીન', 'ઉદયાસ્ત' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૦૬. કડિયા, રામજીભાઈ (૧૯૯૭). *મધુપ્રિયા.* કડી : નિલેષ કડિયા, (ભગવતી સ્ટોર, સ્વામીનારાયણ મંદિર સામે, ગંજબજાર, કડી). ૬૬ લઘુકથાઓ. 'પરીક્ષા', 'ઢીંગલી', 'નાપાસ' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૦૭. કડિયા, રામજીભાઈ અને ત્રિવેદી, રમેશ, સંપા., (૧૯૯૬). *કથાસેતુ.* અમદાવાદ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

૦૦૮. કડિયા, સુરેન્દ્ર. 'પંચાણું વર્સિસ સિત્તેર' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૦૯. કડીકર, યશવંત. 'જાંબુ' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૧૦. કાચા, રવજીભાઈ, બોરાણિયા, હસમુખભાઈ અને ગોહિલ, ભારતીબહેન (૨૦૧૪). *પળપળનો પડકાર.* રાજકોટ : ભરાડ ફાઉન્ડેશન. ત્રણેય લેખકોનો સંયુક્ત સંચય. કાચા, રવજીભાઈ : નિબંધ, 'મોહરું', 'શતમ્ જીવ શરદ' વગેરે, હસમુખ બોરણિયા : 'શાપિત પરી', 'બા આવ્યાં' વગેરે, ભારતી ગોહિલ : 'બીલી', 'પહેલો અધિકાર', 'વેશપલટો' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૧૧. કાલરિયા, શૈલેશ *'દોસ્ત'* (૨૦૧૯). *ક્ષણોનું સામ્રાજ્ય.* મોરબી : લેખક

(કેશવનગર, તા. મોરબી); વિક્રેતાઃ અમદાવાદ : પ્રણવ પ્રકાશન. ૫૧ લઘુકથાઓ. 'આફ્ટરશોક', 'ઘરનું ઘર', 'પ્રવાસ', 'પિતૃતર્પણા', 'ઉદારતા' વગેરે લેખકની પસંદગીની ધ્યાનપાત્ર લઘુકથાઓ.

૦૧૨. કાસમ જખ્મી (બ્લોચ, કાસમ એન.) 'ભગવાન કા ઘર' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૧૩. ક્લાર્ક, ફિલિપ. (૨૦૦૮, ૨જી આ. ૨૦૧૦). *બારી.* અમદાવાદ : રન્નાદે પ્રકાશન. ૬૩ લઘુકથાઓ : 'બારી', 'શુભયાત્રા', 'નિદાન', 'ઈશુનાં ઘેટાં', 'ટપાલી' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૧૪. ગાંધી, ધર્મેશ. 'કુમાર', વગેરેમાં પ્રકાશિત 'વારસાઈ', 'મૂંગું જાનવર', 'એક હતી પ્રેરણા', 'ઘૂંટવું એટલે', 'ચિંયું' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૧૫. ગોહિલ, આરતીબા (૨૦૧૭). *ચંદનતિલક.* ભાવનગર : શ્રી હરદેવસિંહ ગોહિલ. ૩૫ લઘુકથાઓ. 'શ્રીફળ જેમ' 'મહેમાન', 'હું માણસ થાઉં તો' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૧૬. ગોહિલ, જયંતીલાલ. જુઓ માય ડિયર જયુ.

૦૧૭. ગોહિલ, ભારતીબહેન. જુઓ કાચા, રવજીભાઈ.

૦૧૮. ધારેખાન, ગિરિમા (૨૦૧૮). તેજ *તમારા.* અમદાવાદ : અમોલ પ્રકાશન. ૪૦ લઘુકથાઓ. 'રસ્તો', 'વાંકી રેખાઓ', 'એ જ છે', 'દોરી', વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૧૯. ચૌધરી, રઘુવીર. 'ગેરસમજ' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ લેખક કૃત વિવિધ વાર્તા સંગ્રહોમાં ગ્રંથસ્થ.

૦૨૦. ચૌહાણ, અંબાલાલ (૨૦૧૫). આકાશગંગા - ૧.

૦૨૧. _____ (૨૦૧૫). આકાશગંગા - ૨.

૦૨૨. જગતાપ, દીપક. 'કાગડો' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૨૩. જોશી, પરીક્ષિત. 'કુમાર', 'નવચેતન', 'શબ્દ સૃષ્ટિ', 'અખંડાનંદ', 'છાલક', 'સમણું', 'વિ. વિદ્યાનગર' વગેરે સામયિકોમાં લઘુકથાઓ પ્રકાશિત. 'હથોડો' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૨૩. જોશી, મૂળશંકર (૨૦૦૭). *સંવેદનાનું શિલ્પ.*

૦૨૪. જોશી, યોગેશ ન. 'કુમાર', 'શબ્દસૃષ્ટિ', 'સમણું', વગેરેમાં લઘુકથાઓ પ્રકાશિત. 'બંધન', 'પોષીપૂનમ', 'લાડુ', 'નોંધારું' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૨૫. ડરણકર, રામુ. 'જનસત્તા દૈનિક' વગેરેમાં લઘુકથાઓનું પ્રકાશન. 'નવો જન્મ', 'ચણી બોર' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૨૬.	ત્રિવેદી, ઇજ્જતકુમાર (૧૯૮૧). *કાસમ માસ્તરનું વસિયતનામું.* અમદાવાદ : કુસુમ પ્રકાશન.
૦૨૭.	_____ (૧૯૮૧). *કાંટા, ગુલાબ અને બાવળના.* અમદાવાદ : રૂપાલી પ્રકાશન.
૦૨૮.	_____ (૧૯૮૫). *સુદામાના તાંદુલ.* અમદાવાદ. કુસુમ પ્રકાશન.
૦૨૯.	_____ (૧૯૮૭). *વામનનાં પગલાં.* અમદાવાદ : કુસુમ પ્રકાશન.
૦૩૦.	_____ (૧૯૮૮). *રાઈના દાણા.* અમદાવાદ : કુસુમ પ્રકાશન.
૦૩૧.	_____ (૧૯૯૦). *ઘર દીવડા.* અમદાવાદ : કુસુમ પ્રકાશન.
૦૩૨.	_____ (૨૦૧૨). *સાતમો કોઠો.* ભાવનગર : લટૂર પ્રકાશન
૦૩૩.	_____ (૨૦૧૪). *મીઠા જળનો લોટો.* અમદાવાદ : કુસુમ પ્રકાશન.
૦૩૪.	_____ (૨૦૧૪). *પ્રતિનિધિ લઘુકથા સંગ્રહ.* સંપાદક : સુનીતા ઇજ્જતકુમાર ત્રિવેદી. અમદાવાદ : કુસુમ પ્રકાશન. કુલ ૨૬૭ લઘુકથાઓ પ્રકાશિત. 'હોંકારો', 'ચાલ', 'હાકો', 'મોઢાના મોળા', 'મીંદડી', 'લવજી લૉર્ડ', પ્રસન્ન દાંપત્ય', 'રોંગ સાઇડ', 'વૃક્ષારોપણ', 'સુદામાના તાંદુલ' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૦૩૫.	ત્રિવેદી, જનક. 'ઘા' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૦૩૬.	ત્રિવેદી, રમેશ (૧૯૮૦). *આઠમું પાતાળ.* અમદાવાદ : આદર્શ પ્રકાશન.
૦૩૭.	_____ (૧૯૯૫). *આઇસબર્ગ.* અમદાવાદ : આદર્શ પ્રકાશન.
૦૩૮.	_____ (૧૯૯૯). *સુવર્ણમૃગ.* કડી : લેખક.
૦૩૯.	_____ (૨૦૧૦). *તંતુ.* અમદાવાદ : ડિવાઇન પબ્લિકેશન્સ.
૦૪૦.	_____ (૨૦૧૩). *પોયણું.* અમદાવાદ : ગુજરાતી સાહિત્યપરિષદ.
૦૪૧.	_____ સંપા., (૨૦૧૩). *લઘુકથા આસ્વાદ : રમેશ ત્રિવેદીની લઘુકથાઓ અને આસ્વાદ.* કડી : સંપાદક.
૦૪૨.	_____ સંપા., (૨૦૧૮). *અભિષેક : રમેશ ત્રિવેદીની લઘુકથાઓ અને આસ્વાદ.* ભાવનગર : લટૂર પ્રકાશન.
૦૪૩.	ત્રિવેદી, રમેશ. *'તખતપુરા'* (૧૯૯?). *ચીસનો પર્યાય.*
૦૪૪.	ત્રિવેદી, સુનીતા (૨૦૧૯). અણસાર. અમદાવાદ : કુસુમ પ્રકાશન. ૨૩ લઘુકથાઓ સમાવિષ્ટ. 'કૂંપળ.. કોળાતી અને કુંજરાતી', 'એકલોહિયાં', 'ઈસ અને ઉપલું', વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૦૪૫.	_____ (૨૦૨૧). *શબરીનાં બોર.* ભાવનગર : પ્રતીક પ્રકાશન. ૨૭ લઘુકથાઓ સમાવિષ્ટ.
૦૪૬.	દક્ષિણી, જિજ્ઞાસુ (૨૦૦૧). *સરી પડેલાં મોતી.* અમદાવાદ : લેખક. ૫૦

લઘુકથાઓનું સર્જન–પ્રકાશન. 'ઘરનું ઘર', 'છેલ્લી દિવાળી', 'કર્મફળ' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૪૭. દરજી, ગોવિંદ. 'સ્ત્રીજીવન', 'રણકાર', 'સખી', પ્રખર', 'નવચેતન', 'સર્જક સેતુ' વગેરેમાં ૨૬ લઘુકથાઓ પ્રકાશિત. 'દાંપત્ય', 'સંસ્કાર', 'જીવ', 'પિતૃવચન' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૪૮. દવે, તરુલતા (૨૦૦૧). *એક પળ.* અમદાવાદ : રન્નાદે પ્રકાશન.

૦૪૯. દવે, બકુલ. વિવિધ સામયિકોમાં ૩૫ લઘુકથાઓ પ્રકાશિત. 'ડાઇંગ ડિકલેરેશન', 'વૈધવ્ય', 'નકામું ઘાસ' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૫૦. દેસાઈ, કેશુભાઈ. ૩૦થી અધિક લઘુકથાઓ વિવિધ ગુજરાતી સામયિકોમાં પ્રકાશિત. 'ચટકા' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૫૧. દેસાઈ, સાબેરા મહેબૂબ. ( ). *'સનય'.* અમદાવાદ : લેખક (૩૦૧/ડી, રૉયલ અકબર રેસિડેન્સી, રૉયલ અકબર ટાવર, સરખેજ રોડ, અમદાવાદ – ૩૮૦૦૫૫).

૦૫૨. પટેલ, જગદીશ (૨૦૦૮). *રખોપું.* અમદાવાદ : રંગદ્વાર. ૯૫ લઘુકથાઓ સમાવિષ્ટ.

૦૫૩. _____ (૨૦૧૨). *ફેંસલો.* અમદાવાદ : લેખક. ૭૧ લઘુકથાઓ સમાવિષ્ટ.

૦૫૪. _____ ( ). *'તંતુઘર'.* અમદાવાદ : ૧૪૦ લઘુકથાઓ સમાવિષ્ટ.

૦૫૫. નાયક, જનક. 'દ્વિધા' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૫૬. પટેલ, ચીમન 'ચમન'. 'પેઇન્ટિંગ', વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૫૭. પટેલ, નટવર (૨૦૦૬). *અચાનક આવેલો વરસાદ.* અમદાવાદ : ભાવિક પબ્લિકેશન. ૫૨ લઘુકથાઓ સમાવિષ્ટ. 'હીંચકો', 'બગલઘોડી', 'રૂપલનો થપ્પો', 'અચાનક આવેલો વરસાદ', કાગળની હોડી' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૫૮. પટેલ, પ્રેમજીભાઈ (૧૯૯૫). *ત્રેપનમી બારી.* અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન.

૦૫૯. _____ (૨૦૦૩). *અમૃતવર્ષા.* અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન.

૦૬૦. _____ (૨૦૧૦). *સ્પર્શમણિ.* અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન.

૦૬૧. _____ (૨૦૧૩). *અવેર.* ગાંધીનગર : મધુ પ્રકાશન.

૦૬૨. _____ (૨૦૧૬). *કીડીકથા.* હિંમતનગર : અરાવલી પ્રકાશન.

૦૬૩. _____ (૨૦૧૯). *રશિયાભર સુખ.* હિંમતનગર : અરાવલી પ્રકાશન.

૦૬૪. _____ (૨૦૨૦). *કીડીનું ઝાંઝર.* હિંમતનગર : અરાવલી પ્રકાશન.

૦૬૫. પટેલ, મણિલાલ ન. 'જગતમિત્ર' (૨૦૧૭). *આગિયાનાં અજવાળાં.* અમદાવાદ : અવનિકા પ્રકાશન. ૪૩ લઘુકથાઓ સમાવિષ્ટ. શ્રેષ્ઠ લઘુકથાઓ : 'અસલીનકલી', 'ઘર', 'ચોરી' વગેરે.

૦૬૬. પટેલ, મયંક. 'બુઢ્ઢો' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૬૭. પટેલ, મોહનલાલ. (૧૯૭૦). *પ્રત્યાલંબન.* અમદાવાદ : વોરા ઍન્ડ કંપની. વાર્તાઓ તથા લઘુકથાઓ સમાવિષ્ટ.

૦૬૮. _____ (૧૯૯૧). *ઝાકળમાં સૂરજ ઊગે.* અમદાવાદ : આદર્શ પ્રકાશન.

૦૬૯. _____ (૨૦૦૧). *૯૯ લઘુકથાઓ.* અમદાવાદ : હર્ષ પ્રકાશન.

૦૭૦. _____ (૨૦૦૩). *વિકલ્પ.* અમદાવાદ : ગુજરાતી સાહિત્ય પરિષદ. લેખક દ્વારા અંદાજિત ૫૦૦ લઘુકથાઓનું સર્જન.

૦૭૧. _____ સંપા. (૧૯૮૪). *૪૦ લઘુકથાઓ. કડી* : સાહિત્યવર્તુળ.

૦૭૨. _____ સંપા. (૧૯૮૫). *ગુજરાતી પ્રતિનિધિ લઘુકથાઓ.* અમદાવાદ : આદર્શ પ્રકાશન.

૦૭૩. _____ સંપા. (૨૦૧૯). ગુજરાતી લઘુકથાસંચય. નવી દિલ્હી : સાહિત્ય અકાદમી. પસંદગીની ૭૫ લઘુકથાઓ સમાવિષ્ટ.

૦૭૪. પટેલ, લિપિ. ૫ લઘુકથાઓ. 'સમણું', 'વિશ્રામ' વગેરે સામયિકોમાં પ્રકાશિત. 'ગુજરાતી લઘુકથા સંચય' (૨૦૧૯)માં 'હૉબી' સમાવિષ્ટ.

૦૭૫. પટેલ, સાં. જે. (૧૯૮૪). *સોનાની ઢીંગલીઓ.* ડાંગરવા : લેખક. ૫૦ લઘુકથાઓ.

૦૭૬. _____ (૨૦૦૮). *નવા ફણગા.* અમદાવાદ : રન્નાદે પ્રકાશન. ૭૫ લઘુકથાઓ. 'સગું લોહી', 'રૂપાની ખુશી', 'એસ. ટી. ડેપોનું સરનામું', 'ફ્લૅટના લોકો' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૦૭૭. પટેલ, હસમુખ. 'શૂન્યમ', 'સંવેદન' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓનું સર્જન.

૦૭૮. પરમાર, ઈશ્વર (૧૯૮૭, ૧૯૯૨, ૧૯૯૪). *તુલસીની માળા.* રાજકોટ : પ્રવીણ પ્રકાશન. ૩૦ લઘુકથાઓ સમાવિષ્ટ. 'આસમાની રંગનું આલબમ', 'યુનિફૉર્મ', 'ઢોરાં', 'ન કરવાની વાત' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ. હિન્દી અનુવાદ : ૨૦૦૧.

૦૭૯. _____ સંપા., (૨૦૧૫). *મટુકીમાં માધવ.* અમદાવાદ : અવનિકા પ્રકાશન. શિક્ષણ વિષયક ૫૦ લઘુકથાઓનું સંપાદન.

૦૮૦. પરમાર, જ્યોતિ. 'કુમાર' અને 'મમતા' સામયિકોમાં પ્રકાશિત લઘુકથાઓ : 'હેપ્પી મધર્સ ડે', 'હેન્ડ રાઇટિંગ' વગેરે.

૦૮૧. પરમાર, તલકશી (૧૯૯૦). *લક્ષ્યવેધ.* સુરેન્દ્રનગર : લેખક. ૪૫ લઘુકથાઓ સમાવિષ્ટ.

૦૮૨. _____ (૨૦૦૨). *ક્ષણાર્ધ.* સુરેન્દ્રનગર : લેખક. ૫૧ લઘુકથાઓ સમાવિષ્ટ.

૦૮૩. _____ (૨૦૦૭). *પ્રતિબિંબ.* સુરેન્દ્રનગર : લેખક. ૫૧ લઘુકથાઓ

સમાવિષ્ટ.
૦૮૪. _____ (૨૦૧૭). *સફરની ક્ષણ.* સુરેન્દ્રનગર : લેખક. (માધવનગર જંકશન રોડ, સુરેન્દ્રનગર). ૫૧ લઘુકથાઓ સમાવિષ્ટ. ('ભીના સૂકા હોઠ', 'ખાલીપો', 'નોન સ્ટોપ', 'ડાઘો', 'ખોટો સિક્કો', 'એન્ટિક્સ', વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૦૮૫. પરમાર, ધરમસિંહ (૨૦૧૩). *કોતરેલી ક્ષણો :* લઘુકથા સમગ્ર. 'તરસ' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૦૮૬. પંડ્યા, હરિત (૧૯૯૯). *હાર્બર.* નડિયાદ : દમયંતી પંડ્યા.
૦૮૭.. _____ (૨૦૦૯). *ક્ષણોનાં શિલ્પ.* અમદાવાદ : હર્ષ પ્રકાશન (ગૂર્જર). ૧૯૨ લઘુકથાઓ સમાવિષ્ટ. 'લાકડી', હાર્બર', 'મા-દીકરી', 'અપરણિતા', 'ઝરખ', 'ગેરશિસ્ત', વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૦૮૮. પંડ્યા, હરીશ (૨૦૦૯). *ભીની માટીની સુગંધ.* રાજકોટ : ભરાડ ફાઉન્ડેશન. ૭૦ લઘુકથાઓ. 'ભીની માટીની સુગંધ', 'પશ્ચાત્તાપ', 'ચોર' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૦૮૯. પારેખ, રવીન્દ્ર. 'મમી' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૦૯૦. પૂંજાણી, કમલ (૨૦૧૮). *કથા સપ્તક.* જામનગર : સપ્ત ગકાર સેવા-સાધના કેન્દ્ર. અન્ય કૃતિઓ ઉપરાંત ૭ લઘુકથાઓ સમાવિષ્ટ. 'બાપુની વ્યાખ્યાશક્તિ', 'શિક્ષા, પરીક્ષા અને દીક્ષા', 'અનાથ', 'ટકોર', વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૦૯૧. બારડ, નરેન (૧૯૮૫). *સંસ્કૃત.*
૦૯૨. _____ (૧૯૯૦). *ઝુમ્મર.*
૦૯૩. _____ (૧૯૯૪). *મત્સ્યવેધ.*
૦૯૪. બોરાણિયા, હસમુખ. જૂઓ કાચા, રવજીભાઈ.
૦૯૫.. બોરીસાગર, રતિલાલ. 'કુમાર', 'મુદ્રાંકન', 'નિરીક્ષક', વગેરે સામયિકોમાં લઘુકથાઓનું પ્રકાશન. 'કર્ણ', 'આલંબન', 'મલયચંદનનો છોડ', 'પુનરલગ્ન', વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૦૯૬. બ્રહ્મભટ્ટ, પ્રસાદ (૨૦૦૮). શોધ. અમદાવાદ : ડિવાઇન પબ્લિકેશન. ટૂંકી વાર્તાઓની સાથે ૮ લઘુકથાઓ સમાવિષ્ટ. 'પાર્ટી' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૦૯૭. બ્રહ્મભટ્ટ, ભગીરથ (૨૦૦૫). *ક્ષણનો ઝરૂખો.* અમદાવાદ : રન્નાદે પ્રકાશન. ૧૦૫ લઘુકથાઓ સમાવિષ્ટ. પ્રથમ પ્રકાશન ૧૯૯૮. 'ખૂંટવું', 'અગ્નિપરીક્ષા', 'ભાવનગર', 'પર્ણ વિચ્છેદ', વગેરે લેખકની શ્રેષ્ઠ

લઘુકથાઓ.
૦૯૮. ભટ્ટ, મુકુંદ (૨૦૦૦). *તરસ.* અમદાવાદ : ભટ્ટ પરિવાર. ૩૦ લઘુકથાઓ સમાવિષ્ટ. 'બહુરૂપી', 'ભવાયો', 'તરસ' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ. 'કુમાર', 'અખંડ આનંદ', વિ-વિદ્યાનગર' વગેરેમાં પ્રકાશિત.
૦૯૯. ભટ્ટ, રાજીવ 'દક્ષરાજ'. 'જીવન પ્રકાશ', 'પ્રખરા' વગેરે સામયિકોમાં ૨૭ લઘુકથાઓ પ્રકાશિત. 'રમકડાં', 'કૂંપળ ફૂટે', 'ઝડી', 'કાગડી', વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૧૦૦. ભટ્ટ, વિનોદ. 'ખેલ' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૧૦૧. ભાટિયા, સંદીપ. સંપા. (૨૦૦૪). *બોન્સાઈ.*
૧૦૨. મકવાણા, જયંતી (૧૯૮૨). *અ નામનો માણસ.* કેશોદ : લેખક. ૩૦ લઘુકથાઓ સમાવિષ્ટ. : 'બારી', 'કંજૂસ', 'હિંસક પ્રાણી', શ્રેષ્ઠ લઘુકથાઓ.
૧૦૩. _____ સંપા. (૧૯૮૦). *ક્ષણોના આકાશમાં.* કેશોદ : લેખક. ૭૯ લઘુકથાઓનું સંપાદન.
૧૦૪. મકવાણા, જી. બી. (૨૦૧૫). *મનોવેદના.*
૧૦૫. મહુવાકર, નસીમ (૨૦૨૦). *બસ અમસ્તાં જ.* અમદાવાદ : જોય એન્ટરપ્રાઈઝ. ૫૦ લઘુકથાઓ સમાવિષ્ટ. 'ચાંદલો', 'તાવડી', 'ખીર', વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૧૦૬. મહુવાકર, હરીશ (૨૦૦૦). *પ્રતિ.* અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન. ૨૫ લઘુકથાઓ સમાવિષ્ટ. 'રેલગાડી', 'શબરી', 'વાવણી' વગેરે ધ્યાનપાત્ર.
૧૦૭. _____ (૨૦૨૦). *મનાલીની હવા.* અમદાવાદ : શબ્દલોક પ્રકાશન. ૫૦ લઘુકથાઓ સમાવિષ્ટ. 'બેવફાઈ', 'વિસ્તરણ', 'આધાર' ધ્યાનપાત્ર.
૧૦૮. મહુવાકર, હરીશ અને મહુવાકર, નસીમ (૨૦૦૫). *અમે.* ભાવનગર : જિત પ્રકાશન. બંને લેખકોની ૨૫-૨૫ લઘુકથાઓ સમાવિષ્ટ. 'ઘર', 'ઘા', 'ખાટલા', 'લહેરખી' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૧૦૯. _____ (૨૦૧૬). *ફરીથી.* ભાવનગર : લટૂર પ્રકાશન. બંને લેખકોની ૨૫-૨૫ લઘુકથાઓ સમાવિષ્ટ. 'કિંમત', 'ટ્યૂનિક', 'સૂરજમુખી', 'કોઈનું કોઈ', 'ડગલું', 'ફી' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૧૧૦. માય ડિયર જયુ (ગોહિલ, જયંતીલાલ). 'શેરડી', વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ સમાવિષ્ટ.
૧૧૧. મોઢા, જયંત (૨૦૧૯). *સૂક્ષ્માતિ.* પોરબંદર : લેખક. ૫૧ લઘુકથાઓ.

'સાયકોલૉજી', 'આતંક', 'ઘરગોખલા' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૧૧૨. મોદી, નગીન (૨૦૦૭). *જમણો હાથ કોણી સુધી*
૧૧૩. યાજ્ઞિક, નિરંજન. 'પગથિયાં પર અધૂરી મૂકેલી વાત'. વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓનું સર્જન.
૧૧૪. રાજ્યગુરુ, ઉમાકાન્ત (૧૯૯૨, ૨૦૧૯). *અણોરણ્યમ.* તળાજા, જિ. ભાવનગર : લેખક. ૪૫ લઘુકથાઓ સમાવિષ્ટ. 'સાવધાન', 'તમને નહીં સમજાય', 'વસમું લાગે છે (એક વસમી સદી)', શ્રેષ્ઠ લઘુકથાઓ. ૩૦ અપ્રગટ.
૧૧૫. રાજ્યગુરુ, વિજય (૨૦૦૫). *રૂપેરી વાળ.*
૧૧૬. રાઠોડ, ધર્મેન્દ્રસિંહ (૨૦૧૮). *કૂંપળ લીલીછમ.* અમદાવાદ : કોમલ પબ્લિકેશન. ૭૨ લઘુકથાઓ સમાવિષ્ટ. 'આસ્થા', 'બૅન્ક બૅલેન્સ', દૂધ પીતી વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૧૧૭. રાયજદા, રાજેન્દ્રસિંહ. 'કુમાર', 'દૃષ્ટિ', 'પથિક', નવરોઝ (કલકત્તા)' વગેરે સામયિકોમો લઘુકથાઓ પ્રકાશિત. 'માનતા', 'માળો', 'બે આંખો', 'પત્ર' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૧૧૮. રાવલ, પ્રફુલ્લ (૧૯૯૫). *નાજુક ક્ષણ.*
૧૧૯. રાવલ, પ્રફુલ્લ અને મકવાણા, જયંતી, સંપા., (૨૦૦૪). *ગુજરાતી લઘુકથા સંચય.* અમદાવાદ : ગુજરાતી સાહિત્ય પરિષદ. ૭૬ લઘુકથાઓ સમાવિષ્ટ.
૧૨૦. રાવલ, સુમંત. વિવિધ સંપાદનોમાં ગ્રંથસ્થ. 'છત્રી', 'શિસ્ત', 'લપડાક' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૧૨૧. રાવળ, ઉપેન્દ્ર (૨૦૦૩). *વાયા.*
૧૨૨. રૉય, દિલીપ. 'શબ્દોના આંસુ' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૧૨૩. લુણાગારિયા, પી. એમ. 'કાયાનું કલ્યાણ' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૧૨૪. લુહાર, કરસનદાસ. 'ફળિયામાં કૂવો' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.
૧૨૫. વસાવડા, અશ્વિન (૧૯૮૪). *કિટ્ટા.* જૂનાગઢ : લેખક.
૧૨૬. _____ (૨૦૧૦). *તર્પણ.* રાજકોટ : પ્રવીણ પ્રકાશન. 'કુમાર', 'અખંડ આનંદ', 'સમર્પણ', નવચેતના', દિવ્ય ભાસ્કર', 'ફૂલછાબ' વગેરેમાં લઘુકથાઓ પ્રકાશિત. 'કિટ્ટા', 'હારજિત', 'વારસો', 'તર્પણ', 'શુકનિયાળ', વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ. ૬૫ લઘુકથાઓ પ્રકાશિત.
૧૨૭. વાંક, બહાદુરભાઈ (૧૯૮૬). *હોનારત.*
૧૨૮. વ્યાસ, જિજ્ઞેશ (૨૦૧૫). *અંતરધ્વનિ.*

૧૨૯. શાસ્ત્રી, વિજય. 'નવચેતના', 'નવનીત-સમર્પણ', 'વિ-વિદ્યાનગર', 'ઉત્સવ', વગેરે સામયિકોમાં લઘુકથાઓ પ્રકાશિત. 'તોફાની બાબો', 'વધઘટ', યંત્રમાનવ', 'સજા' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ. જર્મન લેખકોની કેટલીક લઘુકથાઓનો ગુજરાતી અનુવાદ.

૧૩૦. શ્યામ, તરંગી (૨૦૦૯). *ફેંસલો.* લઘુકથા સંગ્રહ પ્રકાશિત.

૧૩૧. સરવૈયા, રેખાબા (૨૦૦૪). *રેત પર લખાયેલા અક્ષરો.* જૂનાગઢ : લેખિકા; વિક્રેતા : અમદાવાદ : રન્નાદે પ્રકાશન. ૬૦ લઘુકથાઓ.

૧૩૨. _____ (૨૦૧૬). *ખોબામાં દરિયો.* અમદાવાદ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય. ૬૭ લઘુકથાઓ સમાવિષ્ટ. 'કુમાર', પરબ', શબ્દસૃષ્ટિ', 'નવચેતન', 'અખંડ આનંદ' વગેરે સામયિકોમાં લઘુકથાઓ પ્રકાશિત. ૨૫૦-૩૦૦ જેટલી લઘુકથાઓનું સર્જન. 'મારું ઘર', 'નિશાની', 'કર્મયોગ', 'ગંધ', બુટ્ટી ધાર', 'સંતાનના સોગંદ', વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ.

૧૩૩. સંઘવી, સૂર્યકાન્ત (૧૯૯૨). *લઘુચાલીસી.* રાજકોટ : વ્યંજન.

૧૩૪. _____ (૧૯૯૯). *લઘુલય.* રાજકોટ : મીત પ્રકાશન. ૧૮૦થી અધિક લઘુકથાઓનું સર્જન. 'કુમાર', ચાંદની', વગેરેમાં પ્રકાશિત.

૧૩૫. _____ સંપા., (૧૯૮૯). *લઘુકથા રંગરેખા.* રાજકોટ : રંગરેખા સાહિત્ય સંસ્થા.

૧૩૬. સુથાર, ભાગવત (૨૦૦૬). *પ્રતિધ્વનિ.*

૧૩૭. સુથાર, ભાગવત, રોય, દિલીપ અને ત્રિવેદી, રમેશ સંપા., (૨૦૦૩). *લઘુકથા વિશેષ.* અમદાવાદ : રન્નાદે પ્રકાશન.

**લઘુકથા વિવેચન.**

૧૩૮. ત્રિવેદી, રમેશ (૨૦૦૮). *લઘુકથા વિમર્શ.* અમદાવાદ : રન્નાદે પ્રકાશન.

૧૩૯. પટેલ, મોહનલાલ (૨૦૦૭). *લઘુકથા : સ્વરૂપ પરિચય.* અમદાવાદ : લેખક.

૧૪૦. પટેલ, સાં. જે. (૧૯૮૪). ''લઘુકથાનું સ્વરૂપ અને નિરૂપણ. *સોનાની ઢીંગલીઓ.* ડાંગરવા : લેખક. ૫- ૨૪.

૧૪૧. બ્રહ્મભટ્ટ, પ્રસાદ (૨૦૧૦). ''ગુજરાતીમાં લઘુકથાઓ.'' *અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : આધુનિક અને અનુઆધુનિક.* અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન.

૧૪૨. બ્રહ્મભટ્ટ, ભગીરથ (૨૦૧૫). ''નિવેદન : [લઘુકથા સ્વરૂપ વિવેચન].'' *ક્ષણનો ઝરૂખો.* અમદાવાદ : રન્નાદે પ્રકાશન.

# પરિશિષ્ટ-૩

## સાહિત્ય-સર્જન

**નવલકથા :** ૧. હેતનાં પારખાં. પ્રકાશ સાહિત્ય ભંડાર, અમદાવાદ (૧૯૫૭); રવાણી પ્રકાશન ગૃહ, અમદાવાદ (૧૯૬૩), ૨. ખાલી ખેપ. (૧૯૫૯), ૩. અંતિમ દીપ. ભારતીય સાહિત્ય સંઘ, અમદાવાદ (૧૯૬૦); આદર્શ પ્રકાશન, અમદાવાદ (૨૦૦૧), ૪. સાંજ ઢળે. વોરા એન્ડ કંપની, અમદાવાદ (૧૯૭૬), ૫. જલતા હિમગિરિ. વોરા એન્ડ કંપની, અમદાવાદ (૧૯૭૭), ૬. શમણાં ન લાગે હાથ. શ્રી હરિહર પુસ્તકાલય, સુરત (૧૯૭૯), ૭. નયન શોધે નીડ. શ્રી હરિહર પુસ્તકાલય, સુરત (૧૯૮૧), ૮. ટહુકે પંખી કોઈ ઘટામાં (૧૯૮૧), ૯. રણમાં છાઈ શ્યામ ઘટા (૧૯૮૨), ૧૦. પડદા જરી-કિનખાબના (૧૯૮૫), ૧૧. અંધારી રાતના ઓળા (૧૯૮૫), ૧૨. ભાસ-આભાસ (૧૯૮૭; ૨જી આ. ૨૦૧૯), ૧૩. રઝળપાટ (૧૯૮૯; ૨જી આ. ૨૦૧૯), ૧૪. સૂકી સરિતા, ભીના તટ (૧૯૯૪), ૧૫. ઘૂઘવે નિર્જળ દરિયો (૧૯૯૫), ૧૬. લાંછન (૧૯૯૭), ૧૭. ભવપ્રપંચ (૧૯૯૮), ૧૮. ડેડ એન્ડ (૨૦૦૦), ૧૯. દિયર-ભાભી (૨૦૦૩), ૨૦. બંધન (૨૦૦૫; ૨જી આ. ૨૦૧૯).

**વાર્તાસંગ્રહ :** ૧. હવા, તુમ ધીરે બહો ! રવાણી પ્રકાશનગૃહ, અમદાવાદ (૧૯૫૪), ૨. વિધિનાં વર્તુળ. ચેતન પ્રકાશનગૃહ, મુંબઈ (૧૯૫૬), ૩. ટૂંકા રસ્તા. ચેતન પ્રકાશનગૃહ, મુંબઈ (૧૯૫૮), ૪. મોટી વહુ. ભારતી સાહિત્યસંઘ, અમદાવાદ (૧૯૬૬), ૫. પ્રત્યાલંબન. (લઘુકથાઓ સહિત) વોરા એન્ડ કંપની, અમદાવાદ (૧૯૭૦), ૬. ક્રોસરોડ (૧૯૮૨), ૭. મોહનલાલ પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ (૧૯૮૮, પુનર્મુદ્રણ ૧૯૯૦), ૮. મોપાસાંની શ્રેષ્ઠ વાર્તાઓ (અનુવાદ) (૧૯૯૧), ૯. મત્સ્યવેધ (૧૯૯૮), ૧૦. તણખલાનો તરાપો. ભરાડ ફાઉન્ડેશન, રાજકોટ (૨૦૦૧), ૧૧. મોહનલાલ પટેલની પ્રતિનિધિ વાર્તાઓ. શબ્દલોક પ્રકાશન, અમદાવાદ (૨૦૧૧), ૧૨. જગપ્રસિદ્ધ વાર્તાઓ. શબ્દલોક પ્રકાશન, અમદાવાદ (૨૦૧૩; બીજી આવૃત્તિ, ૨૦૧૫), ૧૩. રણખજૂરીની છાયામાં. રન્નાદે પ્રકાશન, અમદાવાદ (૨૦૧૪), ૧૪. ઈશાની વાયરા (૨૦૧૯).

**લઘુકથા :** ૧. ઝાકળમાં સૂરજ ઊગે (૧૯૯૧), ૨. ૯૯ લઘુકથાઓ. હર્ષ પ્રકાશન, અમદાવાદ (૨૦૦૧), ૩. વિકલ્પ. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ (૨૦૦૩).

**નિબંધસંગ્રહ :** ૧. હાસ્યઝરુખે બૈઠકે (૧૯૯૪), ૨. યક્ષકર્દમ. હર્ષ પ્રકાશન, અમદાવાદ (૧૯૯૭), ૩. હસતાં હસતાં (૨૦૦૬), ૪. હાસ્યમર્મર (૨૦૦૭).

**આત્મકથા :** ૧. ટાઇમ કેપ્સ્યૂલ (ઈ.સ. ૧૯૨૭ થી ૨૦૧૨). મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ, પાટણ, (૨૦૧૩) (સંશોધિત બીજી આવૃત્તિ : ટાઇમ કેપ્સ્યૂલ : ઈ. સ., ૧૯૨૭ થી ૨૦૧૮. રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ (૨૦૧૯).

**ચરિત્ર :** ૧. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ. અક્ષર પુરુષોત્તમ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ (૧૯૯૧), ૨. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ. અક્ષર પુરુષોત્તમ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ (૧૯૯૫), ૩. મહેસાણા જિલ્લાના સ્વાતંત્ર્ય સૈનિકો. મહેસાણા-પાટણ જિલ્લા સ્વાતંત્ર્ય સૈનિક સંઘ, પાટણ (૧૯૯૮).

**પ્રવાસ :** ૧. ગુડમૉર્નિંગ અમેરિકા. અક્ષર પુરુષોત્તમ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ (૧૯૮૪).

**વિવેચન :** ૧. ટૂંકી વાર્તા : મીમાંસા (૧૯૭૯) ગુજરાત સરકારની આર્થિક સહાય દ્વારા. લેખક પોતે, ૨. સાહિત્યસંકેત (૨૦૦૧) ગુજરાત સાહિત્ય અકાદમી આર્થિક સહાય દ્વારા. લેખક પોતે, ૩. ટૂંકી વાર્તા : આસ્વાદ (૨૦૦૩) ગુજરાત સાહિત્ય અકાદમી આર્થિક સહાય દ્વારા. લેખક પોતે, ૪. લઘુકથા : સ્વરૂપપરિચય (૨૦૦૭) ગુજરાત સાહિત્ય અકાદમી આર્થિક સહાય દ્વારા. લેખક પોતે, ૫. વાગ્વૈભવ : ગુજરાત સાહિત્ય અકાદમી આર્થિક સહાય દ્વારા. લેખક પોતે, ૬. ટૂંકી વાર્તા : ઘડતર અને સર્જન. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ (૨૦૧૭).

**સર્વ વિદ્યાલય :** ૧. સર્વ વિદ્યાલય કેવળણી મંડળ, કડી અને ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી (સંક્ષિપ્ત ઇતિહાસ). સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી (૨૦૧૫), ૨. પ્રજ્ઞાદીપ છગનભા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી, (૧૯૮૯), ૩. ધ્રુવતારક શ્રી મોહનલાલ પટેલની જીવનકથા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી (૨૦૧૩), ૪. માનવહિતૈષી રામભાઈ. કોરલ ફાર્મા, અમદાવાદ (૨૦૧૮), ૫. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી : અમૃત મહોત્સવ સ્મૃતિગ્રંથ. સંપાદકો : મોહનલાલ પટેલ અને ભાઈલાલભાઈ જી. પટેલ. અમૃત મહોત્સવ સમિતિ, સ.વિ.કે. મંડળ (૧૯૮૫), ૬. ‘સુવર્ણજયન્તી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિતે પ્રગટ થતું સાપ્તાહિક. તંત્રી : પુરુષોત્તમદાસ ર. પટેલ. સંપાદકો : મોહનભાઈ પટેલ, ભાઈલાલભાઈ જી. પટેલ દિલીપ રોય. વર્ષ-૧, અંક ૧, તા. ૧૧ સપ્ટેમ્બર, ૧૯૬૯થી ?)

**સંપાદન :** (પુસ્તકો) ૧. ૪૦ લઘુકથાઓ. સાહિત્ય વર્તુળ, કડી (૧૯૮૪), ૨. ગુજરાતી પ્રતિનિધિ લઘુકથાઓ (૧૯૮૫), ૩. ‘કર્મચૂડામણિ માણેકલાલ. શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ, કડી (૨૦૧૦); (અન્યોના સહયોગમાં સંપા.), ૪. ગુજરાતી લઘુકથાસંચય. સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી (૨૦૧૯); **સામયિકો :** ૧. ધરતી (ધરતી વિકાસ મંડળનું માસિક, માર્ચ ૧૯૯૫ થી જુલાઈ ૨૦૦૮, સંપા. મોહનલાલ પટેલ,

ભોળાભાઈ પટેલ અને ગણેશભાઈ પટેલ), ૨. સુવર્ણ જયન્તી (સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું સાપ્તાહિક ૧૧ સપ્ટેમ્બર ૧૯૬૯થી ?)

**શૈક્ષણિક :** ૧. નિબંધલેખન (૧૯૯૨), ૨. ભૂગોળપરિચય (૧૯૯૩), ૩. ગદ્ય આસ્વાદ (૧૯૯૪), ૪. ગુજરાતી ગદ્ય સમીક્ષા (૧૯૯૪), ૫. ગદ્ય પરિમલ (૧૯૯૫), ૬. ગુજરાતની ગૌરવકથાઓ (૨૦૧૫).

**સામાન્ય જ્ઞાન :** ૧. ભૌગોલિક જ્ઞાનવિજ્ઞાન શ્રેણી (૬ પુસ્તકોનો સંપુટ) (૧૯૯૭).

**ધાર્મિક : ૧.** વેદરસની વિભાવના. બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમમ સંસ્થા, અમદાવાદ, (૧૯૮૦).

**અંગ્રેજી પુસ્તકો :** ૧. The Profligate (૪૭ દૃશ્યોમાં સ્ક્રીન-પ્લે) અપ્રકાશિત, ૨. The Cutural History of Patan. In: Millennium History of Patan, p. ૩૨-૫૨ = પાટણની અસ્મિતા (સચિત્ર) સંપા. જયેશ એન. શાહ અને રાજેન્દ્ર કે. શાહ નેહજ એન્ટરપ્રાઈઝ, મુંબઈ (૨૦૦૧), ૩. Jay Hind Readers – Book-૩ અશોક બુક ડીપો, અમદાવાદ.

(નોંધ : નવલકથા : અ.નં. ૨,૩, ૮ થી ૨૦; વાર્તાસંગ્રહ : અ.નં. ૬ થી ૯, ૧૪ લઘુકથા : અ.નં. ૧; નિબંધસંગ્રહ : ૧,૩,૪; સંપાદન : અ.નં. ૨, શૈક્ષણિક : ૧ થી ૬; સામાન્ય જ્ઞાન : અ.નં. ૧ નું પ્રકાશન આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું છે.)

**મોહનલાલ પટેલ વિશે અધ્યયન-ગ્રંથો :**

તેમના સાહિત્ય સર્જન વિશે શોધપ્રબંધ તૈયાર કરીને ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી ત્રણ વિદ્યાર્થીઓએ Ph.D.ની ડિગ્રી અને ગુજરાત યુનિવર્સિટીમાંથી એક વિદ્યાર્થીએ M.Philની ડિગ્રી મેળવેલ છે. આ ઉપરાંત તેમના વિશે 'મોહનલાલ પટેલ અધ્યયન ગ્રંથ'. સંપા. મણિભાઈ પ્રજાપતિ, રંગદ્વાર પ્રકાશન (૨૦૦૧), 'મોહનલાલ પટેલ અમૃતપર્વ.' સંપા. મણિભાઈ પ્રજાપતિ, મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ, પાટણ વતી રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ (૨૦૦૧). 'મોહનલાલ પટેલ : સર્જન વિશેષ'. સંપા. રઘુવીર ચૌધરી, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ (૨૦૦૫) અને ''આચાર્યશ્રી મોહનલાલ પટેલ (૧૯૨૭-૨૦૨૦) સ્મૃતિઅંક'' : સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત (કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર) વર્ષ ૧૦, અંક ૨-૩ માર્ચ - જૂન ૨૦૨૦ ગ્રંથો પ્રકાશિત છે.

(**સંપર્ક** : ડૉ. મયંક પટેલ, ૨૧/૫૦૧, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ રોડ, ભાવનિર્ઝર પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૮૯૮૨૨૦૦૩૬)

**મણિભાઈ પ્રજાપતિ**

# પરિશિષ્ટ-૪

## કેટલાક અભિપ્રાયો

'હેતનાં પારખાં' હું અઢી કલાકમાં વાંચી ગયો. જંગલની પુત્રીને 'સંસ્કારી' બનાવી શહેરી પુરુષને તેની તપસ્યા ને શુદ્ધિને અંતે તેની વરતી આલેખી તમે વાચકોને એક નવા વસ્તુવાળી પ્રેમકથા આપી છે. જંગલની ભીલી જેવી બોલીનો ઉપયોગ સારો ને વાતાવરણ જમાવે એવો કર્યો છે. નવલકથા સુવાચ્ય છે ને વાચકોને ખેંચી રાખે એવી છે જ. પહેલો જ પ્રયાસ છે, તો અભિનંદન.

**- અનંતરાય રાવળ**

●

શ્રી મોહનભાઈનું સ્મરણ અનેક રીતે થાય છે – એમની વાર્તા દ્વારા એમનો પરિચય. એમનાં માર્મિક વિવેચનો દ્વારા એમનું અહમ્‌ભાવ વિનાનું અને નિર્દંભ વ્યક્તિત્વ વગેરેનો પરિચય મોહનભાઈની આજે પણ યાદ તાજી કરાવે છે. પરંતુ આ ઉપરાંત મારા પર મોહનભાઈની છાપ એક મૌલિક અને સર્જક વિદ્યાર્થીની છે. વર્ગમાં ખૂબ ઉત્સાહથી ધ્યાનપૂર્વક બધી જ ક્રિયા-પ્રક્રિયાની નોંધ લેનાર મોહનભાઈ એક જુદા પ્રકારના વિદ્યાર્થી હતા. પ્રશિક્ષણ મહાવિદ્યાલયના રોજિંદા, ચીલાચાલુ કાર્યક્રમમાં મોહનભાઈ એમની આગવી શિસ્ત અને એમના વિનયવિવેક પ્રમાણે ભાગ લેતા રહે.

શ્રી મોહનભાઈ બી.એડ્.ની તે સમયની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલા. પછી તો વર્ષો પસાર થતાં ગયાં અને એક સમયે જે કૉલેજનો હું આચાર્ય હતો તેવે સમયે મેં મોહનભાઈને મારી કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે આવવા નિમંત્રણ પાઠવ્યું. પરંતુ નિષ્ઠાવાન શિક્ષક પોતાની માતૃસંસ્થા – કડી સર્વ વિદ્યાલયને છોડવા તૈયાર ન હતા. હોદ્દાના પ્રલોભનને વશ થયા વિના મોહનભાઈએ મારા નિમંત્રણને સ્વીકાર્યું નહિ. સાચા અર્થમાં સાહિત્ય અને શિક્ષણના સુભગ મિલનને મોહનભાઈએ ઊજળું બનાવ્યું.

**- આર. એસ. ત્રિવેદી**

●

શ્રી મોહનભાઈ એક અચ્છા સાહિત્યકાર તો છે જ, પણ આપણા એક ઉમદા શિક્ષક અને આચાર્ય પણ છે. પ્રોફેસર થવાની મોહિની ખંખેરી નાખી પોતાના સમાજનાં ઊછરતાં બાળકો વચ્ચે જઈને તેઓ બેઠા છે.

**- ઉમાશંકર જોશી**

લઘુકથાને અત્યારે ગુજરાતી સાહિત્યમાં પ્રચલિત કરવામાં વધારેમાં વધારે ફાળો શ્રી મોહનભાઈ પટેલનો છે. લઘુકથાના સ્વરૂપ સાથે આ મોહનલાલ પટેલનું નામ ઐતિહાસિક દૃષ્ટિએ સંકળાયેલું રહેશે. ભલે કદાચ લઘુકથાના ઉત્તમ નમૂનાઓ હવે બીજા સર્જકો આપે તોપણ લઘુકથા પર એમના નામનો સિક્કો લાગી ગયો તે એક ઐતિહાસિક હકીકત બની ગઈ.

**- ઈશ્વરલાલ દવે**

•

એમનાં સ્મરણો વાંચીને પ્રસન્નતા અનુભવી. મૌનભાવે એકાગ્રચિત્તે અને અનાસક્તવૃત્તિથી કર્તવ્ય બજાવવું એ મોહનલાલભાઈના સ્વભાવમાં છે : રાગ કે દ્વેષથી અળગા રહીને એમણે પોતાની રીતે શિક્ષણ અને સાહિત્યમાં કામ કર્યું છે. એમના વ્યક્તિત્વમાં નમ્રતાનો અનુભવ હંમેશાં થતો રહ્યો અને શિક્ષણ હોય કે સાહિત્ય, પણ એમણે ઝાકઝમાળ વિના શાંત કર્મયોગ સાધ્યો છે. 'ટાઇમ કૅપ્સ્યૂલ'માં એમના અમૃતમય જીવનના પ્રામાણિક આલેખની હૃદયસ્પર્શી અનુભૂતિ થાય છે. એમની આત્મકથા દ્વારા એ સમયની ઘણી પ્રમાણભૂત વિગતો પ્રાપ્ત થાય છે અને સાથોસાથ એમના સાહિત્યસર્જનની વિગતો મળે છે.

**- કુમારપાળ દેસાઈ**

•

કોઈ પૂછે કે આદર્શ શિક્ષક કેવા હોય ? તો શ્રી મોહનભાઈને ઓળખનાર અવશ્ય કહેશે, 'મોહનભાઈ જેવા!' અમારા ચર્ચાવર્તુળ-બુધવારીઆમાં તેમના અગાધ સામાન્ય જ્ઞાનથી અને શિક્ષણનાં કૌશલ્યોથી એ વિદ્યાર્થીઓને પ્રેરતા રહ્યા. પોતે એટલા વિનયી અને મિતભાષી કે એમની સિદ્ધિઓની જાણ તો મને રફતે-રફતે થયેલી. કડીના વિદ્યાલયમાં અને તેની મારફત ઉત્તર ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે તેમનું મોટું પ્રદાન રહ્યું.

**- કુલીનચંદ્ર યાજ્ઞિક**

•

ગુજરાતી સાહિત્યને 'લઘુકથા' જેવા અદ્યતન સાહિત્યસ્વરૂપની ભેટ ધરનારા મોહનલાલ પટેલ પણ આપણી વચ્ચે રહ્યા નથી. અનેક લઘુકથાઓ, કેટલાક વાર્તાસંગ્રહો તથા ઐતિહાસિક નવલકથા 'લાંછન' ઉપરાંત 'ટાઇમ કૅપ્સ્યૂલ' જેવી વિશિષ્ટ આત્મકથાના સર્જક મોહનલાલ પટેલ મૂળે શિક્ષણના જીવ. કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખ તરીકે પણ એમણે યાદગાર સેવાઓ આપી હતી. છેલ્લાં કેટલાંક વર્ષોથી એ વધતી ઉંમરને કારણે બહાર નહોતા નીકળતા છતાં કેન્દ્રિય સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા એમને સોંપાયેલું ગુજરાતી ભાષાની ચુનંદી

લઘુકથાઓનું સંપાદન કાર્ય બહુ ચીવટપૂર્વક સંપન્ન કર્યું. આ પુસ્તક પ્રકાશિત થવાની જ રાહ જોઈ રહ્યા હોય એમ મોહનલાલ પટેલે એના પ્રકાશન પછી નજીકના જ ગાળામાં જીવનલીલા સંકેલી લીધી. કોરોના-ઇફેક્ટને કારણે આવા એક યશસ્વી સર્જકની વિદાયની પણ લેવાવી જોઈએ તેવી નોંધ નથી લેવાઈ.

**- કેશુભાઈ દેસાઈ**

•

તમે આત્મકથા આપીને ઘણું ઉપયોગી કાર્ય કર્યું છે. તમારી વિકાસયાત્રા સાથે શિક્ષણની અને સાહિત્યિક યાત્રા પણ પ્રગાઢ રીતે જોડાયેલી છે. આ આત્મકથા નિમિત્તે સંસ્કાર તેમજ સંસ્કૃતિનો પથ્ય અને પ્રસન્નકર આસ્વાદ કરવાની અમૂલ્ય તક સૌને સાંપડશે એ આવકાર્ય ઘટના છે.

**- ચંદ્રકાન્ત શેઠ**

•

શ્રી મોહનભાઈ પટેલનું કડીમાં હોવું એ ઉત્તર ગુજરાતના લેખકોની યુવાપેઢી માટે બહુ ફળદાયી નીવડ્યું. કડીમાં જ એમણે લઘુવાર્તાના સ્વરૂપને વિકસાવ્યું અને એને જીવતીજાગતી રાખે એવા જૂના-નવા લેખકોને પ્રોત્સાહન આપ્યું.

**- ચિનુ મોદી**

•

આચાર્યશ્રી મોહનલાલ પટેલ લઘુકથાના પ્રથિતયશ સર્જક અને પ્રસ્થાનકાર છે. એમણે રસાત્મક નવલકથાઓ, વાર્તાસંગ્રહો, નિબંધસંગ્રહો અને પ્રવાસકૃતિનું સર્જન પણ કર્યું છે. એમનો ઇતિહાસ-રસ ઉત્કટ છે અને એમાં એમની ગતિ પણ ઊંડી છે. એટલે જ તેઓ એના સંશોધન-લેખનમાં અધિકારપૂર્વક માહિતીને ઉઠાવ આપી શકે છે. શ્રી મોહનભાઈ હાડે શિક્ષક, ભાવનાશીલ શિક્ષક છે. વિદ્યાર્થીને પોતાના વિચારો કેવી રીતે પહોંચાડવા એની એમને સહજ સૂઝ છે. એટલે એમનાં લખાણોમાં વિશદતા જોવા મળે છે. તેઓ સાહિત્યના સહૃદય ભાવક છે અને સંશોધનરત હોવાથી પોતાના ચિત્તમાં ઝિલાયેલાં સાહિત્યકૃતિનાં ભાવબિંદુઓને સરળતાથી વાચકો સુધી પહોંચાડી શકે છે અને એમના ચિત્તમાં નવા વિચારો સ્ફુરતા કરી શકે છે. શિક્ષકમાં હોવી જોઈએ એવી સામાજિક નિસબત એમનામાં હોવાથી તેઓ સાહિત્ય સિવાયની કૃતિઓ વિશેના પોતાના પ્રતિભાવો પણ વ્યક્ત કરે છે.

**- ચિમનલાલ ત્રિવેદી**

•

વાર્તાની  કલા ઉપરાંત તેના શાસ્ત્રના પણ તમે સારા જાણકાર છો, તેનો પણ તમારી વાર્તાને આકર્ષક બનાવવામાં ફાળો છે. (વાર્તા વિવેચનનું તમારું પુસ્તક 'ટૂંકી વાર્તા : મીમાંસા' મેં વાંચ્યું છે. વાર્તાના કલાસ્વરૂપ  અંગેની તમારી સૂઝ-સમજ તેમાં સુપેરે પ્રગટ થાય છે.) જીવનના વિવિધ અનુભવો સતત થતા રહે; તે અંગેની ઉત્કટ સભાનતા કેળવાતી રહે; વિવિધ ભાષાઓના ઉત્તમ વાર્તાસંગ્રહોના વાચન દ્વારા વાર્તાકલાનાં અવનવાં રૂપો આત્મસાત્ કરાતાં રહે; લખાયેલી વાર્તાનું તટસ્થભાવે નિર્મળ નિરીક્ષણ-પરીક્ષણ થતું રહે; વાર્તાની હસ્તપ્રત વખતોવખત સુધારાતી રહે; તો વાર્તાઓ અવશ્ય વધુ ને વધુ સ-રસ બનતી રહે. (મારી આવી માન્યતા છે.) તમારા વિશે આવું ચરિતાર્થ થાઓ – તેવી અપેક્ષા અને કામના સેવું છું; શુભેચ્છા પાઠવું છું.

**- જશવંત શેખડીવાલા**

•

શ્રી મોહનલાલ પટેલ આપણા ગુજરાતી સાહિત્યના બહુમુખી વ્યક્તિત્વસંપન્ન સાહિત્યકાર છે. વ્યક્તિત્વના બહુકોશ એમનામાં સુપેરે ઠલવાયા છે. તેઓ સફળ નવલકથાકાર, વાર્તાકાર અને મર્મી લઘુથાકાર છે. એક રચનાધર્મી લઘુકથાકાર તરીકે કોઈ પૂર્વ નિર્ધારિત રાજમાર્ગ પર ન ચાલતાં તેમણે અનન્ય નિષ્ઠા અને નિરંતર પુરુષાર્થથી નિજની સ્વતંત્ર કેડી કંડારી છે. 'એકલની પગદંડી' પર ચાલતાં-ચાલતાં ગુજરાતી સાહિત્યમાં, લઘુકથાનો નૂતન પથ પ્રશસ્ત કર્યો છે. સંવેદન-સમસંવેદન અનુભવ્યા પછી જ તેઓ કલમને હાથમાં લે છે ને એની સંપૂર્ણ માવજત કર્યા પછી જ એક શિલ્પીની અદાથી એને લઘુકથામાં આકારિત કરે છે.

**- જાદવજીભાઈ તુ. પટેલ**

•

'ટાઇમ કૅપ્સ્યૂલ'માં આપના જીવન અને કાર્યનું ઘડતર કરનારાં બળોનું આ રસપ્રદ નિરૂપણ મને ઘણું ખાજ પૂરું પાડશે એ રીતે આ ભેટ મારે માટે મૂલ્યવાન બની રહશે.

**- ધીરેન્દ્ર મહેતા**

•

લેખકનો અભ્યાસ ઘણો ઊંડો છે અને તેમણે કર્ણને ન્યાયી ઠરાવતા મુદ્દાઓ બરાબર પકડી પાડ્યા છે. 'ઇતિહાસને તોડવા-મરોડવાની ચેષ્ટા' કર્યા વિના જ અર્થઘટન ફેરવીને તેમણે 'લાંછન'ની બ્લૂપ્રિન્ટ તૈયાર કરી છે.

**- નરોત્તમ પલાણ**

તમારું ધબકતું હૃદય ૩૪૨ પાનાનાં પ્રત્યેક અક્ષરમાં  સૂક્ષ્મ રીતે સાંભળી શકાય છે. પાને પાને વ્યક્ત થતું તમારું પારદર્શક વ્યક્તિત્વ વાચકમાત્રને આવતાં વર્ષોમાં અભિપ્રેરિત કરતું રહેશે. તમારું સંવેદનાપૂર્ણ વ્યક્તિત્વ ઔર વધુ સમૃદ્ધ કરતું રહેશે અને યુવા વર્ગ, અધ્યાપક વર્ગ, સમાજસેવક વર્ગ અને હરકોઈ પરિવાજનને ભાવનાની મૂડીથી ધન્ય-ધન્ય કરતું રહેશે.

**- દાઉદભાઈ ઘાંચી**

•

શ્રી મોહનલાલ પટેલ આજીવન શિક્ષક છે, પરંતુ તે ચીલાચાલુ અર્થમાં નહિ. શિક્ષણકાર્ય કરતાં-કરતાં તેમણે સાહિત્યસર્જનકાર્ય પણ કર્યું છે. સાહિત્યક્ષેત્રની સિદ્ધિઓએ તેમનામાં શિક્ષકને ‘દશાંગુલ ઊર્ધ્વ’ બનાવ્યો છે. એમના શિક્ષણકાર્યને નવઅંકુરિત કર્યું છે. તેઓ એક આદર્શ શિક્ષક બન્યા છે. આદર્શ શિક્ષક વર્ગને સ્વર્ગ બનાવે છે, ને નિશાળને વિશાળ કરે છે. તે વિદ્યાર્થીઓના મગજ સુધી નહીં, હૃદય સુધી પ્રવેશ કરે છે.

**- નરોત્તમ વાળંદ**

•

કોઈ પણ વ્યક્તિ ગમે તે ક્ષેત્રમાં અતિ પ્રતિષ્ઠિત હોય, પણ આખરે તેનું મૂલ્ય એક માનવ તરીકે જ થાય છે. એક નમ્ર, સૌજન્યશીલ, મળતાવડા, નિરભિમાની માનવ તરીકે જ મેં તેમને સદા જોયા છે અને તે કારણે તેમનું વ્યક્તિત્વ મને પ્રશાંત લાગ્યું છે. અમે થોડા મિત્રોએ પાટણમાં ‘ભાલણ સાહિત્ય સભા’ શરૂ કરી. શ્રી મોહનભાઈ જ્યારે પાટણ હોય ત્યારે તેમાં તેઓ જરૂર હાજર રહેતા અને તેમની કૃતિઓનું અમને, સાહિત્યરસિકોને, રસપાન કરાવતા. તેમને અમારી આ સાહિત્યિક પ્રવૃત્તિ ગમી ગઈ હતી.

**- નવનીત શાહ**

•

‘‘આચાર્ય શ્રી મોહનલાલ મારાં સૌજન્યશીલ અને સ્નેહસભર ફોઈના દિયર થાય અને તે નાતે બાળપણથી જ તેમના માટે સ્નેહસંબંધ બંધાયો. શ્રી મોહનલાલ પટેલના પિતા ‘બાભાઈ માસ્તર’ અમારા સમાજમાં આગવું સ્થાન ધરાવતા સૌમ્ય આગેવાન. બાભાઈ માસ્તરના પરિવારની સમાજમાં ઉમદા પ્રતિષ્ઠા. આમ શ્રી મોહનલાલ પટેલને આચાર્ય, સાહિત્યકાર તથા સૌજન્યશીલ સંબંધી તરીકે અમે સૌ સતત સન્માનિત કરતા રહ્યા. સંબંધી તરીકે વિનમ્રતા, ઋજુતાનો જ અનુભવ થાય. અમારી વચ્ચેનો સંબંધસેતુ તો શિક્ષણ અને સાહિત્યની વસ્તુ વડે જ બંધાયેલો રહ્યો. શિક્ષક-આચાર્યના ગુણ વિવિધ પણ ઘરેણાં તો બે - પ્રસન્ન ચહેરો અને રણકદાર

અવાજ. વિદ્યાર્થી આ બેથી આકર્ષાય. શ્રી મોહનલાલ આ બંને ઘરેણાંના સ્વામી છે.''

**- પી. જી. પટેલ**

●

સમગ્ર શાળા સુધાર જ્ઞાનસત્ર – અડાલજમાં જે દિવસે હું જઈ ચડ્યો તે જ દિવસે શાળામાં સાહિત્યિક પ્રવૃત્તિ વિશેનો તમારો નિબંધ વંચાયો હતો. નિબંધ ઘણો સરસ લખાયો છે અને મને તેના વસ્તુમાં ખૂબ જ રસ પડ્યો.

**- પ્ર. ચુ. વૈદ્ય**

●

તમે કડીમાં બેઠે-બેઠે ટૂંકી વાર્તા કરતાં ટૂંકી-ટૂંકી વાર્તા જુદી છે તેવું સૌને બતાવી શક્યા. તમે સઘન ભાવાભિવ્યક્તિ અને ટુચકા વચ્ચેનો ભેદ જોઈ શક્યા અને ટૂંકી-ટૂંકી વાર્તાના સ્વરૂપની રેખાઓને તમારી રીતે સુસ્પષ્ટ કરી આપી. તમે એ પ્રકારની વાર્તાઓનાં દૃષ્ટાંતો તો તમારી કૃતિઓ વડે પૂરાં પાડ્યાં જ પણ સાથે દિલીપ, રમેશ, ભગવત વગેરે અનેકને એ દિશામાં વાળ્યા. ગુજરાતી ટૂંકી વાર્તાના જળને પ્રકંપિત કર્યાં. કડીને તમે સાહિત્યનું નાનેરું તીર્થ બનાવી મૂક્યું. આ બધું નિઃસ્પૃહભાવે, કશા ધખારા વિના ! તમારું  આ સ્વચ્છ, નિર્મળરૂપ મને એ રીતે સતત આકર્ષતું રહ્યું.

**- પ્રવીણ દરજી**

●

હતા તો કૉલેજના અધ્યાપક, કૉલેજમાં રહ્યા હોત તો જરા જુદાં પ્રકારનું વ્યક્તિત્ત્વ મહોર્યું હોત એમ લાગે છે. પણ એમણે યશવંત શુક્લને બદલે સ્નેહરશ્મિનો પક્ષ લીધો. કૉલેજના અધ્યાપકપદેથી રાજીનામું આપીને કડી સર્વ વિદ્યાલયનું આચાર્યપદ સ્વીકાર્યું. એક શિક્ષણસંસ્થાના વિકાસ અને વિસ્તાર માટે પોતાની કારકિર્દીનો વિચાર ન કરવો એ આજના સ્વકેન્દ્રીવૃત્તિ ધરાવતા શિક્ષકો માટે મોટું ઉદાહરણ છે. મોહનલાલભાઈની આ સમર્પણભાવના મને ભારે સ્પર્શી ગઈ છે. શિક્ષણ અધ્યયન, અધ્યાપન જ એમના ઊંડા રસના વિષયો. આ કારણે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તકમાંથી અને રાજ્ય શિક્ષણાધિકારીની કચેરી દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે એમણે આપેલ સેવાઓ ખૂબ જ ઉલ્લેખનીય રહેવાની. એક મૂલ્યનિષ્ઠ શિક્ષક એમની આવી સેવાવૃત્તિ અને નરી નિર્ભેળ શિક્ષણ પ્રવૃત્તિને કારણે વિદ્યાધામ ઉપરાંત કેવું અને કેટલું મહત્ત્વનું યોગદાન આપી શકે એનું ઉદાહરણ મોહનલાલ પટેલ છે. શિક્ષકને મોટા ભાગે મેનેજમેન્ટ સંસ્થાથી દૂર રાખે. પણ મોહનલાલભાઈ તો મૂલ્યનિષ્ઠ શિક્ષક. એ કારણે મેનેજમેન્ટે મોહનલાલભાઈને હંમેશાં સાથે રાખ્યા. શિક્ષણ માટે જાત ઘસનારા મોહનલાલભાઈ એ રીતે અર્વાચીન સમયના દધિચી છે.

**- બળવંત જાની**

ગુજરાતી સાહિત્યના આદ્ય લઘુકથાકાર, નવલિકાકાર, નવલકથાકાર, નિબંધકાર અને વિવેચક શ્રી મોહનલાલ પટેલ 'હાસ્ય ઝરૂખે બેઠ કે'માં જુદી પ્રતિભાનાં દર્શન કરાવે છે. બહુધા તેમનું સાહિત્ય ગંભીર પ્રકારનું છે અને વિવેચન શાસ્ત્રીય છે. સ્વભાવની સરળતા અને વ્યક્તિત્વની ગંભીરતા ધરાવનાર લેખક પાસેથી આ ગ્રંથમાં હાસ્યનિબંધો મળે છે, જે તેમની ઉપર્યુક્ત વિશેષતાઓનો પરિચય કરાવે છે.

**- ભરત સોલંકી**

•

સર્વ વિદ્યાલયમાં એ સમયમાં ૧૯૪૮ પછીનાં વર્ષોમાં પણ મોટા ભાગના શિક્ષકો ખાદીનાં કપડાં પહેરતા. એટલે જ્યારે ઉત્તમ સિલાઈવાળાં પૅન્ટ-શર્ટમાં સજ્જ યુવા મોહનલાલ પટેલે પ્રવેશ કર્યો ત્યારે વર્ગખંડના વિદ્યાર્થીઓ એમને જોઈ રહ્યા. ભલે પૅન્ટ-શર્ટમાં સજ્જ પણ 'વટ'નો ભાવ જરા પણ નહિ, એક વિનમ્રતાનો એમનો ભાવ અમને સ્પર્શી ગયો. અમે તો દશમા ધોરણના છાત્ર, પણ કોઈને 'તું'ન કહે, બધા છાત્રોને 'તમે' કહે. આ પણ નવો અનુભવ. વર્ગમાં ફરતાં ક્યાંક કોઈને પણ અડકી જાય તો તરત બોલે 'સૉરી'. ઉજ્જડ એવા અમને આ વિવેક, આ રીતભાત વણકહે કેટલું બધું કહેતાં હતાં – શિક્ષા કહો તો શિક્ષા અને દીક્ષા કહો તો દીક્ષા. એ પાટીદાર આશ્રમમાં નહિ, પણ કડી ગામમાં રહેતા એટલે શરૂઆતમાં એમનો સંપર્ક ઓછો રહેતો, પણ અમારી સાથે એમ વર્તે જાણે અમે આત્મીય છીએ. પછી તેઓ કિશોરકુંજમાં ગૃહપતિ તરીકે રહેવા આવ્યા. જે દિવસથી એ કાર્યભાર સંભાળ્યો, તે દિવસથી પેલાં પૅન્ટ-શર્ટ અને કોટ અદૃશ્ય થઈ ગયાં, ખાદીનાં વસ્ત્રો આવી ગયાં હતાં. આચારવાન તે આચાર્ય – એ સૂત્ર અમને એમના આ વેશ પરિવર્તનથી સમજાયું. છાત્રોને સાદગી કેવી રીતે શીખવી શકાય ? આવા સાહિત્યગુરુ મળવા એ આપણું ઉત્તમ ભાગ્ય હોય તો જ બને. મને એવું ભાગ્ય મળ્યું છે. એમના હાથે શિક્ષિત અને દીક્ષિત થયેલા અનેક એમના શિષ્યોને પણ એ મળ્યું છે.

હું જાણું છું આજે સર્વ વિદ્યાલયમાં જે કંઈ રહ્યું છે, તેમાં તમે એક મોટું બળ છો. તમે ન હોત તો – સર્વ વિદ્યાલય આજે જે છે તે તો ન જ હોત. મારો એ વ્યક્તિગત ભાવ હું તમને જણાવું છું તો તેમાં તમને પ્રસન્ન કરવાની વાત નથી.

આવા સાહિત્યગુરુ મળવા એ આપણું ઉત્તમ ભાગ્ય હોય તો જ બને. મને એવું ભાગ્ય મળ્યું છે. એમના હાથે શિક્ષિત અને દીક્ષિત થયેલા અનેક એમના શિષ્યોને પણ એ મળ્યું છે.

**- ભોળાભાઈ પટેલ**

•

સામાન્ય રીતે, વીસમી સદીના પટેલોમાં ભાગ્યે જ જોવા મળતું, આભિજાત્ય મોહનલાલ પટેલનો પ્રથમ ધ્યાન ખેંચનારો ગુણ છે. આ વાત અહીં એટલે નોંધી કે એમની વાર્તા-કથાનાં પાત્રોમાં ઘણે ઠેકાણે આવું અભિજાત આચરણ દેખાય છે. મોહનલાલ પટેલને ગુજરાતની પ્રજામાં, એમની અસ્મિતામાં રસ છે. તમે એમને ભાવનાવાદી કહો તોય એ ગુણ છે. મોહનલાલ કેળવણીના માણસ; જીવ શિક્ષણમાં. જે કામ શિક્ષણમાં થઈ શકે એમ નહોતું; એ એમણે કથાસાહિત્યમાં સમય આપીને કર્યું.

**- મણિલાલ હ. પટેલ**

•

શ્રીયુત મોહનભાઈ પટેલની જન્મભૂમિ પાટણ... પણ કર્મભૂમિ કડી નગર... આજે તેમની સાહિત્યસાધના પાટણ-કડીને સેતુબંધ કરીને અનેકના પ્રેરણાસ્રોત એ બન્યા છે. તેઓશ્રી એક આદર્શ શિક્ષક અને આચાર્ય તરીકે પાર ઊતર્યા છે. જીવનમાં લેશમાત્ર આડંબર વગરના શ્રીયુત મોહનભાઈ પટેલને જ્યારે પણ મળીએ ત્યારે સ્મિતવદન સાથે આવકાર મળે. તેઓશ્રીની સાહિત્યસાધના પૂર્ણ પૂર્ણિમાસમી ખીલી ઊઠેલી આજે આપણે સૌ નીરખી રહ્યા છીએ.

**- મનસુખ સ્વામી**

•

શ્રી મોહનલાલ પટેલની પ્રતિભા બહુમુખી છે. પ્રત્યક્ષપણે એમણે કેળવણી, સંસ્થા, સામાજિક કાર્યો અને બીજી કેટલીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ રહેવું પડ્યું છે. પણ એમનું મૂળ વ્યક્તિત્વ એક Complete વાર્તાકારનું છે. એકવાર શ્રી ભોળાભાઈ પટેલને સુરેશ જોષીએ પૂછ્યું હતું : 'મોહનલાલ શું કરે છે ?' ભોળાભાઈએ કહ્યું હતું કે ત્રણ કૉલેજો ભેગી કરો એટલી મોટી સંસ્થાનું એમને સંચાલન કરવાનું હોય છે... આપણે જોઈ શકીએ છીએ full-time પ્રવૃત્તિઓમાં જોડાયેલા હોવા છતાં મોહનલાલમાં રહેલો વાર્તાકાર રહસ્યમય રીતે જીવંત અને સક્રિય રહેલો છે. આ વાત આપણા જાગૃત સાહિત્યકારો અને સાહિત્યરસિકો માટે it goes without saying, ઇતિ.

**- મહેશ બાલાશંકર દવે**

•

કોઈ પૂછે કે આદર્શ શિક્ષક કેવા હોય ? તો શ્રી મોહનભાઈને ઓળખનારા અવશ્ય કહેશે, મોહનભાઈ જેવા. કડીના વિદ્યાલયમાં અને તેની મારફત ઉત્તર ગુજરાત શિક્ષણ ક્ષેત્રે તેમનું મોટું પ્રદાન રહ્યું. સંસ્થાના છેલ્લાં ૮૫ વર્ષના ઇતિહાસમાં જે આચાર્યો આવ્યા સદ્ગત બાપુભાઈ ગામી, પોપટભાઈ પટેલ, નાથાભાઈ દેસાઈ, મોહનલાલ પટેલ અને મનુભાઈ પટેલ એ બધા જ ગુરુકુળોની પરંપરાને દીપાવે તેવા.

**- માણેકલાલ પટેલ**

કડીનું સર્વ વિદ્યાલય એ એક રાષ્ટ્રીય શાળા હતું. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ પણ આ શાળાની મુલાકાત લીધેલી. મોહનલાલ પટેલ એક આદર્શ શિક્ષક ઉપરાંત ઊંચા ગજાના સાહિત્યકાર પણ છે. સાહિત્યક્ષેત્રે એમણે કવિતા સિવાય બધાં જ સાહિત્યસ્વરૂપોનું સક્ષમ રીતે ખેડાણ કર્યું છે. ટૂંકી વાર્તાઓના તે સિદ્ધહસ્ત લેખક છે.

**- મુકુન્દભાઈ પી. બ્રહ્મક્ષત્રિય**

•

મોહનભાઈની સાહિત્યિક કૃતિઓ ઉત્તર ગુજરાતના ભાવકોને પહોંચી છે એથી વધુ એમની શૈક્ષણિક સેવાઓ પહોંચી છે. એમ કહેવામાં અતિશયોક્તિ નથી. ગૃહપતિ તરીકે લોકપ્રિય રહેવું અઘરું, આચાર્ય તરીકે લોકપ્રિય રહેવું એથીય અઘરું, પણ મોહનભાઈની લોકપ્રિયતામાં કદી ઓટ આવી નથી.

મોહનભાઈનું વર્તન અભિજાત છે અને એમની સાહિત્યિક રુચિ પ્રશિષ્ટ કૃતિઓના વાચનથી ઘડાયેલી છે. 'ટૂંકી વાર્તા મીમાંસા' (૧૯૭૯) એમનું એક અભ્યાસપૂર્ણ પુસ્તક છે. ગુજરાતના છેલ્લા રાજા કરણ વાઘેલા વિશે એમની નવલકથા 'અંતિમ દીપ' (૧૯૬૦) એક નોંધપાત્ર ઐતિહાસિક નવલકથા છે. વળી, ગુજરાતી સાહિત્યમાં લઘુકથાના પ્રવર્તક અને વ્યાખ્યાકાર તરીકે પણ એમની પ્રતિષ્ઠા છે.

**- રઘુવીર ચૌધરી**

•

''સાચું કહું તો, એક પ્રતિષ્ઠિત સાહિત્યકાર કે 'કમિટેડ સમાજસુધારક મોહનલાલ કરતાં પણ એક નિષ્ઠાવાન, પ્રાજ્ઞ ને શીલવંત આચાર્યશ્રી મોહનલાલનું મૂલ્ય મારે મન સ-વિશેષ છે. એમનું સાહિત્ય શતાયુ બને વા ન બને પણ શુદ્ધ આચાર અને પવિત્ર વિદ્યા દ્વારા એમણે અનેકોનું જે જીવનઘડતર કર્યું છે તે કદી ભુલાવાનું નથી.'... ગુજરાતખ્યાત વિદ્યાસંસ્થા 'સર્વ વિદ્યાલય' કડીના ભૂતપૂર્વ ભાવનાશીલ આદર્શ આચાર્ય શ્રી મોહનલાલ બી. પટેલે આલેખેલો, 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી' અને 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ' કડીનો સંક્ષિપ્ત ઇતિહાસ વાંચતાં મને, ગંગોત્રીમાંથી પ્રગટતી વિશાળ ગંગાનો અને કબીરવડના જટાજૂટમાંથી પ્રસ્ફુટતા અનેક સંકુલ કબીરવડોનો અહેસાસ થયો. વડના એક નાનકડા બીજમાં કેટલી બધી વિરાટ શક્તિ ભંડારાયેલી છે તેનો આ રોમહર્ષણ ઇતિહાસ છે. એ ઇતિહાસ ભૂતકાળનું તો સ્મરણ-તર્પણ કરે છે, પણ વર્તમાનને સંસ્કારી-સંકોરી, ઉજ્જ્વળ ભાવિ માટે ઉદ્‌બોધન પણ કરે છે. આ ઇતિહાસ તો છે, સંસ્કૃતિઓના વિશ્વપ્રસિદ્ધ ઇતિહાસકાર ટૉયેન્બીના ચેલેન્જ રિસ્પૉન્સની સ-દષ્ટાંત કથા અને એનું ભાષ્યવિવરણ. મને લાગે છે કે શ્રી મોહનલાલની કલમસિવાય જાગર્તિનો આવો ઇતિહાસ આલેખવાની કોઈની શક્તિ નથી.

**- ડૉ. રણજિત પટેલ (અનામી)**

શ્રી મોહનલાલ પટેલની સારસ્વતયાત્રા બહુઆયામી છે : ગદ્યનાં બધાં ક્ષેત્રે એમની કલમ સફળતાથી અને સરસતાથી વિહરી છે; વાર્તા અને વિવેચનક્ષેત્રે તેમણે આગવું ને ઉત્કૃષ્ટ ગજું કાઢ્યું છે. નિબંધક્ષેત્રે પણ એમની પ્રસન્નકર પ્રાસાદિક શૈલીથી ગુજરાતી વાઙ્મયને એક સમર્થ નિબંધકાર મળ્યાનો અહેસાસ થયો છે. સંસ્કૃત, સંસ્કૃતિ ને ઇતિહાસ એમના રસના વિષય ખરા પણ એમનું અંગ્રેજી સાહિત્યનું સવિશેષ વાચન એમને પહેલી હરોળના ગુજરાતી ગદ્યકાર ઉપસાવવામાં વિશિષ્ટ નિમિત્ત બન્યું છે.

**- રતિલાલ સાં. નાયક**

•

હિસ્ટોરીકલ પ્રોસેસ જેમાં નથી તેવી કૃતિઓ ઐતિહાસિક નવલકથા જ નથી એ વાત તમે અસરકારક રીતે મૂકી છે. સૈનિકોના વિદ્રોહનું સ્વાતંત્ર્યસંગ્રામમાં પરિણમવું, ઐતિહાસિક પ્રક્રિયાના ઉદાહરણરૂપે તમે જે રીતે સ્પષ્ટ કર્યું તે ગમ્યું.

**- રવીન્દ્ર પારેખ**

•

મોહનલાલ પટેલે ભલે નવલકથાઓ, વાર્તાસંગ્રહો લખ્યાં, પણ સર્જક લેખે મોહનલાલ પટેલ વિખ્યાતિ પામ્યા છે – લઘુકથાના પ્રખર પુરસ્કર્તા અને લેખક તરીકે સાચા અર્થમાં સાક્ષર એવા વાર્તાકાર મોહનલાલભાઈને લઘુકથાના આચાર્ય કહેવા ઘટે.

**- રાધેશ્યામ શર્મા**

•

કવિ સુન્દરમ્ ગાયું... 'જગની સહુ કડીઓમાં સ્નેહની સર્વથી વડી.' એ શ્રી મોહનલાલ પટેલે અનુભવ્યું. મહાનગર અમદાવાદમાં શિક્ષણ અને સાહિત્યક્ષેત્રે અનેક તકો હોવા છતાં કડી જેવા નાના શહેરમાં સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે આવવામાં મોહનભાઈએ ગૌરવ જોયું. એ કરતાંય વિશેષ કંઈક પૂ. છગનભાએ સ્થાપેલી આ શાળાના વિદ્યાર્થીઓમાં આત્મીયતા જોઈ અને સ્નેહબંધન થયું.

**- રામજીભાઈ કડિયા**

•

શ્રી મોહનલાલ પટેલ અમારા ગુજરાતી વિષયના શિક્ષક. ભૂગોળ પણ એમનો ભાવતો વિષય. શિક્ષક એટલે સાદો જીવ, ઝભ્ભો-ધોતી એ શિક્ષકનો મુખ્ય પોશાક અને અમારી કલ્પનાને એમણે સાવ જ ખોટી પાડેલી. અમારા મનના કૅમેરામાં એ વખતે ગુજરાતી શાળાના શિક્ષકોની છબી ગોઠવાયેલી એટલે અમને એમનાં ચોખ્ખાચણક ઇસ્ત્રીટાઇટ કપડાં, એમની હરવાફરવાની અને બોલવાની સ્ટાઈલનું જબરું આકર્ષણ થયેલું. લઘરવગર પોશાકમાં અમે એમને કદી પણ જોયેલા નહીં; બિલકુલ સુઘડ અને સ્વચ્છ.

**- રામભાઈ એમ. પટેલ**

'લાંછન' કર્ણદેવ વાઘેલા સંબંધિત ઐતિહાસિક ઘટનાને વિષયવસ્તુ તરીકે લઈ રચાયેલી એક વધુ કૃતિ કિન્તુ એ તેની વિશેષતા નથી, કારણ કે આવા અન્ય પ્રયોગોથી આપણે પરિચિત છીએ. પરંતુ એનો એ જ સર્જકે એના એ જ કથાવસ્તુને લઈને બીજી રચના કરી હોય એવું જાણમાં નથી. એટલે 'લાંછન' એ દૃષ્ટિએ, આ જ લેખકે આ જ ઘટનાને આધારે અગાઉ 'અંતિમ દીપ' નામે રચેલી એક નવલકથા પછી ફરીથી એ જ ઘટનાને વિષય કરી આ બીજી નવલકથા રચી હોઈ નોંધપાત્ર પ્રયોગ ગણાય.

**- વિનોદ અધ્વર્યુ**

●

સર્વ વિદ્યાલય કડીના અભ્યાસકાળ દરમિયાન શ્રી મોહનભાઈ પટેલનો પ્રથમ આદર્શ શિક્ષક તરીકેનો પરિચય થયો. વિદ્યાર્થીને સારું, ઉચ્ચ, સંસ્કારી શિક્ષણ આપીને સફળ શિક્ષકની છાપ ઉપસાવી હતી. કોઈ પણ વિદ્યાર્થી તેઓને મળે ત્યારે ખૂબ જ આદરપૂર્વક વાતચીત કરતા. તેઓએ જીવનમાં સાદાઈને વણી લીધી છે. તેઓ વિદ્યાર્થીની વ્યક્તિગત સંભાળ લેતા ને અભ્યાસમાં પ્રગતિ કરવા માટેનો આદેશ આપતા.

**- સાધુ ભક્તિ પ્રિયદાસ**

●

'Mohanlala has carried the torch of education and creative writing and has provided leadership in several educational institutions in Gujarat state. His accomplishments as well as his curiosity and sense of humor have been a significant inspiration for me. I consider my self fortunate being one of his students. Eventually his co-worker and family friend.'

**- Dr. C. K. Patel**

Professor Emeritus and former Chaiperson,
Triton College, River Grove, llllinosis, U.S.A.

●

સર્વાંગે જોતાં [હેતનાં પારખાં] કથા રસદાયી છે. તેમાંના કેટલાક પારિભાષિક શબ્દો પણ વાતાવરણ સર્જવામાં સારો ભાગ ભજવે છે. શૈલી રસિક અને સરળ છે.

**- હીરા પાઠક**

●

# મરણોત્તર પ્રાપ્ત કેટલાક અભિપ્રાયો

'ગુજરાત શિક્ષકે સુખી છે', એવું ઉમાશંકર જોશીનું કહેવું આગળ જતાં યે સાચું ઠરે એ રીતે આજીવન એક ઉત્તમ શિક્ષક બની રહી ગુજરાતને સુખી સુખી કરનારા શિક્ષક, કડી સર્વ વિદ્યાલયના આચાર્ય અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના ઘડવૈયા મોહનલાલ બા. પટેલે ૨૦૨૦ના માર્ચ મહિનાની ૧૩મી તારીખે ચિરવિદાય લીધી. પોતાના વિદ્યાગરુ કવિવર-કુલપતિ ઉમાશંકરની આંખ ઠરે અને આપણા સહુની આંખ નમે એવા આદર્શ શિક્ષક, આચાર્ય અને સાહિત્યકારની સ્મૃતિને સ્નેહવંદન.

સંસ્થાની એ સુદીર્ઘ અને નિષ્ઠાભરી વિદ્યાસાધનાનું મોહનભાઈ તો તપ અને સત હતા. એમના વિદ્યાતપની સચ્ચાઈએ, એક નાની શાળાના એક વિશાળ વિશ્વવિદ્યાલયમાં થયેલા વિકાસનાં મૂળ સીંચવાનું કામ કર્યું. આચાર્ય મોહનભાઈની એ સાધના એક સંસ્થાની વિકાસ-સિદ્ધિ માટેની સાધના હતી.

લઘુથી બૃહદ અને બૃહદથી લઘુ – બન્ને પ્રકારના પ્રવાસો કરી શકનાર એક સાચા શિક્ષક અને નિજરંગ સાહિત્યકારને ગુજરાતી સાહિત્ય પરિષદ વતી અને અંગત સ્તરે મારી સ્મરણાંજલિ.

**- સિતાંશુ યશશ્ચન્દ્ર**

●

સર્વ વિદ્યાલય કડી એટલે ઉત્તર ગુજરાતનું કાશી. જ્યાં બાળકોના ઉત્તમ શિક્ષણ અને ઉમદા ચારિત્ર્ય નિર્માણકાર્ય સાથે સમાજપરિવર્તન સાથે રાષ્ટ્રસેવાની શ્રેષ્ઠ પ્રવૃત્તિઓનું પ્રેરણા કેન્દ્ર છે. આવી રાષ્ટ્રીય શાળાના પ્રાચાર્યો પણ કર્તવ્યનિષ્ઠ અને સેવા-સમર્પણની ભાવનાવાળા મળ્યા છે. મોહનલાલ પટેલનું નામ અગ્ર હરોળમાં ચિર સ્થાયી બનેલ છે. સંસ્થાના ઊંચા આદર્શો, સાથી કર્મચારીઓની નિષ્ઠા અને કર્તવ્યપરાયણતા વિદ્યાર્થીઓના પ્રશ્નો અને માનવતાપૂર્ણ ઉકેલ લાવવામાં મોહનલાલ પટેલે પોતાનું સમગ્રજીવન સંસ્થાને સમર્પણ કરીને સેવાની ઉદાત્ત કેડીઓ કંડારી છે. પોતાના અંગત ગૃહસ્થ જીવન અને વ્યવહારોની પળોજણમાં પડ્યા સિવાય સંસ્થાની ચિંતા અને ચિંતનમાં વિતાવી છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના યશસ્વી નભોમંડળમાં એક પ્રેરક ધ્રુવતારક સમા મોહનલાલ પટેલ તેજોમય રીતે વર્તમાન અને ભાવિયુગને સેવા, સાદગી અને સમર્પણની શિક્ષા અને દીક્ષાની પ્રેરણા સદાયે આપતા રહેશે.

**- મનુભાઈ જે. પટેલ**

પૂ. શ્રી મોહનભાઈના નિધનથી સંસ્થાને પોતાના ગૌરવવંતાકાળના ભૂ. પૂ. આચાર્યશ્રી કે જેમણે વિવિધ હોદ્દાઓ પર Services આપી હતી તેવા અનુભવી માર્ગદર્શકની ન પુરાય તેવી ખોટ પડી છે.

**ડૉ. કનુભાઈ ધ. પટેલ**

●

'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ના પ્રત્યક્ષ સંચાલનની કામગીરીના કારણે પ્રસંગોપાત્ત વિવિધ શાળા-કૉલેજો - યુનિવર્સિટીઓના અધ્યાપકો, આચાર્યો, કુલપતિશ્રીઓ, શિક્ષણવિદો વગેરે સાથે પ્રત્યક્ષ સંપર્કમાં આવવાનું થતાં મને આપણા મોહનભાઈ સાહેબ ઋષિકુળ પરંપરાના આચાર્ય કે વર્તમાન યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની પંગતમાં દીપી ઊઠે તેવા અનુભવ્યા છે. સર્વ વિદ્યાલય તેમની ઉપસ્થિતિથી ખરા અર્થમાં ગૌરવ અનુભવે છે.

**- વલ્લભભાઈ એમ. પટેલ**

●

મોહનભાઈ સાહેબે ગુજરાતી ભાષાના પ્રખર લેખકોની હરોળમાં ગણના થતા લેખક અને ગુજરાતી સાહિત્યના જ જાણીતા અધ્યાપક બનવાને બદલે અમને બધાને સરસ અને મહેનતુ નાગરિકો બનાવ્યા તે જરાયે ઓછું નથી. અમારી બધાંની કાળજી રાખવા તમારાં સ્વપ્નાં તમે જતાં કર્યાં તે અમે કદીયે નહીં ભૂલીએ ! !

**- વિઠ્ઠલભાઈ અં. પટેલ**

●

મોહનભાઈ પટેલે અનેકનાં હૃદયગોખમાં સ્થાન મેળવ્યું છે. એવા સદ્ગત ઋષિમુનિ મોહનભાઈ સાહેબને સાદર શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં હૃદય પોકારી ઊઠે છે. હે ઈશ્વર ! તું અમારામાં આચાર્યપ્રવર અને કેળવણીકાર મોહનભાઈ સાહેબ જેવી સર્વ વિદ્યાલય પ્રતિ આસ્થા અને સમર્પિતતા દૃઢ કરજે કે જેથી અમે સૌ અમારા સર્વ વિદ્યાલય પ્રતિ નિષ્ઠાવાન બની રહી તેના વિકાસને અમારું ધ્યેય બનાવીએ.

**- ડૉ. મણિભાઈ પટેલ**

●

હું શ્રી મોહનભાઈ સાહેબનો ૧૯૬૧થી ૧૯૬૩ના સમયગાળાનો ધોરણ ૧૦-૧૧નો વિદ્યાર્થી હતો. મને સાહેબ પાસેથી પ્રત્યક્ષ શિક્ષણ પ્રાપ્ત કરવાનો લાભ મળ્યો હતો. તેમની ભાવુકતા હૃદયને સ્પર્શી જાય તેવી હતી. જ્યારે આપણે સાહેબને વંદન કરીએ કે ચરણ સ્પર્શ કરીએ, ત્યારે સાહેબની આંખ માંથી આપણા પ્રત્યે એક પિતાનું પુત્ર પ્રત્યેનું હેત તથા વાત્સલ્ય નીતરતું જોવા મળતું.

એક આચારવાન અને શીલવંત આચાર્યનો પોતાના વિદ્યાર્થીઓ અને સમાજ ઉપર

શાશ્વત પ્રભાવ રહેતો હોય છે. જેનું સાક્ષાત્ ઉદાહરણ મોહનભાઈ સાહેબ છે.

**- ડૉ. રમણભાઈ પટેલ**

●

આ મંડળના પ્રારંભકાલીન કર્ણધાર આર્ષદૃષ્ટા પૂ. છગનભા અને પરવર્તિકાળમાં તેનો બહુઆયામી અને અસાધારણ વિકાસ કરનાર પૂ. શ્રી માણેકલાલ સાહેબના ચરિત્રનું લેખન કરીને તેમને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. આ ગ્રંથો આ સંસ્થાની ઓળખના પર્યાય બની રહયા છે. આ ગ્રંથોના સર્જનમાં પૂ. મોહનભાઈ સાહેબનાં સંસ્થાભકિતની સાથે સાથે એક ખમતીધર કેળવણીકારનાં દર્શન થાય છે.

સાહેબશ્રીના પ્રત્યક્ષ-પરોક્ષ સાંનિધ્યથી હું ઘણું બધું પામ્યો છું, પુષ્ટ થયો છું.

**- પ્રો. બી. એ. પ્રજાપતિ**

●

મારા માનનીય વડીલ મિત્ર શ્રી મોહનલાલ પટેલ, જે ગુજરાતી સાહિત્યમાં 'લઘુકથા'ના જનક, સમર્થ સિદ્ધહસ્ત નવલિકાકાર અને ધ્યાનાર્હ નવલકથાઓના સર્જક હતા, તેવા તેઓશ્રી પ્રભુએ પ્રદાન કરેલ સમયાવધિ પૂર્ણ થતા સ્વધામ પધાર્યા છે. એક નખશિખ સજ્જન માનવી, આપણી વચ્ચે હવે નથી રહ્યો, એ હકીકત સ્વીકાર્યે જ છૂટકો.

**- પ્રા. દિનકર દેસાઈ 'વિશ્વબંધુ'**

●

મોહનભાઈ શિક્ષક-આચાર્ય, કેળવણીકાર કરતાં સવિશેષ સાહિત્યકાર હતા. કડીમાં 'મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' ચાલે છે. મોહનભાઈ લઘુકથા-સ્વરૂપના સર્જક જ નહીં, જનક ગણાયા. વાર્તા-લઘુકથામાં માતબર પ્રદાન કર્યું. આ સાહિત્યવર્તુળને કારણે કેટલાક વાર્તા-લઘુકારમિત્રો ઘડાયા. તેમણે વિદ્યાર્થીઓને-અધ્યાપકોને-સાહિત્યકારોને પણ ઘડવાનું કાર્ય કર્યું.

એ અગ્રણી નવલકથાકાર-વાર્તાકાર છે, પણ ગાંધીયુગીન માનસ ધરાવે છે. ખાદી-ગાંધીજન હતા.

**- ડૉ. બહેચરભાઈ પટેલ**

●

ગુજરાતી વાઙ્મયક્ષેત્રે સુપ્રતિષ્ઠિત સર્જક અને આજીવન કેળવણીકાર શ્રી મોહનભાઈ પટેલના વિવિધ સર્જન-રંગોથી રસાયેલ સુખડ જેવા મઘમઘતા એમના જીવનને આપણે સૌ વધાવીએ, કાયમ સ્મરણમાં રાખીએ.

**- ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ**

●

ગુજરાતી સાહિત્ય-જગતમાં 'મોહનભાઈ' નામના બે સાક્ષર જાણીતા છે : એક 'મોહનભાઈ શં. પટેલ' (૧૯૨૦-૨૦૦૨).

બીજા, મોહનભાઈ પટેલ જેમણે અમદાવાદની કૉલેજમાં પ્રોફેસરની નિમણૂકનો ત્યાગ કર્યો અને સર્વ વિદ્યાલય, કડીમાં સમર્પિત સેવાઓ આપી; તેથી તેઓ 'મોહનભાઈ કડીવાળા' તરીકે જાણીતા છે. બંનેની શૈક્ષણિક કારકિર્દી તેજસ્વી હતી. બંનેએ નગરજીવનની ઝમકદાર જીવનશૈલીનો ત્યાગ કર્યો ને બંનેએ ગ્રામદવેતાને ચરણ શિક્ષણયજ્ઞની ધૂણી ધખાવી. બંને શિક્ષણ અને સાહિત્ય પ્રતિ જીવનભર મૂલ્યનિષ્ઠ ને સમર્પિત રહ્યા.

**- ડૉ. તુલસીભાઈ પટેલ**

●

મારા મનમાં મોહનભાઈને એક ઉત્તમ સર્જક, એક દષ્ટિવંત આચાર્ય, એક સ્નેહાળ શિક્ષકની મૂર્તિ સ્થાપિત થયેલી અને મોહનભાઈને પહેલવહેલું મળવાનું થયું ત્યારે મનમાં સ્થાપિત થયેલી મૂર્તિઓ સાથે જીવંત મૂર્તિની એકરૂપતાને મેં પૂરેપૂરી પ્રમાણી હતી. કડીમાં એમણે શિક્ષણક્ષેત્રે ઉત્તમ પ્રદાન કર્યું જ, પણ અનેક વ્યક્તિઓમાં પડેલી સર્જનશક્તિ એમણે સંકોરી. મોહનભાઈને કારણે કડીના સર્જકો લઘુકતાના કણસ્વરૂપ પરત્વે આકર્ષાયા. લઘુકથાના કલાસ્વરૂપને ગુજરાતમાં પ્રતિષ્ઠિત કરનાર બે નામો ગુજરાત કાયમ યાદ રાખશે : તંત્રી તરીકે 'કુમાર'ના તંત્રી સ્વ. બચુભાઈ રાવત અને સર્જક તરીકે મોહનલાલ પટેલ.

**- રતિલાલ બોરીસાગર**

●

શ્રી મોહનલાલ બાભાઈદાસ પટેલ એટલે કવિતા સિવાયનાં સર્વ સાહિત્યસ્વરૂપોમાં અનેરું અને ઊંચેરું પ્રદાન કરનાર, અનેક પારિતોષિકોની પ્રાપ્તિથી પારિતોષિકોનું પણ ગૌરવ વધારનાર, અંગ્રેજી, ગુજરાતી, અને સંસ્કૃત સાહિત્ય ઉપરાંત ઇતિહાસ-ભૂગોળના ઉત્તમ અભ્યાસી અને આરાધક, વિદ્યાર્થીવત્સલ આચાર્ય, શ્રી ભોળાભાઈ પટેલ જેવાના દીક્ષાગુરુ અને નવોદિત સર્જકોને માર્ગદર્શન આપનાર મહાન વિભૂતિ. લઘુકથાના જનક અને ગુજરાતીમાં લઘુકથાના સ્વરૂપને દઢમૂળ કરનાર સર્જક તો ખરા જ, વળી મધ્યકાલીન અને અર્વાચીન પાટણના ઇતિહાસનાયે જ્ઞાતા. પોતાના પાટણસ્થિત મહોલ્લા જોગીવાડાના ઇતિહાસમાં પણ એમને અપાર રસ.

**- જિતેન્દ્ર કા. વ્યાસ**

●

સાહેબનું વ્યક્તિત્વ એવું હતું કે તેઓ સતત સક્રિય રહેતા, નાની-મોટી અનેક જવાબદારીઓનું વહન કરતા હતા, પણ જ્યારે તેમને મળવાનું થતું ત્યારે તેમણે ક્યારેય અણગમો કે કચવાટ પ્રદર્શિત કર્યો ન હતો. એ સમયે એપોઇન્ટમેન્ટ લઈને કે ફોન કરીને જ મળવાની પ્રથા શરૂ નહોતી થઈ. ઇચ્છા થાય ત્યારે સાહેબના ત્યાં (ઘરે

કે ઑફિસે) પહોંચી જતો. કામ પત્યા પછી હું ઊઠવાનું કહું તો તેઓ વધુ બેસવા આગ્રહ કરતા. જ્યારે પણ મળતા ત્યારે તેઓ પ્રસન્નતા જ પ્રગટ કરતા, કેમ કે એ જ એમનો સ્થાયીભાવ હતો. સ્વભાવ હતો.

**- પ્રસાદ બ્રહ્મભટ્ટ**

•

મોહનભાઈ અમારા વતન પાટણને બહુ પ્રેમ કરતા હતા.

અમે જ્યારે મળીએ ત્યારે પાટણની, નાગરવાડાની વાતો કરીએ. એ મારા થોડા વડીલોના નામથી પણ પરિચિત હતા. મને હંમેશાં કહે કે 'મને બહુ આનંદ છે કે મારા પાટણમાંથી કોઈ આવું લખી રહ્યું છે. મને 'તેજ તિખારા'ની પ્રસ્તાવના લખવા મળી હોત તો!' મને અનહદ ખુશી થાય કે મારા પાટણની આવી મહાન પ્રતિભા આવું કહી રહી છે. મને પણ આવા ગુરુ વહેલા મળ્યા હોત તો! એમને એક વાર મળ્યા પછી ક્યારેય એમણે એવું લાગવા નથી દીધું કે હું કોઈ બહુ મોટા લેખકને મળી રહી છું. એ ભેદરેખા તો એમણે પોતાના પહેલા પોસ્ટકાર્ડમાં જ ભૂસી નાખી હતી. હું મારા કોઈ આત્મીય વડીલજનને મળતી હોઉં એવી રીતે મારું શીશ આપોઆપ સ્નેહ અને આદરથી એમની સામે ઝૂકી જતું.

**- ગિરિમા ઘારેખાન**

•

કહીશ કે...

***'અહો ! અંજબિત કલા !***
***કઈ આડસથી જલતા રાખ્યા, તમે દીવાઓ ભલા ?***
***સત સમજાયું તમને શું ? 'દીવા તો જલતા ભલા !'***

આંખોનાં ઓલવાતાં ઓજસ વચ્ચે પણ જેમને પોતાની શબ્દસાધના દીવાને સદૈવ પ્રજ્વલિત રાખ્યો એવા તેજસ્વી આત્માને રેખાબા સરવૈયાનાં હૃદયપૂર્વક વંદન

**- રેખાબા સરવૈયા**

લઘુકથા, નવલકથા, વિવેચન, પ્રવાસ, ચરિત્ર, અનુવાદ, સંપાદન એમ સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં ખેડાણ કરી ગુજરાતી-ભાષા સાહિત્યને સમૃદ્ધ બનાવનાર શ્રી મોહનલાલ પટેલ આજીવન શિક્ષક, કેળવણીકાર અને ગાંધી વિચારધારાથી પ્રભાવિત રહ્યા હતા, જેની છાંટ તેમના સાહિત્યસર્જનમાં વર્તાય છે. તેમના સર્જનમાં તત્કાલીન સમયના સામાજિક, સાંસ્કૃતિક પર્યાવરણના પ્રભાવના કારણે તેમનું સાહિત્ય સર્જન સાહિત્યરસિકો ઉપરાંત વિવિધ વિષયક્ષેત્રના અભ્યાસુઓનું પણ આર્કષણનું કેન્દ્ર રહ્યું છે.

**- ડૉ. કનકબાળા જાની**

•

દાદાજી જીવદયા પ્રેમી હતા. એક વખત ગટરની ખાળમાં ફસાયેલી ગરોળીને બચાવવા ગટરના ખાળની જાળી તોડીને તેનો જીવ બચાવ્યો હતો. આ ઉપરાંત બહારગામ જવાનું થાય તો ઘરમાંથી બધાં જ કબૂતરોને/ચકલીઓને બહાર કાઢવાનું ભૂલતા નહિ. મારા અનુભવે દાદાજી સહનશીલતાની મૂર્તિ હતા. કોઈને દુઃખ થાય તેવું વર્તન તેઓ ક્યારેય પણ કરતા ન હતા. તેમના કાર્યક્ષેત્રમાં નાનામાં નાની વ્યક્તિને પણ સન્માનથી બોલાવતા. સામાજિક કે કૌટુંબિક જીવનમાં ઊભા થતા પ્રશ્નોમાં કુટુંબના સભ્યોનો સાથ- સહકાર મળે કે ના મળે તેમ છતાંય તેઓ કોઈના પ્રત્યે કડવાસ રાખતા ન હતા. આ તેમનો સૌથી મોટો હકારાત્મક ગુણ હતો.

**- ડૉ. ઊર્જિતા પટેલ**

•

સાહેબનાં સાદગી, સરળતા, વિનમ્રતા ખરે જ પ્રશસ્ય અને અનુકરણીય. તેમણે માત્ર ખાદી પહેરી જ નહીં, પરંતુ ખાદીની ભાવનાને ખરા અર્થમાં આત્મસાત કરી હતી. સર્વ વિદ્યાલયને દૃઢસંકલ્પ સાથે સાધનાભૂમિ બનાવીને તેને પૂર્ણતઃ સમર્પિત બની રહ્યા હતા, જેનાં અમૃતફળોનો લાભ આજે આપણે સૌ મેળવી રહ્યા છીએ.

સર્વ વિદ્યાલયના શિક્ષક - ગૃહપતિ અને આચાર્ય તરીકે ઋષિકુળ પરંપરાની યાદ તાજી કરાવે તેવી ઉમદા અને ઉદાહરણસ્વરૂપ સેવાઓ આપીને સર્વ વિદ્યાલયને સાચા અર્થમાં શિક્ષણતીર્થમાં પ્રસ્થાપિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. આ સમયગાળા દરમિયાન પોતાની ઉચ્ચ કારકિર્દી માટે પાર્થિવ પ્રલોભનોથી વિચલિત થયા સિવાય પોતાના પિતાજીના રાહે શિક્ષક બની રહીને કડીને પોતાની સાધનાભૂમિ બનાવીને સર્વ વિદ્યાલય સાથે પ્રપત્તિભાવપૂર્વક જીવનપર્યંત જોડાયેલા રહ્યા હતા. તેઓશ્રી બહુશ્રુત વાચક - અધ્યેતા અને ચિંતક પણ હતા.

**- મણિભાઈ પ્રજાપતિ**

•



પ્રસ્તુત સંકલિત લઘુકથાઓના સર્જક મોહનલાલ બાભાઈદાસ પટેલ (1927-2020) ગુજરાતી સાહિત્યના એક જાણીતા સર્જક તથા પ્રાજ્ઞ અને શીલવંત શિક્ષક – આચાર્ય તરીકે ખ્યાતિ પ્રાપ્ત છે. તેમણે ગુજરાતી ટૂંકી વાર્તા, નવલકથા, લઘુકથા, નિબંધ, ચરિત્ર, આત્મકથા, પ્રવાસ, વિવેચન, અનુવાદ વગેરે ક્ષેત્રોમાં માતબર પ્રદાન કર્યું છે. તેઓશ્રી સામાજિક સંપ્રજ્ઞતાના સર્જક હતા. તેમની કૃતિઓમાં સામાજિક સંવેદના રસપ્રદ અને કલાત્મક રીતે અભિવ્યક્ત થયેલી જોવા મળે છે.

વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં પ્રદાન પૈકી ટૂંકીવાર્તા અને લઘુકથા ક્ષેત્રે તેમનું મહત્ત્વપૂર્ણ અને બળૂકું પ્રદાન રહ્યું છે. ગુજરાતી લઘુકથાના જનક, પ્રસ્થાનકાર – પ્રવર્તક અને તેના વ્યાખ્યાકાર તરીકેનું શ્રેય તેમના શિરે જાય છે. તેમની ઘણી કૃતિઓ 'ગુજરાતી સાહિત્ય પરિષદ', 'ગુજરાત સાહિત્ય અકાદમી', 'સંદેશ સુવર્ણચંદ્રક', 'કુમાર પારિતોષિક' વગેરેથી પુરસ્કૃત છે,. આ ઉપરાંત તેઓશ્રી 'ધનજી કાનજી સુવર્ણચંદ્રક', 'દર્શક ઍવૉર્ડ', 'આનર્ત ઍવૉર્ડ' અને 'સંસ્કાર ઍવૉર્ડ'થી અલંકૃત કરવામાં આવ્યા હતા. તેમને મળેલ માન-સન્માન પૈકી ગર્વરૂપ ઐતિહાસિક ઘટના એ છે કે તેમના અમૃતપર્વની ઉજવણી અર્થે શ્રી માણેકલાલ પટેલ (કડી)ની અધ્યક્ષતામાં આયોજિત સમિતિ દ્વારા તેમના સન્માનમાં અભિવાદન ગ્રંથના પ્રકાશન ઉપરાંત 'હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી' પાટણને રૂપિયા 5 લાખનું દાન આપીને **'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'**ની સ્થાપના કરાવી તે છે.

તેમની વિવિધ સાહિત્યસ્વરૂપોની રચનાઓ પૈકી 'અંતિમદીપ', 'લાંછન', 'ભવપ્રપંચ', 'ડેડ ઍન્ડ', 'ભાસ-આભાસ', 'પ્રત્યાલંબન', 'ઝાકળમાં સૂરજ ઊગે', 'યક્ષકર્દમ', 'પ્રજ્ઞાદીપ છગનભા', 'પ્રગટબ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ', 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ', 'ધ્રુવતારક માણેકલાલ પટેલ', આત્મકથા 'ટાઇમ કેપ્સ્યૂલ' (2013, બીજી સંવર્ધિત આવૃત્તિ 2019) વગેરે વિશેષ ખ્યાતિપ્રાપ્ત છે. તેમનો ગ્રંથ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનો સક્ષિપ્ત ઇતિહાસ' (2015), એ સર્વ વિદ્યાલયના જ્ઞાનકોશનો દ્યોતક બની રહે છે. આ મૂલ્યનિષ્ઠ સાહિત્યકાર અને કેળવણીકારનું 93 વર્ષની વયે અમદાવાદમાં તા. 13 માર્ચ, 2020ના રોજ અવસાન થયું હતું.